ॐ

।।નમઃ સિદ્ધેભ્ય।।

આત્માવલોકન પ્રવચન

(ભાગ-૧)

(આત્માવલોકન ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)

તા. ૨૬-૫-૧૯૮૬, પાના નં. ૩૩, પ્રવચન નં. ૨૪

'આત્માવલોકન', પાનું-૩૩. નીચે છેલ્લી લીટી ચાલે છે. જ્યારે સર્વ પુદ્ગલોનો નાસ્તિભાવ થયો એટલે અશરીરી દશા પ્રગટ થઈ. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ તે ત્રણેથી રહિત શુદ્ધાત્મ દશા પ્રગટ થઈ '**ત્યારે જીવદ્રવ્યના પ્રદેશો વજવત્ સર્વથા સાક્ષાત્ નિષ્પ્રકંપ સ્વભાવરૂપ થયા. એવો પણ આત્માનો પરમસ્વભાવ જાણવો.**' એવી જે નિષ્પ્રકંપ સ્વભાવરૂપ દશા પ્રગટ થાય, વજ્રની મૂર્તિ હોય એમ ચૈતન્યમૂર્તિ આત્મા પોતાના સ્વસ્વરૂપે દ્રવ્ય અને ભાવે નિષ્પ્રકંપપણે સ્થિર થાય ત્યારે એ પોતાના પરમ સ્વભાવમાં, પરમધર્મમાં, સાક્ષાત્ ધર્મમાં છે.

'**એવી રીતે ત્રણેય દ્રવ્ય-ગુણ-પર્યાય નિષ્કલ (સંપૂર્ણ) સર્વથા સાક્ષાત્ પરમ સ્વરૂપરૂપ થયા ત્યારે આ આત્માનો ધર્મ-નિજસ્વભાવ જ કેવલ હોય છે.**' એ પ્રકારે દ્રવ્ય-ગુણ-પર્યાય એટલે સર્વથા સંપૂર્ણ સાક્ષાત્ પરમ સ્વરૂપરૂપ થયા. પોતાના મૂળ

સ્વરૂપ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાયથી સ્થિતિ થઈ. ત્યારે આ આત્માનો ધર્મ કેવળ નિજસ્વભાવ ધર્મ હોય છે. કેવળ ધર્મ હોય છે. પછી કોઈ અધર્મ-ધર્મ વિરૂદ્ધ, સ્વભાવ વિરૂદ્ધ કોઈપણ અપેક્ષાથી કોઈપણ વાત એની દશામાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેતી નથી. **'એક સર્વથા નિજજાતિરૂપ કેવળ એક સ્વરૂપરૂપ પ્રવર્તવું હોય છે તેથી આ આત્માનો ધર્મ એમ જ કહેવામાં આવે છે. કારણ કે ત્યાં તે કાળે નિજ રૂપ જ છે, અન્ય કોઈ ભાવ નથી.'** આ સંપૂર્ણ શુદ્ધ થયા પછી કેવળ ધર્મ રહ્યો, કેવળ સ્થિતિ રહી, સર્વથા નિજજાતિરૂપ પ્રવર્તવું થયું. કોઈ એમ સમજે છે કે સિદ્ધદશામાં પછી કાંઈ કાર્ય નથી, પ્રવૃત્તિ નથી. એવું નથી. સિદ્ધદશામાં પણ પોતાની નિજજાતિરૂપ સ્વરૂપરૂપ પ્રવર્તવું હોય છે. એ પ્રવર્તવું એટલે પરિણમન હોય જ છે. શુદ્ધ પરિણમન ત્યાં સમય સમયનું થાય જ છે. આકાશને પણ સમય સમયનું શુદ્ધ પરિણમન છે. કાળાણુને પણ સમય સમયનું શુદ્ધ પરિણમન છે. ધર્માસ્તિ, અધર્માસ્તિને છે. એવી જ રીતે સંસાર અવસ્થાનો નાશ કરીને, અભાવ કરીને કેવળ સિદ્ધદશામાં જાય ત્યારે એને પોતાના કેવળ નિજજાતિરૂપ સ્વરૂપરૂપ પ્રવર્તવું હોય છે. અને એને જ આત્માનો સાક્ષાત્ ધર્મ કહેવામાં આવે છે. અથવા એ ખરખર ધર્મદશા છે, સંપૂર્ણ ધર્મદશા છે. અને ત્યાં પોતાના નિજરૂપ સિવાય કોઈ અન્ય ભાવ નથી. પરિણમનમાં કોઈપણ પ્રકારે અન્ય ભાવ નથી. તેથી ધર્મ એવો આત્મા કહેવામાં આવે છે. અથવા ધર્મ એવો આત્મા કહેવામાં આવે છે અથવા એ સાક્ષાત્ આત્માનો ધર્મ કહેવામાં આવે છે.

આવા સાક્ષાત્ તે ધર્મનું કથન જિનાગમને વિષે જાણવું. જિનાગમને વિષે આ સંપૂર્ણ શુદ્ધિનું પ્રકરણ પણ ચાલ્યું છે અને આત્માની સંપૂર્ણ શુદ્ધિ પણ પ્રસિદ્ધપણે બતાવી છે-દર્શાવી છે. એ સાક્ષાત્ ધર્મનો વિષય લીધો, સૂંપર્ણ આત્મશુદ્ધિ દ્રવ્યે અને ભાવે. કોઈપણ પ્રકારનો દ્રવ્યનો-પરદ્રવ્યનો સંયોગ પણ નહિ, પરભાવની ઉત્પત્તિ નહિ. એવી સંપૂર્ણ નિષ્કંલક અને નિષ્પ્રકંપ દશા. યોગનું પણ કંપન નહિ. એવી જે સિદ્ધદશા, તે સિદ્ધદશાને સાક્ષાત્ ધર્મ છે એવું કથન જિનાગમને વિષે કરવામાં આવ્યું છે. બધે જિનાગમની સાક્ષી લીધી છે.

હવે એની સામે પ્રતિપક્ષ લીધો-બહિર્ધર્મ. બહિર્ધર્મ એટલે આત્માથી આત્માના સ્વભાવભાવથી બહારનો ભાવ એ બહિર્ધર્મ. ધર્મ એટલે ધારણ કરેલો ભાવ. એને ધર્મ એટલા માટે કહ્યો. એ ખરેખર ધર્મ છે એમ નથી કહેવું. છે તો અધર્મ. પણ અધર્મરૂપ ધર્મ છે. ધર્મનો સામાન્ય વ્યુત્પત્તિ અર્થ એવો છે કે પદાર્થ જે ભાવને ધારણ કરી રાખે, તે ભાવ તેનો ધર્મ કહેવામાં આવે છે. જે ભાવને ધારણ કરે તે તેનો ધર્મ. પછી વિકાર-અવિકાર એ એના પેટાભેદ છે. પણ સામાન્ય અર્થ આવો છે.

जत्थ गुणविभावं सिय, पज्जाय विभावं च दव्वविभावं च।
अप्पा किल बहिधम्मं, पुणो तं अधम्मवायं णायव्वा।।१३।।
यत्र गुणविभावं स्यात् पर्याय विभावं च द्रव्यविभावं च।
आत्मा किल बहिर्धर्म पुनः तं अधर्मवादं ज्ञातव्यः।।१३।।

અર્થ :- '**જે કાલે આત્માના ગુણો સર્વથા પરભાવરૂપ થાય છે, તે કાલે આત્માનો બહિરસ્વભાવ કહેવામાં આવે છે.**' ગુણથી વિપરીત- સ્વભાવથી વિપરીત. જેમકે જ્ઞાનનો સ્વસંવેદનપણે પરિણમવાનો સ્વભાવ છે. સ્વસંવેદનપણે પરિણમવાને બદલે પરવેદનપણે શાતા-અશાતાના વેદનપણે અથવા પુદ્ગલ પદાર્થના આસ્વાદરૂપ વેદનપણે પરિણમે છે તો એ એનો બહિરસ્વભાવ છે. એવો એનામાં સ્વભાવ નથી. તેથી એ પરભાવરૂપ છે. સર્વથા પરભાવરૂપ છે. એનું સંસ્કૃત એવું છે-'**यत्र यस्मिन् काले आत्मा गुणविभावं गुणविकारं यं किल सर्वथा स्यात् ते बहिर्धर्म,...**' આ જગ્યાએ સ્યાત્ પદનો પ્રયોગ કર્યો છે. સર્વથા કહેવા છતાં પણ સ્યાત્ પદનો પ્રયોગ કર્યો છે. સંસ્કૃતમાં સર્વથાની આગળ સ્યાત્ લગાવી દીધું છે કે બીજે ક્યાંય એને ન જોડે. સર્વથા કહેવામાં આવે છે તોપણ એની મર્યાદા છે, અપેક્ષા છે. એમ. જુઓ! કેવી શૈલી આવી છે! બીજી કોઈ જગ્યાએ અત્યાર સુધીમાં એ સ્યાત્ શબ્દનો પ્રયોગ નથી કર્યો. આટલા પ્રકરણ ચાલ્યા એમાં કોઈ પ્રકરણમાં સ્યાત્ શબ્દનો પ્રયોગ નથી કર્યો. અહીંયાં જ્યાં વિભાવનું પ્રકરણ, બહિરધર્મનું પ્રકરણ શરૂ કર્યું ત્યારે એની મર્યાદાનું ચિહ્ન લગાવ્યું. સ્યાત્ એટલે અપેક્ષા. ત્યાં અપેક્ષા છે, મર્યાદા છે. કેમકે વિભાવપણે પરિણમે છે તોપણ પરિણમવા કાળે જે ગુણની શક્તિ છે એ શક્તિ વિભાવરૂપ થતી નથી. ગુણનું પરિણામ વિભાવરૂપ થાય છે, પણ ગુણ પોતે વિભાવરૂપ થઈ જાય છે, ગુણ બદલીને અવગુણરૂપ થઈ જાય છે એવું બનતું નથી. એ એની મર્યાદા છે.

અહીંયાં સ્યાત્ શબ્દનો મૂળમાં પ્રયોગ છે. '**यत्र गुणविभावं स्यात्**'. શ્લોકમાં પણ એ સ્યાત્ શબ્દનો પ્રયોગ કર્યો છે. ગુજરાતીમાં એ નથી લીધું. પણ જે કાળે આત્માના ગુણો સર્વથા પરભાવરૂપ થાય છે, તે કાળે આત્માનો બહિરસ્વભાવ કથંચિત્પણે કહેવામાં આવે છે. એમ લેવું જોઈએ. જ્યારે આત્મા, જેમકે આત્માનો શ્રદ્ધાગુણ મિથ્યાત્વરૂપે પરિણમે છે. તોપણ મિથ્યાપણે શ્રદ્ધાવાની શક્તિ, શ્રદ્ધવાની શક્તિ તો છે એનામાં, મિથ્યાશ્રદ્ધાનમાં પણ શ્રદ્ધા કરવાની શક્તિ તો છે, ત્યારે એ શ્રદ્ધે છે. ભલે મિથ્યા શ્રદ્ધે છે. પરને શ્રદ્ધે છે પણ શ્રદ્ધવાની શક્તિ છે ત્યારે શ્રદ્ધે છે ને? એમ શક્તિનું ગ્રહણ થઈ શકે છે.

કોઈપણ પર્યાય ઉપરથી શક્તિનું ગ્રહણ થઈ શકે છે. શાસ્ત્રમાં તો એક વાત એવી

છે કે નારકીમાં નરકના ક્ષેત્રમાં નારકીના જીવને જે કોઈ અશાતા છે, દુઃખ છે એ દુઃખ એને ગૌણપણે સમ્યગ્દર્શનનું નિમિત્ત થાય છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવે છે. વેદના સમ્યક્ જેને કહે છે. એ કેવી રીતે થાય? કે જ્યાં એક એક ક્ષણ પસાર થવી કઠણ છે એવો પ્રચુર દુઃખનો પ્રસંગ છે. એક ક્ષણ પસાર કરવી આકરી લાગે. ત્યાં સાગરોપમના આયુષ્ય કેવી રીતે પૂરા થાય? ત્યારે કોઈ જીવ વિચારે ચડે છે કે અરે..! આ તો કાળ જ ખૂટતો નથી. સાગર જેવડો કાળ છે. જેમ કોઈ દરિયામાં તરે અને તરી તરીને તરે તોય કાંઠો દેખાય નહિ તો એને એમ થાય કે આ દરિયાનો ક્યાંય કાંઠો જ નથી, પાર જ નથી. બધે પાણી પાણી અને પાણી જ છે ચારે બાજુ. એમ એને કાળ જ પૂરો થતો નથી દેખાતો. એક એક ક્ષણ એવી આકરી જાય છે કે સાગરોપમનો કાળ જાણે કોઈ કાળ પૂરો થતો નથી. ત્યારે એક એવો વિચાર આવે છે કે શું આ પ્રકારે દુઃખમયપણે સદાય રહેવાનું જ જીવનું સ્વરૂપ છે? આ જે દુઃખ ભોગવવામાં આવે છે, શું સદાય આમ જ ભોગવવું? આમ જ રહેવું? એવું જ જીવનું સ્વરૂપ છે કે બીજું કાંઈક છે? એમાંથી સ્વરૂપ સંશોધનની જિજ્ઞાસા ઊભી થાય છે. કે સુખ પણ ક્યાંય છે? આ દુઃખ જોઈતું નથી. તો દુઃખથી પ્રતિપક્ષ એવા સુખના સંશોધનમાં એ ચડે છે. અને પ્રતિપક્ષ ઉપરથી એ સુખનું સ્વરૂપ નક્કી કરી લ્યે છે, નિશ્ચય કરી લ્યે છે. ત્યારે એને જ્ઞાનલક્ષણથી દુઃખના અભાવસ્વભાવે રહેલું જ્ઞાન એ એને સમજાય છે અને એને સુખ સમજાય છે. અને સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. પણ વિચારણાનું નિમિત્ત પડે છે એને અશાતાવેદના. એ વેદના એને નિમિત્ત પડે છે.

એટલે અહીંયાં જે વિભાવ છે એને સ્યાત્ પદ લગાડ્યો છે. એને મર્યાદિત કરી નાખ્યું છે. સર્વથા વિભાવ, આખો શ્રદ્ધાગુણ ઊલટો પરિણમ્યો તોપણ એમાં શ્રદ્ધા કરવાની શક્તિ છે એ વાત બાદ રાખીને છે.

'જે કાળે આત્માનો ગુણો સર્વથા પરભાવરૂપ થાય છે તે કાળે આત્માનો બહિરસ્વભાવ કહેવામાં આવે છે.' ત્યારે એવા પરિણમનને આત્માનો બહિરસ્વભાવ અથવા બહિરધર્મ પણ કહેવામાં આવે છે. વિભાવસ્વભાવ કહો, બહિરસ્વભાવ કહો, બહિરધર્મ કહો. **'જે કાળે આત્માનો પર્યાયો સર્વથા વિકારરૂપ થાય છે તે કાળે આ આત્માનો બહિરધર્મ કહેવામાં આવે છે.'** દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં ઉતારે છે. **'વળી જે કાળે આત્માનું દ્રવ્ય સર્વથા વિકારરૂપ થાય છે તે કાળે તે આત્માનો બહિરધર્મ કહેવામાં આવે છે.'** દ્રવ્ય એટલે? અહીંયાં ત્રિકાળી સ્વભાવ નહિ. દ્રવ્ય એટલે અહીંયાં પ્રમાણનો વિષય લેવો. ચોરી કરનારને ચોર કહેવામાં આવે છે એમ.

'**આવું અધર્મકથન જિનાગમમાં જાણવું.**' અધર્મ વિષેનું આવું જે કથન છે એ જિનાગમની અંદર પણ આવેલું છે, પ્રસિદ્ધ થયેલું છે. સંસ્કૃતમાં (એમ છે), '**पुनः आत्मा पर्यायविभावं यं किल सर्वथा स्यात् तं बहिर्धर्म,...**' ત્યાં સ્યાત્ શબ્દ લગાવડ્યો. '**आत्मा द्रव्यविभावं यं किल सर्वथा स्यात्**' સર્વથાની સાથે સ્યાત્ લગાડતા જાય છે. '**तं बहिर्धर्म एतादशं बहिर्धर्म अधर्मवादं-अस्वभाववादं-परस्वभावकथनं जिनागमे ज्ञातव्यः**'. જિનાગમની અંદર આવું અધર્મનું કથન જાણવું જોઈએ.

ભાવાર્થ :- '**અજ્ઞાન, અદર્શન,...**' હવે દ્રવ્ય-ગુણ-પર્યાય કેવી રીતે લીધા એનો ખુલાસો છે. બહિરધર્મમાં ગુણ કેવી રીતે બહિરધર્મ, પર્યાય કેવી રીતે બહિરધર્મ અને દ્રવ્ય કેવી રીતે બહિરધર્મમાં (છે), ભાવાર્થની અંદર એનું સ્પષ્ટીકરણ છે. '**અજ્ઞાન, અદર્શન, મિથ્યાત્વ, પરાચરણ, અવીર્ય, પરરસભોગ ઈત્યાદિ ગુણોના જે વિકારભાવ એક અક્ષરના અનંતમાં ભાગના વિકાર છોડીને...**' આ સ્યાત્ શું કરવા લીધું (તે કહે છે). જ્ઞાનનું અજ્ઞાન થાય છે તોપણ સર્વથા જ્ઞાનનો નાશ થાય છે એમ બનતું નથી. જાણપણારૂપ જ્ઞાન ખુલ્લું રહે છે.

આમાં-'પરમાર્થ વચનિકા'માં 'બનારસીદાસે' લીધું છે. જાણપણારૂપ જ્ઞાન અને રાગરૂપ ક્રિયા, બન્ને ધારા અનાદિની ચાલે જ છે. ત્યાં અક્ષરમાં અનંતમા ભાગે જ્ઞાન ખુલ્લું રહે છે. વિરૂદ્ધ જઈને એનો નાશ થાય છે એવું બનતું નથી. એટલે સ્યાત્ શબ્દ લઈ લીધો. મર્યાદા છે એની.

'**અજ્ઞાન, અદર્શન, મિથ્યાત્વ, પરાચરણ,...**' મુખ્ય ગુણો લીધા. જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, ચારિત્ર-પરાચરણ, '**અવીર્ય,...**' પુરુષાર્થ '**પરરસભોગ...**' એટલે આનંદ. પરપદાર્થમાં આનંદ. '**ઈત્યાદિ ગુણોના જે વિકારભાવ,...**' આનંદગુણો જે વિકારભાવ '**એક અક્ષરના અનંતમાં ભાગના વિકાર છોડીને બાકીના વિકારરૂપ સર્વથા થયા. તે વિકારભાવરૂપે ગુણ સર્વથા થયા. સ્વભાવરૂપે જરા પણ ન થયા. એવો જે સર્વથા તે ગુણવિભાવ છે. તેને બહિરધર્મ કહેવામાં આવે છે.**' એ રીતે મુખ્ય જે ગુણો લીધા, દર્શન, જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ, આનંદ વગેરે એનું જે વિપરીત પરિણમન થયું, વિભાવિક પરિણમન થયું તેને અહીંયાં ગુણવિભાવ અથવા ગુણવિકાર અથવા એને બહિરધર્મ કહેવામાં આવે છે.

'**વળી જો ગુણો જ સર્વથા વિકારરૂપ થયા તો તેમના પરિણામ-પરિણમનભાવ સહજ જ સર્વથા વિકારરૂપ થયા. જેવી રીતે પાણી રંગાયું તો તેની લહેરો સહજ જ રંગીન થઈ. આવા જે વિકારપર્યાય તેને સ્થૂલપર્યાય કહેવામાં આવે છે. તે વિકારપરિણમન ઈન્દ્રિયજ્ઞાનથી કાંઈક જાણ્યું જાય છે.**' ઈન્દ્રિયજ્ઞાનથી પણ કાંઈક

સમજી શકાય એવું છે. એમ કરીને નીચે એનો વિષય લેવો છે. '**તે શું છે?**' એમ. એક દૃષ્ટાંત સારો આપ્યો છે. આખું પાણી રંગીન છે તો બધા તરંગ પણ રંગીન જ છે. એમ જીવ જે દુષિત થયો તો એની બધી પર્યાયો પણ દુષિત છે. જીવ જો આખેઆખું પોતાનું સ્વરૂપ ભૂલ્યો તો એની દરેક અવસ્થામાં વિભાવ ચાલુ થઈ જાય છે. વિભાવરૂપ જ બધી અવસ્થા પ્રગટ થાય છે. પછી અર્થપર્યાયો, વ્યંજનપર્યાયો. અર્થપર્યાયોને ગુણોની પર્યાય કહે છે, વ્યંજનપર્યાયને ખાલી પર્યાયમાં નાખે છે. અને પરિણામસાપેક્ષ દ્રવ્યને અહીંયાં આખું દ્રવ્ય મલિન થયું, દ્રવ્ય વિભાવિક થયું એમ કહેવામાં આવે છે. એ પરિણામસાપેક્ષ દ્રવ્યની વાત છે. પર્યાયસાપેક્ષ દ્રવ્ય.

'**ઘણા કાળ સુધી તે એક વિકારભાવના પરિણામ વહ્યા કરે છે (પ્રવર્ત્યા કરે છે) તે (તે એક વિકારભાવના પરિણામ) તે સ્થૂલ કાળ સુધી વહેવાથી (પ્રવર્તવાથી) જાણવામાં આવે છે.**' આમ તો આ પરિણમન પણ સમય સમયનું છે. વિભાવિક પરિણમન પણ સમય સમયનું છે. પણ સમય સમયનું પરિણમન છે એ સૂક્ષ્મ કાળવર્તી પરિણમન છે. અને તે એક સમયના પરિણમનને સ્થૂળ ઉપયોગમાં સંસારી જીવ પકડી શકતો નથી, ગ્રહણ કરી શકતો નથી. પણ મનમાં જે ભાવ થાય છે, ક્ષણવર્તી થાય છે, સમયવર્તી નહિ પણ ક્ષણવર્તી થાય છે. મનના જે પરિણામ તેને સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પકડી શકે છે. અસંજ્ઞીથી પાછું એને પકડવાનો બુદ્ધિગમ્ય વિષય રહેતો નથી. એટલે મનના પરિણામથી વાત લેવી પડે છે. મનની અંદર જે પરિણામ થાય એ ક્ષણવર્તી, લાંબા કાળ સુધી, ઘણા કાળ સુધી એક ને એક વિકારભાવના પરિણામ વહ્યા કરે છે. જેમકે ગુસ્સો થયો અથવા કોઈપણ પ્રકારનો રાગ થયો, દ્વેષ થયો, મોહ થયો, જે કાંઈ પ્રકારના વિકારી પરિણામ થયા તે એક વિકારના પરિણામ તે સ્થૂળ કાળ સુધી ક્ષણપર્યંત સેકંડના અમુક ભાગ સુધી પણ પકડાય છે. સ્થૂળ કાળ સુધી, એનો અસંખ્ય સમય છે, વહેવાથી પ્રવર્તવાથી જાણવામાં આવે છે. મનની અંદર, બુદ્ધિની અંદર તે ગ્રહણ થાય છે કે આવો ભાવ થયો. એવા જે વિકાર, એવા જે વિકાર છે, ગુણના વિકારરૂપ સર્વથા સ્થૂળ પર્યાય છે.

'**એવા જે વિકાર છે...**' એને અહીંયાં '**ગુણના વિકારરૂપ સર્વથા સ્થૂળ પર્યાય છે...**' એમ કહ્યા. '**તે પણ આત્માનો બહિરસ્વભાવ છે.**' એ આત્માનો બહિરધર્મ છે અથવા એ આત્માનો બહિરસ્વભાવ છે. અથવા એને અધર્મ પણ કહેવામાં આવે છે. '**વળી જ્યારે ગુણપર્યાય સર્વથા વિકારરૂપ થયા ત્યારે દ્રવ્ય તો સ્વયં સર્વથા વિકારરૂપ સિદ્ધ થયું.**' અહીંયાં એક બીજો દૃષ્ટાંત આપે છે. વળી જ્યારે ગુણપર્યાય સર્વથા વિકારરૂપ થયા ત્યારે દ્રવ્ય તો સ્વયં સર્વથા વિકારરૂપ સિદ્ધ થયું. '**જેમકે સર્વ**

તંતુઓ રંગીન થયા તો કપડું સહજ જ સર્વથા રંગીન થયું. (કારણકે) કાંઈ તંતુઓથી કાપડ જુદું ન હતું.' તંતુઓના તે મેળાપને તો કપડું કહેવામાં આવે છે. કપડું એટલે ઊભા તારને, આડા તારને વણી નાખ્યા પછી જે અવસ્થા તારોની થઈ એને કપડું કહેવામાં આવે છે. એ જે સુતર છે, તાર છે એ જો રંગીન છે તો કપડું આપોઆપ રંગીન છે. કેમકે તાર સિવાય બીજું કપડું શું છે?

એમ ગુણ અને પર્યાય સિવાય એથી કોઈ જુદું દ્રવ્ય છે એવું તો કાંઈ નથી. એક જ ચીજને ત્રણ દૃષ્ટિએ જોવામાં આવે છે. દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી. એક જ ભાવને ત્રણ વિવિક્ષાથી જોવામાં આવે છે, ત્રણ અપેક્ષાથી જોવામાં આવે છે. એ રીતે લેવું. પ્રમાણનું દ્રવ્ય. 'ટોડરમલજી'એ સાતમા અધિકારમાં એક વાત એવી લીધી છે. નિશ્ચયાભાસીને પોતે દલીલ આપે છે કે તું પર્યાયને સ્વીકારતનો નથી અને ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય શુદ્ધ છે, દ્રવ્ય શુદ્ધ છે, હું તો શુદ્ધ આત્મા, શુદ્ધ આત્મા, શુદ્ધ દ્રવ્ય છું, એમ જે વાત કરે છો, પણ દ્રવ્ય શું છે? દ્રવ્ય એ ચીજ શું છે? તો કહે છે, અનાદિઅનંત પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે. ગુણની પણ એવી વ્યાખ્યા આવે છે. અનાદિઅનંત પર્યાયોનો પિંડ તે ગુણ છે. ગુણ શું છે? એ સિવાય ગુણ કોઈ બીજું નથી.

અહીંયાં એ તંતુનો દાખલો લીધો છે. જો તાણાવાણા છે એ રંગીન છે તો એ તાણાવાણાથી બનેલું વસ્ત્ર આપોઆપ જ રંગીન છે. કેમકે તાણાવાણા સિવાય વસ્ત્રમાં તો બીજું એ સિવાય કાંઈ નથી. '**જ્યારે ગુણપર્યાય સર્વથા વિકારરૂપ થયા...**' આવી બધી જુદી જુદી દૃષ્ટિકોણથી એક જ પદાર્થને વર્ણવવાની અપેક્ષા જૈનદર્શન સિવાય ક્યાંય નથી. કેમકે ક્યાંય વસ્તુના વિજ્ઞાનરૂપે વૈજ્ઞાનિકપણે પદાર્થનું સ્વરૂપ કહેવામાં આવ્યું નથી. જીવનું કે અજીવનું. જોકે જીવ, અજીવની ભિન્નતા જ કોઈએ જોઈ નથી. જૈનદર્શન સિવાય જીવ અને અજીવની ભિન્નતા છે અને જીવને પોતાના ગુણધર્મો છે, જડને પોતાના ગુણધર્મો છે. પેલા ચાર અજીવ પદાર્થો જ્ઞાનમાં ન આવે. કેમકે એનો જુદો અનુભવ થતો નથી. ચાલતી વખતે સંસારી છદ્મસ્થને ધર્માસ્તિકાયનો જુદો અનુભવ થતો નથી. સ્થિર રહે છે ત્યારે અધર્માસ્તિકાયનો અનુભવ થતો નથી. અવગાહનમાં આકાશનો અનુભવ થતો નથી અને પરિણમનમાં કાળનો અનુભવ થતો નથી. અરૂપી છે એટલે કોઈ ઈન્દ્રિયજ્ઞાનથી ગ્રહણ થતા નથી. અને બીજી કોઈ રીતે અનુભવમાં આવતા નથી. પણ જેનો અનુભવ થાય છે એવા જે પુદ્ગલ પરમાણુ અને જ્ઞાનાદિ પર્યાયો દ્વારા જેનો અનુભવ થાય છે એવો જે જીવ, ભલે આમ જીવનું જ્ઞાન નથી થતું પણ જીવના અસ્તિત્વનું જ્ઞાન થાય છે કે હવે આ જીવે છે કે હવે

આ મડદું છે એમ નક્કી થાય છે. ત્યારે જીવના અસ્તિત્વને સ્વીકારવામાં આવે છે અને એના નાસ્તિત્વને પણ સ્વીકારવામાં આવે છે કે હવે અહીંયાં નથી.

જેનો અનુભવ થાય છે એવા જે બે પદાર્થો, જડ અને ચૈતન્ય, એના ગુણધર્મો વિષેનું વિજ્ઞાન અને એ ગુણધર્મોને જોવાની અનેક દૃષ્ટિઓ, અનેક અપેક્ષાઓ એ એક અદ્વિતીય જૈનદર્શનનો વિષય છે. જૈનદર્શનનો અદ્વિતીય વિષય છે. એવો વિષય ક્યાંય નથી.

અહીંયાં ગુણપર્યાયથી દ્રવ્ય સમજાવ્યું છે. તંતુના દૃષ્ટાંતે ગુણપર્યાયથી દ્રવ્યને સમજાવ્યું છે. જુઓ! દ્રવ્ય એટલે શું? ગુણ-પર્યાયનો સમૂહ. આ સિવાય દ્રવ્ય કોઈ ત્રીજી ચીજ નથી. ત્રીજી કોઈ ચીજ અંદર નથી. જ્યારે ગુણપર્યાયો વિકારરૂપ થયા ત્યારે દ્રવ્ય તો સ્વયં વિકારરૂપ સિદ્ધ થયું. આપોઆપ જ વિકારરૂપ સિદ્ધ થયું.

'જેમકે જો સર્વ તંતુઓ રંગીન થયા તો કપડું સહજ જ સર્વથા રંગીન થયું. (કારણકે) કાંઈ તંતુઓથી કપડું જુદું ન હતું. તંતુઓના તે મેળાપને તો કપડું કહેવામાં આવે છે. એવી રીતે દ્રવ્ય સર્વથા વિકારરૂપ થયું ત્યારે તેને આત્માનો બહિરભાવ કહેવામાં આવે છે.'

મુમુક્ષુ :- અહીંયાં કથંચિત્ને બદલે સર્વથા શબ્દ કેમ વાપર્યો છે. સર્વથા વિકારરૂપ થયું.

પૂજ્ય ભાઈશ્રી :- કથંચિત્ સ્યાત્ શબ્દ લીધો છે. મૂળમાં સ્યાત્ શબ્દનો પ્રયોગ છે. સંસ્કૃતમાં જુઓ. **'यत्र गुणविभावं स्यात् पर्याय विभावं च द्रव्यविभावं च। आत्मा किल बहिधर्म' 'किल'** ખરેખર. **'पुनः तं अधर्मवादं ज्ञातव्यः'**. સ્યાત્ શબ્દ છે શ્લોકની અંદર પહેલી લીટીમાં. એ ચર્ચા શરૂઆતમાં જ કરી હતી કે અહીંયાં વિભાવનું પ્રકરણ છે, અધર્મનું પ્રકરણ છે. આ એક જ પ્રકરણના શ્લોકમાં એમણે સ્યાત્ શબ્દનો પ્રયોગ કર્યો છે. અત્યાર સુધી બીજે સ્યાત્ શબ્દનો પ્રયોગ એમણે કર્યો નથી. 'દીપચંદજી'એ. ગુજરાતીમાં એ સ્યાત્ શબ્દ નથી. અર્થમાં અને ભાવાર્થમાં સ્યાત્ શબ્દ નથી લીધો.

મમુક્ષુ :- ૩૬ પાને છેલ્લી ત્રણ લીટીમાં એનો મર્મ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- **'તેને આત્માનો બહિરભાવ કહેવામાં આવે છે. કેમકે કાંઈ પોતાની વસ્તુમાં (વસ્તુની અંદર) ભાવ થતો નથી. પણ અન્ય જ પરભાવ-વિકારભાવ-વસ્તુસમુદાયથી બહારનો ઉપરીભાવ (ઉપર ઉપરનો ભાવ) થયો છે. તેથી એને બહિરધર્મ કહેવામાં આવે છે.'** આમ તો વિજ્ઞાનની ભાષામાં એને Foreign element કહેવામાં આવે છે. Foreign element કહે છે. બહિરતત્ત્વ-બહારનું એ

તત્ત્વ છે. આ વિભાવભાવ છે એ એનું પોતાનું સ્વાભાવિક તત્ત્વ નથી. જેમ શરીરમાં કોઈ અજાણપણે ઝેર ખાય કે ઝેર થાય, અપચો થાય ત્યારે, Over eating - વધારે ખવાઈ ગયું હોય, અપચો થાય ત્યારે એમાંથી ઝેર ઉત્પન્ન થાય. પછી Vomit થાય-ઊલટી થાય. કેમ ઊલટી થાય? કે એ ઝેર છે એ Foreign element છે-બહારનું તત્ત્વ છે. એટલે શરીરની સાથે એની સુસંગતતા નહિ હોવાથી શરીર એને બહાર ફેંકે છે. અને કેટલાક આ ઝેરી દવા પીવે છે ને? આપઘાત કરવા માટે. આયુષ્ય હોય તો એને ઝેર ચડે નહિ. એના શરીરની અંદર ઝેર ન જાય. એને Vomit થવા મંડે અને એને બહાર ફેંકી દે, ઝેરને બહાર ફેંકી દે. એનું કારણ શું છે? કે એ એનું તત્ત્વ નથી, એમ બતાવવું છે. એમ અહીંયાં સર્વથા, સર્વથા, સર્વથા કહે છે...

મુમુક્ષુ :-..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો અક્ષરના અનંતમાં ભાગે રાખીને વાત કરી છે ને.

... અવિકારપણું નથી માટે સર્વથા વિકાર છે. એમ લેવું છે. વિકારને વિકારના દૃષ્ટિકોણથી જોવામાં આવે તો વિકારમાં શુદ્ધિ નથી. અશુદ્ધિમાં શુદ્ધિ નથી. સર્વથા અશુદ્ધિમાં સર્વથા અશુદ્ધિ છે એમ લેવું છે. એનું નામ સર્વથા છે. એટલી મર્યાદા છે. સર્વથાની પણ મર્યાદા છે. એક ગાથા છે ને? 'પ્રવચનસાર' ૧૧૪ ગાથા.

મુમુક્ષુ :- પર્યાયને સ્વતંત્ર સિદ્ધ કરવા સર્વથા શબ્દ વાપર્યો?

પૂજ્ય ભાઈશ્રી :- સર્વથા એટલે અશુદ્ધિમાં અશુદ્ધિ જ છે એટલું જ કહેવું છે.

મુમુક્ષુ :- પર્યાયને સો ટકા સ્વતંત્ર..

પૂજ્ય ભાઈશ્રી :- એમ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર તો છે જ. પણ અહીંયાં પોતાને અનુભવ કેવો થાય છે? જ્યારે દુઃખ થાય છે. પીડા થાય, શરીરની અંદર પીડા થાય અને જીવને દુઃખ થાય, ત્યારે એ પોતે આખો દુઃખી થઈ ગયો હોય એવો અનુભવ કરે છે કે બીજો કાંઈ અનુભવ કરે છે? હું તો અત્યારે એકદમ દુઃખી છું. દુઃખ, દુઃખ.. જરાય મને સુખ નથી. એકલો દુઃખી જ છું હું. એમ અનુભવ કરે છે કે નહિ? દુઃખમાં ડુબી ગયો છું એમ કહે. એ દુઃખભાવને સર્વથા દુઃખભાવ ત્યાં કહેવામાં આવે છે. કેમકે ત્યાં સુખ સર્વથા નથી. માટે સર્વથા દુઃખભાવ કહેવામાં આવે છે. ત્યાં પણ એ મર્યાદા તો જાણવી. જો સર્વથા દુઃખી થઈ જાય તો ક્યારેય પલટીને સુખ ન થાય. એ કથનશૈલી...

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહે છે ને, ... સો એ સો ટકા...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જે અપેક્ષાએ... 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં 'સોગાનીજી'એ

એ ખુલાસો કર્યો છે કે જે અપેક્ષાએ કહેવામાં આવે છે તે અપેક્ષાએ વસ્તુ સોએ સો ટકા તેમ જ છે. એમ લઈ લીધું છે. તે અપેક્ષાએ સોએ સો ટકા એમ છે. તે અપેક્ષામાં ઓછા ટકા નથી. બાકી તો એ અપેક્ષા છે એ પોતે જ મર્યાદિત છે. પણ તે અપેક્ષાએ તો સોએ સો ટકા તેમ છે. અને એવી 'પ્રવચનસાર'ની ૧૧૪મી ગાથા છે. દ્રવ્યાર્થિકનયના નેત્રના સર્વથા બંધ કરીને પર્યાયાર્થિકનયથી જોવામાં આવે તો વસ્તુ આવી છે. પર્યાયાર્થિકનયના ચક્ષુને સર્વથા બંધ કરીને. ત્યાં પણ સર્વથા શબ્દ (વાપર્યો છે). બેય જગ્યાએ સર્વથા શબ્દ વાપર્યો છે. અહીંયાં કોઈ પ્રશ્ન કરે કે પર્યાયાર્થિકનયના નેત્રના સર્વથા બંધ કરીને દ્રવ્યને જોવામાં આવે તો વસ્તુ દ્રવ્યસ્વરૂપે જણાય. એ વાત તો સારી છે, અમને ગમે છે. કેમકે અમે તો દ્રવ્યના પક્ષવાળા છીએ. પણ દ્રવ્યાર્થિકનયના નેત્રને સર્વથા બંધ કરીને વસ્તુને પર્યાયસ્વરૂપે જોવી, આ વાત જરા કઠણ પડે એવી છે. એનો અર્થ એ છે કે જ્યારે જે નયથી જોવામાં આવે છે ત્યારે વસ્તુ તે નયથી (એમ જ છે), વસ્તુને તે નયથી તેમ જોવામાં આવે છે. એટલી વાત છે ત્યાં. અને ત્યાં બીજા નયનો વચ્ચે હસ્તક્ષેપ કે ડખલબાજી કરવી નહિ, એમ કહેવા માગે છે ત્યાં.

મુમુક્ષુ :- અજ્ઞાની તો દ્રવ્ય સામે સર્વથા આંખ બંધ કરીને જ બેઠો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ અહીંયાં તો નયની વાત લીધી છે તો કોઈ તર્ક કરી શકે એવું છે. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય. ચક્ષુના દૃષ્ટાંતે. નય તો સાપેક્ષ હોય છે. સાપેક્ષા નયાઃ. નય તો સાપેક્ષ હોય છે અને અહીંયાં સર્વથા બંધ કરવાની વાત કેમ ચાલી? આવી જે કથનપદ્ધતિ છે એ જૈન સાહિત્યની અંદર, જૈનદર્શનની અંદર જ છે. કે એને એની રીતે કહેવું, એને બીજી રીતે કહેવું, એને જેટલી રીતે કહી શકાય એટલી રીતે એને કહેવું. એમ છે. તો એને નયની સાપેક્ષતા પણ પ્રમાણજ્ઞાનની અપેક્ષાએ રહે છે અને જે નયથી વસ્તુને જોવામાં આવે છે તે નયથી પણ વસ્તુને તે રીતે કેમ જોવી એ દૃષ્ટિકોણ પણ ત્યાં આપવામાં આવે છે.

જેમકે, એક બીજો દૃષ્ટાંત એવા વિષયમાં લઈએ. પર્યાય છે એ દ્રવ્યઆશ્રિત થાય છે, ક્યાંય અધ્ધર થતી નથી. દ્રવ્ય વિના કોઈ પર્યાય જોવામાં આવે છે? નહિ. જ્યાં કોઈ વસ્તુ છે એની અવસ્થા છે. છતાં એક સમયનો પર્યાય અંશ છે એ કથંચિત્ સ્વતંત્ર છે. દ્રવ્યાશ્રિત ગણો તો એ કથંચિત્ પરતંત્ર છે અને એ દ્રવ્ય જેવી પર્યાય સદાય થતી નથી અને અનંત કાળ પર્યંત એ દ્રવ્યની જાતિથી બીજા પરભાવરૂપે થવા લાગે છે. એ એની પોતાની સ્વતંત્રતા છે. એ પર્યાયની સ્વતંત્રતા છે. તો એ પર્યાય દ્રવ્યઆશ્રિત હોવા છતાં સ્વતંત્ર પણ છે અને સ્વતંત્ર પણ નથી. આમ બેય

વાત અપેક્ષાથી લાગુ પડે છે. એ રીતે નયવિભાગથી વસ્તુને જોવાના અનંત દૃષ્ટિકોણ છે. કેટલા? અનંત નયો છે અને અનંત વસ્તુના ધર્મો છે, એના વિષયો છે અને એ અનંત નયો છે તે તે ધર્મસાપેક્ષ વસ્તુને જોવાનો દૃષ્ટિકોણ છે. એને નય કહેવામાં આવે છે.

અહીંયાં એ વાત લીધી કે એ રીતે જેના ગુણ-પર્યાય વિકારરૂપ થયા તેનું દ્રવ્ય વિકારી છે એમ ગુણ-પર્યાયના વિકારથી દ્રવ્યને વિકારી અહીંયાં જોવામાં આવે છે. '**એવી રીતે દ્રવ્ય સર્વથા વિકારરૂપ થયું...**' એવી રીતે વિકારરૂપ થયું, બીજી રીતે નહિ. '**ત્યારે તેને આત્માનો બહિરભાવ કહેવામાં આવે છે.**' ત્યારે આત્મા બાહ્ય ભાવે, બહિરભાવે, અન્ય ભાવે પરિણમે છે એમ કહેવામાં આવે છે. '**એવા જે દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વથા વિકારરૂપ છે તેને આત્માનો બહિરસ્વભાવ કહેવામાં આવે છે. કેમકે કાંઈ પોતાની વસ્તુમાં (વસ્તુની અંદર) ભાવ થતો નથી,...**' વસ્તુમાં એટલે વસ્તુના સામર્થ્યમાં એ ભાવ થતો નથી. એને ગુણ મલિન પરિણમ્યો છતાં ગુણ છે એ ગુણ પોતે જ અવગુણરૂપ થઈ જાય છે એમ તો બનતું નથી.

મુમુક્ષુ :- સ્ફટિક મણિ સર્વથા લાલ પણ છે અને સર્વથા સફેદ પણ છે. અપેક્ષાએ. ત્યાં એ વાત લાગુ પડે છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર લાગુ પડે છે, બરાબર લાગુ પડે છે.

મુમુક્ષુ :- પર્યાય અપેક્ષાએ સર્વથા લાલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જે લાલ થયો એમાં ક્યાંય સફેદ રહ્યો? આખેઆખો લાલ દેખાય છે. છતાં એ ઉપર ઉપરનો ભાવ છે. લાલ કપડું ખસેડી લીધું તો જેવો હતો એવો નિર્મળ દેખાય છે. બરાબર લાગુ પડે છે. આખો લાલ પણ છે અને એ કથંચિત્ લાલ પણ છે. કઈ દૃષ્ટિએ તમારે જોવું છે એના ઉપર આધાર છે. તમે જે દૃષ્ટિએ જોવો એ દૃષ્ટિએ તમને એનું સ્વરૂપ દેખાય છે.

મુમુક્ષુ :- પર્યાય અપેક્ષાએ તો સર્વથા લાલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય અપેક્ષાએ સર્વથા લાલ છે. એમ સર્વથા લેવું.

'**કેમકે કાંઈ પોતાની વસ્તુમાં (વસ્તુની અંદર) ભાવ થતો નથી, પણ અન્ય પરભાવ-વિકારભાવ-વસ્તુસમુદાયથી બહારનો ઉપરીભાવ (ઉપર ઉપરનો ભાવ) થયો છે.**' પણ અન્ય જ પરભાવ થયો છે, વિકારભાવ થયો છે, વસ્તુસમુદાયથી બહારનો (અર્થાત્) જે વસ્તુની મૂળ જાત છે તેનાથી બીજી જાતનો બહારના પદાર્થની સાથે, બહાર જે જાત છે, બીજા પદાર્થની જે જાત છે, પુદ્ગલ પદાર્થની જે જાત છે તેવો ભાવ થયો છે, એ ઉપરીભાવ-ઉપર ઉપરનો ભાવ થયો છે. '**તેથી તેને બહિરધર્મ**

કહેવામાં આવે છે.' એને બહારનો ધર્મ કહેવામાં આવે છે. '**વળી આ આત્માનો ધર્મ નથી...**' વળી આ આત્માનો મૂળ ધર્મ નથી, એમ કહેવું છે. ધર્મ નથી એટલે આ મૂળ ધર્મ નથી. '**તેથી એને આત્માનો અધર્મભાવ કહેવામાં આવે છે.**' અધર્મભાવ કહો કે મૂળ ધર્મથી વિરૂદ્ધ ધર્મભાવ કહો, બન્ને એક છે. મૂળ ધર્મથી-મૂળ જાતિથી વિરૂદ્ધ ધારણ કરેલો ભાવ કહો, એને અધર્મભાવ કહેવામાં આવે છે. લ્યો, આ વિભાવભાવનું બહિર્ધર્મનું પ્રકરણ છે.

મુમુક્ષુ :- સ્યાત્ શબ્દ લગાવો તો..

પૂજ્ય ભાઈશ્રી :- મર્યાદિત છે, અમર્યાદિત નથી.

મુમુક્ષુ :- મૂળ ગાથામાં સ્યાત્ શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્યાત્ શબ્દ છે મૂળ ગાથામાં. એ પહેલાં શરૂઆતમાં એ વાત લીધી હતી કે આમાં સ્યાત્ શબ્દ મૂળ ગાથામાં છે એ એની મર્યાદાને સૂચવે છે.

'વચનામૃત'માં એક એવો બોલ આવે છે કે વિભાવ છે એ મર્યાદિત છે અને સ્વભાવ છે તે અમર્યાદિત છે. એટલે વિભાવનો અંત આવે છે, સ્વભાવનો કદી અંત આવતો નથી. વિભાવની શક્તિ પણ મર્યાદિત છે અને સ્વભાવની શક્તિ અમર્યાદિત છે. જેમકે અનંત કાળનો મિથ્યાત્વનો વિભાવ સૌથી વધારે તીવ્ર, નઠારો, કોઈ ખરાબમાં ખરાબ વિભાવ હોય તો મિથ્યાત્વનો વિભાવ છે. એ અનંત કાળથી મિથ્યાત્વનો વિભાવ સ્વભાવના આશ્રયે જતાં એક જ સમય લાગે છે, બીજો સમય નથી લાગતો. એટલો સ્વભાવ અમર્યાદિત Powerful છે કે એ એક જ સમયમાં એને હાંકી કાઢે છે, ગમે ત્યારે. એને બીજો સમય લાગતો નથી. એટલો વિભાવ મર્યાદિત છે અને સ્વભાવ અમર્યાદિત છે.

એ જ પ્રકારે ગુણભેદ અને પર્યાયભેદ મર્યાદિત છે અને એની અભેદતા, એનું અભેદપણું-અભેદતા અમર્યાદિત છે. એ પણ એમ જ છે. એટલે ગુણભેદ અને પર્યાયભેદ જે વિભાવનું નિમિત્ત છે, વિભાવનું આશ્રયસ્થાન છે એ પણ મર્યાદિત છે અને વસ્તુ સ્વભાવની અભેદતા છે તે અમર્યાદિત છે. કેમ? શા માટે સ્વભાવ ઉપર વજન જવું જોઈએ? કે એ મોટી ચીજ છે, મહાન ચીજ છે માટે એને વધારે વજન આપવું જોઈએ. જે મોટું છે એને મોટું જોવું, મહાન છે એને મહાન જોવું અને અલ્પ છે એને અલ્પ જોવું તે સમ્યક્ છે અને તે વાસ્તવિક છે અને તે યથાર્થ છે. એમ લેવું છે. એ વિભાવ બહિરધર્મનું પ્રકરણ થયું.

હવે મિશ્ર ધર્મની વાત કરે છે. એક મિશ્ર ધર્મનો અધિકાર 'અનુભવ પ્રકાશ'માં પણ આવી ગયો. '**મિશ્ર ધર્મ કથન**'.

गुण धम्माधम्मं परिणमदि, दव्व पजायं च धम्माधम्मं फुड।
मिस्सधम्मं जया अप्पा, तं मिस्सधम्मं भणइ जिणो।।१४।।
गुण धर्माधर्म परिणमति, द्रव्यं पर्यायं च धर्माधर्म स्फुटं।
मिश्रधर्म यदा आत्मानं मिश्रधर्म भणति जिनो।।१४।।

અર્થ :- '**જે કાળે આત્માના ગુણ પર્યાયધર્મરૂપે પરિણમે છે તે કાળે પ્રગટ આત્માનો મિશ્રધર્મ કહેવામાં આવે છે.**' શું છે અહીંયાં? સાધકજીવની વાત લેવી છે. સાધક અવસ્થામાં મિશ્ર ધર્મ હોય છે. મિશ્ર ધર્મ એટલે શું? કે એક અવસ્થાની અંદર સ્વભાવજાતિનો અંશ પણ પ્રગટ અને વિભાવજાતિનો અંશ પણ પ્રગટ (છે). અવસ્થા બે નહિ. અવસ્થા એક, ભાવ બે. સ્વભાવભાવ અને વિભાવભાવ એવા બે ભાવ. એને અહીંયાં મિશ્ર ધર્મ કહેવામાં આવે છે.

'**यदा यस्मिन् काले स्फुटं प्रगटं आत्मा गुण धर्माधर्म परिणमति, गुणस्वभाव (गुणस्वभावो) विभावं परिणमति यं तं मिश्र धर्मं विकारकलङ्कनिजस्वभावं, पुनः तदा आत्मपार्यंयं द्रव्यं धर्माधर्म सहजेन आयातं तं मिश्रधर्म एकाद्दशं मिश्रधर्म जिनो भणति कथयति।**' '**વળી જ્યારે આત્માના ગુણો મિશ્રધર્મરૂપે થયા ત્યારે દ્રવ્યરૂપ આત્માને પર્યાયો તો સહજ જ મિશ્રરૂપે થયા. આવું જે છે (આવો જ મિશ્ર ધર્મ છે) તેને જિનદેવે આત્માનો મિશ્ર ધર્મ પ્રગટ કહ્યો છે.**' એ ગુણધર્મ અધર્મરૂપે થયા એટલે ગુણ અધર્મરૂપે પરિણમે છે, એમ લેવું. અને જ્યારે એ મિશ્રધર્મ રૂપે ગુણ પરિણમે છે ત્યારે પર્યાય પણ મિશ્રતા છે અને તેથી પર્યાયસાપેક્ષ દ્રવ્યને પણ મિશ્રધર્મ રૂપે આત્મા થયો એમ કહેવામાં આવે છે. જેમકે સાધક આત્મા. તો સાધક આત્મા મિશ્ર ધર્મરૂપે છે. અંતરાત્મા છે તે મિશ્ર ધર્મરૂપે છે. એવી રીતે. એ દ્રવ્યથી વિવિક્ષા કરી. હવે ભાવાર્થમાં સ્પષ્ટ કરશે.

ભાવાર્થ :- '**જ્યારે આસન્નભવ્ય જીવ (નિકટભવ્ય જીવ)...**' અભવિને આવું મિશ્ર ધર્મપણું બનતું નથી, એમ કહેવું છે. ભવ્ય જીવને જ્યારે મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે અને સાધકપણું પ્રગટ થાય છે... એટલે તો '**स्फुटं प्रगटं**' એમ લીધું છે. સ્ફુટપણે-પ્રગટપણે એમ લેવું છે. '**જ્યારે આસન્નભવય જીવ (નિકટભવ્ય જીવ) મિથ્યાત્વનો પરવેશ ધારણ કરીને પ્રવર્તી રહ્યો હતો તે પ્રવર્તવું કાળલબ્ધિ પામીને પૂરું થયું તે જ કાળે તે નિજસ્વભાવિકસ્વરૂપે વ્યક્તરૂપ પ્રવર્ત્યો. તે ભવ્યજીવને નિજરૂપ કેવું પ્રગટ થયું તે કહેવામાં આવે છે.**' અહીંયાં મિશ્ર ધર્મ કેવી રીતે ચાલે છે, પ્રગટ છે એ કહેવામાં આવે છે. ક્યાંથી શરૂ થાય છે? મિશ્ર ધર્મ અનાદિઅનંત નથી. મિશ્ર ધર્મ છે એ સાદિસાંત છે. કેમકે સાધક દશા પણ સાદિસાંત છે. એ મિશ્રતાની દશા

પૂરી થઈ જાય છે.

હવે ભવ્યજીવમાં પણ જે દૂરભવ્ય છે અથવા જે અભવ્ય જીવો ભવ્ય છે એને પણ મિશ્ર ધર્મ હોતો નથી. પણ જેની ભવ્યતા પરિપાક પૂરો થઈને, ભવ્યતા પાકીને મિથ્યાત્વપણે પ્રવર્તી રહ્યો હતો, મિથ્યાત્વનો પરવેશ ધારણ કરીને એટલે મિથ્યાત્વ ભાવે પ્રવર્તી રહ્યો હતો તે પ્રવર્તવું કાળલબ્ધિ પામીને એટલે કોઈ એક કાળે. કેમકે બધાયનો કાળ જુદો જુદો છે. અનંતે જીવોનો કાળ જુદો જુદો છે. એટલે સર્વ પોતપોતાના કાળે તે મિથ્યાત્વનું કાર્ય પૂરું થયું. તે જ કાળે, જ્યારે મિથ્યાત્વનું કાર્ય પૂરું થયું તે જ કાળે '**નિજસ્વભાવિકસ્વરૂપે વ્યક્તરૂપ પ્રવર્ત્યો.**' ત્યારે એને પોતાનો સ્વભાવભાવ પ્રગટ થયો. નિજ સ્વભાવિકસ્વરૂપે વ્યક્તરૂપ પ્રવર્ત્યો.

અહીંયાં પ્રવર્ત્યો એનું નામ જ આચરણ છે. સમ્યક્ત્વમાં આચરણ હોય છે. સ્વભાવિકભાવે તે પ્રવર્ત્યો. નિજસ્વભાવિકસ્વરૂપે તે વ્યક્તરૂપ પ્રવર્ત્યો, પ્રગટપણે પ્રવર્ત્યો, સ્પષ્ટપણે પ્રવર્ત્યો. '**તે ભવ્યજીવને નિજરૂપ કેવું પ્રગટ થયું તે કહેવામાં આવે છે :-**'

મુમુક્ષુ :- પુરુષાર્થ ઉપર સો ટકા આધાર છે. અહીંયાં પંડિતજી બધી જગ્યાએ કાળલબ્ધિ નાખે છે એ કાંઈ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'દીપચંદજી'ની પણ એ શૈલી છે અને 'રાજમલજી'ની પણ એ જ શૈલી છે. એ પણ બધી જગ્યાએ કાળલબ્ધિ લ્યે છે. પણ કાળલબ્ધિનો અર્થ જ એ છે કે જે કાળે જીવ પુરુષાર્થ કરે છે ત્યારે. જ્યારે જીવ પુરુષાર્થ કરે છે ત્યારે. જે કાળે પુરુષાર્થ કરે છે તે કાળને કાળલબ્ધિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- 'ટોડરમલજી'એ કીધું કે જીવ પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ અને ભવિતવ્ય તો એને થઈ ચૂક્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને હોય જ છે. હોય જ છે.

મુમુક્ષુ :- આ જરાક વધારે ભાર આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ભાર વધારે નથી આપતા. પણ કાળલબ્ધિથી વાતને વર્ણવે છે. પેલા પુરુષાર્થથી વાતને કહે છે. બન્ને એક જ વાતને કહે છે, એક જ ભાવે કહે છે. કહેવાની વિવિક્ષામાં શબ્દપ્રયોગ જુદો જુદો છે. એક જ વાતને એક જ Balance રાખીને કહે છે. જ્યારે પુરુષાર્થથી કહે છે ત્યારે કાળલબ્ધિનું Balance ખ્યાલમાં છે. જ્યારે કાળલબ્ધિથી કોઈ કથન કરે છે ત્યારે પુરુષાર્થનું Balance ખ્યાલમાં છે. એમાં કાંઈ ફેર પડતો નથી. ગમે ત્યાંથી કહો. કહી શકાય છે માટે ગમે ત્યાંથી કહો. જે છે તે છે. પરિણમન તો જે છે તે છે. પુરુષાર્થમાં કાળલબ્ધિ છે અને

કાળલબ્ધિમાં પુરુષાર્થ છે. પછી કાળલબ્ધિથી કહો કે પુરુષાર્થથી કહો. કહેનારને તો બન્ને ભાવનો સમાવેશ છે. કહેનારને એક ભાવ છે એનો સમાવેશ છે અને બીજા ભાવને ઊડાડવો છે એ વાત ક્યાંય પણ નથી. એમ છે.

કોઈ વખત એવું બને કે એક જ માણસ સાથે Double સગપણ હોય. ન હોય? જે રીતે વ્યવહારિક સંબંધ થયો હોય કે એક જ માણસ સાથે બન્ને સંબંધ હોય. તો ઈ તો જે છે ઈ છે. એમાં કાંઈ વિરોધ આવે છે? કાંઈ વિરોધ નથી આવતો. ગમે ત્યાંથી એનું સંબોધન કરવામાં આવે. સંબોધન કોઈપણ એક સંબંધથી સંબોધન કરવામાં આવે. બે સંબંધિત તો સંબોધન નહિ જ કરે. પછી ક્યારેક તમે આ સંબંધથી સંબોધન કરો, ક્યારેક આ સંબંધથી સંબોધન કરો બીજી વાત છે. પણ બે વાત છે એ તો નક્કી જ છે. કે એમાં ફેરફાર છે કાંઈ? બસ, એવું છે આની અંદર. કાળલબ્ધિ અને પુરુષાર્થ બન્ને એકસાથે જડાયેલા છે. તેને નોખા-જુદાં પાડી શકાય એવું નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ તો આત્માથી થાય છે. કાળલબ્ધિ તો જે કાળે કાર્ય થાય એનું નામ કાળલબ્ધિ.

પૂજ્ય ભાઈશ્રી :- હવે એક શંકા કરી શકાય એવી છે આમાં. એક શંકા કરી શકાય એવી છે કે મોક્ષમાર્ગની અંદર પુરુષાર્થની મુખ્યતા છે. 'ટોડરમલજી'એ એ વાત લીધી છે કે મોક્ષમાર્ગની અંદર પુરુષાર્થની મુખ્યતા છે. તો અહીંયાં એક પ્રશ્ન, સંભવિત પ્રશ્ન આટલો જ છે કે જો મોક્ષમાર્ગની અંદર પુરુષાર્થની મુખ્યતા છે તો કાળલબ્ધિથી કથન નહિ કરતા પુરુષાર્થથી કથન કરવું વધારે ઉચિત છે. પણ પુરુષાર્થનું સ્વરૂપ બહુ ઓછા જીવોને સમજાય છે. બહુભાગ જીવો તો પુરુષાર્થ કરવાના રાગને પુરુષાર્થ સમજે છે. પુરુષાર્થ કરવાની ભાવનાને પુરુષાર્થ સમજે છે. પણ એ પુરુષાર્થનું સ્વરૂપ નથી. અથવા તો પર્યાયના કર્તૃત્વને પુરુષાર્થ સમજે છે. પર્યાયમાં કર્તાપણાનું જોર આવે એને પુરુષાર્થ ઘણાં સમજે છે. એટલે પુરુષાર્થની મુખ્યતા કરતા આ દુષણ સંભવિત છે. કાળલબ્ધિના કથનમાં આ દુષણ આવતું નથી. આમ વાત છે પાછી.

એટલે 'રાજમલજી'એ ચોથા કળશની ટીકા કરતા એ વાત કરી કે સમ્યગ્દર્શન છે તે યત્નસાધ્ય નથી. હવે પુરુષાર્થને-કરુ કરુના પુરુષાર્થને માની બેઠો હોય એને તો માથામાં હથોડો વાગે એવું લાગે. હેં! 'ગુરુદેવે' અનંત પુરુષાર્થથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એવું ઢોલ વગાડીને કહ્યું કે અનંત પુરુષાર્થ જોઈએ. અનંત પુરુષાર્થ હોય તો સમ્યગ્દર્શન થાય. અહીં આમણે હળવેક દઈને વાત મૂકી દીધી કે સમ્યક્ત્વ છે એ યત્નસાધ્ય નથી. યત્નસાધ્ય તો નથી પણ સહજ સાધ્ય છે એમ કહેવા માટે

એમ કહ્યું કે કોટિ ઉપાય કરે તોપણ ન થાય. લ્યો, ઠીક! કહેનાર છે એ પ્રમાણિક છે, સંમત છે. એમના કથનો માન્ય છે ત્યારે તો એના ઉપર પોતે પ્રવચન આપે છે. અમાન્ય હોય એ શાસ્ત્ર ઉપર તો પ્રવચન આપે નહિ. જે શાસ્ત્ર માન્ય હોય એના ઉપર પ્રવચન આપે છે. તો ત્યાં શું કહેવું છે?

તું કરું કરુંના કરોડ પ્રકારના પુરુષાર્થને કર એ પુરુષાર્થ જ નથી અને એનાથી તો સમ્યગ્દર્શન થવાનું નથી. ત્યાં પણ કાળલબ્ધિથી વાત શરૂ કરી છે કે અનંત કાળથી પરિભ્રમણ કરતાં જીવને જ્યારે અર્ધ પુદ્ગલપરાવર્તનથી અંદરનો કાળ બાકી રહે છે ત્યારે એને કાળલબ્ધિ પાકે છે. એ પહેલાં તો કોઈની કાળલબ્ધિ પણ પાકતી નથી. ઠીક!

મુમુક્ષુ :- ન ગમે એવી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- ન ગમે એવી પણ એ હકીકત છે.

કોઈ જીવને અર્ધ પુદ્ગલપરાવર્તનથી વધારે કાળ મોક્ષે જવાનો બાકી હોય અને કોઈને સમ્યક્ત્વ પ્રગટ થાય એવું કોઈ દિવસ ન બને. કોઈ દિવસ ન બને. પુરુષાર્થ કરે તો? પણ એ સાચો પુરુષાર્થ-સત્ય પુરુષાર્થ કરે જ નહિ. આડો જ ચાલે.

મુમુક્ષુ :- એની કિંમત આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. કરતો હોય એને પ્રતીતિ આવે છે કે મારો કાળ અર્ધ પુદ્ગલપરાવર્તન હવે બાકી રહ્યો નથી. આમ છે.

મુમુક્ષુ :- આ પ્રતીતિ આસન્ન ભવ્યજીવને જ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આસન્ન ભવ્ય છે, નજીકમાં જે આવી ગયો છે, જેનો પુરુષાર્થ ઉપડ્યો છે એને એમ થાય છે કે મારો કાળ હવે અર્ધ પુદ્ગલ પરાવર્તન પણ રહ્યો નથી. એટલે એને પરિણામની અંદર કોઈ તકલીફ નથી થતી. તકલીફ કોને થાય છે? કે જેને એ વિષયમાં હજી શંકા છે. જેને શંકા છે.

એટલે 'ગુરુદેવ'ના જ્યારે મુમુક્ષુતાના વિષય ઉપર પ્રવચનો ચાલ્યા છે ત્યારે ભૂતકાળમાં ઘણી ઘણી વાતો કરી ગયા છે. આ એવી વાત છે કે જેને સાંભળતા મુમુક્ષુને મોક્ષના ભણકાર આવે. મોક્ષના ભણકાર આવે અંદરથી કે હવે હું મુક્ત થવાનો છું, હવે હું મુક્ત થવાનો છું. નક્કી હવે હું મુક્ત થવાનો છું. અલ્પકાળમાં હવે હું મુક્ત થઈ જઈશ. ઈ એમ સૂચવે છે કે એની કાળલબ્ધિ પાકી. હજી પુરુષાર્થ નથી ઉપડ્યો ત્યાં એ કાળલબ્ધિની નજીક આવી ગયો છે. ઘણી ઘણી વાતો કરી છે. એને પોતાની ભવ્યતા અને અભવ્યતામાં શંકા ન પડે. અરે..! પાત્રતાવિશેષ હોય તો એને પોતાની દુર્ગતિની શંકા ન પડે. મારું નારકીનું આયુષ્ય બંધાઈ ગયું હશે

તો? મારું તિર્યંચનું આયુષ્ય બંધાઈ ગયું હશે તો? એવી પણ શંકા ન પડે. કેટલીક વાત તો આપણે 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં મોક્ષાર્થીના પ્રકરણમાં લીધી છે કે કેવા કેવા ભાવ એને થાય છે? થાય છે અને કેવા નથી થતા, બે વિભાગ લીધા છે ને? એમાં થાય છે એમાં આ વાત ચર્ચી છે. 'ગુરુદેવ'ના પ્રવચનોમાં એ વિષય આવેલો છે. ઘણાં વખત પહેલાં. બહુ જૂના 'આત્મધર્મ'માં એ વિષય સ્પષ્ટ આવેલો છે. એ એની કાળલબ્ધિને સૂચવતા લક્ષણો છે, સંકેતો છે કે જેનાથી નિશાનીથી એની કાળલબ્ધિ પોતાને સમજાય જાય છે. અને એને પુરુષાર્થ અને કાળલબ્ધિમાં ક્યાંય શંકા પડતી નથી. એવી સ્થિતિ થાય છે. મુમુક્ષુતામાં, હોં! સમ્યગ્દર્શનવાળાને તો વાત જ શું હોય? એને તો એ પ્રશ્ન જ રહેતો નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ની વાણી એવી હતી કે... ઉડાડી દે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાચી વાત છે. એવી વાત છે.

તા. ૨૭-૫-૧૯૮૬, પાના નં. ૩૯, પ્રવચન નં. ૨૫

'આત્માવલોકન', પાનું-૩૯. મિશ્ર ધર્મનું કથન. મોક્ષમાર્ગમાં સ્વભાવ અંશ પ્રગટ થાય છે અને અવસ્થામાં કેટલોક વિભાવ અંશ રહી જાય છે. એવી અવસ્થાને અહીંયાં મિશ્ર ધર્મ કહ્યું છે. પહેલા Paragraph થી છે. તે ભવ્ય જીવને એટલે મોક્ષમાર્ગમાં પ્રવેશ કરનાર જીવને '**નિજરૂપ કેવું પ્રગટ થયું, તે કહેવામાં આવે છે.**' પહેલાં સમ્યક્ત્વ ગુણ અથવા શ્રદ્ધાનથી વાત કરી છે. શ્રદ્ધાની અહીંયાં મુખ્યતા હોવાથી શરૂઆત શ્રદ્ધાથી કરી છે પણ શ્રદ્ધાની પર્યાયમાં આંશિક શુદ્ધતા અને આંશિક અશુદ્ધતા એવી અવસ્થા થતી નથી. એવી વાત પણ અહીંયાં નથી લીધી. અહીંયાં તો પહેલા મિથ્યાશ્રદ્ધા હતી તે હવે સમ્યક્શ્રદ્ધા થઈ એમ કહેશે. શ્રદ્ધામાં કોઈ શ્રદ્ધાની અવસ્થામાં મિશ્ર ભાવ રહી જાય છે એવું અહીંયાં નથી કહેવું.

'**જીવનો જે એક સમ્યક્ત્વગુણ તેનું લક્ષણ આસ્તિક્ય, આસ્તિક્ય એટલે પ્રતીતિ-દઢતા-એ વાત એમ જ છે (એ વાત એ રૂપે જ છે), એમાં હલચલ (ફેરફાર, મીનમેખ) નથી, એવી આસ્તિક્ય શક્તિ તે આસ્તિક્યશક્તિના બે ભાવ છે :-**' એટલે બે પ્રકારના પરિણામ છે. મિથ્યા અને સમ્યક્. ઊલટું અને સૂલટું. શું કહ્યું? '**જીવનો જે એક સમ્યક્ત્વગુણ તેનું લક્ષણ આસ્તિક્ય,...**' આસ્થા કરવી. આસ્તિક્ય એટલે પ્રતીતિ કરવી. પ્રતીતિ કરવી એટલે આ આમ જ છે એવો જે ભાવ તેને પ્રતીતિ ભાવ કહેવામાં આવે છે. સ્વરૂપને વિષે જે પ્રતીતિભાવ છે, પ્રતીતિભાવ પોતે તો નિર્વિકલ્પ છે, પણ એને સવિકલ્પપણે બતાવવું હોય, દર્શાવવું હોય તો એમ કહેવાય કે આ હું છું. આ એટલે વિદ્યમાનપણે જે મારું સ્વરૂપ છે તે જ હું છું. મારું તત્ત્વ છે, પરમતત્ત્વ છે તે જ હું છું. એવી પોતાની સત્તાની આસ્થા નિર્વિકલ્પ ભાવે પ્રતીતિ, એને આસ્તિક્ય, સમ્યક્ આસ્તિક્ય, સમ્યક્ત્વગુણનું પ્રગટપણું, સમ્યક્ પ્રતીતિ, સમ્યક્ દઢતા એમ કહેવામાં આવે છે.

'**જીવનો જે એક સમ્યક્ત્વગુણ તેનું લક્ષણ આસ્તિક્ય...**' એટલે આસ્થા કરવી તે. એટલે પ્રતીતિ કરવી તે. એટલે આ આમ જ છે અને એમાં કાંઈ ફેરફાર નથી. એવો વિકલ્પ નથી, પણ આ આમ જ છે, એમાં બીજી રીતે નથી એ વાત એમાં (આવી જાય છે), ફેરફાર નથી એ વાત એમાં અનર્પિત રીતે આવી જાય છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાગુણમાં શક્તિ લક્ષણ...

પૂજ્ય ભાઈશ્રી :- આસ્તિક્ય, આસ્થા. શ્રદ્ધા કહો આસ્થા કહો, નિજસત્તાનું ગ્રહણ કહો. પ્રતીતિભાવે આ હું છું, એમ છું.. છુંપણું, છુંપણું એ શ્રદ્ધા બતાવે છે. એવી પોતાની હયાતીની, પોતાની અસ્તિતાની, પોતાના અસ્તિત્વનું આસ્તિક્ય, લ્યો, પોતાના અસ્તિત્વનું શ્રદ્ધાન અથવા પોતાના અસ્તિત્વની પ્રતીતિ, પોતાની હયાતીની પ્રતીતિ કે હું ત્રિકાળ છું. ત્રિકાળ એવો વિકલ્પ નથી, છું એવો વિકલ્પ નથી, હું એવો વિકલ્પ નથી. પણ કહેવા માટે એમ કહેવાય, સમજાવવા માટે એમ કહેવાય. બાકી ભાવ નિર્વિકલ્પ છે.

જેમકે અત્યારે પ્રતીતિ છે કે હું મનુષ્ય છું. પરભાવમાં પ્રતીતિ છે. (એનો) વિકલ્પ નથી. હું માણસ છું, એનો વિકલ્પ કરવો પડતો નથી. એવું સંભારવું પડતું નથી કે હું માણસ છું અને તિર્યંચ નથી. માણસ છું અને દેવ નથી, માણસ છું અને નારકી નથી. કોઈ ગતિનો વિકલ્પ કરવો પડતો નથી. નિર્વિકલ્પ ભાવે પોતાના વર્તમાન મનુષ્યત્વનું શ્રદ્ધાન અથવા પ્રતીતિ વર્ત્યા જ કરે છે. તેવી રીતે સન્મુખ થઈને સ્વરૂપનો અનુભવ થાય છે. તે કાળે જેવો અનુભવ થાય છે તેવો જ હું છું. જેવું નિર્વિકલ્પ તત્ત્વ અનુભવગોચર થાય છે તેવો જ હું છું, એવી જે અનુભવકાળમાં અનુભવપૂર્વકની જે નિર્વિકલ્પ પ્રતીત, તેને સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ત્વ અથવા આસ્તિક્ય અથવા સમ્યક્ પ્રતીતિ કહેવામાં આવે છે. એમાં કોઈ હલચલ નથી, એમાં કોઈ ફેરફાર નથી. એ આસ્તિક્ય શક્તિ અથવા શ્રદ્ધા શક્તિનું એ પરિણમન છે અને તે શક્તિના બે પ્રકારના પરિણામ છે. બે ભાવ છે એટલે બે પ્રકારના ભાવ છે. ઊલટા અને સૂલટા, અવળા અને સવળા.

'**એક તો નિજજાતિભાવ છે. બીજો ઔપાધિક દોષરૂપ વિકારભાવ છે...**' અહીંયાં એમ ન લીધું કે બેય એક પર્યાયમાં સાથે હોય છે. એ વાત અહીંયાં નથી લેતા. શ્રદ્ધાનનો વિષય ચાલ્યો છે. એક તો નિજજાતિભાવ છે. જેવું પોતાનું સ્વરૂપ છે અને જેવો શ્રદ્ધાનગુણ છે તેવો જ એનો ભાવ છે. એમાં કોઈ ફેરફાર નથી. અને '**બીજો ઔપાધિક દોષરૂપ વિકારભાવ છે...**' હું માણસ છું, હું પુરુષ છું, હું જૈન છું, હું વાણિયો છું, હું વેપારી છું, હું વિદ્વાન છું, હું ગૃહસ્થી છું, હું ત્યાગી છું, હું મુનિ છું. એવા જેટલા કોઈ, હું આત્મા છું, એ સિવાયના નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વ છું એ સિવાયના જેટલા કોઈ પર્યાયોનો પોતા સ્વરૂપે સ્વીકાર, બીજી કોઈપણ અન્ય પર્યાયનો, કોઈપણ પર્યાયનો, પર્યાય ક્ષણિક છે, કોઈપણ પર્યાયનો સ્વસ્વરૂપે, ત્રિકાળસ્વરૂપે પ્રતીતિમાં સ્વીકાર થવો, આસ્તિક્યમાં સ્વીકાર થવો એ ઔપાધિ ગ્રહણ

કરી. એણે ઉપાધિ ગ્રહણ કરી. મૂળ સ્વરૂપને નહિ સ્વીકારતા ઉપાધિભાવનો સ્વીકાર કર્યો કે હું આવો રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું. બધા (વિભાવભાવ) એમાં આવી જાય છે.

મુમુક્ષુ :- નિજજાતિભાવ કીધું, એ કારણશુદ્ધપર્યાય કીધું?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. '**એક નિજજાતિભાવ છે.**' એટલે અહીંયાં શ્રદ્ધાની નિજજાતિભાવ. બીજો ઔપાધિક દોષરૂપ. આસ્તિક્ય ગુણના બે ભાવ છે એમ કહ્યું. આસ્તિક્ય શક્તિના બે ભાવ છે. એક ભાવ આ અને બીજો ભાવ આ. એમ કહેવું છે. એટલે શક્તિનું પરિણમન બે પ્રકારનું છે. એક તો સ્વભાવજાતિરૂપ. નિજજાતિરૂપ એટલે સ્વભાવજાતિરૂપ. સ્વભાવજાતિરૂપમાં જેવી આસ્તિક્ય શક્તિ છે, શ્રદ્ધાગુણ છે તેવું જ એનું પરિણમન. અને તે પરિણમન મૂળ સ્વભાવને જ શ્રદ્ધે છે એવું પરિણમન. બેય ભાવ એમાં આવી જાય છે. પોતાના સ્વભાવને શ્રદ્ધવાવાળું પરિણમન અને જેવો શ્રદ્ધાશક્તિનો સ્વભાવ છે તેવું જ એનું શુદ્ધ પરિણમન. એવું એક શુદ્ધ પરિણમન, શુદ્ધ શ્રદ્ધાન. શુદ્ધ પરિણમન કહો કે શુદ્ધ શ્રદ્ધાન કહો કે શુદ્ધ પ્રતીતિ કહો (બધું એકાર્થ છે).

'**બીજો ઔપાધિક દોષરૂપ વિકારભાવ...**' જે દોષરૂપ પર્યાય છે, ઉપાધિકભાવે પર્યાય છે એનું શ્રદ્ધાન (એટલે કે) એ હું છું. વિકલ્પ થાય, રાગ થાય તે કાળે તેવો હું છું. એવો જે પ્રતીતિભાવ એ પણ નિર્વિકલ્પ જ છે. એક એક વિકલ્પે એને આવો છું, આવો છું, આવો છું, એમ કાંઈ પ્રતીતિનો વિકલ્પ નથી કરવો પડતો. પણ પોતે પોતાને વિકલ્પસ્વરૂપે વેદી જ લ્યે છે, અનુભવી જ લ્યે છે, પ્રતીત સહિત. પ્રતીતિ સાથે અનુભવ કરી લ્યે છે કે હું રાગી, હું ક્રોધી, હું મનુષ્ય, હું અલ્પ જ્ઞાની, હું છદ્મસ્થ એ બધું એમાં આવી જાય છે.

'**અર્થાત્ નિજજાતિથી અન્ય (ન્યારો) એવો તે પરભાવ છે. તે આસ્તિક્યશક્તિનો (નિજ) જાતિભાવ તો અનાદિથી ગુપ્ત થઈ રહ્યો છે.**' એટલે એ આસ્તિક્યશક્તિનો શુદ્ધ શ્રદ્ધાનભાવ અનાદિથી પ્રગટ જ થયો નથી, અનાદિથી એ ભાવ વ્યક્ત થયો નથી. એને ગુપ્ત થઈ રહ્યો છે એમ કહ્યું. શક્તિ છે, છતાં શક્તિ અનુસારનો ભાવ ક્યારે પણ આ જીવે પ્રગટ કર્યો નથી. એકવાર જો શુદ્ધ શ્રદ્ધાન કરે તો એનું પરિભ્રમણ રહે નહિ. '**અનાદિથી ગુપ્ત થઈ રહ્યો છે.**' અથવા પ્રગટ જ નથી થયો.

'**તે પરભાવનો ભેષ (વેષ) પ્રગટ થઈને આસ્તિક્યશક્તિ પ્રવર્તી,...**' જે પરભાવ ઉત્પન્ન થયા એ તો વેશરૂપ છે એટલે ક્ષણિક છે, સાદિસાંત છે. તે પ્રગટ થઈને આસ્તિક્ય શક્તિ પ્રવર્તી. એમાં એણે શ્રદ્ધાન કર્યું. મનુષ્યપણે જન્મ્યો ત્યારથી હું

મનુષ્ય. જે એનું નામ પાડ્યું ત્યારથી એ નામવાળો હું. ફલાણો ફલાણો હું. એમ નિર્વિકલ્પપણે એમાં આસ્તિક્યશક્તિ પ્રવર્તી છે અથવા એનું શ્રદ્ધાન પ્રવર્ત્યું છે. '**તે પરભાવરૂપને ધારણ કરે છે.**' અને એ રીતે એ શ્રદ્ધાનને કારણે પછી પરભાવરૂપ, ઔપાધિકભાવરૂપ, દોષરૂપ વિકારભાવની પરંપરા ચાલુ રહે છે.

જીવના વિજ્ઞાનને સંબંધ છે ત્યાં સુધી જીવના પરિણામમાં અનેક પ્રકારના દોષ પાંગરે છે, અનેક પ્રકારના દોષની પરંપરા ચાલે છે. એનું મૂળ કારણ એને પોતાના મૂળ સ્વરૂપે શ્રદ્ધ્યો નથી અને ચાલતા ઔપાધિકભાવે એણે પોતાનું શ્રદ્ધાન કર્યું છે. આવું જે વિપરીત શ્રદ્ધાન છે તે સર્વ દોષનું મૂળ છે. જેમ સમ્યક્ શ્રદ્ધાન તે સર્વ ગુણ પાંગરવાનું મૂળ છે, એમ એથી ઊલટું વિપરીત શ્રદ્ધાન તે સર્વ દોષ પાંગરવાનું મૂળ છે. હિન્દીમાં એને પનપે છે એમ આપણે કહીએ છીએ. બધા દોષ પનપી જાય છે-પાંગરતા જાય છે. પનપતા જાય છે એટલે પાંગરતા જાય છે. કેમકે એના મૂળમાં શ્રદ્ધાની જ ખોટી છે. જે કર્મજનિત અવસ્થા ઉત્પન્ન થાય છે, કર્મના આશ્રયે જીવનો ભાવ ખેંચાયને ઉત્પન્ન થાય છે એવા ઔપાધિક ભાવરૂપ, દોષભાવરૂપ પોતે પોતાને શ્રદ્ધી લ્યે છે. આ અનંત દોષનું મૂળ છે. સર્વ દોષનું આ મૂળ છે. અનંત દોષનું અને સર્વ પ્રકારના દોષનું આ જ મૂળ છે. આ મૂળ જેનું કપાયું, આ મૂળ જેનું છેદાયું એને દોષ પાંગરતા બંધ થઈ જાય છે. મોક્ષમાર્ગમાં એ દોષ ઘટતા.. ઘટતા.. ઘટતા.. સંપૂર્ણ નિર્દોષ અવસ્થાને પ્રાપ્ત કરે છે.

આ બહુ શક્તિવાળું પરિણમન છે. શુદ્ધ શ્રદ્ધાન છે એની શક્તિ ઘણી છે. શ્રદ્ધાનની શક્તિ બહુ મોટી છે. અને એ શ્રદ્ધાને અનુસરીને બીજા ગુણના પરિણમનનો ગુણ-દોષ થયા કરે છે. એવું એનું જબરજસ્ત નિમિત્તપણું પણ એની અંદર રહેલું છે. '**તે પરભાવરૂપને ધારણ કરે છે. આસ્તિક્ય શક્તિ કેવી છે?**'

'**જેટલી જે કાંઈ વાત ભ્રમરૂપ છે, જૂઠરૂપ છે અને મિથ્યા છે તેટલી તેમની ઠીકતારૂપ (બરાબર હોવાની શ્રદ્ધારૂપ) પ્રવર્તે છે. તેમને આસ્તિક્ય કહે છે.**' શું કહ્યું? આ ઊંધી-વિપરીત શ્રદ્ધાની વાત ચાલે છે. '**જેટલી જે કાંઈ વાત ભ્રમરૂપ છે,...**' ભ્રમણારૂપ જેટલી વાત છે એમાં એને ઠીક લાગે છે કે, ના, આ બરાબર છે. હું ખરેખર માણસ જ છું. ચોખ્ખેચોખ્ખો હું માણસ છું, બરાબર હું માણસ છું. આ ઘરમાં મારું આ સ્થાન છે, આ મારું બરાબર સ્થાન છે. આ સમાજમાં મારું આ સ્થાન છે, મારું આ બરાબર સ્થાન છે. એમ એણે નક્કી કર્યું છે. હજારોગમે એણે ઊંધી શ્રદ્ધાના માન્યતાના થરના થર ગંજ ખડકી દીધા છે. જેટલા કર્મજનિત સંબંધો છે એને શ્રદ્ધાએ સ્વીકારીને એનો ગંજ ખડકી દીધો છે. અને એ ગંજની નીચે મૂળ

સ્વરૂપ દટાયેલું પડ્યું છે. જે સમ્યક્ શ્રદ્ધાનનો વિષય છે એ દટાયેલું પડ્યું છે.

એ '**જૂઠરૂપ છે...**' જેટલી કાંઈ વાત ભ્રમરૂપ છે અથવા જૂઠરૂપ છે '**અને મિથ્યા છે...**' ખોટી છે. મિથ્યા છે એટલે એ જૂઠી છે કહો, મિથ્યા છે કહો, એકાર્થ છે. '**તેટલી તેમની ઠીકતારૂપ...**' એટલે આ બરાબર છે, આ જ ઠીક છે, આ વાસ્તવિક છે એમ '**પ્રવર્તે છે તેમને આસ્તિક્ય કહે છે.**' તેને તે વિષયનું શ્રદ્ધાન કહેવામાં આવે છે. '**આસ્તિક્યનો એવો પરભાવ જે રહે છે તે પુદ્ગલના કર્મવિકારના રહેવાથી રહે છે.**' આસ્તિક્યનો એવો પરભાવ જે રહે છે તે પુદ્ગલના કર્મવિકારના રહેવાથી રહે છે. એટલે પુદ્ગલ કર્મવિકાર છે અથવા પુદ્ગલકર્મ વિપાક છે એને જીવ અનુસરે છે ત્યારે એ રહે છે. આમ તો પુદ્ગલકર્મનો વિપાક સર્વ સંસારી જીવને સર્વ કાળે હોય છે. કોઈ કાળ, એક સમય પણ એવો નથી કે સંસારીજીવને કર્મઉદયનો વિપાક હોય નહિ. આઠે કર્મનો હોય છે. એક આયુષ્ય કર્મનો ઉદય વિગ્રહગતિમાં નથી લીધો. એટલે એટલો અપવાદ રાખીને આઠે કર્મનો ઉદય સર્વ સંસારી જીવોને નિરંતર હોય છે. એક સમયનો આંતરો પડ્યા વિના, ધારાવાહી હોય જ છે.

મુમુક્ષુ :- વિગ્રહગતિમાં આયુષ્યકર્મ તો બંધાયેલું હોય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આયુષ્ય કર્મનો ઉદય નથી, ઉદય નથી. બંધાય છે તો અહીંયાં વહેલું બંધાય જાય છે. જ્યારે અહીંયાં પૂર્વ ભવની અંદર બે તૃત્યાંશ ભાગ પૂરો થઈ ગયા પછી શરૂ થઈ જાય છે. કોઈપણ બે તૃત્યાંશ ભાંગમાં એ આયુષ્યનો બંધ થઈ જાય છે. ત્યારે આયુષ્ય કર્મ એને સત્તામાં રહી જાય છે. પણ એનો ઉદય આવે છે, જ્યારે અહીંનું આયુષ્ય પૂરું કરી અને બીજે ઊપજે ત્યારે. ઊપજે નહિ ત્યાં સુધી એને (ઉદય શરૂ થતો નથી). અહીંયાં આયુષ્ય પૂરું થઈ ગયું. જ્યારે એણે દેહત્યાગ કર્યો ત્યારે આયુષ્યકર્મનો ઉદય પૂરો થયો. ત્યાં હજી આયુષ્ય શરૂ નથી કર્યું.

મુમુક્ષુ :- એક સમયનું અંતર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક સમય હોય, ક્યાંક બે સમય હોય, ક્યાંક ત્રણ સમય હોય. બસ. કાંઈ ફેર પડતો નથી. બાકી તો કાર્મણવર્ગણા બધી સ્થિતિમાં છે. એની સાથે જ છે. આયુષ્ય કર્મથી માંડીને આઠે કર્મની વર્ગણા એની સાથે જડાયેલી છે. સંયોગરૂપ છે. પણ ઉદય નથી હોતો. બાકી તો બધા સમયે આઠે કર્મનો ઉદય છે. છદ્મસ્થ જીવને કોઈ કર્મ બાકી નથી. આઠેય (હોય છે). જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય. આઠે આઠ કર્મનો ઉદય છે. કોઈ કાળ એવો નથી કે એને આઠ કર્મનો ઉદય ન હોય.

અહીંયાં શું છે કે આવી ભાષા આવે છે ત્યાં જીવ એમ વિચારે છે કે પુદ્‌ગલકર્મના રહેવાથી આવો પરભાવ થયો. હવે જો પુદ્‌ગલ કર્મના રહેવાથી પરભાવ થયા જ કરે તો કોઈ જીવ પરભાવ રહિત ન થઈ શકે. કેમકે એને તો સદાય પુદ્‌ગલકર્મ છે. ઉદયરૂપ છે. સર્વ પુદ્‌ગલકર્મ સત્તામાં પણ છે અને ઉદયરૂપ છે. સત્તામાંથી કોઈ દિ' કોઈને ખાલી થાય નહિ અને ઉદય પણ કોઈને ન હોય એવું બને નહિ. તો પછી કોઈને પરભાવ છૂટવાનો પ્રસંગ રહેતો નથી. પણ પરભાવ અહીંયાં કર્મના વિકારની સાથે લીધો છે એનો શું અર્થ છે? કે પોતે એ કર્મવિકારની અંદર જોડાય છે, એનો આશ્રય કરે છે (કે) હું આવો છું. ત્યાં સુધી એને પરભાવ થયા કરે છે. જો જોડાવું પોતાના પુરુષાર્થને લઈને બંધ કરે અથવા સ્વરૂપજ્ઞાનને લઈને બંધ કરે, સ્વરૂપશ્રદ્ધાનને લઈને બંધ કરે તો એને ક્રમશઃ શુદ્ધભાવ પ્રગટ થઈને વધતો વધતો પૂર્ણ શુદ્ધતા સુધી એ પહોંચી જાય છે. અને એ પૂર્ણ શુદ્ધ ન થાય ત્યાં સુધી પણ કર્મનો ઉદય તો સંસાર અવસ્થામાં સાધકને પણ ચાલુ જ રહે છે. છતાં એ કર્મના ઉદયનો આશ્રય નહિ કરતો હોવાથી અને અસ્થિરતાવશ જેટલો આશ્રય કરતો હોય એટલો બંધ અને એટલો અબંધ બન્ને પ્રકારના ભાવ ચાલુ રહે છે. એને અહીંયાં મિશ્ર ધર્મ કહેવામાં આવ્યો છે.

એ '**આસ્તિક્યનો એવો પરભાવ જે રહે છે તે પુદ્‌ગલના કર્મવિકારના રહેવાથી રહે છે.**' વળી પ્રથમમાં પ્રથમ મિથ્યાશ્રદ્ધાનના જે, મિથ્યાદર્શનના જે દર્શનમોહના પરમાણુ છે એ પ્રથમ સમ્યક્‌ત્વના કાળમાં ઉપશમી જાય છે. એનો ઉદય બંધ થઈ જાય છે. ચારિત્રમોહનો ઉદય રહે છે. એટલે મોહની પ્રકૃતિનો ઉદય સર્વથા બંધ નથી થતો. પણ પ્રથમ જ્યારે આસ્તિક્ય શુદ્ધ શ્રદ્ધાનરૂપ થાય છે અને જ્યારે જીવ મોક્ષમાર્ગમાં આવે છે ત્યારે દર્શનમોહની કર્મનો ઉદય જ રહેતો નથી. ત્યારે એ દર્શનમોહની પ્રકૃતિના પરમાણુ જે ઉદયાવલીમાં આવ્યા હોય છે, તે અહીંયાં જીવના પુરુષાર્થભાવનું નિમિત્ત પામીને અથવા સ્વરૂપમાં જોડાણ થતાં ભાવનું અંતર્મુખ ભાવનું નિમિત્ત પામીને તે ઉપશમિત થાય છે. ઉદયમાં આવવાને બદલે ઉપશમિત થઈ જાય છે. એટલે જેનો ઉદય જ નથી ત્યાં જોડાવાનો ક્યાં પ્રશ્ન રહ્યો? જે પરમાણુ ઉદયમાન નથી એમાં જોડાવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે ત્યાં શુદ્ધ શ્રદ્ધાન પ્રગટ થયું એમ કહેવામાં આવે છે. ત્યાં કર્મના ઉદય સાથે શ્રદ્ધાનનું જોડાણ રહેતું નથી. કેમકે શ્રદ્ધાનની જે પ્રકૃતિ છે એ ઉદયમાં નથી. એ ઉપશમી ગઈ છે. એટલે પ્રથમ સમ્યગ્દર્શનને ઉપશમ સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. એનું કારણ એ છે. અને સર્વ જીવોને પ્રથમમાં પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન જ થાય. કોઈને પહેલું ક્ષયોપશમ થાય કે ક્ષાયિક થાય એમ બને નહિ.

ક્ષયોપશમ થાય કે ક્ષાયિક થાય એને પહેલાં ઉપશમ થયા પછી ક્ષયોપશમ કે ક્ષાયિક થાય. પણ પહેલું તો ઉપશમ જ થાય. બીજું કોઈ સમ્યગ્દર્શન એને ત્રણ ભેદમાંથી પ્રગટે નહિ. આ અનાદિઅનંત નિયમ છે.

એટલે અહીંયાં એ વાત પણ લેવી છે કે '**આસ્તિક્યનો એવો પરભાવ...**' એટલે ઊંધી શ્રદ્ધાનનો એવો પરભાવ '**પુદ્ગલના કર્મવિકારના રહેવાથી રહે છે.**' જ્યાં સુધી દર્શનમોહનીનો કર્મવિપાક ચાલુ છે ત્યાં સુધી અહીંયાં મિથ્યાશ્રદ્ધાન પણ ચાલુ છે. અહીંયાં એ ઉપશમે છે, અહીંયાં મિથ્યાશ્રદ્ધાન પણ હોતું નથી. અહીંયાં ઉપશમ સમ્યગ્દર્શન થાય છે. શુદ્ધ શ્રદ્ધાન પ્રગટે છે. એ ઉપશમ સમ્યગ્દર્શન છે એ ક્ષાયિકવત્ નિર્મળ છે. કેવું નિર્મળ છે? જેવું ક્ષાયિક નિર્મળ છે એવું એ નિર્મળ છે એટલે એમાં પોતાની શ્રદ્ધા શક્તિનું પરિણમન શુદ્ધપણે પોતાના સ્વરૂપને સિદ્ધપદ પરમાત્મા શ્રદ્ધે છે, ત્યારે બરાબર તેવું શ્રદ્ધે છે. જેવું સિદ્ધ પરમાત્માનું શ્રદ્ધાન શ્રદ્ધે છે પોતાના સિદ્ધપદને એવું જ નિજ સિદ્ધપદને ત્યાં ચકલું, દેડકું હોય કે કોઈપણ ગતિમાં સાતમી નારકીમાં રહેલો જીવ હોય, ગમે તે મનુષ્ય હોય, એવા જ પોતાના સિદ્ધપદને એવી જ રીતે, એ જ પ્રકારે, એટલો જ વિષય, શ્રદ્ધાનો વિષય પણ એવડો અને શ્રદ્ધાન પણ એવડું જ, એમાં કિંચિત્માત્ર ફેર નથી.

એટલે શાસ્ત્રમાં ક્યાંક એવું પણ કથન આવે છે કે શ્રદ્ધા અપેક્ષાએ ચતુર્થ ગુણસ્થાનવર્તી તિર્યંચ અને સિદ્ધાલયમાં બિરાજમાન સિદ્ધ પરમાત્મા એકસરખા છે, તુલ્ય જ છે. શાસ્ત્રમાં એમ ગણવામાં આવે છે. શ્રદ્ધા અપેક્ષાએ બન્ને સરખા છે, બન્ને તુલ્ય છે. એમાં કોઈ ઓછાવત્તા નથી.

મુમુક્ષુ :- ... કેટલા સિદ્ધાંત મોઢે રાખવા.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ, એક આત્મા જ મોઢે રાખવો. મોઢે એટલે મુખ્ય. ખરી વાત કહું? કે છદ્મસ્થ જીવને ગૌણ અને મુખ્ય પરિણમન છે. હજાર વાત એ જાણે છે. પણ કોઈ એક વાતને એ મુખ્ય કરીને ચાલે છે. બાકી બધું ગૌણ રહી જાય છે. હજાર વાત એના ખ્યાલમાં નથી? પણ એ જેને મુખ્યતા આપે છે એના ઉપર આખા પરિણમનનો દોર છે. મિથ્યાત્વ અવસ્થામાં એવો પરિણામ, વૈજ્ઞાનિક રીતે એ પરિણમન છે કે મિથ્યાત્વ અવસ્થામાં એણે પોતાના આત્માને ગૌણ કરી નાખ્યો છે, પોતાનું મૂળ સ્વરૂપ પરમ સ્વરૂપ એણે ગૌણ કરી નાખ્યું છે અને સિવાય પોતાનો આત્મા બાકી બધું એણે મુખ્ય કર્યું છે. પછી જ્યારે જે ઉદય હોય તે. આત્મા સિવાય પરદ્રવ્ય અને પરભાવની મુખ્યતા એમાં આ જીવ અનાદિકાળથી પ્રવર્તી જ રહ્યો છે. આ એની સ્થિતિ છે.

મુમુક્ષુ :- આત્મા મુખ્ય કરે તો આ બધાય એ હિસાબે એની મેળે સીધા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે આમાં ટૂંકો હિસાબ, મિથ્યાત્વનો પણ ટૂંકો હિસાબ છે અને સમ્યગ્દર્શનનો પણ ટૂંકો હિસાબ છે કે તું તારા આત્માને મુખ્ય કર. બધો હિસાબ તારો સાફ. કોઈ ભંગભેદ ન આવડે, કાંઈ જરૂર નથી. બીજા કોઈ લાંબા પલાખા યાદ રાખવાની જરૂર નથી.

મુમુક્ષુ :- મુખ્ય રાખવા એને વારંવાર સ્મૃતિમાં લેવો?

પૂજ્ય ભાઈશ્રી :- ના. સ્મૃતિ ક્યાં કરવી પડે છે અહીંયાં? આત્માને ગૌણ કરવા માટે અને પરને મુખ્ય કરવા સ્મૃતિ થોડી કરવી પડે છે? સહજ જ છે. જેમ ઊંધી દશા સહજ છે, તેમ સવળી દશા પણ સહજ જ હોય છે. હવે સહજ કેમ થાય? સહજ મુખ્ય કેમ થાય? કે જો એની ઓળખાણ થાય. પોતાના નિજ સ્વરૂપની, નિજ જાતિભાવની ઓળખાણ થાય, નિશ્ચય થાય તો એ એટલું મહાન છે કે એની મહાનતા ભાસતા બીજા કોઈ પદાર્થની મહાનતા એને રહેતી નથી. બીજું કાંઈ મુખ્ય એને થતું નથી. બીજું કાંઈ મુખ્ય એને થતું નથી. બીજું મહાન ભાસતું નથી, લાગતું નથી, જણાતું નથી. એટલે આપોઆપ જ જે મહાન છે એની મુખ્યતા રહે છે અને જે મહાન નથી એની ગૌણતા થઈ જાય છે. અને સર્વોત્કૃષ્ટ મહાન છે. થોડું મહાન નથી. સર્વોત્કૃષ્ટ મહાન છે. એક જ્ઞાનગુણ લઈએ તો કોઈ પાર નથી એટલી જ્ઞાનશક્તિ છે. એક આનંદભાવ લઈએ તો કોઈ પાર નથી એટલો આનંદ છે. સુખ, શાંતિ લઈએ તો કોઈ પાર નથી, અમાપ એટલી સુખ, શાંતિ અંદરમાં ભરી છે. પણ ઓળખાણ થાય તો એની મહત્તા આવે અને એની મહિમા આવે તો વાત બધી પૂરી થઈ ગઈ.

એટલે તો ફેરફાર ક્યાંથી પકડ્યો છે? સૂક્ષ્મતાએ ફેરફાર ક્યાંથી પકડ્યો છે? કે જે જીવને સ્વભાવભાવની નજીકતા થવાનો પ્રસંગ થાય છે, એટલે ભાવ થાય છે તે જીવને એ પરમસ્વરૂપને કહેનારા વચનો, તીર્થંકરના વચનો હોય, મુનિઓના વચનો હોય, આચાર્યોના વચનો હોય, સત્પુરુષોના વચનો હોય કે જેમાં આત્મા કહેવાયો છે, પરમ સ્વરૂપ કહેવાયું છે એ કથનો સામે આવતાં અપૂર્વ સ્વરૂપની અપૂર્વતા લાગવા માંડે. આ કાંઈક અપૂર્વ છે, આમાં કાંઈક અપૂર્વ છે. કોઈ અપૂર્વતા એને લાગે છે, બસ! જ્યારે એને આત્મા બતાવનાર વચનોમાં અપૂર્વતા ભાસે, અપૂર્વતા લાગે એવી કોઈ લાગણીઓ-ભાવો થવા મંડે ત્યારે એણે સમજવું કે હવે મને પરભાવ અને પરદ્રવ્યની મુખ્યતા જશે, હવે આ સ્વતત્ત્વની મુખ્યતા આવશે. અને એ અપૂર્વતા

ભાસે છે એમાંથી એને મુખ્યતા થઈ જાય છે. આવું જે પરમ સ્વરૂપ છે એ મેં ત્રણકાળમાં ક્યારે પણ મારા જ્ઞાનમાં જ્ઞાનગમ્ય થયું જ નહોતું. હવે સન્મુખ થતાં જ્ઞાનગમ્ય, જ્ઞાનગોચર થાય છે. ત્યારે 'જગત ઈષ્ટ નહિ આત્મથી.' આખું જગત આ આત્માથી ઈષ્ટ નથી એવું એને થઈ જાય છે. પછી તો સહજ જ છે.

ઘરની અંદર પણ એક પત્થરના ટૂકડા જેવો, પાણા જેવો પદાર્થ રોજ ઠેબે આવતો હોય, છોકરા રમતા હોય એનાથી, એને કોઈ ઝવેરી સંબંધી ઘરે આવી ચડે, કોઈ કારણસર અને એ કહે, અરે..! આ તો હીરાની Rough છે. Rough કહે છે ને એને? આ તો હીરાની Rough છે. આ પત્થરમાંથી બહુ મોટો હીરો નીકળે, પહેલ પાડવામાં આવે તો અને મોટી ચમક ઊભી થાય એવો આ પત્થર છે. કાચો જે હીરાનો પત્થર હોય છે એમાં ચમક નથી હોતી. એ તો એકદમ ધુંધળો હોય છે. ધુંધળો એટલે જેને આપણે કહીએ છીએ, ધુમાડા જેવા રંગનો હોય છે. એશ કલરનો. જુદી જાતના ધુમાડા આવે છે, એમ જુદી જુદી જાતના ધુમાડાના કલરનો હોય છે.

પરદ્રવ્ય અને પરભાવમાં એટલો બધા સાવધાન છે કે આ પરમાત્મતત્ત્વની સામું જોવાની એક સમયની ફુરસદ એને નથી. કોઈ એમ કહે કે, અત્યાર સુધી નહોતી પણ હવે આ વાત સાંભળ્યા પછી તો ઘણું મન થાય છે કે મારા આત્માના હું દર્શન કરું. મારા પરમાત્મ સ્વરૂપના હું દર્શન કરું. પણ એવી ઈચ્છા થવા છતાં થતા નથી, હવે એમાં અમારો શું દોષ છે? અત્યાર સુધી વિચાર સુદ્ધા નહોતો કર્યો. અને એમ ને એમ દોડ લગાવી હતી, પણ હવે આ વાત સાંભળ્યા પછી આવો વિચાર આવે છે. અને એના માટે વાંચન, વિચાર, સત્સમાગમ, આ બધું કરીએ છીએ. અને ઘણો ભાવ થાય છે, ઘણો સારો જોરદાર ભાવ થાય છે. પણ છતાં નથી થતા? તો હવે એમ કેમ કહેવાય કે એણે કદી ફુરસદ નથી લીધી એમ કેમ કહેવાય? ફુરસદ તો બરાબર લઈને હવે કલાક બેસીએ છીએ.

ત્યાં એને સાવધાની (છે), ઉદયના કાળે જે પરપદાર્થમાં સાવધાની છે એ સાવધાનીમાં જે ફેરફાર થઈ જવો જોઈએ, એના બદલે એમ ને એમ રહી ગઈ હોય તો આ ઈચ્છા એની બેકાર જાય અને કામમાં આવે નહિ. ઈચ્છા થવા છતાં એ ઈચ્છા કેમ ફલિત થતી નથી? એ ઈચ્છાના અવરોધક જે પરિણામ છે, પહેલા હતા એવા ને એવા રહ્યા, ઈચ્છા થાય તોય હજી અવરોધક પરિણામ એવા ને એવા રહે, તો એ ઈચ્છા ફલિત થાય એવું પણ બની શકે નહિ. એટલે જેને સાચી જાગૃતિ આવે છે અથવા ખરેખર ભાવના થાય છે કે મારું પરમાત્મતત્ત્વ જેવું બતાવવામાં આવે છે, જેવું ક્ષયોપશમથી બુદ્ધિગોચર થાય છે તેવા જ સ્વરૂપનું અંતરમાં દર્શન

થવું એ નથી થતું અને એ કરવું છે એવી જાગૃતિ અને ભાવના આવે છે એને એથી વિરૂદ્ધ એટલે એના જ અવરોધક ભાવમાં ફેર પડ્યા વિના રહેતો નથી. આ એનું બીજું લક્ષણ છે નાસ્તિથી. એમાં ફેર પડી જાય છે. એ ફેર પડે છે એટલે એનો રસ કપાય છે. અવરોધક પરિણામનો રસ કપાય છે. એનો રસ કપાય છે ત્યારે એ બરાબર સારી મોળા પડે છે.

એમાં પણ દર્શનમોહનો રસ મંદ થવો અને જ્ઞાનની તદ્અનુસાર નિર્મળતા થવી, એમાં સ્વરૂપનો નિશ્ચય થયા વિના રહે નહિ. સ્વરૂપનો નિશ્ચય એમાં થઈ જ જાય. કેમકે જ્ઞાન નિર્મળ થયું. એટલે જ્ઞાને પોતાની જ જાતિ, પોતાને જ અવલોકીને નક્કી કરી એનું નામ નિશ્ચય છે. જ્ઞાનસ્વભાવી આત્માનો પ્રથમ જ્ઞાનથી જ નિશ્ચય કરવામાં આવે છે. તો એ જ્ઞાન કેમ નિશ્ચય કરતું નથી? બુદ્ધિમાં સ્વીકાર કરે કે બરાબર, આત્મા આવો, આત્મા આવો, આત્મા આવો. જે એમાં દર્શનમોહનો રસ કપાવો જોઈએ અને જે એમાં જ્ઞાનની નિશ્ચય કરવા અંગેની ભૂમિકાની નિર્મળતા થવી જોઈએ એ ભૂમિકાની નિર્મળતા જ્યાં સુધી નથી થતી ત્યાં સુધી નિશ્ચય પણ થતો નથી. અને નિશ્ચય થયા વિના મહિમા આવતો નથી. મહિમા આવ્યા વિના એની મુખ્યતા થતી નથી અને મુખ્યતા થયા વિના બીજી મુખ્યતા છૂટતી પણ નથી. એટલે આ પરિસ્થિતિ આમ ને આમ ચાલુ છે.

એને એટલી બધા લાંબી વાતને અહીંયાં ટૂંકામાં શું કહી દીધું? કે એવો જે આસ્તિક્યનો પરભાવ છે તે પુદ્ગલ કર્મના વિકારના રહેવાથી થાય છે. પુદ્ગલ કર્મનો વિપાક જ્યાં સુધી ચાલુ રહે છે ત્યાં સુધી મિથ્યાશ્રદ્ધાન પણ ચાલુ રહે છે. આ ઉપશમે છે ત્યારે અહીંયાં પણ ઉપશમભાવ છે. બન્ને જગ્યાએ ઉપશમભાવ થઈ જાય છે.

'વળી વળી એવો ક્રમ પ્રવર્તતાં પુદ્ગલવિપાકના નાસ્તિની (અભાવની) કાળલબ્ધિ આવી ત્યારે પુદ્ગલવિપાક તો નાશ પામ્યો, તો ત્યારે જ તે કાળે આસ્તિક્યશક્તિના પરભાવનું પ્રવર્તવું નાશ પામ્યું.' જુઓ! અહીંયાં કર્મની મુખ્યતાથી જ કથન લીધું છે. પુદ્ગલવિપાકની અભાવ થવાની કાળલબ્ધિ આવી ત્યારે અહીંયાં પુદ્ગલવિપાક સ્વયં નાશ પામ્યો અને ત્યારે આ જીવનો પણ આસ્તિક્યશક્તિમાં જે પરભાવરૂપ પ્રવર્તન હતું તે પણ નાશ પામ્યું. એટલે પુદ્ગલકર્મનો ઉપશમ થતાં જીવનો પણ આસ્તિક્યનો જે પરભાવ હતો એટલે મિથ્યાશ્રદ્ધાન હતું એ નાશ પામ્યું. ઠીક! આવું કથન આવે ત્યારે એને એમ થાય કે નક્કી કાંઈક કરે જ છે, કર્મ જ કાંઈક કરે છે. કર્મનો જો નાશ થાય ને તો કોઈપણ રીતે રસ્તો નીકળે એવું છે અને કર્મનો નાશ ન થાય તો કોઈ રીતે રસ્તો નીકળે એવું નથી આમાં. માટે એકવાર ગમે તેમ

કરીને કર્મનો નાશ થાય તો સારું. આ કથન ઉપરથી માણસ આવી રીતે દોરવાય છે, ચાલી જાય છે. પણ એક વાત તો પ્રાથમિક રીતે જ દૃઢ હોવી જોઈએ કે કોઈ જડ પદાર્થ ચેતન પદાર્થના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં કાંઈપણ કરે નહિ, કોઈ ચેતન પદાર્થ કર્મ પરમાણુ કે કોઈ પુદ્ગલ પરમાણુના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં કાંઈ પણ કરી શકે નહિ.

બે દ્રવ્યની જે ભિન્નતા છે એ ભિન્નતા બીજા પદાર્થની પર્યાયના કર્તૃત્વને રહેવા દે નહિ. કર્તૃત્વ તો બે વચ્ચે છે જ નહિ. આ વાત તો આમણે લીધી છે, 'દેવચંદજી'એ. ૧૯મા 'મલ્લિનાથ' ભગવાનનું એક સ્તવન રચ્યું છે એમાં પાંચમી કડી એ લીધી છે કે પરભાવનું કર્તૃત્વ જીવને નથી અથવા જ્યાં સુધી પરભાવનું કર્તૃત્વ છે ત્યાં સુધી જીવ મમત્વ કરે છે, ત્યાં સુધી એને વિકાર અને દોષ રહે છે અને જ્યારે એ ભિન્નતા જાણીને પરદ્રવ્યનું કર્તૃત્વ મટાડે છે ત્યારે એને એ દોષ નાશ પામે છે. આ વાત આમણે ૧૯મા તીર્થંકર 'મલ્લિનાથ' ભગવાનના સ્તવનમાં આ વાત એમણે લીધી છે. 'દેવચંદજી'એ લીધી છે. અધ્યાત્મનો વિષય લીધો છે. પણ આ લોકો બધા અર્થ કરે નિમિત્ત પ્રધાનતાથી. ભગવાની ભક્તિ છે એમાં તો ભગવાનની મુખ્યતા આવે તો એને સિદ્ધાંતમાં ઘટાવી દે, એને સિદ્ધાંતમાં મૂકી દે. પણ બે પદાર્થની ભિન્નતાની વાત તો એ પોતે જ કરે છે. ત્યાં એ કારકોની વાત એમણે ઉપાડી છે.

એમણે શું કર્યું છે કે પદની અંદર ભગવાનની સ્તુતિ કરતાં કરતાં કેટલાક દ્રવ્યાનુયોગના અને કેટલાક અધ્યાત્મના સિદ્ધાંતો લખ્યા છે. એમનું દિગંબર આચાર્યોના સાહિત્યનું અધ્યયન હતું એટલે એમને ઘણી વાત રુચિ છે, બેઠી છે અને પોતાની કૃતિમાં પણ એ વાત એમણે ઉતારી છે. એમણે કારકોની ભિન્નતા લીધી છે કે જીવના કારકો સ્વતંત્રપણે આ રીતે સવળા અને અવળા કામ કરે છે. અને પુદ્ગલનું કર્તૃત્વ જીવને નથી. છતાં કર્તૃત્વ માને ત્યાં સુધી એ મિથ્યા ભાવે વિભાવરૂપ પરિણમી જાય છે. આ વિષય એમણે ૧૯, ૨૦મા તીર્થંકરની સ્તુતિમાં લીધો છે. વાત સ્પષ્ટ લખી છે પણ અત્યારે કોઈ એ રીતે સ્વીકારતા નથી. કહેવું એ છે. એ વાત ત્યાં લખી હોવા છતાં આ લોકો અત્યારે સ્વીકારતા નથી. બે પદાર્થની ભિન્નતા સ્વીકારતા નથી.

કર્મ નડે છે આ એક બહુ મોટી તકલીફ થઈ ગઈ છે. એવા કથનો આવે છે, કર્મ નડે છે. પણ અમે પૂછીએ છીએ કે, ભાઈ! તેં કર્મને ભાળ્યા કે દિવસે? ભાળ્યા કોઈ દિવસ કર્મને? તો જોયા વિના કેમ નક્કી કર્યું કે નડે છે? શાસ્ત્રમાં એમ આવે છે. પણ શાસ્ત્રમાં આવે છે એનો અર્થ જ્ઞાનીઓ કરે એ સાચો, શાસ્ત્ર લખનારાઓ કરે એ સાચો કે તું ઊંધી શ્રદ્ધાથી એમ ને એમ અધ્ધરથી શ્રદ્ધાને અંધશ્રદ્ધા કરી

નાખી એ સાચું? કયું સાચું?

અહીંયાં 'દીપચંદજી'ની એવી જ કોઈ વાત લખાણની પદ્ધતિ એવી જ આવી છે. **'એવો એવો ક્રમ પ્રવર્તતા પુદ્ગલવિપાકના નાસ્તિની (અભાવની) કાળલબ્ધિ આવી ત્યારે પુદ્ગલવિપાક તો નાશ પામ્યો. તો ત્યારે જ તે કાળે આસ્તિક્યશક્તિના પરભાવનું પ્રવર્તવું પણ નાશ પામ્યું. કારણ કે જેમ જેમ પુદ્ગલમિથ્યાત્વ વિપાકનો નાશ થયો તેમ તેમ તે પરભાવ કે જે આ વિપાકના રહેવાથી રહ્યો હતો તે તો ગયો.'** એમાં એમ કહેવું છે કે જેને પુદ્ગલમિથ્યાત્વનો ઉદય હોય એ પુદ્ગલમિથ્યાત્વના ઉદયમાં જોડાય વિના રહે નહિ. પ્રથમ પુદ્ગલવિપાકનો ઉપશમ છે અને અહીંયાં જીવના પરિણામનો પણ ઉપશમભાવ છે. દર્શનમોહનો પણ ઉપશમ છે. ઉદય હોય અને ન જોડાય એવું બનતું નથી. ઉદય ધારાવાહી રહે છે. જ્યારે જીવ અંતર્મુખ થાય છે, પોતાના પુરુષાર્થથી અથવા કાળલબ્ધિ બેય સાથે જ છે, ત્યારે આને દર્શનમોહના પરમાણુ પણ ઉપશમ થાય છે. ત્યાં ઉદય રહે અને અહીંયાં ઉપશમ થાય એવું બને નહિ. ઉદય હોય તો જોડાય જ છે. આ નિયમ છે.

મુમુક્ષુ :- ઉદય હોય એ કર્મનું કારણ નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- કર્મ એટલે?

મુમુક્ષુ :- આપણે જોડાય જવાય...

પૂજ્ય ભાઈશ્રી :- ઉદયમાં જીવ જોડાય છે પણ ઉદય થાય એટલે જોડાવું પડે એવું એને બંધન નથી. એક દર્શનમોહમાં એવું છે કે જીવની શક્તિ ન હોય તો જ એ પરમાણુ ઉદયરૂપ આવે. જીવ જો પુરુષાર્થ કરે તો એનો ઉદય હોય એ ઉપશમ (થઈ જાય), ઉદયમાં આવ્યા પહેલા જ ઉપશમ થઈ જાય. ઉદયમાં આવ્યા પહેલા જ એ ઉપશમિત થઈ જાય. ઉદયમાં ન આવી શકે. એટલે મિથ્યાશ્રદ્ધાનમાં જોડાવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મુમુક્ષુ :- શક્તિ તો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જીવ શક્તિ કેળવે છે. છે, એનામાં શક્તિ છે. શક્તિ અનંતી છે પણ સંભાળતો નથી. જુઓ! જીવને કેટલા પરમાણુ વળગ્યા છે અનાદિથી? અનંતા પરમાણુનો સંબંધ છે એને. કેટલું બંધન થયું છે? કેટલા પરમાણુનું બંધન છે? અનંતા. અને જીવ સંખ્યાએ કેટલો છે? જીવ એક છે. પરમાણુ અનંતા છે. વ્યવહારે એના દુશ્મન કહેવાય. ખરેખર તો દુશ્મન નથી, એ તો બિચારા એનામાં છે, પણ વ્યવહારે દુશ્મન કહેવાય. હવે આ જીવ જ્યારે મોક્ષમાર્ગમાં જાગૃત થઈને પ્રવેશ કરે છે, એવો મોટો યોદ્ધો છે કે હજી આળસ મરડીને બેઠો થાય છે ને, ત્યાં ઢગલાબંધ ભાગવા

માંડે છે. એક-બે નથી ભાગતા, કેટલા ભાગે છે? ટોળાના ટોળા ભાગવા માંડે. જે અનંતા વળગ્યા છે એમાંથી ટોળાના ટોળા ભાગવા માંડે. આ જીવની શક્તિ નથી કેમ કહો છો? કેવી રીતે કહો છે કે શક્તિ નથી? આ તો એકલો છે અને આ અનંતાને ભગાડે છે. એનો અર્થ જ એમ હતો કે તું ઊંઘતો હતો ત્યાં સુધી એ બધા તારા ઉપર આવીને સવાર થતા હતા. પણ તું જ્યાં જાગ્યો, 'વચનામૃત'માં એવો એક બોલ લીધો છે, તું ઊંઘતો હતો ત્યાં સુધી તારા ઉપર એ બધા સવાર થતા હતા. હવે તું જાગ્યો એટલે એ ભાગ્યા. પછી એ રહી શકે એવી પરિસ્થિતિ નથી. એટલી બધી તો એની શક્તિ છે કે પોતે એક હોવા છતાં અનેકને ભગાડે છે. એકને નહિ પણ અનેકને, અનંતાને ભગાડે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' પ્રવચનમાં દાખલો દેતા, સિંહ સૂતો હોય તો ફરતે હજારો .. જેવો આળસ મરડે એવા તો અડધા ભાગી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ભાગી જ જાય. બગાસુ ખાય ત્યાં તો બધા ભાગવા માંડે, અરે..! આ જાગ્યો, હમણાં બધાને ખાઈ જશે. એવા સિંહ કરતા અનંતી શક્તિ છે. સિંહથી સંબોધન કરે છે. શક્તિવાળો જીવ છે એટલે આચાર્યો ઘણીવાર એવી રીતે સંબોધન કરે છે, હે ભવ્ય શાર્દૂલ! શાર્દૂલ એટલે સિંહ. તું તો ભવ્યો છે અને સિંહ જેવો છો. તું ક્યાં આ રીતે નમાલી વાત કરે છો કે મને કર્મ નડે છે, મને સંયોગ નડે છે. શું કરું, હું તો નમાલો છું, મારામાં શક્તિ નથી. એ બધા શક્તિવાળા છે. અને મને પછાડી દે છે, મને પાછો પાડે છે. આવી વાત, નબળી વાત તું ક્યાં કરે છો? એમ કહે છે.

'જેમ જેમ પુદ્ગલમિથ્યાત્વ વિપાકનો નાશ થયો તેમ તેમ તે પરભાવ કે જે આ વિપાકના રહેવાથી રહ્યો હતો તે તો ગયો.' વળી, જીવના પરિણામનું નિમિત્તપણું પણ એટલું બધું અસરકારક છે કે સત્તામાં રહેલા પરમાણુના રસ ગળવા માંડે, એની સ્થિતિ ગળવા માંડે. એ બધા પ્રકારનો ફેરફાર (થવા મંડે છે). એની પ્રકૃતિ ફરવા માંડે. એ તો હજી અંદર ને અંદર જ થવા મંડે છે. કેટલાક જે ઉદયમાં નથી હોતા અને જે સત્તામાં રહ્યા છે એમાં પણ ફેરફાર થવા લાગે છે. જ્યારે જીવ પોતાની નિજ શક્તિથી જાગૃત થાય છે ત્યારે તો સત્તામાં રહેલા કર્મની અંદર પણ મોટા ફેરફાર થવા મંડે છે. હવે તારે ક્યાં ડરવાની વાત રહી? સંક્રમણ થાય છે, અપકર્ષણ થાય છે, ઉત્કર્ષણ થાય છે, બધા ફેરફાર થવા લાગે છે. એટલે તારા હાથની બાજી તારા પરિણામ કરવાની છે. પુદ્ગલના પરિણામ તો આપોઆપ જ ફેરફાર થઈને નાશ પામે છે. એટલે પરભાવ કે જે આ વિપાકના રહેવાથી રહ્યો હતો તે તો ગયો. **'તેથી**

તેનો તો સહજ જ નાશ થયો.'

'ત્યારે જ તે કાળે આસ્તિક્યશક્તિના પરભાવનો એ રીતે નાશ થયો. તે કાળે આસ્તિક્યશક્તિનો જે નિજજાતિભાવ શક્તિરૂપ ગુપ્ત થઈ રહ્યો હતો તે જાતિભાવ અતિશયપણે વ્યક્ત-પ્રગટ થયો.' તે નિજ જાતિભાવ વ્યક્ત થયો અને પ્રગટ થયો એમ ન કહ્યું, અતિશયપણે પ્રગટ થયો. સાતિશયપણે તે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ત્યારે જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે એ પણ સાતિશયપણે પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- ચમત્કાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચમત્કાર થાય છે. જીવના પરિણામમાં બહુ મોટો ચમત્કાર થાય છે.

જેમ કોઈ માણસને શરીરની અશક્તિ તો ઘણાને જુદી જુદી રીતે અનુભવમાં માંદગીના કાળમાં આવે છે કે એકદમ અશક્ત શરીર થઈ જાય છે. બોલવાની પણ શક્તિ ન રહે. ચાલવાની તો ન રહે, બેસવાની તો ન રહે પણ સૂતા સૂતા બોલવાની શક્તિ ન હોય. બોલે તો સાંભળે નહિ. એટલું ધીમું બોલે કે બાજુમાં ઊભેલાને સાંભળવા માટે કાન માંડવો પડે. એને જ્યારે મૂળમાંથી રોગનો નાશ થાય અને તંદુરસ્તીની શરૂઆત થાય ત્યારે નવી શક્તિનો સંચાર થાય છે. થાય છે કે નહિ?

એમ અનાદિથી જીવ હિનસત્ત્વ થયો છે. એ જ્યારે પોતાના શુદ્ધ શ્રદ્ધાનમાં આવે છે ત્યારે એને પોતાની અનંત શક્તિનો સળવળાટ થઈને એને ચમત્કાર થાય છે અંદરથી, નવો ચમત્કાર થાય છે. ચમત્કારિક જીવદ્રવ્ય પ્રગટ થયું એમ કહેવામાં આવે છે. ચૈતન્યચમત્કાર!

સંસારીજીવમાંથી સિદ્ધ થાય એ ચમત્કાર કેવડો! અને જે જગતના પદાર્થો ભૌતિક પદાર્થો પાછળ જીવ પામર થઈને ફરે છે, એવા જગતના ભૌતિક પદાર્થોની રિદ્ધિ-સિદ્ધિ એ તો સાધકજીવના પગમાં આળોટે છે. સાધક એની સામું જોતો નથી. એટલું ઐશ્વર્ય એનામાં પ્રગટ થાય છે. તો એ ચૈતન્યનો ચમત્કાર કેવડો અને કેટલો!! 'રિદ્ધિ સિદ્ધિ પ્રગટ દિસે ઘટમાંહી' છતાં એ અજાતિ લક્ષપતિ છે. જે સ્વરૂપનું લક્ષ થયું છે એ સ્વરૂપનો એ સ્વામી છે. અજાતિ થઈ ગયો છે. કોઈની પાસે કોઈ અપેક્ષા રાખતો નથી. માગતો નથી, યાચતો નથી. અજાતિપણું પ્રગટ થયું છે. અજાતિપણું અભિમાન કહેવાતું હશે કે નહિ કહેવાતું હોય? એનું સ્વરૂપ છે એ તો. અજાતિપણું એનું સ્વરૂપ છે. એ મૂળ છે. ભ્રમણાથી જીવ ગુણને દોષમાં ખતવે છે અને દોષને ગુણમાં ખતવે છે. એ મિથ્યાશ્રદ્ધાનને કારણે છે.

મુમુક્ષુ :- કામ તો સ્વરૂપને સંભાળવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, એ એના હાથની વાત છે. પોતાનું જ સ્વરૂપ સંભાળવું છે. પોતાના જ મૂળ સ્વરૂપે જેવું છે એવું અવલોકવું છે. આટલું જ કામ છે. સ્વરૂપ બનાવવું નથી, એ તો પરિપૂર્ણ જ છે. જ્યાં સ્વરૂપ પૂર્ણ છે ત્યાં એ પૂર્ણતામાં પછી શું કરવાનું રહ્યું? કેમ જીવને પર્યાયનું પણ કર્તૃત્વ રહેતું નથી? પરભાવનું તો કર્તૃત્વ તો જાવા દો એક બાજુ, પણ શુદ્ધપર્યાયનું કર્તૃત્વ કેમ રહેતું નથી? જેણે પોતાનું સ્વરૂપ પરિપૂર્ણ જોયું એને પોતાના પૂર્ણ સ્વરૂપને વિષે તો કાંઈ કરવાનું જણાતું નથી કે આમાં કાંઈ કરવું પડે. તો એને પોતાની પૂર્ણતા ભાસવાથી કાંઈ કરવાનું નથી, મારે મારામાં કાંઈ કરવાનું નથી, એવું પોતાનું પૂર્ણ સ્વરૂપ જ્યારે જણાય છે ત્યારે એને શુદ્ધ પર્યાય આપોઆપ (પ્રગટ થાય છે). એ પૂર્ણ સ્વરૂપને જોનાર શુદ્ધ પર્યાયનું જ્ઞાન થાય છે. તે પણ એવી રીતે થાય છે કે આ શુદ્ધતા સહજ જ ઊપજી છે અને આ શુદ્ધતા સહજ જ પાંગરતી જશે. આ શુદ્ધપર્યાયનું કર્તૃત્વ પણ કરવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે સ્વરૂપે કરીને હું પૂર્ણ છું. એ જોર એને પર્યાયના કર્તૃત્વમાં જવા દેતું નથી.

સ્વરૂપની પૂર્ણતાના જોરમાં એને પર્યાયનું કર્તૃત્વ ઊડી જાય છે, શુદ્ધ પર્યાયનું કર્તૃત્વ ઊડી જાય છે. શુભાશુભનો તો પ્રશ્ન જ નથી. એ રીતે સમ્યક્ત્વ છે અને એવા પૂર્ણ સ્વરૂપના અદર્શનમાં એને શુભાશુભ પર્યાયનું કર્તૃત્વ થયા વિના રહેતું નથી. એ કર્તાપણું એને આવી જ જાય છે. આ કરું ને તે કરું, આ કરું ને તે કરું. એ મિથ્યાત્વ છે.

એટલે આસ્તિક્યશક્તિના પરભાવનો નાશ થયો '**તે કાળે આસ્તિક્યશક્તિનો જે નિજજાતિભાવ શક્તિરૂપ ગુપ્ત થઈ રહ્યો હતો....**' એટલે શક્તિપણે ગુપ્ત પડ્યો જ હતો '**તે જાતિભાવ સાતિશયપણે વ્યક્ત-પ્રગટ થયો.**' એ ત્રણલોકનો નાથ થયો. જ્યારે એણે પોતાનું સ્વરૂપદર્શન કર્યું ત્યારે તે જીવ ત્રણલોકનો નાથ થઈ ગયો. આ આટલી ખુમારી આવે છે એને. પછી એને કોઈની પણ અપેક્ષાબુદ્ધિ રહેવાનો પ્રશ્ન રહેતો નથી. એવો સાતિશયપણે વ્યક્ત થયો, પ્રગટ થયો. '**તે જાતિ ભાવનું કેવું રૂપ છે?**' એવા એ જાતિભાવનું કેવું રૂપ છે? એમ કરીને આગળ થોડો વિશેષ શ્રદ્ધાનો ભાવ લ્યે છે. અને એના ઉપરથી પછી જ્ઞાનગુણ ઉપર આવે છે. ત્યાંથી પછી જ્ઞાનની-સમ્યગ્જ્ઞાનની શરૂઆત કરે છે. અહીં સુધી રાખીએ...

તા. ૨૮-૫-૧૯૮૬, પાના નં. ૪૦, પ્રવચન નં. ૨૬

'આત્માવલોકન', પાનું-૪૦. મિશ્ર ધર્મનું કથન. પહેલા Paragraph થી છે. આસ્તિક્યગુણનો વિષય પહેલાં એની વિપરીત અને અવિપરતી અવસ્થાથી બતાવ્યો. '**નિજવસ્તુજાતિની-નિશ્ચયવસ્તુગુણપર્યાયની,...**' નિજવસ્તુજાતિની એટલે નિશ્ચયવસ્તુ ગુણ અને પર્યાયની '**પ્રત્યક્ષ સત્તારૂપ અને પરદ્રવ્યગુણપર્યાયની જુદી પ્રત્યક્ષ સત્યરૂપ (સત્તારૂપ) ઠીકતા (તેની બરાબરપણાની શ્રદ્ધા) એવી આસ્તિક્યશક્તિનો જાતિભાવ છે. તે નિત્ય જ છે.**' આસ્તિક્ય, સ્વરૂપમાં આસ્તિક્યપણું છે તે સ્વરૂપમાં નિશ્ચય વસ્તુ ગુણ, પર્યાયનું હોવાપણું છે. જોકે શ્રદ્ધા દ્રવ્ય, ગુણ, પર્યાયનો ભેદ પાડતી નથી. પરંતુ જે સત્તાને શ્રદ્ધા શ્રદ્ધે છે, સ્વીકારે છે તે સત્તામાં નિશ્ચય વસ્તુ, ગુણ, પર્યાય છે. નિશ્ચય એટલે શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાય છે. પોતાના શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાય એમાં સમાવિષ્ટ છે. એવી સત્તાને નિજસત્તા તરીકે શ્રદ્ધા સ્વીકારે છે. અને શ્રદ્ધા પરદ્રવ્યને વિષય નહિ કરતી હોવા છતાં જ્ઞાનપ્રધાનતાથી જેમ દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ શ્રદ્ધા વિષે કહ્યા, તે જ પ્રમાણે જ્ઞાનપ્રધાનતાથી પરદ્રવ્ય, ગુણ, પર્યાયની સત્તા પ્રત્યક્ષપણે જુદી રહે છે એટલે સ્વસત્તામાં-નિજસત્તામાં પરસત્તાનો અભાવ છે, પરસત્તા ભિન્ન છે, પરસત્તા કહેતાં પરદ્રવ્યના ગુણ, પર્યાય બધું એમાં આવી જાય છે. માત્ર પરદ્રવ્યની સત્તા નથી આવતી અને પર્યાય કાંઈક કરે છે એમ નહિ, પણ એના દ્રવ્ય, ગુણ, પર્યાય પણ આવી જાય છે.

એવો જે આસ્તિક્યભાવ, એવો જે શ્રદ્ધાભાવ, શ્રદ્ધાશક્તિનો ભાવ એ શ્રદ્ધાશક્તિનો જાતિભાવ છે. એ શ્રદ્ધાનું શુદ્ધ પરિણમન છે. કથન અહીંયાં જ્ઞાનપ્રધાનતાથી છે. પણ સ્વશ્રદ્ધાનો સ્વીકાર છે અને એમાં પરશ્રદ્ધાનો અસ્વીકાર આવી જાય છે. દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વ-પરના ભિન્ન ભિન્ન રહે છે એમ જ્ઞાનપ્રધાનતાથી કહેવામાં આવે છે. જ્ઞાનપ્રધાનતાથી એટલે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે કે શ્રદ્ધાના અભેદ કથનમાં જો ભેદથી પૂછવામાં આવે તો કેટલીક વિપરીતતા પણ ક્યાંક ક્યાંક હોય છે. એવી વિપરીતતાનો નિષેધ કરવા માટે એ વિપરીતતાના અભાવપૂર્વક આ પ્રકાર છે એમ ભેદથી કહેવામાં આવે છે.

શ્રદ્ધાનો વિષય અભેદ છે. અનુભૂતિનો વિષય અભેદ છે. એમ કહીને અભેદ

અભેદ અભેદ કરીને એ અભેદની અંદર પણ કેટલાક વિપરીતતા સાધે છે. તેવી વિપરીતતા ન થાય તેટલા માટે જ્ઞાનપ્રધાનતાથી અભેદની અવિપરીત ભેદાત્મક પરિસ્થિતિ કેવી છે એને પણ અહીંયાં સ્પષ્ટ કરવામાં આવે છે. તેથી શ્રદ્ધાનનું જ્ઞાનપ્રધાનતાથી પણ કથન કરવાની પાછળ આવો હેતુ રહેલો છે. નહિતર એ ગડબડ થાય છે.

'**તે નિત્ય જ છે.**' એવી આસ્તિક્યશક્તિનો જાતિભાવ છે અને તે નિત્ય જ છે એટલે અનાદિઅનંત છે. એવું શ્રદ્ધાનું ગુણજ્ઞપણું-ગુણપણું-શ્રદ્ધાનો એવો ધર્મ સદાય છે, નિત્ય જ છે. '**એક સમ્યક્ત્વગુણની એવી આસ્તિક્યશક્તિ નિજરૂપ પરિણમી. વળી તે જ કાળે આસન્નભવ્ય જીવનો જે એક જ્ઞાનગુણ છે તે જ્ઞાનગુણનું લક્ષણ જાણવું.**' હવે અહીંથી પછી શ્રદ્ધાની સાથે સાથે સમ કાળે-એક કાળે જ્ઞાનગુણનું પરિણમન કેવું થાય છે એનું વિવરણ કરવું છે. એટલે અહીંયાં વિષય અનુસંધાન જ્ઞાનગુણનું વર્ણન શરૂ કરે, જ્ઞાનનું પરિણમન શરૂ કરે એ પહેલાં વિષય શરૂ કરી દે છે. '**એક સમ્યક્ત્વગુણની એવી આસ્તિક્યશક્તિ નિજરૂપ પરિણમી,...**' એટલે શુદ્ધ શ્રદ્ધાન પરિણમ્યું, શુદ્ધ સમકિત પરિણમ્યું તે જ કાળે, તે જ સમયે તે શુદ્ધ શ્રદ્ધાનવાળા આસન્નભવ્ય જીવનો જે જ્ઞાનગુણ છે એ જ્ઞાનગુણનું પરિણમન થાય છે. એ જ્ઞાનગુણનું લક્ષણ, જ્ઞાનસ્વભાવનું લક્ષણ જાણવું એવું એનું લક્ષણ છે. જેનું લક્ષણ જાણવું એવું છે એવો એક જ્ઞાનગુણ છે એનું પણ ત્યાં પરિણમન થાય છે. કેવા પ્રકારે થાય છે ત્યાં? મિશ્ર ધર્મનું કથન છે તો ત્યાં કેવો મિશ્ર ભાવ જ્ઞાનમાં ઊપજે છે, એનું સ્પષ્ટીકરણ અહીંયાં કરવું છે.

'**તે જાણવાના પણ બે ભાવ-એક તો વૈભાવિક-વિકારરૂપ-ઔપાધિકરૂપ પરભાવ. બીજો, નિજજાતિરૂપ-પોતારૂપ-સ્વભાવભાવ જાણવાનો તે સુ (-સ્વભાવ) હતો તે તો અનાદિથી શક્તિરૂપ ગુમ થઈ રહ્યો હતો.**' હવે જ્ઞાનમાં પણ સ્વભાવ અને વિભાવ એવા બે પ્રકારના પરિણામ ઊપજે છે, એમ કહેવું છે. એક તો વૈભાવિક વિકારરૂપ ઔપાધિકરૂપ પરભાવ. પરપદાર્થને જાણતાં પરપદાર્થમાં મમત્વ કરે, પરપદાર્થમાં પોતાનું રૂપ જાણે એવો જે જ્ઞાનનો વૈભાવિક ભાવ છે તે ઔપાધિક રૂપ ભાવ છે. જ્ઞાનમાં ઉપાધિનું ધારણ કરવું, પરની ઉપાધિ પોતામાં લેવી એ પ્રકારે જે જ્ઞાનનું પરિણમન છે તે જ્ઞાનનો વિભાવિકભાવ છે, તે જ્ઞાનનો પરભાવ છે. સાદી ભાષામાં કહીએ તો જે જ્ઞાન પરને જાણતાં પરમાં તન્મય થાય છે, પરપદાર્થનું પ્રતિબિંબ પડતાં પરપદાર્થમાં એકતાબુદ્ધિ કરે છે, તન્મયતા કરે છે, તદ્રૂપ ભાવે પોતાનો અનુભવ કરે છે એ જ્ઞાન છે તે ઔપાધિક ભાવે પરિણમેલું, વિભાવભાવે પરિણમેલું પરભાવરૂપ જ્ઞાન છે. એ જ્ઞાનનો વિપર્યાસ છે. જ્ઞાનમાં ભિન્ન પદાર્થ ભિન્ન પદાર્થપણે જણાવો જોઈએ તેના

બદલે ભિન્ન પદાર્થ અભિન્ન પદાર્થપણે અનુભવગોચર થાય છે તે જ્ઞાનનો વિપર્યાસ છે, વિભાવ છે. એક તો એવો ભાવ.

'**બીજો, નિજજાતિરૂપ-પોતારૂપ-સ્વભાવભાવ જાણવાનો...**' ભાવ, માત્ર જ્ઞાતાપણું, માત્રજ્ઞાન એ '**સુ (-સ્વભાવ) હતો તે તો અનાદિથી શક્તિરૂપ ગુપ્ત થઈ રહ્યો હતો.**' એનું શુદ્ધ પરિણમન નહોતું. એ તો શક્તિરૂપપણે અવ્યક્ત હતો, ગુપ્ત હતો સ્વભાવભાવ, તેનું પરિણમન થયું તે બીજો ભાવ. જ્યારે શુદ્ધ શ્રદ્ધાન થયું ત્યારે જ્ઞાતા-દૃષ્ટાપણું જ્ઞાનમાત્ર ભાવે પરિણમન ચાલુ થયું તે એનો બીજો ભાવ. '**વળી, તે અન્ય એવા પરભાવરૂપે જાણવું વ્યક્તરૂપ પ્રગટરૂપ પ્રવર્ત્યું, તેણે પરભાવને ધારણ કર્યો. કેવું જાણવું થાય છે? તે કહેવામાં આવે છે.**' એવો જે જ્ઞાનમાં વિપર્યાસ થાય છે ત્યારે જ્ઞાન કેવી રીતે જાણવા લાગે છે, ભૂલ કેવી રીતે થાય છે એ પહેલાં કહે છે. કેમકે અહીંયાં ક્રમમાં પહેલાં એક તો વૈભાવિકભાવ અને બીજો સ્વભાવભાવ એમ લીધો છે. તો વિભાવિકભાવ જ્ઞાનમાં પરિણમે છે. જ્ઞાન વિભાવપણે પરિણમે છે ત્યારે કેવી રીતે પરિણમે છે? પરભાવરૂપે જાણવું વ્યક્તરૂપ પ્રવર્ત્યું, જ્ઞાને પરભાવને ધારણ કર્યો, પરને સ્વપણે ધારણ કર્યો ત્યારે કેવું જાણવું થાય છે? કેવા પ્રકારે તે જાણવામાં પ્રવર્તે છે? એ કહેવામાં આવે છે.

'**અવસ્તુને વસ્તુ, અવગુણને ગુણ, અપર્યાયને પર્યાય. પરને સ્વ, હેયને ઉપાદેય ઈત્યાદિ જે કાંઈ વાતો (વસ્તુરૂપ) નથી, તેને જાણવાને મિથ્યામતિ જ પ્રવર્તે છે.**' જ્ઞાન વિપરીત પરિણમે છે ત્યારે એને મિથ્યામતિ કહ્યો છે. મિથ્યામતિ, ઊંધી મતિ. એ અવસ્તુને વસ્તુ જાણે છે. એટલે પરવસ્તુ પોતા માટે અવસ્તુ છે એને તે સ્વવસ્તુ જાણે છે. એટલે અવસ્તુને વસ્તુ જાણી. ખરેખર તો પરપદાર્થ પોતા માટે અવસ્તુ છે. તો એને સ્વવસ્તુ જાણી કે આ મારી કામની ચીજ છે. આ શરીર મારા કામનું છે. આ પૈસા મારે કામના છે. આ આબરૂ મારે કામની છે, આ બધું મારે કામનું છે. જેટલું આત્માને છોડીને પર છે એ બધું કામ. આવો રાગ પણ મારે કામનો છે, એ પ્રકારે અવસ્તુને (વસ્તુ જાણી). અહીં તો અવસ્તુ લેવી છે. પદાર્થો, ભિન્ન પદાર્થો (લેવા છે). જે તે વસ્તુમાં આત્મા મમત્વ કરે છે અને પોતાની સ્વવસ્તુને સર્વથા જાણવાનું, વેદવાનું ચૂકી જાય છે. ત્યારે એણે અવસ્તુને વસ્તુ જાણી છે, મિથ્યામતિથી. એ એની મિથ્યામતિ છે.

'**અવગુણને ગુણ,...**' અહીંયાં ગુણને અવગુણ એમ લીધા છે. આત્માના જે ગુણો છે એને ગુણ જાણતો નથી. પરપદાર્થના સ્વભાવોને તે ગુણ જાણે છે. પરના ગુણને ગુણ જાણે છે. પર્યાયને નથી લેવી, એકલા ગુણને જ લેવો છે. પર્યાયનો

બોલ પછી આવે છે. પોતાની જે જ્ઞાનાદિ શક્તિઓ છે એ પોતાની શક્તિઓને ભૂલ્યો છે, પોતાની શક્તિઓનું જેને ભાન નથી અને પરપદાર્થની શક્તિનું જેને ભાન છે કે આ આમ કરે છે, આમાં આવી શક્તિ છે, આ પદાર્થમાં આવી શક્તિ છે, આ પદાર્થ આવી શક્તિવાળો છે. એમ ભિન્ન ભિન્ન પદાર્થની શક્તિમાં એને વિશ્વાસ છે. Atom bomb ની શક્તિમાં એને વિશ્વાસ છે. પુદ્ગલ પરમાણુની અનેક પ્રકારની શક્તિઓ છે એમાં એને વિશ્વાસ છે. શક્તિઓમાં વિશ્વાસ છે એટલે એનામાં કોઈ સુખ દેવાની શક્તિ નથી છતાં એમાં એ સુખગુણનો એને વિશ્વાસ આવે છે. એટલે જ્યાં ગુણ નથી, અવગુણ એટલે ગુણ નથી એમ અહીંયાં લેવું. જ્યાં ગુણ નથી ત્યાં ગુણ જાણે છે. કોઈ પરપદાર્થમાં સુખ દેવાની શક્તિ નથી. છતાં એને વિશ્વાસ છે કે આ પદાર્થથી મને સુખ થશે. માટે તે પદાર્થને હું મેળવું. એ અવગુણને એણે ગુણ જાણ્યો છે. એમાં સ્વભાવ નથી છતાં સ્વભાવની એણે કલ્પના કરી છે.

અથવા વાણીમાં જ્ઞાન નથી. છતાં શબ્દને આધારે, વાણીના આધારે, પુસ્તકના આધારે જ્ઞાન થવાનું માને છે. તે પુસ્તમાં જ્ઞાનની શક્તિ (માને છે). પોતાની જ્ઞાનની શક્તિ પુસ્તકમાં માને છે. ત્યાં ગુણ નથી ત્યાં ગુણ માને છે. એણે અવગુણમાં ગુણ માન્યો છે. અવગુણ નથી એટલે? ગુણ નથી ત્યાં ગુણ માનવો. જ્યાં પોતાના જ્ઞાન, સુખ આદિ ગુણ નથી ત્યાં જ્ઞાન અને સુખ હોવાનું, થવાનું માનવું. તેણે અવગુણમાં ગુણને માન્યો છે. એ પણ મિથ્યામતિથી પ્રવર્તવું છે.

'**अपर्यायने पर्याय,...**' માને છે. જ્યાં પોતાની પર્યાય નથી ત્યાં પોતાની પર્યાય માને છે. લગભગ તો જેટલા કોઈ વિભાવભાવ છે એ પરપદાર્થની પર્યાયમાં સ્વપદાર્થની પર્યાયની કલ્પનાથી જ ગડબડ થાય છે. એટલે અપર્યાયને પર્યાય માને છે. અથવા ટૂંકામાં પરપર્યાયને સ્વપર્યાય માને છે. જેમકે પાંચે ઈન્દ્રિયના વિષયો તે સુખસ્વરૂપ નથી અને સ્વપર્યાયરૂપ નથી, છતાં એમાં પરપ્રવેશભાવે પરિણમે છે. એ મારામાં આવે છે અને હું એનામાં પ્રવેશી જાઉં છું. આ કેરીનો રસ આત્મામાં ઊતરે છે એમ લાગે છે. અત્યારે કેરી ખાય છે ને માણસ? અત્યારનું ચાલુ લઈએ. જે કેરીની મીઠાશ છે, બહુ ઊંચી જાતની કેરી છે, ઠેઠ રત્નાગિરીથી આવેલી છે. ક્યાંથી? રત્નાગિરીની સારામાં સારી Quality અહીંયાં મળે છે. કહે છે ને, ફલાણી વાડીના જામફળ, જમરૂખ આપો. ફલાણાની વાડીના જમરૂખ આપો. એમ કહે છે કે નહિ? જમરૂખ તો આખી Market માં દુકાને દુકાને છે, પણ આ વાડીનો ટોપલો ઈ આ વાડીનો ટોપલો. એને ખાતી વખતે એમ વિચાર કરે છે કે જાણે મારામાં આવે છે. મારામાં એનો રસ પ્રવેશે છે. તે અપર્યાયને પર્યાય માને છે. આમ અપર્યાયને પર્યાય માને છે.

અથવા અન્ય પર્યાયને સ્વપર્યાય માને છે. માને છે એટલે અહીંયાં જાણે છે. જ્ઞાનનું પ્રકરણ છે ને.

'**પરને સ્વ,...**' માને છે. જેટલા કોઈ કુટુંબ પરિવાર આદિ પરપદાર્થો, સચેત, અચેત, સચેતઅચિત મિશ્ર છે, એમાં એ સ્વપણું-મમત્વપણું કરે છે. પોતાના જાણીને અનેક પ્રકારે દુષતિ ભાવ કરે છે. દોષભાવ કરે છે. 'શ્રીમદ્‌જી'એ લીધું છે કે આ જીવે અન્ય જીવને વિષે પિતાપણું, પુત્રપણું, પુત્રીપણું એ આદિ માનીને માઠું કરવામાં મણા રાખી નથી. 'મ'નું Aletration કર્યું છે. માઠું કરવામાં મણા એટલે ખામી રાખી નથી. મણાનો અર્થ ગુજરાતીમાં થાય છે-ખામી. એટલું બધું એણે પોતાનું અહિત કર્યું છે કે એ અહિત કરવામાં એણે કોઈ ખામી નથી રાખી. એટલું બધું અહિત કર્યું છે. આ કુટુંબ-પરિવાર માટે માણસ દોષ કરે છે ને. અનેક પ્રકારના વ્યવસાય કરે છે, દોષિત વ્યવસાય કરે છે, હિંસાત્મક વ્યવસાય કરે છે. ચોરી કરે છે. જે કંઈ કરે છે એ બધું પોતાના માનેલા સભ્યો માટે, એની ઠીક વ્યવસ્થા માટે કરે છે. તો એમાં એણે પોતાનું અહિત કરવામાં ઠેઠ નરક, નિગોદ જવાના પરિણામ કર્યા એમાં એણે પોતાનું અહિત કરવામાં બાકી રાખી નથી. એ પરને સ્વપણે માને છે.

'**હેયને ઉપાદેય...**' જે નથી કરવાયોગ્ય, જે છોડવાયોગ્ય છે. અકર્તવ્યને તે કર્તવ્ય માને છે. હેય ઉપાદેયનો અર્થ એ છે. જે કરવાયોગ્ય નથી એવા કાર્યને તે કરવા યોગ્ય માને છે. અનેક પ્રકારના (કાર્ય). એક પોતાના આત્માનું શુદ્ધ શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ નિશ્ચયે તે કર્તવ્ય છે. નિશ્ચય એ પરિણામ ન રહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ, વ્યવહારે તે, અનિવાર્ય પરિસ્થિતિમાં ઉપયોગ બહાર આવે છે ત્યારે વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષને આશ્રિત પરિણામ કર્તવ્ય છે. અંદરમાં એને પણ છોડીને, એનો પણ નિષેધ કરીને સ્વપદાર્થ-સ્વ પરમાત્મા આશ્રિત શુદ્ધ શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્રનું પરિણમન કર્તવ્ય છે. આ કર્તવ્ય સિવાય બીજું કર્તવ્ય આવ્યું એટલે એણે હેયમાં ઉપાદેયપણું કરી લીધું. એ પણ મિથ્યામતિ, વિપરીત મતિને લઈને એવું પ્રવર્તવું થાય છે.

અથવા જ્યાં મિથ્યામતિ છે, વિપરીત મતિ છે ત્યાં હેય, ઉપાદેયનો વિવેક રહેતો નથી. એનો વિસ્તાર જેટલો કરે એટલો થાય. અગિયાર અંગ અને ચૌદ પૂર્વમાં હેય ઉપાદેય ઉપર ઘણો વિસ્તાર છે. પછી એના અનેક ભાંગા છે કે આ કર્તવ્ય છે અને આ કર્તવ્ય નથી. કર્તવ્ય અને અકર્તવ્ય. પણ એ બધાનો સાર આટલો જ છે કે નિશ્ચય અને વ્યવહારમાં ઉતારો તો સ્વપદાર્થ આશ્રિત પરિણામ જ નિશ્ચયથી કર્તવ્ય છે. એવી પરિસ્થિતિ સાધક અવસ્થામાં રહેતી નથી ત્યારે એને બહારમાં દેવ-

ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ આશ્રિત અથવા સત્સંગ આશ્રિત પરિણામ કર્તવ્ય છે. બસ.

એવું જે હેય ઉપાદેયપણું, '**તેને જાણવાને...**' જે કાંઈ વાતો નથી એટલે જે વિપરીત છે એમાં અવિપરીતપણે જાણવાને પ્રવર્તે છે. '**એવો જાણવાનો પરભાવ, તે પરભાવ પુદ્ગલ-આવરણ વિપાકના રહેવાથી રહે છે.**' જુઓ! અહીંયાં પાછી કર્મની વાત લીધી. શૈલી છે આ એની, કથન પદ્ધતિ છે. તે પરભાવ પુદ્ગલ આવરણના વિપાકના રહેવાથી રહે છે. એવું જે સ્વાનુભૂતિમાં આવરણ છે, સમ્યગ્જ્ઞાનને એવું આવરણ છે કે જેને લઈને એ પુદ્ગલ આવરણનો વિપાક લીધો. પોતાની તૈયારી નહિ જોતાં જીવ પુદ્ગલકર્મના ઉદયને સ્વતંત્રપણે અનુસરે છે. એ પણ સ્વતંત્રપણે. ન અનુસરે તોપણ સ્વતંત્રપણે, કર્મના ઉદયને અનુસરે તોપણ સ્વતંત્રપણે. કોઈ એને બળજોરીથી ત્યાં પરિણમાવતું નથી. કેમકે બીજો પદાર્થ તો ભિન્ન છે. કોઈ ભિન્ન પદાર્થની બળજોરી ભિન્ન પદાર્થમાં તો કાર્યગત થતી નથી. પોતે જ પરિણમે છે. '**એવો જાણવાનો પરભાવ, તે પરભાવ પુદ્ગલ-આવરણ વિપાકના રહેવાથી રહે છે.**'

'**વળી એ રીતે...**' એટલે વસ્તુ સ્વરૂપનું દ્રવ્યાનુયોગનું જ્ઞાન હોય એને આવી ભાષાથી કાંઈ તકલીફ થતી નથી. ભાષા ગમે તે પ્રકારે સમજીને થાય એનો કોઈ દોષ નથી. અને અણસમજણથી તો ભાષા શુદ્ધ હોય તોપણ જે દોષ છે એ તો જીવની પર્યાયમાં છે, ભાષામાં તો ક્યાંય દોષ નથી. જેને ભાષાનો આગ્રહ છે કે આમ ભાષા હોવી જોઈએ અને આમ ભાષા હોવી જોઈએ, એમ આગ્રહ રાખે છે અને એવો આગ્રહ તો કાંઈ કામમાં આવે નહિ. કેમકે ભિન્ન ભિન્ન કાળમાં થયેલા કહેનાર વક્તાઓને તે તે વક્તાઓના ઉદય અનુસાર ભાષાવર્ગણા પરિણમી છે. એના વિકલ્પ અનુસાર નહિ, એના જ્ઞાન અનુસાર નહિ. એ તો એટલું સદશપણું જોઈને નિમિત્ત ગણવામાં આવે છે. મૂળમાં તો એનો જેટલો પુણ્યોદય હોય એટલો જ ભાષાવર્ગણાનો યોગ હોય. જ્ઞાન હોય એટલી ભાષા હોય એવો ક્યાંય નિયમ નથી. જ્ઞાન ઘણું હોય, ભાષા અલ્પ હોય. જ્ઞાન અલ્પ હોય અને ભાષા ઘણી હોય. ભાષણ ઠપકારે જ રાખે. પછી કેટલું કાચું કાપે, કેટલું બાફે એનો કોઈ હિસાબ નહિ. એવું પણ બને. એ તો સ્વતંત્ર ચીજ છે. ભાષા છે એ સ્વતંત્ર છે. જીવના પરિણામ સ્વતંત્ર છે.

'**એ રીતે અનાદિથી પ્રવર્તતાં, પ્રવર્તતાં હવે તે દુષ્ટ પુદ્ગલ...**' લ્યો, એ પુદ્ગલ કર્મને અહીંયાં દુષ્ટ કહ્યા છે. વિપરીતતામાં નિમિત્ત જોઈને એને જ દુષ્ટ કહેવામાં આવે છે. ખરેખર એ તો પુદ્ગલ તે પુદ્ગલ છે. ખરેખર દુષ્ટ તો એને આશ્રય કરનારા પોતાના પરિણામ છે. પણ આરોપ કરીને પુદ્ગલને પણ દુષ્ટ કહેવામાં આવે છે. એમ નિમિત્ત પ્રધાન કથન જ એવા આવે. '**એ રીતે અનાદિથી પ્રવર્તતાં, પ્રવર્તતાં**

હવે તે દુષ્ટ પુદ્‌ગલ-આવરણના કંઈક વિપાક-ઉદયનો નાશકાળ (નાશ થવાનો કાળ) આવ્યો.' લ્યો, કાળલબ્ધિ થઈ. કર્મ પરમાણુમાં કાળલબ્ધિ થઈ. એના નાશનો કાળ આવ્યો. ઠીક! '**તે આવતાં, કંઈક વિપાકનો નાશ થયો. તેનો નાશ થતાં, જાણવાનો જે તે દુષ્ટ-કૃત્સિતપરભાવ હતો તે તે જ કાળે નાશ પામ્યો.**' એટલે બન્નેનો એક કાળ છે. અહીંયાં કર્મના અભાવનો કાળ લો. અહીંયા જીવના શુદ્ધ પરિણમનનો કાળ લો. પછી જે કર્મ ઉદયમાન નથી એને આશ્રય કરવાનો પ્રશ્ન રહેતો નથી. અહીંયાં એ શૈલી લેવી છે. એટલે એ કર્મવિપાકનો સામે નાશ થાય છે, અહીંયાં જાણવાનો જે દુષ્ટ (ભાવ હતો તેનો નાશ થયો). એ ભાવને પણ દુષ્ટ કહ્યો, જે મિથ્યામતિથી પ્રવર્તવું થાય છે, કે જે પ્રવર્તવાથી પોતાને દુઃખની ઉત્પત્તિ થાય છે એવા મિથ્યામતિરૂપ જાણવાના ભાવને પણ દુષ્ટ અથવા કૃત્સિત પરભાવ કહેવામાં આવે છે. એ ખરાબ ભાવ છે, પોતાને દુઃખદાયક ભાવ છે. એ પણ તે જ કાળે નાશ પામે છે. કર્મના અભાવનો અને જીવના દોષનો અભાવ એ બન્ને એકસાથે થાય છે. દોષનો અભાવ થાય અને કર્મનો ઉદય રહે એમ બનતું નથી. જેમ દોષ કરે ત્યારે કર્મ ન બંધાય એમ બનતું નથી. જીવ કર્મને બાંધવા જઈ શકતો નથી, કર્મના પરમાણુમાં જીવ કોઈ કાર્ય કરી શકતો નથી. કેટલા બંધાય અને કેટલા ન બંધાય એની એને ખબર પણ પડતી નથી. પણ સર્વજ્ઞ વાણી અનુસાર એ કર્મના બંધનનું અને કર્મના મોક્ષનું કથન આવે છે અને એ કથનથી જીવના દોષ અને નિર્દોષતાના પરિણામ સમજાવવા સહેલાં પડે છે. જેને પોતાના દોષિત પરિણામ નથી સમજાતા એને એમ સમજાવવું પડે છે કે ભાઈ, એવા કર્મ ન બંધાય. શું કહે? એવા દોષના પરિણામ ન કરાય એમ કહેવામાં એને હજી વજન ન આવતું હોય તો એને એમ કહેવું પડે કે ભાઈ, એવા કર્મ ન બંધાય. એવા કર્મ બાંધવાથી મુશ્કેલી થાય. તો કર્મ ન બંધાય એનાથી એને ન સમજાય તો કર્મના ઉદય ઉપર જાવું પડે કે એ કર્મ બંધાણા છે એ ઉદય આવશે ત્યારે મુશ્કેલી પડશે. તારે દુઃખ તો જોઈતું નથી, ભાઈ! તારે થોડું પણ દુઃખ નથી જોઈતું તો ઘણું દુઃખ થાય એવું કાર્ય તું શા માટે કરે છો? એમ એને કહેવામાં આવે છે.

નહિતર એમ કહે, પણ આવી શૈલી શું કરવા કરો છો? આવી કર્મપ્રધાન કથનની પદ્ધતિ શા માટે કરો છો? કેટલાકને ભાવપ્રધાન સમજાતું નથી ત્યાં એને દ્રવ્યકર્મ પ્રધાન કથનથી સમજાવવામાં આવે છે. એવી પણ જીવોની યોગ્યતા હોય છે કે જે એ રીતે સમજે અને બીજી રીતે ન સમજે. ત્યારે એ પદ્ધતિ પણ આવે છે. તેવો દુષ્ટ જાણવાનો ભાવ-વિપરીત જાણવાનો ભાવ તે જ કાળે નાશ પામ્યો.

'**તે સમયે જ, કાંઈક જાણવારૂપ નિજજાતિસ્વભાવરૂપ તે વ્યક્તપણે-પ્રગટરૂપે પરિણમ્યો.**' અહીંયાં આ વાત લીધી. જે વિપરીત જ્ઞાનનો નાશ થયો ત્યાં એને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું અને તે આંશિક શુદ્ધિ થઈ. જ્ઞાનની અંદર આંશિક શુદ્ધ થઈ. કેટલોક વિભાવ રહી ગયો. કાંઈક પ્રગટ થયું એમ લીધું છે. ત્યાં કાંઈક શબ્દ નથી લીધો. ૪૦ પાને પહેલી લીટી છે ને? '**ત્યારે જ તે કાળે આસ્તિક્યશક્તિના પરભાવનો એ રીતે નાશ થયો. તે કાળે આસ્તિક્યશક્તિનો જે નિજજાતિભાવ શક્તિરૂપ ગુપ્ત થઈ રહ્યો હતો, તે જાતિભાવ અતિશયપણે વ્યક્ત-પ્રગટ થયો.**' એમ કહ્યું. અહીંયાં કાંઈક પ્રગટ થયો એમ કહ્યું, જુઓ! બે વચ્ચે-બે ગુણના પરિણમનમાં ફેર શું પાડ્યો? પેલાને અતિશયપણે એટલે પૂરો પ્રગટ થયો. જ્યાં શુદ્ધ શ્રદ્ધાન પ્રગટ થયું ત્યાં પૂરેપૂરું શુદ્ધ શ્રદ્ધાન પ્રગટ થયું એમ કહેવું છે. એટલે અતિશય પ્રગટ થયો. અન્ય પદાર્થમાં એનો અતિશય લઈએ તો એ અતિશય એવો છે કે શુદ્ધ શ્રદ્ધાન પ્રગટ થતાં અનંત સંસારનો નાશ થયો. કેવો સાતિશયભાવ શ્રદ્ધાનનો છે? કે અનંત સંસારને જેણે છેદી નાખ્યો, એવું જેનું સાતિશયપણું છે. એવું શ્રદ્ધાન પ્રગટ થયું.

અહીંયાં જે જ્ઞાનનો વિભાવભાવ નાશ પામ્યો એટલે વિપરીત જ્ઞાન મટ્યું, તે જ સમયે '**કાંઈક જાણવારૂપ નિજજાતિસ્વભાવરૂપ...**' કાંઈક જાણવારૂપ એટલે આંશિક શુદ્ધ જ્ઞાન પ્રગટ થયું. અને આંશિક જ્ઞાનમાં હજી વિભાવ ઊભો રહ્યો. જે ઉપયોગ પરપદાર્થને વિષય કરવા માટે અસ્થિરતાથી પણ પરપદાર્થનું અવલંબન જાણવામાં લઈ લ્યે છે, પરસન્મુખ થાય છે, પરસન્મુખ થઈને જાણે છે ત્યારે એને એટલો દોષ પણ રહે છે. એટલે કાંઈક એમાં લીધું છે. આંશિક વાત લીધી છે. ત્યાં પૂર્ણ શુદ્ધ જ્ઞાન પ્રગટ નથી થતું. જે પૂર્ણ શુદ્ધ જ્ઞાન કેવળજ્ઞાનરૂપ છે એવું જ્ઞાન હજી અહીંયાં પ્રગટ થતું નથી. એટલે કાંઈક લીધું છે ત્યાં. આમ તો પ્રકરણ એ છે ને? મિશ્ર ધર્મનું પ્રકરણ છે. તો શ્રદ્ધા અને જ્ઞાનથી આ વાત લીધી. શ્રદ્ધામાં આ પ્રકાર છે, જ્ઞાનમાં આ પ્રકાર છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- 'અનુભવ પ્રકાશ'માં લીધું, બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન છે. ત્યાં મિશ્ર ધર્મનું પ્રકરણ આવડું મોટું નથી લીધું. આ તો ઘણા વિસ્તારવાળું પ્રકરણ છે. બહુ વિસ્તાર કર્યો છે. 'અનુભવ પ્રકાશ'માં તો ઓછી વાત લીધી છે. અધ્યાત્મ પ્રધાન જ વિશેષ વાત છે. ૭૨ પાને મિશ્ર ધર્મ અધિકાર. '**તે મિશ્રધર્મ અંતરાત્માને છે.**' ત્યાંથી વાત શરૂ કરી છે. અને મુખ્ય ચર્ચા એમણે ત્યાં પણ શ્રદ્ધા-જ્ઞાનની કરી છે, હોં! અધ્યાત્મપ્રધાન બધી વાત લીધી છે. માનવું ને જાણવું, માનવું ને જાણવું. શ્રદ્ધાભાવ

કેવો અને જ્ઞાનભાવ કેવો? બસ. આ બેમાં આ ચર્ચા પૂરી કરી છે અને ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીનો વિષય અંતરાત્માનો આ વિષય છે. અને જ્યાં કેવળજ્ઞાન થાય છે ત્યાં અંતરાત્મા છે એ પ્રત્યક્ષ પરમાત્મા થાય છે. અને પરમાત્મા થાય છે ત્યાં પછી મિશ્ર જ્ઞાન એને રહેતું નથી. એટલું બે Page માં જ આખું પ્રકરણ છે. મિશ્ર ધર્મ અધિકારનું. ત્યાં ઘણી સૂક્ષ્મ ચર્ચા કરી છે. આના કરતાં પણ થોડી વધારે પ્રશ્ન-ઉત્તર ઉઠાવીને સૂક્ષ્મ ચર્ચા કરી છે.

... '**કાંઈક જાણવારૂપ નિજજાતિસ્વભાવરૂપ તે વ્યક્તરૂપે-પ્રગટરૂપે પરિણમ્યો.**' સમ્યગ્જ્ઞાન પરિણમ્યું. '**તે કેવો પ્રગટ્યો? (તે કહેવામાં આવે છે).**' એ જ્ઞાનનું પરિણમન કેવું થયું તે હવે કહે છે. '**જીવની જ નિજજાતિને-વસ્તુગુણપર્યાયની સત્ય (સત્તારૂપ) પ્રત્યક્ષ સ્વજાતિને જીવરૂપ જાણી...**' જીવરૂપ જાણી એટલે '**જ્ઞાયકરૂપ જાણી કે દર્શનરૂપ જાણી કે ઉપયોગમય જાણી, ચેતનારૂપ જાણી કે વેદકરૂપ (અનુભવનરૂપ) જાણી કે બુદ્ધરૂપ જાણી કે શાંતમય જાણી, એવી જીવની નિજજાતિ હંમેશાં એમ જ જાણી.**' જ્ઞાન જ્યાં સમ્યક્ થયું ત્યારે એણે પોતાના સ્વવસ્તુને પોતાના સ્વરૂપને કેવું જાણ્યું? કેટલાક અનુભવગોચર મુખ્ય ગુણોના પરિણમનથી આ વાત લઈ લીધી છે. પોતાની જે સત્તા છે, પોતાના જે નિજ વસ્તુના ગુણ-પર્યાય છે, દ્રવ્ય-ગુણ-પર્યાય છે, તેમાં પ્રત્યક્ષપણે પોતાની વ્યાપ્તિ, પોતે વ્યાપેલો છે એમ પોતાની હસ્તિ, પોતાની વ્યાપ્ય-વ્યાપકતાથી પોતાની હસ્તિને જીવરૂપ જાણી. એવી રીતે એને જીવરૂપ જાણે. કેવી રીતે જીવરૂપ જાણે? પોતાની હયાતિ, જીવત્ત્વ એણે ક્યાં જોયું? એણે પોતાનું જીવત્વ સંચેતન ક્યાં જોયું? કે મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં હું વ્યાપું છું અને મારા દ્રવ્ય-ગુણ-પર્યાયથી બહાર મારી ક્યાંય સત્તા નથી. મારું હોવાપણું, મારી સત્તા મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. આ રીતે એ જ્ઞાન જાણે છે. એ એની...

મુમુક્ષુ :- પર્યાયમાં શુદ્ધ જ પર્યાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, શુદ્ધ પર્યાય. અનુભવરૂપ પર્યાય. વિભાવને પોતામાં નથી લેતા. અહીંયાં તો સ્વભાવની જ વાત છે.

'**નિજજાતિ-વસ્તુગુણ પર્યાયની સત્ય (સત્તારૂપ) પ્રત્યક્ષ સ્વજાતિને જીવરૂપ જાણી...**' જીવરૂપ જાણી અથવા જ્ઞાયકરૂપ જાણી કે હું જ્ઞાયકમાત્ર છું. જ્ઞાયકપણે. પહેલો બોલ જ્ઞાયકનો લીધો છે. મુખ્ય વાત છે ને. જ્ઞાયકપણે હું છું એમ જાણ્યું. હું જ્ઞાયક છું. દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી હું તો જ્ઞાયક છું. એમ જ્ઞાયકપણે એણે પોતાની સ્વજાતિને સમ્યક્જ્ઞાનમાં જાણ્યું. જ્ઞાનલક્ષણથી તો ઉપડ્યો છે. જ્યારે અહીંયાં પ્રકરણની શરૂઆત કરે છે ત્યારે એમ કહે છે, કે આસન્ન ભવ્ય જીવનો જે એક

જ્ઞાનગુણ છે તે જ્ઞાનગુણનું લક્ષણ જાણવું. આ લક્ષણથી તો એણે ઓળખાણ કરી છે. લક્ષણથી ઓળખાણ કરી છે અને લક્ષણથી ઓળખાણ કરીને અનુભવ કરીને સ્વસંવેદનપણામાં, સ્વસંવેદનથી એણે જ્ઞાનલક્ષણથી સ્વસંવેદનની પ્રાપ્તિ કરી છે. સ્વસંવેદનની પ્રસિદ્ધિ કરી છે. ત્યારે એણે પોતાની જાતને જ્ઞાયકરૂપ જાણે છે કે હું માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છું. આવો મારો જાતિભાવ છે, જાતિસ્વભાવ છે. પછી બીજા ગુણ લીધા.

'**દર્શનરૂપ જાણી...**' દર્શનરૂપ જાણી એટલે દેખવારૂપ જાણી, શુદ્ધ શ્રદ્ધાનરૂપ જાણી. દર્શનના બે અર્થ થાય છે. એક દેખવું તે દર્શન છે અને એક શ્રદ્ધવાને પણ દર્શન કહેવામાં આવે છે. જ્યાં દંસણ મૂલો ધમ્મો એમ કહ્યું છે ત્યાં શ્રદ્ધાન લેવું. અને અનેક જગ્યાએ આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે એમ કહેતાં દર્શનઉપયોગની વાત લેવી. વીતરાગભાવે માત્ર જ્ઞાતાપણે રહે, માત્ર દ્રષ્ટાપણે રહે ત્યારે એને અહીંયાં દર્શન જે છે એ દર્શનઉપોયગમાં વાત (લેવી). એવો દર્શનરૂપ જાણી.

'**કે ઉપયોગમય જાણી,...**' પોતાની જાતિને ઉપોયગમય જાણી. જેવો ઉપયોગ જ્ઞાનનો પ્રવર્તે છે તેવો પોતાનો ઉપયોગસ્વરૂપ સ્વભાવ છે એમ જાણે છે. આ પરિણમન ઉપરથી આખું દ્રવ્ય કેવું છે, ઉપયોગના પરિણમન ઉપરથી એનો ઉપયોગ સ્વભાવ કેવો છે, એ બતાવે છે. આ પણ એક બહુ જ જીવને ઓળખવા માટેનું સારું લક્ષણ છે અને બહુ સારામાં સારી આ પદ્ધતિ છે. ઉપયોગમય જીવ છે અને જીવનું લક્ષણ ઉપયોગ છે એમ કહીને જીવને ઓળખાવે છે. જ્ઞાન કહેતાં હજી જ્ઞેયપરખ, અનાદિનું જ્ઞેયનિષ્ટ જીવનો પરિણમવાનો પ્રકાર છે એટલે જ્ઞાનસ્વરૂપ જીવ એમ કહેતાં જ્ઞેયને જાણનારું જ્ઞાન એમ હજી વિચારમાં આવી જાય છે, ખ્યાલમાં આવી જાય છે. પણ ઉપયોગમાં ઉપયોગ જ લેવો છે. ઉપયોગમાં ઉપયોગનો વિષય શું એ કાંઈ વાત લેવી નથી. એવો ઉપયોગમય છે. ઉપયોગમય પોતાની જાતિ છે.

ચેતનારૂપ પોતાની જાતિ છે. ચેતનારૂપ છે એટલે અનુભવરૂપ છે, પોતાના સ્વરૂપને ચેતે છે, પોતાના સ્વરૂપને અનુભવે છે.

મુમુક્ષુ :- ઉપયોગ અને ચેતના, બેમાં તફાવત શું?

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો તફાવત નથી. ચેતનામાં ઉપયોગ આવી જાય છે અને ઉપોયગમાં ચેતના આવી જાય છે, પણ ચેતના જ્ઞાન અને દર્શન બેય રૂપ છે. ઉપયોગમાં પણ દર્શનઉપયોગ અને જ્ઞાનઉપયોગ બેય લઈ શકાય છે. એટલે તો આ Other word માં બધું નાખ્યું છે. જ્ઞાયકરૂપ કે દર્શનરૂપ, ઉપોયગમય કે ચેતનારૂપ, ચેતનારૂપ કે વેદકરૂપ. કે એટલે શું છે કે આ શબ્દથી એનો ભાવ ન સમજાય તો

આ શબ્દથી સમજો. આ શબ્દથી એનો ભાવ ન સમજાય તો વાચક ઉપરથી વાચ્યને પકડવાનું. વાચ્ય એક જ છે. વાચ્ય જુદાં જુદાં નથી. એક જ વાચ્યને અનેક વાચક શબ્દથી કહેવામાં આવે છે. કોઈની એવી યોગ્યતા હોય છે કે આ વાચક ઉપરથી વાચ્યને સમજે, કોઈની એવી યોગ્યતા હોય છે કે આ વાચક ઉપરથી વાચ્યને સમજે. વાચ્ય તો તેનું તે છે.

'**ઉપયોગમય જાણી, ચેતનારૂપ જાણી કે વેદકરૂપ (અનુભવનરૂપ) જાણી...**' બુદ્ધિરૂપ જાણી. બુદ્ધિ ઉપરથી બુદ્ધ લીધું છે. બુદ્ધનો અર્થ જ્ઞાન જ થાય છે. જાણવું. બુદ્ધ ઉપરથી પછી બોધ શબ્દ આવ્યો છે. '**કે શાંતમય જાણી,...**' અહીંયાં શાંતિ લીધી છે. સુખ. આનંદ, સુખ, શાંતિ એ રૂપ જાણ્યું. પોતાનું જ્યાં શુદ્ધ જ્ઞાન પ્રગટ થયું ત્યાં એને પોતાને જ્ઞાનમય, ઉપોયગમય પણ જાણ્યો અને પોતાને શાંત સ્વરૂપે પણ જાણ્યો. આ એક જીવને પોતાના સ્વઆશ્રય થવાનું મોટું આકર્ષણ છે. જ્ઞાન કરતાં પણ શાંતિ છે, જ્ઞાન કરતાં પણ આનંદ અને સુખ છે, એ જીવને પોતાના સ્વરૂપ આશ્રિત પરિણામ કરવાનું બહુ મોટું આકર્ષણ છે. કેમકે જીવને સુખ જોઈએ છે. જ્ઞાનની એટલી બધી જરૂરિયાત નથી, જેટલી જીવને સુખની જરૂરિયાત છે. અને સમ્યગ્દષ્ટિ જીવને બહુ મોટું આનંદનું કારણ હોય, બહુ મોટું આનંદનું કોઈ કારણ હોય તો તે છે કે એણે એમ જાણ્યું છે કે મારા જ સ્વરૂપમાં અનંત આનંદ ભરેલો છે. અનંત આનંદનો મહાસાગર હું પોતે જ છું. એ એને એના માટે એની આશ્રયબુદ્ધિ માટે, આધારબુદ્ધિ માટે બહુ મોટી વાત ઊભી થઈ હોય તો આ છે કે મારા સુખ અને મારા આનંદ માટે મારે ક્યાંય બહાર ઉપયોગને લંબાવવાનું કે પરિણામને ખેંચાવાની કોઈ આવશ્યકતા નથી. અંદરમાંથી એટલો આનંદ પ્રગટ થાય એવું છે, એટલો ભર્યો છે કે અનંત પરમાનંદનો ભોગવટો થાય તોપણ એ આનંદ ભરેલો છે એમાં તો કાંઈ કોઈપણ ભાગે એમાં કાંઈ ઓછું થતું નથી. એટલો ને એટલો અક્ષયપાત્ર છે. પરમાનંદ ભોગવાય, પૂરો આનંદ ભોગવાય તોપણ પરમાનંદનું તે અક્ષયપાત્ર હું પોતે જ છું. એમાં ક્યાંય ક્ષય થતો નથી, ઓછું થતું નથી. એ એને-સમ્યગ્દષ્ટિ જીવને પોતાના સ્વરૂપઆશ્રયે પરિણામ કરવાનું બહુ મોટું કારણ એને આ મળ્યું છે.

'**એવી જીવની નિજજાતિ હંમેશાં એમ જ જાણી.**' જીવનું આવું મૂળ સ્વરૂપ, નિજજાતિ એટલે મૂળ સ્વરૂપ હંમેશા અનાદિઅનંતપણે શાશ્વતપણે એમ જ જાણી. જુઓ! જાણી છે એ પહેલાં એણે અનંત કાળમાં, અનંત ભૂતકાળમાં અનંત ભૂતકાળ ચાલ્યો ગયો છે પછી જાણી છે. કોઈપણ જીવે જ્યારે પોતાની નિજજાતિને જાણી એ પહેલાં એનો અનંત ભૂતકાળ વ્યતીત થઈ ગયો છે. અને હજી અનંતો ભવિષ્યકાળ

ઊભો છે. તોપણ એને વર્તમાન સમયમાં જ એમ જાણ્યું કે હું હંમેશા શાશ્વતપણે સદાય આવો છું. અનંત ભૂતકાળમાં પણ હું આવો જ હતો. અત્યારે અનુભવમાં આવું છું એવો જ અનંત ભવિષ્યકાળમાં રહીશ. ત્રિકાળની પ્રતીતિ આવે છે. વર્તમાનમાં ત્રિકાળની પ્રતીતિ આવી જાય છે. એવું એક સમયના મતિ-શ્રુતજ્ઞાનનું સામર્થ્ય છે કે ત્રણ કાળનો વિકલ્પ કર્યા વિના નિર્વિકલ્પ અનુભવમાં નિર્વિકલ્પપણે એને ત્રણ કાળની પ્રતીત આવી જાય છે કે હું ત્રણે કાળે આવો જ્ઞાનરૂપ અને ત્રણે કાળે આવો આનંદરૂપ છું. પૂર્ણ જ્ઞાનરૂપ છું અને પૂર્ણ આનંદરૂપ છું. મારી જ્ઞાન અને આનંદની સંપત્તિ છે એ કદી ખૂટે એવી નથી. અને એટલા માટે એના અનુભવમાં એ આનંદવિભોર છે. એને આનંદ.. આનંદ.. પ્રદેશે પ્રદેશેથી આનંદનો ઉભરો આવી જાય છે. એ આનંદનો ઉભરો જાણે કે પર્યાયમાં માતો નથી. દૂધ ઉભરાયને તપેલાની બહાર જાય એવો ઉભરો આવે છે. પોતાના સ્વરૂપને જાણતાં આવે છે.

મુમુક્ષુ :- વિપરીતતામાં ત્રણે કાળ દુઃખરૂપ છું એવી...

પૂજ્ય ભાઈશ્રી :- એવી એની પ્રતીતિ છે કે હું તો દુઃખી જ છું. કાયમ આવો જ છું. આ શરીર છે. ચોખ્ખી ખબર છે કે આ શરીરનો સંયોગ આટલા વર્ષ પહેલા થયેલો છે. એ પહેલાં આ શરીરનો સંયોગ નહોતો. જે તે આયુષ્ય છે ત્યારથી. અને કોઈ શાશ્વત રહેવાનું નથી. આ શરીરનો સંયોગ શાશ્વત રહેવાનો નથી. એનું જે પરિણમન છે એ પરિણમન જોતાં... આ કરચલી પડે છે કે નહિ? પચાસ થાય, પચાસની ઉપર જાય અને વનમાં પ્રવેશ કરે છે કે નહિ? ગમે ઈ સોનું ખાતો હોય તોય એને કરચલી પડ્યા વિના રહે નહિ. એને ખબર પડે છે કે આ કરચલી પડે છે તો આનો હવે છેડો પણ છે. એનો વિયોગકાળ નિશ્ચિત છે. છતાં એની પ્રતીતિમાં એનો સ્વીકાર નથી એને. જ્ઞાન જાણે છે એનો એ વિશ્વાસ કરતો નથી. એની પ્રતીતિમાં તો એમ જ છે કે જાણે હું સદાય રહેવાનો છું. અને સદાય રહેવાનો છું એમ જાણીને જ એ પ્રવૃત્તિ કરે છે. એટલે એનું વિપરીત પરિણમન મટતું નથી. પ્રતીતિનો ધર્મ જ એવો છે. એ પૂરેપૂરું ઊંધું શ્રદ્ધાન કરે છે એટલે એમાં એને એ ક્ષણિક માટે ઠીક છે એમ એને પ્રતીતિમાં નથી આવતું. આ કાયમ સુખનું કારણ છે. જેને સુખનું કારણ માને એને કાયમ-ત્રણે કાળે સુખનું કારણ માને.

'**એવી જીવની નિજજાતિ હંમેશા એમ જ જાણી.**' હંમેશામાંથી એ વાત છે. જાણ્યું છે વર્તમાનમાં છતાં ત્રણે કાળને એણે આવરી લીધો છે. એ જ્ઞાને મતિ-શ્રુતજ્ઞાને ત્રણે કાળને એની અંદર સમાવિષ્ટ કરી લીધો છે. ત્યારે એને ભૂતકાળનું જ્ઞાન વિકલ્પાત્મક વિચારમાં એવી રીતે થાય છે કે જો હું અનંત ભૂતકાળમાં આવો

પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમય જ હતો તો પછી કેમ મને અનુભવ ન થયો? કે એવો હતો ખરો પણ એવો હું ભૂતકાળમાં સ્વીકારવા તૈયાર નહોતો. જેવો હતો એવો સ્વીકાર જે મને અત્યારે આવ્યો એવો સ્વીકાર મને આવતો નહોતો. તેથી મને એનો અનુભવ થતો નહોતો. અથવા તો હું મારી જાતને જે જે કર્મજનિત અવસ્થા પ્રાપ્ત થાય તેવી જાતનો હું મને માનતો હતો. એથી મારી મૂળ જાત છે એનો મને અસ્વીકાર રહેતો હતો. સ્વીકાર મને કર્મજનિત પર્યાય તેવી મારી જાત, હું મનુષ્યજાતિનો છું, એવા સ્વીકારમાં એને હું અનંત જ્ઞાન અને અનંત આનંદરૂપ છું એવો સ્વીકાર એને થતો નથી. તો એ રીતે એને જે સ્વીકાર થતો નથી, નહોતો કર્યો એનું પણ એને ત્યાં સમ્યગ્જ્ઞાન થાય છે, બરાબર સાચું જ્ઞાન થાય છે કે કેવા પ્રકારે મારી ભૂલ થઈ હતી. પણ એ ભૂલ હતી. વસ્તુ કાંઈ ભૂલને લઈને પલટાઈ ગઈ હતી કે વસ્તુ નહોતી એવું તો કાંઈ નથી. ભૂલ મારી અવસ્થામાં હતી. એ મારી અવસ્થામાં ભૂલ મટી છે. વસ્તુ તો જે છે તે છે. પહેલા અને પછી અને અત્યારે, વસ્તુ તો જે છે તે છે. એવું એને બરાબર સ્પષ્ટ જ્ઞાન ત્યાં થાય છે. એ બહુ સરસ વિષય છે.

અનંત ભવ થયા કે ન થયા? મને અનંત ભવ થયા હોવાનું મેં માન્યું હતું. હું તો જેવો છું તેવો ત્યારે પણ હતો અને અત્યારે પણ છું. અનંત ભવને એ જ્ઞાને ઊડાડ્યા. અને વર્તમાન ભવને પણ. આ વર્તમાન ભવ પણ મારે નથી. આ મારો ભવ નહિ, એ ભવસ્વરૂપે હું નહિ. હું અનંત જ્ઞાન અને અનંત આનંદરૂપે અત્યારે છું. આ ભવ છે એ મારા નિજજાતિ સ્વભાવથી બહારની કોઈ ચીજ છે. એ સિવાયની કોઈ ચીજ છે. એ સિવાયનો જ હું છું. એમ આખા ભવની ઉપાધિનો ટોપલો સમ્યગ્જ્ઞાન માથેથી ઊતારીને ફેંકી દે છે. જાય કચરાપેટીમાં, ઉકરડામાં. આખા ભવને ઉકરડામાં નાખે છે. કૂડો, એને ઉકરડો કહે છે.

'**વળી સર્વ પરભાવોની અને પાંચ દ્રવ્ય-ગુણ-પર્યાયોની, સત્ય (સત્તારૂપ) પ્રત્યક્ષજાતિને અજીવરૂપ જાણી...**' જ્યારે પોતાને જીવરૂપ જાણ્યો, જ્ઞાયકરૂપ જાણ્યો ત્યારે એણે સર્વ ભાવોની અને પાંચ દ્રવ્ય અને એના ગુણ-પર્યાયો. પાંચ-પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ. પાંચે દ્રવ્ય-ગુણ-પર્યાયોની સત્તારૂપ એટલે હોવારૂપ પ્રત્યક્ષ જાતિને. એની હયાતીને એણે સ્વીકારી. '**અજીવરૂપ જાણી કે અજ્ઞાયકરૂપે જાણી કે અદર્શનમય જાતિરૂપ જાણી કે ઉપયોગરહિત જાતિરૂપ જાણી કે અચેતન જાતિરૂપ જાણી, એવા પરભાવોની જાતિ હંમેશા એમ જ જાણી.**' એટલા જ બોલ આમાં લઈ લીધા. પેલાપણે જીવ છે તો અહીંયાં એ બધા અજીવ છે. હું જ્ઞાયક છું, તો

આ બધા અજ્ઞાયક છે. અદર્શનરૂપ છે અને અનુપયોગ-ઉપયોગ રહિત છે એનામાં કોઈનામાં ઉપયોગ નથી, ચેતના નથી. એવા અચેતન જાતિરૂપ છે. ઉપયોગ રહિતના એ પદાર્થો છે. એમાં શાંતિ પણ નથી, એમાં સુખ પણ નથી. એવા પરભાવો, એવા પરદ્રવ્યો ત્રણે કાળે એવા જ છે. સદાય એવા છે. એમ પણ એણે જાણ્યું. હવે એમાં એને વાણીથી કે પુસ્તકથી જ્ઞાન થાય છે એવો ભ્રમ એને થતો નથી.

જ્ઞાન સ્વયં જ્ઞાનભંડારમાંથી બહાર આવે છે. જ્ઞાનનો ભંડાર અંદર ભર્યો છે એમાંથી જ્ઞાનનો પર્યાય ઊપજે છે. પણ મારા જ્ઞાનનો પર્યાય ક્યાંય પુસ્તકમાં કે વાણીમાંથી આવે છે એવો એને ભ્રમ થતો નથી. એટલે એને અજ્ઞાયકરૂપ જાણ્યા. બધાને અજ્ઞાયકરૂપ જાણ્યા. મારાથી મારું જ્ઞાન, મારાથી મારું સુખ. કોઈ પરદ્રવ્યથી મારું જ્ઞાન પણ નહિ અને પરદ્રવ્યથી મારું સુખ પણ નહિ.

એ જે 'રાજમલજી'એ પહેલા કળશમાં વાત લીધી છે કે સંસારી જીવ અને પાંચ અજીવ દ્રવ્યોને જાણતાં જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. એટલે એને જાણવાથી જ્ઞાન નથી અને એમાંથી જ્ઞાન આવતું નથી. જગત આખું એમ માને છે કે ઘણાં પુસ્તકો વાંચે એનું જ્ઞાન બહોળું હોય, જાજું હોય અને ઘણું પર્યટન અને દેશાટન કરે એનું જ્ઞાન પણ વિશાળ હોય. સાચી વાત હશે કે નહિ? આ છોકરાઓને લઈ જાય છે કે નહિ કોલેજમાં આવે ત્યારે? એને વધારે જ્ઞાનની પ્રાપ્તિ થાય માટે એને ફેરવો બધે અને એને બધું જ્ઞાન આપે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્યાં લઈ જાય ત્યાં એને બતાવે કે જુઓ, આ ફલાણું કારખાનું, આ ફલાણી વનસ્પતિ, આ ફલાણું ઝાડ, આ ફલાણી ચીજ. આ એને લઈ ગયા અને બતાવ્યું ત્યારે જ્ઞાન થયું કે ન થયું? એવી સંયોગની રચના છે કે એને એમ જ લાગે કે હા, અહીંયાં ન આવ્યા હોત તો આ જ્ઞાન ન થયું હોત. કાશ્મીરમાં આવા ઝાડવા હોય છે એ કાશ્મીરમાં ગયા વગર શું ખબર પડે? તો ત્યાં ગયા પછી જ્ઞાન થયું કે ન થયું? એને જાણતાં જ્ઞાન પણ નથી અને એને જાણતાં સુખ પણ નથી. એને જાણતાં એમાંથી જ્ઞાન આવ્યું નથી, એને જાણતાં તને એમ કહ્યું કે આવું ઝાડ હોય અને આવી વનસ્પતિ હોય ત્યારે તને જે જ્ઞાન થયું એ તારા જ્ઞાનમાંથી આવ્યું છે, ન્યાંથી આવ્યું નથી. પુસ્તક વાંચતા જ્ઞાન થયું? નહિ. વાણી સાંભળતા થયું? જ્ઞાન તારા જ્ઞાનમાંથી આવ્યું છે. વાણીમાંથી અને પુસ્તકમાંથી જ્ઞાન આવ્યું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. ઢંઢેરો જ એનો પીટ્યો છે. 'સોગાનીજી'એ તો એમ લીધું છે કે જ્યારથી મને એવો ખ્યાલ ગયો કે મને કેવળજ્ઞાન થવાનું છે. હું તો કેવળજ્ઞાનસ્વભાવી છું અને મારું કેવળજ્ઞાન અલ્પ કાળમાં પ્રગટ થશે. એવું જ્યારે મને લાગ્યું ત્યારે તો એમ પણ લાગ્યું કે તો તો બધું જણાય જવાનું છે. હવે મારે આ શાસ્ત્રો વાંચી વાંચીને જાજું જાણીને કામ શું છે? ત્યારથી મને શાસ્ત્રમાંથી વાંચીને ઘણું જાણવાનો જે વિકલ્પ છે એ મારો શાંત થઈ ગયો. અને એ વિકલ્પ શાંત થતાં મારી શક્તિ આત્મામાં એકાગ્ર થવારૂપ ધ્યાનમાં મેં શક્તિને લગાવી. એમનો કહેવાનો આશય એ હતો. પુસ્તમાં વાંચવામાં શક્તિ લગાવવાને બદલે મેં સ્વરૂપમાં એકાગ્ર થવામાં મારી શક્તિનો ઉપયોગ કર્યો. અને એ રીતે સ્વરૂપ સ્થિરતા વધારી છે.

આ કાળમાં એક ભવ બાકી રહે એટલી હદ સુધીની તૈયારી એમની થઈ ગઈ. એવું કોઈ વિશિષ્ટ, ભલે પરિણમન ચોથા ગુણસ્થાનનું જઘન્ય તારતમ્યતાનું હતું. ચોથું ગુણસ્થાન એટલે મોક્ષમાર્ગનું જઘન્ય પગથીયું, પહેલું પગથીયું. છતાં એની Quality કેવી? કે એ જઘન્ય જાતિમાં પણ એવી Quality હોય છે કે એક જ ભવ બાકી રહે દેવનો. મનુષ્ય થઈને મોક્ષમાં ચાલ્યો જાય. એવો અહીંયાં એમણે શુદ્ધતાનો પ્રકાર એવો પ્રગટ કર્યો, એ જાતિનો શુદ્ધતાનો પ્રગટ પ્રકાર થઈ ગયો. એમણે નથી ક્યાંય કહ્યું. એ Certificate 'ગુરુદેવે' આપ્યું છે. એ પોતે એ વિષયમાં ક્યાંય બોલ્યા નથી. એટલું કહ્યું કે આ તો હવે આખરની મુસાફરી છે. આ મુસાફરી હવે આખરની મુસાફરી છે. એટલે છેલ્લી છેલ્લી મુસાફરી છે. હવે લાંબી મુસાફરી સંસારની રહી નથી. પણ એ એક ગૂઢ ભાષામાં મભમ વાત છે. 'ગુરુદેવે' એ Certificate આપ્યું છે. 'ગુરુદેવ'ને એમના અક્ષરદેહથી-આ દેહથી એટલો પરિચય આપસમાં ન રહ્યો, ન થયો પણ અક્ષરદેહથી એમણે એ કાઢ્યું. એમના જે વચન ઉચ્ચારણા છે એના ઉપરથી એની પાછળનો ભાવ કાઢી લીધો કે આની તેજી છે એ કોઈ ગજબની છે. ઝડપ છે એ કોઈ ગજબની છે. ભલે અત્યારે વૈમાનિક દેવમાં ગયા છે. સનતકુમારમાં જાય છે. ત્રીજા દેવલોકમાં. મંડળી ત્યાં બધી ભરાય છે અત્યારે. સમ્યક્‌જ્ઞાનીઓની, જ્ઞાનીઓની મંડળી ત્યાં ભરાય છે, ભેગી થાય છે. એ ત્યાંથી ઝપટ કરશે. નીકળશે એ ભેગા ત્યાંથી ઝપટ કરશે.

મુમુક્ષુ :- ...એમ થાય કે આ અક્ષરશઃ...

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ'નો સાચો છે. પરિચય કર્યો હોય તો Line જ એવી હતી. અંદરની Line એવી હતી, ઘણી ઉગ્રતાવાળી Line હતી. વિશેષ લઈશું...

તા. ૩૦-૫-૧૯૮૬, પાના નં. ૪૧
પ્રવચન નં. ૨૭

'આત્માવલોકન', પાનું-૪૧. મિશ્ર ધર્મનું (પ્રકરણ ચાલે છે). મિશ્ર ધર્મ એટલે જીવની એક જ અવસ્થામાં ગુણ અને અવગુણનું મિશ્રપણું. જે પણ આત્મિકગુણો પણ પ્રગટ થયા છે અને હજી કેટલાક અંશે અવગુણ પણ રહ્યા છે. એવો જે મિશ્ર પર્યાયરૂપ ભાવ ધારણ કર્યો તેને અહીંયાં મિશ્ર ધર્મ કહ્યો. એમાં દર્શનની વાત લઈ લીધી. શ્રદ્ધાનો વિષય ચાલી ગયો છે. જ્ઞાનનો વિષય ચાલે છે.

જ્ઞાન ત્યાં સ્વપરપ્રકાશકપણે પોતાના સ્વરૂપે જીવસ્વરૂપ, ચેતનાસ્વરૂપ, ઉપયોગસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ અને વેદકસ્વરૂપ એ પ્રકારે પોતાનું પ્રત્યક્ષ સ્વરૂપ જાણે છે અને બાકીને જેટલા કોઈ પદાર્થો છે તેને અજીવરૂપ જાણે છે. તે સામાન્ય વાત લીધી. બીજા Paragraphથી બીજા અન્ય પદાર્થના નામથી વાત કરે છે.

'**વળી, ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ એ પાંચ વસ્તુની અજીવજાતિ જાણી...**' પોતાની ચેતનામય ઉપયોગમય જીવ જાતિ જાણી અને આ પાંચની અજીવ જાતિ જાણી. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ અને પુદ્ગલ પરમાણુ એ પાંચ વસ્તુની અજીવ જાતિ જાણી. '**અને વસ્તુભાવને જુદો જાણ્યો, અવસ્તુભાવને જુદો જાણ્યો,...**' પોતે પોતાની અપેક્ષાએ સ્વવસ્તુ છે, પોતાની અપેક્ષાએ બીજા પદાર્થો અવસ્તુ છે. એ રીતે '**વસ્તુભાવને જુદો જાણ્યો, અવસ્તુભાવને જુદો જાણ્યો, યથાર્થને જુદું જાણ્યું...**' યથાર્થ એટલે જેમ છે તેવું વસ્તુનું સ્વરૂપ, સ્વ-પર પદાર્થનું ભિન્ન ભિન્નપણે જાણ્યું અને '**પોતપોતાની નિજજાતિરૂપ જીવસત્તાને ભિન્ન જાણે છે. પરજીવસત્તાને, અજીવસત્તાને ભિન્ન જાણે છે.**' બીજા જીવો પણ અહીંયાં લઈ લીધા. નિજજાતિરૂપ જીવસત્તા છે. તે સર્વ બીજા જીવની સત્તાથી ભિન્ન છે. વળી બીજા અજીવપદાર્થોની સત્તાથી પણ ભિન્ન છે.

જીવમાત્ર ભલે સજાતિય પદાર્થો છે તોપણ પ્રત્યેક જીવ ભિન્ન ભિન્ન સત્તા ધારણ કરે છે. તેવી સત્તામાં બીજા કોઈની સત્તાનો સદ્ભાવ નથી. બીજા જીવની કે બીજા અજીવની. અનેક દ્રવ્યમાં ત્રણ અનેક દ્રવ્યો છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ છે એ એક એક છે, કાળાણુ અનેક છે. પરમાણુ અનેક છે, જીવો પણ અનેક છે. છતાં કોઈપણ કાળાણુ, પરમાણુ કે જીવોમાં સજાતિય પદાર્થોમાં પણ અભિન્ન

સત્તાપણું નથી, ભિન્ન સત્તાપણું છે. જુદાં જ રહે છે. કોઈ પરમાણુ બીજા પરમાણુનું કાર્ય ન કરે. કોઈ જીવ બીજા જીવનું કાર્ય ન કરે.

અરિહંત પરમાત્મા પણ એમની સ્તુતિ કરનારનું કાર્ય ન કરે. સ્તુતિ કરનાર, ભક્તિ કરનાર ભક્તિથી એમ કહે આપ તો અમારા બધા કાર્યો પાર પાડો છે, બધા કાર્યો સીધા થાય છે. એ આપને લઈને થાય છે. પણ ખરેખર તો એ પરમાત્મા પ્રત્યે બહુમાન અને ભક્તિ છે એમાં પુણ્ય બંધાય છે, એ પુણ્યનું ફળ છે. પરમાત્મા, કોઈ વીતરાગ પરમાત્મા કોઈનું કાર્ય કરે છે એવું તો બનતું નથી. ભક્તિથી એમ આવે. પછી એ ભક્તિના વિષયને ભક્તિના દૃષ્ટિકોણથી ન સમજે ત્યારે એને સિદ્ધાંતિક વાત માની લે કે નક્કી અરિહંત પરમાત્મા છે એ આપણા કાર્યો.. શું કહે છે? મનોરથ પૂરા કરે છે. મનોરથ કરે, મનવાંછિત કાર્યો પૂરા કરે છે. જેમ ચિંતામણિ રત્ન ચિંતિત પદાર્થો આપે છે, એમ ભગવાનને પણ ચિંતામણિ રત્નની ઉપમા આપવામાં આવે છે કે અમને પણ એક ચિંતામણિ રત્ન મળી ગયો. આપ મળ્યા એટલે ચિંતામણિ રત્ન હાથમાં આવ્યો. એટલે અમારા ચિંતિત કાર્યો બધા પાર પડી જાય છે. પણ એ સિદ્ધાંતિક વાત નથી. બહુમાન અને ભક્તિના રાગમાં એવો ઉપચાર કરવામાં આવે છે, એવો વિનય કરવામાં આવે છે. એને સિદ્ધાંતમાં ન ઘટાવાય. અને જે દ્રવ્યાનુયોગના સિદ્ધાંતો છે એને તોડવા માટે પણ એવી કોઈ વાત કરી નથી. એ રાખીને વાત કરી છે. તોડીને વાત કરી છે એમ છે નહિ.

મુમુક્ષુ :- પરમાત્માની ભક્તિથી પુણ્ય બંધાય, તો પરમાત્માની ભક્તિનું ખરું ફળ શું?

પૂજ્ય ભાઈશ્રી :- એક તો જાણે ભક્તિ બે પ્રકારે છે. જે ભક્તિ રાગાંશમાં થાય છે તેનું ફળ પુણ્યબંધન છે. અને જે જ્ઞાનમાં એમનું પૂર્ણ સ્વરૂપ ભાસે છે અને જ્ઞાનમાં એમનું બહુમાન આવે છે એવી જે જ્ઞાનરૂપ ભક્તિ છે એનું ફળ જ્ઞાનની નિર્મળતા છે. અને એનું ફળ સુખ અને આનંદ (છે). આત્મિક શાંતિ, આત્મિક સુખ અને આત્મિક આનંદ છે. હવે કઈ ભક્તિનો વિચાર કરવો છે? કહો.

મુમુક્ષુ :- .. તીર્થંકરની નિશ્ચય ભક્તિ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ નિશ્ચય ભક્તિ આ છે કે જ્યારે એમાં પરમાત્માના આત્મિક ગુણો જણાય છે ત્યારે એને પોતાના આત્મિક ગુણો પણ સાથે સાથે લક્ષમાં આવે છે. એવું એક કામ થાય છે. એને તો નિશ્ચય ભક્તિ કહી છે. 'સમયસાર'માં ૩૧, ૩૨, ૩૩ ગાથામાં એ વાત કરી છે. અહીં તો પરમાત્માની ભક્તિનો પ્રશ્ન છે. એમનો પ્રશ્ન તો પરમાત્માની ભક્તિનો છે.

અરિહંત પરમાત્મા, સિદ્ધ પરમાત્મા, એમની ભક્તિ એટલે શું? તો ભક્તિ કરનાર જીવ, ભગવાનની ભક્તિ કરનાર જીવ છદ્મસ્થ છે, એ પોતે અરિહંત અને સિદ્ધ નથી. કેમકે અરિહંત અને સિદ્ધ અવસ્થામાં એવો વ્યવહાર બનતો નથી. બીજાની સ્તુતિ, વંદના એ વ્યવહાર ત્યાં બનતો નથી. વંદ્ય-વંદક ભાવ હોતો નથી. કોઈ અરિહંત બીજા અરિહંતને વંદન કરે એવું નથી બનતું. આપ અમારા પહેલા અરિહંત થઈ ગયા. લાવો, આપને વંદન કરીએ છીએ. જે દીક્ષામાં મોટા એ મોટા ગણાય છે કે નહિ? ભલે ઉંમરમાં નાના હોય, પણ દીક્ષા પહેલા લીધી હોય તો નવ દીક્ષિત સાધુ છે એ પોતાથી નાની ઉંમરના પણ જૂની દીક્ષાવાળાને વંદન કરે છે. એ છદ્મસ્થમાં વંદ્ય-વંદક ભાવ છે. અરિહંત અવસ્થામાં એવું બનતું નથી. તો જે છદ્મસ્થ જીવ અરિહંત, સિદ્ધ ભગવાનની ભક્તિ કરે છે એ પરમાત્માનું પરમ સ્વરૂપ જ્ઞાનમાં લઈને ભક્તિ કરે છે તે જ્ઞાનભક્તિ છે. અને એ જ્ઞાનને અનુસરીને ચારિત્રમોહનો પર્યાય પણ રાગરૂપે ભક્તિમાં ઉછાળો ખાય છે એ રાગરૂપ ભક્તિ છે. રાગનું ફળ પુણ્યબંધન છે અને જ્ઞાનનું ફળ નિર્મળતા છે. એમ છે ખરેખર.

મુમુક્ષુ :- ... પરમાત્માની ભક્તિ સુખના ફળ બાજુ લઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય રીતે તો જ્ઞાનભક્તિને કોઈ સમજતું નથી. ભક્તિ એટલે રાગ એટલું જ સમજે છે, એટલું જ કરે છે, રાગ જ કરે છે. ભક્તિ કરવાની હોય ત્યારે એકાંતે રાગમાં તન્મય થઈને રાગને કરે છે, શુભરાગને કરે છે એમાં એકલું પુણ્યબંધન થાય છે. એમાં સંવર, નિર્જરા કિંચિત્ માત્ર થતા નથી. આ લોકો સંવર, નિર્જરામાં લઈ જાય છે. 'આનંદઘનજી'એ ભક્તિ કરી, 'દેવચંદજી'એ ભક્તિ કરી. આવી ભક્તિ છે એ સંવર, નિર્જરાનું કારણ છે એમ લઈ જાય છે, ખેંચી જાય છે. એ વાત બરાબર નથી. ત્યાં તો કોઈ એક તીર્થંકર ભગવાનને લક્ષમાં રાખીને વાત કરે છે. અત્યારે હું બીજા 'અજીતનાથ' ભગવાનની સ્તુતિ કરું છું. તો 'અજીતનાથ' ભગવાનનું લક્ષ કરે છે કે આપે બધાને જીત્યા. હું તો હારી ગયો છું. આપનું નામ-અજીતપણું સાર્થક છે. મારે આપના જેવું થાવું છે. ભાવના એ છે કે મારે આપના જેવું થાવું છે. એટલી વાત છે ત્યાં. પણ એ વિકલ્પમાત્ર શુભરાગ બંધનનું કારણ છે.

વળી, કેટલાક તો એવા ભક્તિના પરિણામથી પુણ્યના બંધને ઈચ્છે છે, ચાહે છે કે મને પુણ્યબંધ થાઓ કે જેથી મારા પાપ કપાય અને પાપના ઉદય આવે એવી પ્રતિકૂળતાઓ મારી મટે. એને તો પુણ્યબંધ પણ થતો નથી. એવી જે કાંઈ ભૌતિક સંયોગોની અનુકૂળતાઓની, પ્રતિકૂળતાને હટાવવાની, અનુકૂળતાઓને પ્રાપ્તિની અભિલાષા

રાખીને ભક્તિ કરે છે એને પુણ્યબંધ પણ થતો નથી, એને પાપબંધ થાય છે. અથવા એમાં કિંચિત્ કષાયની મંદતા છે એટલો પુણ્યબંધ છે. મુખ્યપણે એમાં પાપબંધ થાય છે. એટલે એવા પુણ્યનો ઉદય આવે ત્યારે પાપાનુબંધી પુણ્યનો ઉદય હોય છે. પાપનો ભાવ કરે અને પુણ્યનું ફળ ભોગવાય. પાપનો ભાવ કરે અને પુણ્યનું ફળ ભોગવાય. જેમકે દુકાને જઈને વેપાર કરે અને પૈસા મળે. પૈસાની કમાણી થાય. એ પાપાનુબંધી પુણ્ય છે. એ બધા એ રીતે અજ્ઞાનભાવે બાંધેલા પુણ્ય છે કે મને આનાથી કાંઈક લાભ થાય. કાંઈક ને કાંઈક એણે વાંછા રાખીને પુણ્યભાવ અને કષાયની મંદતા કરી હોય છે. બહુભાગ જીવે અજ્ઞાનપણામાં એ કર્યું હોય છે. એટલે બહુભાગ પુણ્યના ઉદયો પણ પાપાનુબંધી પુણ્યના જ જોવામાં આવે છે.

મુમુક્ષુ :- લૌકિકની અંદર વાંછાની પૂર્તિ અર્થે જ પરમાત્માની ભક્તિ કરવાનું વિધાન કરતા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો ભગવાનની ભક્તિ આ પ્રકારે જ કરવાની હોય. તમને લાભ થશે. એને પહેલેથી જ ફળ બતાવી દે. આમ કરશો તો આમ થશે અને આમ કરશો તો આમ થશે. પુસ્તકો, ગ્રંથરચના પણ એવી કરે કે આ પુસ્તકનો આટલો ભાગ અધ્યયન કરશો, પૂરું વાંચશો તો આટલા દેવલોકમાં જાશો અને અડધું વાંચશો તો આમ મળશે ને એક શ્લોકનું ફળ આમ છે અને ફલાણું આમ છે. આટલી ક્રિયા કરશો તો આવું પુણ્ય બંધાશે અને એના ફળમાં આમ જશો. એક તો જીવ પુણ્યના ફળનો લાલચુ છે. એને અનુકૂળતાઓ, જગતની અનુકૂળતાઓ જોઈએ છે. અને એમાં એ દેનારા અને એમ કહેનારા મળે છે. એટલે એનું મિથ્યાત્વ અતિ દૃઢ થઈ જાય છે. એ પ્રકારની લાલચ છોડવાનું એનાથી ન બની શકે એવો તીવ્ર રસ એનાથી રેડાય જાય છે, દેવાય જાય છે. એ પરિસ્થિતિ ઊભી થાય છે.

અહીંયાં તો કહે છે કે જ્ઞાન જ્યાં સમ્યક્ થયું અને પોતાની ચૈતન્યજાતિને, ઉપયોગમય જાતિને જાણી ત્યારે એણે બીજા જીવો અને બીજા અજીવ પદાર્થોને ભિન્ન ભિન્ન જાણ્યા. એટલે એને કોઈ પદાર્થનું લક્ષ કરવાનું કારણ નથી. જે મારાથી ભિન્ન છે અને મારાથી ભિન્ન હોવાને લીધે જેની સાથે મારે કાંઈ પ્રયોજન નથી.

આ ભાગીદારો જુદા પડે છે પછી કાંઈ એને પ્રયોજન રહે છે? કેમકે કોઈના નફા-નુકસાનમાં કોઈના નફા-નુકસાનનો હિસ્સો લાગુ પડતો નથી. આ પરિસ્થિતિમાં ઉપેક્ષિત થઈ જાય છે કે નહિ? એનું એ જાણે. પોતે પોતાનું સંભાળવામાં બરાબર સાવધાન થાય છે.

ભિન્ન જાણવાનો અર્થ એ છે, ભિન્ન છે એને ભિન્ન જાણવું છે. કલ્પના કરીને

એની ભિન્નતા ભાવમાં લેવી નથી. પણ વાસ્તવિકતા, ભિન્નતા વાસ્તવિકપણે છે તે જાણીને તે સર્વ પરદ્રવ્યોથી જીવ ઉપેક્ષિત થાય ત્યારે એ પોતાના સ્વરૂપની અંદર સ્થિર થઈ શકે છે. પરપદાર્થની અપેક્ષાવાળો જીવ કદી પોતાના સ્વરૂપ સન્મુખ પણ થઈ શકતો નથી. એટલે પરસન્મુખતા છૂટવા માટે અને સ્વસન્મુખ થવા માટે પદાર્થોની ભિન્નતા સર્વથા છે એ એને બરાબર જ્ઞાનની અંદર અને પ્રતીતની અંદર બરાબર દૃઢપણે હોવી જોઈએ. તો જ એ ત્યાંથી ઉપેક્ષા કરી શકે અને નહિતર કોઈ રીતે ઉપેક્ષા થઈ શકે એવું નથી. અનાદિથી અપેક્ષા કરી છે એ અપેક્ષા છૂટવાનો કોઈ પ્રસંગ નથી. સિવાય કે વાસ્તવિકપણે એની ભિન્નતા જાણે.

પરજીવસત્તાને જુદી જાણી. 'ગુરુદેવ' પ્રવચન કરતા ત્યારે એમ કહેતા કે સિદ્ધ પરમાત્મા મારા માટે અજીવ છે. હું જીવ છું અને સિદ્ધ, અરિહંત બધા પરમાત્માઓ પણ મારા માટે અજીવ છે. એમ કહેતા. હું જીવ છું એટલા માટે તે જીવ નથી. મારા જીવસ્વરૂપે નથી. તેથી તે અજીવ છે. એ જીવ હોવા છતાં અજીવ કહે. એટલે કે હું વસ્તુસ્વરૂપે મારી નિજ વસ્તુસ્વરૂપે છું. અને તે મારા માટે અવસ્તુ સ્વરૂપે છે. એ વસ્તુ નથી. એટલે પ્રયોજન નથી. આવું ભિન્ન ભિન્નપણું જાણ્યા વિના જ્ઞાન સમ્યક્ પણ હોઈ શકે નહિ, જ્ઞાન સાચું હોઈ શકે નહિ.

બે પદાર્થોની ભિન્નતા બહુ જોરશોરથી 'ગુરુદેવે' પ્રસિદ્ધ કરી. તો એક વખત દિગંબર સંપ્રદાયનો ઉહાપોહ થયો. શ્વેતાંબરમાં તો અપેક્ષા શું રાખવી? કેમકે ત્યાં તો એ જ્ઞાન જ એટલું પ્રચલિત નથી. પણ જે સાહિત્યમાં આ જ્ઞાન પ્રચલિત છે એ લોકોએ એક સભા ભરીને ઠરાવ કર્યો કે એક દ્રવ્યથી બીજા દ્રવ્યની ભિન્નતા, જુદું જાણે તેને જૈન ન જાણવા પણ તેને અજૈન માનવા. ઠીક! છાપામાં આવ્યું. 'ગુરુદેવે' વાંચ્યું. 'ગુરુદેવે' કહ્યું, અરે..! પ્રભુ! આ તું શું કરે છો? શું કહ્યું? અરે..! ભગવાન! આ તું શું કરે છો? બે પદાર્થની ભિન્નતા છે એને તું ભિન્નતા જાણે એને અજૈન કહે છો. તો પછી તારે જૈન પરમેશ્વરને અજૈન કહેવા પડશે. એ તો જૈન પરમેશ્વરના જ્ઞાનનો વિષય છે. આવી રીતે વર્તમાનમાં તત્ત્વજ્ઞાનથી સમાજ કેટલો દૂર છે એની એ પ્રસિદ્ધિ છે.

'**પરજીવસત્તાને, અજીવસત્તાને ભિન્ન જાણે છે, મિથ્યાત્વને જુદું જાણ્યું,...**' કેમકે પોતાના સ્વરૂપમાં મિથ્યાત્વ નથી. નથી સ્વપદાર્થમાં મિથ્યાત્વ, નથી પરપદાર્થમાં મિથ્યાત્વ. પણ સ્વરૂપમાં મિથ્યાત્વ નથી. મિથ્યા કલ્પનાને મિથ્યાત્વ કહેવામાં આવે છે. જે જ્ઞાન પ્રગટ થતાં પોતામાં એવી કલ્પના, મિથ્યા કલ્પના ઉત્પન્ન થતી નથી એટલે પોતામાં નથી એવું પણ એને જ્ઞાન થાય છે. તેથી એને એ ભિન્ન જાણે

છે. એ જુદું છું. જુદું તત્ત્વ છે. મિથ્યાત્વ છે એ જુદું તત્ત્વ છે. એટલે મિથ્યાત્વનું ફળ જે સંસાર છે એ સંસારતત્ત્વ પણ જુદું તત્ત્વ છે એમ થઈ ગયું. એ મિથ્યાત્વ એટલે અયથાર્થપણું.

'**યથાર્થને જુદું જાણ્યું...**' ઉપર પણ એક યથાર્થને જુદું જાણ્યું, એમ લીધું હતું. અહીંયાં પણ લીધું કે યથાર્થને જુદું જાણ્યું. '**મિશ્રાર્થને જુદા જાણે છે.**' યથાર્થને જુદું જાણ્યું એટલે શું? કે જે કાંઈ વસ્તુ સ્વરૂપ છે, પોતપોતામાં યથા અર્થમાં છે. પણ પોતાના સ્વરૂપમાં જે લીન થયા એને આ યથાર્થ છે અને આ અયથાર્થ છે એવો વિકલ્પ નથી. આ હેય છે અને આ ઉપાદેય છે એવો વિકલ્પ નથી. ત્યાં સુધીની હદ લઈ લીધી. નહિતર તો વ્યવહારે હેય ઉપાદેયને વિવેક કહેવામાં આવે છે. પણ એવો વિકલ્પ છે તે ખરેખર હેય ઉપાદેયપણું નથી. પણ પોતાના સ્વરૂપમાં લીન થાય અને પરપદાર્થમાં પોતે ન જાય, કોઈપણ ભાવે-દર્શનથી, જ્ઞાનથી, ચારિત્રથી, ત્યારે એને વાસ્તવિક હેય ઉપાદેયપણું થઈ ગયું. સાક્ષાત્ હેય ઉપાદેયપણું થઈ ગયું. ત્યારે એ હેય ઉપાદેયના વિકલ્પને પણ ઓળંગીને આગળ ગયો છે. એમ અહીંયાં યથાર્થ, મિથ્યાત્વ, મિશ્રાર્થ બધું જુદું જુદું છે. એ બધા વિકલ્પો છે.

એ વિવિક્ષાઓ છે. તેનાથી ભલે પદાર્થની સિદ્ધિ કરવામાં આવે છે પણ જ્ઞાનમાં તો જ્ઞાનાનુભવ જ કાર્યકારી છે. જ્ઞાન પોતાને સ્વસંવેદનમાં વેદે, બસ! એ જ જ્ઞાનને કાર્યકારી છે. એ સિવાય આ અયથાર્થ છે અને આ યથાર્થ છે એવા વિકલ્પમાં ઉલઝે, એ વિકલ્પ પણ એને કાર્યકારી નથી. ભલે પ્રથમ અવસ્થામાં એવું હોય છે તોપણ ત્યાં રોકાવાનું કોઈ કારણ છે નહિ. એના ફળસ્વરૂપે એ પોતાના સ્વસંવેદનમાં આવી જાય ત્યારે એ સ્વસંવેદનથી બધા વિકલ્પોને જુદા જાણે છે.

'**તે જ્ઞાનગુણની નિજજાતિરૂપ ભાવશક્તિ...**' એવા જ્ઞાનગુણની નિજજાતિરૂપ ભાવશક્તિ છે તે પોતાના સ્વસંવેદનમય છે એમ લેવું છે. એ નિજજાતિ છે. બીજા પદાર્થ સન્મુખ થઈને આ મિથ્યાત્વ છે, આ યથાર્થ છે, આ અયથાર્થ છે એવો જે વિચાર, એવો જે જ્ઞાનમાં ભંગભેદ એ પણ એનું ખરેખર જ્ઞાનનું સ્વયંનું આરાધન નથી. એમાં જ્ઞાનનું સ્વયંનું આરાધન નથી. જ્યારે જ્ઞાન પોતાનામાં સ્વસંવેદનપણે રહે છે, પરિણમે છે ત્યારે એ પોતાને સ્વયંને આરાધે છે, સ્વયંને સેવે છે. અને ત્યાં સુધી જેટલા વિચારમાં જાય છે, જેટલા ભંગભેદમાં જાય છે એ એને કાર્યકારી થતું નથી.

મુમુક્ષુ :- સ્વસંવેદનમાં રહેવું..

પૂજ્ય ભાઈશ્રી :- એ એની નિજજાતિ છે. અહીંયાં નિજજાતિ લેવી છે ને?

એ એની નિજજાતિ છે. તે જ્ઞાનગુણની નિજજાતિરૂપ ભાવશક્તિ છે.

તે '**ભાવશક્તિ એવી કાંઈક સમ્યક્ પરિણમી....**' અહીંયાં આંશિક પરિણમન છે ને. એટલે '**એવી કાંઈક સમ્યક્ પરિણમી-એવી કંઈક સમ્યક્ પ્રગટ થઈ.**' આ મિશ્ર ધર્મનો અધિકાર છે. એટલે અહીંયાં સાધક અવસ્થામાં કાંઈક એવું પ્રગટ થઈ ગયું છે કે જેને લઈને જ્ઞાનમાં જ્ઞાનવેદન, જ્ઞાનનું પોતાનું સ્વસંવેદન વર્તી રહે છે, ચાલુ રહે છે. એવું જે થયું, જેટલા અંશે થયું અને બાકીનો અંશ જ્ઞાનનો ખુલ્લો રહ્યો, જે અનેક વિચારમાં, ભેદ-પ્રેભદમાં, પરદ્રવ્યમાં પરિણમે છે. એ એક પર્યાયમાં બે કાર્ય થતાં હોવાથી તેને મિશ્ર ધર્મ કહેવામાં આવે છે.

'**વળી તે કાળે તે આસન્ન ભવ્ય જીવને એક ચારિત્રગુણ છે.**' હવે જ્ઞાનનું કથન પૂરું કરીને ચારિત્રગુણ ઉપર આવે છે. તે કાળે એટલે ક્યારે? જ્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે તે જ કાળે. કેટલાક એવું જાણે છે કે ચતુર્થ ગુણસ્થાન અવિરતિ નામનું ગુણસ્થાન છે અને સમ્યક્ત્વનું ગુણસ્થાન સમકિત પ્રાપ્ત થયાનું ગુણસ્થાન હોવાથી ત્યાં માત્ર શ્રદ્ધાન થાય છે અને ત્યાં ચારિત્ર જરા પણ હોતું નથી કે થતું નથી. એ અહીંયાં કહે છે કે તે કાળે પણ. જ્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે તે કાળે પણ '**તે આસન્ન ભવ્ય જીવને એક ચારિત્રગુણ છે.**' ત્યારે એને ચારિત્રગુણ જે છે '**તે ચારિત્રગુણનું લક્ષણ...**' એટલે તે ચારિત્રગુણનું સ્વરૂપ. લક્ષણ એટલે અહીંયાં સ્વરૂપ, પરિણમન. '**આચરણ-પ્રવર્તવું...**' એનું પ્રગટ લક્ષણ આચરવું અથવા પ્રવર્તવું. '**પણ તે આચરણના બે ભાવ...**' થાય છે. તે આસન્ન ભવ્ય જીવને મિશ્રધર્મની અંદર ચારિત્રગુણમાં પણ એક પર્યાયમાં બે પ્રકારના ભાવ થાય છે.

'ગુરુદેવ' સ્પષ્ટ કરવા માટે એને બે ભાગ થાય છે એમ કહેતા હતા. એક પર્યાયના બે ભાગ. પર્યાય એક છે એટલે પર્યાય બે થતી નથી. બે ભાગ ગણીને કોઈ બે પર્યાય થાય છે એમ વિચારી ન લ્યે એટલા માટે એને બે ભાવ થાય છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બે ભાવ એટલે બે પર્યાય નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, બે ભાવ એટલે બે પર્યાય નહિ. પર્યાય એક અને ભાવના પ્રકાર બે, એમ લેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એક જ સમયની. એક સમયની એક પર્યાયમાં રાગ પણ છે અને વીતરાગતા પણ છે. સ્વસંવેદન છે અને પરસત્તાવલંબી જ્ઞાનનો અંશ પણ છે. જ્ઞાનમાં સ્વસંવેદન પણ છે અને તે જ જ્ઞાનમાં પરસત્તાને અવલંબનારો

અંશ પણ છે. તે જ રાગની પર્યાયમાં (-ચારિત્રગુણની પર્યાયમાં) વીતરાગભાવ પણ છે, સાધકજીવને-મિશ્રધર્મવાળાને, અને સરાગભાવ પણ છે. એકલો રાગ હોય તો મિથ્યાત્વ સહિતનો સરાગી જીવ થઈ જાય. વીતરાગતા બિલકુલ ન હોય તો એને સાધક પણ કહેવાય નહિ. જેમકે મુનિ બાહ્ય આચરણની ક્રિયા કોઈપણ ક્રિયા કરે છે ત્યારે મુનિને વીતરાગતા ચાલી ગઈ છે? એકલો રાગ છે? આહારનો વિકલ્પ ઊઠ્યો તો એકલો આહારનો રાગ છે? ભગવાનની સ્તુતિ, વંદનાનો વિકલ્પ મુનિને ઉઠ્યો. લક્ષ ભગવાન ઉપર છે. અરિહંત ભગવાનની પ્રતિમા હોય, સાક્ષાત્ અરિહંત હોય. એકલો રાગ નથી. ત્યાં રાગનો અંશ છે અને વીતરાગ અંશ પણ એક જ સમયની ચારિત્રગુણની પર્યાયમાં બન્ને ભાવ હોય છે. એમ લેવું છે. અહીંયાં મિશ્રધર્મનું કથન જ એટલા માટે લીધું છે.

એક સમયની અવસ્થામાં બે પ્રકારના ભાવ મિશ્રિત છે તેથી એને મિશ્રધર્મ કહેવામાં આવે છે. '**એક તો વિભાવરૂપ...**' વિભાગ નહિ પણ વિભાવરૂપ. વિભાવ જોઈએ. '**એક તો વિભાવરૂપ-ઉપાધિરૂપ-વિકારરૂપ પરભાવ, બીજો નિજજાતિરૂપ પોતારૂપ-સ્વભાવરૂપ તે સ્વભાવભાવ.**' તે આસન્ન ભવ્ય જીવને ચારિત્રગુણમાં ઉપાધિકભાવ પણ છે અને પોતાના નિરૂપાધિક સ્વરૂપના આશ્રયે નિરૂપાધિકભાવ પણ છે. સઉપાધિક અને નિરૂપાધિક બન્ને ભાવોના અંશો એક સમયની પર્યાયમાં સાધકજીવને વિદ્યમાન હોય છે, પ્રવર્તમાન હોય છે એને અહીંયાં મિશ્રધર્મ કહ્યો છે.

'**આચરણનો જે સ્વભાવ હતો તે તો અનાદિથી શક્તિરૂપ ગુપ્ત થઈ રહ્યો હતો...**' આ પદ્ધતિ એમણે દરેક ગુણના પરિણમનમાં વાપરી છે. શુદ્ધ આચરણનો નિર્વિકાર સ્વરૂપસ્થિરતારૂપ વીતરાગભાવરૂપ જે આચરણ એવો જે જીવનો સ્વભાવ તે સ્વભાવ અનાદિથી શક્તિરૂપ, અવ્યક્તપણે આત્મામાં ગુપ્ત હતો, શક્તિરૂપ પડેલો હતો '**અને અન્ય એવા પરભાવરૂપ તે આચરણ રૂપે પ્રગટ થઈ પ્રવર્ત્યું.**' તે અનાદિથી ગુપ્ત થઈ રહ્યો હતો અને અનાદિથી અન્ય એવા પરભાવરૂપે આચરણ પ્રગટ થઈને પ્રવર્તતું હતું એટલે એકાંતે રાગમય આચરણનું પરિણમન ચારિત્રગુણનું પરિણમન થઈ રહ્યું હતું અને તે આચરણે અનાદિથી પરભાવને ધારણ કર્યો હતો. '**તે કેવું પ્રગટ્યું છે?**' અનાદિથી તે કેવું પ્રગટ્યું?

'**ક્રોધરૂપ આચરણ, માન, માયા, લોભરૂપ આચરણ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંચ્છા...**' એટલે ઘૃણા, એવા આચરણરૂપે '**સ્ત્રીવેદ, નપુંસકવેદ-પુરુષવેદાદિરૂપ આચરણ, રંજક (રંજિત) એવા રાગરૂપ પુદ્ગલ પરભાવોમાં ચંચલરૂપ વિશ્રામરૂપ સ્થિતિરૂપ પ્રવર્તવું તે, પરભાવરૂપ આચરણ છે.**' આટલા આટલા પ્રકારે આવા અનેકવિધ

પ્રકારે તે આચરણ પરભાવરૂપ પરિણમ્યું હતું. એ આચરણને અહીંયાં દુષિત આચરણ અથવા દુષ્ટ આચરણ કહેવામાં આવે છે. અનાદિથી જીવનો ચારિત્રગુણ વિકારરૂપ, વિભાવરૂપ પરિણમી રહ્યો હતો. એમાં અનેક પ્રકારના આવા વિભાવ થતા હતા. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ વગેરે.

મુમુક્ષુ :- જે બે ભાગ કહ્યા ત્યાં એક જ ભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલા અનાદિથી સમ્યગ્દર્શન થયું એ પહેલા આ એક જ ભાગ હતો. પછી સમ્યગ્દર્શન થયા વિના કોઈ જીવ મુનિદીક્ષા અંગીકાર કરીને પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠ્યાવીસ મૂળગુણનું પાલન કરે તોપણ એનો ચારિત્રગુણમાં એક જ ભાગ છે રાગનો, તે પ્રકારના રાગનો એક ભાગ છે. એને હજી વીતરાગભાવ એક અંશે પણ ત્યાં પ્રગટ થતો નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- અનાદિથી એક જ ભાગ છે, બીજો ભાગ સમજાતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બીજો ભાગ સમજાતો નથી તો સમજવા માટે એણે વધારે તત્પરતા કેળવવી જોઈએ. જરૂરિયાત હોય તો. એમ વિચાર કરે છે કે આપણે ધંધો કરીએ છીએ પણ કાંઈ કમાણી થતી નથી, મૂકો પડતું હવે. કાંઈ કરવું નથી. છોડી દો, એમ કરે છે? અરે..! ભાઈ! અહીંયાં નથી ફાવતા તો બહારગામ જઈને કરો. આ ધંધામાં ન ફાવતા હોય તો બીજો કરો. પણ ગમે તેમ કરીને કમાણી કરો. કેમકે જરૂરિયાત છે. એમ કરે છે કે શું કરે છે? આ સમજાતું નથી. આ સમજાતું નથી એટલે આ તો જાણે લપ છે કે મૂકો પડતી આ લપને. જરૂરિયાત હોય એને એમ થાય નહિ. એને ન સમજાય તો સમજવા માટે તે વધારે ઉત્સુક થાય છે.

'શ્રીમદ્જી'એ (લીધું છે). સૂક્ષ્મ બોધ ન સમજાય. તો કહે છે, સૂક્ષ્મ બોધનો અભિલાષી છે એ પાત્રતાવાળો છે. એમ લીધું છે. એટલે પ્રથમમાં પ્રથમ જિનમાર્ગની આમ્નાય અનુસાર અને જિનમાર્ગની વિધિ અનુસાર એણે દર્શનમોહનો નાશ કરીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રાપ્ત થાય એવો માર્ગ, એવા માર્ગમાં એણે પોતાની શક્તિનો સદ્ઉપયોગ કરવો અને બીજા બીજા પ્રકારમાં એણે પોતાની શક્તિનો દુરુપયોગ ન કરવો. સદ્ ઉપયોગ તો ત્યાં ક્યાં રહ્યો, પણ દુરુપયોગ ન કરવો. કેમકે નાની મોટી અનેક વાતોનો બોધ જગતમાં ચાલે છે. આમ કરો, તેમ કરો, ફલાણું કરો, ઢીકણું કરો, આવું કરો, આવું કરો. અનેક જાતના ચારિત્રના દોષ મંદ થાય એવા ઉપદેશનો પ્રચાર જગતની અંદર બહુ બહોળો છે-વિસ્તારવાળો છે. અન્યમતોમાં અને કહેવાતા જૈનમતમાં પણ. એક દર્શનમોહનો નાશ થાય એવો ઉપદેશ કોઈ જ્ઞાની વિરલજીવ હોય એ જ આપે છે, જેણે દર્શનમોહનો નાશ કર્યો છે. એ માર્ગને સમજ્યા

છે કે મોક્ષમાર્ગે અહીંથી ચડાય છે-દર્શનમોહનો નાશ કરીને. ચારિત્રમોહ અનંત વાર મંદ કરીને અનેક પ્રકારના જે ચારિત્રના સ્થૂળ દોષો છે એ દોષોનો નાશ કર્યો હોય એવું એને લાગે છે. પણ ખરેખર એ દોષ મૂળમાંથી એ રીતે નાશ પામતા નથી. પહેલા ચારિત્રમોહ નાશ પામતો નથી, પહેલાં દર્શનમોહ નાશ પામે છે અને દર્શનમોહ નાશ પામ્યા પછી ક્રમશઃ ચારિત્રમોહ ગુણસ્થાન અનુસાર નાશ પામે છે. પહેલે ગુણસ્થાને દીક્ષા લ્યે તો કાંઈ એને ચારિત્રમોહનો નાશ ન થાય અને ચોથા ગુણસ્થાનવાળો દીક્ષાધારી હોય એને પણ ચારિત્રમોહનો નાશ ન થાય. પાંચમા ગુણસ્થાને મુનિદીક્ષા લીધી હોય એને પણ એ ચારિત્રમોહનો નાશ ન થાય, જે મુનિદશામાં ચારિત્રમોહનો નાશ થાય છે. એટલે ચારિત્રમોહના વિકલ્પો કોઈ અલ્પ કાળ માટે ઉત્પન્ન થતાં બંધ થાય, તેથી તે ચારિત્રમોહનો દોષ નાશ થઈ ગયો છે એમ માની લેવાની જરાય જરૂર નથી. એ ચારિત્રમોહ કેટલોક કાળ મંદ થયો છે, પાછો એને તીવ્ર થતાં વાર નહિ લાગે અને એ તીવ્ર થાશે ત્યારે તે જીવને ભાન પણ નહિ રહે કે આ મંદતામાંથી આ તીવ્રતામાં સહેજે આટલી ઝપડથી ક્યાંથી આવી ગયો? એ પરિસ્થિતિ થશે.

એટલે દોષને નાશ કરવાનો જે સમ્યક્ ઉપાય છે, જે માર્ગે અનંતા તીર્થંકરો ચાલ્યા, એ માર્ગને છોડીને-છાંટીને નવો ચીલો ચાલવાનો પ્રયત્ન કરે તો તેથી કાંઈ તેને તે માર્ગની સફળતા મળતી નથી, પણ એવા કાંઈક વિચિત્ર રસ્તે એ ચડી જાય છે કે જેને લઈને મૂળ માર્ગમાં આવવામાં એને વધારે કઠણાઈ ઊભી થાય છે, કઠિનતા ઊભી થાય છે. એટલે જેને ધર્મમાં પ્રવર્તવું હોય તેણે તો પ્રથમમાં પ્રથમ સાચી વિધિ શું છે એ જાણીને વિધિના રસ્તે આગળ વધવામાં પોતાની શક્તિને લગાડવી. આ ટૂંકામાં ટૂંકી વાત છે.

કહે છે, ચારિત્રગુણ છે એ અનાદિથી દોષરૂપ પરિણમતો હતો. અનેક પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ વગેરે પરભાવરૂપ એનું આચરણ છે તે બધું આચરણ પરરૂપ છે. પરરૂપ છે એટલે તેવી તેવી કર્મપ્રકૃતિઓને અનુરૂપ તે પરિણામ હોવાથી જેવા કર્મપ્રકૃતિના ભાવ છે તે અનુસાર તેવા જીવભાવ થતાં હોવાથી તે આચરણને પરરૂપ કહેવામાં આવે છે, પરસ્વરૂપ કહેવામાં આવે છે. બેમાં જુદાં પાડવા છે. જે પોતાના સ્વરૂપને અનુસરીને નિર્દોષ વીતરાગભાવ થાય તે સ્વરૂપ ભાવ છે, સ્વરૂપરૂપ ભાવ છે. અને એ સિવાયના કર્મના ઉદયમાં જોડાયને તેવા જ પરિણામ થાય, ક્રોધનો ઉદય હોય ત્યારે જીવભાવમાં એવો જ ક્રોધ થાય તેને પરરૂપ ભાવ કહેવામાં આવે છે. ભાવ જીવનો છે છતાં એને પરરૂપ ભાવ કહેવામાં આવે છે.

'એવું તે આચરણ પરરૂપ છે, તે ચારિત્રમોહકર્મના વિપાકના રહેવાથી રહે છે.'

ત્યાં ચારિત્રમોહકર્મનો વિપાક એટલે ઉદય થાય છે, ઉદય થાય છે એટલે વિપાક હોય છે. એ વિપાકમાં આ જીવ સ્વતંત્રપણે જોડાય છે. એ વિપાક જીવમાં આવીને કાંઈ કરતો નથી પણ જીવ પોતે પોતાના સ્વરૂપમાં સાવધાન નહિ રહેવાથી, નહિ હોવાથી ઉદયની અંદર સાવધાન થાય છે અને એ રીતે એ પોતે એમાં પ્રવર્તે છે. '**વળી એમ એમ પ્રવર્તતાં, પ્રવર્તતા...**' એ રીતે અનાદિકાળથી પ્રવર્તતા પ્રવર્તતા '**કાળલબ્ધિ પામી ચારિત્રમોહકર્મનો કાંઈક વિપાક નાશ થયો ત્યારે એવું બન્યું કે પરભાવરૂપ કુત્સિત આચરણ નાશ પામ્યું.**' હવે કર્મની મુખ્યતાથી, નિમિત્તની પ્રધાનતાથી કથન કરે છે. ઉપાદાનથી, ઉપાદાનની પ્રધાનતાથી આ કથન કરવું હોય ત્યારે એમ થાય કે જ્યારે આ જીવે પોતાના સ્વયંના પુરુષાર્થથી અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમવા ઉપરાંત જ્યારે એ સ્વરૂપ સ્થિરતામાં પરિણમ્યો ત્યારે તેને પરભાવરૂપ કુત્સિત આચરણ ઉત્પન્ન ન થયું તેને પરભાવરૂપ આચરણનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આ ઉપાદાનની વિવિક્ષાથી છે. નિમિત્ત પ્રધાન વિવિક્ષાથી એમ કહેવાય કે ચારિત્રમોહકર્મનો વિપાક નાશ પામ્યો. કાળલબ્ધિ પામીને એવો કાળ આવ્યો. આપણે નથી કહેતા? કે આ ધન્ય ઘડી અને ધન્ય કાળ છે કે આ કાર્ય અમારાથી થયું. તો એ કાળની વિવિક્ષાથી એમ બોલાય છે. એ કાર્યની સંપ્રાપ્તિ માટે એને અનુરૂપ પ્રયત્ન તો જીવનો હોય જ છે. એ વાત વગર કીધે એમાં આવી જાય છે. એ વાત કાંઈ કહેવાની જરૂર રહેતી નથી. એમ કહે છે. કેમકે પદાર્થોને તો સમ્યગ્જ્ઞાનમાં પ્રકરણમાં ભિન્ન ભિન્ન સ્થાપી દીધા કે સર્વ-છએ પદાર્થો ભિન્ન ભિન્ન છે તો પછી કર્મના નાશને લઈને જીવના ભાવનો નાશ થયો એમ કહેવું તો આરોપિત કથન છે. કર્મના ઉદયને લઈને જીવને દોષ થયો એમ કહેવું પણ આરોપિત કથન છે, એમ લેવું.

મુમુક્ષુ :- નિમિત્ત કથન કર્યું હોય ત્યારે ઉપાદાન કથન કાઢી જ લેવું.

પૂજ્ય ભાઈશ્રી :- એનું જ્ઞાન તો ઉપાદાનનું જ હોય, કથન નિમિત્તનું હોય. જ્ઞાન એ અનુસાર ન હોય, કથન અનુસાર જ્ઞાન ન હોય. પાણીનો પ્યાલો લાવો, એમ કથન કરે ત્યારે જ્ઞાન પાણીના પ્યાલાનું જ્ઞાન હોય છે? કથન અનુસાર જ્ઞાન હોય છે? જ્ઞાન તો વાસ્તવિક વસ્તુસ્થિતિ અનુસાર હોય છે. કથન ગમે તેવું હોય. જો વસ્તુસ્થિતિ અનુસાર જ્ઞાન હોય તો કથનનો દોષ નથી, કથન નિર્દોષ ગણાય છે. અને વસ્તુસ્થિતિનું અજ્ઞાન છે તો કથન અનુસાર એનું જ્ઞાન એને સમજાશે અથવા કોઈ સાચું કથન કરશે તોપણ એનું કથન ખોટું છે. એ સાચું કહે તોપણ એ ખોટું કહે છે. પોપટ બે ને બે ચાર કહે તો એનું ખોટું, એનું ગણિત સાચું નહિ. પોપટને

શીખડાવે છે. ઘણા, અનેક ઘરમાં પોપટને એ રીતે શીખડાવે છે. એવા બોલ એને શીખડાવ્યા હોય કે આવનાર પ્રભાવિત થઈ જાય. આવો, પધારો, રામ રામ બોલો. એમ કહે. એવું મીઠું બોલે. એનો અવાજ મીઠો છે. આવનાર પ્રભાવિત થઈ જાય. પણ પોપટને કાંઈ ભાવ નથી હોતો. એને તો જે ગોખાવ્યું છે એ બોલે છે. કોઈ બારણું ઉઘાડીને અંદર આવે તો (આમ બોલવું). પછી ચોર આવે તોય એમ જ બોલે. કેમ એનું ખોટું છે? કે ચોર આવી ગયો હોય તો એને ખબર નથી કે આ ચોર છે કે મહેમાન છે? ચોર સારા વેશમાં પણ આવે છે ને અત્યારે તો? તો ચોર છે કે મહેમાન છે એની ખબર નથી. એ એને એમ જ કહે છે, આવો, પધારો અને રામ રામ બોલો. એટલે કથનથી શું મતલબ છે? સમજણથી મતલબ છે ખરેખર તો.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કીધું કે ભગવતી માતાને વીંટળાઈને રહેશે એનો બેડો પાર થઈ જશે. એ કથનમાં શું કહેવું?

પૂજ્ય ભાઈશ્રી :- કથનમાં એમ કહે, જ્ઞાની પ્રત્યે સમર્પણ ભાવ કોઈ એવો જ હોવો જોઈ કે જેને સર્વ સમર્પણ કહેવામાં આવે છે. એમ કહેવું છે. અને ઓળખીને. ઓળખીને સર્વ સમર્પણ આવે તો જ્ઞાનપૂર્વક આવે છે. એમ ને એમ ઓઘે ઓઘે આવે તો કોઈ વાર એમાંથી બદલી જવાનો પ્રસંગ બને ખરો. પણ... અને થોડી સામાજિક પરિસ્થિતિનો પણ ખ્યાલ આવ્યો એટલે પણ એ સૂચના કરી કે ગડબડ પોતાના પરિણામમાં ન વધી જાય એટલા માટે પણ આ એક ઠેકાણું છે કે જ્યાંથી તમારા પરિણામ નહિ બગડવાનું કારણ થશે. એવો થોડો એની અંદર સંકેત પણ છે. લગભગ છેલ્લા દસેક વર્ષથી સામાજીક પરિસ્થિતિ એમના ખ્યાલમાં હતી. અને એમની આજ્ઞાને અનેક જીવો અવગણાતા હતા એ પણ એમના ખ્યાલમાં હતું. એટલે પૂજ્ય બહેનશ્રીની પ્રશંસા પણ પહેલાં નહોતા કરતા એથી વિશેષ કરતા હતા. કોઈ સમજદાર લોકોનું ધ્યાન ખેંચાય એટલા માટે. ઊંધા પડે એને તો એ પણ અણગમો થાય કે આ શું વારવાંર ગુરુદેવ આવી ને આવી વાત કરે છે? એટલે એ તો સમજણ ઉપર આખો આધાર છે. પણ આવા નિકૃષ્ટ કાળમાં આ ધરતી ઉપર આવા સમ્યગ્જ્ઞાની હોવા એ એક બહુ મોટી વાત છે, બહુ જબરજસ્ત વાત છે. જેને તરવું હોય એના માટે તો એક ગજબનો વિષય છે. બાકી રખડવું હોય એનો તો કોઈ ઉપાય છે નહિ.

'ગુરુદેવ' જેવા મહાપુરુષ, એમણે આવી મોટી વાત કરી તો કાંઈક ગંભીર રહસ્ય છે એવું વિચિક્ષણ જીવને સમજાવું ઘટે છે. જો વિચિક્ષણાતા હોય તો સમજાવું જોઈએ.

પોતે એ જાતનું Certificate લેવા જાય. ગમે એટલા આડંબર કરે, ગમે એટલા ડોળ કરે, ઉછળી ઉછળીને દાન આપે, ઉછળીને ઉછળીને કામ કરે, અનેક પ્રકારની બાધા, આખડી ને સંયમ લ્યે, અનેક પ્રકારે વાંચન કરે, ત્યાં બેસી જાય, ગમે ઈ કરે પણ Certificate મેળવવા જાય તો ખબર પડે. એમના જ્ઞાનમાં એ વાત આવે અને એ કહે એ જુદો જ વિષય છે. એમ ને એમ એ ગમે તેને ગમે તેવું Certificate આપી દયે નહિ. આટલી બધી વાત અતિશયોક્તિ બીજાને લાગે એવી વાત લાગે ત્યારે એમ સમજવું કે આ કાંઈક ઊંડી વાત છે અને ગંભીર વાત છે અને હિત માટેની બહુ વજનદાર વાત છે. એટલું તો ઓછામાં ઓછું એના લક્ષમાં આવવું જોઈએ. શું કહે છે?

'**ચારિત્રમોહકર્મના વિપાકના રહેવાથી...**' એટલે કે એ વિપાકને અનુસરવાથી જીવને ચારિત્રમોહના અનેક દોષ થયા અને કાળલબ્ધિ પામીને, પુરુષાર્થના નિમિત્તે કાળલબ્ધિ પામીને ચારિત્રમોહકર્મનો ઉદય નાશ પામ્યો ત્યારે અહીંયાં જીવના એ કુત્સિત ભાવરૂપ, દુષ્ટ ભાવરૂપ, દોષિત ભાવરૂપ આચરણ પણ ન થયું, ન થયું એને નાશ પામ્યું એમ કહેવામાં આવે છે. '**અને અનાદિથી આચરણનો નિજજાતિરૂપ-સ્વભાવશક્તિરૂપ સ્વભાવભાવશક્તિરૂપ જે ભાવ ગુપ્ત થઈ રહ્યો હતો તે ભાવ ત્યારે જ કાંઈક વ્યક્તરૂપે થઈ પ્રગટરૂપે પરિણમ્યો.**' અને અનાદિથી જે આચરણનો નિજ જાતિરૂપ સ્વભાવભાવ શક્તિરૂપ, સ્વભાવશક્તિરૂપ સ્વભાવભાવ, જે શક્તિરૂપ ગુપ્ત થઈ રહ્યો હતો એટલે શક્તિરૂપ જ અનાદિથી પડ્યો હતો. વ્યક્ત નહોતો થયો. શુદ્ધ આચરણરૂપે વીતરાગભાવરૂપ નહોતો થયો. તે ભાવ ત્યારે જ કાંઈક વ્યક્તરૂપે થઈને પ્રગટરૂપે પરિણમ્યો. ક્યારે? કે જ્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થયું ત્યારે. '**તે કેવો પ્રગટ્યો છે?**' જે ચારિત્રગુણના વિભાવનું વર્ણન કર્યું હતું એ હવે સવળો થતાં સ્વભાવનું (પરિણમન થયું). ત્યાં પણ કાંઈક લીધું, જોયું? '**તે ભાવ ત્યારે જ કાંઈ વ્યક્તરૂપે થઈ...**' થોડો આશિંકરૂપે. મોક્ષમાર્ગમાં મિશ્રભાવ છે ને? એટલે આંશિક શુદ્ધ છે અને આંશિક અશુદ્ધ છે. એવું શુદ્ધાશુદ્ધ મિશ્ર પરિણમન છે એને અહીંયાં મિશ્રધર્મ કહેવામાં આવ્યો છે. સાધકને જે ધર્મ છે તે મિશ્રધર્મ છે, એમ કહેવું છે. જોકે ત્યાં પણ એટલું તો લેવું કે જે શુદ્ધતા છે, જે અંશમાં શુદ્ધતા છે તે અંશમાં અશુદ્ધતા નથી. શુદ્ધતાના અંશમાં અશુદ્ધતા નથી. અને જે અંશ અશુદ્ધ ભાવરૂપ છે તેમાં શુદ્ધતા નથી.

એટલે તો ચિઠ્ઠીમાં 'પરમાર્થ વચનિકા'માં એ વાત લીધી કે પરસત્તાવલંબનશીલ જ્ઞાનને કોઈપણ કોઈપણ જ્ઞાતા એને મોક્ષમાર્ગ કહેતા નથી અથવા મોક્ષમાર્ગ જાણતા નથી. જે જ્ઞાન-જે જ્ઞાનનો અંશ પરસત્તાને અવલંબે છે, એ મોક્ષમાર્ગરૂપ નથી. જેટલું

નિજસત્તાનું અવલંબનપણું છે એટલો જ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગીને એક પર્યાયમાં બે ભાવ છે.

મુમુક્ષુ :- ઈ જે પર્યાય છે, શ્રદ્ધા-જ્ઞાન એમ ચારિત્ર પણ આવે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કહ્યું ને. વીતરાગતા પણ છે અને સરાગતા પણ છે. એ તો અધિકાર છે. ચાલુ અધિકાર એ છે. જે અનાદિથી પૂરેપૂરું વિભાવરૂપ આચરણ થતું હતું, દોષરૂપ આચરણ થતું હતું તે કાંઈક વ્યક્તરૂપે થઈને શક્તિનું શુદ્ધ પરિણમન થવા લાગ્યું. એ કેવું થવા લાગ્યું? એ શુદ્ધતા થઈ ત્યારે શું થયું?

'**જે નિત્ય એક જાતિરૂપ, સ્વજીવવસ્તુસ્વભાવ, તે નિજવસ્તુસ્વભાવની અંદર સ્થિરરૂપ થઈને,...**' જુઓ! અહીંયાં સ્થિરતાની વાત લીધી. ચારિત્રની વાત છે ને? એટલે સ્થિતરતાની વાત લીધી. અહીંયાં જાણવાની વાત હતી. ૪૧ પાને પહેલાં Paragraph માં. '**જીવની જ નિજ જાતિને-વસ્તુગુણપર્યાયની સત્ય (સત્તારૂપ) પ્રત્યક્ષ સ્વજાતિને જીવરૂપ જાણી...**' ત્યાં જાણવાની વાત લીધી છે. કેમકે ત્યાં જ્ઞાનનું પ્રકરણ ચાલે છે. એવી જ રીતે અહીંયાં ૩૯ પાને પહેલો Paragraph શ્રદ્ધાનનો છે. '**જીવનો જે એક સમ્યક્ત્વગુણ તેનું લક્ષણ આસ્તિક્ય;...**' આસ્તિક્યતા એટલે પ્રતીતિ. એ પ્રતીતિ એટલે પોતાના અસ્તિત્વની પ્રતીતિ. એ ૪૦ પાને પહેલો Paragraph છે. '**નિજવસ્તુજાતિની-નિશ્ચયવસ્તુગુણપર્યાયની, પ્રત્યક્ષ સત્તારૂપ અને પરદ્રવ્યગુણપર્યાયની જુદી પ્રત્યક્ષ સત્યરૂપ (સત્તારૂપ) ઠીકતા...**' ઠીકતા એટલે આસ્તિક્યતા. બરાબરપણાની શ્રદ્ધા. '**એવી આસ્તિક્યશક્તિનો જાતિભાવ છે.**' એટલે શ્રદ્ધાગુણનો એવો જાતિભાવ છે. અહીંયાં નિજ ગુણ-પર્યાયને પ્રત્યક્ષપણે સ્વજાતિને સ્વજાતિપણે જ્ઞાયકરૂપ જાણવી, ચેતનારૂપ, વેદકરૂપ તે પોતાનો જાતિરૂપ સ્વજ્ઞાન ભાવ છે, સ્વસંવેદનરૂપ જ્ઞાનભાવ છે. એ જ્ઞાનમાં લીધું. અને ચારિત્રમાં સ્થિર થવાની વાત લેવી છે. કેમકે ચારિત્રના પરિણમનમાં સ્થિરતા-અસ્થિરતારૂપ ભાવને ચારિત્રપણું કહેવામાં આવે છે.

જે નિત્ય છે, એક જાતિરૂપ છે, સ્વજીવવસ્તુસ્વભાવ ભાવ છે. જે સદાય છે, અનાદિઅનંત છે. એક જાતિરૂપ એટલે જેમાં કોઈ જાતિનો ફેરફાર થતો નથી. સદાય સામાન્ય જીવસ્વરૂપે રહે છે. એવી જે પોતાની જીવવસ્તુનો સ્વભાવ તે નિજ વસ્તુસ્વભાવની અંદર સ્થિરરૂપ થઈને, તેનો આશ્રય કરીને તેમાં સ્થિરતા પ્રગટ કરીને જે વિશ્રામરૂપ, ઠરવારૂપ ભાવ થયો. વિશ્રામરૂપ સમાધિરૂપ ભાવ થયો, એકાગ્રતારૂપ ભાવ થયો. અને સ્થિતિરૂપ-સ્થિરતારૂપ ભાવ થયો. એવું '**આચરણ પ્રવર્તતું પરિણમ્યું...**' એવી સ્થિતિરૂપ આચરણ પ્રવર્તતું પરિણમ્યું અને '**કેવળ નિજવસ્તુસુખને સ્વાદતું પરિણમ્યું,...**' આ આચરણની સાથે સુખને લઈ લ્યે છે. કોઈવાર તો સુખ અને

આચરણને એકાર્થમાં જ ગણવામાં આવે છે. જ્યાં સ્વરૂપવિશ્રામ થયો, જ્યાં સ્વરૂપસમાધિરૂપ પ્રવર્તવું થયું ત્યાં નિજવસ્તુના સુખનું આસ્વાદન પણ થયું-વેદન પણ થયું. સુખનો અનુભવ થયો. એ આચરણમાં સુખાનુભવ છે. '**કેવળ નિજવસ્તુસુખને સ્વાદતું પરિણમ્યું,...**' આચરણ સાથે એ વાત લીધી. પેલા બે ગુણ સાથે સુખને નહોતું જોડ્યું. આચરણ સાથે સુખને જોડ્યું. પ્રગટ સુખનો અનુભવ થયો. '**કેવળ નિજવસ્તુસુખને સ્વાદતું પરિણમ્યું...**'

'**એવું આચરણ નિજજાતિરૂપ સ્વભાવે પરિણમ્યું, વ્યક્ત થયું.**' એવું કાંઈક આંશિકપણે વ્યક્ત થયું. જ્યારે ચારિત્રગુણ સમ્યક્પણે પરિણમવા લાગ્યો ત્યારે એમાં આ શરૂઆત થઈ. પોતાના સ્વરૂપવિશ્રામનો ભાવ થયો. સ્વરૂપસ્થિરતા થઈ. પ્રથમ જ સમ્યગ્દર્શનના કાળમાં ઉપયોગ આત્મામાં સ્થિર થયો એવી જે ઉપયોગની સ્વરૂપ સ્થિરતા એને જ શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. જે ઉપયોગ પોતાના સ્વરૂપમાં સ્થિર ન થાય તે ઉપયોગને અશુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. એ શુદ્ધઉપયોગ નથી પણ અશુદ્ધઉપયોગ છે.

મુમુક્ષુ :- એક વાર શુદ્ધ થયો એટલે ત્રણે અંશ શુદ્ધ થઈ જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, થઈ જ જાય. કેમકે કોઈ એક ગુણ જુદો નથી પરિણમતો. દ્રવ્ય આખું પરિણમતું હોવાથી સમ્યક્ત્વ અવસ્થામાં આખું દ્રવ્ય સમ્યક્ ભાવે પરિણમે છે. તો યથાસંભવ બધા ગુણોની શુદ્ધતા અને સમ્યક્તા પ્રગટ થાય છે. શરૂ થઈ ગઈ. કોઈ ગુણ અસમ્યક્ રહે એવું બને નહિ. એવી રીતે સમ્યક્તા આખા દ્રવ્યમાં વ્યાપેલી છે.

'**એવું આચરણ નિજજાતિરૂપ સ્વભાવે પરિણમ્યું, વ્યક્ત થયું.**' અને એવો ચારિત્રગુણનો સ્વરૂપસ્થિરતારૂપ પરિણમવાનો જ સ્વભાવ છે. સ્વરૂપથી અસ્થિરતા આવે તે ચારિત્રનો વિભાવ છે. પછી તે અસ્થિરતા દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે આવે કે તે અસ્થિરતા વ્યવહાર ચારિત્રને કારણે આવે તે બધાને ત્યાં વિભાવ ગણવામાં આવે છે. એ બધો વિભાવ અને બધો દોષ છે. એ ઓછા જાણે છે, એને દોષ ઓછા જાણે છે. વ્યવહાર ચારિત્ર છે માટે એને ગુણ ગણવો. એ ગુણ નથી. ગુણ અને દોષની જાતિ બરાબર ઓળખવી જોઈએ. ગુણને ગુણજાતિ ઓળખે તો ગુણ માને, નહિતર દોષને પણ ગુણ માનવા લાગે.

મુમુક્ષુ :- સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં સર્વ ગુણોના યથાસંભવ અંશો સમકિત થયા, સમ્યક્ થયા, આત્માભિમુખ થયા, શુદ્ધ થયા. એવું સમ્યક્ત્વનું સ્વરૂપ છે. માત્ર એકલો શ્રદ્ધાગુણ

પરિણમે છે એમ નથી. માત્ર શ્રદ્ધા અને જ્ઞાન બે જ પરિણમે છે એમ પણ નથી. આચરણ પણ હોય છે.

'**જે કાળે ભવ્ય જીવને એ ત્રણે મુખ્ય ગુણો (સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર) સ્વભાવભાવરૂપે એ પ્રમાણે પરિણમ્યાં, તે કાળ તે વસ્તુ જ અભેદરૂપે સ્વભાવરૂપ પરિણમી.**' એ ત્રણ ગુણો જ્યાં સ્વભાવરૂપે પરિણમ્યા ત્યારે મુખ્ય ગુણ જોઈને એનો આખો આત્મા પરિણમ્યો એમ કહેવામાં આવે છે. નથી કહેતા? ગામનું કોઈ પંચ આવે. રાજાના દરબારમાં પાંચ શેઠિયાઓ મુખ્ય થઈને આવે તો એમ કહે, આ ફલાણું ગામ આવ્યું. શું કહે? આ ફલાણું ગામ આવ્યું એમ કહે. આખું ગામ ત્યાં ગયું છે? એ ગામનું પ્રતિનિધિત્વ જે ધરાવે છે એવા મુખ્ય માણસો ગયા. એમ આત્માના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ પ્રધાન ગુણો છે, મુખ્ય ગુણો છે. એ જ્યારે શુદ્ધ સ્વભાવરૂપ પરિણમે છે ત્યારે આત્મા સ્વભાવરૂપ પરિણમ્યો એમ કહેવામાં આવે છે, એમ ગણવામાં આવે છે. આત્મા પરિણમ્યો, દ્રવ્ય પરિણમ્યું એમ કહેવામાં આવે છે. એટલે તે કાળે તે વસ્તુ જ અભેદરૂપે સ્વભાવરૂપ પરિણમી.

'**વસ્તુનો આ નિજજાતિસ્વભાવ તો કુત્સિત વિપાકભાવના રંગરહિત...**' દ્રવ્યકર્મના વિપાકના ભાવના રંગરહિત '**દૈદીપ્યમાન છે.**' લ્યો, રંગ વગરનો ચોખ્ખો જીવનો પ્રકાશ છે એમ કહેવા માગે છે. પ્રકાશ છે. જરા ભાવથી એ વાત લીધી છે. વિશેષ લઈશું....

તા. ૧-૬-૧૯૮૬, પાના નં. ૪૩, પ્રવચન નં. ૨૮

'આત્માવલોકન', (પાનું-૪૩). નીચેથી છઠ્ઠી લીટી છે. મિશ્રભાવના અધિકારમાં ચારિત્રગુણનું સ્વભાવરૂપ અને વિભાવરૂપ પરિણમન કેવું થાય છે, એ વિષય ચાલે છે. એમાં એમ કહ્યું કે જેમ દર્પણની સામે કોઈપણ પદાર્થ હોય છે તો દર્પણમાં એનું પ્રતિબિંબ પડે છે. સ્ફટિકની નજીક કોઈ પદાર્થ હોય તો સ્ફટિકમાં તેની ઝાંય આવે છે. તે જ પ્રકારે પુદ્ગલકર્મનો વિપાક આવે છે તેની ઝાંય જીવ ચૈતન્યભાવમાં આવે છે. ક્યારે? કે ચૈતન્યઆત્મા પોતે પોતાના સ્વરૂપને અનુસરીને, સ્વરૂપને અનુલક્ષીને સ્વરૂપના ભાનમાં ન હોય ત્યારે. જો સ્વરૂપના ભાનથી પોતાનું પરિણમન પોતાને સ્વદ્રવ્ય અનુસારી હોય તો ત્યારે એને પુદ્ગલકર્મ આપોઆપ વિનાશ પામે છે. અથવા ત્યારે કર્મવિપાક છે એ નિર્જરે છે અથવા ઉપશમી જાય છે. એટલે કે એમાં કોઈ કર્મવિપાકનો સામે જે પ્રતિભાવ આવવો જોઈએ, પરભાવ ઉત્પન્ન થવો જોઈએ એવો પરદ્રવ્ય અનુસારી ભાવ ઉત્પન્ન થતો નથી.

ચૈતન્યનો પરદ્રવ્ય અનુસારી ભાવ પુદ્ગલકર્મના નિમિત્તે હોવાથી પુદ્ગલકર્મને આધીન છે એવું કહેવાય છે. પાછળ સ્પષ્ટતા કરશે કે દરેક પોતપોતાની... નીચે ભાવાર્થથી એ વાત શરૂ કરે છે કે દરેક પદાર્થમાં કાર્ય તો પોતાને કારણે થાય છે, પણ ચિત્વિકારમાં પુદ્ગલકર્મ નિમિત્ત છે. નિમિત્ત છે એટલે ચૈતન્યઆત્માએ પોતે જ કર્મના વિપાકનું અવલંબન લીધું છે. કર્મના વિપાકને અનુસરવાનું કાર્ય પોતે જ કર્યું છે એમ ત્યાં કહેવું છે. ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે.

બહારમાં નોકર્મથી એ સમજાવ્યું છે કે એકસાથે અનેક વિષયો બહારમાં ઉપસ્થિત છે. આંખથી દેખાવાયોગ્ય વિષયો પણ બહારમાં મોજૂદ છે, કાનથી સંભળાવા યોગ્ય એવા અવાજો પણ મોજૂદ છે, નાકથી સૂંઘવા યોગ્ય એવી સુગંધ કે દુર્ગંધ પણ મોજૂદ છે. પણ ઉપયોગ જેને અવલંબે તે પદાર્થને ત્યારે નિમિત્ત કહેવાય છે. જ્યારે કાનથી સાંભળે ત્યારે એને શ્રવણ થવા યોગ્ય જે વચનવર્ગણાના પરમાણુ છે એને નિમિત્ત બનાવ્યું અને તે કાળે તેણે બીજા દર્શનીય પદાર્થોને નિમિત્ત નથી બનાવ્યા. દર્શનીય પદાર્થો ત્યારે ઉપસ્થિત છે. સાંભળે છે ત્યારે આંખ ખુલ્લી છે, પણ ઉપયોગ એમાં નથી તો આત્માને એનું નિમિત્તપણું લાગુ પડતું નથી. શું એનો અર્થ થયો?

કે આત્મા પોતે જ્યારે એમાં ઉપયોગ આપે છે, અવલંબે છે ત્યારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ગણવામાં આવે છે. ન કરે તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. પદાર્થની ઉપસ્થિતિ છે, પદાર્થની હયાતી છે પણ ત્યારે નિમિત્ત ગણવામાં આવતું નથી.

અથવા ગુરુ-શિષ્યમાં એવું લાગુ પડે છે. અનેક શિષ્યમાંથી જે શિષ્ય ગુરુ પાસેથી વિદ્યા શીખે છે ત્યારે એને ગુરુ નિમિત્ત ગણાય છે. પણ જે શિષ્ય વિદ્યા શીખે જ નહિ એને ગુરુ કેવી રીતે નિમિત્ત છે? એને ગુરુનું નિમિત્તપણું કહેવાતું નથી. એ સ્પષ્ટતા ભાવાર્થથી કરશે.

અહીંયાં એટલે લેવું છે કે '**વળી તે નિજજાતિરૂપ જીવવસ્તુસ્વભાવભાવ નિજવસ્તુની સત્તાને આધીન છે.**' એટલે નિજજાતિરૂપ જે જીવવસ્તુસ્વભાવભાવ પ્રગટ થયો, શુદ્ધભાવ પ્રગટ થયો તે પોતાના નિજાવલંબનથી, નિજ અવલંબનથી પોતાને આધીન-પોતાને આશ્રયે પરિણમ્યો છે. '**તે પોતે જ વસ્તુ સ્વભાવ છે.**' એવો જ વસ્તુનો સ્વભાવ છે. '**પુદ્ગલકર્મવિપાકના નાશથી તે સ્વભાવનું પ્રવર્તવું છે-તે સ્વભાવનું પ્રગટવું છે.**' તે જ કાળે પુદ્ગલકર્મનો વિપાક નહિ હોવાને લીધે, તે વિપાક નાશ થયો હોવાને લીધે. એટલે? અહીંયાં ઉદયમાં આવવા યોગ્ય હતા પણ ઉપશમી ગયા. જેમકે દર્શનમોહના પરમાણુ ઉદયમાં આવવા યોગ્ય હતા પણ એ ઉદયાવલીમાં આવે એ પહેલાં જ ઉપશમી ગયા. ઉદયાવલીમાં આવે ઉદયમાં આવે એમાં તો બીજો કાંઈ ફેરફાર ન થઈ શકે. ઉદય પહેલાં કેટલાક કાળને ઉદયાવલીનો કાળ કહેવામાં આવે છે. આવલી કાળનું પરિમાણ છે. કેટલાક સમયના, અસંખ્ય સમયના કાળનું પરિમાણ છે એને આવલી કહે છે. ઉદયમાં આવ્યા પહેલાં ઉદયાવલીના કાળમાં એ પરમાણુ ઉદયમાં આવે જ. એ કર્મપરમાણુનો વિપાક થયા વિના રહે નહિ અને જે વિપાકમાં આવી ગયા હોય એમાં પણ અવિપાક થાય કે ઉપશમ થાય પછી એમાં કોઈ ફેરફાર ન થાય. જેમકે આયુષ્ય અત્યારે ઉદયમાન છે. તો જે આયુષ્યકર્મ ઉદયમાન છે, હવે કોઈનું આયુષ્ય વધેઘટે નહિ. કોઈ વૈદ્ય-ડૉક્ટર એમ કહે કે અમે થોડું આયુષ્ય લંબાવી દઈએ. તો એ વાત સમજણ વગરની છે. અથવા કોઈ એમ કહે કે અમે કોઈનું આયુષ્ય ટુંકાવીને એને મારી નાખી શકીએ છીએ તો એ પણ સમજણ વગરની વાત છે. ન તો કોઈને કોઈ મારી શકે, કોઈ જીવાડી શકે, કોઈ લાંબુ-ટૂંકું આયુષ્ય કરી શકે. કેમકે એ ઉદયમાન કર્મ થઈ ગયું. જે ઉદયમાં છે એમાં ફેરફાર કરી શકાતો નથી. કોઈપણ સાધનાંતર દ્વારા એમાં કાંઈ કામ આવતું નથી. ઇન્દ્ર, જિનેન્દ્ર, નરેન્દ્ર કોઈ એમાં-આઠે કર્મમાં ફેરફાર કરી શકતા નથી.

અહીંયાં જ્યારે પોતાની નિજ વસ્તુને આધીન પરિણમે છે, જીવ જ્યારે પોતાને

નિજજાતિરૂપ વસ્તુસ્વભાવભાવે પરિણમે છે ત્યારે પુદ્ગલકર્મનો વિપાક એને હોતો નથી. એ ભાવને પુદ્ગકર્મનો કોઈ વિપાક, કોઈ ઉદય એને લાગુ પડતો નથી, હોતો નથી. ત્યારે એણે પુદ્ગલકર્મનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. એને પુદ્ગલકર્મ ઉદયમાં ન આવ્યા એને જ નાશ કર્યો એમ કહેવામાં આવે છે. પરભાવની ઉત્પત્તિ ન થઈ એને જ નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અને એ પ્રકારે સ્વભાવભાવનું પ્રવર્તવું છે. જેમ વિભાવભાવનું પ્રગટવું પુદ્ગલકર્મના વિપાકના નિમિત્તે, વિપાકને અવલંબે છે, એવી જ રીતે સ્વભાવભાવનું પ્રગટવું પુદ્ગલકર્મના નાશથી છે. એમ સામેસામું પરિણમન નિમિત્ત-નૈમિત્તિક રીતે છે.

'**તેથી સ્વભાવભાવ પુદ્ગલકર્મના વિપાકના રંગથી સહજ જ રહિત છે.**' તેથી જે સ્વભાવભાવ છે એ સ્વભાવભાવમાં કોઈ પુદ્ગલકર્મના વિપાકનો રંગ, રંગ એટલે કોઈ પ્રતિબિંબ એમાં પડતું નથી. જેમ સ્ફટિકમાં ઝાંય આવે એવી અહીંયાં ઝાંય આવતી નથી. સ્ફટિકમાં ઝાંય ક્યારે આવે છે? કે સ્ફટિકની નજીક કોઈ રંગીન પદાર્થ છે ત્યારે. પણ રંગીન પદાર્થ જ નથી પછી ઝાંય આવવાનો પ્રશ્ન રહેતો નથી. એવી જ રીતે અહીંયાં કર્મવિપાક નથી. તો કર્મવિપાકનો કોઈ રંગ એની અંદર આવવાનો પ્રશ્ન નથી. એ રંગથી રહિત જ છે. '**તેથી સ્વભાવને એક 'વીતરાગ' એ નામ પણ પ્રાપ્ત થયું.**' તેથી એવો જે સ્વભાવભાવ-રંગ વિનાનો, રાગ વિનાનો જે સ્વભાવભાવ પ્રગટ થયો તેમાં રાગ પહેલા થતો હતો તે વીતી ગયો, વ્યતીત થઈ ગયો, ચાલ્યો ગયો એવી સ્થિતિ જોઈને એને વીતરાગ એવું નામ આપવામાં આવે છે. એ ભાવનું નામ, સ્વભાવભાવનું બીજું નામ વીતરાગભાવ કહેવામાં આવે છે. એ વીતરાગભાવ જેટલો છે એટલો જ જૈનધર્મ છે, એટલો ધર્મ છે. જેટલો વીતરાગભાવ એટલો ધર્મ છે. સરાગભાવ સાધક અવસ્થામાં છે એટલો ધર્મ નથી એને. અને સાધક અવસ્થામાં બન્ને અંશો વિદ્યમાન હોવાથી એને મિશ્રધર્મ કહેવામાં આવે છે.

'**વીતરાગ' એ નામ પણ પ્રાપ્ત થયું. તે સ્વભાવભાવ આસન્નભવ્ય જીવને પ્રગટ પરિણમ્યો.**' જે ભવ્ય જીવ છે, નજીકમાં જેને સંસાર પૂરો થવાની તૈયારી છે. પછી થોડાક ભવ રહ્યા હોય તોપણ એ આસન્ન ભવ્ય જ કહેવાય છે. અનંત કાળમાં કેટલાક ભવ છે, આંગળીને વેઢે ગણી શકાય એ કાળનો બહુ એટલો લાંબો હિસાબ નથી. એ તો કાળના સમુદ્ર પાસે એક બિંદુ જેટલો કાળ છે. એટલો મોટો અનાદિઅનંત કાળ છે કે જેની પાસે એક ભવ, બે ભવ, ચાર-પાંચ-સાત ભવ હોય તો એ બધા કાળના બિંદુ જેટલા છે. સમુદ્રની પાસે પાણીના બિંદુ જેટલા છે. એટલે એને આસન્ન ભવ્ય કહેવામાં આવે છે. આસન્ન એટલે નજીક. ભવ્ય એટલે ભવ્યતાનો પરિપાક જેને

છે તે. એને એ પ્રગટરૂપે પરિણમ્યો છે.

એથી એમ પણ સ્પષ્ટ થાય છે કે સ્વભાવભાવ એટલો પ્રબળ છે, સ્વભાવભાવનું બળવાનપણું એટલું બધું છે કે તે પ્રગટ થયા પછી અનાદિના સંસારના સંસ્કાર છે એને નાશ પામતા લાંબો કાળ લાગતો નથી. બહુ અલ્પ કાળમાં અનંત કાળના જે સંસારના સંસ્કાર છે એનો નાશ થઈ જાય છે. એટલો, સ્વભાવભાવ છે એ એટલો પ્રબળ છે. એનું બળવાનપણું ઘણું છે એમ કહેવું છે. જેમ અનંત કાળનું અંધારુ હોય તો પ્રકાશ થતા એ અંધારાને નાશ કરતા કેટલો સમય લાગે? બળવાન કોણ? અનંત કાળ રહેલું અંધારું કે પ્રગટ થયેલો પ્રકાશ? પ્રકાશનું બળવાનપણું છે, અંધારાનું નહિ.

ભાવાર્થ :- '**અનાદિથી જીવની પરિણતિ જેવી રીતે અશુદ્ધ થઈ રહી છે તેવી રીતે કહેવામાં આવે છે.**' '**અનાદિથી જીવની પરિણતિ જેવી રીતે અશુદ્ધ થઈ રહી છે...**' ફરીને ભાવાર્થની અંદર અશુદ્ધતાથી એ વાત લ્યે છે. પહેલાં અશુદ્ધતાની પરભાવની વાત લ્યે છે, પછી સ્વભાવની વાત લ્યે છે. જે ક્રમ છે એનો જ ભાવાર્થ છે. '**અનાદિથી જીવની પરિણતિ જેવી રીતે અશુદ્ધ થઈ રહી છે તેવી રીતે કહેવામાં આવે છે :- જીવની ચિત્વિકાર પરિણતિ થવામાં અનાદિ કાળથી પુદ્ગલ તો નિમિત્ત થયું.**' જીવની ચિત્વિકાર પરિણતિ થવામાં અનાદિ કાળથી પુદ્ગલકર્મનો ઉદય છે એ નિમિત્ત થયો.

'**વળી તે ચિત્વિકાર પરિણતિ પરિણમતી થકી, તે પુદ્ગલને કર્મત્વપરિણામ થવામાં નિમિત્ત થાય છે.**' અને એ પરિણતિ પોતે કાર્મણવર્ગણામાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય આદિ અનેક પ્રકારે કર્મની પ્રકૃતિ ઉત્પન્ન થવામાં એ જીવનો વિકૃત ભાવ નિમિત્ત થાય છે. કર્મનો ઉદય જીવને વિકૃત પરિણામમાં નિમિત્ત થયો, જીવનો વિકારી પરિણામ નવા કર્મને ઉત્પન્ન થવામાં નિમિત્ત થયો. આમ આપોઆપ ચાલે છે. '**આ રીતે,...**' એ શરીરના કાર્ય જેવું છે. આહાર લ્યે તો આહારમાંથી શરીરની શક્તિને પોષણ મળે. શરીરને પોષણ મળે, શરીરને શક્તિ મળે એવા પદાર્થો એ શરીરના કાર્યોમાં પાછા વપરાય. Consume થઈ જાય જેને એમ કહેવામાં આવે છે. જેમકે પિત્ત ઉત્પન્ન થાય છે. તો ખોરાકમાંથી પિત્ત ઉત્પન્ન થાય અને ઉત્પન્ન થયેલું પિત્ત ખોરાકને પચાવે. તબીબી વિજ્ઞાન જાણતા હોય એને ખ્યાલ હશે કે ખોરાકમાંથી જ પિત્તની ઉત્પત્તિ થાય અને એ પિત્તાશયમાંથી જ પિત્ત ઝરીને પાછો ખોરાકને પચાવે. એમ Cycle જેવું એ ચાલ્યા કરે છે.

એમ જીવને જે સંસાર છે એ સંસારમાં પણ Cycle જેવું છે. પૂર્વકર્મનો ઉદય

નિમિત્ત આવે કે જે એના જ ચિત્વિકારથી બંધાયેલા કર્મો છે. એનો ઉદય આવે, એના નિમિત્તે જીવને ચિત્વિકાર થાય. એ ચિત્વિકાર પરિણતિ થાય તે જ કાળે પાછા નવા કર્મનું બંધન થાય. આમ એકસાથે બે કામ ચાલુ રહે છે. અને એ રીતે એ ચક્કર ચાલ્યા જ કરે છે.

મુમુક્ષુ :- જીવને સમ્યગ્દર્શન થઈ જાય પછી એ ધારા તૂટી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનાદિની એ શ્રૃંખલા તૂટી જાય છે. પહેલોવહેલો વીતરાગભાવ થાય છે, શુદ્ધોપયોગ થાય છે ત્યારે જે મૂળ સંસારમાં રખડવનારી જે પ્રકૃતિ નિમિત્તભૂત થાય છે એ દર્શનમોહની-મિથ્યાત્વની પ્રકૃતિ છે. એ પ્રકૃતિ ઉપશમી જાય છે. જીવના પુરુષાર્થનું નિમિત્ત પામીને જીવની અંતર્મુખતાનું નિમિત્ત પામીને. અહીંયાં જીવના પરિણામ અંતર્મુખ થાય છે તો પેલી બાજુ કર્મ ઉપશમી જાય છે, એનો ઉદય નથી આવતો. પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વની પ્રકૃતિનો ઉદય, મિથ્યાત્વમોહનીનો ઉદય ન હોય. એટલે એ સમ્યગ્દર્શનનું નામ પણ ઉપશમ સમ્યગ્દર્શન એવું નામ પાડવામાં આવ્યું છે. પ્રથમ ઉપશમ. એ પહેલીવહેલી સાંકળ ત્યાંથી તૂટે છે અને સંસાર છેદાય છે.

અહીંયાં એટલા માટે તો એ વાત લીધી ને કે એવો જે આસ્તિક્યભાવ પ્રગટ થયો તે જાતિભાવ... ૪૦ પાને ઉપરથી ત્રીજી લીટી, '**તે જાતિભાવ અતિશયપણે વ્યક્ત-પ્રગટ થયો.**' સાતિશયપણે વ્યક્ત થયો. શું એનું અતિશયપણું છે? એણે પ્રગટ થતાવેંત અનંત સંસારને છેદ્યો. ગમે તેટલા ઊંચા શુભભાવ કરે, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના મુનિદીક્ષા અંગીકાર કરીને મુનિયોગ્ય શુદ્ધ આચાર, જિનોક્ત શુદ્ધ આચાર પાળે તોપણ એનાથી સંસાર ન મટે. સંસારનો અભાવ ન થાય. પણ અવિરત ગુણસ્થાને ચકલું, દેડકું હોય, બળદ હોય, સિંહ હોય, સિંહ હિંસક પ્રાણી છે, સર્પ છે, જો એ અંતર્મુખ થઈને ઉપશમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તો તે કાળે એનો અનંત સંસાર છેદાય. ઊંચામાં ઊંચા શુભભાવથી સંસાર નથી છેદાતો, ઊંચામાં ઊંચા પુણ્ય બંધાય છે. પછી ભલે એ ૩૧ સાગરની સ્થિતિએ દ્રવ્યલિંગી થઈને નવમી ગ્રૈવેયક પર્યંત જાય, પણ એનાથી નવું આયુષ્ય પડે, નવો બંધ પડે. એટલે 'શ્રીમદ્જી'એ ગાયું 'જે જે કારણ બંધના તેહ બંધનો પંથ.' જે બંધના કારણરૂપ ભાવ છે તે બંધનો પંથ છે. તે બંધનો માર્ગ છે. '**જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ, તે કારણ છેદક દશા મોક્ષપંથ ભવઅંત.**' એ કારણને છેદ કરવાવાળી જે દશા, વીતરાગ દશા તે મોક્ષપંથ છે અને તે ભવના અંત કરવાનો પંથ છે. બહુ સ્પષ્ટ વિષય લીધો છે. એ વિષય 'આનંદઘનજી'એ પણ પોતાના સત્વનોમાં બહુ સ્પષ્ટ કર્યો છે.

જે બંધમાર્ગ છે તે બંધમાર્ગ છે અને મોક્ષમાર્ગ છે તે મોક્ષમાર્ગ છે. બંધમાર્ગના પરિણામ અને મોક્ષમાર્ગના પરિણામ, બન્ને એક પ્રકારના પરિણામ નથી. બન્ને એક પ્રકારના પરિણામ નથી. બન્ને વિજાતીય પરિણામ છે. કેમકે બન્નેના કાર્ય વિરૂદ્ધ છે. એક બંધ કરે છે, એક પરિણામ નવા કર્મનો બંધ કરે છે. એક પરિણામ નવા કર્મનો બંધ ન થાય એ પ્રકારે પરિણમે છે. એટલે બન્નેની જાત જુદી જુદી છે. પણ ત્યાં શું ભૂલ થાય છે? સ્તવન ચાલે છે એટલે ભગવાનની ભક્તિ ચાલે છે. અને ભગવાનની ભક્તિ ઉપર તો ચાલે ત્યારે ભગવાન ઉપર બધો આરોપ કરાય કે હે પરમાત્મા! આપ જ અમારા તારણહાર છો અને આપનું સ્તવન, પૂજા, અર્ચના, વંદના કરવાથી જ હવે મારો મોક્ષ થવાનો છે એમ મને બરાબર સમજાય ગયું છે. શું કહે ભક્તિમાં? આપ જ તારણહાર છો. એ રીતે આરોપ કરવામાં આવે છે. ત્યાં સિદ્ધાંતની વાત નથી. એ પ્રકારનો વચન વ્યવહાર છે એ સ્વયં સિદ્ધાંત નથી. એ ભક્તિભાવ છે, બહુમાનનો ભાવ છે અને એ ઉપચરિત કથન છે એમ સમજવું જોઈએ. એમાં શું થયું? એક જ સ્તવનની અંદર સિદ્ધાંત પણ હોય અને ભક્તિ પણ હોય. બન્નેને એક રીતે જ અર્થઘટનમાં લ્યે અને પછી એમ કહે કે જુઓ, બીજાઓ કહે છે એ ખોટું છે, 'આનંદઘનજી' આમ કહે છે. હવે એ કોણ સમજાવે? 'આનંદઘનજી' તો ચાલ્યા ગયા. ઈ કોણ સમજાવે? એટલે એવી વાત છે.

એ તો દિગંબર આચાર્યોએ પણ એવી જ ભક્તિ કરી છે. 'પદ્મનંદિ આચાર્ય' છે, 'માનતુંગઆચાર્ય' છે, પછી આ 'કલ્યાણમંદિર સ્તોત્ર' રચ્યું છે, આ 'ભક્તામર સ્તોત્ર' છે. એ બધામાં એ જ વાતો આવે. ભગવાન વીતરાગ પરમાત્મા જાણે કાર્ય કરી દેતા હોય એવા બધા શબ્દો આવે. વીતરાગ પરમાત્મા તો એમની ધ્યાનસ્થ અવસ્થાથી બીજી કોઈ પ્રવૃત્તિમાં જોવામાં જ આવતા નથી. જ્યારથી એમની અરિહંત અવસ્થા થાય છે, સાદિસાંતપણે, અને અરિહંત અવસ્થા પૂરી થઈને સિદ્ધ અવસ્થાએ જાય છે ત્યાં સુધી એમની બીજી કોઈ સ્થિતિ જોવામાં આવતી નથી. ધ્યાનસ્થ અવસ્થા, એકલી ધ્યાન અવસ્થામાં રત હોય, મગ્ન હોય છે. છતાં આચાર્ય પોતે એમ કહે કે આપે અમારું કામ કર્યું. આપે આખા જગતનો ઉદ્ધાર કર્યો. અમારું કર્યું એમ નહિ, આપ તો તીર્થંકર છો, જગતગુરુ છો, જગત ઉદ્ધારક છો, આખા જગતનો ઉદ્ધાર કરનાર છો. એમ કહેવાય. આખા જગતનો ઉદ્ધાર કરે તો પહેલા તીર્થંકરથી પછી બીજા તીર્થંકરની આવશ્યકતા ન રહે. અનાદિ કાળ પહેલા જે તીર્થંકર થાય ત્યારે જ જગતનો ઉદ્ધાર થઈ જાય. પણ અનંતા તીર્થંકરો થયા, અનંતા અરિહંતો થયા તેમ છતાં જે પોતાની પાત્રતાથી પામ્યા એને એ નિમિત્ત કહેવામાં આવ્યા.

મુમુક્ષુ :- ભક્તોને ભક્તિનો ભાવ ઊછળે ત્યારે શાસ્ત્ર અને તત્ત્વ ગૌણ થઈને એક બાજુ રહી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. ત્યારે એની મુખ્યતા નથી કરવાની. ત્યારે કોઈ શાસ્ત્ર કે તત્ત્વના સિદ્ધાંતની વાત કરે તો કહે, ભાઈ! ઈ ખબર છે. અત્યારે અમને ભક્તિ કરવા દે. અમને અત્યારે ભક્તિનો ભાવ આવે છે. એ વાત અમારા ખ્યાલમાં છે. એમાં કાંઈ દોષ નથી.

મુમુક્ષુ :- ઉપશમ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉપશમભાવ જઘન્ય અંતર્મુહૂર્ત હોય છે. જ્યારે ઉપશમ સમ્યગ્દર્શન થાય છે ત્યારે જઘન્ય અંતર્મુહૂર્ત હોય છે. અંતર્મુહૂર્તનો ઓછામાં ઓછો ભાગ. પણ એ ભાવમાં શક્તિ એટલી બધી છે કે તે કાળે અનંત સંસારને એ છેદે છે. પછી એ જીવને અનંત સંસાર હોય એવું ત્રણ કાળમાં ન બને.

મુમુક્ષુ :- એ કેવો ભાવ?

પૂજ્ય ભાઈશ્રી :- એ ભાવ અવર્ણનીય ભાવ છે. જેનું વર્ણન ન કરી શકાય એવો ભાવ છે.

મુમુક્ષુ :- કાંઈ Sample?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ Sample નથી એનું બહારમાં. બહારમાં એનું કોઈ Sample નથી. કેમકે એ અંતર્મુખ ભાવ છે. એ સ્વસંવેદન, પરવેદનરૂપ ભાવ નથી, સ્વસંવેદનરૂપ ભાવ છે. એનો શું Sample હોય?

મુમુક્ષુ :- દાખલો બીજી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો અનુપમ કહેવાય છે. એને કોઈ ઉપમા લાગુ નહિ કરી શકાતી હોવાથી એને અનુપમ કહેવાય છે. હવે એવો અનુપમ છે, એવો ઉત્કૃષ્ટ છે, એવો શક્તિશાળી ભાવ છે, એ વખતે જ એવા આનંદમય છે કે જેવો સિદ્ધ પરમાત્માને ત્યાં સિદ્ધાલયમાં પરમાનંદ થાય છે એની જાતિનો, એથી ઓછો, તારતમ્યતાએ એથી ઓછો પણ એની જાતિનો ભાવ ઉત્પન્ન થાય છે. એવું એવું સાંભળીને એની મહત્તા વિચારજ્ઞાનમાં સમજીને, વિચારની ભૂમિકામાં સમજીને, એની મહત્તા સમજીને એની જિજ્ઞાસા વધુ તીવ્ર થવી જોઈએ. જે કહી શકાતો નથી, જે ઉપમાથી અને દાખલાથી બતાવી શકાતો નથી, એવો આ ભાવ તે કેવો છે કે જે એક ક્ષણમાં અનંત સંસારને છેદે છે! એની જિજ્ઞાસા જેટલી તીવ્ર થાય તો એને જ્ઞાનીઓએ તો એમ કહ્યું છે કે આવી કોઈ અપૂર્વ જિજ્ઞાસા, આવી કોઈ તીવ્ર જિજ્ઞાસા એ જ્ઞાનપ્રાપ્તિના જ એક અંશરૂપ છે. કેમકે એને જ્ઞાનમાં જિજ્ઞાસા થઈ ને. સમજવાની

જિજ્ઞાસા થઈ. તો જેને એવું જ્ઞાન થાય છે એના અંશરૂપ આ ભાવ છે. આમ કરીને Link જોડી દીધી છે. સમ્યક્‌જ્ઞાન અને મિથ્યાજ્ઞાનની Link અહીંયાં જોડી છે. આ એની વચ્ચેની કડી છે.

નહિતર તો માણસ એમ કહે કે અમને મિથ્યાજ્ઞાન છે અને મિથ્યાજ્ઞાનમાં જણાતો નથી. મિથ્યાજ્ઞાનમાં જણાતો નથી અને સમ્યગ્જ્ઞાની એને કહી શકતા નથી. પતી ગયું, આમાં તો કાંઈ ઉપાય જ નથી દેખાતો. ના, ઉપાય છે. એ જે નથી કહી શકાતો એમ કહીને જેનો મહિમા કરવામાં આવે છે, નથી ઉપમા દઈ શકાતી એમ કહીને જેને અનુપમ કહેવામાં આવે છે, એ કેવો એની જે જિજ્ઞાસા છે, અપૂર્વ જિજ્ઞાસા છે એ જ એ જ્ઞાનપ્રાપ્તિના અંશરૂપ જ્ઞાન છે, એમ કહેવામાં આવે છે. પણ જીવ કદી એવી જિજ્ઞાસામાં આવ્યો નથી. જેટલી દરકાર એણે આ દેહની કરી છે, જેટલી દરકાર એણે આ દેહની અનુકૂળતાઓની કરી છે અને જેટલી દરકાર એણે એના સાંસારિક કાર્યોની કરી છે એટલી પણ બરાબર કરી નથી, ઈથી અનંતગુણી કરવી જોઈએ, પણ એટલી બરાબરીમાં એમે પલ્લુ સરખું નથી કર્યું. પછી એમ કહે કે કેમ મને આત્મા નથી સમજાતો, મને કેમ આત્મજ્ઞાન થતું નથી? ક્યાંથી થાય?

મુમુક્ષુ :- આટલા બધા વર્ષો સુધી ગુરુની સેવા કરી હોય તો એક ક્ષણ પણ ન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- પણ ગુરુને ઓળખીને સેવા કરી છે કે કુગુરુને ગુરુ માનીને સેવા કરી છે? આત્મજ્ઞાની મળ્યા હોય અને એની સેવા સર્વાર્પણ ભાવે કરે તો એને... શા માટે એટલી સર્વાર્પણ ભાવે સેવા કરી? આ પ્રશ્ન છે. શું કરવા કરી?

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ મેળવવા.

પૂજ્ય ભાઈશ્રી :- તો મળી જશે. કાંઈક પાછો બીજો હેતુ નથી ને? કાંઈક બીજું કારણ મનમાં રાખ્યું હોય તો પાછું નહિ મળે. પણ એમ જાણ્યું હોય કે આ આત્મજ્ઞાની છે અને આત્મજ્ઞાન સિવાય બીજા કોઈપણ આશયથી તેમના પ્રત્યે વાંછા રાખવાયોગ્ય નથી. આત્મજ્ઞાન સિવાય બીજી કોઈ વાંછા રાખવા જેવી નથી, તો એને જરૂર થઈ જાય. કેમકે એ ભાવથી એને દર્શનમોહ મંદ થઈ જાય છે. દર્શમોહનો રસ તૂટે છે. મંદ થાય છે એટલે રસ તૂટે છે. અને એનું જ્ઞાન પણ નિર્મળ થાય છે. તો એને ક્રમશઃ એની પ્રાપ્તિ હોય જ છે, થાય જ છે. ન થાય એવું બનતું નથી. એ તો 'શ્રીમદ્‌જી'એ ખાત્રી આપી છે, આ વિષયમાં 'શ્રીમદ્‌જી'એ ખાત્રી આપી છે અને બહુ બહુમાનથી એમણે આ પત્ર લખ્યો છે. ૧૯૪ નંબરનો પત્ર છે.

'ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે

પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના...' **'આ જ્ઞાની જ છે'** એવી સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના **'સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી અને...'** આ જ્ઞાની છે, તેના ચરણારવિંદ પ્રત્યે અચળ પ્રેમ આવ્યેથી અને સમ્યક્ પ્રતીતિ આવ્યેથી **'અવશ્ય તે મુમુક્ષુ...'** અવશ્ય લીધું પાછું. કદાચ થાય અને કદાચ ન થાય એમ ન લીધું. ખાત્રી આપી દીધી. **'અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે.'** નિયમથી પામે છે. ન પામે એ વાત નથી લીધી.

મુમુક્ષુ :- પરદવ્વા...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પરદવ્વાની વાત નથી અહીંયાં, પણ એના પ્રત્યે એને પરિપૂર્ણ ભક્તિભાવ આવે. કચાશવાળો ભક્તિભાવ ન રહે, ઉપેક્ષાભાવ તો ન રહે પણ કચાશવાળો ભક્તિભાવ પણ ન રહે, પૂરેપૂરો ભક્તિભાવ એને આવે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' બહુ સ્પષ્ટતા કરી કે ચરણારવિંદ એટલે એના પગ દબાવવાથી થઈ જાય એમ નહિ. એના વચન અનુસાર જ એનું જીવન...

પૂજ્ય ભાઈશ્રી :- ના, એવી કોઈ વાત નથી. પગ દબાવવાનો પ્રશ્ન જ શું છે? જરૂર શું છે? એ કોઈ બહારમાં હાડકા-ચામડાનો વિષય નથી. આ તો ચરણારવિંદનો અર્થ એના ચરણમાં જવું એટલે ભક્તિભાવે એના સાન્નિધ્યમાં રહેવું. અત્યંત ભક્તિથી એના સાન્નિધ્યમાં રહેવું એને એના ચરણમાં રહ્યો છે એમ કહેવામાં આવે છે. કેમકે ચરણ છે એ નિકૃષ્ટ અંગ છે. જેમ મસ્તક છે એ ઉત્કૃષ્ટ અંગ છે, એમ ચરણ છે એ નિકૃષ્ટ અંગ છે. તો એનું નિકૃષ્ટ અંગ છે ત્યાં બેસે છે એનો અર્થ કે એને ઘણી ભક્તિ છે. એને ઘણી ભક્તિ છે (એમ) એનો અર્થ થાય છે. બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- એના વચન અનુસાર જ જીવન જીવવું એવો અર્થ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના એક વિકલ્પથી વિરુદ્ધ ન જાય. એ વાત એમણે ૨૦૦ નંબરના પત્રમાં કરી છે. **'જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીને ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહિ વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.'** ત્યાં સુધી અજ્ઞાન ન મટે, આ નિયમ લીધો. એનું આગલું વચન એ લીધું છે કે **'જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી, તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.'** આટલી વાત નાખી છે એમણે. **'જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ...'** સજીવનમૂર્તિ. **'એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોકલજ્જાદિ કારણોથી...'** લોકની મુખ્યતા આદિ કોઈ કારણોથી **'અજ્ઞાનીનો**

આશ્રય છોડતો નથી, એ જ અનતાનુબંધી કષાયનુ મૂળ છે.' તીવ્ર અનંતાનુબંધી કષાય હોય તો જ્ઞાનીની ઉપસ્થિતિમાં લોકલજ્જા અથવા લોકના કોઈપણ કારણને મુખ્ય કરીને એનાથી વિમુખ વર્તે અથવા એના સાન્નિધ્યમાં ન આવે ત્યારે એ તીવ્ર અનંતાનુબંધી કષાયનું મૂળ મજબૂત થાય એવો પ્રવર્તે છે. એ પરિસ્થિતિ લીધી છે. શાસ્ત્ર તો વાંચે છે ને? તો આગળ કહે છે.

'**શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે, મોક્ષ થવા માટે...**' એટલે પ્રત્યક્ષ અબંધદશા પ્રગટ થવા માટે એટલે સમ્યગ્દર્શન થવા માટે તો '**જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ. આ જ્ઞાનમાર્ગની શ્રેણી કહી, એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી. એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે...**' જ્ઞાનમાર્ગનું આ ગુપ્ત રહસ્ય છે. '**તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.**' એ વાત એમણે ૧૯૪ (પત્રમાં) બહુ બહુમાનથી કરી છે.

'**આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે,...**' ભૂતકાળમાં જે જ્ઞાની થયા (તેમણે) પણ આ માર્ગ સેવ્યો છે, વર્તમાનમાં જ્ઞાની થવા યોગ્ય જીવો '**સેવે છે અને...**' ભવિષ્યમાં જ્ઞાની થવાયોગ્ય '**સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી,...**' હવે પોતાની વાત કરે છે. જાતિસ્મરણ હતું ને એમને, એટલે ભૂતકાળમાં એમને જે જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી એ વાતને લક્ષમાં લઈને કહે છે. '**જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી,...**' ભૂતકાળમાં. '**વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે.. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઈચ્છે છે તેણે અખંડ વૃત્તિથી...**' વચમાં ભંગ પાડ્યા વિના અખંડ વૃત્તિથી '**એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે.**'

'**જો કે તેણે જપ, તપ, શાસ્ત્રઅધ્યયન વગેરે અનંત વાર કર્યું છે...**' જપ, તપ પણ કર્યા છે અને શાસ્ત્રનું અધ્યયન પણ અનંત વાર કર્યું છે. '**તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું...**' કે જે અખંડપણે અખંડ ભક્તિથી ચરણારવિંદ જે જ્ઞાનીના સેવવા જોઈએ એવી પરિસ્થિતિમાં ન આવ્યો. એટલે જે કાંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું '**તે તેણે કર્યું નથી...**' એટલે અનંત કાળમાં આ બાકી રહી ગયું છે. '**કે જે અમે પ્રથમ જ જણાવ્યું છે.**' પત્રમાં પહેલા જે વિસ્તાર કર્યો એ વાતને ફરીને પાછી એમણે કહી છે. વચમાં વચમાં બહુ લખ્યું છે, આ નિઃશંક માનજો. અનાદિકાળથી જીવ આ નહિ માનીને અવળે માર્ગે ચાલ્યો છે. એવું બધું એ જ પત્રમાં ઘણું કહ્યું છે. બહુ લાંબો છે. વચ્ચે બહુ કહ્યું છે.

પ્રશ્ન પૂછ્યો હતો ને કે 'ગુરુદેવે' આવું કેમ કીધું? આ 'શ્રીમદ્‌જી'એ એવું કીધું છે એટલે એમ કહ્યું. બે દિવસ પહેલા પ્રશ્ન પૂછ્યો હતો કે 'ગુરુદેવે' 'બહેનશ્રી' માટે એમ કહ્યું કે એમને વળગી રહેજો? આ 'શ્રીમદ્‌જી'એ આટલું બધું કહ્યું છે એટલે 'ગુરુદેવે' થોડું કહી દીધું. એમનો બે દિવસ પહેલાં પ્રશ્ન હતો. એનો ઉત્તર આપ્યો. આ 'શ્રીમદ્‌જી'એ આટલું બધું કહી દીધું છે, તો 'ગુરુદેવે' થોડું એવી કહી દીધું.

મુમુક્ષુ :- જ્ઞાનીની ભક્તિ કરીને નિર્દોષતા સિવાય બીજો કોઈ આશય રાખવો એ અશાતનાનો જ એક પ્રકાર છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહના બંધનું કારણ છે. અશાતના તો ખરી પણ દર્શનમોહનો બંધ થાય. એ બહુ મહાપુરુષ છે. એમની આજ્ઞામાં અને સેવામાં રહેવાથી ભવિષ્યમાં અનુકૂળતાઓ રહેશે, પ્રતિકૂળતાઓ દૂર ચાલી જશે અને કાંઈ તકલીફ પડશે નહિ. અથવા આર્થિક સ્થિતિ બગડી છે એ સુધરી જશે. કાંઈક વેપારમાં લાભ થઈ જશે. એ દર્શનમોહનો બંધ કરે છે. કેવો? દર્શનમોહનો બંધ કરે છે. સંસારની કોઈપણ વાતની અપેક્ષા રાખીને ભક્તિભાવે જવું તે મિથ્યાત્વના બંધનું કારણ છે. અશાતના તો ખરી પણ મિથ્યાત્વના બંધનું (કારણ થાય છે). પોતાને બહુ મોટું નુકસાન છે. કેમકે એ નિમિત્ત એના માટે નથી. એ નિમિત્ત સંસારથી છૂટવા માટે છે. સંસાર વધારવા માટે એ વાત નથી.

શું કહે છે અહીંયાં? અનાદિથી જીવની પરિણતિ છે એમાં આ રીતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનાદિથી થઈ રહ્યો છે. તે પુદ્‌ગલકર્મત્વ પરિણામ થવામાં ચૈતન્યનો વિકાર નિમિત્ત થાય છે. '**આ રીતે, તેઓ અનાદિકાળથી પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક થઈ રહ્યાં છે. તે સંબંધમાં અહીં જીવની પરિણતિનું વ્યાખ્યાન કરવામાં આવે છે.**' કેવી રીતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ થઈ રહ્યો છે તે બતાવવામાં આવે છે.

'**જ્યારે આ પુદ્‌ગલ સહજ જ પોતાની દ્રવ્યશક્તિથી કર્મત્વ...**' એટલે કર્મપણે '**ઉદય પરિણતિરૂપે પરિણમ્યું...**' કોની? પોતાની શક્તિથી. એમાં જીવે કાંઈ નથી કર્યું. પુદ્‌ગલકર્મનો વિપાક આવ્યો ત્યારે એની સ્થિતિ પાકી એ આપોઆપ પાકી છે. કોઈ જીવે પકવી નથી. '**ત્યારે જ તે પુદ્‌ગલકર્મત્વ પરિણતિના પરિણમનનું નિમિત્ત પામીને...**' તે પુદ્‌ગલકર્મના પરિણતિના પરિણમનનું નિમિત્ત પામીને '**આ જીવ પોતે ચિત્વિકારરૂપ થઈ પરિણમે છે.**' જે કર્મ એને બંધાય હતા, જે જીવને બંધાય હતા એ વિપાક આવતા તે જ જીવને, તે જ તેનું નિમિત્ત પામીને. હવે જીવ નિમિત્ત પામે છે એમ કહે છે. '**પોતે ચિત્વિકારરૂપ થઈ પરિણમે છે.**' અહીંયાં એ દૃષ્ટાંત બહુ સરસ લીધો છે.

'**જેવી રીતે સવારે સૂર્યનો ઉદય પામીને, આ તરફ લોકો પોતે સ્નાન, વ્યાપારાદિક કાર્યને કરે છે.**' દિ' ઊગે છે તો લોકો ઊંઘ છોડે છે. સૂર્ય કોઈને ઘરે ઘરે ઉઠાડવા જતો નથી. લોકો આપોઆપ જાગે છે, સ્નાન કરે છે, વેપાર-ધંધો કરવા લાગી જાય છે. તો એ સૂર્ય એની પાસે કરાવે છે? પણ સૂર્ય ઉદય થાય છે અને આ બાજુ લોકો આપોઆપ પોતપોતાના રોજીંદા કાર્યમાં લાગી જાય છે. '**તેવી રીતે પુદ્‌ગલકર્મ-ઉદયપરિણતિને પામીને,...**' પુદ્‌ગલકર્મ એનામાં ઉદય આવે છે. સૂર્ય એનામાં ઉદય આવે છે, એમ પુદ્‌કર્મનો ઉદય એનામાં આવે છે અને '**જીવ પોતે જ વિકારરૂપ પરિણમે છે.**' એમાં કર્મનો ઉદય એને કાંઈ કરાવતો નથી, એમ કહેવું છે. જેમ સૂર્ય ઉદય પામીને કોઈને કાંઈ કરાવતો નથી, એમ કર્મનો ઉદય પણ કોઈને કાંઈ કરાવતો નથી. આપોઆપ જ જીવ કરવા લાગે છે. આ બાજુ કર્મનો ઉદય થાય છે અને જીવ આપોઆપ કરવા લાગે છે. વગર વિકલ્પે. એને પૂછીએ કે તમે પ્રતિસમય નવા નવા મિથ્યાત્વભાવ કરવા માટે કેવો વિકલ્પ કર્યો મિથ્યાત્વ પરિણમવા માટે કે હું આવું મિથ્યાત્વ કરું, હું આવું મિથ્યાત્વ કરું? આ બાજુ મિથ્યાત્વકર્મનો ઉદય છે અને આ બાજુ જીવ સ્વયં પરિણમતો જાય છે. બસ! એમાં એને કાંઈ વિકલ્પ કરવાની પણ જરૂર નથી. વિકલ્પ કરીને એ બધા કાર્યો કરે છે એવું નથી. ઊંઘાઈમાં પણ એ વિકલ્પ કર્યા વિના અનેક કાર્યો કરે છે.

મુમુક્ષુ :- ઉપાદાન શક્તિ જ કામ કરે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- બેય ઉપાદાનશક્તિથી પોતપોતામાં કામ કરે છે. પણ મેળ જોઈને સંબંધ ગણવામાં આવે છે. સૂર્યના ઉદયનો મેળ જોઈને એમ કહેવાય કે દિવસ ઊગ્યો, ચાલો, સ્નાન કરી લ્યો. ચાલો દુકાન ખોલો. દુકાન ખોલીને વેપાર કરવા બેસી જાઓ. કોઈ એમ કહે છે કે રાત્રે બાર વાગ્યા છે, ચાલો, દુકાન ખોલીને વેપાર કરવા બેસી જાઓ. દિવસ ઊગ્યો હોય તો એમ કહેવામાં આવે. એ આપોઆપ છે. સૂર્યનું કાર્ય સૂર્યમાં છે, માણસનું કાર્ય માણસમાં છે. એમ પુદ્‌ગલના ઉદયનું કાર્ય પુદ્‌ગલમાં છે, જીવ પોતે પરિણમે છે એને નિમિત્ત બનાવીને.

મુમુક્ષુ :- સંવત ૨૦૧૩ની સાલની ચર્ચા, સમેદશીખરમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ આ જ કરી હતી, મધુવનમાં. પ્રશ્ન કર્યો હતો કે જીવનો વિકાર છે એ કર્મ સાપેક્ષ છે કે કર્મ નિરપેક્ષ છે? આવો પ્રશ્ન કર્યો હતો. વિદ્વાનો તો વિદ્વત્તાભર્યા પ્રશ્ન કરે. 'ગુરુદેવે' એમ કહ્યું કે નિશ્ચયથી જીવનો વિકાર કર્મ નિરપેક્ષ છે. પછી વ્યવહારથી કર્મ સાપેક્ષ છે એવો ઉત્તર ન આપ્યો. એનો અર્થ એમાંથી એમ નીકળે છે. પણ એને તો કર્મની સાપેક્ષતા વળગી છે એટલે એ વાત

ન કરી. એને શું જરૂર છે? કે કર્મ નિરપેક્ષતા સમજવાની જરૂર છે. નિશ્ચયથી જુઓ- ખરેખર જુઓ તો ત્યાં જીવનો વિકાર કર્મ નિરપેક્ષપણે થઈ રહ્યો છે. કર્મની અપેક્ષા એને નથી. પોતે જ પરિણમે છે. પોતે જ સ્વંય પોતાને ભૂલ્યો છે. કર્મે એને ભૂલવાડ્યો નથી. એક વાત તો. અને સ્વયં ભૂલીને એ સ્વયં કર્મના ઉદય પ્રત્યે ઢળ્યો છે. કર્મ એને આકર્ષણ કરતા નથી, કર્મ એને ખેંચતા નથી અને કર્મ કાંઈ કરતા નથી, કરી શકતા પણ નથી. અને એમ હોય તો કદી કોઈનો મોક્ષ થાય નહિ. એવી સ્થિતિ હોય તો ક્યારે કર્મનો ઉદય નથી સંસારી જીવને? આઠે કર્મનો ઉદય નિરંતર છે.

મુમુક્ષુ :- આમાં ક્રમ પડે છે કે નહિ? કર્મનો ઉદય થતાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ આવે છે. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ થતાં જીવ એમાં જોડાય છે. બે ક્રમ પડ્યા ને?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે કોઈવાર તો બહારમાં સંયોગની ઉપસ્થિતિ ન હોય તોપણ જીવ પરિણામ કરે છે. જેમકે એક વર્ષ પહેલાં થયેલી તકરાર હોય એ અત્યારે ફરીને ન થાય. પણ એને જ્યારે એ કર્મનો ઉદય આવે ત્યારે એ તકરારને વિચારમાં લ્યે. એણે મને આમ કીધું હતું એટલે મેં એને આમ કીધું.

મુમુક્ષુ :- તકરારની સ્મૃતિ આવ્યા પછી એમાં જોડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ બહારમાં નિમિત્ત છે કાંઈ? બહારમાં કાંઈ નથી. સંજોગ કાંઈ નથી બનતો. પણ અંદરમાં કર્મનો ઉદય છે એટલે એને વિચારમાં એ બધું આવે છે, એનો વિચાર આવે છે. અથવા પોતે નિર્ધન હોય પહેલા અને અત્યારે ધનિક હોય. તો એ નિર્ધનતામાં કેવો દુઃખી થતો હતો એનો વિચાર કરીને દુઃખી થાય કે અરેરે..! ત્યારે તો મારો સગો ભાઈ હતો ઈ પણ સામું જોતો નહોતો. અત્યારે જે મારા પગ પકડવા આવ્યો છે ઈ મારા સામું તે દિ' જોતો નહોતો. એમ કરે. હવે એ વખતે એને દુઃખ થઈ આવે. કેવી મારી સ્થિતિ, કેવી મારી દુઃખી સ્થિતિ હતી એમ એને થયા કરે. પણ હવે અત્યારે સુખી છો. સંભારી સંભારીને શું કરવા દુઃખી થાય છે? પણ એને અંદરમાં ઉદયમાં છે. બહારમાં ઉદય નથી. બહારમાં તો શ્રીમંતાઈનો ઉદય છે. એવી રીતે વર્તમાનમાં નિર્ધન હોય અને પૂર્વની શ્રીમંતાઈને યાદ કરે. તો એ પ્રકારનો એને ઉદય હોય. ઉદયથી બહારમાં સંજોગ ન હોય અને ઉદયથી પરિણામ થયા કરે. અનેક પ્રકારના પરિણામ થયા કરે, નહિ ધારેલા.

મુમુક્ષુ :- સ્મૃતિ થયા પછી એમાં જોડાય.

પૂજ્ય ભાઈશ્રી :- સ્મૃતિ કરવા માટે એણે કાંઈ વિકલ્પ નહોતો કર્યો. ક્યાંથી સ્મૃતિ આવી? ઓચિંતી જ આવી ગઈ. કર્મનો અંદર ઉદય છે. અંદરમાં જોડાણ છે એ કર્મના ઉદય સાથે છે. બહારમાં કોઈવાર નોકર્મની ઉપસ્થિતિ હોય એટલે નોકર્મ

હાજર હોય અથવા હાજર ન પણ હોય. જેમકે સ્વપ્ન આવે છે. કોઈવાર ન જોયા હોય એવા વિચિત્ર પ્રાણી દેખાય. એવો કાંઈ બહારમાં ઉદય નથી હોતો, પણ અંદરમાં એવો ઉદય બરાબર હોય છે. આ પોતાના મૃત્યુને ઘણા જુએ છે. બહારમાં ક્યાં ઉદય છે? આયુષ્ય તો ઊભું છે, હજી ચાલુ છે. છતાં એમ જોવે કે આમ થયું, તેમ થઈ ગયું, ફલાણું થયું, Heart fail થઈ ગયું. વેદના થઈ ગઈ, Accident થઈ ગયો. બધું જોવે, પોતે ને પોતે જોવે. કેવી રીતે જોવે પોતે પોતાનો Accident? વાસ્તવિકતામાં તો સંભવિત નથી. છતાં એવો ઉદય હોય ત્યારે એ બધું ચલચિત્રની જેમ સામે આવે. અંદરમાં જોડાણ જીવના પરિણામને કર્મના ઉદયની સાથે છે. આમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. પછી બહારમાં એવો સંયોગ હોય તો એના ઉપર પણ નિમિત્તનો આરોપ આવે છે. સંયોગ હોય, વિયોગ હોય એ પ્રકારે એના ઉપર આરોપ આવે છે. અંદરમાં પોતે પોતામાં અંદરમાં સ્વરૂપમાં જોડાતો નથી ત્યારે નિયમથી કર્મના ઉદયમાં જોડાય છે.

હવે પોતાની શક્તિથી કાં એ સ્વરૂપમાં જોડાય અને કાં તો પોતાની શક્તિ ખોઈને કર્મના ઉદયમાં જોડાય. પણ જોડવાનો તો ખરો જ. પરિણામ છે એને તો કાં સ્વાવલંબન આવે અને કાં પરાવલંબન આવે. અવલંબન વિના પરિણામ પરિણમતું નથી.

મુમુક્ષુ :- કાર્મણવર્ગણા તો જીવના જ્ઞાનમાં જણાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- છતાંય તે.

મુમુક્ષુ :- વચ્ચે કાંઈક એવું...

પૂજ્ય ભાઈશ્રી :- ના, એટલે શું છે કે ચૈતન્યમાં એનું પ્રતિબિંબ પડે છે. ચૈતન્યમાં એનું પ્રતિબિંબ પડે છે.

મુમુક્ષુ :- કાર્મણવર્ગણાનું?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કાર્મણવર્ગણાનો ઉદય હોય એનું. વિપાકનું પ્રતિબિંબ પડે છે. જેમકે ક્રોધ પ્રકૃતિનો ઉદય આવ્યો, ક્રોધ પ્રકૃતિનો ઉદય આવ્યો. પોતે તો ક્રોધપ્રકૃતિને જોઈ શકતો નથી પણ અંદર અમથો અમથો ક્રોધ થવા મંડે. કાંઈ ને કાંઈ યાદ આવીને, નહિ યાદ આવીને, જાણીને, અજાણીને પણ અંદરમાં ને અંદરમાં ગુસ્સો થવા લાગે. એને અંદરમાં એનું પ્રતિબિંબ પડે છે, એની ઝાંય પડે છે, એનો આસ્વાદ આવે છે. જો જીવ પોતામાં જોડાયેલો હોય તો એનાથી મુક્ત થઈ શકે. પણ પોતામાં ન જોડાય તો એ ઉદયમાં જોડાય જ જાય. એટલો સંકનિકર્ષ છે. જેમ જીભ ઉપર મરચાની ભૂકી મૂકો એટલે તીખું લાગે જ. સ્વાદેન્દ્રિય છે એના ઉપર મરચું મૂકો એટલે તીખો સ્વાદ છે એ તીખો લાગે જ. લાગે જ લાગે. એ તીખું ક્યારે ન

લાગે? કે ઉપયોગ ત્યાંથી ઊઠી જાય તો. તો ન લાગે. તો એને એનો સ્વાદ ન આવે. એનો ઉપયોગ એવી રીતે બીજે ક્યાંક ચાલ્યો જાય, કોઈ અસાધારણ પ્રસંગ બની જાય તો અહીંયાં તીખું લાગવું બંધ થઈ જાય એનું. એટલે જોડાણ ઉપર આખો આધાર છે.

એટલે આત્માનું અનંત મહિમાવંત અનંત સામર્થ્યયુક્ત, અનંત આનંદયુક્ત, અનંત સુખમય સ્વરૂપ બતાવીને ત્યાં જોડાવા માટે પ્રેરણા છે. આત્માનું સ્વરૂપજ્ઞાન શા માટે કરાવે છે? આત્મજ્ઞાન કરાવવાનો શું હેતુ છે? અંદર એટલું સુખ અને એટલો આનંદ ભર્યો છે કે જીવ ત્યાં અવલંબન લે, ત્યાં જોડાય કે અરે..! મારામાં આટલો આનંદ અનંત અનંત અનંત સાગરથી સાગર ઓછો પડે, સાગર નાનો પડે. એટલો બધો આનંદ મારામાં છે. તો એની અંદર એના પરિણામ થયા કરે. એમાં તન્મય થાય તો સામે કર્મનો ઉદય છે એ ઉદય જ આવતો નથી. મોટી અનુકૂળતા શું થાય છે? કે ઉદયમાં આવવા યોગ્ય હોય છે એ ઉદયમાં આવતા બંધ થાય છે. એને ઉદયઅભાવીક્ષય કહે છે. ઉદયાભાવીક્ષય. ઉદયનો અભાવ થઈને જ એનો ક્ષય થાય છે. એ પરમાણુ છૂટા પડી જાય. એને નિર્જરા કહેવામાં આવે છે. અને નવા કર્મ જે ચિત્વિકારને લઈને બંધાતા હતા એ ચિત્વિકાર ન થયો એટલે નવા કર્મ બંધાતા અટકી ગયા. એને સંવર કહેવામાં આવે છે. એમ કર્મનો સંવર અને કર્મની નિર્જરા એ પ્રકારે છે.

મુમુક્ષુ :- જ્ઞાની હોય તો એ વખતે ન જોડાય, પણ અજ્ઞાની હોય એને બચવું હોય તે વખતે...

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાની બચી શકે જ નહિ.

મુમુક્ષુ :- શાસ્ત્રઅભ્યાસનું બળ એને કાંઈ કાર્યકારી ન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- ના, કાંઈ ન કરી શકે.

મુમુક્ષુ :- તો એ વખતે એ શું પ્રયોગ કરે?

પૂજ્ય ભાઈશ્રી :- એની પાસે એક જ પ્રયોગ છે. કાં અંતર્મુખ થવું, નહિતર બહિર્મુખમાં ઝપટમાં આવી જવું. નહિતર બહિર્મુખમાં એ ઊભો જ છે. અંતર્મુખ ન થાય તો એને બીજો કોઈ ઉપાય નથી. અંતર્મુખ થવું એ એક જ ઉપાય છે એનો.

મુમુક્ષુ :- અભ્યાસનું બળ એ વખતે એને કાંઈક સાવધના કરે, જાગૃત કરે.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ન કરી શકે. અભ્યાસનું બળ જ નથી એનું. એ પોતે અભ્યાસના બળમાં કાંઈ નથી કરી શકતો.

મુમુક્ષુ :- અજ્ઞાની પાસે પાછું વળવાનું સાધન શું?

પૂજ્ય ભાઈશ્રી :- પાછું વળવાનું સાધન પહેલી સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા. શરૂઆતમાં થોડી વાત થઈ ગઈ. કોઈ એમ કહે કે અજ્ઞાનીએ શું કરવું? આ જ્ઞાનીઓ સ્વરૂપનો મહિમા એટલા માટે કરે છે, જેવો અરિહંત પરમાત્માનો મહિમા કરવામાં આવે છે, જેવો સિદ્ધ પરમાત્માનો મહિમા કરવામાં આવે છે, એવો જ નિજ પરમાત્માનો મહિમા કરવામાં આવે છે. એક પોતાના પરમ સ્વરૂપનો મહિમા એટલા માટે કરવામાં આવે છે કે તને એની કાંઈક જિજ્ઞાસા થાય છે? જો એની અપૂર્વ જિજ્ઞાસા થાય તો એ જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય જાણીને એ જિજ્ઞાસાને જ્ઞાનપ્રાપ્તિનો અંશ ગણ્યો છે. બહુ મોટી વાત એ છે. એટલે જ્ઞાનીઓના વચનમાં આ એક વિશેષતા છે કે એ સ્વરૂપનો મહિમા કરે છે, એ તો પોતાને સ્વરૂપનો મહિમા આવે છે એટલે સ્વરૂપનો મહિમા કરે છે. મહિમાવંત સ્વરૂપ એને જ્ઞાનમાં જણાયું છે એટલે એનો મહિમા કરે છે. એ મહિમા કરે છે એમાં બીજાને એની જિજ્ઞાસા, પાત્રજીવને એની જિજ્ઞાસા થાય છે. સૂક્ષ્મ બોધનો અભિલાષીનો અર્થ એ છે. આત્માનો જે સૂક્ષ્મ સ્વભાવ એ બોધસ્વરૂપ જે આત્મા, સૂક્ષ્મ બોધસ્વરૂપી આત્મા, એનો અભિલાષી એટલે એનો જે જિજ્ઞાસાવાન છે તે ભગવાન મહાવીરના બોધને પાત્ર છે. 'શ્રીમદ્‌જી'એ લીધું ને પાત્રતાના લક્ષણમાં? મહાવીરના બોધને પાત્ર કોણ? કે સૂક્ષ્મ બોધનો અભિલાષી.

આત્માની સૂક્ષ્મ વાત આવે તો કહે, ઈ અમને ન સમજાય, ઈ ઊંચું જ્ઞાન છે, ઈ અમને ન સમજાય, ઈ ઊંચું જ્ઞાન છે. એમ કરીને હડસેલો મારે એ પાત્રતા નથી. એ અપાત્રતા છે એટલે એને ધક્કો મારવાનો, અવિનય કરવાનો ભાવ થયો. પાત્રજીવને તો એની જિજ્ઞાસા વધુ તીવ્ર થાય. જિજ્ઞાસા જેટલી તીવ્ર એટલી જ્ઞાનપ્રાપ્તિ વહેલી. લ્યો, અજ્ઞાનીજીવને આ સીધો હિસાબ છે. જેટલી એની સ્વરૂપને ઓળખવાની જિજ્ઞાસા તીવ્ર એટલી એની જ્ઞાનપ્રાપ્તિ નજીક. એ વાત કહેવા માટે અમૃતચંદ્ર આચાર્યે કહ્યું કે '**अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**' તું મરીને પણ એનું કુતૂહલ કર. તો તને છ મહિનામાં પ્રાપ્તિ થશે. પછી એને એમ ન કીધું કે તને હવે અનંત કાળ લાગશે. એક છ મહિનામાં તને સ્વરૂપની પ્રાપ્તિ થઈ જશે. એટલે કે છ મહિનામાં તારા અનંત સંસારનો નાશ કરવાની તારા હાથની વાત છે. તારે કરવો ન કરવો તારી ઈચ્છાની વાત છે, પણ અમે તો તને કહીએ છીએ કે છ મહિનામાં તું સંસારનો નાશ કરી નાખ એવી અત્યારે તારી પરિસ્થિતિ છે. આટલું બધું કહી દીધું.

મુમુક્ષુ :- ઉપયોગ સંજ્ઞી જીવને દેખાય છે, અસંજ્ઞીને...

પૂજ્ય ભાઈશ્રી :- અસંજ્ઞીને તો કોઈ ઉપાય જ નથી. અસંજ્ઞીને કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- કર્મમાં તો એ પણ જોડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જોડાય જ જાય. એને જોડાવું ને બંધાવું, જોડાવું ને બંધાવું, એને કોઈ ઉપાય નથી. એ શક્તિ ખોઈ બેઠો છે. એણે પોતાના સ્વરૂપની એટલી વિરાધના કરી છે, સંજ્ઞી દશામાં એણે એટલી વિરાધના કરી છે કે સંજ્ઞીપણું ખોઈ બેઠો છે. કોઈ રીતે કર્મના ઉદયમાં જોડાવું બંધ કરીને સ્વરૂપમાં જોડાઈ શકે નહિ. આ પરિસ્થિતિ છે. એના માટે કોઈ રસ્તો નથી.

જેમ કોઈ માણસ પાણીમાં નદીમાં ડૂબતો હોય અને બે-ત્રણ માથોડા નીચે તણાતો હોય, એ કોઈ રીતે બચી શકે નહિ. એ ડૂબીને મરી જ જાય. પણ કોઈ તણાતો હોય અને ઉપરની સપાટી ઉપર તણાતો હોય, ડોકુ બહાર હોય એનું, બીજું અંગ ભલે અંદર હોય પણ એક ડોકું બહાર હોય એનું તો એને એમ લાગે કે કાંઈક ઝાલવાનું મળે તો હું ઝાલી લઉં. કોઈ ઝાડ મળી જાય, કોઈ પત્થર મળી જાય, કોઈ કાંઠો મળી જાય, કાંઈ મળી જાય, કોઈ વાહન મળી જાય, કોઈ સ્ટીમર મળી જાય તો હું પકડી લઉં. એ સંજ્ઞી પ્રાણી છે એને ડોકું બહાર છે. ડૂબે છે તો એ પણ, સંસારના પ્રવાહમાં ડૂબતો જીવ છે, પણ એનું ડોકું બહાર છે. અસંજ્ઞી તો ડૂબેલો છે. એને કોઈ ઉપાય નથી. એ ત્રણ, ચાર, પાંચ માથોડા નીચે તણાય છે, એને બચવાની કોઈ જગ્યા નથી. કોઈ કાળે એને કષાયની મંદતા અબુદ્ધિપૂર્વકની કષાયની મંદતા પામીને પાછો સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણી થાય. નિગોદમાંથી પણ સીધો થાય. એકેન્દ્રિયમાંથી થઈ શકે, બેઈન્દ્રિયમાંથી થઈ શકે, ત્રણઈન્દ્રિયમાંથી થઈ શકે, ચાર ઈન્દ્રિયમાંથી થઈ શકે. અસંજ્ઞી પંચેન્દ્રિયમાંથી પણ સંજ્ઞી પંચેન્દ્રિય થઈ શકે. તો એ સંજ્ઞી પંચેન્દ્રિય થાય ત્યારે એને પોતાના હિત-અહિતનો વિવેક કરવાની વિચારશક્તિ પ્રગટ થાય છે. મનુષ્ય હોય તો તે શક્તિ એને વાચા સહિત પ્રગટ થાય છે. એ જ્ઞાનીને સવાલ પૂછી શકે કે મારું હિત કેમ થાય? મારા હિતનો ઉપાય બતાવો. એમાં એ જેટલી દરકાર કરે, જેટલી જિજ્ઞાસા કરે એટલો એ જ્ઞાનપ્રાપ્તિની નજીક છે. અને આ સાંભળ્યું છે અને આ ખબર છે ને આ જાણું છું ને આ મેં વાંચ્યું છે, જિજ્ઞાસા જેણે મારી નાખી છે, એણે જ્ઞાનપ્રાપ્તિનો દરવાજો બંધ કરીને ઉપર તાળુ મારીને ચાવી ખોઈ નાખી છે. પાછું તકલીફ આ છે કે જીવ શાસ્ત્ર વાંચે છે, શાસ્ત્ર સાંભળે છે એમાં આ પરિસ્થિતિમાં એણે ક્યારેય ન આવવું જોઈએ કે આ બધું મેં ઘણી વાર સાંભળ્યું છે, આ બધું હું જાણું છું, મને ખબર છે. જ્ઞાની કહે છે એ વાત જ્ઞાનીના મોઢે પણ સાંભળી છે અને બીજાના મોઢે પણ સાંભળી છે અને શાસ્ત્રમાં પણ સાંભળી છે અને આ તો મને ખબર છે. એની જિજ્ઞાસા મરી

પરવારી છે. એણે જ્ઞાનપ્રાપ્તિના રસ્તાને દરવાજો બંધ કરી તાળુ મારીને ચાવી ખોઈ નાખી છે. એને તો કોઈ રીતે ઉપાય નથી.

એટલે જ્યારે પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ હોય ત્યારે એણે અપૂર્વ જિજ્ઞાસાના ભાવમાં રહીને શ્રવણ કરવું. આ એનો ખાસ સિદ્ધાંત છે. એમાં ક્યારે પણ એમ ન વિચારવું કે આ ગાથાનો અર્થ તો પહેલાં આ રીતે સાંભળ્યો હતો, હવે પણ આ જ રીતે કરે છે. બરાબર છે. પહેલાં સાંભળ્યો હતો ત્યારે પણ મને બેઠું હતું અને અત્યારે મને બેસે છે. બેસે છે પણ એમાં અપૂર્વતા શું? પૂર્વાનુપૂર્વ નથી, કોઈ અપૂર્વ ભાવ આવે છે અને કોઈ અપૂર્વ સ્વરૂપ દર્શાવે છે અને અપૂર્વ ભાવે મારે એને સાંભળવું એ સ્થિતિમાં એની સમજણ હોવી જોઈએ. તો એને જિજ્ઞાસાના કાળમાં લાભ થવાનો સંભવ છે. અને જિજ્ઞાસા ગઈ એનું બધું ગયું. જિજ્ઞાસા ગઈ એનો બીજો અર્થ કરીએ તો એ છે કે એને હવે ઉપેક્ષા વર્તે છે. અહોભાવ જે આવવો જોઈએ એ ભાવ એને આવતો નથી, એને ઉપેક્ષા થઈ ગઈ છે કે આ તો મેં સાંભળ્યું છે અને આ તો હું જાણું છું. એટલે એ આપોઆપ સંયોગમાં નજીક હોવા છતાં ઉપેક્ષાભાવે વર્તે છે. એ ઉપેક્ષા થઈ ગઈ. એટલે પાછું અનંતાનુબંધીનું જોર થઈ ગયું ત્યાં, 'શ્રીમદ્‌જી'એ કહ્યું એ પ્રકારે.

તા. ૨-૬-૧૯૮૬, પાના નં. ૪૪, પ્રવચન નં. ૨૯

જીવદ્રવ્યની પરિણતિ અનાદિથી અશુદ્ધ થઈ રહી છે. એમાં પુદ્ગલોનો, અન્ય પુદ્ગલ પરમાણુઓનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તેને કોઈ એમ જાણી બેસે કે પુદ્ગલકર્મ જીવના પરિણામને વિકારરૂપ પરિણમાવે છે, ઉપરના Paragraph ની છેલ્લી લીટી, તો એમ તો ક્યારેય થવાનું નથી. ભૂતકાળમાં થયું નથી અને ક્યારેય થવાનું પણ નથી. કોઈ એમ જાણી બેસે કે ભળતા એક જ સરખા પરિણામવાળા પદાર્થો અને એક જ કાળમાં ભળતા પરિણામે, સરખા પરિણામે પરિણમતા જોઈને કોઈ એમ જાણી બેસે, ભૂલ કરે કે પુદ્ગલકર્મ જીવને ચિત્વિકારરૂપે પરિણમાવે છે. તો એમ તો ક્યારેય થવાનું નથી.

'**કારણ કે 'અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યની પરિણતિનું કર્તા હોય નહીં.**' આ સિદ્ધાંત લીધો છે. કોઈ અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યની પરિણતિનું કર્તા હોય નહિ અથવા કર્તા થાય નહિ, કર્તા થઈ શકે નહિ. આ વસ્તુસ્થિતિ છે. એ સ્પષ્ટતા એમણે એટલા માટે કરી કે આગળ એવી ભાષા લીધી છે કે પુદ્ગલકર્મનો ઉદય છે ત્યાં સુધી એ પુદ્ગલકર્મના વિપાકને લઈને જીવના પરિણામમાં પણ ચિત્વિકાર ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી પુદ્ગલકર્મનો ઉદય છે ત્યાં સુધી જીવને વિભાવ છે. જ્યાં સુધી વિભાવ છે ત્યાં સુધી પુદ્ગલકર્મનો ઉદય છે. આમ બન્ને વાત સાથે લીધી છે. તો કોઈ એમ જાણી બેસે કે પુદ્ગલ જીવને વિકારરૂપ પરિણમાવે છે. તો એ તો સિદ્ધાંત બહારનો વિષય છે. એમાં દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત તૂટે છે કે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યની પરિણતિનો કર્તા બિલકુલ હોઈ શકે નહિ.

'**વળી જો કોઈ એમ જાણી લ્યે કે ચિત્વિકારરૂપે તો જીવ પરિણમે છે...**' જીવ પરિણમે છે એ બાબતમાં તો કોઈ વિવાદાસ્પદ વિષય નથી કે જીવ પોતે રાગાદિ ભાવરૂપે પરિણમે છે. '**પરંતુ તેના ચિત્વિકાર થવામાં આ પુદ્ગલ સ્વયં (પોતાની મેળે) નિમિત્તનો (કર્મનો) કર્તા થાય છે,...**' એટલે પુદ્ગલકર્મ સ્વયં ઉદય આવે છે. પોતે ચિત્વિકાર થવામાં નિમિત્ત થવાનું કાર્ય સ્વયં કરે છે. એટલે કે જાણે પુદ્ગલને એવી કોઈ સમજણ હોય, એવું કોઈ જ્ઞાન હોય કે આ જીવ રાગાદિ ભાવે પરિણમે છે માટે લાવ એમાં નિમિત્ત થાઉં. એવું પણ સંભવિત નથી. એટલે પોતાની મેળે

પરિણમતા, સ્વયં પરિણમતા એવા જીવને પુદ્‌ગલ પોતે સ્વયં નિમિત્ત થવા જાય છે એમ પણ બનતું નથી. એમ તો ક્યારેય થતું નથી, એમ કહે છે. જ્યારે આ જીવ વિકારરૂપ પરિણમે છે ત્યારે તેના માટે આ પુદ્‌ગલ સ્વયં કર્મનો કર્તા થઈને પ્રવર્તે છે. એવું કાંઈ નિમિત્તપણે થવાનું જ્ઞાન પુદ્‌ગલ પરમાણુમાં નથી કે લાવ, એનું હવે નિમિત્ત થવા જાઉં. એવું પણ એનામાં નથી. તો એમ તો ક્યારેય થવાનું નથી. કેમકે એનામાં જ્ઞાન નથી, એ વાત લેવી છે.

'**જો એ પ્રમાણે જ પુદ્‌ગલ પોતે તે ચિત્વિકાર થવા માટે જાણી જાણીને કર્મનિમિત્તરૂપે થાય છે, તો આ પુદ્‌ગલ જ્ઞાનવંત થયું.**' તો એ પુદ્‌ગલને જ્ઞાન થયું એમ સિદ્ધ થશે. '**તેમ થતાં (નીચે પ્રમાણે) અનર્થ ઊપજે.**' નીચે પ્રમાણે અનેક પ્રકારના અનર્થ ઉત્પન્ન થઈ જશે. અથવા ન બનવાયોગ્ય એવું બનશે. એમ લેવું છે. કોઈ પુદ્‌ગલ પરમાણુને જ્ઞાન નથી. અહીંયાં તો અહીંથી લીધું છે, પુદ્‌ગલ પરમાણુથી વાત લીધી છે, પણ જીવથી વાત લઈએ કે જીવ પુદ્‌ગલના કાર્યો પુદ્‌ગલ દ્વારા કરાવવા માંગે છે. કાર્ય તો પુદ્‌ગલ કરે છે. પુદ્‌ગલના પરિણામ તો પુદ્‌ગલ કરે છે. જડના પરિણામ તો જડ કરે છે. પણ એ જડના પરિણામ જડ કરે છે ત્યારે તે જીવની ઇચ્છા હોય છે. એ જીવની ઇચ્છાને પુદ્‌ગલ સમજી શકે છે? કે આ જીવની ઇચ્છા છે માટે હું એ ઇચ્છા અનુસાર પરિણમન કરું. જે પુદ્‌ગલનું પરિણમન છે એ સ્વયં પુદ્‌ગલનું જ પરિણમન છે અને તે જીવનું પરિણમન નથી. એમાં તો કાંઈ બીજું ચાલે એવું નથી, એમાં વિવાદ ચાલે એવું નથી. અને જીવનું પરિણમન છે તે જીવનું પરિણમન છે અને એ પુદ્‌ગલનું પરિણમન નથી. જ્યારે પુદ્‌ગલ નિમિત્ત થાય છે ત્યારે પુદ્‌ગલને નિમિત્ત થવાનું જ્ઞાન નથી કે હું આ જીવના પરિણામમાં નિમિત્ત થઈને જીવને રાગાદિ ભાવ ઊપજાવું.

જીવને ઇચ્છા થાય છે કે પુદ્‌ગલમાં આમ કાર્ય થવું જોઈએ. ત્યારે એ પોતાની ઇચ્છા અને પોતાના જ્ઞાનની સમજણ પુદ્‌ગલને આપી શકતો નથી કે તું આ રીતે કાર્ય કર. એનું જ્ઞાન એનામાં જઈને કોઈ એને સમજણ આપી શકે એમ નથી કે તું આમ પરિણમ. આ રીતે તારું પરિણમન કર, આ રીતે પરિણમન કર. એ સ્વયં જ પોતાના ગુણધર્મ અનુસાર પરિણમે છે. એમાં જીવ કાંઈ પણ કરી શકતો નથી. નિમિત્ત થવા ધારે તોપણ જીવને જ્ઞાન છે કે મારે નિમિત્ત થવું છે. પુદ્‌ગલને નિમિત્ત થવાનું જ્ઞાન નથી, પણ જીવને તો નિમિત્ત થવાનું જ્ઞાન છે ને? એને નિમિત્ત થવાનું જ્ઞાન છે અને પુદ્‌ગલને અમુક પર્યાયે પરિણમવવાની ઇચ્છા છે. હવે એવી સમજણ પુદ્‌ગલમાં આવી શકતી નથી કે જીવની ઇચ્છા અનુસાર મારે પરિણમવું જોઈએ. એવી

સમજણપૂર્વક તો પુદ્‌ગલ પરિણમી શકતું નથી. કેમકે એનામાં જ્ઞાન નથી. આમ બન્ને રીતે જીવ અને અજીવના મેળવાળા પર્યાય હોય તોપણ ખરેખર કોઈ કોઈના કાર્યમાં કાંઈ કરી શકતા નથી. કેમકે એક ચેતન છે અને એક જડ છે. એટલે એ રીતે કાર્ય થવું સંભવતું નથી.

જે અનર્થ ઊપજે છે એમાં એમ લે છે કે '**(૧) જે અચેતન હતું તે ચેતન થયું, એક તો આ દૂષણ.**' આવે છે. જે પુદ્‌ગલકર્મ અચેતન હતું તેને નિમિત્ત થવા માટે કાંઈ ભાવ આવે કે હું જીવના રાગાદિ પરિણામ થવામાં નિમિત્ત થાઉં. તો અચેતન મટી તે ચેતન થઈ જાય. તો જ એમ બને. પણ એ તો બની શકતું નથી. એટલે એ એક દૂષણ આવે છે અથવા ન બનતું હોય એવું ધારવું પડે છે, એવું સ્વીકારવું પડે છે.

'**(૨) વળી આ પુદ્‌ગલકર્મની કર્મત્વ વિભાવતા તે પુદ્‌ગલને આધીન થશે.**' વળી આ પુદ્‌ગલકર્મની કર્મત્વ વિભાવતા પુદ્‌ગલકર્મને આધીન થશે. '**પુદ્‌ગલ સ્વાધીનપણે સ્વયં (પોતાની મેળે) કર્મવિભાવનું કર્તા થશે, નિમિત્ત પામીને કર્મનું કર્તા નહિ થાય. ત્યારે કર્મત્વવિભાવ પુદ્‌ગલનો સ્વભાવ થઈ જશે, આ બીજું દૂષણ.**' શું લેવું છે? કે સામાન્ય રીતે વિભાવ થાય એમાં અન્ય પદાર્થનું નિમિત્તપણું હોય છે. જીવને અને પુદ્‌ગલને બન્નેને. જો એમ ન હોય તો વિભાવ જ તે તે પદાર્થનો સ્વભાવ થઈ જાય છે. વગર નિમિત્તે જો એમ જ જીવ પરિણમે તો એનો સ્વભાવ થઈ જાય. રાગાદિ રૂપે જીવ વગર નિમિત્તે પરિણમે તો એનો એ સ્વભાવ થઈ જાય. પુદ્‌ગલકર્મ પણ જીવના રાગાદિ વિના કર્મના કર્મત્વને પરિણમે તો એ એનો સ્વભાવ થઈ જાય છે. એવો તો બન્નેમાંથી કોઈનો સ્વભાવ નથી. ન તો જીવનો રાગાદિ ભાવ સ્વભાવ છે, ન તો પુદ્‌ગલનો કર્મપણે પરિણમવાનો સ્વભાવ છે. બન્ને ભાવકર્મ દ્રવ્યકર્મ રૂપે પરિણમે છે એમાં પરસ્પર નિમિત્તપણું છે. જો નિમિત્તપણું હોય નહિ અને પરિણમે તો એ પોતે સ્વભાવ થઈ જાય છે. તો એને મટાડવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- પુદ્‌ગલ પરમાણુ જ્યારે સામાન્ય છે અને કર્મવર્ગણા છે, એ કર્મવર્ગણા પુદ્‌ગલ પરમાણુ રૂપે થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કર્મવર્ગણામાંથી કેટલાક પરમાણુઓ કાર્મણવર્ગણાપણું છોડીને સામાન્ય શુદ્ધ પુદ્‌ગલ અવસ્થાએ થઈ જાય, એક પરમાણુરૂપે. અહીં તો કાર્મણવર્ગણાનો વિષય નથી લેવો. પણ કાર્મણવર્ગણામાંથી કોઈ જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર રૂપે પરિણમે છે એવી જે ભિન્ન ભિન્ન પ્રકારની દ્રવ્યકર્મની અવસ્થા છે એ દ્રવ્યકર્મની અવસ્થામાં જીવના વિભાવભાવોનું નિમિત્ત છે. સામાન્ય

પરમાણુમાંથી કાર્મણવર્ગણામાં આવે એમાં કોઈ જીવના વિભાવભાવનું નિમિત્ત નથી. એમ લેવું. પણ એ કાર્મણવર્ગણામાં રહેલા પરમાણુ જ્યારે જ્ઞાનાવરણી, દર્શનાવરણી એવી કોઈ પ્રકૃતિમાં દ્રવ્યકર્મ રૂપે પરિણમે અને જીવની સાથે સંબંધ પામે તો ત્યારે જે જીવની સાથે એનો સંબંધ થાય, સ્થિતિ સંબંધ થાય, એકક્ષેત્રાવગાહ સ્થિતિએ રહેવાનું ત્યારે એને તે જીવનો વિભાવભાવ નિમિત્ત હોય. તે જીવનો વિભાવભાવ નિમિત્ત ન હોય અને એનો એવો સંબંધ થાય કે એવું એનું કર્મત્વ જ્ઞાનાવરણીપણે ઊપજે એવું કદી બને નહિ. અને જો એમ બને, માનો કે જીવના વિભાવ વિના એમ બને તો એ એનો સ્વભાવ થઈ જાય છે. એ દૂષણ આવે છે. અને એનો એવો સ્વભાવ નથી. એ જીવના વિભાવભાવનું નિમિત્ત પામ્યા વિના એમ ને એમ જ્ઞાનાવરણી રૂપે પરિણમી જાય એવું કદી બનતું નથી. અહીંયાં એમ લેવું છે.

મુમુક્ષુ :- સામાન્ય પુદ્ગલ કર્મવર્ગણા પડી હોય એ સહજ નિમિત્ત વગર થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાર્મણવર્ગણામાં નિમિત્ત વગર થાય છે.

મુમુક્ષુ :- કાર્મણવર્ગણામાંથી જ્યારે નિમિત્તરૂપે લાગુ પડે ત્યારે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે આખા લોકમાં કાર્મણવર્ગણા રહેલી છે. અને આખા લોકમાં એ કાર્મણવર્ગણા સિવાયના બીજા પરમાણુઓ અને બીજા પરમાણુના સ્કંધો પણ રહેલાં છે. આમ ભિન્ન ભિન્ન અવસ્થાએ પુદ્ગલો રહેલાં છે. એમાં કોઈ જીવનું નિમિત્ત નથી. ન તો જીવના સ્વભાવનું પરિણામનું નિમિત્ત છે, ન તો જીવના વિભાવ પરિણામનું નિમિત્ત છે. હવે જે કાર્મણવર્ગણામાં રહેલાં પુદ્ગલો છે એવા જ કર્મ પુદ્ગલો જીવના વિભાવભાવનું નિમિત્ત પામીને જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીયની પ્રકૃતિરૂપે અમુક સ્થિતિ સુધી જે જીવના વિભાવનું નિમિત્ત હોય, તે જીવના એકક્ષેત્રાવગાહે અમુક સ્થિતિ પર્યંત રહેવા માટે સંબંધ પામે છે. એને કર્મબંધ કહેવામાં આવ્યો છે. કર્મસંબંધ કહો કે કર્મબંધ કહો, એમ કહેવામાં આવ્યું છે. એ દ્રવ્યકર્મના બંધમાં જીવનો વિભાવ નિમિત્ત છે. એમ ને એમ એ દ્રવ્યકર્મનો બંધ થતો નથી. જો એમ ને એમ થાય તો એ એનો સ્વભાવ થઈ જાય. આટલી વાત કહેવી છે.

મુમુક્ષુ :- અમુક કાર્મણવર્ગણા હોય કે જીવ સાથે બંધાયેલી નહિ હોય એવી સ્થિતિમાં પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જગતમાં છે. જગતમાં, આખા જગતમાં કાર્મણવર્ગણા પથરાયેલી છે. કોઈ એવી જગ્યા ખાલી નથી કે જ્યાં જીવ નથી અને જ્યાં કાર્મણવર્ગણાના પુદ્ગલો પણ નથી. એવી કોઈ જગ્યા ખાલી નથી. આ લોકમાં જીવ રહિત કોઈ સ્થાન ખાલી નથી અને કાર્મણવર્ગણા રહિત એવું પણ કોઈ સ્થાન ખાલી નથી.

બધી જગ્યાએ જીવો અને કાર્ણવર્ગણાના પુદ્ગલો છે. જે જે જીવો જ્યાં જ્યાં જ્યારે જ્યારે વિભાવ કરે છે ત્યારે ત્યાં નજીકમાં રહેલાં જે કાર્મણવર્ગણાના પરમાણુ છે એ જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ એનો જેવો ભાવ હોય છે એવી પ્રકૃતિ, એવી સ્થિતિ પોતાની યોગ્યતા અનુસાર પામી અને જીવની સાથે સંબંધ પામે છે. આવું બન્યા જ કરે છે. સ્વયં બધા જ પૂરા લોકના બધા ક્ષેત્રમાં બધા સંસારી જીવોમાં આ પ્રક્રિયા સતત ચાલુ છે, નિરંતર ચાલુ છે. ક્યારેય નથી ચાલતી એવું નથી. આખા જગતમાં આ ચાલી જ રહ્યું છે.

મુમુક્ષુ :- જીવના વિકારનું નિમિત્ત પામીને કર્મવર્ગણાપણે સ્થિત બંધાય, એ રીતે એનું નિમિત્ત ... નિર્જરા પણ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પાકી જાય છે. એ કર્મની સ્થિતિ પાકી જાય છે. સ્વયં જ એ સ્થિતિ પૂરી થાય છે ત્યારે નિર્જરે છે. એને સવિપાક નિર્જરા કહે છે. અને કોઈ જીવો અંતર્મુખનો પુરુષાર્થ કરે છે ત્યારે પણ એ પુરુષાર્થનું નિમિત્ત પામીને, સ્થિતિ ટૂંકાયને તે જીવો જ્ઞાનાવરણી આદિ પ્રકૃતિ છોડીને પાછા સામાન્ય કાર્મણપરમાણુ થઈને કાર્મણવર્ગણામાં ભળી જાય છે. એમ કાર્મણવર્ગણામાં પરમાણુઓનું આવાગમન ચાલુ રહે છે. કાર્મણવર્ગણામાંથી કર્મપ્રકૃતિરૂપ અને કર્મપ્રકૃતિમાંથી પાછી સામાન્ય કર્મપરમાણુ. એમ બન્યા જ કરે છે. એ પ્રક્રિયા પણ જગતની અંદર સતત નિરંતર ચાલ્યા જ કરે છે. આમ બન્યા કરે છે.

અહીંયાં તો એટલો જ Point છે કે એ સ્વભાવ નથી. એવું થવું, દ્રવ્યકર્મમાં જ્ઞાનાવરણાદિ રૂપે થવું એ એનો સ્વભાવ નથી. એ વિભાવ છે અને વિભાવમાં નિમિત્ત જીવનો વિભાવભાવ છે. આટલું લેવું છે, બસ.

મુમુક્ષુ :- જે વસ્તુના પરમાણુ પરિણમે છે એ કર્મરૂપે પરિણમે છે. એમાં ગર્ભિત યોગ્યતા હોય છે ત્યારે જ પરિણમે છે.

મુમુક્ષુ :- હા. કાર્મણવર્ગણા એટલે એને કહે છે. બીજા પરમાણુઓ જ્ઞાનાવરણીરૂપે નથી થતા. ત્યાં બીજા પણ પડ્યા છે. પણ બીજા કોઈ પરમાણુઓ કર્મપ્રકૃતિએ નથી પરિણમતા. ફક્ત કાર્મણવર્ગણામાં જે પરમાણુઓ છે એની યોગ્યતા એવી છે કે એ જ્ઞાનાવરણી, દર્શનાવરણી વગેરે પ્રકૃતિને ધારણ કરે.

મુમુક્ષુ :- કાર્મણ પરમાણુઓ એ બંધ પહેલા જ હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સદાય હોય જ છે. કાર્મણવર્ગણાના પરમાણુઓ જગતની અંદર, આખા જગતની અંદર પથરાયેલા પડ્યા જ છે. એમાં પણ એવી પ્રક્રિયા છે કે કેટલાક પરમાણુઓ કાર્મણવર્ગણા છોડીને સામાન્ય પરમાણુરૂપે થાય છે અને

કેટલાક પુદ્‌ગલ પરમાણુઓ સામાન્ય અવસ્થા છોડીને કાર્મણવર્ગણા રૂપે થાય છે. એવું પણ થાય જ કરે છે. એમાં પણ કોઈ બીજું કારણ નથી. એ સહજ જ પોતાના ગુણધર્મના પરિણમનથી થયા જ કરે છે. એમાં કોઈ નિમિત્ત નથી, એમાં કોઈ નિમિત્ત નથી. અહીંયાં તો આ વિભાવ છે એટલે નિમિત્ત છે એટલી વાત લેવી છે.

મુમુક્ષુ :- ચિત્વિકાર પામીને કાર્મણવર્ગણા ... પણ ઘણી જગ્યાએ તો ચિદ્‌વિકારને અનાત્મા કીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનાત્મા કહીને જીવનો સ્વભાવ-ત્રિકાળી સ્વભાવ નથી, સ્વભાવભૂત તત્ત્વ નથી એટલે એને અનાત્મા કહી દીધું. જીવની રોગિષ્ટ અવસ્થા છે. શરીરની રોગિષ્ટ અવસ્થા એ શરીરતત્ત્વ નથી. ભલે સોજો ચડ્યો હોય તોપણ એ શરીરનું તત્ત્વ નથી. એ કોઈપણ પ્રકારના Poisonous-ઝેરી તત્ત્વથી ઉત્પન્ન થયેલો સોજો છે. જ્યાં જ્યાં સોજો આવે ત્યાં ઓછાવત્તા પ્રમાણમાં ઝેરી અસર છે, ઝેરની અસર છે. પછી એક માખી કરડે ને સોજો ચડે, કોઈ જીવડું કરડે ને સોજો ચડે છે. અને આ કિડની બગડે છે ને સોજો ચડે છે. એ બધી કોઈને કોઈ ઝેરની પ્રક્રિયા છે. અને ઝેર એને કહેવાય છે કે જે પરમાણુ શરીરના પરમાણુથી તબીબિ વિજ્ઞાનમાં Foriegn element માં ગણવામાં આવે છે. એટલે એ એના સ્વભાવભૂત નથી. એમ વિભાવ છે એ સ્વભાવભૂત નથી એટલું કહેવા માટે એને અનાત્મા કહેવામાં આવે છે. આત્માના સ્વભાવને લક્ષમાં રાખીને આત્માના સ્વભાવને બતાવવા-દર્શાવવા માટે એને અનાત્મા કહેવામાં આવે છે કે એ સ્વભાવરૂપ નથી. બસ, એટલી વાત છે. પણ છે જીવની અવસ્થાનો એ વિભાવ છે. એમ લેવું.

'**(૩) વળી ત્રીજું દૂષણ આ આવે છે કે જીવના વિકાર થવા માટે જો પુદ્‌ગલ કર્મપણા વડે નિમિત્તરૂપ થયા કરે તો આ દૂષણ ઊપજે કે 'કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું વેરી હોતું નથી' ત્યારે અહીં તો, પુદ્‌ગલ જીવનું વેરી થયું, આ ત્રીજું દૂષણ.**' થયું. વળી ત્રીજું દૂષણ આ આવે કે જીવના વિકાર થવા માટે પુદ્‌ગલકર્મપણા વડે નિમિત્તરૂપ થયા કરે તો આ દૂષણ ઊપજે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું વેરી હોતું નથી, કોઈ કોઈનો વેરથી નાશ કરે એવું તો હોતું નથી, પણ અહીં તો પુદ્‌ગલ નિમિત્ત થઈને જીવને વિકાર કરાવ્યા કરે. અને જીવને નુકસાન કર્યા કરે અને જીવનો પ્રાણઘાત કર્યા કરે. એવું તો બનતું નથી. કેમકે એને વેર લેવું ન લેવું એવી સમજણ પણ એનામાં નથી. એ તો જ્ઞાન હોય એને એવો વિભાવ થાય છે કે આ મિત્ર છે અને આ દુશ્મન છે. પણ પુદ્‌ગલમાં તો એ પ્રકારના પરિણામ થઈ શકતા નથી.

'**વળી જો કોઈ આ પ્રમાણે કહે કે જીવ તો વિકારરૂપે પરિણમતો નથી, એમ**

તો કદી બનતું નથી. કારણ કે-જો પુદ્‌ગલ વિકારરૂપે પરિણમે છે તો પરિણમો, પરંતુ (ત્યાં) જીવને તો સંસારમુક્તિ થવાનું તો ન આવ્યું. જ્ઞાની-અજ્ઞાનીથી કોઈ અન્ય દશા ઠરી. તે અન્ય દશા તો દેખવામાં આવતી નથી. વળી જીવના પરિણામ સંસાર મોક્ષરૂપે થતાં પ્રત્યક્ષ દેખવામાં આવે છે, તેથી વિકાર તો જીવનો ઠર્યો.' શું કહેવું છે? કોઈ વળી એમ કહે કે જીવ તો વિકારરૂપે પરિણમતો નથી. એવો તર્ક કરે કે જીવ ક્યાં વિકારરૂપે પરિણમે છે. અમને તો એવું કાંઈ લાગતું નથી કે જીવ વિકારરૂપે પરિણમે છે.

મુમુક્ષુ :- એવું શાસ્ત્રમાં નિરૂપણ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જીવનો સ્વભાવ વિકારરૂપે થતો નથી એમ ત્યાં કહેવું છે. જીવનો વિકાર રહિત એવો જે ત્રિકાળી સ્વભાવ, તે સ્વભાવ મટીને, અવિકાર સ્વભાવપણું મટીને સ્વભાવ પોતે વિકારરૂપે થતો નથી એમ કહેવું છે. પણ જીવના પરિણામમાં વિકાર થતો નથી એવું શાસ્ત્ર કહેતા નથી. જીવના પરિણામમાં વિકાર થાય છે. અને એની ભાષા એ રીતે કરાય છે કે જીવ વિકારરૂપે પરિણમ્યો, જીવ વિકારરૂપ થયો. એમ કહેવામાં આવે છે. એવી ભાષા આવે છે. એ પરિણામ સાપેક્ષ દ્રવ્યથી વાત કહેવાણી છે. પરિણામની મુખ્યતાથી દ્રવ્ય પરિણમ્યું એમ કહેવામાં આવે છે. તો જીવ વિકારરૂપે પરિણમતો નથી એમ જો કોઈ કહે તો એમ તો કદી થવાનું નથી. '**કારણ કે જો પુદ્‌ગલ વિકારરૂપે પરિણમે છે તો પરિણમો, પરંતુ (ત્યાં) જીવને તો સંસારમુક્તિ થવાનું ન આવ્યું,...**' કેમકે એને વિકાર નથી તો એને સંસાર નથી. સંસાર નથી તો એની મુક્તિ કરવાનો પ્રસંગ રહેતો નથી. આ જે સાંખ્યનો મત આવી જાય છે એ આ રીતે આવી જાય છે. જે જીવો સ્વભાવને યથાર્થ નથી સમજતા તે પરિણામના વિષયને ચૂકી જાય છે. ત્યારે પરિણામની અંદર શું ગડબડ થાય છે અને એ જીવ પરિણામ કરે છે એ વાત ભૂલી જાય છે એટલે એ સંસારમુક્તિનો વિષય પણ એ ભૂલી જાય છે. સાંખ્યનો મત થઈ ગયો. એવું પણ અણસમજણથી બને છે. મતિદોષથી એ કલ્પના થાય છે. એવી સ્થિતિ તો જ્ઞાનની નથી અને અજ્ઞાન પણ નથી. અજ્ઞાની અને જ્ઞાનથી કોઈ બીજી સ્થિતિ બની. એવી કલ્પના કરવી પડે. પણ એવી તો કોઈ સ્થિતિ જગતમાં જોવામાં આવતી નથી. કાં તો કોઈ જીવને સંસાર અવસ્થા છે, કાં તો કોઈ જીવને મુક્ત અવસ્થા છે. પણ એથી કોઈ ત્રીજી સ્થિતિ જોવામાં આવતી નથી, એમ કહેવું છે અહીંયાં.

આ તો જીવને અનેક પ્રકારના તર્ક થાય છે એની વાત લીધી છે. આવા તર્ક ઊપજે તો. પણ એ તર્ક કેટલા સુસંગત છે? પોતાના હિત-અહિત માટે એવા તર્ક

કરવા કેટલા સુસંગત છે એ જેને તર્ક ઉઠતા હોય એણે એક વખત તો વિચાર કરી લેવો જોઈએ. કોઈ તર્કણા ચાલતી હોય, અનેક પ્રકારના તર્ક ઉત્પન્ન થતા હોય તો એણે એ વિચાર કરવો જોઈએ કે તર્કમાં પણ કાંઈ હિત-અહિતની મુખ્યતા થાય છે કે એમ ને એમ તર્ક આવ્યા કરે અને તર્ક ઊપજ્યા જ કરે છે? એવી જે મનની તાર્કિક સ્થિતિ છે, એવી જે તાર્કિક માનસિક સ્થિતિ છે એ જીવને પોતાનો નિશ્ચય કરવાની અંદર વિઘ્નરૂપ છે, બાધારૂપ છે. એટલે તર્ક પણ મર્યાદામાં થાય એ સારું. આ જરા આ તર્ક થોડો મર્યાદા બહારનો છે એટલે વિચાર આવ્યો.

કોઈ એમ કહે કે જીવને વિકાર થતો નથી. ચાલો. એની સ્થિતિ શું? ઉત્તર એમ દ્યે છે. એની સ્થિતિ જ્ઞાનીપણાની છે? સંસારની છે કે મુક્તિની છે? સંસાર અને મુક્તિ સિવાયની ત્રીજી તો કોઈ સ્થિતિ જોવામાં આવતી નથી. આ તર્ક તું કેવી રીતે કરે છો? એમ તર્ક ફેંકનારે તર્ક ફેંકવાનું એનાથી બન્યા કરતું હોય ત્યારે થોડોક વિચાર કરવા જેવો છે કે કાંઈક હિત-અહિતનો વિષય લક્ષમાં રાખીને હું તર્ક કરું છું? કે એમ ને એમ તર્ક આવે એ ઝીંકે રાખું છું? આટલું થોડું વિચારવાનું છે. નહિતર એ તર્કણાવાળી સ્થિતિ જીવને ક્યાંય કોઈ સ્વરૂપ નિર્ણય થઈને વાત એને ખીલે બંધાય કે મારું આવું જ સ્વરૂપ છે, એ સ્થિતિમાં ન આવવા દે. એટલે એની માનસિક સ્થિતિ અનિર્ણયની દશામાં ડહોળાયેલી રહે. આવી સ્થિતિ થાય.

તર્ક છે એ પ્રશ્નરૂપ છે અને પ્રશ્ન છે એ જિજ્ઞાસાના સ્થાનમાં ઊપજતો પ્રકાર છે. અને જિજ્ઞાસા હંમેશા આવકારવામાં આવી છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં જિજ્ઞાસાનું સ્થાન ઘણું સારું છે. તોપણ એ જિજ્ઞાસામાં આ પ્રકાર ઉત્પન્ન ન થાય તે થોડું વિચારી લેવું જોઈએ. કાલે થોડી ચર્ચા થઈ હતી ને? કે અજ્ઞાની જીવને સ્વભાવ પ્રાપ્ત કરવાનું શું સાધન છે એને? એ થોડી વાત જિજ્ઞાસાની ચાલી હતી કે એણે મારું સ્વરૂપ કેવું છે? મારું મૂળ સ્વરૂપ કેવું છે? મારું સત્ય સ્વરૂપ કેવું છે? એની જિજ્ઞાસા, અપૂર્વ જિજ્ઞાસા, તીવ્ર જિજ્ઞાસા, તીવ્રતમ જિજ્ઞાસા હોવી જોઈએ. એ જિજ્ઞાસા છે એ એને મિથ્યાત્વ અવસ્થામાં પણ સ્વભાવની સમીપ લાવવાનું એક સાધન છે. એટલે તો એવી જિજ્ઞાસાને જ્ઞાનપ્રાપ્તિ થઈ છે એવી જે દશા એનો અંશ ગણવામાં આવ્યો છે. 'શ્રીમદ્‌જી'એ એને અંશ ગણ્યો છે. જિજ્ઞાસાને જ્ઞાનપ્રાપ્તિનો અંશ ગણ્યો છે. કેમકે એનું જ્ઞાનપ્રાપ્તિ સાથે અનુસંધાન છે.

મુમુક્ષુ :- દિશા ફરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દિશામાં પણ સત્ય માટે એનો અવકાશ થઈ ગયો. મારું સત્ય સ્વરૂપ કેવું છે? જેવું મારું સત્ય સ્વરૂપ હોય એવું મારે સમજવું છે, એવું

મારે જાણવું છે. એવી જ્ઞાનની ભૂમિકામાં સત્ય માટે ખાલી જગ્યા એણે કરી. સત્યને સ્થાપવા માટે એમે અવકાશ કરી દીધો. જેમ આપણે કહીએ ને કે અહીંયાં બેસો. અહીંયાં બેસવાની જગ્યા ખાલી કરી દો. એમ એણે મિથ્યાત્વની અવસ્થામાં સામાન્ય અવસ્થા એવી છે કે તે સત્યનો સ્વીકાર ન કરે. કેમકે મિથ્યાત્વી જીવ પોતે અસત્યનો સ્વીકાર કરીને બેઠો છે ત્યારે મિથ્યાત્વી છે. હવે એ મિથ્યાત્વ મટવા માટે અને સમ્યક્ત્વ થવા માટે પહેલાં શું થવું જોઈએ? જે અસત્યનો સ્વીકાર કરી બેઠો છે એના બદલે એને એક એવો વિચાર આવે છે કે સત્ય શું છે? મારું સત્ય સ્વરૂપ શું છે? જગતમાં સત્ય શું છે? આ સત્ પાછળ એની જે જિજ્ઞાસા ઊભી થાય, સત્ની જિજ્ઞાસા એને કહે છે, એ એને જ્ઞાનપ્રાપ્તિના અંશરૂપે મિથ્યાત્વની અવસ્થામાં લીધી છે. એ એક મોટું સાધનુ છે.

મિથ્યાત્વ અવસ્થામાં પણ બીજા જે અનેક ગુણોમાં પરિણમનનમાં ફેરફાર થાય છે એમાં જ્ઞાનની પ્રવૃત્તિ મુખ્ય છે. પછી એવા જીવને આત્માનું સત્ય સ્વરૂપ કહેનારા, સંભળાવનારા મળે છે તો એ જિજ્ઞાસા ઉપરાંત એનું જ સ્વરૂપ હોવાથી જે રુચિથી અને જે ભાવનાથી, જે ભાવથી એ સાંભળે છે એ પણ એને સ્વભાવભાવની નજીક આવવાનું એક કારણ છે. જેને ભાવશ્રુત, દ્રવ્યશ્રુતના નિમિત્તે ઉત્પન્ન થતું ભાવશ્રુત (કહેવામાં આવે છે). ભાવથી સાંભળવું. એક ઉપેક્ષા ભાવે સાંભળે અને એક રુચિ અને ભાવતું હોય એવા ભાવે સાંભળે. ભલે એની સમજણ ત્યાં મર્યાદિત છે પણ એને એ રુચે છે, એને એ ભાવે છે, એના ભાવમાં ભાવે છે એ એક એને મુમુક્ષુની ભૂમિકામાં નજીક આવવાનું-સ્વભાવની નજીક આવવાનું કારણ છે.

જેને સ્વભાવ સાંભળતા સ્વભાવ રુચે અને એવી ભાવનાથી એ ભાવશ્રુતમાં પરિણમે એ એનો જ્ઞાનનો પર્યાય છે કે જેને લઈને એક એવી પરિસ્થિતિ ઊભી થાય કે અનાદિથી જીવ જે ઉદયમાં સાવધાન થઈને પરિણમી રહ્યો છે, ત્યાં એની સાવધાનીમાં ફેર પડી જાય. જીવ ઉદયમાં એટલો બધો સાવધાન છે કે એને વર્તમાન ઉદયમાં સર્વસ્વપણું માનીને ત્યાં સાવધાની કરી છે. પછી જેને જે ઉદય હોય તે. એ સાવધાની છે એ એને બહિર્મુખપણું છોડવા દેતી નથી. મિથ્યાત્વની ભૂમિકામાં પણ જેણે રુચિથી અને ભાવથી આત્મા સાંભળ્યો.. કેમકે આત્મા સંભળાવનાર છે એ એમ કહે છે કે જો ભાઈ! આ આત્મા છે એ નિર્વિકાર તત્ત્વ છે. એકદમ શુદ્ધ ચૈતન્ય પરમરસનું ધામ છે. તો એ જે ભાવથી સાંભળે છે એમાં એને જે પોતે ઉદયમાં સાવધાન થાય છે એના ઉપર એની ભાવના ફટકો મારે છે.

ભાવથી સાંભળેલું જે આત્મતત્ત્વ એ એની સાવધાની ઉપર અસર કરે છે. અનાદિથી

ચાલી આવતી જે સાવધાની, એ સાવધાની ઉપર અસર કરે છે. કેમકે એ સાવધાનીનો નિયમ એવો છે. સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વરૂપમાં સાવધાન હોવાથી બાહ્ય કાર્યો અને બાહ્ય નિમિત્તોની વચ્ચે હોવા છતાં એનું અંતર્મુખપણું છૂટી જતું નથી. કેમકે એની સ્વરૂપની સાવધાની છે એ અત્યંત સ્વરૂપરસે કરીને ઉત્પન્ન થઈ ગઈ છે. તો બહારમાં જે અનાદિથી મિથ્યાદૃષ્ટિ જીવને સાવધાની છે એ અત્યંત પરરસે કરીને, પરરસને લીધે છે. તો પરરસમાં જે ફેર પડે છે ત્યારે સાવધાનીમાં ફેર પડે છે. પરરસમાં ક્યારે ફેર પડે છે? કે જ્યારે ચૈતન્ય સંબંધીનો રસ લેવામાં આવે છે ત્યારે ફેર પડે છે. તો મિથ્યાત્વની ભૂમિકામાં પણ સ્વભાવની સમીપ જવાનું કારણ કે જે ચૈતન્યતત્ત્વ છે એ બાજુનો જેટલો ભાવવાહી રુચિનો અને જ્ઞાનનો ભાવવાહી ભાવનો પરિણામપ્રવાહ છે એ એની સાવધાનીને તોડે છે, સાવધાનીમાં ફેર પાડે છે.

શાસ્ત્રમાં એવી વાત આવે છે કે સત્ સાંભળ્યા પછી, આત્માના સત્સ્વરૂપનું શ્રવણ થયા પછી એટલે સત્ શ્રુતમાં આવ્યા પછી, સાંભળ્યું એટલે શ્રુત થયું, જો એને ઉદમયાં સાવધાનીની અંદર ફેર ન પડે, ફરક ન પડે તો એમ સમજવું કે ભાવશ્રુત થયું નથી, એણે ભાવથી સાંભળ્યું નથી. અને જે ભાવ વિના કામ કર્યું હોય એમાં શું ભલીવાર હોય? જેમાં જેનો ભાવ ન હોય એ કાર્યમાં શું ભલીવાર હોય? કે એનું તો કોઈ અનુકૂળ પરિણામ આવતું નથી.

મુમુક્ષુ :- વિદ્યાર્થી માર્ક મેળવવા માટે વાંચે અને વાર્તાની ચોપડી વાંચે એમાં ઘણો ફેર.

પૂજ્ય ભાઈશ્રી :- છાપુ અત્યારે વાંચે ને ઘડીકમાં ભૂલી જાય. રોજ વાંચે ને રોજ ભૂલી જાય. અને છાપામાં તો બધી વાત આવે. એક જગ્યાએ કોઈ ઉપદેશની વાત કરી હોય તો બીજી જગ્યાએ કોઈ ગડબડની વાત કરી હોય. બેય વાત આવે. એમાં એને આ ગ્રહણ કરવું અને આ છોડી દેવું, એવો કોઈ ત્યાં હેતુ નથી. ખાલી એમ જ જાણવા માટે વાંચી લ્યે છે. એવો આ માત્ર જાણવાનો વિષય નથી કે આ વિરૂદ્ધ છે અને આ અવિરૂદ્ધ છે, આ વિરૂદ્ધ છે અને આ અવિરૂદ્ધ છે. એમાં પોતાના હિતની સાથે શું સંબંધ છે એ દૃષ્ટિકોણ મુખ્ય હોવો જોઈએ. થોડું વિષયાંતર થાય છે પણ લઈ લીધું.

બીજું, કે સાવધાનીમાં જે ફેર પડે છે એની સાથે સાથે જો સ્વરૂપપ્રાપ્તિની ઉગ્ર ભાવના હોય તો, આ એની પહેલી શરત છે, સ્વરૂપપ્રાપ્તિની તીવ્રતમ ભાવના હોય તો એનું પરિણમન છે એ આત્મલક્ષી થઈ જાય છે. મુમુક્ષુ જીવનું પરિણમન આત્મલક્ષી થઈ જાય છે. આત્મલક્ષી પરિણમન એટલે શું? કે જે ચાલુ પરિણામ છે એના ઉપર

એનો Watch આવી જાય છે, એની જાગૃતિ આવી જાય છે, એનું અવલોકન સતત થયા કરે છે. એટલે અનેક પ્રકારના હજી અહીંયાં વિભાવભાવો મુમુક્ષુને ઉત્પન્ન થાય છે તોપણ એનું આત્મલક્ષી પરિણમન હોવાથી, એ વિભાવને ટાળવાના હેતુલક્ષી પરિણમન હોવાથી એ પ્રકારના હેતુથી જ થતું જે અવલોકન, એ એના વિભાવરસને ફીક્કો પાડે છે.

જ્યાં સુધી વિભાવરસ તીવ્ર હોય છે, એની પરિણતિ થઈ ગઈ છે, સંસારીજીવને વિભાવરસની પરિણતિ થયેલી છે. કષાય મંદ હોય કે ઉપયોગમાં કષાય તીવ્ર હોય પણ જે તીવ્ર વિભાવરસની પરિણતિ છે એ સ્વભાવરસને સ્પર્શવા દેતી નથી, એ સ્વભાવરસને પ્રવેશવા દેતી નથી. તો એ વિભાવરસને ફીક્કો પાડવાનું સાધન શું? આ સ્વભાવની નજીક કેવી રીતે અવાય છે? કાલે પ્રશ્ન ચાલ્યો ને? ત્યારે વાંચતા વાંચતા થોડા મુદ્દા વિચારમાં આવેલા. એનું જે સતત પોતાનું અવલોકન છે, એવું જે આત્મલક્ષી પરિણમન છે એ એના વિભાવરસને ફીક્કો કરે છે. વિભાવરસ જ્યાં ફીક્કો પડે છે ત્યારે એ વિભાવરસથી રંગાયેલું જ્ઞાન છે એ મુમુક્ષુની ભૂમિકા પૂરતું નિર્મળ થાય. સમ્યગ્જ્ઞાનમાં નિર્મળ થાય એ જુદી વાત છે આખી, પણ મિથ્યાત્વની ભૂમિકામાં કેટલીક નિર્મળતા પકડે છે કે જે નિર્મળતાને લઈને એ જ્ઞાનલક્ષણથી એ જ્ઞાયકસ્વભાવી આત્માનો નિર્ણય કરી શકે. એટલે જ્ઞાનની પ્રવૃત્તિમાં બહુવિધ પ્રકારના કાર્યો થાય છે. જિજ્ઞાસા પણ જ્ઞાનનો પર્યાય છે, અવલોકન પણ જ્ઞાનનો પર્યાય છે. પરપદાર્થના ઉદયમાં ઉપયોગ જતાં એમાં સાવધાની ઓછી થઈ જાય એ પણ જ્ઞાનનો પર્યાય છે. થોડી આચરણ પ્રધાનતા ત્યાં વધારે છે, પણ છે એ જ્ઞાનનો પર્યાય. અને સ્વરૂપનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરે એ પણ જ્ઞાનનો પર્યાય છે, પ્રયત્ન પ્રધાનતાથી-પુરુષાર્થ પ્રધાનતાથી.

મારું મૂળ સ્વરૂપ કેવું? જ્ઞાયક તો મેં સાંભળ્યું પણ કેવો જ્ઞાયક? હું જ્ઞાયક કેવો? જેવો કેવળજ્ઞાનમાં જ્ઞાયક જણાય એવો જ્ઞાયકનો ભાવ ભાસે નહિ, વિચારની ભૂમિકામાં એનું ભાવનું ભાસ્યમાનપણું ન થાય ત્યાં સુધી એના સ્વભાવની જે મહિમા આવવી જોઈએ, જે કિંમત આવવી જોઈએ, જે મૂલ્યાંકન થવું જોઈએ એ નહિ થાય. કેમકે મૂલ્ય જ્ઞાન કરે છે. એ પણ જ્ઞાનનો જ પર્યાય છે. જ્ઞાનનું શરૂઆતથી જ તે બહુ પ્રધાન કાર્ય છે. એવો જ્યારે પ્રકાર ઉત્પન્ન થાય છે કે જીવનું જ્ઞાન ઘણું સૂક્ષ્મ થઈને સ્વભાવ અત્યંત સૂક્ષ્મ હોવાથી, જેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદો સ્થૂળ છે, દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણના ભેદો સ્થૂળ છે અથવા સર્વ ભેદો સ્થૂળતાને પામે છે, એવું સર્વ ભેદથી નિરપેક્ષ એવું જે અભેદ આત્મસ્વરૂપ, એને લક્ષમાં લેવા માટે, એનો નિશ્ચય

થવા માટે એ જ્ઞાનને સૂક્ષ્મ થવું પડે છે, એ જ્ઞાનને અન્ય વિષયોમાંથી સાવધાની અને ચંચળતા છોડીને ધીરું થવાનું બને છે એ બધા પ્રકાર એના પરિણામમાં સાથો સાથે ઊપજે છે કે જે એને સ્વભાવની સમીપ જવામાં અનુકૂળ છે. એ પરિસ્થિતિ પણ ત્યાં ઊપજે છે. સાથે સાથે બીજા પણ પ્રકાર એવા ઊપજે છે કે પૂર્વકર્મના ઉદયને લઈને અનેક પ્રકારના સુખ-દુઃખના અને શાતા-અશાતાના પ્રસંગો હોય છે. તો એ સુખગુણના પરિણમનની મુખ્યતાથી લઈએ તો એ જેટલા પણ પૂર્વકર્મના પ્રસંગો છે એમાં ક્યાંય મારો આત્મા નથી, ક્યાંય હું નથી, મારું સ્વરૂપ નથી, મારું અસ્તિત્વ ક્યાંય નથી એવું જાણીને એ ત્યાંથી પણ એનો સુખ-દુઃખ અંગેનો જે રસ છે એ ફીક્કો પડી જાય છે. તીવ્ર રસે કરીને એ ન તો સુખના પ્રસંગમાં આવે કે ન તો દુઃખના પ્રસંગમાં પરિણમે. દુઃખી થઈને કે સુખી થઈને એટલે હર્ષાન્વિત થઈને કે શોકાન્વિત થઈને તીવ્ર રસે કરીને પૂર્વકર્મના ઉદય પ્રસંગોમાં પરિણમવાનું એનું બંધ થઈ જાય. એ સુખગુણને અનુસરતું એનું પરિણમન છે.

એવું જ તે એવી અનુકૂળતાઓ પ્રાપ્ત થાય અથવા લોકો જેને લાભ કહે છે, ફાયદો અને લાભનો વિષય છે એમાં એનો જે ઉત્સાહ છે એ ઉત્સાહ નિરુત્સાહપણું પામી જાય. એ પુરુષાર્થની મુખ્યતાવાળું પરિણમન છે. એવા અનેક ગુણના પરિણમનમાં બધો ફેરફાર ઊભો થઈ જાય છે. એ ફેરફાર છે એ એને જ્ઞાનપ્રાપ્તિનું આંગણું છે. ત્યારે આવા ફેરફારો ઊભા થાય ત્યારે ભલે હજી સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું હોય પણ મિથ્યાત્વની અવસ્થામાં પણ એ જીવ સમ્યક્ત્વના આંગણામાં આવ્યો છે. અથવા સ્વભાવ સમીપ જાય છે એવી યોગ્યતાને એણે પ્રાપ્ત કરી.

એ સિવાય જ્યારે થોડી જ્ઞાનમાં અને રુચિમાં આ પ્રકારે ફરક ઊભો થાય છે ત્યારે એક એનું ત્રીજું લક્ષણ પણ ઊભું થાય છે. એ એવું છે કે એ શાસ્ત્ર વાંચે કે શાસ્ત્ર સાંભળે, એને સમ્યક્ ન્યાયો છે એ એની રુચિની પુષ્ટિનું કારણ બનવા લાગે. નહિતર છે તો બધા ભંગભેદ. અનેક ન્યાયો તો અનેક ભંગભેદને બતાવે છે. પણ એમાં ભંગભેદમાં રોકાવાને બદલે એમાં રહેલું જે સમ્યક્ ન્યાયોનું જે સમ્યક્પણું છે એને અનુસાર એને પોતાની રુચિનું અને આત્મભાવનાને પોષણ મળવાનું કાર્ય થાય છે અને એ બધા ન્યાયો એને સીધાસટ બેસવા માંડે છે. ક્યાંય એને વિરોધ ભાસતો નથી, વિરોધ આવતો નથી. એવી એક એની જ્ઞાનની પરિસ્થિતિ થઈ જાય છે કે સમ્યક્ ન્યાયોમાં એની મતિ છે એ નકાર કરતી નથી કે આમ ન હોય. કુતર્ક તો ન કરે પણ નકાર પણ ન કરે. કુતર્ક કરે અને નકાર કરે એ બેય નુકસાન છે. એવું નુકસાન એના પરિણામમાં નથી થતું. એવા કેટલાક ચોક્કસ પ્રકારના લક્ષણો

એને જ્ઞાન થાય એ પહેલાં આવા બધા લક્ષણો ઉત્પન્ન થાય છે. એટલે એ જીવ સ્વભાવ સમીપ જઈ રહ્યો છે એવું જ્ઞાનીને લક્ષમાં-ખ્યાલમાં આવે છે કે આ જીવ સ્વભાવ સમીપ જઈ રહ્યો છે. કેમકે સમ્યક્ત્વનું પરિણમન થાય એ કાંઈ કોઈને બીજાના ઘરે ખબર પડતી નથી. પણ આવા ચિહ્નવાળો કોઈ જીવ એમ કહે કે મને અનુભવ થયો તો એમાં જ્ઞાનીને અવિશ્વાસ નથી આવતો. એને વિશ્વાસ આવે છે કે એના પરિણામ એવી કોઈ યોગ્યતાવાળા હતા કે જેને લઈને એને અનુભવ અને જ્ઞાનપ્રાપ્તિ હોવાની, થવાની સંભાવના હતી. જો એ કહે છે તો એમાં કાંઈ ગડબડ હશે નહિ. તો કોઈવાર પરીક્ષા કર્યા વિના પણ જ્ઞાની એવા જીવનું સમ્યક્ત્વ સ્વીકારી લ્યે છે. પરીક્ષા ન કરે. કેમકે એને એની પૂર્વપર્યાયોનો ખ્યાલ આવ્યો હોય, એના આત્માર્થીપણાનો ખ્યાલ આવ્યો હોય તો એના માટે પરીક્ષા ન પણ કરે.

મુમુક્ષુ :- આમ તો જ્ઞાનીને ચોક્કસ ખ્યાલ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આગળપાછળનો ખ્યાલ હોય તો પછી વિશેષ ચોક્કસ પરીક્ષાનો પ્રસંગ ગોઠવ્યા વિના પરીક્ષાની રીતે એને તપાસ્યા વિના, એને આગળપાછળનો ખ્યાલ હોય તો સ્વીકાર કરી લ્યે કે બનવાજોગ છે. તો સ્વીકારી લે.

મુમુક્ષુ :- અજ્ઞાની અવસ્થામાં જિજ્ઞાસા હોય, સમ્યક્ જિજ્ઞાસા જીવને હોય તો આ બધા પ્રકાર આવે.

પૂજ્ય ભાઈશ્રી :- તો બધા પ્રકારો આવે. ખરી જિજ્ઞાસામાં વિભાવરસ તૂટવાનું બહુ કારણ ઊભું છે. નાસ્તિથી વિભાવરસ તૂટવાનું કારણ ઊભું છે અને અસ્તિથી સ્વભાવને આવવાનો અવકાશ થઈ ગયો છે, ખાલી જગ્યા થઈ છે. એટલે 'પરમાગમસાર'માં પાછળ જે એક બોલ ખેંચાણો છે એ આના ઉપર છે. જિજ્ઞાસા ઉપર છે. ૧૦૦૭ નંબરનો બોલ એવો છે.

'**જિજ્ઞાસુ જીવે સત્યનો સ્વીકાર થવા અર્થે...**' ત્યાં જિજ્ઞાસુ જીવની વાત લીધી છે. નહિતર આત્માર્થી, મુમુક્ષુ એવા ઘણાં નામ છે પણ અહીંયાં જિજ્ઞાસુ નામ લીધું છે. '**જિજ્ઞાસુ જીવે સત્યનો સ્વીકાર થવા અર્થે અંતર વિચારના સ્થાનમાં...**' સ્થૂળ વિચારના સ્થાનમાં નહિ. એના '**અંતર વિચારના સ્થાનમાં સત્યને સમજવાનો અવકાશ અવશ્ય રાખવો જોઈએ.**' આટલું 'ગુરુદેવ'નું વચન છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્'નું?

પૂજ્ય ભાઈશ્રી :- ના, ગુરુદેવનું. 'ગુરુદેવ'નું વચન છે. 'પરમાગમસાર'માં ૧૦૦૭ નંબરનો બોલ છે.

એ તો ઉપદેશ આપે છે એટલે (કહ્યું કે) રાખવો જોઈએ એમ કહ્યું. પણ જે

ખરેખર સ્વરૂપનો જિજ્ઞાસુ છે એને અંતર વિચારના સ્થાનમાં સત્યને સમજવાનો અવકાશ ઊભો થઈ ગયો છે, એને રાખવો જોઈએ એમ કહેવામાં આવે છે. એમ ખરેખર તો છે. આ બોલ બહુ જૂના 'આત્મધર્મ'માંથી પકડેલો છે. ઘણાં જૂના. આ તો તર્ક ઉપરથી વિચાર ચાલ્યો.

અવલોકનનો વિષય તો મુમુક્ષુની ભૂમિકાની અંદર એટલો બધો મુખ્ય કરનારો ભાવ છે કે પોતે એમ સાંભળ્યું કે આત્મા જ્ઞાનમાત્ર છે તો એ અવલોકવાની પણ એની કોશિષ ચાલુ છે. અને એ સાંભળ્યું છે એ એણે હજી અનુભવ્યું નહોતું તોપણ કહેનારને સ્વીકારેલ હોવાથી એણે એની વાત પણ સ્વીકારી છે. તેથી હજી જ્ઞાન થયા પહેલાં પણ ઓઘસંજ્ઞાએ તો એ એ પ્રકાર જ લ્યે છે કે હું રાગરૂપ નથી, હું દ્વેષરૂપ નથી, હું કોઈ વિભાવરૂપ નથી પણ હું જ્ઞાન માત્ર છું. તો એટલો એવો માત્ર વિચાર વિકલ્પ કરવાને બદલે એવા અવલોકનમાં જાય છે કે હું રાગરૂપ છું કે હું જ્ઞાનરૂપ છું? હું રાગરૂપ છું કે હું જ્ઞાનરૂપ છું? આ એની જે તપાસ છે એ એને ભેદજ્ઞાનમાં લઈ જાય છે.

ભેદજ્ઞાનની વિધિ કેવી રીતે શરૂ કરવી? એવા પ્રશ્નનો આ સીધો ઉત્તર છે. કોઈ એમ કહે કે ભેદજ્ઞાન કેવી રીતે અમારે શરૂ કરવું? તો કહે છે, તેં એમ સાંભળ્યું કે નહિ કે તું જ્ઞાનમાત્રપણે છો? તો તારા પરિણમનમાં જ્ઞાન પણ પ્રસિદ્ધ છે, પ્રગટ છે. તારા પરિણમનમાં રાગ પણ પ્રગટ છે. હવે તને તારું હોવાપણું, તારી સત્તા, તારી હયાતી અનાદિથી રાગમાં અનુભવાઈ રહી છે. તપાસીને જો એ ભૂલ છે. જેમ હિસાબમાં ભૂલ હોય તો એમ કહે, ભાઈ! તમે તપાસી લ્યો, તમારી હિસાબમાં ભૂલ છે. તપાસો તો તમને ભૂલ મળી જશે. એમ જ્ઞાની કહે છે કે તપાસ! તું રાગરૂપે છું એવો જે અનુભવ કરે છે એ ભૂલ છે, તું જ્ઞાનસ્વરૂપે છો. તારા અસ્તિત્વને ખોળ, તારા અસ્તિત્વને શોધ. તપાસ કરીને તારા અસ્તિત્વને પકડ કે તારું અસ્તિત્વ જ્ઞાનમાં છે કે તારું અસ્તિત્વ રાગમાં છે? એ અવલોકનથી, અવલોકનપૂર્વક, માત્ર વિકલ્પ કરે છે એમ નથી, બે વચ્ચે ફરક છે. કેટલાક તો ભેદજ્ઞાનને વિચારનો વિષય સમજીને એના વિકલ્પો કર્યા કરે છે કે હું રાગ નથી, હું તો જ્ઞાનસ્વરૂપી છું. હું રાગ નથી, હું જ્ઞાનસ્વરૂપી છું. એમ નથી.

ચાલતા પરિણમનના વેદનને-રાગના વેદનને, જ્ઞાનના વેદનને પકડવાનો જે પ્રયાસ છે, શોધવાનો જે પ્રયાસ છે, તપાસવાનો પ્રયાસ છે, અવલોકનમાં લેવાનો જે પ્રયાસ છે એમાંથી ભેદજ્ઞાન ઊભું થાય છે. અને એ ભેદજ્ઞાન એકમાત્ર સ્વભાવભાવની પ્રાપ્તિનું, સ્વભાવના અનુભવનું એક જ માત્ર સાધન છે, ત્રણે કાળે. તિર્યંચ હોય, દેવ હોય,

નારકી હોય, મનુષ્ય હોય. ચારે ગતિમાં. અને ત્રણે કાળમાં ભેદજ્ઞાન જ એક સંવરનું અથવા અનુભવનું કારણ છે અને બીજું કોઈ કારણ નથી. આ ચાવી અહીંથી એને હાથમાં આવે છે. ચાવી હાથમાં આવ્યા પછી કળે કામ થાય છે. એને પછી બળ આપોઆપ ઉત્પન્ન થાય છે, પણ કામ કળથી થાય છે એટલે સહજતાથી કામ થાય છે. કૃત્રિમ બળ એને કરવું પડતું નથી. સહજ બળ છે એ તો કળની સાથે જ જોડાયેલી ચીજ છે.

બીજા Paragraph થી લઈએ. **'હવે જો કોઈ એણ કહે કે જીવ પોતે તો ચિત્ વિકારરૂપ પરિણમતો નથી પરંતુ તે પુદ્ગલ સાથે વ્યાપ્ય-વ્યાપક થઈને પરિણમે છે, તો એમ તો નથી; કેમ કે કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપક થતું નથી. જો થાય તો...'**

મુમુક્ષુ :- 'દીપચંદજી'ને કેટલા વર્ષ થયા?

પૂજ્ય ભાઈશ્રી :- ૨૫૦ વર્ષ લગભગ થયા.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' આ જ વાત કરી તો એનો વિરોધ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- વિરોધ કરનારાઓએ તો શાસ્ત્ર વાંચ્યા નથી. મોટાભાગનાએ તો. અને જે પંડિતો કહેવાય છે એણે શાસ્ત્રો વાંચ્યા છે એની પાસે વાંચવાનો સાચો દૃષ્ટિકોણ નહોતો અને વાંચ્યા છે. આ તકલીફ થઈ છે. એવું છે. અહીંયાં એક ભાઈ આવ્યા હતા. દિગંબર હતા. એક દિવસ ઘરે આવ્યા. મારે એક વાત પૂછવી છે. પૂછો ને. એમાં શું, બે પૂછો એકના બદલે. તો કહે, તમે પોતાને દિગંબર કહેવરાવો છો? મેં કહ્યું, હા. એમાં શું વાંધો છે કાંઈ? કેમકે આ મંદિર નહોતું થયું. તે દિ' દિગંબર મંદિરમાં દર્શન કરવા જતા હતા. શ્વેતાંબર મંદિરમાં નહોતા જતા. એટલે સ્વાભાવિક રીતે તો બહારમાં પણ દિગંબરપણું થયું ને? તો તમે દિગંબર મુનિને કેમ માનતા નથી? ઠીક! તમે દિગંબર મંદિરમાં દર્શન કરવા આવો છો. તમે દિગંબરને માનો છો. તો પછી દિગંબર મુનિને કેમ માનતા નથી? આ સીધો પ્રશ્ન કર્યો. મેં પૂછ્યું કે, તમે દિગંબર મુનિનું સ્વરૂપ શાસ્ત્રમાં વાંચ્યું છે કે દિગંબર મુનિ કેવા હોય? તો કહે, ના, ના. નથી વાંચ્યું. તો મેં કહ્યું, બહુ અફસોસ થાય છે. તમારા ઘરમાં રહેલા શાસ્ત્રો તમે કેમ વાંચ્યા નથી. તમારા ઘરમાં રહેલા શાસ્ત્રોની હકીકતથી તમે કેમ વંચિત રહો છો? આ એક બહુ મોટી અફસોસની વાત છે. બીજાના સંપ્રદાયના શાસ્ત્રો માણસ ન વાંચે, પણ પોતાના સંપ્રદાયના શાસ્ત્રો પણ માણસ ન વાંચે એ તો એની કેટલી શાસ્ત્રની ઉપેક્ષા હોય તો ન વાંચે! એ પછી થોડા શરમાય ગયા. આ વાત તો બરાબર છે. આ આપણી ભૂલ છે.

મેં કહ્યું, જ્યાં શાસ્ત્ર અનુસાર મુનિનું સ્વરૂપ કેવું છે એની તમને ખબર નથી તો એ વિષયમાં હું તમારી સાથે શું ચર્ચા કરું? અને તમે આ વિષયને શું મજશો? જે મુનિનું સ્વરૂપ શાસ્ત્રમાં કહ્યું છે એવા જો મુનિ ન હોય એને મુનિ માનીએ તો શું દોષ આવે? કેટલો મોટો અપરાધ થાય? એ પણ શાસ્ત્રમાં લખ્યું છે. તમે તો વાંચ્યું નથી, તમને મારી વાતમાં કેવી રીતે વિશ્વાસ આવશે કે તમારા શાસ્ત્રો આમ કહે છે કે હું આમ કહું છું? મારી વાત ઉપર તમને કેમ વિશ્વાસ આવશે? એક વખત તમે એમ કરો કે વાંચવા આવો, પછી આપણે બેસીએ. એવી કાંઈ એને વાંચવાની ફૂરસદ ન હોય. એટલે એમ જ... વિરોધ કરનારા બહુભાગ તો અણસમજણથી ગેરસમજણથી અથવા નહિ સમજણ હોયને જ વિરોધ કરે છે, બીજું કાંઈ કારણ નથી એની પાછળ.

દિગંબર સંપ્રદાયના પંડિતોએ અને માણસોએ સભા ભરી અને જાહેર કર્યું. કે સોનગઢવાળા એમ કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરતું નથી. તો આપણે એક ઠરાવ કરો કે આવું કહે તે જૈન નહિ. અજૈન છે. ઠીક! ઠરાવ કર્યો છે એ લોકોએ. એટલે આવી બધી હાસ્યાસ્પદ વાતો બને છે. આટલું પણ સમજતા નથી. પણ શું છે કે એમાં વ્યક્તિવિરોધ હોય છે. વ્યક્તિવિરોધમાં શું થાય? કે એ વ્યક્તિનો વિરોધ કરવો. એ સાચું કામ કરે તોપણ એનો વિરોધ કરવો. ખોટું કરે તો તો વિરોધ કરે ત્યાં સુધી તો વ્યાજબી વાત છે, પણ સાચું કરે તોપણ એનો વિરોધ જ કરવો. કેમકે ઈ કરે છે ને માટે એનો વિરોધ કરો. આ ગડબડ ઊભી થઈ છે વ્યક્તિવિરોધમાં. ત્યારે વ્યક્તિવિરોધ કદી ન કરાય. એ સિદ્ધાંત બહારનો (વિષય થઈ જાય છે). એમાં સિદ્ધાંત તૂટે છે. કેમ? કે દરેક વ્યક્તિ એ દરેક આત્મા, દરેક પરમાત્મા છે. વ્યક્તિવિરોધ હોય નહિ. વ્યક્તિવિરોધ એ સિદ્ધાંતબહારનો વિષય છે. વ્યક્તિના દોષિત પરિણામનો વિરોધ થાય. એ દોષિત પરિણામ છે કે નિર્દોષ પરિણામ છે એનો વિવેક કરીને એની સમજણ કરીને, ઓળખીને દોષનો નિષેધ થાય, આત્માનો કદી ન થાય. આ એણે સૂક્ષ્મતાથી સમજવા જેવો વિષય છે. આત્માનો વિરોધ તો થઈ શકે નહિ. આત્મા તો પરમાત્મા છે, અનંતગુણભંડાર છે. એનો વિરોધ કેમ થાય? એ તો નમન કરવા યોગ્ય છે. આત્મા તો પરમાત્મા હોવાથી એ તો નમન કરવાનું સ્થાન છે. એનો વિરોધ કેમ થાય? કોઈ આત્માનો વિરોધ કેમ થાય? ત્યાં તો સિદ્ધાંત તૂટે છે.

મુમુક્ષુ :- હમણાં એક પંડિતે બહાર પાડ્યું કે મેં તો ભાવિ તીર્થંકર જ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રણ-ચાર મોટા વિદ્વાનોના લેખો આવી ગયા. અને અહીંથી 'ભાવનગર'થી 'તથ્ય' નામનું પુસ્તક ગયા પછી એ લોકોને એ વિષય સ્પષ્ટ થયો

કે આગમ અનુસાર પણ આમાં કોઈ ફેરફાર નથી. એટલે એ લોકોએ લખ્યું છે. એમાં એનો 'તથ્ય' પુસ્તકનો ઉલ્લેખ કર્યો છે કે આ બરાબર છે, વાત ઠીક છે. ન્યાયસંપન્ન વાત છે. તો એ સ્વીકારવું જોઈએ, એમાં વ્યક્તિવિરોધ ન કરાય. વાતને સ્વીકારી લેવી જોઈએ કે આ વાત ઠીક છે. બરાબર છે તો બરાબર જાણવી જોઈએ, બરાબર ન હોય તો બરાબર નથી (એમ જાણવું જોઈએ). અહીં સુધી રાખીએ....

તા. ૩-૬-૧૯૮૬, પાના નં. ૪૫, પ્રવચન નં. ૩૦

સાધક અવસ્થામાં શુદ્ધિ અને અશુદ્ધિ એક સમયની અવસ્થામાં બન્ને ભાવ છે. એમાં અહીંયાં અશુદ્ધ અવસ્થાનું નિમિત્ત પુદ્ગલકર્મનો ઉદય, પુદ્ગલકર્મનો વિપાક કહ્યો. તેની સામે સ્પષ્ટીકરણ પણ કર્યું કે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના પરિણામનો કર્તા નથી. એવો જે વસ્તુવ્યવસ્થાનો વસ્તુના સ્વરૂપનો સિદ્ધાંત છે એ સિદ્ધાંત અબાધિત સિદ્ધાંત છે. કથનની પદ્ધતિમાં નિમિત્ત પ્રધાનતાથી એવું કથન હતું કે વિપાકથી જ્યાં સુધી કર્મના ઉદયનો વિપાક હતો ત્યાં સુધી જીવને અશુદ્ધ ભાવ થતો હતો. અને કર્મનો ઉદય મટતાં અહીંયાં અશુદ્ધતા પણ મટી છે. એ કથનની સામે સ્પષ્ટતા કરવા કર્તા-કર્મના અધિકારનો વિષય સાથે લઈ લીધો છે. અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના પરિણામનું કર્તા નથી. હવે બીજા Paragraph થી વ્યાપ્ય-વ્યાપકની વાત કરે છે.

'**હવે જો કોઈ એમ કહે કે જીવ પોતે તો ચિત્ વિકારરૂપ પરિણમતો નથી પરંતુ તે પુદ્ગલ સાથે વ્યાપ્ય-વ્યાપક થઈને પરિણમે છે. તો એમ તો નથી.**' દ્રવ્યકર્મનો વિપાક છે, એ વિપાક અને જીવને વ્યાપ્ય-વ્યાપકતા થાય છે તેથી ચિત્વિકાર ઉત્પન્ન થાય છે. જીવ પોતે સ્વયં સ્વભાવથી ચિત્વિકારરૂપ પરિણમવાના સ્વભાવવાળો નથી. પણ જ્યારે પુદ્ગલકર્મના વિપાક સાથે, પુદ્ગલ સાથે વ્યાપ્ય-વ્યાપક થાય ત્યારે એને ચિત્વિકાર થાય છે એમ કોઈ કહે તો એમ પણ નથી. તો એમ પણ નથી. '**કેમકે કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપક થતું નથી.**' કોઈ દ્રવ્યને બીજા દ્રવ્યમાં વ્યાપવાનું બની શકતું નથી. એકક્ષેત્રાવગાહપણું હોવા છતાં નિશ્ચયથી તો પ્રત્યેક પદાર્થ પોતાના સ્વક્ષેત્રાવગાહપણે છે. આકાશના નિમિત્તના અપેક્ષાએ બે પદાર્થને એકક્ષેત્રાવગાહ કહેવાય. પણ ઉપાદાનથી વિચારવામાં આવે તો પરમાણુ પરમાણુના ક્ષેત્રમાં છે અને જીવ જીવના ક્ષેત્રમાં છે. પરમાણુના ક્ષેત્રમાં જીવ વ્યાપ્યો નથી. જીવના ક્ષેત્રમાં પરમાણુનું વ્યાપવાપણું નથી. બન્નેનું વ્યાપ્ય-વ્યાપકપણું થઈ શકતું નથી. એ પણ સિદ્ધાંત છે. અને કર્તા-કર્મનો પણ એ સિદ્ધાંત છે કે જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું હોય ત્યાં જ કર્તા-કર્મપણું હોય. જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું ન હોય ત્યાં કર્તા-કર્મપણું ન હોય. તેથી એ કર્તા-કર્મની પદ્ધતિ ત્યાં સુધી એક જ દ્રવ્યમાં લેવામાં આવી કે જીવનો સ્વભાવ પલટીને, મટીને એક સમયના અશુદ્ધ રાગાદિ ભાવરૂપ વ્યાપ્ય-વ્યાપકરૂપે નહિ થતો

હોવાથી, વિભાવમાં સ્વભાવ વ્યાપતો નહિ હોવાથી, વ્યાપકરૂપ નહિ હોવાથી સ્વભાવે કરીને રાગાદિ થતા નથી. અથવા જીવનો સ્વભાવ રાગાદિકનો અકર્તા છે. જીવનો સ્વભાવ રાગાદિકનો કર્તા નથી. એ વાત એક જ દ્રવ્યમાં પણ ઘટાવવામાં આવી. એ વ્યાપ્ય-વ્યાપકના સિદ્ધાંત અનુસાર છે.

નહિતર તો રાગાદિ ભાવરૂપે જીવદ્રવ્ય પોતે જ પરિણમ્યું છે અને જીવ જ એમાં વ્યાપ્યો છે એમ કહેવાય છે. પ્રમાણની વિવિક્ષાથી. તોપણ સ્વભાવદૃષ્ટિએ જોતાં સ્વભાવ રાગરૂપ થતો નહિ હોવાથી અને સ્વભાવ રાગમાં વ્યાપતો નહિ હોવાથી આત્માનો સ્વભાવ રાગાદિનો કર્તા નથી અને આત્માના સ્વભાવમાં રાગનું કર્તાપણું થાય એવું સ્વભાવપણું પણ નથી. સ્વભાવદૃષ્ટિથી એમ સિદ્ધ કરવામાં આવે છે.

મુમુક્ષુ :- તેથી 'ગુરુદેવે' એમ લખ્યું છે કે રાગ એટલે પરજ્ઞેય. ઈ સમજાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- રાગ એટલે પરજ્ઞેય એ એટલા માટે કે જે સ્વભાવ છે એ સ્વજ્ઞેય છે. ત્યાં અપેક્ષા એવી છે કે જ્યાં સ્વભાવ સ્વજ્ઞેય છે, ત્યાં વિભાવ પરજ્ઞેય છે. જ્યાં રાગ સ્વજ્ઞેય છે, ત્યાં દ્રવ્યકર્મનો ઉદય નિમિત્ત છે તે પરજ્ઞેય છે. જ્યાં દ્રવ્યકર્મના ઉદયને સ્વજ્ઞેયપણું લેવું હોય તો નોકર્મને પરજ્ઞેયમાં લેવું પડે. આમાં આવે છે. જે નયવિવિક્ષા આવે છે ને? એમાં એવી વાત આવે છે. અનુપચરિત અને ઉપચરિત. જીવ ઉપચારથી ઘટપટાદિનો કર્તા છે. અને અનુપચારથી એ દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘટપટાદિ બાહ્ય નોકર્મના પદાર્થનો કર્તા છે અને અનુપચારથી દ્રવ્યકર્મનો કર્તા છે. હવે જ્યારે ઉપચારથી દ્રવ્યકર્મનો કર્તા છે ત્યારે અનુપચારથી રાગાદિ ભાવનો કર્તા છે. જ્યારે ઉપચારથી રાગાદિ ભાવનો કર્તા છે, ત્યારે અનુપચારથી એ પોતાના શુદ્ધ પરિણામનો કર્તા છે. એવી સર્વત્ર વિવિક્ષા છે.

'સોગાનીજી'એ અંતઃતત્ત્વ અને બહિરૂતત્ત્વમાં લીધું. પરદ્રવ્ય છે એ બહિરૂતત્ત્વ છે અને દ્રવ્યકર્મ છે એ અંતરતત્ત્વ છે. બહારમાં જે શાતા-અશાતા, શરીર સંયોગોનો ઉદય છે એ બહિરતત્ત્વ છે અને અંદરમાં કર્મનો ઉદય છે એ અંતરતત્ત્વ છે. પછી તો દ્રવ્યકર્મનો ઉદય બહિરતત્ત્વ છે અને રાગાદિ ભાવ અંતરતત્ત્વ છે. વળી કહ્યું કે રાગાદિ ભાવ બહિરતત્ત્વ છે અને સ્વભાવ છે એ અંતરતત્ત્વ છે. શુદ્ધ પરિણામ અંતર તત્ત્વ છે. વળી શુદ્ધ પરિણામ બહિરતત્ત્વ છે, શુદ્ધ પરિણામ બહિરતત્ત્વ છે અને ત્રિકાળી તત્ત્વ છે તે અંતરતત્ત્વ છે. એમ અપેક્ષિત વિવિક્ષાઓના કથનો આવે છે. જ્યાં જે મર્યાદા હોય તે સમજવી જોઈએ. એમ રાગ પરદ્રવ્ય પણ છે, પરભાવ પણ છે, પરજ્ઞેય પણ છે. અને રાગ સ્વજ્ઞેય પણ છે. કેમકે એની અવસ્થા છે એટલે

એને સ્વજ્ઞેય પણ કહેવામાં આવે છે.

એટલે તો આપણે એ વિવિક્ષા અહીંયાં નથી લીધી. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્ય સાથે વ્યાપ્ય-વ્યાપક થતું નથી. એટલે પુદ્ગલ પરિણામ છે એ ચિત્વિકારને કરાવતું નથી, કરતું નથી. એ જ રીતે સ્વભાવ, વિભાવમાં વ્યાપ્ય-વ્યાપકભાવે થતો નથી. તો એ સ્વભાવ વિભાવમાં નહિ વ્યાપતો હોવાથી સ્વભાવ રાગાદિનો અકર્તા છે. એમ કર્તા-કર્મ અધિકારની ૭૫ ગાથાથી એ વિષય ચાલ્યો છે. ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯ પાંચ ગાથામાં એ વિષય ચાલ્યો છે. તો કહે છે, રાગ કોણે કર્યો? કે રાગના આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલ વ્યાપેલું હોવાથી એનો કર્તા પુદ્ગલ છે. આમ કહી દીધું. રાગના આદિમાં, રાગના મધ્યમાં, રાગના અંતમાં પુદ્ગલ વ્યાપેલું છે. એ તો જોરથી કહેવા માટે વાત છે.

એ રીતે જીવનો જે પરસત્તાવલંબી ઉપયોગ છે, જ્ઞાનનો પર્યાય છે એ પણ ખરેખર જ્ઞાન નથી. આ શાસ્ત્રને અવલંબીને ઉપયોગ ચાલે. સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે જે ઉપયોગ શાસ્ત્રને અવલંબીને પ્રવર્તે છે તે જ્ઞાન નહિ. જે ઉપયોગ ઉપયોગસ્વભાવી આત્માને અનુસરીને પરિણમે, અવલંબીને પરિણમે તે જ્ઞાન. આને જ્ઞાન ન કહેવું. જ્ઞાન નથી તો શું છે? એ જડ છે, એમ કહી દે. ઠીક! આ બધી વાત 'ગુરુદેવ'ના પ્રવચનમાં આવેલી છે કે એ જ્ઞાન નથી પણ જડ છે. અથવા એમ કહે કે એવો ઉપયોગ તે અમારો ઉપયોગ નહિ. અમારો ઉપયોગ હોય એ અમને છોડીને જાય નહિ. અને અમને છોડીને જાય એ અમારો ઉપયોગ નહિ. ઠીક! એ રીતે વજન આપવા માટે, વજન બતાવવા માટે, એનું મહત્ત્વ બતાવવા માટે એવી કથનની પદ્ધતિ આવે છે.

'**જો પુદ્ગલ અને ચેતન વ્યાપ્ય-વ્યાપક થાય, જો થાય તો ચેતન દ્રવ્યનો નાશ થઈ જાય. એતત્ અર્થ (કહેવાનો આ ભાવ છે).**' ત્યાં ચેતનદ્રવ્યનો નાશ થઈ જાય. એટલે પુદ્ગલમાં ચેતન વ્યાપી જાય અથવા ચેતનમાં પુદ્ગલ વ્યાપી જાય તો બેમાંથી એક દ્રવ્યનો નાશ તો અવશ્ય સ્વીકારવો પડે. પણ એમ બનતું નથી.

'**વળી જો કોઈ આમ કહે કે જીવ ચિત્વિકારરૂપ પરિણમે છે, તે પુદ્ગલકર્મત્વ વિકારના થવાના કારણે જ. તો એમ તો નથી.**' હવે પોતે ને પોતે જે ભાષા વાપરી છે એની સામે આ વાત છે. પુદ્ગલકર્મત્વ-પુદ્ગલકર્મપણાનો જે ઉદય વિપાક આવે છે એને કારણે જીવને ચિત્વિકારરૂપ પરિણામ થાય છે. તો એમ પણ બનતું નથી. '**કારણ કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું વેરી નથી.**' એને કાંઈ જીવનું અહિત કરવું નથી. પુદ્ગલ જીવનું અહિત કરવાનો ઈરાદો પુદ્ગલને નથી. અથવા પુદ્ગલ અચેતન

હોવાથી એને કોઈ ભાવ હોય, ઈરાદો હોય, એની ઈચ્છા હોય, એનો આશય હોય એવું તો બનતું નથી. લાવ જીવને નુકસાન કરું, એવું પણ બનતું નથી. '**એ પ્રમાણે નિષેધ. (એ પ્રમાણે એ વાતનો પણ અહીં નિષેધ થયો).**' ખરેખર ચિત્વિકારરૂપ પરિણામનમાં જીવના પુદ્ગલકર્મનો ઉદય એ પણ ખરેખર કાર્ય કરાવતો નથી. સ્પષ્ટ કર્યું.

'**વળી જો કોઈ એમ કહે કે જીવ, પુદ્ગલ બન્ને મળીને એક અશુદ્ધ વિકારપરિણતિ ઊપજી છે. તો એમ તો નથી.**' જીવ, પુદ્ગલ બન્ને મળીને. બેય મળ્યા માટે એવી પરિણતિ થઈ. તો એમ તો નથી. એવો સંયોગ થયો, પુદ્ગલકર્મના ઉદયનો અને જીવનો, ત્યારે એને વિકાર થયો. તો એમ તો નથી. '**કારણ કે બે દ્રવ્યો મળીને એક પરિણતિરૂપ થતાં નથી.**' ક્યારેય બે દ્રવ્ય મળે અને એક પરિણતિ ઊભી કરે એવું પણ બનતું નથી. એવું બની શકતું નથી. '**એમ માનવાથી બે દ્રવ્યમાંથી કોઈ એક દ્રવ્ય નિઃપરિણામી થાય છે.**' એકના પરિણામને બંધ કરવા પડે. એકના પરિણામનો અભાવ સ્વીકારવો પડે. તો જ એમ બને. બે દ્રવ્યમાંથી કોઈ એક દ્રવ્ય નિઃપરિણામી થાય છે.

'**પરંતુ અહીં તો સર્વ દ્રવ્ય નિજ પરિણામી છે.**' જીવ અને પુદ્ગલ પોતપોતાના પરિણામને નિરંતર કરે છે. એવા પરિણામી દ્રવ્ય છે. '**ચેતનના ચેતનપરિણામ, અચેનના અચેતનપરિણામ.**' એમ બન્નેને પોતપોતાના પરિણામ છે. ન તો ચેતનને અચેતનપરિણામ છે અને ન તો અચેતનને ચેતનપરિણામ છે. '**એવમ્ નિષેધ.**' એ પ્રકારે અહીંયાં નિષેધ કર્યો છે કે બન્ને મળીને એક અશુદ્ધ પરિણતિ પણ થતી નથી.

'**હવે જે રીતે આ બન્ને વિકારના ઊપજવાનું રૂપ છે તે રીતે જ કહેવામાં આવે છે.**' હવે, આ શું કેવી રીતે? તો પછી શું વસ્તુવ્યવસ્થા છે? આખરમાં પરિસ્થિતિ શું છે? તે કહેવામાં આવે છે. બન્નેમાં-જીવને પુદ્ગલકર્મત્વ છે, જીવને ચિત્વિકાર છે અને પુદ્ગલકર્મને પુદ્ગલકર્મત્વ છે. તો આ બન્ને વિકારને ઊપજવાનું રૂપ અથવા રીત શું છે? '**પુદ્ગલના કર્મત્વવિકાર થવાની આવી કથા છે.**' હવે એનો ઈતિહાસ કહે છે. પુદ્ગલ ક્યાંથી કર્મરૂપે થયું? એની આ કથા છે, એનો આ ઈતિહાસ છે. '**આ ત્રણ લોકમાં કાર્મણજાતિના વર્ગણાસ્કંધો ભરચક ભરેલા પડેલા છે.**' ત્રણે લોકની અંદર, આખા ચૌદ બ્રહ્માંડની અંદર કાર્મણવર્ગણા, અનંતા પુદ્ગલ પરમાણુઓ જેની અંદર છે, એ પથરાયેલી પડી છે. એમાં ક્યાંય એવી જગ્યા ખાલી નથી કે કાર્મણવર્ગણા હોય નહિ. એવી કોઈ જગ્યા ખાલી નથી. ચૌદે બ્રહ્માંડની અંદર. આ સ્થિતિ છે.

'**જ્યારે જે જીવને જેવી જેવી જાતિનો મંદ-તીવ્ર ચિત્વિકારરૂપ રાગભાવ થાય**

છે, તે કાળે તે જીવના રાગની ચિકણાઈનું નિમિત્ત પામીને...' રાગરસનું નિમિત્ત પામીને. બંધતત્ત્વ ઈ છે. '**(તેવા પ્રકારની) યથાયોગ્ય કર્મવર્ગણા તે જીવની સમીપે રહેલી...**' એ ક્યાંય દૂરથી ન આવે. '**તે જીવની સમીપે રહેલી આકાશપ્રદેશમાંની પુદ્ગલવર્ગણા-તે જીવના પ્રદેશોમાં એક ક્ષેત્રાવગાહરૂપ ચોંટે છે અર્થાત્ બંધાય છે.**' અહીંયાં રહેલો જીવ રાગ કરે અને કર્મ દૂરથી આવીને એને વળગે એવું બનતું નથી. જ્યાં દરેક જીવ છે ત્યાં કાર્મણવર્ગણા છે. જ્યાં જ્યાં જીવો છે ત્યાં ત્યાં કાર્મણવર્ગણા છે. જે જીવ વિભાવ કરે છે, વિકાર કરે છે ત્યારે એને કાર્મણવર્ગણાનો સંબંધ થાય છે. દૂરથી કોઈ કર્મને આવવું પડે, આગમન થાય એનું નામ આસ્રવ છે એમ નથી.

દૃષ્ટાંત આપે છે ને? નવ તત્ત્વની અંદર એવો દૃષ્ટાંત આપવામાં આવે છે. સમજાય એટલે સ્થૂળ દૃષ્ટાંત આપે છે કે પાણીની અંદર રહેલી જે નાવ છે એ નાવમાં કાણું પડે ત્યારે એમાં પાણીનો આસ્રવ શરૂ થાય. ત્યાં પાણી ભરાવા લાગે. અને એ પાણી આવતા નાવનું વજન વધી જાય અને સરવાળે નાવ ડૂબી જાય. એમ જીવ સંસારમાં ડૂબે છે. કેમકે એને કર્મનો આસ્રવ થાય છે. કોઈ એવી કલ્પના કરવાની જરૂર નથી કે અહીંયાં જીવે કોઈપણ પ્રકારનો રાગ-દ્વેષ-મોહ કર્યો અને દૂર દૂરથી કર્મ ખેંચાયઈને આવીને એને ચોંટી ગયા. એમ બનતું નથી. ત્યાં જ રહેલા જે કર્મપુદ્ગલો છે એ જ જ્ઞાનાવરણી આદિ અનેક પ્રકારની પ્રકૃતિ ધારણ કરે છે. એનો જે સમૂહ છે, પરમાણુનો જે સંખ્યા સમૂહ છે, એને પ્રદેશ કહે છે. એને પ્રદેશ કહે છે. જીવની જે ચીકાશ, રાગ હોય છે એની સામે પ્રકૃતિમાં પણ એવો તીવ્ર-મંદ રસ પડે છે એને અનુભાગ કહે છે. જેટલો અહીંયાં ચીકણાઈનો રાગ ઓછોવત્તો હોય એ જ પ્રમાણે અહીંયાં કર્મપ્રકૃતિમાં પણ એવો એક અનુભાગ પડે છે. એટલે ઉદય આવે ત્યારે તીવ-મંદપણે ઉદય આવે. એ પ્રકૃતિ જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ જે પરમાણુ જે રીતે પરિણમવાના હોય, યોગ્યતા હોય એ પરિણમે. બધાય એક પ્રકૃતિએ ન પરિણમે. અને બધા બધી પ્રકૃતિએ પરિણમવાનો સવાલ નથી રહેતો. કેટલા જ્ઞાનાવરણીએ પરિણમે, કેટલા દર્શનાવરણીમાં, કેટલાક મોહનીયમાં, કેટલાક અંતરાયમાં. એમ પરમાણુઓ કાર્મણવર્ગણાના કાર્મણ સામાન્ય હોવા છતાં કર્મસામાન્ય હોવા છતાં પ્રકૃતિ ભિન્ન ભિન્ન ધારણ કરે. એને નિમિત્ત એક જ પરિણામ છે. નિમિત્તરૂપ પરિણામ એક છે-જીવનો વિભાવભાવ. અને ઉપાદાનમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિ પડે છે. તે પરમાણુની સ્વતંત્ર યોગ્યતા અનુસાર. નહિતર બધાની એક જ પ્રકૃતિ પડવી જોઈતી હતી કે આજે જ્ઞાનાવરણી બાંધી, કાલે દર્શનાવરણી બાંધે, પરમ દિવસે મોહનીય બાંધે. એમ નહિ. એક જ સમયમાં સાત કે આઠ પ્રકૃતિનો બંધ પડે ત્યારે કર્મના પરમાણુ જે

પ્રકૃતિ ધારણ કરવા યોગ્ય હોય તે ધારણ કરે. એમાં ન તો એને-પરમાણુને ખબર છે કે મારે કઈ પ્રકૃતિ ધારણ કરવી છે, અને ન તો જીવને ખબર છે કે આ ક્યા પરમાણુને કઈ પ્રકૃતિ ધારણ કરવાની છે. છદ્મસ્થ જીવને એનું જ્ઞાન થતું નથી. એ એની સ્વતંત્રતાને સાબિત કરે છે.

પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ. અમુક સ્થિતિ પર્યંત જીવની સાથે રહેવું અને પછી ઉદયમાં આવવું. અને ઉદયકાળમાં એ પરમાણુ ઉદય આવતાં આટલો લાંબો કાળ સુધી એનો ઉદય ચાલુ રહે. એવી એક સ્થિતિ પડે છે. એને સ્થિતિ, બંધ કહેવામાં આવે છે. એમ એક બંધના ચાર પાસા છે. એ ચારે પાસા એકસાથે નક્કી થઈ અને સબંધ થાય એને કર્મબંધ થયો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જીવ ભલે એક રહ્યો અને પ્રકૃતિ આઠ રહી, પણ અંદર ગુણ અનુસાર, ગુણની વિકાર અનુસાર જ કર્મના બંધ પડે?

પૂજ્ય ભાઈશ્રી :- વિકાર અનુસાર પડે છે. પણ માનો કે કેટલીક સંખ્યા એવી થઈ કે ૮૦૦ પરમાણુ જ્ઞાનાવરણીએ પરિણમ્યા. ૧૨૦૦ પરમાણુઓ દર્શનાવરણીએ પરિણમ્યા. તો એ ૮૦૦ અને ૧૨૦૦ નો વિભાગ કોણે કર્યો?

મુમુક્ષુ :- વિભાગ તો સ્વયં થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, અહીંયાં એટલું જ સાબિત કરવું છે. પરમાણુને ખબર નથી. બધા જ સામાન્ય કાર્મણવર્ગણામાં એકસરખી યોગ્યતા ધરાવે છે. એકસરખી યોગ્યતા ધરાવે છે. સામે ભાવ એક જ છે, છતાં કેટલાક પરમાણુનો જથ્થો કોઈ પ્રકૃતિ ધારણ કરે છે, કેટલાક પરમાણુનો જથ્થો કોઈક પ્રકૃતિ ધારણ કરે છે, કેટલાક પરમાણુનો જથ્થો કોઈ પ્રકૃતિ ધારણ કરે છે. વળી, કર્મ પરમાણુઓ ભિન્ન ભિન્ન પ્રકૃતિ ધારણ કરે છે, એમ ભિન્ન ભિન્ન સ્થિતિ પણ ધારણ કરે છે. બધી પ્રકૃતિની એકસરખી સ્થિતિ નથી હોતી. ભિન્ન ભિન્ન સ્થિતિ ધારણ કરે છે. ભાવ એક અને પરમાણુનો જથ્થો જુદો જુદો, એની પ્રકૃતિ જુદી જુદી, એની સ્થિતિ જુદી જુદી, એના અનુભાગ જુદાં જુદાં એવું શા માટે થાય છે? પરમાણુ તો એક જાતિના છે. ભાવ એક જ પ્રકારનો નિમિત્ત છે. તો કહે છે કે એ તે તે પુદ્ગલ પરમાણુ કાર્મણ પરમાણુની તે સ્વતંત્રતા છે. એમાં બીજું કોઈ કારણ લાગુ પડતું નથી.

મુમુક્ષુ :- સત્તામાં હોય એના એ પણ પલટી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ પલટી જાય. સામાન્ય રીતે શું થાય છે? એ તો સંક્રમણ, અપકર્ષણ, ઉપકર્ષણ થાય છે. એ તો થયા જ કરે. તે જ ભાવનું નિમિત્ત પામીને. જે પૂર્વે બંધાયેલા છે, એમાં જીવનો કોઈ તીવ્ર પાપનો પરિણામ હોય તો

કેટલાક પુણ્ય પ્રકૃતિમાં બંધાયેલા પાપ પ્રકૃતમાં સંક્રમી જાય. જીવનો તીવ્ર શુભનો પરિણામ હોય તો કેટલાક પાપ પ્રકૃતિવાળા પુણ્યપ્રકૃતિમાં પલટી જાય. અને કેટલાકની સ્થિતિ ઘટી જાય અને કેટલાકની સ્થિતિ વધી જાય. ઘાતિ, અઘાતિમાં ઊલટું સૂલટું થાય. જ્યાં સુધી ઉદયમાં ન આવ્યા હોય ત્યાં સુધીમાં એવો ફેરફાર થાય છે. એવું અપકર્ષણ થવું એટલે સ્થિતિનું ઘટવું, ઉત્કર્ષણ થવું એટલે સ્થિતિનું વધવું અને સંક્રમણ થવું એટલે એક પ્રકૃતિમાંથી બીજી પ્રકૃતિમાં ચાલ્યું જવું. પુણ્યમાંથી પાપમાં અને પાપમાંથી પુણ્યમાં, જ્ઞાનાવરણીમાંથી દર્શનાવરણીમાં એવી રીતે સામેસામી પ્રકૃતિ બદલાય, એવું જે બન્યા કરે છે એ પણ સ્વયં જ થાય છે. જીવને-છદ્મસ્થજીવને કાંઈ ખબર પડે છે શું થઈ રહ્યું છે? પ્રતિસમય આ બધી પરમાણુની પ્રક્રિયા ચાલુ ને ચાલુ જ હોય છે.

આ જગતમાં સર્વ પદાર્થોના પરિણમનની બહુ મોટી Factoryઓ ચાલુ જ છે. ચોવીસે કલાક કોઈ પરમાણુ પરિણમ્યા વિનાનો રહેતો નથી. એક મકાન નવું બાંધો તો કહે, પડ્યું પડ્યું જૂનું થઈ ગયું. એક ચીજ ઘરમાં નવી લાવો અને વાપરો. કાપડ છે (એને) કબાટમાં રાખી મૂકો. Intact તાકો રાખો. Plastic માં વીંટાળીને રાખો, ગમે એમ રાખો. ૨૫ વર્ષે બહાર કાઢો ત્યારે તમે એમ કહો કે તાજો મિલમાંથી લાવ્યા અને આમાં તો ઘણો ફેર પડી ગયો. પીળો પડી જાય, સફેદ હોય તો. સડી જાય. અનેક પ્રકારે ફેરફાર થઈ જાય છે. કોઈ કાપડ તાજુ હોય એનું જે કઠણપણું હોય એ Loose પડી જાય છે. એમ પણ બને છે કે નહિ? કેમકે એની અંદર કાંજી વગેરે પદાર્થો વાપર્યા હોય છે. એના પરમાણુનું પરિણમન તો ચાલુ જ છે. એ કાંઈ એમ ને એમ રહે નહિ. એ સ્વયં પરિણમે છે. કોઈ પરમાણુને પરિણમાવે છે, જીવ પરિણમાવે છે એમ નથી. સ્વયં પરિણમે છે.

આ દરિયો છે એમાં પાણીના મોજા થાય છે એને કોણ કરે? તો કહે, પવન કરે. પવનને કોણ કરશે? એ તો આપોઆપ જ બધું થઈ રહ્યું છે. એક એક પરમાણુ સ્વયં પરિણમી રહ્યા છે. અને કેટલી ઝડપથી? એક સેકંડમાં અસંખ્ય વાર. જીવો અને પુદ્ગલો, દરેક છએ છ દ્રવ્યો એક સેકંડમાં લાખ, કરોડ, અબજથી વધારે એનું નામ અસંખ્ય. એક સેકંડમાં અબજ વાર નહિ. અબજો ગુણ્યા અબજો એટલે વાર નહિ, અસંખ્ય વાર. સંખ્યાની બહાર જાવું પડે. અબજો ગુણ્યા અબજો એ પણ સંખ્યામાં આવે છે. એથી વધારે વાર પરિણમે એવી Machinery, એવી Factory આ ચાલે છે. જે પરિણમનને એક સમયમાત્ર પણ થંભાવી શકાતું નથી, રોકી શકાતું નથી. ઊભું રાખી દો હવે, બહુ પરિણમ્યું, બહુ પરિણમ્યું. પરિણમતું પરિણમતું થાક્યું કે નહિ દ્રવ્ય? એ પણ પરિસ્થિતિ નથી. આટલું સતત અને આટલું ઉતાવળથી સતત

પરિણમ્યા કરે છે તોપણ કોઈ દ્રવ્યમાં એનો એ સ્વભાવ હોવાને લીધે થાક લાગે છે અને વિરામ પામે છે એમ બનતું નથી.

મુમુક્ષુ :- જીવનો ચમત્કાર થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- ચમત્કાર છે. એવી અનંત શક્તિ છે. એ બતાવે છે કે એની પરિણમવાની અનંત શક્તિ છે. એ શક્તિ સ્વયં શક્તિરૂપ છે. એને કોઈની શક્તિની જરૂર નથી કે એને કોઈ પરિણમાવે. શક્તિને બીજી શક્તિની જરૂર નથી કે એને કોઈ પરિણમાવે. એવું તો બનતું નથી. અને બીજાની પરિણમવા માટે જરૂર પડે, પોતાના પરિણામ કરવા માટે બીજાની જો એને જરૂર પડે તો એ પરિણામશક્તિને શક્તિ ન કહેવાય. એને અશક્તિ કહેવી પડે, શક્તિ ન કહેવાય. આ તો અનંતી શક્તિ એનામાં છે. એટલે કોઈના પરિણામ કોઈ કરે છે, જીવના પરિણામ પુદ્ગલ કરે છે કે પુદ્ગલના પરિણામ જીવ કરે છે એમ માને એ વસ્તુના સ્વરૂપને સમજ્યા નથી. એ ગડબડ કરે છે. મેં શરીરનું કામ કર્યું, મેં પૂજા કરી. એમાં મેં આટલા દ્રવ્યથી પૂજા કરી. મેં વેપાર કર્યો એમાં આટલી આટલી ઉથલપાથલ કરી. મેં દાન દીધું એમાં આટલા રૂપિયા દીધા. આ બધી ગડબડ એક પરદ્રવ્યની સ્વંતત્રતાને અને એની અનંત શક્તિને નહિ સ્વીકારવાની વાત છે. અને એ મોટો અપરાધ છે. એ એક મોટો અપરાધ છે. જેને મિથ્યાત્વનો અપરાધ કહેવામાં આવે છે. જેમાંથી જીવને જન્મ-મરણ અને પરિભ્રમણ ચાલુ રહે છે.

મુમુક્ષુ :- કર્મની સ્થિતિનું ઓછાવત્તાપણું એ દર્શનમોહની તીવ્રતા-મંદતા સાથે સંબંધ ધરાવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્ન ભિન્ન પ્રકૃતિમાં ભિન્ન ભિન્ન વાત છે. બધી પ્રકૃતિને એકસરખો નિયમ નથી. જુદી પ્રકૃતિમાં જુદું જુદું બને છે. જેમકે દર્શનમોહનો ભાવ થયો. મિથ્યાત્વમોહનો ભાવ જીવને થયો. તો સાત કે આઠ કર્મ બંધાણા એમાં બધી પ્રકૃતિમાં એકસરખો બંધ ન પડે. કોઈમાં ઓછો પડે, કોઈમાં વધારે પડે, કોઈમાં ઓછો પડે, કોઈમાં વધારે પડે. દર્શનમોહ સિવાય પણ બીજા ભાવો પરિણમે છે. ચારિત્રમોહ પરિણમે છે. એમ જ્ઞાનનો વિપર્યાસ થાય છે, એવી રીતે પુરુષાર્થનો વિપર્યાસ થાય છે. અનંત ગુણોમાં જે વિપર્યાસ થાય છે એની સામે પરમાણુમાં પણ ઘણી વહેંચણી છે. એટલે આખો જે વિષય Detail ની અંદર-જગતની અંદર વ્યાપ્ય-વ્યાપક અંદર લ્યો તો એ આખો કેવળજ્ઞાનગમ્ય છે. એની વિગત કોઈ છદ્મસ્થને હાથમાં ન આવે. એમ છે. પણ જુદી જુદી પ્રકૃતિમાં એકસરખી સ્થિતિ નથી પડતી, ઓછીવત્તી પડે છે.

મુમુક્ષુ :- કોઈપણ પ્રકારના ભાવ પરિણામમાં જીવની પોતાની સત્તા... કોઈપણ ભાવ થયો, હરખનો, શોકનો ભાવ જે નથી કરવા, એમ મનમાં નિશ્ચય કર્યો હોય છતાં એ ભાવ થાય છે. એમાં જીવની સત્તા ક્યાં?

પૂજ્ય ભાઈશ્રી :- સત્તા કે સ્વતંત્રતા? સત્તા એટલે હોવાપણું તો જીવનું છે, પણ જીવ સ્વતંત્ર છે કે નહિ? પ્રશ્ન એ છે ને? એવો ભાવ કરવા કે નહિ કરવા માટે જીવ સ્વતંત્ર છે કે નહિ? આટલો સવાલ છે. તો એક વાત તો એ છે કે મારે આ ભાવ નથી કરવો, એવો એક વિચાર, એવી એક ઈચ્છા, એને આધીન કોઈ બીજા જીવનું પરિણામ નથી. એક પરિણામને આધીન જીવનું કોઈ બીજું પરિણામ નથી. કોઈ એક પરિણામને આધીન બીજું પરિણામ નથી કે એને આધીન થઈને પરિણમે. એવું નથી બનતું. એવું પરિણામમાં પરસ્પર કોઈ કોઈને આધીનપણું નથી. અને આધીનપણું નથી માટે જીવની સ્વતંત્રતા નથી કે ઈચ્છા અનુસાર પરિણામ ન થયા, માટે જીવની સ્વતંત્રતા નથી એમ વિચારવા યોગ્ય નથી. આટલી વાત સ્પષ્ટ છે.

હવે, જીવ પરિણામ કરે છે એ સ્વતંત્રપણે કરે છે એનો અર્થ શું? કોઈ બીજા પદાર્થથી પરાધીન અને પરતંત્ર થઈને જીવને પરિણામ કરવા પડે છે એમ નથી. આમ કહેવાનો આશય છે. પણ સ્વતંત્ર કરે એટલે પોતાની ઈચ્છામાં આવે તેમ ફાવે તેમ કરી શકે, એમ બનતું નથી. પણ પદાર્થનું વિજ્ઞાન એવું છે કે પદાર્થના જેવા ગુણધર્મો છે તે ગુણધર્મ અનુસાર એની સમય સમયની અવસ્થા પરિપાક થઈને પ્રગટ થાય છે. એટલે જીવના વિજ્ઞાન અનુસાર એના પરિણામ છે, ઈચ્છા અનુસાર નહિ.

મુમુક્ષુ :- ... કોઈ એવા ભાવ કર્યા તો...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ સ્પષ્ટ બતાવે છે, અનુભવગોચર થાય છે કે...

શોકનો ભાવ તો જીવને થાય છે ને? આંસુ વગેરે નીકળવા. મુખાકૃતિની અમુક ચેષ્ટા થવી એ તો શરીરની ક્રિયા છે, પણ શોકભાવ તો જીવનો છે ને? તો કોઈ એમ કહે કે મારે શોક નથી કરવો. છતાં એને શોક થઈ જાય. તો શોક નથી કરવો એવી જે ઈચ્છા એને આધીન શોક થવો, ન થવો એ પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :- પૂર્વ પર્યાયને આધીન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એની ઈચ્છાને આધીન નથી, એની ઈચ્છાને આધીન નથી. હવે, એની યોગ્યતાને આધીન છે. એની એવી યોગ્યતા હોય તો થઈ જ જાય. બસ, એ જીવનું વિજ્ઞાન છે. યોગ્યતાને આધીન છે. યોગ્યતાને મિટાવવાનો રાગ યોગ્યતાનો મિટાવી શકતો નથી. જે જીવની જે કાળની જે યોગ્યતા, તદ્નુસાર તેનું પરિણમન. એમાં બીજો કોઈ ફેરફાર કરવાનો ઈચ્છાને પણ અધિકાર નથી, વિચારને

પણ અધિકાર નથી. એમ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન કરવું તો પુરુષાર્થ..

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શન કરવું છે એવો જે પુરુષાર્થ એ પુરુષાર્થ નથી. એવી અકારણીય વસ્તુ છે. એક દૃષ્ટાંત લઈએ કે એક જીવ અનંત કાળથી નિગોદમાં રહીને સીધો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાયને પ્રાપ્ત થાય, આઠ વર્ષે દીક્ષા અંગીકાર કરે, સમ્યગ્દર્શન લ્યે અને એ સમ્યગ્દર્શનનું ધ્યાન જ ન છોડે. ધર્મધ્યાનમાંથી શ્રેણી માંડી. શુક્લધ્યાન થઈ, કેવળજ્ઞાન થઈને સિદ્ધાલયમાં જાય. વચમાં બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઈન્દ્રિય કોઈ ભવ ન મળે. પરિભ્રમણ ન થાય. વ્યવહાર રત્નત્રયમાં એ ન આવે. ઠીક! અને કેવળજ્ઞાનમાં જાય. અને કેટલાક જીવો પરિભ્રમણ કરતાં કરતાં સમ્યગ્દર્શન પામે. કોઈ એક ભવ કરે, કોઈ અનેક ભવ કરે, કોઈ ચ્યુત થઈને અર્ધ પુદ્ગલ પરાવર્તન સુધી પરિભ્રમણ કરીને પછી સિદ્ધાલયમાં જાય.

મુમુક્ષુ :- કારણ?

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ કારણ નહિ. અકારણ છે. જાતિ એક જ છે. વળી, સમ્યગ્દર્શન પામ્યા એ સમ્યગ્દર્શનની જાતિ એક છે. એક સમ્યગ્દર્શન જેના આશ્રયે થાય છે એવો જે સ્વભાવ, એની જાતિ એક છે. છતાં પુરુષાર્થ એકસરખો નથી ચાલતો.

મુમુક્ષુ :- યોગ્યતા અનુસાર પુરુષાર્થ છે?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા અનુસાર પુરુષાર્થ છે. સમ્યગ્દર્શન એકસરખું હોવા છતાં અને સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધાત્મતત્ત્વ એકસરખો બન્નેનું હોવા છતાં બાકીના પરિણામ એકસરખા નથી થતાં. બાકીના ગુણો પણ સ્વતંત્ર પરિણમે છે.

મુમુક્ષુ :- યોગ્યતા અનુસાર પુરુષાર્થ છે તો ...

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતાનું જ્ઞાન ત્યારે થાય છે કે જ્યારે હું ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકતત્ત્વ છું એમ જ્ઞાન થાય છે ત્યારે. નહિતર એનું જ્ઞાન સાચું થતું નથી. નહિતર ક્રમબદ્ધ જેવું થઈ જશે કે એ તો ક્રમમાં થવાનું હશે એ થશે. આપણે પુરુષાર્થ કરવાનો પ્રશ્ન ક્યાં ઉપસ્થિત થાય છે? એ તો બધું ક્રમમાં જ થવાનું છે. તો એને કહે છે કે તારો ક્રમ હજી ઘણી અશુદ્ધતાનો ઊભો છે એવું લાગે છે, આ ઉપરથી.

મુમુક્ષુ :- યોગ્યતા ઊભી કરવા એનો ઉપાય તો એક જ ને કે સ્વસન્મુખ થવું?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતાનો એક વિચાર કરવા જેવો વિષય છે. ખાસ કરીને મોક્ષમાર્ગની અંદર યોગ્યતા સંબંધીનું પ્રકરણ થોડું વિચાર માંગે એવું છે. યોગ્યતા વિના જ્ઞાનપ્રાપ્તિ નથી. સમ્યગ્દર્શન કહો, સમ્યગ્જ્ઞાન કહો, એ યોગ્યતા વિના જ્ઞાનપ્રાપ્તિ નથી

એવી જે જીવને સમજણા આવે છે એને પહેલી પોતાની યોગ્યતાની તપાસ થાય છે. જો મારામાં-મારા પરિણામમાં જ્યાં સુધી જ્ઞાનપ્રાપ્તિની યોગ્યતા નહિ હોય ત્યાં સુધી જ્ઞાનપ્રાપ્તિ નહિ થાય. તો એ યોગ્યતાની પ્રાપ્તિ વિશે શું શું વિધિ છે, શું શું રીત છે, શું એની પદ્ધતિ છે કે જેથી યોગ્યતાની પ્રાપ્તિ હોય? આ વિષય ઉપર એને પોતાને જો જ્ઞાનપ્રાપ્તિની યોગ્યતા કેળવવી હોય, એવી એની ભાવના હોય તો એ વિષયના ઊંડાણમાં એ જાય છે. અને એ વિષયની અંદર ઊંડાણમાં જઈને યોગ્યતા પ્રાપ્તિ થાય એ પ્રકારે એ પ્રવર્તે છે. 'શ્રીમદ્‌જી'એ આ વિષય લીધો છે, ૨૫૪ નંબરમાં પત્રાંકમાં.

મુમુક્ષુ :- યોગ્યતા એટલે પાત્રતા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, યોગ્યતા એટલે પાત્રતા. જ્ઞાનપ્રાપ્તિનો વિષય છે ત્યાં યોગ્યતાનું નામ પાત્રતા છે.

મુમુક્ષુ :- એનો આધાર તો સ્વસન્મુખ અને પરસન્મુખ ઈ જ છે ને? સ્વસન્મુખ થતાં એની યોગ્યતા પાકી, પરસન્મુખ રહેતાં યોગ્યતા નષ્ટ થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- પણ સ્વસન્મુખ થવા માટે ઇચ્છા તો કામ આવતી નથી. મારે સ્વસન્મુખ થવું છે, એમ કોઈ ઇચ્છે તો ઇચ્છાથી તો કાંઈ સ્વસન્મુખ થવાતું નથી.

મુમુક્ષુ :- સ્વસન્મુખ થવાનો શાસ્ત્ર અનુસાર પ્રયોગ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રયોગ કરવો પડે છે. એટલે એની જે સ્વસન્મુખ થવા પહેલાંની જે પૂર્વપર્યાયો છે એ કેટલીક ચોક્કસ પ્રકારની યોગ્યતાવાળી હોય છે એમ કહેવું છે. એની પણ ચોક્કસ પ્રકારની, ખાસ પ્રકારની યોગ્યતાઓ હોય છે, જેને પાત્રતા કહેવામાં આવે છે. એ પાત્રતાના જે લક્ષણ છે, પાત્રતાના જે કારણો છે એ પાત્રતાના કારણોથી એ પાત્રતા હોય છે, એ લક્ષણોથી એ પાત્રતા હોય છે અને એને લઈને આગળની ઉત્તર અવસ્થાની પણ પ્રાપ્તિ થાય છે, એમ સમજવું જોઈએ.

૨૫૪માં એ ત્રણ વાત એમણે લીધી છે. એક તો સ્વરૂપનો નિશ્ચય, સત્પુરુષને વિષે પરમ દૈન્યતા અથવા પરમ વિનય. ત્રણ કારણ લીધા છે. ત્રણ કારણ છે. એક સત્પુરુષનું લીધું છે, એક નિશ્ચયનું લીધું છે અને એક જગતની અલ્પ પણ સુખેચ્છા ન હોવી, જગતના પદાર્થોમાં સુખની કલ્પનાનો અભાવ. ત્રણ કારણો લીધાં છે. આ ત્રણ કારણો વિરુદ્ધ હોય તો યોગ્યતાને રોકે છે, અવિરુદ્ધ હોય તો યોગ્યતાની પ્રાપ્તિ હોય છે. આ એનું Metre લીધું છે. ૨૫૪ નંબરનો પત્ર છે. છે ને? થોડું વિષયાંતર થશે.

મુમુક્ષુ :- યોગ્યતા આપણે સમજવી છે. નિર્ણય ઈ કરવાનો છે કે યોગ્યતા અનુસાર પુરુષાર્થ કે પુરુષાર્થ અનુસાર યોગ્યતા?

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતામાં પુરુષાર્થ એ એનો એક વિભાગ છે-Division છે. જીવના સમગ્ર પરિણામમાં પાત્રતા કહીએ તો પુરુષાર્થ એ એનો One of the part & partial (છે), એ એનો એક અંશ જ છે, બીજું કાંઈ નથી. આખા પરિણામને યોગ્યતા કહેવાય છે અને એનો એક અંશ છે, એક ભાગ છે એ પુરુષાર્થ છે. એમ. ૨૫૪ છે ને?

આમ તો એક જુદાં પત્રમાં એ વાત લીધી છે કે યોગ્યતા જ્ઞાનપ્રાપ્તિનું મુખ્ય કારણ હોય છે. હવે, ૨૮૯ પાને છે. '**આ લોકની અલ્પ પણ સુખેચ્છા, એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે.**' એટલે સામાન્ય મુમુક્ષુને પણ આ લોકના પદાર્થોની થોડા ઓછાવત્તા અંશે સુખેચ્છા રહ્યા કરે છે. આ અનુકૂળતા છે, આ પ્રતિકૂળતા છે. અનુકૂળતા-પ્રતિકૂળતાનો એને વિકલ્પ રહે છે. '**તે હોવાનાં કારણો...**' એમ થવાનું કારણ '**નિઃશંકપણે તે 'સત્' છે એવું દઢ થયું નથી,...**' તે એટલે પોતાનું સ્વરૂપ. પોતે નિઃશંકપણે સત્ છે. એટલે ત્રિકાળ અવ્યાબાધ સ્વરૂપે જેનું અસ્તિત્વ છે, હોવાપણું છે એવું ધ્રુવ સત્ છે, એવું એને નિઃશંકપણે દઢ થયું નથી. '**અથવા...**' એ સત્ છે, પરમ સત્ છે તે '**પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી.**' એટલે મારું સુખ અને મારો આનંદ મારામાં છે એવો નિઃશંક નિર્ણય નહિ હોવાને લીધે એને બાહ્ય પદાર્થમાં સુખ અને આનંદનો ઓછાવત્તા અંશે ભાવ રહ્યા કરે છે.

'**અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ છે,...**' કે ચાલો હું મુમુક્ષુ તો છું. બીજાની જેવો તો નથી, મુમુક્ષુ તો છું. એમાં પણ એને કેટલોક આનંદ અનુભવાય છે. '**તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે (!)...**' ચાલો, આપણે તો સંતોષ પકડ્યો છે. આપણને શાતા છે. બીજાની જેમ ઉપાધિ ને લોહવાટ ને તૃષ્ણા ને એવું તો નથી. એટલે બહારમાં જેટલું છે એની અંદર, એ અનુકૂળતાની અંદર એને પ્રિય લાગે છે. '**અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે;....**' એટલે સામાન્ય અનુકૂળતાઓમાં જ્યાં એણે સુખ માન્યું છે એવી અલ્પ સુખેચ્છા એને રહ્યા કરે છે. હવે આ વિષયનો Total છેલ્લી લીટીમાં એમણે મારી દીધો. '**જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.**' આ વાત નાખી એમણે. આમ થવામાં જીવને આગળ વધવાની જે યોગ્યતા, જ્ઞાનપ્રાપ્તિની જે યોગ્યતા, એ આ કારણે મુમુક્ષુને રોકાઈ જાય છે. અને મુમુક્ષુતામાં આવ્યો હોવા છતાં એને કેમ જ્ઞાનપ્રાપ્તિ

થતી નથી એનું આ એક કારણ છે.

બીજું, '**સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ,...**' જો કોઈ પ્રગટ આત્માને દર્શાવનાર આત્મજ્ઞાની સત્પુરુષ હોય, આત્મા હોય તો એમાં એને આત્મજ્ઞાનની પ્રાપ્તિ અર્થે પરમેશ્વર બુદ્ધિ હોવી, થવી ઘટે. ઓછી વાત નથી લીધી. ચોથા ગુણસ્થાનવાળો માનીને એનો હિસાબકિતાબ માંડજે એ વાત નથી કરી, સીધી વાત કરી છે. '**સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.**' અહીંયાં એમનું આ વિષય ઉપર બહુ વજન છે.

'**જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે, અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે...**' આ એનું લક્ષણ આપ્યું છે. '**અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે.**' આ યોગ્યતા સાથે સંબંધ રાખનાર ભાવ છે અને પાત્રતાનો જ્યાં પત્ર લીધો-૧૦૫ નંબરનો, ત્યાં પણ પહેલી વાત આ લીધી કે સત્પુરુષના ચરણનો ઇચ્છુક છે તે મહાવીરના બોધને અથવા સમ્યગ્દર્શનને પાત્ર છે. દસ Point લીધા એમાં પાછી આ પહેલી વાત છે એ એવી વધારે જોરદાર છે, એવી બળવાન છે કે એમાં બાકીની નવે વાત સમાઈ જાય છે. એટલે એમનું આ વિષય ઉપર વજન ઘણું છે.

'**પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે...**' એટલે પ્રગટ નથી થયું. સત્પુરુષ વિદ્યમાન છે, જીવને મુમુક્ષુતા છે પણ એને હજી પરમ વિનય ઉત્પન્ન નથી થયો, પરમેશ્વર બુદ્ધિ આવી નથી, સર્વાર્પણ બુદ્ધિ આવી નથી '**ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.**' ત્યાં સુધી જીવને યોગ્યતા પ્રગટ થતી નથી. આ બીજું કારણ લીધું. યોગ્યતા માટે જ આ વાત કરે છે. મુમુક્ષુને જ્ઞાનપ્રાપ્તિની યોગ્યતામાં પ્રતિબંધ શું છે? અને પ્રતિબંધ કેમ મટે?

ત્રીજી વાત, '**કદાપિ એ બન્ને થયાં હોય,...**' એટલે બહારમાં ઘણો વૈરાગ્ય હોય, અંદરમાં અને બહારમાં એને સત્પુરુષ પ્રત્યે પણ અત્યંત ભક્તિ હોય '**તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ નિર્ણય ન થયો હોય...**' એટલે પોતાના સ્વરૂપની ઓળખાણ ન થઈ હોય. એ પણ એવી કોઈ યોગ્યતાની ખામી રહે છે કે આ બે કારણ મળવા છતાં હજી આ ત્રીજું કારણ નથી પકડાતું. અંદરમાં પોતે સ્વસ્વરૂપની ઓળખાણ અને નિર્ણય નથી કરી શકતો. '**તો ચિત્ત વ્યાકૂળ રહે છે,...**' તો કેટલીક જાતની આકુળતાઓ રહે છે. '**મિથ્યા સમતા આવે છે;...**' કોઈવાર ખોટું સમાધાન આવે છે. '**અને કલ્પિત પદાર્થને વિષે 'સત્'ની માન્યતા**

હોય છે;...' અથવા એનો નિશ્ચય છે એમાં ભૂલ હોય છે. આત્માના સ્વરૂપનિશ્ચય અને ઓળખાણના વિષયમાં નિર્ણયમાં ભૂલ હોય છે. '**જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી.**' એટલે પોતાનો અપૂર્વ આત્મતત્ત્વને વિષે અપૂર્વ મહિમા ઉત્પન્ન થતો નથી. '**અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.**' સમ્યગ્દર્શનના સાક્ષાત્ કારણની એમાં હાનિ રહેલી છે.

મુમુક્ષુ :- સરવાળો ઈ થયો કે સ્વસન્મુખ થતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વસન્મુખ નિર્ણય કાળે જ થાય. નિર્ણય થયા પહેલાં કોઈ સ્વસન્મુખ થાય નહિ. પોતાનો સ્વરૂપ સ્વભાવભાવ ભાસ્યા વિના કોઈ સ્વરૂપ સન્મુખ થાય નહિ. અને સ્વરૂપ સન્મુખ થાય તો જ એને સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ થાય, નહિતર થાય નહિ. આ યોગ્યતામાં ત્રણે વાત છે.

હવે લખે છે. એમના જમાનામાં તો મુમુક્ષુ બહુ સરળ પરિણામી, ખૂબ ભક્તિવાળા પરિણામવાળા હતા અને એ જાતની યોગ્યતા એમના નજીકમાં આવેલા મુમુક્ષુઓમાં બહુ સારી યોગ્યતા હતી. તોય એમ કહે છે, '**આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે.**' ઠીક! સૂક્ષ્મ જ્ઞાન હતું એ જાતનું. પત્ર લખ્યો છે ખંભાતના મુમુક્ષુઓને ઉદ્દેશીને. એક વ્યક્તિને નથી લખ્યો. '**આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે. માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે.**' બીજું કારણ એટલે પરમ દૈન્યતાની ઓછાઈ. એટલે વિનય તો ઘણો છે. એટલે એ ન્યૂનતા, એવી ખામી તો, એ કારણની ન્યૂનતા કોઈ કોઈને વિષે જોઈ છે. '**અને જો તેઓમાં સર્વ પ્રકારે (પરમદૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય તો જોગ્ય થાય એમ જાણીએ છીએ.**' એમાં પણ કોઈને ઓછો વિનય છે, કોઈને વધુ વિનય છે એવી જે કચાશ છે, એ ખામી-પરમ દૈન્યતાની ન્યૂનતા થવાનું એટલે એ ખામીની ન્યૂનતા થવાનું જો પ્રયત્ન હોય તો એ યોગ્ય થાય, એની પાત્રતા વધે એમ અમે જાણીએ છીએ. કાંઈ અપેક્ષા રાખતા હશે? નહિ? આ તો વસ્તુનું સ્વરૂપ બતાવે છે, એને પોતાને કાંઈ અપેક્ષા નથી.

'**પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે.**' પરમ દૈન્યપણું, પરમ વિનય- સત્પુરુષ પ્રત્યેનો પરમ વિનય. એક તો શું છે કે કેટલાક પાત્રજીવોને એવો ભાવ તો ઘણી વાર થયો છે કે કોઈ સત્પુરુષ મળે, કોઈ આત્મજ્ઞાની પુરુષ મળે, જેણે આ આત્મજ્ઞાન પ્રાપ્તિનો, અંતર્મુખનો અને સ્વસન્મુખ થવાનો રસ્તો જોયો હોય એવો કોઈ મળી જાય તો પાછળ પડી જાઉં અને એના ચરણમાં રહીને એ વાત હું ગ્રહણ કરી લઉં, એ વિષયનું ગ્રહણ કરી લઉં. પણ એવું થનારને લગભગ સત્પુરુષની વિદ્યમાનતા

હોવાનો મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. હોય તો ને પણ. એ જાતનો સંયોગ ન મળે તો શું કરે? એવા પરિણામને કાળે એવો સંયોગ નથી હોતો તોપણ એક બહુ મોટી આપત્તિનો વિષય થાય છે. જો હોય તો એ એક પરમ પરમ પુણ્યનો ઉદય છે, પરમ પરમ યોગ્યતાની પ્રાપ્તિની તક છે અને મોકો છે કે જ્યાંથી એ માર્ગની પ્રાપ્તિ વિધિ સમજી શકે કે અંતર્મુખ કેમ થવું, સ્વસન્મુખ કેમ થવું.

એટલે એમ કહે છે '**પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે. અધિક શું કહીએ? અનંત કાળે એ જ માર્ગ છે. પહેલું અને ત્રીજું કારણ જવાને માટે...**' એટલે અલ્પ સુખેચ્છા અને પદાર્થનો અનિર્ણય અથવા કલ્પિત નિર્ણય જવાને માટે '**બીજા કારણની હાનિ કરવી.**' એટલે કે પરમ દૈન્યતાની ઓછાઈ છે એને તોડવી. '**અને મહાત્માના જોગે...**' મૂળ તો, લગભગ તો એ જ મળતો નથી. એવો પ્રગટ સત્પુરુષ જીવોને મળવો મુશ્કેલ છે. પણ જો મળે તો '**તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું.**' તેની અંતર પરિણતિને ઓળખવી. ન ઓળખાય તો '**ઓળખવાની પર તીવ્રતા...**' અને જિજ્ઞાસા રાખવી 'તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.' એટલે તને એ જાતનું નેત્ર આવશે અને તું મુમુક્ષુતામાં ઓળખી લઈશ.

હવે, ક્રમ પાડે છે. '**મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે,...**' કે આ જ સત્પુરુષ છે. એ કેમ બચી જાય છે? ભાઈએ બે દિવસ પહેલાં પ્રશ્ન પૂછ્યો હતો કે 'ગુરુદેવે' આવું કેમ કહ્યું કે આને વળગી રહેશે એ ઉગરી જશે. પૂજ્ય બહેનશ્રી માટે એક શબ્દ એમણે વાપર્યો છે કે એમને જે પકડી રાખશે, વળગી રહેશે એનો બેડો પાર થઈ જશે. એમ કેમ લીધું? એમણે કેટલીક પરિસ્થિતિ જોઈ લીધી કે અહીંથી છૂટા પડ્યા તો ક્યાં જાશે અને અહીં વળગી રહેશે તો ક્યાં જાશે. બે પરિસ્થિતિની તુલના કરી લીધી. જેને દૃઢ નિશ્ચય છે, અહીંયાં એ વાત લે છે કે 'મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે.' એને સ્વ સ્વરૂપની ઓળખાણ થશે-નિર્ણય થશે.

'**તેથી વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારના દુઃખથી નિર્ભય થાય છે... માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે. તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ.**' આનો વિસ્તાર ન કરવો, અમે જે વાત કહી છે એનો વિસ્તાર ન કરવો એમ નથી કહેતા. એ લોકો શું કરે છે? વિસ્તાર નથી કરતા. કૃપાળુદેવે કીધું છે, હવે એના ઉપર આપણે વધારે કાંઈ વાત વિચારવાની ન હોય. એમણે બધું કહી દીધું છે.

પોતે કહે છે કે અમે જે તમને કહ્યું છે એનો તમે પરસ્પર મળીને વિચાર વિસ્તારથી કરજો અને સમજજો એમ અમે કહીએ છીએ.

'**અમે આમાં ઘણાઓ ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.**' આખા શાસ્ત્રનો ગૂઢ ભાવ અહીંયાં આની અંદર અમે મૂકી દીધો છે. '**તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.**' આની પણ વિસ્તારથી વાત તમને કરશું કે આની શું કિંમત છે. '**હાલ અમારો સમાગમ થાય તેમ તો નથી;...**' અષાઢ મહિનામાં લખે છે. શ્રાવણ વદમાં થાય '**પણ તે ક્યે સ્થળે તે હજુ સુધી વિચાર્યું નથી. કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે. તમને બધાને યથાયોગ્ય પહોંચે.**' આ રીતે પત્ર લખ્યો છે.

આ તો કર્મની સ્થિતિ અને અનુભાગ ઉપરથી જીવની યોગ્યતા ઉપર પ્રકરણ ચાલી ગયું. કથા આપે છે પુદ્ગલકર્મની. '**જ્યારે જે જીવને જેવી જેવી જાતિનો મંદતીવ્ર ચિત્વિકારરૂપ રાગભાવ થાય છે, તે કાળે તે જીવના રાગની ચિકણાઈનું નિમિત્ત પામીને (તેવા પ્રકારની) યથાયોગ્ય કર્મવર્ગણા-તે જીવની સમીપે રહેલી આકાશપ્રદેશમાંની પુદ્ગલવર્ગણા તે જીવના પ્રદેશોમાં એક ક્ષેત્રાવગાહરૂપ ચોંટે છે અર્થાત્ બંધાય છે.**' આ રીતે ત્યાં રહેલા પુદ્ગલો પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ આદિને પામીને ત્યાં બંધાય જાય છે અથવા ચોંટે છે. હવે આમાં પણ એક મુદ્દો એમણે એ લીધો કે રાગની ચિકણાઈનું નિમિત્ત પામીને. રાગના રસનું નિમિત્ત પામીને. રાગ પોતે કષાય છે અને રાગરસ અથવા રાગની જે ચીકાશ છે એ કષાય સ્વભાવ છે. સ્વભાવ તોડવો, રાગ આપોઆપ તૂટશે. ચીકાશ તોડવી. એટલે પ્રથમમાં પ્રથમ આ ઉપરથી એમ સમજવા યોગ્ય છે કે જેટલો ચીકણો રાગ એટલું નુકસાન વધારે, એટલો બંધ વધારે. એટલે એટલું નુકસાન વધારે. તો એવું જ્ઞાન કરીને-રાગની ચિકાશનું નુકસાન સંબંધીનું જ્ઞાન કરીને પણ સર્વ પ્રકારના ઉદય પ્રસંગોમાં મંદ રસે પરિણમવું, મંદ રસે પ્રવૃત્તિ થવી એ એક નુકસાનથી બચવાનું સાધન છે. અને 'શ્રીમદ્જી'ના શબ્દોમાં એમ કહીએ કે મંદ રસે અથવા મંદ ચિંતાથી ઉદય પ્રસંગોમાં પ્રવર્તવું એ જ્ઞાનીના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. એટલે કે જે જ્ઞાનીઓ થયાં પહેલાં પૂર્વ ક્રમમાં કષાયરસ તૂટતા પહેલાં, બંધન તૂટતા પહેલાં એમાં મંદતા-રસમાં મંદતા લાવી દીધી છે. અને એ કષાયરસ મંદ થાય છે ત્યારે મુમુક્ષુની ભૂમિકાને યોગ્ય જ્ઞાનની નિર્મળતા થાય છે કે જેમાં એને સ્વરૂપનો નિર્ણય-નિશ્ચય કો ઓળખાણ થવાની ક્ષમતા આવે છે. ત્યાં સુધી એ શક્તિ એમાં હોતી નથી. અહીં સુધી રાખીએ...

તા. ૪-૬-૧૯૮૬, પાના નં. ૪૬, પ્રવચન નં. ૩૧

(મિશ્રધર્મનો) અધિકાર છે. કર્મના ઉદય નિમિત્તે જીવને ચિત્વિકાર પરિણામ થાય છે, રાગાદિ ભાવ થાય છે. જીવના રાગની ચીકાશનું નિમિત્ત પામીને યથાયોગ્ય કર્મવર્ગણા તે જીવની સમીપે રહેલાં આકાશપ્રદેશમાંથી જીવના પ્રદેશોમાં એક ક્ષેત્રાવગાહરૂપે ચોંટે છે અથવા સંબંધ પામે છે, બંધાય છે. માત્ર રાગનું નિમિત્ત ન લીધું પણ રાગની ચીકાશનું નિમિત્ત પામીને કર્મ પરિણમે છે એમ ન કહ્યું, પણ યથાયોગ્ય કર્મવર્ગણા એમ લીધું છે. યથાયોગ્ય એટલે જેવી જેવી પ્રકૃતિ, જેવી જેવી સ્થિતિ, જેવો જેવો અનુભાગ તે તે પ્રકૃતિનો અને જેટલા જેટલા જથ્થામાં કર્મ સંબંધ પામવા યોગ્ય હોય તેટલા પ્રમાણમાં તેટલી સંખ્યામાં, એને યથાયોગ્ય કહે છે. એ પ્રકારે જીવ અને કર્મનો બંધ ગણવામાં આવ્યો છે.

અહીં પણ.. પહેલા Paragraph થી. નીચેથી ચોથી લીટી. '**અહીં પણ બંધાઈને ત્યાં તે જ કર્મવર્ગણા, નિજ નિજ કર્મત્વકાર્યરૂપે વ્યક્ત થઈને પરિણમે છે; ઉદયરૂપ થાય છે.**' અહીં પણ બંધાઈને એટલે જે કર્મ પુદ્ગલો એકક્ષેત્રાવગાહરૂપે બંધાયા તે બંધાયેલી કાર્મણવર્ગણા પોતાના કર્મત્વકાર્યરૂપે એટલે જેવી પ્રકૃતિ હોય તેવા ઉદયરૂપે વ્યક્ત થઈને પરિણમે છે. તેવા કાર્યપણે વ્યક્ત થઈને પરિણમે છે. ચારિત્રમોહની પ્રકૃતિમાં ક્રોધ પ્રકૃતિ હોય તો જ્યારે એ વિપાક આવે ત્યારે એમાં ક્રોધનો વિપાક આવે છે. લોભ હોય તો લોભનો વિપાક આવે છે. માન હોય તો માનનો વિપાક આવે છે. એ રીતે ત્યાં પુદ્ગલકર્મનો રસ વ્યક્ત થાય છે એને વિપાક કહેવામાં આવે છે. વ્યક્ત થઈને પરિણમે છે, ઉદયરૂપ થાય છે.

'**ત્યાં રાગરૂપ એવો તે ચિત્વિકાર કર્મવર્ગણાઓને વ્યક્તરૂપ કર્મત્વરૂપે અનેક પ્રકારે પરિણમાવવામાં નિમિત્તમાત્ર છે.**' ત્યાં રાગરૂપ એવો જે ચિત્વિકાર એટલે જીવના પરિણામમાં પોતાને પોતાનાથી ચ્યુત થઈને, પોતાનાથી ભ્રષ્ટ થઈને પોતાને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં નહિ રાખતાં જે ચિત્વિકારરૂપ જીવનો પરિણામ થયો, તે એ પ્રકારે કર્મવર્ગણાઓને વ્યક્ત કર્મત્વરૂપે અનેક પ્રકારે પરિણમાવવામાં નિમિત્તમાત્ર છે. જીવનો રાગ તો નિમિત્તમાત્ર જ છે. પુદ્ગલ પરમાણુ સ્વયં પોતાની યથાયોગ્ય યોગ્યતા અનુસાર કાર્ય કર્યે જાય છે. જીવના રાગનું નિમિત્ત પામીને.

મુમુક્ષુ :- જેવો રાગ છે એવું જ સામે એ જાતનું બરાબર પ્રતિબિંબ થાય ને નિમિત્ત થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવો જ સામે એનામાં ગુણધર્મ એવો છે. એ એનો પોતાનો ગુણધર્મ છે. જીવનું કારણ નથી, પણ પોતાના ગુણધર્મનું કારણ છે. જેવું જ્ઞેય હોય એવું જ કેમ જ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે? કેમ ઓછુંવત્તુ નથી પડતું? આઘુંપાછું નથી પડતું? સામે જેવું જ્ઞેય છે, આ કેસરી રંગ છે તો અહીંયાં કેસરી રંગ જ છે એમ કેમ જણાય છે? કે એવો જ્ઞાનનો ધર્મ છે.

મુમુક્ષુ :- એ છે માટે જણાતું નથી. સ્વતંત્ર પોતાથી...

પૂજ્ય ભાઈશ્રી :- એ છે માટે જણાય તો બધાયને જણાય. તો પુસ્તક પાનાને જણાય. એને વ્યવહારે જ્ઞાન કહ્યું છે ને? ખરેખર જ્ઞાન નથી. આનું પ્રતિબિંબ આમાં નથી પડતું અને આનું પ્રતિબિંબ આમાં-આત્મામાં પડે છે એ આત્માના ગુણધર્મને લઈને પડે છે. આને લઈને પડે તો બધે પડે. એમ. એટલે એવા કેટલાક પરસ્પર પરસાપેક્ષ ધર્મો છે કે જેમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ જોડવામાં આવે છે. જ્ઞેય જ્ઞેયમાં છે, જ્ઞાન જ્ઞાનમાં છે. છતાં જ્ઞેય અનુસાર જ્ઞાન થયું, જ્ઞેય અનુસાર જ્ઞાન પરિણમ્યું એમ કહેવામાં આવે છે. એવું વ્યવહારે કહેવામાં આવે છે. જ્ઞેય જ્ઞેયમાં પરિણમે છે, જ્ઞાન જ્ઞાનમાં પરિણમે છે. બન્ને પોતપોતાના ગુણધર્મ અનુસાર (પરિણમે છે).

નિમિત્ત નૈમિત્તિક સંબંધનો અહીંયાં એક દૃષ્ટાંત લ્યે છે. '**જેવી રીતે કોઈ પુરુષના તેલ લગાવેલ ગાત્ર છે.**' કોઈએ શરીરે તેલ ચોળ્યું છે. હાથે, પગે, શરીરે તેલ ચોળેલું છે. ગાત્ર એટલે શરીરના અવયવ. '**જેવી રીતે કોઈ પુરુષના તેલ લગાવેલ ગાત્ર છે. તે તેલનું નિમિત્ત પામીને અન્ય (ભિન્ન) ધૂળ તો મેલ છે. પરંતુ તે તેલથી બંધાઈને ધૂળ વ્યક્તરૂપે મેલરૂપ પરિણમે છે. તોપણ તે મેલથી મેલો (કહેવાયો). દ્રવ્યકર્મત્વ થવામાં અહીં એવો એટલો જ રાગનો ભાવ નિમિત્તરૂપે જાણવો.**' શું કહે છે? કે જેણે તેલ ચોળ્યું છે એને ધૂળ ચોંટે છે. તેલનું નિમિત્ત પામીને ધૂળ ત્યાં ચોંટી જાય છે. ધૂળમાં ચોંટવાનો સ્વભાવ છે, પાણી ચોંટતું નથી. પાણી પણ પુદ્ગલ રજકણ છે. પણ પાણી ચોંટતુ નથી. તેલ અને પાણી જુદાં રહે છે એટલે પાણી ચોંટતું નથી. એ ધૂળમાં ચોંટવાની યોગ્યતા છે, પાણીમાં નથી. પોતાની યોગ્યતાને લઈને ધૂળ ચોંટે છે. એમાં તેલની ચીકાશ નિમિત્તમાત્ર છે. ચોંટે એને નિમિત્ત છે, ન ચોંટે એને નિમિત્ત નથી. કાર્મણવર્ગણામાં પણ અનંતા પરમાણુઓ છે. એમાં જેટલા યથાયોગ્ય ભાવે બંધાય છે તેટલાને તે રાગભાવ નિમિત્ત છે, ચિત્વિકાર નિમિત્ત છે. બાકીના અનંતા હજી કાર્મણવર્ગણામાં એમ ને એમ રહી જાય છે એને એનું નિમિત્તપણું

લાગુ પડતું નથી. ભલે તે કર્મના પરમાણુ છે તોપણ. એમ.

'**અન્ય (ભિન્ન) ધૂળ તો મેલ છે. પરંતુ તે તેલથી બંધાઈને ધૂળ વ્યક્તરૂપે મેલરૂપ પરિણમે છે.**' જ્યારે એ ધૂળ શરીરને ચોંટે છે ત્યારે શરીર મલિન થયું, તે માણસ મેલો છે એમ કહેવામાં આવે છે. એ તો ધૂળ ધૂળમાં છે, તેલ તેલમાં છે, માણસ માણસમાં છે. પણ કથન એમ કહેવામાં આવે છે કે આ મેલો થયો. આ પગે ધૂળ ચોંટે છે તો પગ મેલો થયો એમ કહેવામાં આવે છે. ધૂળ ધૂળમાં છે. તેવી જ રીતે અહીંયાં દ્રવ્યકર્મત્વ-દ્રવ્યકર્મપણું જે થાય છે એમાં જીવનો રાગભાવ નિમિત્તરૂપે જાણવો. જે કર્મના પરમાણુ જીવના રાગની ચીકાશનું નિમિત્ત પામીને જે યથાયોગ્ય પ્રદેશ, સ્થિતિ, અનુભાગ, પ્રકૃતિએ યથાયોગ્ય પરિણમે છે ત્યાં આ પ્રમાણે રાગનું આટલું નિમિત્તપણું જાણવું.

મુમુક્ષુ :- તેલની જેમ રાગ તો નિમિત્તમાત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્તમાત્ર છે. બસ! એટલું છે. બન્ને પોતપોતાના કારણે, પોતપોતાના સ્વકાળે, પોતપોતાની યોગ્યતા અનુસાર પરિણમી જાય છે. બન્નેના સંબંધને બંધ કહેવામાં આવે છે.

'**હવે વિકારની ઉત્પત્તિ કહેવામાં આવે છે :- જે તે કર્મવર્ગણા જીવ સાથે એકક્ષેત્રાવગાહરૂપે ચોંટી હતી, તે સહજ પોતે જ કાળલબ્ધિ પામીને વ્યક્ત કર્મત્વપરિણામરૂપ થઈને પરિણમે છે.**' જે તે કર્મવર્ગણા જીવ સાથે એકક્ષેત્રાવગાહરૂપે ચોંટી હતી તે સહજ જ, એની સ્થિતિ પૂરી થાય છે ત્યારે, એને કાળલબ્ધિ કીધી. એ સ્થિતિ નક્કી થઈને ચોંટેલી હોય છે. કોઈવાર એ સ્થિતિમાં વધવા-ઘટવાપણું પણ જીવના રાગના અથવા ચિત્વિકારના નિમિત્તે થાય પણ છે અને એ સ્થિતિ પણ જે છેલ્લી આખરી સ્થિતિ હોય છે એ પણ પૂરી થાય, એને તે કર્મપરમાણુના ઉદયની કાળલબ્ધિ કહેવામાં આવે છે. ઉદયના કાળની પ્રાપ્તિ, તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે. '**તે સહજ પોતે જ કાળલબ્ધિ પામીને વ્યક્ત કર્મત્વપરિણામરૂપ થઈને પરિણમે છે.**' વ્યક્ત. એમાં પ્રકૃતિનો ભાવ છે એ વ્યક્ત થાય છે.

જેમ ચોખા તે ચોખા છે, પણ ચડી ગયેલા ચોખા તે ભાત છે. તો એ ચોખામાં રહેલી જે મીઠાશ છે એ વિપાક સમયે બહાર આવે છે, એનો સ્વાદ બહાર આવે છે. કોઈ કાચા ચોખા ખાય, ચાવે અને ચડેલા ભાત ખાય તો બન્નેની મીઠાશમાં ફેર છે. એની જે મીઠાશ છે એ વિપાક સમયે બહાર આવે છે. એમ જ્ઞાનાવરણી, દર્શનાવરણી અથવા ક્રોધ, માન, માયા, લોભ એ વિપાક સમયે પ્રસિદ્ધ થાય છે. કાળલબ્ધિ પામીને વ્યક્ત કર્મત્વપરિણામરૂપ થઈને પરિણમે છે. ત્યારે જ તે કાળે

તો તે વર્ગણાઓના '**વ્યક્ત કર્મત્વ-ઉદયનું નિમિત્તમાત્ર, એટલું જ પામીને વળી (આ તરફ) આ જીવ ચિત્વિકારભાવરૂપે પ્રગટ થઈને પરિણમે છે.**' હવે જે બંધાયેલા કર્મ સ્થિતિ વિપાકે આવ્યા, વિપાકની સ્થિતિએ આવ્યા અને એના જે ક્રોધ, માન, માયા આદિ ભાવ વ્યક્ત થયા, ત્યારે તે કર્મપણાનું ઉદય પામીને, એનું નિમિત્ત પામીને એટલું જ પામીને વળી, નિમિત્તમાત્ર, એટલું જ પામીને વળી (આ તરફ) જીવ પોતાની યોગ્યતાને લઈને (રાગરૂપ પરિણમે છે). પોતાની યોગ્યતા ન હોય તો એનો ઉદયાભાવી ક્ષય થઈ જાય કાં ઉપશમી જાય. અથવા ઉદયમાં રહે તોપણ એની રાગાદિ પરિણામની કોઈ અસર ન પણ થાય. જો એ રીતે પરિણમવાની યોગ્યતા ન હોય તો. પણ રાગપણે પરિણમવાની યોગ્યતા હોય એટલે રાગી જીવ હોય તો એમ થાય. વીતરાગતા જેટલી છે એટલું એને થતું નથી. એમ લેવું.

'**એટલું જ પામીને વળી (આ તરફ) આ જીવ...**' આ જીવ એટલે આ રાગી જીવ એમ લેવું. આ સંસારી જીવ. અહીંયાં સંસારી મિથ્યાદૃષ્ટિ જીવને લેવો છે. સાધકોને નથી લેવા અને અરિહંતોને પણ નથી લેવા. એ કોઈને લેવા નથી. અરિહંતોને ચાર અઘાતિ છે એમાં ગમે તે પ્રકારે ઉદય આવે છે, પણ એમાં પોતે રાગી નહિ હોવાથી અને પોતે વીતરાગી હોવાથી એમને કાંઈપણ અસર થતી નથી. ન તો શાતાનો હરખ થાય છે. નહિતર શાતા અનંતી છે. એમને જે વેદનીય કર્મનો ઉદય છે એમાં અનંતી શાતા છે. એટલી શાતા જગતના કોઈ જીવોને ઉદયમાન ન હોય. એટલી શાતા છે એમને. છતાં એ શાતાનું સુખ એમને અનુભવમાં નથી. એમને પોતાના પરમાનંદનું અને આત્માનું સુખ અનુભવમાં આવે છે. બહારની શાતામાં ઠીકપણું થતું નથી.

અહીંયાં તો ગરમી પડે છે અને સહેજ ઠંડી હવા આવે. એકદમ વાતાવરણ ફરી જાય, લ્યો. એકદમ વરસાદ આવે ત્યારે એવું થાય છે ને? ખૂબ ગરમી હોય એમાં ઠંડો પવન શરૂ થાય, ઠંડી પવનની લહેરો શરૂ થાય તો કહે, હાશ! હવે ઠંડક થઈ. શાતા થઈ. રાગી હતો માટે થઈ. વીતરાગદેવને અરિહંતદેવને અનંત શાતાનો, ઘણો શાતાનો ઉદય છે તોપણ જરાપણ એમાં ઠીકપણું થતું નથી. એને એ વેદતા જ નથી. રાગી નહિ હોવાથી એનું વેદન જ જાણે એમને નથી. એમ છે. એટલે આ જીવનો અર્થ એવો લેવો કે જ્યારે કર્મનો ઉદય આવે છે ત્યારે આ જીવ એટલે આ રાગી જીવ, રાગની યોગ્યતાવાળો જીવ ચિત્વિકારભાવ રૂપે પ્રગટ થઈને પરિણમે છે. પોતે જ પરિણમે છે એમાં પોતાનું કારણ છે, કર્મનો ઉદય નિમિત્તમાત્ર છે.

મુમુક્ષુ :- કર્મ ઉદયમાં હોય અને પરિણમે જ નહિ અને પોતામાં લીન થાય તો એ નિમિત્ત ક્યાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો એને નિમિત્તપણું કહેવામાં આવતું નથી. એને જીવનો ભાવ નિર્જરામાં નિમિત્ત થયો એમ કહેવામાં આવે છે. એ નિર્જરી જાય છે. અને જીવનો વીતરાગી ભાવ એમાં નિમિત્ત થયો એમ કહેવામાં આવે છે. એટલે પરિણામનો મેળ જોઈને અરસપરસ ઉપચાર કરવામાં આવે છે. ફક્ત એટલી વાત છે.

મુમુક્ષુ :- દરેક દ્રવ્યની સ્વતંત્રતા બતાવીને જીવની વિપરીત શ્રદ્ધા છે એ છોડવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. જીવને બે દ્રવ્યનું એકત્વ છે અથવા તો જીવને એમ છે કે મારે તો ઘણો રાગ-દ્વેષ નથી કરવો પણ શું થાય? કર્મના ઉદય એવા આવે છે એટલે રાગ-દ્વેષ (થાય છે). એ ઉદય રાગ-દ્વેષ કરાવે છે. તે પોતાના પુરુષાર્થને સમજી શકતો નથી અને પોતાના પુરુષાર્થને કેળવી શકતો નથી. એટલે એનું પરલક્ષ છોડાવવું છે અને સ્વલક્ષ કરાવવું છે. અનાદિથી પરલક્ષે એણે બધી ક્રિયાઓ કરી, અનાદિથી પરલક્ષે એણે શાસ્ત્રજ્ઞાન કર્યા, શાસ્ત્રના ભણતર કર્યા. સ્વલક્ષ એટલે કર્યું નથી અને સ્વલક્ષે એણે પોતાની સાધના સાધી નથી. એટલે અહીંયાં સ્વલક્ષ કરાવવું છે. સ્વલક્ષપૂર્વક આરાધન થાય છે. પરલક્ષે કોઈ ક્રિયા કે કોઈ જ્ઞાનથી આરાધન થતું નથી. એટલે સ્વલક્ષ કરાવવાનો હેતુ છે.

મુમુક્ષુ :- કર્મનો ઉદય તો બરાબર છે, પણ સામા જીવે કોઈએ ગાળ દીધી હોય તો...?

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ ઉદય નથી તો શું છે? કર્મનો ઉદય બરાબર, પણ એ પણ કર્મનો જ ઉદય છે, બીજું શું છે?

મુમુક્ષુ :- ગાળ ન દીધી હોત તો ગુસ્સો ન કરત.

પૂજ્ય ભાઈશ્રી :- એવું કાંઈ નથી. ક્રોધ કરવાની યોગ્યતાને લઈને એણે ક્રોધ કર્યો છે, સામાને લઈને કર્યો નથી. એમ જ છે. તો તો મુનિરાજો પણ કરે. મુનિને ઉપસર્ગ, પરિષહ આપે તો એને રાગ, દ્વેષ, ક્રોધ થવા જોઈએ. એમને કર્મનો ઉદય નથી ત્યાં? રોગ આવે છે, અનેક પ્રકારે કર્મનો ઉદય મુનિદશામાં આવે છે. એ તો પૂર્વકર્મનો ઉદય છે. પણ જેણે દેહ અને આત્મા જુદાં જાણ્યા છે એણે દેહનો ધર્મ દેહમાં જાણ્યો છે. જ્યારે દેહમાં અશાતા રોગાદિ થાય છે ત્યારે પણ એને જુદાપણાનું જે જ્ઞાન છે એ સાધકજીવને બાધા પામતું નથી. અવ્યાબાધપણે પોતામાં કામ કરે છે કે હું શરીરમાં વ્યાપતો નથી. તેથી અશાતાની પર્યાયમાં મારું અસ્તિત્વ નથી. ફક્ત મને એ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાય છે એટલી જ વાત છે. એથી તેમને વિષમભાવ થતો નથી.

આ જ વિષય ઉપર એક નાનો દૃષ્ટાંત લ્યે છે. '**વળી અહીં એક ટૂંકુ દૃષ્ટાંત જાણવું. જેમકે એક બિલાડી, લોટણ નામની જડી...**' આ વનસ્પતિ થાય છે. ચોમાસાની અંદર બિલાડીના ટોપ થાય છે એને લોટનજડી કહે છે. '**લોટણ નામની જડી, તેની જેવી વાસના (ગંધ) છે, તેવી વાસના અકારણરૂપ-સહજ જ પોતામાં (એ લોટણ જડીમાં) પ્રગટ છે.**' હવે એ જે વનસ્પતિ છે એની જે વાસ છે, એ વાસ તો એ વનસમ્પિની પોતાની વાસ પોતાને લઈને છે. દરેકને પોતપોતાની વનસ્પતિની વાસ હોય છે. આ લોટણ જડીને એની પોતાની વાસ પોતાને કારણે છે. શા માટે છે? અકારણપણે છે. કોઈ બિલાડીઓને લોટાવવા માટે એણે વાસ ધારણ કરવાનું એનામાં કોઈ જ્ઞાન નથી. એ તો સહજ જ એ પુદ્ગલો અકારણપણે પરિણમ્યા છે.

'**એવી જડીની વાસનાનું નિમિત્તમાત્ર, એટલું જ પામીને, વળી (આ બીજું) શાણી-પોતાની ગતિમાં પ્રવિણ એવી બિલાડી,...**' એને શાણી કહી છે અહીંયાં. બિલાડીને શાણી કહી છે. કેમકે એ એવી ચકોર છે કે સહેજ અવાજ થાય તો ભાગી જાય. કોઈના ઘરમાં દાખલ થઈ હોય અને સહેજ અવાજ થાય, કોઈનો પગનો અવાજ થાય, પગરવ આવે ત્યાં બારીએથી રવાના (થઈ જાય). એટલા માટે એને ચકોર છે એટલે શાણી કહી છે. એવી જે બિલાડી પોતાની ગતિમાં પ્રવિણ. પોતાની ગતિની અંદર ઘણી કુશળ છે એવી એ બિલાડી '**તે જડીની તે વાસનામાં પોતાની સર્વ સૂરત રંજિત કરતી થકી પોતાની ચેષ્ટાની સૂરત વિસરી ગઈ.**' એ ઝડપથી જવાની એની જે ચંચળતા હતી એને ભૂલી જાય છે. એનો જે ચંચળ સ્વભાવ છે એને બિલાડી ભૂલી જાય છે. લોટણ જડીની સામે એ લોટવા લાગે છે, આળોટવા લાગે છે. કોઈ આવે તો એને ખબર પડતી નથી. તો એ વનસ્પતિ વનસ્પતિના કારણે છે, અહીંયાં બિલાડીને એની વાસ છે એ નિમિત્તમાત્ર થાય છે. જો એ લોટણ જડીની વાસ લોટાવતી હોય તો બિલાડી સિવાયના બીજા પ્રાણીઓ પણ લોટવા લાગે. ત્યાં કૂતરા અને ગલૂડિયું નીકળે તો એ પણ લોટે અને માણસ નીકળે તો માણસ પણ લોટે. પણ એ તો પોતાની યોગ્યતા છે. બિલાડીની પોતાની યોગ્યતા છે કે લોટણ જડીની વાસ આવતાં એ પોતે આળોટવા લાગે છે. એ બિલાડી આળોટે છે એટલે એનું નામ લોટણ જડી પાડ્યું છે. આલોટવું. લોટવું અને આલોટવું-સારી રીતે લોટવું. સારી રીતે આળોળવું એને લોટણ કહે છે. એના ઉપરથી એ વનસ્પતિનું નામ લોટણ જડી પાડ્યું છે. એ તો જે છે ઈ છે. પણ આવું બને છે.

પોતાની ગતિમાં કુશળ છે. એકદમ તીવ્ર ગતિએ જવાવાળી બિલાડી છે. તે પોતાની

'સર્વ સૂરત રંજિત કરતી થકી...' એની પાસે પોતાની જે મુખાકૃતિ છે એમાં એને આનંદ આનંદ થઈ જાય છે. બિલાડી જ્યાં લોટણ જડીને જોવે ત્યાં ખુશી ખુશી થઈ જાય અને માંડે લોટવા. એમાં શું છે કે એની એને એક કલ્પના થાય છે. કુદરતી એની એવી યોગ્યતા છે કે લોટણ જડીને જોવે ત્યાં કલ્પના થાય છે. બહારમાં બધા જીવોને એ જ પ્રકારે થાય છે કે જે તે પદાર્થો જીવને એણે પોતાએ સારા કલ્પ્યા હોય, એની સુંદર કલ્પના કરી હોય તે તે પદાર્થોના સંયોગમાં એને ખુશીપણું થાય છે. ચાલો, આ મને પૈસા મળ્યા. માણસ ખુશ થઈ ગયો. હવે એ ચીજ એનામાં છે, આ એનામાં છે. પણ એણે નક્કી કર્યું છે કે આ ચીજ મને મળે તો સારું. તો એ ખુશ થાય છે. એ સંયોગ જોઈને ખુશ થાય છે. એ બિલાડી જેમ લોટણ જડીને જોઈને ખુશ થાય છે, એમ આ જીવ જગતના બીજા બીજા પદાર્થો જોઈને ખુશ થાય છે, નાખુશ થાય છે. એ એણે પૂર્વે પોતાના અભિપ્રાય અનુસાર કલ્પના કરીને ખુશ-નાખુશ થાય છે. આમ છે. પદાર્થો એને કાંઈ કરાવતા નથી.

જેમ તમે હમણાં પૂછ્યું કે કોઈ અપમાન કરે, ગાળ દે તો ગુસ્સો આવે કે નહિ? પણ પહેલાં એણે નક્કી કર્યું છે કે આવી કોઈ મને ગાળ દે તો હું સહન કરું નહિ. એવો એણે અભિપ્રાય નક્કી કર્યો છે. એટલે એને ગુસ્સો આવે છે. એણે એ વિચારી રાખ્યું છે. મને ગાળ દે છે એમાં તને ગાળ ક્યાં ચોંટી? એમ પૂછો. જેનો ગાળ દેવાનો ભાવ છે તે તે જીવમાં છે. ગાળના પુદ્ગલો છે તે પુદ્ગલ પરમાણુની અવસ્થા છે. અને બેય તારાથી તદ્દન જુદાં છે. તારા જ્ઞાનમાં તો એનું પ્રતિબિંબ પડ્યું છે. સામા જીવના ભાવનું અને પુદ્ગલ પરમાણુના અવાજનું. બેમાંથી એકેય તારામાં આવ્યા નથી. તને સ્પર્શ્યા પણ નથી. તો કહે છે, મને લાગુ પડે છે. સીધો શું કહે? મને લાગુ પડે છે એટલે હું ગુસ્સો કરું છું. પણ એણે એ બધી કલ્પના કરી છે.

મુમુક્ષુ :- એ ગાળ સાસરામાં કહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ વાત પણ સાચી છે. તેની તે ગાળ છે. પણ એના સાસરે જાય અને કોઈ મશ્કરી કરે તો એને એ હસે છે. પેલાપણે ગુસ્સો કરે છે તો અહીંયાં હસે છે. એ પણ કલ્પના કરી છે. ખુશી થવાની પણ ત્યાં કલ્પના કરી છે કે આ મારું સાસરિયું છે અને આવું મને કહે તો કહે, એ તો હસીખુશીનો વિષય છે. એમ માને. એ પણ એણે નક્કી કર્યું છે. મુનિરાજે એમ નક્કી કર્યું છે, કોઈ ગમે તે બોલે, મારા આત્માને લેવા પણ નથી અને દેવા પણ નથી. તો એને એની કાંઈ અસર નથી.

એમ આને પણ એક પૂર્વ સંસ્કાર છે. બિલાડીને એવો પૂર્વ સંસ્કાર છે કે લોટણ જડીને જોઈ એ ખુશી ખુશી થઈ જાય. રંજિત સૂરત લીધું છે ને? '**સર્વ સૂરત રંજિત કરતી થકી...**' એટલી ખુશી થાય છે કે પોતાની ચેષ્ટાની સૂરત વિસરી ગઈ. જે ચકોર થઈને ભાગી જાય છે, દોડી જાય છે, ગતિ કરી છે એ ભૂલી જાય છે. '**ત્યારે તે બિલાડીને કેવો વિકાર ઊપજે છે?**' અથવા કેવો ભાવ ઊપજે છે? '**તે બિલાડી તે જડીને તો જાણ્યા કરે છે અને તે જડીને દેખ્યા કરે છે...**' બસ, એ વનસ્પતિ છે એને જાણ્યા કરે ને દેખ્યા કરે છે. એને એક આકર્ષણનું નિમિત્ત છે અને જ એ જોયા કરે છે. '**તોપણ તે જડીથી તેનું મન ખસતું નથી,...**' એનું ભરાતું નથી. બસ, એને જ જોયા કરે છે અને '**તેમાં તે રાચ્યા કરે છે. એવી રીતે થઈને તે બિલાડી તે જડીની આગળ આળોટ્યા કરે છે.**' એને જોયા કરે છે અને આળોટ્યા કરે છે. એને ત્યાંથી ખસવું ગમતું નથી. એ જીવનો એવો એક પૂર્વ સંસ્કાર છે. એ પૂર્વ સંસ્કારથી એ જીવ પોતાની યોગ્યતા એવી રીતે સ્વયં ધારણ કરે છે અને વનસ્પતિનું ઊગવું છે એ જગતની અંદર સ્વયં છે. બેય પોતપોતાના કારણે પરિણમી રહ્યા છે. બન્નેનો સંયોગ જોઈને એક સંયોગિક દૃષ્ટિથી આણે આમ કરાવ્યું એમ કહેવામાં આવે છે. આને આનું નિમિત્ત મળ્યું, આ આનું નિમિત્ત પામ્યો એમ કહેવામાં આવે છે. એનું લક્ષ જોઈએ (એમ કહેવામાં આવે છે). '**એવી રીતે થઈને તે બિલાડી તે જડીની આગળ આળોટ્યા કરે છે. એવી રીતે આ જીડની વાસનાનું નિમિત્તમાત્ર એટલું જ પામીને, બિલાડી આળોટવાની ક્રિયા કરે છે.**' એ દૃષ્ટાંત છે.

'**તેવી રીતે કર્મવર્ગણાના વ્યક્તકર્મત્વ પરિણતિનું નિમિત્તમાત્ર એટલું જ પામીને, આ જીવ પોતે જ ચિત્વિકારની ક્રિયાને કરે છે.**' કર્મનો ઉદય સમયે સમયે ઉદયમાન થાય છે. આ જીવ રાગી હોવાને લીધે, રાગ કરવાની એની યોગ્યતા હોવાને લીધે રાગરૂપે પરિણમે છે, ભાવકર્મરૂપે પરિણમે છે. જો એ પોતે વીતરાગી ભાવમાં આવે તો એને કર્મનો ઉદય હોય તોપણ એ રાગ કરે નહિ. એવી સ્થિતિ ઉત્પન્ન થાય. એ રીતે સામાન્ય દૃષ્ટાંત અને સિદ્ધાંત આપ્યો.

હવે 'ચિત્વિકારનું વર્ણન'. હજી પ્રકરણ એનું એ ચાલે છે, હોં! મિશ્રધર્મ કથનનું જ પ્રકરણ ચાલે છે. વિસ્તારથી લ્યે છે. '**જે એકક્ષેત્રાવગાહી તે વર્ગણા છે તે વર્ગણા જ્યારે તે કાળે કર્મત્વરૂપે વ્યક્તિ થઈને પોતે જ આકારરૂપ થઈને પરિણતિરૂપે પરિણમે છે ત્યારે જ,...**' વિસ્તાર કર્યો. જે એકક્ષેત્રાવગાહી કાર્મણવર્ગણાના પરમાણુઓ જીવની ચીકાશને લઈને સંબંધ પામ્યા છે તે પૂર્વે બંધાયેલા સંચિત થયેલા, પ્રાપ્ત થયેલા કર્મો,

કર્મના પરમાણુઓ જ્યારે તે કાળે એટલે ઉદય કાળે કર્મત્વરૂપે એટલે કર્મપણારૂપે વ્યક્ત થઈને એટલે એની જે પ્રકૃતિ છે એનો સ્વાદ પ્રગટ થઈને '**પોતે જ આકારરૂપ થઈને...**' પોતે જ આકારરૂપ થઈને એટલે તેવા પરિણામે તે રૂપ થઈને. આકારનો અર્થ અહીંયાં પરિણામ લેવો, તેવો ભાવ લેવો. પ્રકૃતિનો ભાવ, એને આકાર કહે છે. જેમકે ક્રોધના પરમાણુ હોય તો ક્રોધાકારે પરિણમે છે, લોભના પરમાણુ લોભઆકારે પરિણામે છે. '**આકારરૂપ થઈને પરિણતિરૂપે પરિણમે છે ત્યારે જ, તે કાળે આ જીવ તે પુદ્ગલકર્મત્વવ્યક્તપ્રવાહપરિણામપરિણતિનું નિમિત્તમાત્ર,...**' કેટલો લાંબો શબ્દ લીધો છે! પુદ્ગલકર્મપણારૂપવ્યક્તપ્રવાહપરિણામપરિણતિ. ધારાવાહી એવું પરિણમન ચાલે છે. એ પરમાણુંમાં એવા વ્યક્ત પરિણામનો પ્રવાહ ઉત્પન્ન થાય છે. એટલે ધારાવાહી પરિણમન હોય છે.

તેનું '**નિમિત્તમાત્ર, આટલું જ પામીને,...**' એનું લક્ષ પોતા ઉપર નથી, પરલક્ષ હોવાને લીધે ઉદયમાં એના પરિણામ ચાલ્યા જાય છે. આટલું જ માત્ર પામીને '**વળી (આ તરફ) આ જીવ વસ્ત્વંતર થાય છે તે શી રીતે?**' વસ્તુઅંતર એટલે જીવ જીવવસ્તુમાં ન રહેતાં, અંતર એટલે બીજી વસ્તુરૂપે પરિણમે છે, બીજા ભાવરૂપે, બીજી વસ્તુના અનુસાર ભાવે પરિણમે છે ત્યારે જીવવસ્તુપણું એણે છોડ્યું. એણે પોતાપણું છોડ્યું. જીવે પોતાપણું છોડ્યું. જીવ વસ્ત્વંતર થાય છે તે શી રીતે?

'**કોઈ આ જીવમાં સ્વરૂપાચરણરૂપ-પોતામાં જ વિશ્રામ લેવાના ભાવરૂપ-નિજ પરિણતિની એવી ધારા રહી ગઈ (અટકી ગઈ), તે કર્મમલવ્યક્ત પરિણામ પ્રવાહ-પરિણતિમાં-પરાચરણરૂપ પરમાં જ-વિશ્રામ લેવાના ભાવરૂપ એવી પ્રવાહરૂપ પરપરિણતિ પ્રવર્તે છે.**' ચારિત્રગુણનો વિષય અહીંયાં સમજાય એટલે લીધો છે. એ ચારિત્રગુણના સ્થૂળ પરિણામ છે એટલે ચારિત્રગુણની વાત અહીંયાં લીધી છે. જીવમાં ચારિત્રગુણનો એવો સ્વભાવ છે કે આ જીવમાં સ્વરૂપાચરણરૂપ એટલે કે પોતામાં જ વિશ્રામરૂપ, સ્થિરરૂપ, સ્થિર ભાવે રહેવું એવો એનો સ્વભાવ છે. એવી જે નિજ પરિણતિ, સ્વભાવભાવરૂપ પરિણતિ એવી ધારા રહી ગઈ એટલે એવી ધારા અટકી ગઈ એટલે એવી ધારા તો ન થઈ. જીવમાં જે સ્વરૂપસ્થિરતા, સ્વરૂપમાં વિશ્રામ લેવાના પરિણામની જે ધારા થવાનો સ્વભાવ છે એ તો ન થયો. એવી પરિણામધારા તો ન થઈ. અટકી ગઈ એટલે ન થઈ.

એટલે એમ કહેવું છે કે સ્વરૂપાચરણપણે પણ જીવ પરિણમે, સ્થિર થાય, સ્વરૂપમાં પણ સ્થિર થાય અને પરપદાર્થમાં પણ સ્થિર થાય એમ તો બની શકે નહિ. એટલે સ્વપદાર્થમાં સ્થિર થવાનો એનો જે સ્વભાવ હતો એ પરિણામ તો ત્યારે એને ન

થયા. જો એ થયા હોત તો કાંઈ પ્રશ્ન છે નહિ, એમ લેવું છે.

પર્યટન કરવા જાય છે, હરવા-ફરવા જાય છે. સારામાં ઠેકાણે ઉતારો કરે છે, સારામાં સારું ભોજન લ્યે છે. હરે છે, ફરે છે, આનંદમોજ કરે છે. પછી ઘરે આવે છે. ત્યારે એને એમ થાય છે કે હાશ, ચાલો હવે ઘરે આવી ગયા. એમ શું કરવા થાય છે? એ એને વિશ્રામ લેવાનું સ્થાન એણે નિશ્ચિત કરેલું છે. ગમે ત્યાં ફરે તોપણ એને ઘર જેવી વિશ્રાંતિ લાગતી નથી. એમ જે જે જીવના ઉદયભાવનું સ્થાન છે, જ્યાં જીવ સ્થિર થાય છે, ઠીકપણું માનીને રોકાય છે ત્યાં એ જીવ વિશ્રામ પામ્યો એમ કહેવામાં આવે છે. એ કર્મના ઉદયમાં જીવને વિશ્રામ થાય છે.

તે કર્મમળવ્યક્તપરિણામપ્રવાહ. એ પણ પ્રવાહરૂપે છે. સતત ધારાવાહી કર્મનો ઉદય જીવને વર્તે છે. કર્મમળવ્યક્તપરિણામપ્રવાહ પરિણતિમાં પરઆચરણરૂપ. એ એને અનુસરીને. એવા કર્મમળવ્યક્તપ્રવાહને અનુસરવાના પરિણામને અહીંયાં પરાચરણ, પર આચરણરૂપ પરિણામ કહ્યા છે. અથવા પરમાં જ વિશ્રામ લેવાનો એ ભાવ છે. એવી પ્રવાહરૂપ પરિણતિ, એવી ધારાએ જીવ પ્રવર્તે છે.

'**તે પરકર્મમાં-પરકર્મત્વ વ્યક્તધારામાં રંજક (-રંજિત) રાગરૂપ જીવ પરવિશ્રામધારાપ્રવાહરૂપે પ્રવર્ત્યો.**' જુઓ! બિલાડીનું દૃષ્ટાંત લીધું હતું કે વનસ્પતિ ઊગી અને એ લોટે છે. એમ અહીંયાં કર્મનો ઉદય થયો અને જીવ એ પરાચરણમાં, પરમાં વિશ્રામ કરે છે. એટલો એ પરમાં વિશ્રામ કરે છે, આમ તો એવો એનો સ્વભાવ નથી એટલે કોઈએક વિષયમાં જીવનો વિશ્રામ અંતર્મુહૂર્તથી વધારે રહી શકતો નથી. વિષય બદલી જાય. એણે બદલવો જ પડે. કેમકે એ એનો સ્વભાવ નથી. તોપણ સમગ્રપણે, સંગ્રહનયથી લઈએ તો, એ ધારાવાહીપણે અનેક પર નિમિત્તોમાં જ વિશ્રામ કરે છે. ભલે નિમિત્તો બદલે છે તોપણ એમાં ક્યાંય સ્વ નથી. બધું જ પર છે. એટલે સંગ્રહનયથી લઈએ તો સમગ્ર રીતે એ જીવ એકાંતે પરમાં વિશ્રામ કર્યા કરે છે.

મુમુક્ષુ :- નિમિત્ત બદલ્યા કરે. ૪૮ મિનિટથી વધારે ન રહી શકે એક વિષયમાં.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ જગ્યાએ એનું એકાગ્રપણું રહી ન શકે. ભલે એ ગમે એટલો રુચતો પદાર્થ હોય, ગમે તેટલો ભાવતો પદાર્થ હોય, ગમે તેટલો સુખની કલ્પનાથી ઈષ્ટ ગણેલો પદાર્થ હોય તોપણ જીવના પરિણામ અંતર્મુહૂર્તથી વધારે પરવિષયની અંદર એકાગ્ર રહી શકતા નથી. આ નિયમબદ્ધ વાત છે. કેમકે નહિતર તો એનો એવો સ્વભાવ થઈ જાય કે કોઈ જીવ એ પરવિષય બદલે જ નહિ. જે એનો વિષય ધારેલો-નક્કી કરેલો વિષય આવે તો એ વિષયથી એના પરિણામ ન છૂટે. નહિ,

છૂટી જાય છે. પરિણામ રહી શકે નહિ. પણ એ બદલતા બદલતા બધા જ પરવિષયોમાં એ બધું સર્વ પર ગણીને, સમગ્ર પર ગણીને જીવ ધારાવાહીપણે પરમાં જ વિશ્રામ લઈ રહ્યો છે. એમ અહીંયાં કહેવું છે.

પર નિમિત્તો બદલે છે, એ રાખીને. પણ બધા જ પર નિમિત્તો છે એમ ગણીને પરવિશ્રામધારારૂપે પ્રવર્ત્યો. કર્મના ઉદયમાં રંજિત થઈને, રંજક થઈને, રાગી થઈને, ખુશી થઈને રંગાઈને (પ્રવર્ત્યો). એના પરિણામ રંગાઈ ગયા એમ કહ્યું. માણસ એમ નથી કહેતા? અત્યારે એ આ કામમાં રંગાઈ ગયો છે. રંગાઈ ગયો છે એનો અર્થ શું છે? કે એકાકાર થઈ ગયો છે. એ જ એનું સર્વસ્વ. એના સિવાય બીજું એને લક્ષ રહેતું નથી. તીવ્ર રસથી એકાગ્ર થવું એને રંજકપણું કહે છે.

એ '**રાગરૂપ જીવ પરવિશ્રામધારાપ્રવાહરૂપે પ્રવર્ત્યો. પોતામાં વિશ્રામ લેવો છૂટી ગયો.**' જ્યારે એ પ્રકારે રંજક થઈને એણે પરપદાર્થમાં વિશ્રામ લીધો અને એવા પ્રવાહરૂપે એનું પરિણમન ચાલ્યું ત્યારે સ્વપદાર્થમાં વિશ્રામ લેવાનું ન થયું. બે જગ્યાએ વિશ્રામ લઈ શકે એવું નથી. કાં તો પરમાં સ્થિર થાય, કાં તો સ્વમાં સ્થિર થાય. બન્ને જગ્યાએ એક પરિણામ સ્થિર થાય એવું બની શકતું નથી. છદ્મસ્થના ઉપયોગનો તો એ પ્રકાર છે કે એક કાળે એક જ જ્ઞેયને વિષય કરે. પરજ્ઞેયમાં પણ એક કાળે એક જ્ઞેયને વિષય કરે. તો સ્વ અને પર બેને તો વિષય કરવાનો ઉપયોગને પ્રશ્ન રહેતો નથી. અને કેવળજ્ઞાનઉપયોગ તો સ્વરૂપમાં જ સ્થિર છે. પરપદાર્થ પ્રતિબિંબિત થવા છતાં પરપદાર્થ પ્રત્યે એમનો લેશમાત્ર પણ ઉપયોગ જતો નથી. લેશમાત્ર-જરાય નથી જાતો. એટલે જ્યારે પરમાં વિશ્રામના પ્રવાહરૂપે પરિણમ્યો, પ્રવર્ત્યો ત્યારે '**પોતામાં વિશ્રામ લેવો છૂટી ગયો.**' ત્યારે એ પોતામાં વિશ્રામ લેતો નથી. બે એકસાથે બનતું નથી.

'**પુદ્ગલમાં અસ્પૃષ્ટ વિશ્રામભાવ કર્યો, તેનું નામ વસ્ત્વંતર કહેવામાં આવે છે.**' આ જે વસ્તુઅંતર શબ્દ વાપર્યો એનું સ્પષ્ટીકરણ કર્યું. પુદ્ગલમાં અસ્પૃષ્ટ (અર્થાત્) પુદ્ગલને સ્પર્શી નથી શકતો. સ્પૃષ્ટ એટલે સ્પર્શવું. પુદ્ગલ પદાર્થને સ્પર્શી શકતો નથી. કોઈ એમ કહે કે અત્યારે અમે આરામ કરીએ છીએ અને આરામથી સૂતા છીએ. વિશ્રામ કરીએ છીએ. આ બંગલમાં, આ મકાનમાં આ પલંગમાં અમે વિશ્રામ લઈએ છીએ. તો કહે છે, તું જીવપણે એ કોઈપણ પદાર્થને સ્પર્શી શક્યો નથી. માત્ર તે સંયોગોમાં હું વિશ્રામ લઉં છું એવી એક ભ્રાંતિગત કલ્પના તને થઈ છે. કેવી? ભ્રાંતિગત કલ્પના તને થઈ છે કે હું અહીંયાં મોજથી સૂતો છું. આરામ કરું છું, વિશ્રામ લઉં છું.

મુમુક્ષુ :- પોતાના મકાનમાં સૂતો હોય, પલંગમાં સૂતો હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એને સ્પર્શતો નથી એમ કહે છે. એ મકાનને સ્પર્શતો નથી, પલંગને સ્પર્શતો નથી, ગાદલાને સ્પર્શતો નથી, ઓછાડને સ્પર્શતો નથી. કોઈ પદાર્થને, જડ પદાર્થને આ જીવ સ્પર્શતો નથી. કેમ સ્પર્શતો નથી? કે એનામાં સ્પર્શવાનો ગુણ જ નથી પછી સ્પર્શવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તો એને અસ્પૃષ્ટ ભાવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- રાગ થાય છે એ કોણ કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- રાગ જીવ કરે છે. પણ જીવ રાગ કરે છે પણ એ રાગ પુદ્ગલને સ્પર્શતો નથી.

મુમુક્ષુ :- રાગ પુદ્ગલને સ્પર્શતો નથી?

પૂજ્ય ભાઈશ્રી :- ના, પુદ્ગલને સ્પર્શતો નથી. જીભ ઉપર મીઠાઈ મૂકી. બરાબર છે? એને સારું લાગ્યું કે આ સરસ ગળ્યું છે. તો એ સારું છે એવો જે રાગ એ ગળપણને અડ્યો નથી. અડ્યો જ નથી. રાગ ગળપણને અડ્યો નથી. અને એ પરમાણુનું જે ગળપણ છે, ગળ્યો સ્વાદ છે, જે પરમાણુમાં હતો એ જીવના રાગને અડ્યા નથી. એટલે અસ્પૃષ્ટ ભાવે વિશ્રામ છે. એણે માન્યું કે હાશ, આ ઠીક છે. પણ અસ્પૃષ્ટ ભાવે છે. એટલે તે વસ્તુ રૂપે, બીજી વસ્તુ રૂપે જીવ નહિ થઈ શકતો હોવા છતાં, દ્રવ્યે નહિ થઈ શકતો હોવા છતાં ભાવે થયો હોવાનો અધ્યાસ થાય છે. એને વસ્તુઅંતર કહેવામાં આવે છે. ભાવે એમ માને છે. શું? મારામાં ગળપણ આવ્યું, મને ગળ્યું.. ગળ્યું.. ગળ્યું લાગ્યું. સારું લાગ્યું એમ એને લાગે છે. પણ ખરેખર કોઈ ગળ્યો રસ એના આત્મામાં આવ્યો નથી. છતાં એને એવી એક કલ્પના થાય છે, ભાવ થાય છે એ અધ્યાસભાવ કહેવામાં આવે છે. એમ નહિ થઈ શકતું હોવા છતાં થયું હોવાનો અનુભવ કરવો એનું નામ અધ્યાસ છે. એ અધ્યાસ મિથ્યાભાવ છે. કેમકે વસ્તુ એમ થઈ નથી. એટલે એને મિથ્યાભાવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાન દશાના અભાવને કારણે રાગ થાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એણે વસ્તુના સ્વરૂપનું જ્ઞાન નથી રહેતું. વસ્તુનું જેવું સ્વરૂપ છે એવા સ્વરૂપને અનુસરીને જ્ઞાન નથી રહેતું એવા જ્ઞાનને અજ્ઞાન અથવા વિપરીત જ્ઞાન કહેવામાં આવે છે. વસ્તુથી બીજી જાતનું જ્ઞાન. વસ્તુ છે એમ નહિ, એના બદલે ઊલટું-સૂલટું. એને વિપરીત જ્ઞાન કહેવામાં આવે છે.

મુનિરાજો છે. લોકો જોવે છે કે જંગલમાં એમને ઘણી પ્રતિકૂળતાઓ છે. ટાઢ, તડકો, વરસાદ હોય છે. ખાવા-પીવાની એમની કોઈ વ્યવસ્થા હોતી નથી. રહેવાની પણ કોઈ વ્યવસ્થા એમને હોતી નથી. કોઈપણ પ્રકારની રોગાદિ પરિસ્થિતિ થાય

તોપણ ઉપચાર કે દવા-દારૂની કોઈ વ્યવસ્થા એમની હોતી નથી. જગતના જીવો એમ જોવે છે કે અરે..! મુનિ કેવી રીતે જંગલમાં રહે છે? કેટલું સહન કરીને જંગલમાં રહે છે. મુનિ કાંઈ દુઃખ સહન કરતા નથી. જગતના જીવો એમ જોવે છે કે મુનિ કેટલા દુઃખ સહન કરીને જંગલમાં રહે છે. મુનિને જરાય દુઃખ નથી. ઊલટાના એ પોતાના જ્ઞાન અને આનંદ ને સુખના વેદનમાં મસ્ત થઈને પડ્યા છે. જીવ તો પોતાની કલ્પનાથી જોવે છે. જગતનો જીવ તો પોતાના માપે માપે છે. પોતાની દૃષ્ટિએ માપે છે. સામે પદાર્થ એમ નથી પરિણમતો. કેમકે એ ગમે તેવી પરિસ્થિતિમાં એમ જોવે છે કે મારા આત્મામાં સ્પર્શ ગુણ નહિ હોવાને લીધે કોઈ પદાર્થને સ્પર્શી શકતો જ નથી. કોઈ પદાર્થને સ્પર્શી શકતો નથી. તેથી કોઈપણ પદાર્થને ગ્રહવાના, પરિગ્રહ કરવાના ભાવ મને થવાની કાંઈ જરૂર નથી, એવા ભાવ મારે શા માટે કરવા જોઈએ? મુનિને અપરિગ્રહ વ્રત છે ને? એટલે પરિગ્રહ કરતા નથી. કેમકે હું તો ગ્રહણ કરી શકતો જ નથી. પછી મારે શા માટે પરિગ્રહ? હું સ્પર્શી શકતો નથી, ગ્રહી શકતો નથી. પછી પરિગ્રહનો સવાલ ઊભો થતો નથી. એમ એને અપરિગ્રહપણું છે. માત્ર એમ ને એમ વસ્તુના સ્વરૂપને સમજ્યા વગર ત્યાગ કરી દીધો છે અને ઘરબાર છોડીને ચાલી નીકળ્યા છે એટલે એને મુનિપણું છે એમ ખરેખર નથી.

મુમુક્ષુ :- મુનિરાજે ઘોર ઉપસર્ગો સહન કર્યા છે એમ આપણે વર્ણન સાંભળીએ છીએ, એ ખરેખર શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- ઘોર ઉપસર્ગ સહન કર્યા નથી પણ લોકો જેને ઘોર ઉપસર્ગ કહે છે એના ઉપર એમણે વિજય મેળવ્યો છે. દુઃખી થયા વિના.

મુમુક્ષુ :- ઉપસર્ગ થયા વિના?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપસર્ગ તો ઉપસર્ગમાં હતો. પણ પોતે દુઃખી થયા વિના એના ઉપર વિજય મેળવ્યો છે. જો પોતે... આ માણસને પ્રતિકૂળ સંયોગો આવે છે ત્યારે રડી પડે છે કે નહિ? તો એ હાર્યા કે જીત્યા? એ હારી ગયા. એ સંયોગો પાસે એ હારી ગયા. મુનિ હારી જાય છે કાંઈ? મુનિને તો પરિષહજય વર્તે છે. કેવો ભાવ વર્તે છે? પરિષહજય વર્તે છે. એ સહન કરતા નથી, પણ એને ભિન્ન જ્ઞેય તરીકે એનાથી પોતે ભિન્ન જ્ઞાનસ્વરૂપે છે એમ જાણે છે. પણ જરાપણ દુઃખનો અનુભવ કરતા નથી.

મુમુક્ષુ :- છદ્મસ્થ છે એટલે દુઃખ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- છદ્મસ્થ છે એટલે સહેજ થાય. પરિપૂર્ણ વીતરાગને ઉપસર્ગ ન હોય. અરિહંત, સિદ્ધને. ઉપસર્ગ જ ન હોય એને થવા, નહિ થવાનો શું પ્રશ્ન

છે? એમ હોય છદ્મસ્થને. ઉપસર્ગ, પરિષહ તો છદ્મસ્થને હોય. તો છદ્મસ્થને જેટલી અસ્થિરતા હોય છે એટલું એને સાધક અવસ્થામાં થાય. પણ વીતરાગતા ઘણી છે માટે એને થતું નથી એમ કહેવામાં આવે છે. થાય છે ખરું થોડું, પણ એ નગણ્ય છે. એટલે એને થતું નથી એમ કહેવામાં આવે છે. એટલી વાત છે. છદ્મસ્થ ગણીને અત્યારે અહીંયાં જે શ્વેતાંબર સંપ્રદાયમાં વિચાર કરે છે એનું નામ છદ્મસ્થપણું નથી. એ તો છદ્મસ્થ એટલે રાગી, મિથ્યાદૃષ્ટિ હોય એવા છદ્મસ્થ લઈ લ્યે છે. અને શ્રેણી માંડે ત્યારે જ વીતરાગ, ત્યાં સુધી તો સાધુનો વેશ હોય તો પણ છદ્મસ્થ ગણીને બધી ગડબડ ચલાવે જાય છે. એવું ચાલે નહિ.

મુમુક્ષુ :- જબરજસ્ત ગડબડ.

પૂજ્ય ભાઈશ્રી :- જબરજસ્ત ગડબડ ચાલે છે. એમ ચાલે નહિ. ત્યાં સાધુપણાનું એક પણ ચિહ્ન હોતું નથી. એમને તો છઠ્ઠા ગુણસ્થાનમાં પણ વીતરાગ પરિણતિની ધારા છે. ભલે વિકલ્પ દશા અને વિકલ્પ અનુસાર પ્રવૃત્તિ છે અને તે પણ મર્યાદિત. વ્યવહાર રત્નત્રયની મર્યાદામાં રહીને પરિણમે છે. એથી બહાર તો નહિ જ. તોપણ ત્યાં વીતરાગ પરિણતિની ધારા છે. એવું સાધુપણું છે. આ તો કહે, છદ્મસ્થ છે એટલે છદ્મસ્થ સાધુ હોય એ ફાળો કરે ને અપાસરો ચણાતો હોય ત્યાં ધ્યાન પણ રાખે અને બરાબર કામ કરતા હોય એનું બરાબર લક્ષ પણ રાખે. તો એવું કાંઈ સાધુપણું હોઈ શકે નહિ.

આમ તો સાધુપણામાં એવું છે કે સમાજના વિષયમાં સાધુ દાખલ થતા નથી. કોઈ સામાજીક સાંપ્રદાયિક ધાર્મિક સમાજના પ્રકરણમાં એ વિષયમાં સાધુ દાખલ થતા નથી, હસ્તક્ષેપ કરતા નથી. બહુ બહુ તો સમાજને ઉપદેશ આપે છે, પણ આદેશ આપતા નથી. ઉપદેશ આપે, પણ સમાજને આદેશ ન આપે. આ એની મર્યાદા છે. આદેશ આપે તો પોતાના સાધુ શિષ્યગણને આપે. સાધુ શિષ્ય હોય એને આદેશ આપે. એક મુનિ ગુરુ હોય, આચાર્ય હોય તો એના સાધુ જે શિષ્ય હોય એને એમ કહે કે આમ તમે પ્રવર્તો અને આમ તમે નહિ પ્રવર્તો. સમાજની કોઈ વ્યક્તિને, એક વ્યક્તિને કે અનેક વ્યક્તિને સાધુ ન કહે. અને કહે તો સાધુ નહિ.

મુમુક્ષુ :- આ કરો અને આ ન કરો, ન કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નહિ. ન કહેવાય.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' નહોતા કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'ગુરુદેવ' નહોતા કહેતા. જોકે 'ગુરુદેવ' તો સાધુ અવસ્થામાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને નહોતા, તોપણ એમણે (એમ પ્રવૃત્તિ કરી નથી). પહેલાથી

દીક્ષા લઈ લીધેલી. એટલે કેટલાક વ્યવહારમાં એ આવ્યા જ નહોતા અને આવતા જ નહોતા. એ તો સ્થાનકવાસી હતા તોપણ. પણ આ લોકોને તો ખબરેય નથી. શ્વેતાંબર, સ્થાનકવાસી, દિગંબરના સાધુઓને ખબર પણ નથી કે આ રીતે સામાજીક વિષયમાં અમારે પ્રવેશ જ ન કરાય. એ એ લોકોને ખબર જ નથી. એ તો દીધે જ રાખે છે કે આમ કરો ને તેમ કરો. ફંડફાળા ઉઘરાવવાથી માંડીને અનેક પ્રકારના આદેશ આપે છે.

મુમુક્ષુ :- સાધુને પુણ્ય બાંધવાનો નિષેધ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્ય બાંધવાનો નિષેધ નહિ, પુણ્ય પરિણામ પણ થાય એને. એને પાપના પરિણામ ન થાય. સાચા સાધુ હોય, વીતરાગી નિર્ગ્રંથ સાધુ હોય એને પાપભાવ ન ઊપજે. એ ભૂમિકા એણે છોડી દીધી છે. પુણ્યભાવ એને થાય. આ પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ છે એ બધા પુણ્યભાવ છે. એમાં પુણ્યના પરિણામ થાય છે. છતાં પણ એ નીચી કક્ષાના પુણ્ય થાય એવા પરિણામ ન કરે.

મુમુક્ષુ :- સાધુ પૂજા, પ્રક્ષાલ કરવા ન આવે?

પૂજ્ય ભાઈશ્રી :- પૂજા, પ્રક્ષાલ કરવા ન આવે. એની પાસે તો કાંઈ નથી એટલે દાન દેવાનો પ્રકાર નથી. પણ છતાં પણ કોઈ આરંભ સમારંભનું કોઈ કામ, ભૂખ્યા-તરસ્યાને કાંઈ દેવું-કરવું એ વાત એને હોતી નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો નવ કોટિએ હોય છે. નવ કોટિએ બધો ત્યાગ છે. કરવું, કરાવવું અને અનુમોદવું નવ કોટિએ હોય છે. પોતે ફાળો ન કરે પણ તમે ફાળો કરો એને શાબાશી આપે કે ચાલો, તમે બહુ સરસ ફાળો કર્યો. હવે આ મંદિર સારામાં સારું થશે. જિનમંદિર માટે તો ફાળો શ્રાવકોએ કરવો જ જોઈએ. એમ શ્રાવકોને મુનિરાજ ઉપદેશ આપતા નથી. આમ છે.

મુમુક્ષુ :- પુણ્ય બાંધવાનો નિષેધ કહેવાય કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. નીચી કક્ષાના પુણ્ય નથી બાંધતા.

મુમુક્ષુ :- દેરાસર બાંધવું એમાં નીચી કક્ષાના પુણ્ય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુનિ માટે નીચી કક્ષાનો છે, મુનિ માટે નીચી કક્ષાનો છે. પૂજા, પ્રક્ષાલ કરે એ નીચી કક્ષાના પુણ્ય છે. ચૈત્યવંદન કરે. વંદન, નમસ્કાર, સ્તુતિ કરે. પણ પૂજા ન કરે. કેમકે પૂજામાં અષ્ટ દ્રવ્ય જોઈએ. એ અષ્ટ દ્રવ્ય ક્યાંથી લાવે? જો અષ્ટ પ્રકારી પૂજા એ કરે તો એને આઠ દ્રવ્ય ભેગા કરવાનો આરંભ ઊભો થાય. એ તો થઈ રહ્યું, મુનિપણું કેવી રીતે રહે? પછી તો એની પરંપરા

અને એની વણઝાર એટલી ચાલે કે એ તો પછી અષ્ટ દ્રવ્ય માટે વેપાર અને વેપાર માટે ખોટું અને ખોટા માટે સાચું ને કાંઈક વણઝાર એ તો ઊભી થાય. એ તો આપણને અનુભવ છે. એવું છે. એટલે એની મર્યાદા છે. એનું કારણ છે, મર્યાદા પાછળ કારણ છે.

મમુક્ષુ :- પાપ ન કરે પણ પુણ્યને ઉપાદેય તો માને ને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. પુણ્ય થાય એને. પુણ્ય કરે એમ નહિ, પુણ્યના પરિણામ થાય. પૂર્ણ વીતરાગતા નથી એટલે પુણ્યના પરિણામ થાય. કરવાયોગ્ય માને તો એ મુનિ નથી પણ પહેલા ગુણસ્થાનવર્તી મિથ્યાદૃષ્ટિ છે. એમ છે. આ તો અત્યારે પેલા લોકોએ જાહેરાત કરી ને કે અમારા ફલાણા મહારાજે એમ કહ્યું કે આ પુસ્તકો નહિ રાખવા. સોનગઢના પુસ્તકો મંદિરની અંદર નહિ રાખવા. મુનિઓ એવો આદેશ આપે નહિ. આદેશ આપે તો એ મુનિ હોઈ શકે નહિ. એ લોકોને ખબર નથી.

મુમુક્ષુ :- અનુમતિ ત્યાગ નામની પ્રતિમા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો અગિયારમામાં નીકળી જાય છે. અગિયાર અને બારમી પ્રતિમામાં લગભગ સાધુદશાના બધા અંશ શરૂ થઈ જાય છે. ત્યાગની અવસ્થા છે ને? ત્યાગીનું પદ છે ને. એટલે ક્ષુલ્લક અને ઈલ્લક એ બે પદ ભલે પંચમ ગુણસ્થાનનું છે, ગૃહસ્થનું છે તોપણ એમાં ઘણો ત્યાગ કરે છે. મુનિને યોગ્ય એવો કેટલોક ત્યાગ એની અંદર આવી જાય છે. એટલે શું છે કે એ Pre-stage, મુનિપણાનું આગળનું એ Pre-stage છે. ત્યાંથી મુનિપણું શરૂ થશે. એવા ચિહ્નો શરૂ થઈ જાય છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં એ બહુ સરસ (વર્ણન છે).

જ્યાં પરવિશ્રામધારાપ્રવાહરૂપે પરિણમ્યો ત્યાં પોતાને પોતામાં વિશ્રામ લેવાનું છૂટી ગયું. એ '**પુદ્ગલમાં અસ્પૃષ્ટ વિશ્રામભાવ કર્યો,...**' સ્પર્શ્યા વિનાનો વિશ્રામભાવ કર્યો. એ જ્ઞાની જાણે છે, હોં! કે આ સ્પર્શી શકતો નથી. એને તો એમ જ છે કે હું બરાબર સ્પર્શું છું. હું તો પરને સ્પર્શું છું. '**તેનું નામ વસ્ત્વંતર કહેવામાં આવે છે.**' એટલે બીજી વસ્તુ રૂપે થઈ ગયો એમ કહેવામાં આવે છે. '**જ્યારે આ જીવ પોતે જ વસ્ત્વંતરં થયો ત્યારે આ જીવ એવા વિકારરૂપે પોતે જ ધારારૂપે પરિણમે છે.**' આ દેહાત્મબુદ્ધિ છે ને? દેહ છે એ જડ પરમાણુના જથ્થાનો બનેલો એક સંયોગિક સ્કંધ છે. પરમાણુનો જડનો સ્કંધ છે. તો એમાં જીવે વસ્ત્વંતરં ભાવ કર્યો છે ત્યારે પોતાને દેહસ્વરૂપે માન્યો છે. એમાં વધે તો હું વધ્યો, એમાં ઘટે તો હું ઘટ્યો, એમાં રોગ થયો તો હું રોગી, એમાં નીરોગ થયો તો હું નીરોગી. અને એ દેહત્યાગનો કાળ આવે ત્યારે હું નહિ રહું, મારો નાશ થશે એવો એ અનુભવ કરે છે. એનો

નાશ થતો નથી, થઈ શકતો નથી પણ એ દેહના નાશમાં, દેહના ત્યાગમાં પોતાના નાશનો અનુભવ કરે છે અને પોતાના નાશના અનુભવમાં જેવું દુઃખ થાય, નાશના વખતે દુઃખ થાય એવા દુઃખને મરણતુલ્ય દુઃખ કહેવામાં આવે છે. મરણનું દુઃખ કહેવામાં આવે છે. એ નાશતુલ્ય, મરણતુલ્ય દુઃખ છે.

ખરેખર તો જીવનો નાશ થઈ શકતો નથી. તો એ વસ્તુઅંતર થઈ ગયો છે. દેહમાં જીવ વસ્તુઅંતર થઈ ગયો છે ખરેખર તો. દેહરૂપે જ થઈ ગયો છે. દેહ તે જ સર્વસ્વ. કોઈપણ ભોગે આ દેહ ન છૂટવો જોઈએ, એવા અભિપ્રાયમાં એ વર્તે છે. એવા પ્રયત્ન પણ કરવા લાગે છે. છતાં વસ્તુતાએ વસ્તુઅંતર નહિ થઈ શકતો હોવાથી એવા ભાવ જ કરે છે, સ્પર્શી શકતો નથી. દેહને પણ જીવ અડ્યો નથી. કાર્મણવર્ગણાને અડ્યો નથી, તૈજસવર્ગણાને અડ્યો નથી, દેહના પરમાણુને પણ જીવ અડ્યો નથી. આમ છે. સ્પર્શ જ નથી કરી શકતો. અસ્પર્શી સ્વભાવ છે. અરૂપ, અગંધ, અસ્પર્શ. આ અલિંગગ્રહણની ગાથામાં એ બોલ લીધા છે ને. અસ્પર્શ નામનો સ્વભાવ છે. 'સમયસાર'ની એ ગાથામાં છ-છ બોલ કાઢ્યા છે. ૪૯ ગાથા છે ને. અસ્પર્શમાંથી છ બોલ લીધા.

એ રીતે '**આ જીવ પોતે જ વસ્ત્વંતર થયો ત્યારે આ જીવ એવા વિકારરૂપે પોતે જ ધારારૂપે પરિણમે છે.**' ત્યારે એ દેહાત્મબુદ્ધિએ ધારારૂપે પરિણમે છે. દેહ તે હું, એવો એને વિકલ્પ કરવો પડતો નથી. એક (વાત). વળી, દેહ તે હું છું કે નથી, એવી એને શંકા પણ પડતી નથી. નિઃશંકપણે પ્રવર્તે છે અને ધારાપ્રવાહરૂપે એ પરિણમે છે. '**તે કેવો વિકાર ઊપજ્યો?**' એના એ પરિણામમાં, એના વિકારી પરિણામમાં કેવા કેવા પરિણામ થાય છે? કેવી રીતે પરને પોતારૂપ જાણે છે, એનો અહીંથી જરા વિસ્તાર લીધો છે. વિશેષ લઈશું...

તા. ૬-૬-૧૯૮૬, પાના નં. ૪૮, પ્રવચન નં. ૩૨

'આત્માવલોકન', પાનું-૪૮. નીચેનો Paragraph. '**હવે ચિત્વિકારનું વર્ણન.**' મિશ્ર ધર્મમાં જીવને મિથ્યાત્વ દશામાં અજ્ઞાન, મિથ્યાશ્રદ્ધાન, પરાચરણ અને પરપદાર્થમાં સુખરસ વગેરે અનેક ગુણો વિપરીત પરિણમે છે. ત્યારે કેવું કેવું પરિણમન થાય છે? એ બધા ગુણોના સમગ્ર પરિણામને ચિત્વિકાર કહે છે અથવા જીવ વસ્તુઅંતર થયો. એમ કહ્યું. અહીંયાં એવો શબ્દ વાપર્યો છે. જીવ વસ્તુઅંતર થયો-બીજી વસ્તુએ પરિણમ્યો, બીજા ભાવે પરિણમ્યો. Paragraphની ઉપરની લીટીમાં એ વાત છે કે '**જ્યારે આ જીવ પોતે વસ્ત્વંતર થયો ત્યારે આ જીવ એવા વિકારરૂપે પોતે જ ધારારૂપે પરિણમે છે. તે કેવો વિકાર ઊપજ્યો?**' હવે એક એક ગુણની વાત કરવી છે. એમાં પહેલાં જ્ઞાનગુણથી શરૂઆત કરે છે.

'**આ જીવનો જ્ઞાનગુણ તો અજ્ઞાનરૂપ પ્રવાહ રૂપે પરિણમ્યો.**' જે જ્ઞાન જાણવાની શક્તિ હતી એમાં વિપર્યાસ ઉત્પન્ન થયો એને અહીંયાં અજ્ઞાન કહે છે. વિપર્યાસ ઉત્પન્ન થયો એટલે ભ્રમણા ઉત્પન્ન થઈ. પરપદાર્થને જાણતાં પરપદાર્થ રૂપે તેને નહિ જાણતાં એમાં સ્વપણાનો ભાવ થયો, એવો એક ભ્રમ થાય છે. તે ભ્રમને અહીંયાં અજ્ઞાનવિકાર કહે છે. '**કેવો છે તે અજ્ઞાન વિકાર?**' જ્ઞાનનો વિપર્યાસ તે અજ્ઞાન વિકાર. '**ક્રોધ, માન, માયા, લોભ,...**' એ ચાર પ્રકારના વિકૃત પરિણામ, ચાર પ્રકારના વિભાવિક પરિણામ. એ ઉપરાંત '**ઈન્દ્રિય, મન, વચન, દેહ, ગતિ, કર્મ, નોકર્મ,...**' સંયોગિક. પૂર્વકર્મના ઉદયરૂપ સંયોગ. '**કર્મ,...**' એટલે અહીંયાં કર્મનો ઉદય લેવો. કર્મનો ઉદય, સત્તા વગેરે. '**નોકર્મ,...**' બીજા સંયોગો. મન, વચન, દેહ નોકર્મમાં આવે છે. અહીંયાં સમગ્રપણે એ સિવાયના પણ પદાર્થો લેવા. '**ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ, અન્ય જીવ...**' એવા બાકીના છ દ્રવ્યો.

પોતા સિવાયના છ દ્રવ્યો. '**એવી જેટલી કાંઈ પરવસ્તુ છે તેટલીને પોતારૂપ જાણે.**' અજ્ઞાન વિકારમાં જીવ, આ બધી પરવસ્તુ છે એને પોતારૂપ જાણે છે. એમાં ક્રોધ, માન, માયા, લોભ તો જીવના પોતાના જ વિભાવભાવ છે. છતાં એને અહીંયાં પરવસ્તુ કહી છે. એ સ્વવસ્તુ નથી, પણ પરવસ્તુ છે. કેમકે ત્યાં સ્વભાવભૂતપણું નથી. પરિણામ જીવનું હોવા છતાં સ્વાભાવિક પરિણામ નથી, સ્વભાવભૂત નથી તેથી

એ બધી પરવસ્તુ છે. જેટલી કોઈ પરવસ્તુ જ્ઞાનમાં એને જણાય છે તેમાં તેનો આધાર લેવાય છે. જાણનાર એવા જ્ઞાનનો આધાર લેવાતો નથી. જાણનારનો આધાર લેવાતો નથી, પણ જે જ્ઞેય જણાય છે તેનો આધાર લેવાય છે. એ જ્ઞેયોમાં નોકર્મ છે, કર્મ છે, છ દ્રવ્યો છે અને પોતાના વિભાવભાવ પણ છે. એ બધાને સ્વપણે જાણે છે એનો અર્થ કે એના આધારે પરિણમે છે. શાસ્ત્રમાં એને જ્ઞેયનિષ્ઠ પરિણમન કહે છે. જ્ઞેયની જેમાં નિષ્ઠા છે અને જેમાં જ્ઞાન એટલે આત્માની નિષ્ઠા નથી, એવું પરિણમન છે.

એનો ભાવ એવો છે, આ અવતરણ ચિહ્નમાં જેટલી વાત લીધી છે એવો ભાવ છે એમાં. '**આ છે તે હું જ છું**' આ છે તે જ હું છું. જે જણાય છે એ પોતામાં આવે છે એમ એને લાગે છે. એમાં એને પોતામાં જણાય છે એટલે એ ચીજ પોતામાં છે એવો એને મિથ્યા આભાસ થાય છે. '**આ છે તે જ હું છું, હું એમનો કર્તા છું,...**' એ જે તે પદાર્થો જણાય છે, ક્રોધ, માન, માયા, લોભનો કર્તા હું છું. ઈન્દ્રિય, મન, વચન, દેહના કાર્યો હું કરું છું, કેટલાક બીજા નોકર્મરૂપ સંયોગોના કાર્યો પણ હું કરું છું. એમ હું એમનો કર્તા છું એમ જાણે છે. ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ બધાં જ્ઞેય છે. પણ એમાં જ્ઞેયનિષ્ઠપણું હોવાથી અથવા એમાં જાણનારનો આધાર નહિ હોવાથી તેમાં જ્ઞાન અને જ્ઞેયનું એકત્વ થાય છે. એને શાસ્ત્રમાં જ્ઞાન-જ્ઞેયસંકર દોષ કહ્યો છે.

જીવ બે પ્રકારે દોષ કરે છે. એક ભાવ્ય-ભાવક સંકરદોષ અને એક જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ કહ્યો છે. ભાવ્ય-ભાવક સંકરદોષમાં પરપદાર્થ સાથે કર્તા-ભોક્તાપણાના પરિણામ થાય છે. અને જ્ઞેય-જ્ઞાયક સંકરદોષમાં પોતાના જ્ઞાનતત્ત્વને ચૂકીને, જ્ઞાનને ભૂલીને માત્ર જ્ઞેયના આધારે જ્ઞાન પરિણમે છે. તેમાં જ્ઞેયની સાથે એકત્વ થઈ જાય છે એવા પરિણામને અહીંયાં ટૂંકામાં એમ લીધું કે '**હું એમનો કર્તા છું, એ સર્વ મારાં કામ છે,...**' એ કાર્યો થાય છે એ મારે લઈને થાય છે. હું છું તો છે, '**હું છું તો એ છે. એ છે તો હું જ છું.**' એ છે તો હું છું, એમાં તો શું છે કે જેટલા સંયોગોની આધારબુદ્ધિ છે, આ દેહ છે ત્યાં સુધી હું છું. દેહનો નાશ થતાં મારું મરણ થશે. તો એ છે તો હું છું, એ નથી તો હું નથી. પૈસાટકા, અન્ન-પાણી છે ત્યાં સુધી હું છું. એનો આધાર ન હોય, એ ન હોય તો મારું શું થાય? એમાં એ જ ભાવ છે કે એ છે તો હું છું. એ નથી તો હું નથી. એ રીતે નોકર્મ આદિ પરપદાર્થમાં અથવા કર્મમાં નસીબ સારું હોય તો ઠીક, નસીબ અવળું ન હોય તો સારું, નસીબમાં બીજો પ્રતિકૂળતાનો ઉદય ન હોય તો સારું, અનુકૂળ નસીબ

હોય તો સારું. એ કર્મ છે. એ રીતે કર્મ, નોકર્મ અને અન્ય પદાર્થમાં કર્તાપણું અથવા એના અસ્તિત્વથી પોતાનું અસ્તિત્વ અથવા એમાં વ્યાપ્ય-વ્યાપકપણું, એમાં વ્યાપવું, વ્યાપવાનો ભાવ થવો. જણાતાં હું એમાં વ્યાપું છું અથવા એ મારામાં વ્યાપે છે. એવા ભાવે પરિણામ થાય છે.

'**એવી રીતે પરવસ્તુને તો પોતારૂપ જાણે.**' એવી રીતે પરપદાર્થનું પ્રતિબિંબ અથવા વિભાવભાવોનું જ્ઞાનમાં પ્રતિબિંબ પડે ત્યારે એને પોતારૂપે જાણે, પોતાસ્વરૂપે જાણે. અને '**પોતાને પરરૂપ જાણ્યો...**' સ્વને પરપણે જાણે છે, પરને સ્વપણે જાણે છે. એક જ ભાવમાં બન્ને પ્રકાર આવી જાય છે. એ પ્રકારે જ્ઞાન અજ્ઞાનરૂપ પરિણમે છે ત્યારે જ્ઞાનની '**લોકાલોક જાણવાની શક્તિ...**' જ્ઞાનની શક્તિ કેટલી છે? અનંત. જ્ઞાનની શક્તિ જે છે, અનંત જ્ઞાનમય શક્તિ છે એ '**શક્તિ બધી અજ્ઞાનભાવરૂપ પરિણમી.**' એ શક્તિનું જ વિપરીત પરિણમન થયું અને અજ્ઞાનભાવરૂપ એ શક્તિ પરિણમી. '**એ રીતે જીવના જ્ઞાનગુણને અજ્ઞાનવિકાર ઊપજ્યો.**' જ્યારે જીવ વસ્ત્વંતરં થયો, વસ્ત્વંતર જીવ થયો એટલે સમગ્ર જીવનું પરિણામ લીધું કે એ પોતે આખેઆખો બીજી વસ્તુરૂપે પોતાને અનુભવે છે ત્યારે એ વસ્ત્વંતર રૂપે થયો. ત્યારે જ્ઞાનનું પરિણમન આ રીતે થયું. જ્ઞાનશક્તિને લીધી. જ્ઞાનગુણ આ રીતે જેમાં લોકાલોકને જાણવાનું સામર્થ્ય છે એવો જે જ્ઞાનગુણ તે અજ્ઞાનપણે ઊપજ્યો અને અજ્ઞાનપણે ઊપજતાં એણે પરપદાર્થને સ્વપણે જાણ્યા. સ્વને પોતાને પરપણે જાણ્યો. એવી વિપરીતતા થઈ.

'**વળી એ જ પ્રમાણે જીવનો દર્શનગુણ હતો તે પણ જેટલા પરવસ્તુના ભેદ છે તેટલા ભેદને પોતારૂપ જ દેખે છે 'આ છે, તે હું જ છું, પોતાને પરરૂપ દેખે છે.**' અહીંયા દર્શનઉપોયગની વાત છે, શ્રદ્ધાનની વાત નથી. એ સમ્યક્ત્વમાં-સમ્યક્ત્વગુણમાં નીચે લેશે. '**વળી એ જ પ્રમાણે જીવનો દર્શનગુણ હતો...**' એટલે દેખવારૂપ જે ગુણ હતો '**તે પણ જેટલા પરવસ્તુના ભેદ છે...**' આ ભેદ ફરીને પુનરુક્તિ નથી કરી. ક્રોધ, માન, માયા, લોભ, ઈન્દ્રિય, મન, વચન, દેહ, ગતિ, કર્મ, નોકર્મ જેટલા જ્ઞાનનાં જ્ઞેયો લીધા એ બધા દર્શનના દશ્ય છે. જ્ઞાનમાં જે જ્ઞેય છે તે દર્શનમાં દેખાવાયોગ્ય છે. દર્શનઉપયોગમાં. જેટલા પરવસ્તુના ભેદો છે તે સર્વ પરપદાર્થને, તેટલા ભેદને પોતારૂપ જ દેખે છે. ત્યાં દર્શન પણ એને પોતારૂપે દેખે છે. જ્ઞાન પોતારૂપે જાણે છે, દર્શન પોતારૂપે દેખે છે અને એનો સામાન્ય ભાવ એવો છે કે '**આ છે તે હું જ છું**' આ છે તે જ હું છું, એવો એનો સામાન્ય ભાવ છે. એ '**પોતાને પરરૂપ દેખે છે.**' ત્યારે એ પોતાને પરરૂપ દેખે છે. અને

પરને પોતારૂપ દેખે છે. એમ બન્ને અરસપરસ એમાં પણ સામેસામો ભાવ લઈ લીધું. એને જ એકત્વ પરિણમન કહે છે.

'**લોકાલોક દેખવાની જેટલી શક્તિ હતી...**' એ દર્શનમાં આખા લોકાલોકને દેખવાની શક્તિ હતી. જુઓ! અહીંયાં પણ દર્શન પરને દેખે છે અને સ્વને પણ દેખે છે. જ્ઞાન પણ પરને જાણે છે અને સ્વને પણ જાણે છે. એમ દર્શન અને જ્ઞાન બન્ને શક્તિનું સ્વ-પરને પ્રકાશવાનું સામર્થ્ય છે. એ વાત સ્પષ્ટ કરે છે. '**લોકાલોક દેખવાની જેટલી શક્તિ હતી તેટલી સર્વશક્તિ અદર્શનરૂપ થઈ.**' જ્ઞાન અજ્ઞાનરૂપ થયું, કુંઠિત થયું. દર્શન પણ અદર્શનરૂપ થયું. લોકાલોકને નહિ જાણતાં જ્ઞાન મર્યાદિત પદાર્થને જાણે છે. દર્શન પણ લોકાલોકને નહિ દેખતાં મર્યાદિત પદાર્થોને દેખે છે. એવું જ્ઞાનમાં અને દર્શનમાં વિપર્યાસ થતાં આવરણ આવે છે. 'એ રીતે જીવનો દર્શનગુણ વિકારરૂપ પરિણમ્યો.' જ્ઞાનશક્તિ અને દર્શનશક્તિ બન્ને શક્તિનો વિકાસ પણ ઘટી ગયેલો છે. એટલે પૂર્ણ પરિણમન નથી. અપૂર્ણ પરિણમન છે અને એમાં પર સાથેનું એકત્વ થયા કરે છે. પરથી ભિન્ન હોવા છતાં પર સાથે એકત્વ થાય છે. વિભાવથી ભિન્ન હોવા છતાં વિભાવ સાથે એકત્વ થાય છે. અને એ જીવનો દોષ છે. અથવા વસ્તુસ્વરૂપ એવું નથી એવું જ્ઞાન, દર્શનના ભાવમાં પરિણમન થાય છે. એને અહીંયાં જીવવિકાર અથવા ચિત્વિકાર કહેવામાં આવે છે.

'**વળી જીવનો સમ્યક્ત્વગુણ હતો તે જીવના ભેદોમાં અજીવની ઠીકતા (તેના બરાબરપણાની શ્રદ્ધા) કરે છે,...**' જીવનો જે સમ્યક્ત્વ ગુણ હતો તે જીવના આસ્તિક્યને સ્વીકારે, જીવના અસ્તિત્વને સ્વીકારે, એમાં ઠીકપણાની શ્રદ્ધા કરે, તેના બદલે તે જીવના ભેદોમાં અજીવની ઠીકતા, તેના બરાબરપણાની શ્રદ્ધા કરે છે. એટલે પોતામાં પરપદાર્થનું અનેક ભેદે આસ્તિક્ય સ્વીકારે છે. અસંખ્ય પ્રકારના મિથ્યાત્વ કહ્યા છે એમાં સર્વ અન્યને સ્વપણે એ શ્રદ્ધે છે. શ્રદ્ધે છે એટલે પોતારૂપે સ્વીકાર થવો એને શ્રદ્ધવું કહે છે. '**અજીવના ભેદોમાં જીવની ઠીકતા (તેના બરાબરપણાની) કરે છે.**' જીવના ભેદોમાં અજીવની ઠીકતા કરે છે, અજીવના ભેદોમાં જીવની (ઠીકતા કરે છે). જીવના ભેદો એટલે જીવનું પરિણમન. જીવના જે પરિણામો છે એમાં અજીવને એકત્વ કરે છે. અજીવના જે અનેક ભેદો છે એમાં જીવપણાની શ્રદ્ધા કરે છે.

ખાસ કરીને આસ્તિક્ય છે એમાં આધાર લેવાનું બને છે. અસ્તિ એટલે શ્રદ્ધા. સર્વસ્વપણે એનો આધાર થવો. સ્વનો આધાર ચૂકીને, પોતાની શાશ્વત હયાતીને ભૂલીને પરપદાર્થની હયાતીમાં પોતાની હયાતી સ્વીકારવી એવું મિથ્યાશ્રદ્ધાનનું કાર્ય છે. મિથ્યાશ્રદ્ધાન એ પ્રકારે પરિણમે છે.

'**(તે જીવના ભેદને અજીવ માને છે, અજીવના ભેદને જીવ માને છે)...**' ત્યાં એમ લેવું. છાપવામાં અજીવ રહી ગયું. અજીવના ભેદને જીવ માને છે. જીવના ભેદને અજીવ માને છે, અજીવના ભેદને જીવ માને છે. '**ચેતનને અચેતન,...**' માને છે. એટલે પોતાને દેહસ્વરૂપે માને છે. '**વિભાવને સુ(સ્વ)ભાવ,...**' માને છે. વિભાવને જ સ્વભાવ માને છે. રાગ તે હું એવી જે રાગની શ્રદ્ધા, રાગમાં પોતાના હોવાપણાની શ્રદ્ધા એ વિભાવને સ્વભાવ માને છે. અથવા જે જીવ કોઈપણ પ્રકારના રાગથી આત્મલાભ માને છે, કોઈપણ પ્રકારના શુભરાગ પ્રશસ્ત રાગમાં પણ ધર્મ માને છે, લાભ માને છે અથવા ધર્મ માને છે તેણે પણ વિભાવને સ્વભાવ માન્યો છે. અને વિભાવને પોતાનો સ્વભાવ એટલે સ્વસ્વરૂપ માન્યું હોવાથી તે વિભાવમાં એટલે તે તે પ્રકારના રાગમાં આગળ વધવા માંગે છે. આ એની પરિસ્થિતિ થાય છે. એને શું ભાવના રહે છે? કે આવા ભાવથી મને લાભ છે તો એ ભાવ હું વધુ ને વધુ કરું. જે વિભાવભાવથી એણે ધર્મ માન્યો, જે વિભાવભાવથી એણે લાભ માન્યો તે જ વિભાવભાવમાં હું વધુમાં વધુ રહું, એમ એને ભાવ એટલા માટે રહે છે કે એણે એને ત્યાં સ્વભાવ માની લીધો છે. સ્વ માન્યો એમ કહો કે સ્વભાવ એમ માન્યું એમ કહો, બન્ને એક થયું.

ખાસ કરીને ધર્મના ક્ષેત્રમાં આ ભૂલ થાય છે કે વિભાવને સ્વભાવ માનવામાં આવે છે. કોઈ સ્થૂળ વિભાવોને સ્વભાવ માને છે અને કોઈ સૂક્ષ્મ વિકલ્પને પણ ઠીક માનીને ભૂલથી વિભાવને જ સ્વભાવ માની રહ્યા છે. એટલે કોઈ ચિંતવનમાં, કોઈ મનનમાં, કોઈ ઘોલનમાં કોઈ ને કોઈ પ્રકારના સ્થૂળ, સૂક્ષ્મ વિકલ્પોમાં આગળ વધવામાં માગે છે. શાસ્ત્રજ્ઞાનથી લાભ માને તો શાસ્ત્રજ્ઞાનમાં જેટલા વિકલ્પ થાય એમાં આગળ વધવા માગે. વધુમાં વધુ એ કાર્ય કરું, વધુમાં વધુ એ પરિણામ કરું. એમ એને વિકલ્પમાં કોઈ ને કોઈ પ્રકારના રાગમાં પોતાપણાની માન્યતા એ વિભાવમાં સ્વભાવની માન્યતા છે. અને આ ભૂલ ધર્મના ક્ષેત્રમાં જ્યાં જીવ ધર્મ કરવા જાય છે ત્યાં આવી કોઈ ને કોઈ પ્રકારે ભૂલ કરી બેસે છે.

પૂજ્ય 'ગુરુદેવે' એ વિષય ઉપર બહુ પ્રકાશ પાડ્યો કે ક્યાંય પણ તું ભૂલથી આ જે અનાદિથી આવી ભૂલ કરી રહ્યો છે એ ભૂલ તો તું કરતો જ નહિ. એ વિષયને યથાર્થ રીતે ન સમજનારને એવું લાગ્યું કે જે સદાચરણ અને પ્રશસ્ત આચરણ છે એને આ લોકો ઊડાવે છે એ બરાબર કરતા નથી. એમ કરવાથી તો જીવ પાછો અશુભ ચાલ્યો જશે. ભાઈ! જેને શુભમાં પણ રહેવા માટે નિષેધ કરવામાં આવે છે, એને અશુભમાં રાખવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. અને એ રીતે શુભનો

નિષેધ કર્યા વિના અનાદિથી શુભમાં થાણા થાપીને બેઠો છે, વિકલ્પમાત્રમાં પોતાનું સ્થાન જમાવીને બેઠો છે ત્યાંથી ઊઠીને એ શુદ્ધતામાં કઈ રીતે આવશે?

દ્રવ્યદૃષ્ટિ અને નિશ્ચયનયનો વિષયભૂત પદાર્થ એનો આધાર અને એમાં એકત્વ કરવા માટે, એમાં સર્વસ્વ લાવવા માટે એણે જ્યાં સર્વસ્વપણું અન્ય સ્થાનમાં કર્યું છે, અન્ય ભાવમાં કર્યું છે, અન્ય દ્રવ્યમાં કર્યું છે એ એણે ઉથાપવું જ પડે છે. આખેઆખું ઉથાપવું પડે છે. દૃષ્ટિનો વિષય અડધો નથી કાંઈ. આખેઆખી દૃષ્ટિ ત્યાં પડી છે એ આખી ફેરવીને બીજે સ્વમાં લઈ જવી છે. ત્યારે એને તો એ વિષયનો નિષેધ આવ્યા વિના રહી શકે નહિ.

મુમુક્ષુ :- શુદ્ધાત્મા પ્રત્યે પોતાનું મન ન ચાલતું હોય ત્યાં સુધી..

પૂજ્ય ભાઈશ્રી :- એની અંદર પ્રશ્ન શું ગર્ભિત છે? કે જીવ શુભપ્રવૃત્તિ પોતાની ઈચ્છા મુજબ કરી શકે છે. પોતાની ઈચ્છા મુજબ અશુભપ્રવૃત્તિ કરતો નથી. એ વાત પણ સમજણ વગરની છે. જ્યાં સુધી શુદ્ધતા ઉત્પન્ન થતી નથી ત્યાં સુધી શુભાશુભ પરિણામ થાય જ છે. ન તો કોઈને એકલા શુભ પરિણામ હોઈ શકે કે થઈ શકે, ન તો કોઈને એકલા અશુભ પરિણામ થાય. કષાયનો સ્વભાવ જ એવો છે કે એમાં તીવ્ર-મંદ, તીવ્ર-મંદ, તીવ્ર-મંદ પરિણમન થયા જ કરે. એ કષાયનો સ્વભાવ છે. એટલે હું જો શુભનો નિષેધ કરીશ તો મને અશુભ થઈ જશે એમ નથી. અહીંયાં તો શુભના નિષેધરૂપ વિકલ્પ એ પણ એક ઉચ્ચ કોટિનો શુભ પરિણામ છે, વિકલ્પ છે તે. સાક્ષાત્ જે શુભના નિષેધરૂપ પ્રયત્ન થઈને જે શુદ્ધતામાં આવવું થાય છે એ જુદી વાત છે. પણ વિકલ્પાત્મકપણે શુભનો નિષેધ છે તે અહીંયાં અશુભભાવરૂપ નથી, પણ એ પણ એક ઉચ્ચ કોટિનો શુભભાવ છે. એટલે શુભ છૂટી ગયું એ વાત ક્યાં રહી?

પરંતુ અનાદિથી જીવને શુભની રુચિ છે. શુભ નહિ છૂટે. હજી શુદ્ધતામાં આવીશ તોય શુભ નહિ છૂટે. હજી શુભ ચાલુ રહેશે. અને નીચેના ગુણસ્થાનમાં તો થોડું અશુભ પણ ચાલુ રહેશે. પણ પહેલામાં પહેલા શુભની રુચિ છોડાવવાની જરૂર છે. એના માટે એ વાત કરે છે. લોકો ઊંધું સમજે છે કે આ શુભને છોડાવવાની વાત કરે છે. સીધો શુભને છોડાવવાનો અહીંયાં કોઈ આદેશ કે ઉપદેશ છે જ નહિ. પ્રથમમાં પ્રથમ જીવને શુભની રુચિ છે એ મિથ્યારુચિ છે એ મિથ્યાશ્રદ્ધાનને મજબૂત કરનાર ભાવ છે, એ એને છોડાવે છે. શુભની રુચિનો અભાવ થાય, ત્યાગ થાય પછી ક્રમશઃ શુભનો અભાવ થાય છે, શુભભાવને ક્રમે ક્રમે અભાવ થાય છે. એમ બને છે.

પ્રયોગાત્મક રીતે એમ વિચારી લેવું જોઈએ, પોતાને શુભ પરિણામ થાય ત્યારે,

ચાલતા પરિણમનમાં પ્રયોગને સમજવો હોય તો જ્યારે જ્યારે શુભભાવ થાય અને કષાયની મંદતા થાય ત્યારે એમાં ઠીકપણું લાગે છે? અથવા મેં આ ઠીક કર્યું એમ લાગે છે? ત્યાં સમજવું કે શુભની રુચિ બરાબર કામ કરી રહી છે. આમાં જ્યાં સુધી ફેર નહિ પડે, શુભભાવ થતાં મને બહુ સારો ભાવ થયો, ઠીક ભાવ થયો, આવો ભાવ હું કર્યા કરું, આ ભાવ હું કરું એમ જ્યાં સુધી સ્થૂળ-સૂક્ષ્મપણે અથવા અભિપ્રાયમાં રહે, વિકલ્પ સ્થૂળ ન થાય અને અભિપ્રાય એવો રહી જાય, ત્યાં સુધી શુભની રુચિ મટતી નથી, ત્યાં સુધી મિથ્યાત્વ છૂટતું નથી. એ વિભાવને જ સ્વભાવ માને છે. અને એ જ દિશામાં એ આગળ વધવાનો પ્રયત્નવાન રહે છે. એને એ ઊલટો-ઊંધો પ્રયત્ન છૂટીને સન્મુખનો પ્રયત્ન-અંતર્મુખનો પ્રયત્ન એને થતો નથી, થઈ શકતો નથી.

એ વિભાવને સ્વભાવ, '**દ્રવ્યને અદ્રવ્ય,...**' માને છે. સ્વદ્રવ્યને અદ્રવ્ય માને છે. '**ગુણને અવગુણ,...**' માને છે. ગુણને દોષ માને છે. ગુણને અવગુણ માને છે એટલે ગુણને દોષ માને છે. વિપરીત માન્યતામાં એવા કુતર્કો થઈ જાય છે કે ગુણને પણ દોષ કલ્પવા લાગે છે. એ ગુણ નથી, એ તો દોષ છે. આવી રીતે સમ્યગ્દૃષ્ટિ પરિણમે તો આ એનો ગુણ નથી, પણ દોષ છે. મુનિ આમ પરિણમે તો ગુણ નથી પણ દોષ છે. એમ કેટલાક ગુણને પણ એ દોષ માનવા લાગે છે અને દોષને ગુણ માનવા લાગે છે. '**ગુણને અવગુણ, જ્ઞાનને જ્ઞેય, જ્ઞેયને જ્ઞાન,...**' માને છે. જ્ઞાન જ્ઞેયનું જે એકત્વ થાય છે એમાં જ્ઞેયને જ્ઞાનપણે માનવાનું થાય છે, જ્ઞાનને જ્ઞેયપણે સ્વીકારવાનું થઈ આવે છે. એટલું બધું એકત્વ થાય છે કે બે વચ્ચે ભેદ રહેતો નથી. આ જ્ઞાન અને આ જ્ઞેય, એવો ભેદ રહેતો નથી. આ તો જ્ઞાની સમજાવે છે કે જ્ઞાનને જ્ઞેય માને છે, જ્ઞેયને જ્ઞાન માને છે. પોતે તો જ્ઞાનતત્ત્વને સર્વથા ચૂકી જતો હોવાથી એને સર્વસ્વપણે, જ્ઞેય જ સર્વસ્વપણે થઈ જાય છે. એને જ્ઞાન જ્ઞેયનો ભેદ રહેતો નથી.

'**એ રીતે સ્વને પર, પરને સ્વ એ રૂપે અન્ય સર્વની વિપરીત જ ઠીકતા-આસ્તિક્ય કરે છે.**' ઠીકતાનો અર્થ જ એ છે. આસ્તિક્ય કરે છે, શ્રદ્ધા કરે છે. સ્વને પરપણે અને પરને સ્વરૂપે. એમ સર્વ જગ્યાએ સર્વ પરિણમનમાં પૂરેપૂરા પરિણમનમાં ક્યાંય પણ એક સમય પણ બીજી રીતે અવિપરીત પરિણમતો નથી. વિપરીત ધારાવાહીપણે પરિણમ્યા કરે છે. એ પરપરિણામધારાનો પ્રવાહ ચાલે છે. પ્રવાહરૂપે પરિણમે છે. એક સમયના આંતરા વિના. '**એ રીતે જીવનો સમ્યક્ત્વગુણ મિથ્યાત્વરૂપ થઈને વિકારરૂપે પરિણમ્યો.**' એ રીતે સમ્યક્ત્વગુણનું પરિણમન પણ

વિપરીત પરિણમવા લાગ્યું. ચિત્વિકારમાં ભિન્ન ભિન્ન ગુણોની વાત કરવી છે એમાં આ સમ્યક્ત્વની વાત લીધી.

મિથ્યાત્વનું પરિણમન જે ઊલટું પરિણમન છે એ પણ પ્રાયઃ જીવને સમજાતું નથી કે આ કેવી રીતે મિથ્યાત્વનું પરિણમન થઈ રહ્યું છે? જો એ એને સમજવાની કોશિષ કરે તો વિપરીતમાંથી અવિપરીતપણું શું છે એ પણ એને સમજવું પડે છે. બન્ને પડખાંને સમજવાના રહે છે. અને તો એ મિથ્યાત્વરસને મંદ કરીને, એનો અભાવ કરીને સમ્યક્ત્વમાં આવી શકે. પણ સમજણના કાળમાં મુખ્ય જ્ઞાનથી ચાલે છે. કેમકે મિથ્યાત્વનો-સમ્યક્ત્વનો વિષય જરા સૂક્ષ્મ પડે છે. અને જ્ઞાનનો વિષય એવો છે કે એને બુદ્ધિગમ્ય થાય છે. એની વિપરીતતા-અવિપરીતતા પણ બુદ્ધિગમ્ય થાય છે અને સમજણ કરનાર પણ જ્ઞાન છે, સ્વભાવઅંશ પણ ત્યાં ખુલ્લો છે, લક્ષણ પણ ત્યાં છે, સ્વભાવ પણ ત્યાં છે, સ્વરૂપ પણ ત્યાં છે. બીજા ગુણોની વિપરીત-અવિપરીતતાની સમજ પણ જ્ઞાનમાં છે. એ બધો પ્રકાર હોવાથી આ માર્ગમાં આવવા માટે જ્ઞાનની મુખ્યતાથી ચાલવાનું રહે છે.

'**વળી જીવનો જે સ્વઆચરણગુણ હતો તે, જેટલી એક કાંઈ પરવસ્તુ છે, તે પરમાં સ્વ-આચરણ કર્યા કરે છે, પરમાં જ વર્ત્યા કરે છે, પરને જ ગ્રહ્યા કરે, પોતાના ચારિત્રગુણની સર્વશક્તિ પરમાં જ લાગી રહી છે.**' હવે આચરણ લીધું છે. જીવનો સ્વરૂપમાં સ્થિર થવાનો, સ્વરૂપમાં રમવાનો જે ગુણ છે એને ચારિત્રગુણ અથવા સ્વ-આચરણગુણ કહે છે. ચારિત્રગુણનું નામ એવી રીતે લીધું-સ્વઆચરણગુણ. એનો સ્વભાવ સ્વરૂપમાં આચરણ કરવાનો છે. ચારિત્રનો સ્વભાવ રાગ કરવાનો નથી. સામાન્ય રીતે બુદ્ધિપૂર્વકના રાગ જે મનથી સમજી શકાય છે, બુદ્ધિગોચર થાય છે તે બધું ચારિત્રગુણનું પરિણામ છે. પણ એ ચારિત્રગુણનું વિપરીત પરિણામ છે. ચારિત્રગુણ પોતે તો સ્વઆચરણ ગુણ છે. પોતામાં આચરવું, પોતામાં ચરવું, પોતામાં સ્થિર થવું, પોતામાં જામી જવું એવો એનામાં ગુણ છે. એટલે એને ચારિત્રગુણના બદલે સ્વઆચરણ ગુણ કહેવામાં આવે છે. સ્વરૂપાચરણનો ગુણ છે.

તે ગુણ જ્યારે વિકૃતરૂપે પરિણમે છે ત્યારે જેટલી કોઈ પરવસ્તુ છે, જેટલી એક કાંઈ એટલે જે કોઈ પરવસ્તુ છે તે સર્વ પરવસ્તુમાં સ્વઆચરણ કર્યા કરે છે. એમાં મારાપણાનો રાગ કરે છે. દેહમાં કરે છે અને એ સિવાયના જેટલા કોઈ પૂર્વકર્મના નિમિત્તે સંયોગો છે એ બધામાં સ્વપણાનો ભાવ કરે છે. અને એમાં ને એમાં એના પરિણામ રમ્યા કરે છે. પરપદાર્થમાં જ એના પરિણામ રમ્યા કરે છે. એક સમય પણ એના પરિણામ સ્વરૂપમાં આચરણરૂપે આવતા નથી. એકલું ધારાવાહી પરાચરણ

પરિણામ ચાલ્યા જ કરે છે. એને પરવિશ્રામધારા કહેવામાં આવે છે. પરવિશ્રામધારા. વિશ્રામ તો ત્યાં નથી, પણ સ્થિરતા જોઈને, પરમાં સ્થિરતા જોઈને એને પરવિશ્રામધારા કહેવામાં આવે છે. ત્યાં તો ઘણું દુઃખ છે. પણ છતાં સ્થિરતા જોઈને એને પરવિશ્રામધારા કહેવામાં આવે છે.

'**તે પરમાં સ્વ-આચરણ કર્યા કરે છે, પરમાં જ વર્ત્યા કરે,...**' એ સ્વ બાજુ જરાપણ પરિણામ આવતું નથી. પરમાં જ વર્ત્યા કરે છે. '**પરને જ ગ્રહ્યા કરે,...**' પરને જ વેદયા કરે છે. એ '**ચારિત્રગુણની સર્વશક્તિ પરમાં જ લાગી રહી છે.**' ચારિત્રગુણ પણ પરપદાર્થને આશ્રયે રાગ, દ્વેષ, મોહ આદિ અનેક પ્રકારના રતિ, અરતિ વગેરે અનેકવિધ પ્રકારના પરાચરણના પરિણામરૂપે પરિણમી રહ્યો છે. '**એ રીતે જીવનો સ્વચારિત્રગુણ વિકારરૂપ થઈને પરિણમે છે.**'

'**વળી, આ જીવનો સર્વસ્વરૂપ પરિણમવાના બળરૂપ સર્વવીર્યગુણ હતો તે પણ સર્વવીર્યશક્તિ ઘણી નિર્બળરૂપ થઈ પરિણમી.**' (વીર્યગુણનો) એ સ્વભાવ છે કે પોતાના સ્વભાવ અનુસાર પર્યાયની રચના કરે. એવું એનું સ્વભાવરૂપ કાર્ય છે. એ સર્વસ્વરૂપ પરિણમવું, જીવના સર્વસ્વરૂપ પરિણમન છે. પોતાના સ્વભાવ સર્વસ્વરૂપે પરિણમવું એ જીવનું વીર્યગુણનું કાર્ય હતું. તે પણ નિર્બળ થઈને, નિર્બળ થઈને એટલે શું છે કે વીર્યગુણ તો કામ કરે છે પણ ઊલટું કામ કરે છે. '**ઘણી નિર્બળરૂપ થઈ...**' પોતાનું સ્વકાર્ય કરવામાં અત્યંત નિર્બળ થઈ ગયો. સ્વરૂપરચના કરવામાં, શુદ્ધ પર્યાય રચવામાં એ અત્યંત નિર્બળ થઈ ગયો.

સામાન્ય રીતે જીવ શુભાશુભ પરિણમનમાં પરિણમ્યા કરે છે અને એની વીર્યશક્તિ અથવા એમાં જ એના પરિણમનની શક્તિ કામ કર્યા કરે છે. એ પરિણમન મટીને શુદ્ધતાના પરિણમનમાં આવવું એવું પોતાનું કાર્ય પોતે કરી શકતો નથી એ પોતાનું હિનવીર્યપણું છે, એ પોતાનું નિર્બળપણું છે. સામાન્ય રીતે વાત સમજાય છે તો કેમ કહે છે કે વાત સમજાય છે પણ પુરુષાર્થ ઉત્પન્ન થતો નથી, પુરુષાર્થ કામ કરતો નથી, હજી પુરુષાર્થ આવતો નથી. પુરુષાર્થનું જે કાર્ય જોઈએ એ થતું નથી. એનો અર્થ શું? કે પોતે જે પરપદાર્થમાં પુરુષાર્થને જોડે છે, રાગમાં પુરુષાર્થને જોડે છે એ જ પોતાના પુરુષાર્થનું નબળું પરિણમન છે, હિણું પરિણમન છે. એમ કહેવું છે. પરિણમન તો, ગુણ પરિણમ્યા વિનાનો નથી, પણ એનું એ હિણું પરિણમન છે. હિણું પણ છે અને વિપરીત પણ છે. વિપરીત હોય ત્યાં હિણું હોય ને હોય જ. જ્યાં વિપરીત પરિણમે છે ત્યારે હિણું પરિણમન છે તે નિર્બળરૂપ થઈને પરિણમ્યું.

મુમુક્ષુ :- સ્વભાવમાં પરિણમવામાં નિર્બળતા આવી.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્બળતા આવી ગઈ. એટલે જે અંતર્મુખ વેગ ઉત્પન્ન થવો જોઈએ, અંતર્મુખ પરિણમનમાં જે વેગથી અંતર્મુખનું પરિણમન આવવું જોઈએ એ પ્રકાર ઉત્પન્ન થતો નથી. એને અહીંયાં નિર્બળ પરિણમન કહે છે. પરમાં તો ઘણો એનો વેગ છે. ગુસ્સો કરવો હોય તો વેગથી કરે છે, બીજા પણ અનેક જ્યાં જ્યાં એને રસ પડે છે તે સર્વ એના પોતાના રસના પરિણામ છે ત્યાં એ વેગથી પરિણમે છે, જોરથી પરિણમે છે, ઉત્સાહથી પરિણમે છે. કોઈવાર શુભકાર્યોમાં તો કોઈવાર અશુભ પ્રસંગોમાં પણ ઉત્સાહથી પરિણમે છે, તીવ્રતાથી પરિણમે છે. ત્યારે એને વેગ તો ઘણો ઉત્પન્ન થાય છે. પણ એ વિપરીત છે એટલે અહીંયાં એને અવિપરીત અપેક્ષાએ એને નિર્બળ પરિણમન કહેવામાં આવે છે. એ એનું નબળાઈનું પરિણમન છે.

મુમુક્ષુ :- છઠ્ઠા ગુણસ્થાન સુધી ચિત્વિકાર થાય ખરો?

પૂજ્ય ભાઈશ્રી :- આંશિક થાય છે.

મુમુક્ષુ :- વિપરીતતા ન હોય પણ...

પૂજ્ય ભાઈશ્રી :- વિપરીતતા ન હોય પણ ચોથા ગુણસ્થાને.. એ તો જ્યાં સુધી અનંતવીર્ય તેરમા ગુણસ્થાને પ્રગટતું નથી ત્યાં સુધી પુરુષાર્થગુણમાં પણ કેટલીક નિર્બળતા રહે છે. પુરુષાર્થના પરિણમનમાં પણ કેટલીક નિર્બળતા હોય છે. પણ ચોથા ગુણસ્થાનથી ઉપર ઉપરના ગુણસ્થાને એ નિર્બળતા ઘટતી જાય છે. અને ચોથા ગુણસ્થાન પહેલાં, પહેલા ગુણસ્થાનમાં તો પૂરી વિપરીતતા હોવાથી એ પૂરેપૂરો નિર્બળ છે. એટલો બધો નિર્બળ છે કે જેમ કોઈ ઘણી માંદગીમાંથી ઊભો જ ન થતો હોય એને એમ કહેવાય કે નબળાઈ કેટલી? કે એકલી નબળાઈ જ છે, બીજું કાંઈ નથી અહીંયાં. બોલવું? તો કહે, બોલી શકાતું નથી. બેસવું? તો બેસી શકાતું નથી. એવી જેમ નબળાઈ છે એવી મિથ્યાત્વની અવસ્થામાં જીવની નબળાઈ છે કે જાણે એ સ્વ અંગેનું કાર્ય કરવામાં તદ્દન અશક્ત થઈ જાય છે, એકદમ અશક્ત થઈ જાય છે.

પહેલામાં પહેલો એ જ્યારે પોતાના સ્વભાવનો યથાર્થ નિર્ણય કરે છે અને એને પોતાના અનંત સામર્થ્યનો ભાવ પ્રતિભાસે છે ત્યારે એને ચૈતન્યવીર્યની પહેલીવહેલી સ્ફુરણા આવે છે. અરે..! હું કોઈ સિદ્ધ સમાન મહાન પદાર્થ છું, મહાન તત્ત્વ છું. ત્રણલોકનો નાથ હું જ છું. એમ એને પહેલોવહેલો પોતાનો ભાવ ભાસે છે ત્યારે એની દિશા બદલાય છે. એના પુરુષાર્થના પરિણમનની દિશા પહેલીવહેલી બદલાય છે અને કોઈ નવી શક્તિનો સંચાર થતો હોય એવું એના પરિણમનમાં શરૂઆત થાય છે. ત્યારથી એને પોતાના સ્વરૂપઆશ્રિત પોતાનું બળ વીર્ય કામ કરે, પુરુષાર્થ કામ કરે, વેગ-આવેગ કામ કરે, સંવેગ પોતાનો ઊભો થાય છે અને સમ્યક્ત્વ સુધી પહોંચે

એવું એનું એક જ્ઞાનબળ ઉત્પન્ન થાય છે. જાણવાની સાથે ઉત્પન્ન થતું હોવાથી એને જ્ઞાનબળ કહેવામાં આવ્યું છે. છે ને આમાં? 'પરમાગમસાર'માં એક બોલ એવો આવ્યો છે. ૨૧૦ છે.

'**પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ.**' મુમુક્ષુની ભૂમિકામાં એને લક્ષમાં આવે, એની રુચિમાં આવે. શું? સ્વભાવતત્ત્વ. આ એટલે આ સ્વભાવતત્ત્વ. આ આત્મતત્ત્વ એના જ્ઞાનમાં ભાસે, એની રુચિંમાં રુચે, એના લક્ષમાં એનું લક્ષ બંધાય કે આ જ હું છું, એવું લક્ષ બંધાય એવું એને વિચારદશામાં અને પ્રતીતસહિત થાય એટલે એની શ્રદ્ધા કહી છે. ત્યાં હજી સમ્યક્ શ્રદ્ધા નથી. એ તો લેશે. સમ્યગ્દર્શનનો આ ઉપાય છે, એમ કહેવું છે એટલે હજી સમ્યક્ શ્રદ્ધા નથી. એમ આવવું જોઈએ. '**તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફુરણા ચાલ્યા કરે,...**' તો એના પુરુષાર્થગુણના પરિણમનમાં દિશાંતર થઈને સ્વભાવ સન્મુખની સ્ફુરણા ચાલ્યા કરે.

'**આ સમ્યક્ પહેલાંની વાત છે, આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે,...**' સમ્યગ્દર્શન પ્રાપ્તિનો, સમ્યગ્દર્શન ઉત્પન્ન થવાનો ઉપાય છે અને '**બીજો કોઈ ઉપાય જ નથી.**' આ ૨૧૦ બોલમાં પુરુષાર્થગુણના પરિણમનની મુખ્યતાથી વાત લીધી છે. પણ ક્યારે એ પુરુષાર્થગુણની શરૂઆત થાય છે? કે એના લક્ષમાં, એની રુચિમાં, એના જ્ઞાનમાં, એના વિશ્વાસમાં સ્વતત્ત્વ આવ્યું હોય તો. નહિતર નહિ. એ વિશ્વાસ ક્યારે આવે? કે એને ભાવ ભાસે ત્યારે. જ્ઞાનના આધારે, જ્ઞાનલક્ષણના આધારે જ્ઞાનસ્વભાવનું લક્ષ થાય, લક્ષણથી લક્ષ થાય ત્યારે એને એના પ્રતીતમાં પણ આવે કે બરાબર આવો જ હું છું. આવો જ છું, એવું જે જોર એને અહીંયાં પ્રતીત કહી દીધી છે, શ્રદ્ધા કહી દીધી છે. પણ એ સમ્યક્ત્વ પામવા પહેલાંની વાત છે. અને ગુણની રુચિ છે એટલે અનંત ગુણના નિધાનને જોઈને અનન્ય રુચિ ઉત્પન્ન થઈ જાય છે એને અહીંયાં રુચિ કહી છે. અને રુચિ અનુયાયી વીર્ય તો આપોઆપ જ ઉત્પન્ન થાય છે. એને અહીંયાં સ્વભાવસન્મુખની સ્ફુરણા, ચૈતન્યવીર્યની સ્ફુરણા કહી છે.

મુમુક્ષુ :- સ્ફુરણા એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્ફુરણા એટલે સ્ફુરન થવું. આપણે નથી કહેતા? કોઈ વાત ઓચિંતી યાદ આવે તો કહીએ કે આ વાતની સ્ફુરણા થઈ ગઈ. એમ અનાદિનું જે પુરુષાર્થનું વેગનું પરિણમન ઊંધું હતું ત્યારે એમાં અચેતનતા જેવી પરિસ્થિતિ હતી, જડ જેવી પરિણમનની સ્થિતિ હતી. હવે સ્વભાવને લક્ષમાં લઈને જ્યાં પુરુષાર્થનો આવેગ ઉત્પન્ન થાય ત્યારે એમાં જાણે કોઈ નવી ચેતના આવતી હોય એને ચૈતન્યની

સ્ફુરણા કહેવામાં આવે છે. જેમ કોઈ અશક્તિમાંથી શક્તિ આવે. શક્તિનો સંચાર થાય ત્યારે એને એમ લાગે કે નહિ, મને કાંઈક હવે સ્ફુર્તિ આવે છે, સ્ફુર્તિ લાગે છે એમ કહે છે. સ્ફુરણા ઉપરથી જ સ્ફુર્તિ શબ્દ આવ્યો છે. સ્ફુરણાની ચાલુ ક્રિયાને સ્ફુર્તિ કહે છે. એમ અહીંયાં ચૈતન્યની સ્ફુર્તિ આવે છે. હજી તો સમ્યક્ત્વ હવે થશે, તોય પહેલથી સ્ફુર્તિ આવી જાય છે. એને સમ્યક્ સન્મુખ દશા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- સ્ફુર્તિને બદલે વિકાસ શબ્દ વાપરવો હોય તો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઠીક છે. દિશા બદલે છે.

મુમુક્ષુ :- અંકુર ફૂટે એવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંકુર કહેવામાં આવે છે. એ તો જુદી જુદી ઉપમા આપવામાં આવે છે. શરૂઆત થાય એને અંકુર કહે છે.

એ સ્વરૂપ પરિણમનનું બળ અટકી ગયું. વિપરીતતામાં તો એવું સ્વરૂપ પરિણમનનું બળ બિલકુલ બંધ થઈ ગયું એમ કહે છે. અંતર્મુખની દિશાનું બળ બંધ થઈને એ બહારની દિશામાં બળ કાર્ય કરવા લાગ્યું. અને પરમાં પરિણમતા એ નિર્બળ થઈને પરિણમ્યો. અશક્ત થઈને પરિણમ્યો. જુઓ! કેવી માનસિક અશક્તિ આવે છે એ બધી આમાંથી આવે છે. પોતે ને પોતે પરમાં સ્વપણાની કલ્પનાએ ચડે છે ત્યારે પરિણમન નિર્બળ.. નિર્બળ.. નિર્બળ થતું જાય છે. પછી અનેક પ્રકારના ભયના પરિણામ થતા જાય છે. પછી અન્ય દેવમાં માન્યતાઓ કરવા લાગી જાય છે અથવા અનેક પ્રકારના તંત્ર, મંત્ર, જ્યોતિષ આદિનો આશ્રય લ્યે છે. એવા જેટલા કોઈ બધા પ્રકાર છે એ બધી મનની નિર્બળતાને સૂચવે છે. કોઈને ખાવા-પીવાના વ્યસન થઈ જાય છે. એ પણ મનની નિર્બળતાના સૂચક છે. મનની કહો કે પરિણામની નિર્બળતાના સૂચક છે. જ્યારે પરિણામ બહુ નબળા થાય છે ત્યારે એના અનેક જુદાં જુદાં લક્ષણો ઉત્પન્ન થાય છે. તો અન્ય દેવોને સ્વીકારે છે શા માટે? કે એ કાંઈક મારો ભય ટાળશે. મને સુરક્ષિત રાખશે. એ રીતે એની નિર્બળતા આવે છે.

જ્યોતિષમાં પણ એને એમ છે કે મારું ભવિષ્ય કાંઈક સરખું થાય એવું હું કરું. એકલું જાણવું નથી પણ એમાં ફેરફાર કરવાની બુદ્ધિ પણ એની થઈ જાય છે. એ પણ મનની નિર્બળતાથી થાય છે. એવી રીતે કોઈ તંત્ર, મંત્ર, દોરા ધાગા અનેક પ્રકાર ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચાલીને વિચારમાં થાકી જાય એટલે અનેક પ્રકારના વ્યસને ચડી જાય છે. હું આમ કરું ત્યારે મને કાંઈક ઠીક રહે છે. આ જે તમાકૂ ને બીડી ને ચા ને આ ને તે જેટલા Toxication થાય એવા પદાર્થો છે એ વધારે નબળાઈમાં જવાના બધા જ ઉપાય છે. જેટલું મન નબળું થાય એ એવા ઉપાય

કરે કે એના પરિણામ વધારે ને વધારે નબળા થતા જાય. મનુષ્યગતિમાં આવીને આત્માના પુરુષાર્થને કેવળવવાને બદલે જીવ નબળો નબળો થતો પછી હિનગતિમાં ચાલ્યો જાય છે, નીચી ગતિમાં ચાલ્યો જાય છે. એ રીતે ઉત્તરોત્તર એના પરિણામ નબળા થતા જાય છે.

એટલે તો સમ્યગ્દૃષ્ટિને સપ્ત વ્યસન નથી એમ લીધું છે કે નહિ? એનું પરિણમન એવું નબળું ન હોય. વ્યસન પોતે પરિણામની નબળાઈને સૂચવે છે. સમ્યગ્દૃષ્ટિને તો કોઈ વ્યસન હોતું નથી. એને બંધન ન હોય. વ્યસન તો પરિણામમાં બંધન છે. તો જે મુક્તિના રસ્તે ચડ્યો અને મુક્તિના રસે ચડ્યો, મુક્તરસ જેને ઉત્પન્ન થયો છે, મુક્તરસ ઉત્પન્ન થયો છે એ તો મુક્તભાવની મસ્તીમાં ચડેલો જીવ છે. એને વળી બંધન હોય એ પ્રશ્ન રહેતો નથી. પરિપૂર્ણ પોતાનું મુક્ત સ્વરૂપ જેને સ્વાનુભવમાં-અનુભૂતિમાં અનુભવગોચર થાય છે, એને કોઈ બંધનનો પ્રકાર પરિણામમાં પણ રહી શકે નહિ. બંધનમાં ન આવે. નબળાઈથી ભાવ થાય એનો નિષેધ આવે. એનો પણ આદર આવે કે અનુમોદન આવે એમ નહિ, એનો નિષેધ આવે. બંધનનો તો પ્રશ્ન જ રહેતો નથી. આના વગર મારે નહિ ચાલે એવો એને અભિપ્રાય અને વિચારણા તો મુમુક્ષુતામાં જ એણે ખલાસ કરી છે. પેલું તો સમ્યગ્દર્શનમાં તો પરિણમન આવી ગયું. પણ મુમુક્ષુતામાં જ એણે એ વિષયને એણે વિચારીને સારી રીતે વિચારીને એ અભિપ્રાય ખલાસ કરેલ છે. કોઈના વિના ન ચાલે એ પ્રશ્ન નથી. મારું શાશ્વત અસ્તિત્વ પરિપૂર્ણ તત્ત્વ અને શાશ્વત રહેનારું તત્ત્વ, એને કોઈના આધારની જરૂર નથી. કોઈના આધારની આધેયબુદ્ધિ, એનો મૂળમાંથી જ નિષેધ કરવામાં આવે છે. વિચારણામાં જ આ પરિસ્થિતિ છે. પરિણમનમાં તો ઘણી શક્તિ છે, જોરદાર પરિણમન છે. એ તો વિચારણામાં જ આટલો મોટો ફેર હોય છે.

એ વિપરીત પરિણમનમાં આખું બળ અટકી ગયું, નિર્બળ થઈ ગયો. '**એ રીતે જીવનો વીર્યગુણ વિકારરૂપે થયો.**' એ રીતે નબળાઈ છે એ વધતી જાય છે. મનની નબળાઈથી અનેક જાતની કલ્પનાઓ પરિણામની નબળાઈથી થતી જાય છે અને એ કલ્પનાની અંદર ઘણો દુઃખી, ઘણો ભયવાન અને ઘણો દુઃખી હોય છે. એવી સ્થિતિ થાય છે.

'**વળી આ જીવનો આત્મસ્વરૂપરૂપ રસ...**' અહીંયાં રસને સુખ અને આનંદગુણના પર્યાયમાં લીધો છે. રસ છે ને? ઘણીવાર એ પ્રશ્ન ચાલે છે કે રસ ક્યા ગુણની પર્યાય? 'આત્માવલોકન'માં અહીંયાં સ્પષ્ટીકરણ આવે છે. '**આ જીવનો આત્મસ્વરૂપરૂપ રસ...**' આત્માના સ્વરૂપરૂપ રસ. આત્મરસ-ચૈતન્યરસ જેને કહેવામાં આવે છે. '**જે**

પરમાનંદભોગ ગુણ હતો...' રસ જે **'પરમાનંદભોગ ગુણ હતો તે શાતા-અશાતા, પુણ્ય-પાપરૂપ પરપુદ્ગલના કર્મત્વવ્યક્ત ઉદયરૂપ પરપરિણામના પ્રકારે ચિત્વિકારપરિણામનો જ રસ ભોગવ્યા કરે, રસ લીધા કરે, તે પરમાનંદગુણની સર્વશક્તિ પરપરિણામનો સ્વાદ લીધા કરે છે, તે પરસ્વાદ પરમદુઃખરૂપ છે.'** ત્યાં ઘણું દુઃખ જીવને ઊપજે છે, એમ કહેવું છે. કેટલા શબ્દો લીધા છે! આત્મામાં જે રસ ઉત્પન્ન થાય છે. રસ તો અનુભવગોચર આવે છે. મને રસ ઘણો છે, આ વાતમાં મને રસ છે. તો ત્યાં એને આનંદ ભોગવવો છે. ત્યાં એને સુખ ને શાંતિ ને આનંદની ભોગવટાની જે વૃત્તિ છે એને રસ કહેવામાં આવે છે.

ખરેખર જે આત્મામાં પરમાનંદગુણ છે એને ભોગવવો એવો આત્મરસ છે. આત્મરસ કેવો છે? કે પોતાના પરમઆનંદને ભોગવે એવો જે રસ તેને આત્મરસ અથવા આનંદરસ કહેવામાં આવે છે. આત્મામાં અનંત અનંત અનંત આનંદ પડ્યો છે. એ આનંદના ભોગવટાની ચરમસીમાને પરમાનંદરસ કહેવામાં આવે છે. અને એના જઘન્ય પરિણામને અહીંયાં ચતુર્થ ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ પ્રથમમાં પ્રથમ અનુભવગોચર કરે છે. જ્યારે એને પોતાના સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સર્વ ગુણસંપન્ન એવું જે સ્વરૂપ છે, એમાં આનંદગુણ પણ છે અને એ આનંદનું એને જ્ઞાન પણ છે અને આનંદનો અનુભવ-ભોગવટો પણ એને ત્યાં થાય છે. આનંદરસ પણ ત્યાં ઊપજે છે. એ આનંદરસ ઊપજતા અને એ આનંદરસનો ભંડાર પોતામાં જોતાં સમ્યગ્દૃષ્ટિને જગતના કોઈ પદાર્થમાં આનંદની કલ્પના, ભ્રમણા ઉત્પન્ન થતી નથી. ત્યાંથી એની ભ્રમણા મટી. અને તે ભ્રમણા મટવાથી જ એને નિર્ભ્રાંત દશા કહેવામાં આવે છે. ક્યાંય પછી એને ભ્રમ થતો નથી કે અહીંયાં સુખ હશે કે ત્યાં સુખ હશે. એવા કોઈપણ સર્વ પુદ્ગલ પરમાણુઓને અને સર્વ પ્રકારના પુદ્ગલ પરમાણુના વિધવિધ પર્યાયોને સુખ અને આનંદ રહિત કેવળ જડસ્વરૂપે એ જાણે છે અને જોવે છે. એટલે એને ત્યાં કલ્પના થવાનો પ્રશ્ન રહેતો નથી. પહેલાં જેમાં સુખની કલ્પના થતી હતી એને પણ જાણે છે કે આમાં માત્ર કલ્પના આ પ્રકારે થતી હતી. હવે કલ્પના થવાનો પ્રશ્ન રહેતો નથી. એ કલ્પના સ્વપ્નવત્ લાગે છે.

અહીંયાં શું કહે છે? કે જે પરમાનંદગુણ હતો તે શાતા-અશાતામાં પણ રસ લેતો હતો. શાતા થાય તો એને ઘણો રસ આવે. આ ગરમી પડે છે એમાં થોડી ઠંડક આવે તો કહે, શાતા થઈ. રસ પડી ગયો ત્યાં. ભાઈ! તું તો તારા પરમાનંદને ભોગવવાવાળો. આ એક પુદ્ગલના સામાન્ય પરિણમનમાં તને શાતાનો રસ વેદાય ગયો? એ રસનું વેદન છે એ તારા ગુણનું વિપરીત પરિણમન છે. આનંદગુણનું એ

વિપરીત પરિણમન છે. ભલે તને ભ્રમણાથી એ શાતાનું વેદન સારું લાગતું હોય, પણ એ ખરેખર દુઃખરૂપ છે. અહીંયાં એમ કહેવું છે. એ તો પરમદુઃખરૂપ છે. પરમ એટલે એકાંતે દુઃખરૂપ છે. એમાં સુખની ગંધ પણ નથી. શાતામાં સુખ નથી? જરા વિચિત્ર લાગે. શાતામાં દુઃખ છે. શાતામાં સુખ નથી, પણ શાતામાં દુઃખ છે અને એકાંતે દુઃખ છે, પરમદુઃખ છે. અશાતામાં દુઃખ છે એ તો સૌ કોઈ જાણે છે. પણ જે અશાતામાં દુઃખને જાણે એ શાતામાં સુખને જાણે, એ બન્ને પ્રકાર વિપરીત છે એમ કહે છે. અશાતા તો દુઃખનું કારણ, શાતા સુખરૂપ છે, અશાતા દુઃખરૂપ છે. એને ભ્રમણાથી બન્ને વાત એની ભ્રમણાયુક્ત છે.

આત્મામાં આનંદ છે. એ આનંદ છે એ એક જ જીવને પોતાના નિજ ભોગવટાનો પરમાનંદ ભોગગુણનું કાર્ય કરવાનું સ્થાન છે. એ એને અનાદિથી એનાથી અજાણ હોવાથી અને એ કલ્પનાતીત મનાતીત, વિચારથી અતિત, મનથી અતિત એટલે વિચારથી અતિત વિષય હોવાથી નીચે મિથ્યાત્વમાં તો એનો ભાવ ભાસતો નથી એટલે એને એમ લાગે છે કે આ શાતા કરતા વળી આનંદ એવું શું પાછું? એ એક એવો પ્રકાર છે કે જે એને સ્વભાવનું દર્શન થતાં જ અનુભવગોચર થાય છે. એ પહેલાં એના ભાસનમાં આવી જાય છે. એટલે એને પછી પોતાના પરિણામની ગતિ સ્વસન્મુખતાની અનુભવ પ્રતિ વિકાસ પામે છે.

આટલી જો એક સુવિધા હોત કે એ આનંદ કેવો છે એની જો ખબર પડી જતી હોત તો કોઈ જીવ દુઃખમાં સુખની કલ્પનામાં જવાનો વિચાર પણ કરે નહિ. કોણ વિચાર કરે? જેણે સાચા રત્નો જોયા હોય એ કાચના કટકાને કેમ સંઘરે પછી? પણ એ આનંદની પરિસ્થિતિ એવી છે કે એ સન્મુખ થયા વિના એની ખબર પડતી નથી. વિમુખતામાં એની ખબર પડતી નથી અને વિમુખતામાં આનંદના અનેક કલ્પિત ભાવો અને કલ્પિત સ્થાનોમાંથી જીવની રુચિ, જીવનું એકત્વ અને જીવનું આકર્ષણ છે એ છૂટી શકતું નથી. એટલે જરા વિચિત્ર પરિસ્થિતિ થાય છે. કાલે વિશેષ લઈશું...

તા. ૭-૬-૧૯૮૬, પાના નં. ૫૦, પ્રવચન નં. ૩૩

.. એ જીવ વસ્ત્વંતરપણે પરિણમે છે. એટલે એ વસ્તુ બીજી વસ્તુમાં ખરેખર પોતાનું અધ્યાસિત કરીને પરિણમે છે. ત્યારે જીવના મુખ્ય મુખ્ય ગુણોમાં વિપર્યાસ ઉત્પન્ન થાય છે. અથવા ગુણની સ્વભાવરૂપ દશા નહિ થતાં વિકારદશા ઉત્પન્ન થાય છે. એમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, અન્યત્વ એ વાત લઈ લીધી. વીર્યગુણ એટલી વાત લીધી. હવે આનંદગુણ લે છે.

'**વળી આ જીવનો આત્મસ્વરૂપરૂપ રસ જે પરમાનંદભોગ ગુણ હતો...**' આત્મામાં પરમાનંદ નામનો, આત્મા આનંદને ભોગવે એવો આત્માના સ્વરૂપરૂપ ગુણ છે. જેવું આત્માનું જ્ઞાન સ્વરૂપ છે અથવા જેવો આત્મા જ્ઞાનસ્વરૂપી છે એવો જ આત્મા આનંદસ્વરૂપી છે. પોતાના પરમાનંદને ભોગવે એવો જેનો આનંદસ્વભાવ છે. એમ પોતે આત્મસ્વરૂપ રૂપે છે. આત્માના સ્વરૂપ રૂપે એ ભાવ છે, સ્વભાવ છે. એ વિભાવદશામાં ઉલ્ટી દશામાં શાતા-અશાતાને ભોગવવાના કાર્યમાં અથવા પુણ્યના ફળમાં, પાપના ફળમાં, પુણ્ય-પાપરૂપ પુદ્ગલકર્મના પુદ્ગલના કર્મત્વ-કર્મપણારૂપ વ્યક્ત ઉદયરૂપ પરિણામ, એને ટૂંકામાં કર્મફળ કહી શકાય. કર્મફળમાં પુણ્યનો ઉદય, પાપનો ઉદય ભિન્ન ભિન્ન પ્રકારના મુખ્યપણે બે ભેદ પડે છે. એમાં ખેદપણે, શોકપણે અથવા હર્ષપણે-સુખપણે એમ ભિન્ન ભિન્ન અનુભવ કરે છે. એવો જે શાતા-અશાતાનો અનુભવ.

અથવા પુણ્ય-પાપરૂપ પુદ્ગલના કર્મપણાના વ્યક્ત ઉદયરૂપ પરપરિણામ. એ પરદ્રવ્યના પરિણામ છે. તે પરિણામના પ્રકારે એટલે જેવો ઉદય છે તેને અનુસરીને '**ચિત્વિકારપરિણામનો જ રસ ભોગવ્યા કરે,...**' ચૈતન્ય પરિણામમાં વિકૃતિ થાય, એનો જ રસ ભોગવ્યા કરે. એટલે ત્યાં દુઃખભાવને જ ભોગવ્યા કરે. આકુળતા ઉત્પન્ન થાય છે. એ પરના રસની અંદર આકુળતા ઉત્પન્ન થાય છે. એ આકુળતાને જ ભોગવ્યા કરે, આકુળતાનો જ રસ લીધા કરે. એમાં પછી સુખ-દુઃખની કલ્પના કરે છે, પણ છે બન્ને આકુળતા. એનો રસ લીધા કરે એટલે એ એને ઠીક લાગે.

'**પરમાનંદગુણની સર્વશક્તિ પરપરિણામનો સ્વાદ લીધા કરે છે.**' એવું જે પરિણમન છે એ પરમ આનંદ ભોગવવાનો જે ગુણ છે, સ્વભાવ છે એની જે શક્તિ છે એ શક્તિનું પરિણમન પરપરિણામને એટલે હરખ-શોકનો રસ, હરખ-શોકનો રસાસ્વાદ

લેવો એવું થયા કરે છે. સતતપણે ધારાવાહીપણે અનંત કાળથી એ પ્રકારનું પરિણમન જીવ ભોગવે છે. એવો જે પરસ્વાદ, એવો જે પુદ્ગલકર્મનો પરસ્વાદ, પરપદાર્થનો સ્વાદ એ પરમ દુઃખરૂપ છે. એમાં અંશમાત્ર પણ સુખ નથી અથવા સુખની એમાં છાયા પણ નથી, પડાછાયો પણ નથી, એમાં સુખની ગંધ પણ ક્યાંય નથી. એ પરમ દુઃખરૂપ છે. પરરસાસ્વાદ પરમ દુઃખરૂપ છે. એકાંતે દુઃખરૂપ છે, એકાંત દુઃખરૂપ છે. દુઃખ દુઃખ અને એના આદિ-મધ્ય-અંતમાં સર્વ દુઃખ જ છે. એટલી આકુળતા છે.

કોઈ તર્ક કરે કે એવું તો દુઃખ લાગતું નથી. ક્યાંક તો એવું સુખ લાગે છે. એને એમ કહે છે કે કલ્પનામાત્ર છે. આપઘાત કરનાર પોતાના મૃત્યુનો પ્રયત્ન કરે ત્યારે એ જીવવા કરતાં મરણને વધારે સુખરૂપ માને છે. કોઈક ટ્રેઈન નીચે પડતું મૂકે છે, કોઈ અગાશીમાંથી પડતું મૂકે છે, કોઈ કૂવામાં, તળાવમાં, દરિયામાં પડતું મૂકે છે, કોઈ ઝેર ખાય છે. અનેક પ્રકારે કરે છે ને? અને કોઈ અગ્નિમાં બળે છે. ત્યારે એ શું કલ્પના કરે છે? જીવવું કરતાં બહેતર છે કે મરી જવું સારું છે. એમાં સુખ હશે ને જીવવા કરતાં? જીવવા કરતાં મરવામાં સુખ ખરું કે નહિ? જ્યારે જીવ વિપરીત કલ્પના કરે છે ત્યારે એ વિપરીતતાની પણ હદ નથી એટલી બેહદ વિપરીત કલ્પના કરે છે. વિપર્યાસમાં પણ એ દશા થાય છે. શું કહે છે?

જીવ આકુળતાથી ટેવાઈ ગયો હોવાથી, દુઃખથી ટેવાઈ ગયો હોવાથી અનાદિથી એકધારા દુઃખના અનુભવમાં રહેલો જીવ દુઃખથી ટેવાઈ ગયો હોવાથી જ્ઞાની જેને પરમ દુઃખ છે, એકાંત દુઃખ કહે છે એ દુઃખ જ લાગતું નથી. અમને તો ઠીક છે. હામ, દામ ને ઠામ છે. કોઈ તકલીફ નથી. આરામથી જીવન ક્યાં ચાલ્યું જાય છે એની ખબર રહેતી નથી. એમ કેટલાક કહે છે. આટલા વર્ષ થઈ ગયા કાંઈ ખબર પડી નહિ. એકદમ જીવન ચાલ્યું ગયું. એનો અર્થ એ છે કે એને ઘણો રસ (છે). વર્તમાન ઉદયમાં સુખની કલ્પના કરીને, શાતાની કલ્પના કરીને ઘણો રસ વેદ્યો છે. એટલે એનું સમય નિર્ગમન થયું, સમય પસાર થયો એનો એને પોતાને જ ખ્યાલ રહ્યો નહિ. પણ છે એ દુઃખ. '**એ રીતે જીવનો પરમાનંદગુણ દુઃખવિકારરૂપે પરિણમ્યો.**' અજ્ઞાનદશામાં ઊલટી દશામાં જીવનો આનંદગુણ હતો એ પણ દુઃખભાવે, દુઃખવિકારે પરિણમે છે.

'**એ રીતે આ જીવના અન્ય ગુણો જેવી જેવી રીતે વિપરીત વિકારરૂપે થયા છે તેવી રીતે ગ્રંથાંતરથી પણ જાણી લેવા.**' અહીંયાં મુખ્ય પાંચ-છ ગુણની વાત કરી છે. જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ, સમ્યક્ત્વ, ચારિત્ર, વીર્ય અને આનંદ. છ ગુણની વાત લીધી છે. મુખ્ય છ ગુણ છે એની વાત લીધી છે. પુરુષાર્થની વાત ... આ

સિવાય પણ બીજા ગુણો જેવી જેવી રીતે વિપરીત વિકારરૂપે થયા છે તેવી રીતે ગ્રંથાંતરથી એટલે બીજા જે મહા પરમામગ છે, મોટા આગમો છે એમાંથી જાણવા. જેમાં વિસ્તારથી વર્ણન કર્યું હોય. આ ગ્રંથ તો નાનો ગ્રંથ છે. એટલે મુખ્ય મુખ્ય મુદ્દાની વાત પોતે કરે છે.

'**આ જીવના સર્વ ગુણોના વિકારને સંક્ષેપથી ચિત્વિકારના નામથી કહેવામાં આવે છે.**' એવું જે બધા ગુણોનું અનેક ગુણોનું જે વિકારી પરિણમન, તેને સંગ્રહનયથી કહો અથવા સમગ્રભાવે કહો, સંક્ષેપથી કહો તો તે ચિત્વિકાર એમ કહેવામાં આવે છે અથવા જીવવિકાર એમ કહેવામાં આવે છે. જીવવિકાર કહો, ચિત્વિકાર કહો. એમ કહેવાં આવે છે. '**એવી રીતે એકક્ષેત્રાવગાહી કર્મવર્ગણાના વ્યક્તકર્મઉદયપરિણતિનું નિમિત્તમાત્ર પામીને, આ જીવ પોતે જ વસ્તુઅં થયો.**' એ જે ચિત્વિકાર છે એને વસ્ત્વંતર ભાવ પણ કહેવામાં આવે છે. એ રીતે એકક્ષેત્રાવગાહી કર્મવર્ગણા, જે પૂર્વના ચિત્વિકારના નિમિત્તે સંબંધ પામેલા હતા, એકક્ષેત્રાવગાહે રહ્યા હતા તે કર્મપરમાણુઓનો વિપાક થયો. એટલે કર્મપ્રકૃતિનો ભાવ વ્યક્ત થયો, ઉદયમાન થયો. એ ઉદયમાન ભાવનું પ્રતિબિંબ ચૈતન્યસ્વરૂપી આત્મામાં પડ્યું. ત્યારે એના લક્ષે પોતાને ભૂલીને એના લક્ષે પરિણમ્યો ત્યારે એણે ઉદયને નિમિત્ત બનાવ્યો એમ કહેવામાં આવે છે. ત્યાં એ ઉદયને નિમિત્ત બનાવ્યો. એવું નિમિત્તમાત્રપણું પામીને આ જીવ પોતે અન્ય વસ્તુના ભાવે થયો. વસ્ત્વંતર થયો એટલે બીજી વસ્તુ રૂપે થયો નહિ, પણ બીજી વસ્તુરૂપ પોતાનો અનુભવ કર્યો. એને વસ્ત્વંતર થયો એમ કહેવામાં આવે છે.

એ રીતે '**વસ્ત્વંતર થતાં પોતે જ ચિત્વિકાર રૂપે ધારાપ્રવાહરૂપ થઈને તે બિલાડીની જેમ આ જીવ આ ત્રણ લોકમાં નાચતો ફર્યા કરે છે.**' આગળ એક દૃષ્ટાંત આપ્યો. લોટણ બિલાડીની. ચોમાસામાં બિલાડીના ટોપ ઉકરડાની અંદર થાય છે. ગામડાની અંદર ઉકરડા હોય ત્યાં બિલાડીના ટોપ થાય. છત્રી જેવી વનસ્પતિ છે. ટોપ એટલે ઉપર છત્રી જેવું હોય, નીચે છત્રીનો ડાંડલો હોય એ જાતની વનસ્પતિ ઊગે છે. બિલાડીની કોઈ એવી યોગ્યતા છે, બીજા કોઈ પ્રાણી નહિ, માણસ નહિ, ઉંદરડા નહિ, કૂતરા નહિ, બિલાડી એક એવું પ્રાણી છે કે એ ટોપને જોઈને બસ, એને એમાં એટલો રસ ઊપજે છે કે ત્યાં એ આટોળવા મંડે છે. એટલે એને લોટન વનસ્પતિ કહેવામાં આવે છે. લોટણ જડી કહે છે. ... હવે એ ટોપ છે એને કાંઈ ખબર નથી કે હું બિલાડીને ગલોટિયા ખવડાવું. એ ટોપને-વનસ્પતિને કાંઈ ખબર નથી. પણ આને ગમે તે પ્રકારે, બિલાડીના જીવને કલ્પના થાય છે કે બસ, એના સામું જ જોયા કરે છે અને લોટ્યા કરે છે. આ એની જે પરિસ્થિતિ છે, એની

જ બરાબર જીવની પરિસ્થિતિ છે કે પૂર્વકર્મનો ઉદય આવે છે અને જીવ એ પ્રમાણે લોટે છે. બહારમાં અનુકૂળતાઓ જોઈને હરખાય છે, બહારમાં પ્રતિકૂળતાઓ જોઈને ખેદખિન્ન થાય છે. જે ઉદય આવે છે એ પરમાણુને અને સંયોગોને ખબર નથી કે હું ક્યા જીવને કેવો ભાવ કરવામાં નિમિત્ત થાઉં, એ પણ એને ખબર નથી. પણ જીવ પોતાની લાયકાતને લઈને કર્મના ઉદયની સામે લોટે છે. કાં હરખાય છે, કાં ખેદખિન્ન થાય છે.

આ જુઓને! ઘરે લગ્નપ્રસંગ હોય તો જાણે બધા ખુશી.. ખુશી.. ખુશી. વળી કોઈ સભ્યની ગેરહાજરી થાય ત્યારે દુઃખી, દુઃખી, દુઃખી. એ જ સંબંધીઓ દેખાય. સંબધીઓ તો બેય બેય પ્રસંગમાં આવે ને. આવા પ્રસંગે આમ કરે અને આવા પ્રસંગે આમ કરે. એના એ જ માણસો, એના એ જ જીવો છે. પણ આ અમારી અનુકૂળતાઓ છે, આ અમારા હર્ષનો પ્રસંગ છે, આ અમારા શોકનો પ્રસંગ છે એમ ગણીને (વર્તે છે). એમ ત્રણ લોકમાં અનાદિથી વર્તમાન સુધી ધારાપ્રવાહરૂપે અનંત કાળ સુધી આ જીવ એ રીતે પરિણમે છે એ એનું લોટણ અથવા નાચ કહેવામાં આવે છે.

જ્યાં જીવ પોતાના સ્વરૂપનું ભાન કરે કે હું ખરેખર કેવો છું? પોતાનો પરિપૂર્ણ વીતરાગ સ્વભાવ ઓળખીને એમાં લીન રહીને કોઈપણ ઉદય પ્રસંગમાં તે નાચતો નથી અથવા નમતો નથી, આળોટતો નથી. ઉદયપ્રસંગમાં એ આળોટતો નથી. માત્ર જે તે પૂર્વકર્મના ઉદયો છે તેનો તે જ્ઞાતા રહી જાય છે. જ્ઞાતા રહી જાય છે, જાણનાર રહી જાય છે. અહીં પ્રશ્ન ઉઠાવ્યો છે.

પ્રશ્ન :- **'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે-આવા ચિત્વિકારરૂપે તો જીવ પોતે જ પરિણમે છે. પરંતુ 'આ એકક્ષેત્રાવગાહી કર્મનો ઉદયનું નિમિત્તમાત્ર પામીને'...'** આટલા શબ્દો લીધા છે. આ એકક્ષેત્રાવગાહી જે કર્મો હતા તે કર્મપરમાણુના ઉદયનું નિમિત્ત પામીને. એની સ્થિતિ પૂરી થઈ ત્યારે એ જતા પહેલાં એનો પાક આવે છે. જેમ કોઈ ઝાડ ઉપર ફળ બેઠેલું હોય છે. આ કેરીના નાના .. થાય છે. એ એનાથી છૂટ્યા પહેલાં પાકે છે. વૃક્ષથી જુદું પડ્યા પહેલાં વૃક્ષ ઉપર એ પાકે છે. એનો પાક આવે છે. એમ આ કર્મ છે એ એકક્ષેત્રાવગાહી સંબંધ પામ્યા હતા. એ જુદા પડ્યા પહેલાં એનો વિપાક આવે છે. એનો સ્વાદ છે એ વ્યક્ત થાય છે. એટલાનું નિમિત્ત પામીને **'એટલાથી તો વિકારને શું પ્રયોજન છે?'** કહે છે કે એવું જો કર્મના પરમાણુમાં કર્મવિકારપણું થઈ એમાં જીવને શું લેવાદેવા છે કે એનું એ નિમિત્ત પામે છે? એ કાંઈ સમજાતું નથી. શા માટે એનું નિમિત્ત પામે છે? જીવનું સ્વરૂપ જીવમાં છે અને

જીવ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે અને કર્મ પરમાણુ તો તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. શા માટે જીવ એટલાથી એને એવું તે શું પ્રયોજન છે કે જે એટલું નિમિત્ત પામીને ચિત્વિકાર કરે છે? એ કંઈ સમજાતું નથી. આવો પ્રશ્ન ઉઠાવ્યો છે. કહે છે કે એવા કથનમાં શું શું સિદ્ધાંત આવે છે? બહુ સારો જવાબ આપ્યો છે અહીંયાં.

ઉત્તર :- '**વળી આટલા નિમિત્તથી આ છે કે - એટલો જીવનો તે વિકારભાવ અનિત્ય સ્થાપ્યો, અનિત્યતા વિકારની જડ થઈ (અનિત્યતા વિકારનું મૂળ થયું),...**' જડ એટલે અહીંયાં મૂળ. જડ એટલે અહીંયાં ચૈતન્ય અને જડ નહિ. જડ એટલે અહીંયાં મૂળ. હિન્દી ભાષમાં જડને મૂળ કહે છે, મૂળને જડ કહે છે. એ રીતે. એમ કહ્યું ને? કર્મના ઉદયનું નિમિત્ત પામીને. તો એનાથી એ સિદ્ધ થયું કે જ્યાં સુધી કર્મનો ઉદય છે ત્યાં સુધી જીવનો વિકારભાવ .. રહે છે. તે કર્મનો ઉદય પૂરો થતાં જીવનો તે પ્રકારનો વિભાવભાવ પણ ત્યાં પૂરો થઈ જાય છે. તેનો તે વિભાવભાવ ચાલુ રહે એવું બનતું નથી. આ શોકનું પ્રસંગ હોય તો ઘણો શોક થાય તોપણ એ મર્યાદિત કાળમાં બંધ થાય છે. કે અમર્યાદિત કાળ સુધી ચાલુ રહે છે? બંધ થઈ જાય છે કે નહિ? ક્રોધ આવે-ગુસ્સો આવે. તોપણ એ ગુસ્સો પાછો મર્યાદિત સમયમાં ઠરી જાય છે. બીજા પણ જાણે છે કે ભાઈ, એમને ઠરવા દો. હમણાં ગુસ્સામાં છે, થોડીવાર ઠરશે પાછી કાંઈક વિચાર કરી શકશે. ત્યાં સુધી આપણે કહેશું તોપણ વિચાર નહિ કરી શકે. તો એ ઉદયના લક્ષે એને પરિણામ થાય છે. તે ઉદય અનિત્ય હોવાથી જીવના તે પ્રકારના પરિણામ પણ અનિત્ય થયાં.

આમાંથી શું એનો લાભ ઉઠાવવાનો છે? વિભાવની અનિત્યતા જોઈને શું લાભ ઉઠાવવાનો છે? કે એ વિભાવ આપોઆપ પૂરો થાય છે. જ્યારે વિભાવ પોતે સ્વયં પૂરો થાય છે તો પછી એ વિભાવને તોડાવીને એ પૂરો થઈ ગયો. હવે ફરીને કોઈ એવા કર્મ .. કે નવો વિભાવ ઊભો થાય નહિ. આ તો શું થાય છે? કે કર્મનો ઉદય ધારાવાહી છે અને જીવ એના લક્ષમાં એને અનુસરવામાં પણ ધારાવાહી પરિણમે છે. એટલે એક વિભાવ છૂટીને બીજા વિભાવમાં, બીજા વિભાવથી છૂટીને ત્રીજા વિભાવમાં એમ ધારાવાહીપણે અન્ય અન્ય પ્રકારના વિભાવભાવે અથવા વિભાવસામાન્યપણે એ પરિણમ્યા કરે છે. પણ જીવના ઉદય સાથે માત્ર એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ઉદય અનિત્ય છે તો જીવનો વિભાવ પણ પૂરો થાય છે. જીવનો વિભાવ પૂરો થતાં એનો લાભ તારે ઉઠાવવો હોય તો ઉઠાવજે. એમ કહેવું છે.

તું નિત્ય છો, વિભાવ અનિત્ય છે. તું નિત્ય હોવાથી અને વિભાવ અનિત્ય

હોવાથી અનિત્ય વિભાવની શક્તિ તારી નિત્યતા પાસે કેટલી? એમ પણ નક્કી કરી લે. એ અનિત્યતાનું કોઈ બળ નથી, જેટલું નિત્યતાનું બળ છે. બળવાન કોણ? નિત્ય છે એ બળવાન છે. અનિત્ય છે એ કાંઈ એટલું બળવાન નથી. આ બે વાત જો તને સમજાય તો તારું બળ અથવા સામર્થ્ય તને સમજાય છે. અને અનિત્યતા છે, વિભાવની અનિત્યતા છે એનું આયુષ્ય ઘણું અલ્પ છે અને એ બહુ કમજોર છે, વગર ટાળ્યે પણ ટળે છે તો એ ટળી જાય છે. પછી ફરીને ન થાય એવો ઉપાય જો કરવામાં આવે તો વિભાવથી છૂટી શકાય છે. આટલું આમાંથી ઉપલક્ષણથી કાઢ્યું છે.

પ્રશ્ન તો એવો છે કે જીવ પોતે ચિત્વિકારરૂપે પરિણમે છે, એમાં કર્મના ઉદયનું નિમિત્ત ને એવી વાત શું કરવા વચમાં નાખો છો? એટલી વાત વચમાં નાખવાનું તમારે પ્રયોજન શું છે? એમાંથી આવું પણ પ્રયોજન છે. જો તારો દૃષ્ટિકોણ ઠીક હોય, યથાર્થ સમજણ હોય તો આમાંથી આ નીકળે છે. કે કોઈ વિકાર અથવા કોઈ કર્મનો ઉદય સદાય રહેવાનો નથી. વળી, એનું કોઈ નિત્યપણું નહિ હોવાથી અને પોતાનું નિત્યપણું હોવાથી પોતાનું સામર્થ્ય ઘણું છે, અનંત સામર્થ્ય છે. આટલું એમાંથી ફલિત થાય છે એમ કહેવું છે.

'**જીવનો તે વિકારભાવ અનિત્ય સ્થાપ્યો, અનિત્યતા વિકારની જડ થઈ (અનિત્યતા વિકારનું મૂળ થયું), વિકાર અવસ્તુભાવ ઠર્યો,...**' અથવા એ નિત્ય વસ્તુસ્વભાવે ન ઠર્યો. વસ્તુ નિત્ય છે, નિત્યસ્વભાવી છે એવા ભાવે વિકાર ન ઠર્યો. એ અવસ્તુભાવે ઠર્યો. વસ્તુભાવ પ્રમાણે ન રહ્યો. જગતમાં પણ એવું જોવામાં આવે છે કે જ્યારે કોઈ કામ કરવું હોય અને એ કામની અનુકૂળ સ્થિતિ ન દેખાતી હોય ત્યારે તે કામની સાનુકૂળ સ્થિતિની રાહ જોવામાં આવે છે. આવું બને છે કે નહિ? જેમકે કોઈ માણસ સાથે કામ લેવું હોય, એ માણસ પોતે જ કોઈ પોતાના કારણસર નમતો આવે, અમસ્તો કાંઈ કીધે માને એવું ન હોય, એમાં કોઈ એવી જરૂર પડી ત્યારે એ સાથે સાથે એમ કહે કે આટલું તમે આમ કરો તો આ પણ તમારું કામ થાય એવું છે. આમ બને છે કે નહિ? સામા માણસની યોગ્યતા જોઈને એની નબળી કડી ક્યારે ઊભી થાય એની રાહ જોવામાં આવે છે.

અહીંયાં કહે છે કે ઉદયનું નિમિત્ત પામીને વિભાવ થાય છે એ ઉદય અસ્ત થતો હોવાથી, વિભાવ અસ્ત થાય છે. આ એની મોટી નબળાઈ છે. તારે કામ કરવું હોય તો અહીંયાં જગ્યા છે. વચમા સાંકળને તોડવી હોય તો આખી સાંકળ તોડવાની જરૂર નથી પડતી. એના સેંકડો મકોડામાંથી ક્યો નબળો છે, બસ એ એક જગ્યાએથી

તોડે એટલે સાંકળનું બંધન છૂટી ગયું. પછી સાંકળ સાંકળ તરીકે નકામી થઈ જાય છે. એવી રીતે અહીંયાં આ વિભાવભાવ ભલે અનાદિથી ધારાવાહી પ્રમાણે ચાલતો હોવા છતાં એ અનિત્યભાવ છે. આ એની નબળાઈ છે અને એનો લાભ લેવા જેવો છે, એમ કહેવું છે.

વળી, એ '**વિકાર અવસ્તુભાવ ઠર્યો.' જીવભાવપણે ન ઠર્યો. 'વિકાર વિકાર જ ઠર્યો, સ્વભાવ ન ઠર્યો.**' એટલે વસ્તુ સ્વભાવે જેમ ધ્રુવ છે, એમ વિભાવ કોઈ ધ્રુવ છે એમ માની લેવાની જરૂર નથી. આ ક્યાં કામ આવે છે? જીવને એક કલ્પના થઈ ગઈ છે કે અરે..! હું તો અજ્ઞાની છું. પુણ્ય-પાપના ભાવ થયા જ કરે છે. રાગ તો મટતો જ નથી. રાગ તો ચાલુ ને ચાલુ રહે છે. એમાં એને એવો ધ્વનિ ઊઠે છે કે જાણે આ નિત્ય છે, આ બધું નિત્ય છે. વિભાવ નિત્ય છે, રાગ નિત્ય છે, એવો એની અંદર ધ્વનિ ઊઠે છે. એને એમ કહે છે કે, ભાઈ! એ કોઈ નિત્ય ચીજ છે. અજ્ઞાન, મિથ્યાત્વ, રાગ, મોહ એ પરિણામ કોઈ નિત્ય પરિણામ નથી. ધ્રુવ વસ્તુ નથી, ધ્રુવ સ્વભાવ નથી. એ સમયે સમયે વ્યય થઈને બીજા સમયે નવા નવા થાય છે. આમ તો એક સમયના આયુષ્યવાળા છે. પરિણામમાત્ર એક સમયના આયુષ્યવાળા (છે). એક સમય પછી બીજા સમયે તું સ્વતંત્ર છો. કર્મના ઉદયનું નિમિત્ત પ્રાપ્ત કરવું કે ન કરવું એટલે ઉદયને અવલંબવું કે સ્વભાવને અવલંબવું એ તારી પોતાની સ્વતંત્રતાની વાત છે.

એવો કોઈ તર્ક કરી શકે છે કે અમારે તો ઘણું સ્વભાવનું અવલંબન લેવું છે અને ઉદયનું અવલંબન લેવું નથી, પણ શું થાય? સ્વભાવનું અવલંબન લઈ શકતા નથી અને ઉદયનું અવલંબન છૂટતું નથી. એને એમ કહે છે કે એવી તારી ઇચ્છા છે એ ઇચ્છા ઉપર ઉપરની છે કે તારી ખરી ભાવના છે? આ વાત નક્કી કરવા જેવી છે. અનંત તીર્થંકરોએ આવી વાત કરી છે કે ભાવના કદી નિષ્ફળ જતી નથી. ચૌદ બ્રહ્માંડને ફરવું પડે પણ ભાવના કદી નિષ્ફળ જાય નહિ. એ વાત કરી છે. ૨૧ મા બોલમાં વચનામૃતમાં આ વાત કરી છે. આ અનંત તીર્થંકરોએ કહેલી વાત છે. ક્યાંથી જાણી અનંત તીર્થંકરોની વાત? લાવો આગમપ્રમાણ, એમ કહે તો? વાતે વાતે વાંધો પડે એવું છે. અનંત તીર્થંકરોએ કહેલી વાત છે એમ તમે કહો છો તો એનું કોઈ આગમ પ્રમાણ છે તમારી વાતનું? તો અમે માનીએ. ભાઈ! તું આગમને માનતો નથી. કેવી રીતે આગમને માનતો નથી? આગમની મુખ્યતા કરીને જવાબ માગ્યો છે તમારી પાસે. તો કહે છે, આગમમાં અનુભવ પ્રમાણને બળવાન પ્રમાણ કહ્યું છે. તું અનુભવને માનતો નથી માટે તું આગમને પણ માનતો નથી.

'ગુરુદેવે' એક બોલમાં લીધું છે, કે જે અધ્યાત્મી નથી તો આગમી પણ નથી. શું કહ્યું? જે અધ્યાત્મી નથી તે આગમી નથી. અત્યારે વિદ્વાનોને ખોટો ખ્યાલ છે કે આગમની અંદર તો અમે જ્ઞાનીઓ કરતાં પણ કુશળ છીએ. અમારું આગમજ્ઞાન વિશેષ છે. જ્ઞાનીઓને કદાચ આગમજ્ઞાન ન હોય, પણ અમે તો આગમના અભ્યાસી છીએ. અને એ રીતે આગમ ભણી ભણીને વિદ્વાન થયેલા છીએ. કહે છે, કે જે અધ્યાત્મી નથી તે આગમી નથી. કેમ એમ કીધું? આગમના વિષયનું અર્થઘટન, આગમને વાંચવાનો, અધ્યયન કરવાનો જે સાચો દૃષ્ટિકોણ, સમ્યક્ દૃષ્ટિકોણ તે સમ્યક્જ્ઞાનના અભાવને લીધે એની પાસે નથી. માટે એનું આગમજ્ઞાન ધારણાજ્ઞાન છે તે સાચું નથી. 'પરમાગમસાર'માં એ બોલ આવી ગયો છે. અધ્યાત્મી નથી તે આગમી પણ નથી. એનું આગમનું જ્ઞાન પણ સાચું નથી.

'**વિકાર વિકાર જ ઠર્યો, સ્વભાવ ન ઠર્યો.**' અહીંયાં એમ કહ્યું છે કે હું તો સ્વભાવ સ્વરૂપે છું અને વિકાર, વિભાવ મારો સ્વભાવ નથી કે મારું સ્વરૂપ નથી. '**કારણ કે જે કાળે તે કર્મત્વવ્યક્તઉદય પરિણતિની જેટલી સ્થિરતા છે-જેટલું તેનું રહેવું છે, તો (તે કાળે તેટોલ કાળ) આ જીવ પણ ચિત્વિકારનો કર્તા થાય છે.**' એને અનુસરે છે માટે. ન એને અનુસરે તો એ પ્રશ્ન રહેતો નથી. જ્યારે જીવ કર્મના ઉદયને અનુસરે છે ત્યારે તે જીવનો ભાવ ઉદયમાં પ્રતિબદ્ધપણું પામ્યો હોવાથી, ઉદય સાથે એણે સંબંધ કર્યો હોવાથી, તે ઉદયમાં પ્રતિબદ્ધ થયો હોવાથી, સારી રીતે રોકાયો હોવાથી તેને બંધભાવ કહેવામાં આવે છે. અને એ બંધભાવના નિમિત્તે વળી કાર્મણવર્ગણામાંથી નવા પરમાણુઓ એકક્ષેત્રાવગાહ સંબંધ પામે છે. આમ થાય છે. હવે જો જીવ એ ઉદયમાં પ્રતિબદ્ધ ન થાય અને સ્વરૂપમાં સ્થિર થાય તો ત્યાં નવા કર્મનો સંબંધ થતો નથી, નવો બંધ પડતો નથી. જૂનો તો એનો વિપાક આવી જ ગયો, એ તો ખરવા જ આવ્યા હતા. એ તો છૂટા પડવા આવ્યા હતા. એટલે એને નિર્જરા કહેવામાં આવે છે. એ જ પ્રસંગને નિર્જરા કહેવાય છે. જે કર્મનો ઉદય આવીને કર્મ પરમાણુ ખરે છે તે પ્રસંગને જીવ જો એમાં ન જોડાય તો નિર્જરા કહેવામાં આવે છે અને તે જ પ્રસંગને જીવ જો તેમાં જોડાય તો તેને બંધ કહેવામાં (આવે છે), તે જ પ્રસંગને બંધ કહેવામાં આવે છે. મૂળ શું વલણ અપનાવે છે એના ઉપર એ પ્રસંગને નામ આપવામાં આવે છે કે આણે નિર્જરા કહેવી કે આને બંધ કહેવો.

મુમુક્ષુ :- જીવ સ્વતંત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- અને પોતાનું કાર્ય કરવા જીવ સ્વતંત્ર છે. એ તો પહેલાં

સ્થાપ્યું. અન્ય વસ્તુનું કાર્ય અન્ય વસ્તુ કદી કરે નહિ. કેમકે અન્ય વસ્તુમાં અન્ય વસ્તુની વ્યાપ્ય-વ્યાપકતા નથી. ભિન્ન ભિન્ન વસ્તુ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદૃષ્ટિમાં.. જે મિથ્યાદૃષ્ટિ...

...એને ભવભ્રમણનો ભય થયો અને જે જીવ ભવભ્રમણથી કેમે કરીને છૂટવા ચાહતો હોય એવો જીવ ભવભ્રમણમાં રોગનું નિદાન કરનારા એવા જ્ઞાની ગુરુને સમજી શકે છે. જેમ દર્દી વૈદ્યની પરીક્ષા કરે છે તેમ. દર્દી કાંઈ વૈદ્ય ભણ્યું નથી. આયુર્વેદનો અભ્યાસ કે કોઈ પથી, એલોપેથી કે કોઈ પથીનો અભ્યાસ કરતા નથી. છતાં જુદી જુદી પથી, જુદી જુદી તોપણ દર્દી કહી શકે કે આ વાત આની બરાબર છે. ક્યાંથી કહી શકે છે? પોતાના રોગને કોણ પકડી શકે છે એના ઉપરથી કહી શકે.

એમ જે જ્ઞાન ભવરોગના નિદાનને પકડી શકે છે, એ જેને ભવભ્રમણ ટાળવું છે એને એ વાત સમજાય છે કે જે આ ભવરોગના નિદાનને કહે છે, તે ભવરોગને ટાળવાનો ઈલાજ પણ સાચો જ કહેશે. એવો એને વિશ્વાસ આવે છે. એટલે એ ... પહેલા આટલી ઓળખાણ થઈને વિશ્વાસ આવે છે, પ્રતીતિ આવે છે. ત્યારપછી એ વિશ્વાસપૂર્વક જો પરિચય વધારે તો સત્સમાગમ વધારે તો... અવિશ્વાસ ભાવે કોઈ આખી જિંદગી સમાગમમાં રહે ને તોપણ એને ન સમજાય. અવિશ્વાસભાવે એટલે શું? કે ક્યાંક એને શંકા પડે. અવિશ્વાસ ઊભો થઈ જાય. આમ કેમ બોલ્યા? આમ કેમ વર્ત્યા? જ્યાં શંકા પડી એ ગમે એટલો સમાગમમાં રહે તોપણ એને ન સમજાય. પણ જો એ વિશ્વાસથી સમાગન કરે અને એ સમાગમ કરવામાં એને આત્મભાવ શું અને અન્યભાવ શું? એ વાતની એને ખોજ હોય અને શોધ હોય તો જ્ઞાનીને આત્મભાવ વ્યક્ત થતા હોવાને લીધે શોધમાં હોય તો એ સમજી શકે છે. શોધમાં હોય. બીજાઓ નથી સમજી શકતા. બીજાઓ પરિચય કરતા હોય પણ વગર શોધે પરિચય કરતા હોય તો નથી (સમજતા). આપણે સાંભળ્યા કરો ને, ઘણું સરસ કહે છે, ઘણું જાણે છે, ઘણું કહે છે, આપણે સાંભળે. એમ નહિ. એની શોધ હોવી જોઈએ કે એનો આત્મભાવ શું? અને અન્યભાવ શું? આ વસ્તુ જો એને સંશોધક બુદ્ધિએ હોય તો એને આત્મભાવરૂપ અંતર પરિણતિને, મૂળ પરિણતિને ઓળખી શકાશે. એ મૂળ પરિણતિ કોની સાથે અભેદ થઈને ચોંટીને વળગીને રહી છે, લપેટ થઈને રહી છે એ પરમાત્મતત્ત્વને પણ ઓળખી શકે છે. અને ક્રમશઃ ક્રમે કરીને એ પોતે જ જ્ઞાની થાય છે. જે જ્ઞાનીને ઓળખે તે ક્રમે કરીને જ્ઞાની થાય, આ નિયમ છે. અથવા જ્ઞાનીને તે જ ઓળખે છે કે જે અલ્પ કાળમાં જ્ઞાની

થવાને યોગ્યતાના ભાવોમાં આવી ગયો હોય છે તે. એમ છે. એ વિષય નથી ચાલતો, તમારો પ્રશ્ન છે એ વિષય નથી ચાલતો.

મુમુક્ષુ :- જ્ઞાની હોય તો જ એની ઓળખાણ કરી શકે અને એને ઓળખી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય રીતે તો એ પરિચિત .. એકબીજાને ઓળખી શકે છે. જ્ઞાનીને તો જ્ઞાનભાવ અને જ્ઞાનભાવપૂર્વક થતા વચનવ્યવહારનો પરિચય છે. એટલે એ વચન વ્યવહારથી ભાવને સમજી શકે છે કે આ જ્ઞાનીના વચન છે, આ સત્પુરુષના વચન છે. 'શ્રીમદ્જી'ને સોએક વર્ષ થવા આવ્યા. તોપણ 'ગુરુદેવે' સ્પષ્ટ કર્યું ને કે આ જ્ઞાનીપુરુષ હતા. આમ તો ઘણા માને છે પણ ઓળખીને માને એ બીજી વાત છે, વગર ઓળખે માને છે એ બીજી વાત છે. પોતે માને છે.. જ્ઞાની માને છે એ તો ઓળખીને માને છે. અને ઓળખ્યા વિના એ ગમે તેવા પ્રસિદ્ધ વ્યક્તિ હોય, સંત તરીકે પ્રસિદ્ધ હોય તોપણ ઓળખ્યા વિના એ કદી માનતા નથી, સ્વીકારતા નથી. એવી તો અનેક પ્રસિદ્ધ વ્યક્તિઓ થઈ ગયા, જ્ઞાન સ્વીકારતા નથી. પણ જેના વચનો પરીક્ષા થાય તો એને સ્વીકારે છે કે આ જ્ઞાની હતા. બધાને નથી સ્વીકારતા.

'**કારણ કે જે કાળે તે કર્મત્વવ્યક્તઉદય...**' એનું કર્મપણું વિકાસ ઉદય પામીને '**પરિણતિની જેટલી સ્થિરતા છે...**' એ કર્મના ઉદયનો જેટલો કાળ લંબાય છે, જેટલા પરમાણુઓ ઉદયમાં આવતા સમય લાગે છે તેટલો સમય. '**જેટલું તેનું રહેવું છે...**' એ ઉદયમાં જેટલા પરમાણુઓનું જેટલા કાળ માટે આવવું છે. '**તો (તે કાળે તેટલો કાળ) આ જીવ પણ...**' પોતાને ભૂલેલો હોવાને લીધે. આ અધ્યાહાર છે. પોતે પોતાને ભૂલેલો હોવાને લીધે, લક્ષમાં પોતે પોતાને નહિ લેતો હોવાને લીધે અથવા પોતે પોતાનું નિજ અવલંબન નહિ લેતો હોવાને લીધે '**જીવ પણ ચિત્વિકારનો કર્તા થાય છે.**' ત્યારે એને પણ એવો એક ભ્રમ થાય છે કે ઉદયની કાંઈક મારા ઉપર અસર થાય છે. કર્મના ઉદયની મને કાંઈક અંદરમાં અસર થાય છે.

આ અશાતા વેદનીનો ઉદય આવે. રોગનું તો ડૉક્ટરો, વૈદો નિદાન કરે ત્યારની વાત ત્યારે, પણ એને અંદરમાં ઉદય શરૂ થાય ત્યારથી એને અશાતા થવાની શરૂ થાય. કાંઈક અંદર થાય છે, કાંઈક થાય છે, કાંઈક થાય છે. સમજાતું નથી કાંઈક થાય છે. એને કર્મના ઉદયની પોતાને અસર થતી હોવાનો અનુભવ થાય છે. વસ્તુતાએ તો એના જ્ઞાનમાં પણ ઉદય જ્ઞેયરૂપે પ્રતિબિંબિત થયેલા છે. આથી વધારે એને કાંઈ થયું નથી. પણ એને કાંઈ નહિ થયું હોવા છતાં, મને થયું એવું એને લાગે છે. આ તકલીફ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ પૂર્વકર્મને કારણે નારકીમાં હોય તોપણ એને ત્યાં દુઃખ નથી એનું

કારણ એ છે કે આ મને છે એમ નથી એને. બીજા નારકીને ત્યાં દુઃખ છે તે સંયોગનું દુઃખ નથી પણ આ સંયોગ મને છે એનું એને દુઃખ છે. જીવ ઉદયની અને સંયોગની ઉપાધિ જેટલી ધારણ કરે, પાછું એને એમ નથી કે Degree to degree ઉપાધિ કરવી પડે. ત્યાં તો Photo જ પડે છે. પણ કોઈ જીવ ઓછી ઉપાધિ પણ કરે છે અને કોઈ ઉદય થોડો હોય અને ઉપાધિ ઝાઝી પણ કરે છે, ઘણી પણ કરે છે. કેમકે ઉપાધિ કરવી, નહિ કરવી, ઓછી કરવી, વધુ કરવી એ બધા માટે એ સ્વતંત્ર છે. જીવ સ્વતંત્ર છે. એટલે ઉદય પ્રમાણે જ વિભાવ કરે છે એમ નથી. ઓછો કરે, વધુ કરે અથવા ન કરે એ બધું થઈ શકે છે. પણ એ જ્યારે પોતાના નિજાવલંબનમાં હોતો નથી ત્યારે તેને ચિત્વિકાર થાય છે. અને તે કરે છે તો થાય છે. ઓછો, વત્તો, બરાબર જેટલો કરે તેટલો થાય છે. અવલંબન પોતાનું ન રહે તો થાય, થાય ને થાય જ. એટલી વાત છે.

મુમુક્ષુ :- વધારે, ઓછો કરે છે કે કરાવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ નથી કરાવતું, સ્વયં જ કરે છે. અબુદ્ધિપૂર્વક કરે છે. જેમકે નિગોદ એક એવી સ્થિતિ છે કે જ્યાં એક શ્વાસોશ્વાસ જેટલા કાળમાં ૧૮ વખત જન્મ-મરણ છે. હવે એ મરીને પાછો નિગોદમાં જ કેમ જન્મે છે? કે બહુભાગ તો નિગોદનો જીવ અબુદ્ધિપૂર્વક નિગોદને લાયક જ પરિણામ કરે છે. નિગોદના જન્મતા જે નિગોદની સ્થિતિ છે પ્રચુર કષાયકલંકની, એવા જ ભાવે પરિણમે છે. એટલે એનું જ આયુષ્ય બાંધે. પાછો એ આયુષ્યનો અંત હોય છે. એમાં પાછો મરે, વળી ત્યાં જ જન્મે, ન્યાં મરે. આમ ને આમ અનંત કાળ કાઢે. અબુદ્ધિપૂર્વક બેઇન્દ્રિય થઈ જાય, ત્રણ ઈન્દ્રિય થઈ જાય, ચાર ઈન્દ્રિય થઈ જાય, પાંચ ઈન્દ્રિય થઈ જાય. ઉદય તો એવો ને એવો જ હતો એને. પણ જ્યાં સુધી ઉદયને બરાબર એને જ અનુસરતો હતો ત્યાં સુધી એવું જ ફળ પામતો હતો. અને તે અબુદ્ધિપૂર્વક એમાં કોઈક... ત્યાં સીધી એની ગતિ બદલાઈ જાય છે. એકેન્દ્રિયમાંથી કાં બેઇન્દ્રિયમાં આવી જાય, કોઈ પંચેન્દ્રિયમાં પણ થઈ જાય છે.

અજ્ઞાની જીવ પણ કર્મના ઉદયને Degree to degree બરાબર ઉદયને અનુસરે .. જોવામાં આવતો નથી. ભળતો ભાવ થાય છે, પણ જેટલા અનુભાગમાં ઉદય આવ્યો છે એથી ઓછા અનુભાગમાં પણ પોતે પરિણમે અને એથી તીવ્ર અનુભાગમાં પણ પોતે પરિણમે. અને તેમ થાય તો જ ગતિ બદલાય. નહિતર મનુષ્યમાં તો મનુષ્યોચિત્ કર્મનો ઉદય છે અને મનુષ્યોચિત્ પરિણામ કરે છે જીવ. કાંઈ ઢોરને લાયક કરતો નથી, પણ કોઈ જીવ ઢોરને લાયક કરીને ઢોરમાં જાય છે. તિર્યંચ ગતિમાં

ક્યારે જાય છે? તિર્યંચ ગતિને લાયક પરિણામ કરે છે ત્યારે થાય છે. લોકો કહે છે કે આ કાંઈ માણસ નથી, આ તો ઢોર જેવો છે, પશુ જેવો છે. એમ નથી કહેતા? તો એના પરિણામ એવા છે, એમ કહેવું છે. ઉદય એવો નથી એને. ઉદય કરતા વધારે તીવ્ર કષાયથી પરિણમે છે. ઉદય કરતા ઓછા મંદ કષાયે પણ પરિણમી શકે છે. એમ બન્ને પ્રકારે જીવનું પરિણામ અબુદ્ધિપૂર્વક પણ સ્વતંત્ર થાય છે. એ પણ એની સ્વતંત્રતાનો સૂચક પરિણામ છે.

જે પ્રયત્નપૂર્વક-પુરુષાર્થપૂર્વક થાય, જ્ઞાનપૂર્વક થાય, સમજણપૂર્વક થાય તો જીવ એના અનુસરણને, ઉદયને નહિ અનુસરતા પોતાના નિજાવલંબનમાં રહી શકે અને એ રીતે એ સંસારની કર્મપરંપરાને તોડી શકે એના માટે જીવ સ્વતંત્ર છે. અનંતા આત્માઓએ એવી રીતે કર્મની પરંપરાને તોડીને, અનુસરવાની પરંપરાને તોડીને સિદ્ધાલયમાં બિરાજ્યા છે. તું પણ એ જ જાતિનો હોવાથી તેમ કરવા માટે તું સ્વતંત્ર છો.

મુમુક્ષુ :- પોતે પોતાનું અવલંબન લેવું...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને ઓળખીને. જીવને જેની મહત્તા છે તેનું અવલંબન એને આવે છે. ઘરમાં ત્રણ-ચાર સભ્ય હોય પણ જેના ઉપર રાગ હોય એની મહત્તા અને મહત્તા હોય એમાં રાગ હોય છે. કે બીજું કાંઈ હોય છે? ... પાછું પાંચ ઇન્દ્રિયના વિષયમાં પણ જેનો રાગ છે એની મહત્તા છે અને મહત્તા છે એનો રાગ છે. એ રાગ તો કહે, અમને ગમે .. એની બહુ કિંમત છે. ... જેને જેની મહત્તા એનું અવલંબન એને લાગે છે. એ તો રોજિંદો અનુભવ અનેક પ્રકારથી છે કે નહિ? એમ આ જીવને ઓળખે અને એમાં રહેલાં ચૈતન્યની ઋદ્ધિ સિદ્ધિ અને સામર્થ્ય એને સમજાય તો એને પોતાની મહત્તા આવે અને પોતાનું અવલંબન આવે.

જીવને જીવના સ્વરૂપનો મહિમા જ સ્વકાર્ય થવામાં કાર્ય કરે છે. જીવનો પોતાનું કાર્ય સાધવામાં, પોતાની સાધનામાં, આરાધનામાં મહિમા કામ કરે છે. એ સિવાય બીજું કોઈ કામ કરતું નથી. ત્યાગ પણ કામ કરતો નથી અને શાસ્ત્રજ્ઞાનનો ઉઘાડ પણ કામ કરતો નથી. પોતાના નિજ સ્વરૂપનો મહિમા પોતે સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ હોવાથી જો એની ઓળખાણ કરે તો એનો મહિમા જ એને પમાડે છે. બીજું કોઈ પમાડતું નથી. ત્યાગ અનંત વાર કર્યો અને શાસ્ત્રજ્ઞાન પણ અનંત વાર ભણી ગયો. પણ જ્યાં સુધી એણે જીવને જાણ્યો નહિ, ઓળખ્યો એની મહત્તા આવી નહિ. 'શ્રીમદ્'માં એ જ ગાયું ને? '**જો હોય પૂર્વ ભણેલ હોય પણ જો જીવને જાણ્યો નહિ.**' નવ પૂર્વ એટલે અગિયાર અંગ અને નવ પૂર્વ, હોં! નવ પૂર્વનો અર્થ એ છે કે બારમા અંગના ચૌદ પૂર્વમાંથી પાંચ પૂર્વને બાદ રાખીને. ત્યાં સુધી કોણ ભણે?

આર અંગમાં ચૌદ પૂર્વ છે ને? એટલે પાંચ પૂર્વને બાદ રાખીને. અગિયાર અને નવ પૂર્વ ભાણ્યો છે. પણ જીવને જાણ્યો નહિ તો એ બધું અજ્ઞાનભાવથી 'શાસ્ત્ર'. એ આગમ પોતે સ્વયં એમ કહે છે કે અગિયાર અંગ ને નવ પૂર્વની અંદર તું તારા સ્વરૂપનું જ્ઞાન ન કર તો આ અગિયાર અંગ અને નવ પૂર્વનું અધ્યયન આગમજ્ઞાન પણ અજ્ઞાન છે. એમ આગમ પોતે પ્રસિદ્ધ કરે છે. આગમમાં એ વાત છે.

મુમુક્ષુ :- જીવમાં પરિણમન હોય છે એમ નિગોદ...

પૂજ્ય ભાઈશ્રી :- તો જ એ .. નહિતર ક્યાંથી ..? ... એનું શું કારણ?

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, કર્મનો ઉદય તો એણે નિગોદના બાંધ્યા હોય તો નિગોદને લાયક ઉદય વર્તે છે. પણ અબુદ્ધિપૂર્વક કષાયની મંદતા થાય છે. અજાણપણે. અજાણપણે કષાયની મંદતા થાય છે. જાણપણાના પુરુષાર્થપૂર્વક નહિ, અજાણપણે થાય છે. એવું ઘણી વાર બને છે. એક ને એક પ્રસંગમાં તમે ખુબ દુઃખી થાઓ અને બીજા પ્રસંગમાં તમે સહેજે દુઃખ ન થાય. એવો જ પ્રસંગ હોય. બને છે કે નહિ? તો એ અજાણપણે એવું થાય છે. એક જ પ્રસંગમાં એક માણસ સહન કરી લે અને બીજો માણસ એથી અડધું પણ સહન કરવા તૈયાર ન હોય. પ્રસંગ એવો જ હોય, એને કાંઈ જ્ઞાન થયું નથી. એની પ્રકૃતિ છે એવું સહન કરી લેવાની. એટલે પછી માણસ .... એની પ્રકૃતિ જ મંદ કષાય હોય છે. સહન કરી લેશે, પણ તમને કાંઈ નહિ કહે. જરાય નહિ બોલે. પોતે મનમાં ને મનમાં સહન કરી લેશે. પછી ગમે તે રીતે સમાધાન કરતા હોય, પણ એ કુદરતી જ છે.

મુમુક્ષુ :- ઉદય એને અનુરૂપ જ રહે છે અને યોગ્યતા જુદું કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- દરેક જીવની સ્વતંત્રતા છે. એ એની સ્વતંત્રતા છે. એનો ભાવ કરવા પૂરતો સ્વતંત્ર છે. સ્વતંત્રપણે ભાવ કરે છે.

મુમુક્ષુ :- જોડાયેલો તો છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- જોડાયેલો છે પણ એમાં તીવ્ર-મંદપણું થાય છે. ... એની એ છે, પણ એમાં પણ ભેદ તીવ્ર-મંદતાનો પડે છે. તીવ્ર-મંદતાનો ભેદ પડે છે એટલે ગતિ રહે છે. તો તો મનુષ્ય થઈ જાય, તિર્યંચમાંથી મનુષ્ય થઈ જાય. એમ બને છે.

મુમુક્ષુ :- નિગોદમાં શુભભાવ...

પૂજ્ય ભાઈશ્રી :- શુભભાવથી .. એ શુભભાવનું ફળ છે. મનુષ્યપણું એ શુભભાવનું ફળ છે. કષાયની મંદતાનું ફળ છે. આ લોકો કષાયની મંદતાને શુભભાવને મહત્ત્વ

બહુ આપે છે ને? એ તો નિગોદનો જીવ કરે છે. તેં શું નવીન કર્યું એમાં? માણસ થઈને તેં નવીન શું કર્યું? એ કહે. તું મનુષ્ય થયો એ જ બતાવે છે કે તું શુભભાવના ફળમાં આવ્યો છે. હવે અહીંથી કાંઈ વધારે કાયમી હિત થાય અને જન્મ-મરણ ટળે એવી કોઈ તારી દીર્ઘ દૃષ્ટિ કે એવી કોઈ તારી વિશિષ્ટ વાત હોવી ઘટે છે, તારા માટે.

'આ જીવ પણ ચિત્વિકારનો કર્તા થાય છે. વળી જે કાળે તે એક ક્ષેત્રાવગાહી કર્મવર્ગણા કર્મત્વરૂપ થતી રહી ગઈ (અટકી ગઈ), તે કાળે સહજ જ આ જીવ પણ ચિત્વિકારભાવને કરતો રહી ગયો (અટકી ગયો).' એટલે ઉદય પૂરો થયો. અહીંયાં જીવનો અભાવ ભાવ પણ પૂરો થયો, એમ કહેવું છે. **'આ ચિત્વિકારને કર્મત્વના નિમિત્તનું (નિમિત્તરૂપ થવામાં તે કર્મત્વનું) કારણ આટલું જ છે કે આ ચિત્વિકારનું રહેવું કેવળ તે કર્મત્વવ્યક્તઉદય રહેતાં, રહે છે (હોય છે). તે જાય તો આ ચિત્વિકાર પણ જાય છે (તે ટળે તો આ ચિત્વિકાર પણ ટળે છે). તેથી આ વિકારનું અનિત્યપણું ઠર્યું. વળી આ સ્વાધીન વસ્તુસ્વભાવ ન ઠર્યો, વળી પ્રત્યક્ષ વિકાર વિકાર જ ઠર્યો.'** શું કહેવું છે? જ્યાં પરલક્ષ વિના પણ વિભાવ થયા કરતો હોય, ઉદયના અવલંબન કર્યા વિના પણ જીવને સ્વયં વિકાર થયા જ કરતો હોય તો એનો સ્વભાવ થઈ ગયો. એમ છે નહિ. એ એનો સ્વભાવ નથી. એ પણ બહુ મોટી વાત છે. જો એનો સ્વભાવ હોત તો એટલી મુસીબત છે કે સ્વભાવમાં બીજું કાંઈ થઈ શકે નહિ. એ સ્વભાવ નથી એટલે એ કરી શકે છે. અનિત્ય છે અને સ્વભાવ નથી, બે વાત લીધી છે. એક તો અનિત્ય છે એટલે અલ્પકાળવર્તી છે અને સ્વભાવરૂપ નથી. તેથી તે વિભાવ કેમ ટળે? એનું ટળવું ઘણું દુષ્કર છે, એનું ટળવું ઘણું કઠણ છે, શું કરીએ? કોઈ રીતે ટાળ્યો ટળતો નથી એવો અભિપ્રાય બાંધવાની જરૂર નથી. એમ એમાંથી ફલિત થાય છે.

નહિતર અનેક જીવો એવી રીતે ભ્રમમાં પડે છે કે અનંત કાળથી જે કાંઈ કર્મો બંધાણા હોય અને અનંત કાળથી વિભાવના સંસ્કાર પડ્યા હોય, એ કાંઈ એમ ને એમ જાય? એ તો ઘણા ભવ, અનંત ભવ પ્રયત્ન ચાલે એમ ને એમ ફરતાં ફરતાં ફરતાં, થોડો થોડો થોડો સુધારો કરતા કરતા અનંત ભવે પાછો વારો આવે અને જીવ તરી જાય. એમ છે નહિ. એમ નથી. એ રીતે એ વાતને અંગીકાર કરવા જેવી, સ્વીકારવા જેવી નથી. એમ અહીંયાં કહેવું છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામ તો અવલંબનની દૃષ્ટિએ જીવ જ્યાં સુધી પોતાના

સ્વરૂપને ઓળખીને નિજ અવલંબનમાં આવતો નથી ત્યાં સુધી એ કર્મના ઉદયને સ્વતંત્રપણે અવલંબે છે. ઉદયને આધીન થયો. તો એ આધીન પણ સ્વતંત્ર થયો છે. જેમકે કોઈ એમ કહે કે આ બીડીનું વ્યસન છૂટતું નથી. પણ એ બીડીના વ્યસનમાં તું સ્વતંત્રપણે પરિણમે છે, બીડી તને પરિણમાવતી નથી. એમ જીવ સ્વતંત્ર અવલંબે છે તો એ સ્વતંત્ર અવલંબવામાં એને થોડો વિભાવ થશે, પણ એ વિભાવ થવામાં એની સ્વતંત્રા એટલી છે કે ઓછો વિભાવ થવો, વધુ વિભાવ થવો એ કાંઈ કર્મનું કારણ નથી, એમાં પોતાનું સ્વતંત્ર કારણ છે. ઓછો પણ થાય, જીવ ઓછો પણ કરે અને જીવ વધુ પણ કરે. Degree to degree ઉદયના અનુભાગ પ્રમાણે એનો વિભાવ થાય એવો નિયમ નથી. એનું કારણ કે જીવ સ્વતંત્ર છે. એમ લેવું છે. એ રીતે સ્વતંત્રતા.

મુમુક્ષુ :- રસમાં ફેર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પડે. અનુભાગ કહો કે રસ કહો. એમાં ફેર પડે છે. એકના એકસરખા ઉદયમાં જીવ પરિણમતો નથી. બહારની અંદર પણ એવું બને છે. એકનું એક કાર્ય રોજ કરવાનું હોય છે, રોજ જમવાનું હોય છે, રોજ સરખો રસ આવે છે જમવામાં? તેની તે રોટલી, દાળ, ભાત, શાક હોય. સરખો રસ નથી આવતો. કોઈવાર કોઈ તત્ત્વના વિચાર ચાલતા હોય, કોઈ વખત ક્રોધ ચાલતો હોય, ઉદય તેનો તે હોય, ફેર પડી જાય છે. રસની અંદર ફેર પડે છે. કાંઈ બીજું કારણ ન દેખાય બહારમાં, અંદર વિચારધારામાં ફેર હોય. પોતાના સ્વતંત્ર પુરુષાર્થને લઈને, સ્વતંત્ર પરિણામને લઈને તો તેના તે ઉદયમાં રસ ફરે છે કે નહિ? ઉદય તો જેવો છે એવો જ છે. ભૂખ લાગે છે એવી જ લાગે છે, પણ છતાં ખાવાના રસમાં ફેર પડે છે. વગર કારણે પણ ફેર પડે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વતંત્રપણે એટલે અબુદ્ધિપૂર્વક લેવું છે? એમાં અબુદ્ધિપૂર્વકનો પ્રયત્ન નથી. પ્રથમ ઓળખાણ બુદ્ધિપૂર્વકના પ્રયત્નથી છે. બુદ્ધપૂર્વકના પ્રયત્નથી ઓળખાણ થતાં મહિમા જે સહજ આવે છે એમાં સહજતા છે અને જ્ઞાન પણ છે. સહજતા છે અને એ સહજતા કેમ ઉત્પન્ન થઈ એનું જ્ઞાન પણ છે. એટલે એને અબુદ્ધિપૂર્વક ન કહી શકાય, પણ જ્ઞાનપૂર્વક કહી શકાય. એ વાતને જ્ઞાનપૂર્વક પોતે મોક્ષમાર્ગમાં આગળ વધે છે એમ કહેવામાં આવે છે. જાગૃતિ છે એની. અહીં સુધી રાખીએ...

તા. ૯-૬-૧૯૮૬, પાના નં. ૫૧, પ્રવચન નં. ૩૪

'આત્માવલોકન'. કર્મના ઉદયને અનુસરનારા જીવના પરિણામ, કર્મનો ઉદય પૂરો થતાં અહીંયાં જીવના પરિણામ પણ શાંત થાય છે. એ મુદ્દા ઉપર જીવનો વિકારભાવ અનિત્ય છે એમ સિદ્ધ થાય છે. વિકારની અનિત્યતા એ વિકારના નાશને બતાવે છે. વિકારનો નાશ માત્ર કર્મનો ઉદય નાશ થાય એટલે તરત જ થાય. આપોઆપ જ થાય છે. ત્યારપછી નવો ચિત્વિકાર તો જીવ કર્મના ઉદયમાં જોડાય તો થાય છે, નહિ તો ન થાય, એમ કહેવું છે. ઉદય થઈ ગયો તેને ટાળી શકાતો નથી, પણ જે ઉદયમાં નથી, જીવનો ચિત્વિકાર ઉત્પાદ થઈ ગયો, ઉત્પન્ન થઈ ગયો એને તો ટાળી શકાતો નથી. ન ઉત્પન્ન થયો હોય ત્યારે જીવ પોતાના સ્વરૂપનો આશ્રય કરે તો નવો ઉત્પન્ન ન થાય, એ બની શકે છે. અને એ બનવાનો પૂરેપૂરો અવકાશ છે. અને અનિત્યતા જોઈને ફરીને વિભાવનો-વિકારનો ઉત્પાદ ન થાય એ પૂરેપૂરી સંભવિતતા છે, શક્યતા છે.

એ અનિત્યતા છે, વિકારની અનિત્યતા છે તે વિકાર આપોઆપ ટળે છે એવી એક સાનુકૂળતા પણ છે. એમ કહેવું છે અહીંયાં. સ્થૂળ દૃષ્ટાંત લઈએ તો એક માણસને તરસ લાગી હોય તો કર્મનો ઉદય અશાતાનો શરીરના પરમાણુમાં કંઠની અંદર ઉષ્ણતા વ્યાપે, અંદરમાં અશાતાનો કર્મનો ઉદય, શરીરમાં કંઠની અંદર-ગળાની અંદર ઉષ્ણતા-ગરમી થાય, તૃષા એ એક જાતની ગરમી છે, બન્ને એકસાથે થાય છે. કર્મ અને નોકર્મ એકસાથે જોવામાં આવે છે. સાથે સાથે ત્રીજું જીવનું પરિણામ જોવામાં આવે છે કે મને પાણી જોઈએ. મારે પાણી પીવું છે, મને પાણી જોઈએ. પાણીના પરમાણુ જેવા મુખ વાટેથી હોજરીમાં ગયા, ગળાને તો સ્પર્શ જ થાય છે, જ્યાં ઉષ્ણતા છે ત્યાં ઠંડક થઈ જાય છે. અંદરમાં અશાતા કર્મનો ઉદય શાંત થાય છે. બહારમાં ગળાના પરમાણુમાં ગરમી વ્યાપેલી હતી એ શીતળતા થાય છે તો જીવને તૃષાના પરિણામ રહેતા નથી. અહીંયાં ઉદય શાંત થાય છે તો અહીંયાં એનો ભાવ પણ શાંત થાય છે. પાણી પીધા પછી પાણી પીવાના તૃષાના પરિણામ રહેતાં નથી. પાણી જોઈએ, પાણી જોઈએ, પાણી જોઈએ (એ રહેતું નથી). આપોઆપ જ છે. ઉદય મટતા ઉદયને અનુસરતા પરિણામ આપોઆપ શાંત થાય છે.

એટલે અહીંયાં કહે છે, પહેલા Paragraph માં વચ્ચેથી છે, '**તે જાય તો આ ચિત્વિકાર પણ જાય છે...**' તે જાય એટલે કર્મનો કર્મત્વવ્યક્તઉદય રહેતાં રહે છે અને જાય તો જાય છે. એમ કહેવું છે. ઉદય જાય તો અહીંયાં ચિત્વિકાર પણ જાય છે. એ ટળે તો આ ચિત્વિકાર પણ ટળે છે. '**તેથી આ વિકારનું અનિત્યપણું ઠર્યું.**' જે શરૂઆતમાં લીધું હતું. વિકારને અનિત્ય સ્થાપ્યો. એમ અહીંયાં એનું અનિત્યપણું ઠર્યું. પ્રવાહપણે અનાદિથી વર્તમાન સુધીનો અનંત કાળ વિકાર વિનાના એક સમયનો સંસારીજીવને નથી. ધારાવાહીપણે એના પરિણામમાં વિકારની ઉત્પત્તિ ચાલુ જ રહી છે, તોપણ તેનો તે વિકાર રહ્યો નથી. બદલતો, બદલતો, બદલતો છે. એનો અર્થ એ છે કે એક નાશ પામે છે, બીજો ઉત્પન્ન થાય છે, એક નાશ થાય છે, બીજો ઉત્પન્ન થાય છે. આપોઆપ જ નાશ પામે છે. જીવ જો સ્વરૂપસન્મુખનો પ્રયત્ન કરે અને ઉદય સન્મુખ ન થાય તો નાશ તો આપોઆપ જ થયો છે. ઉદય થયો તો એ વિકારનો નાશ તો આપોઆપ જ થયો છે.

મુમુક્ષુ :- એ વખતે કર્મનો ઉદય તો છે, પણ જોડાણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જોડાણ નથી. અને કોઈવાર તો જીવનો અહીંયાં પુરુષાર્થનો ઉત્પાદ થાય તો ઉપશમ થઈ જાય છે. ઉપશમ થઈ જાય છે, કોઈવાર ક્ષય પણ થઈ જાય છે. એમ થાય છે. કોઈ આવે તો ઉદય આવીને પણ ખરી જાય છે. ત્યારે પણ એને ક્ષય થયો, નિર્જરા થઈ એમ જ કહેવામાં આવે છે. એવા બધા પ્રકાર થાય છે.

'**તેથી આ વિકારનું અનિત્યપણું ઠર્યું. વળી આ સ્વાધીન વસ્તુસ્વભાવ ન ઠર્યો,...**' આ વિકારનું થવું એ સ્વાધીન એટલે પોતાના આશ્રયે, જે વસ્તુનો સ્વભાવ ત્રિકાળી રહેલો છે એવો કોઈ વસ્તુનો સ્વભાવ સિદ્ધ થતો નથી. જીવ ઉદયને અનુસરે છે અને ઉદયમાન પરમાણુની ઉપાધિ પોતે ગ્રહણ કરે છે ત્યારે એ વિભાવમાં આવે છે. જો ઉપાધિ ન ગ્રહણ કરે તો એને વિભાવ ન થાય, એમ અહીંયાં લેવું છે. એટલે એ પરાધીન છે-પરને આધીન છે. પરાધીન એટલે પરમાણુ એને પરાધીન કરે છે એમ નહિ, પણ પરમાણુના આશ્રયે કરે છે એટલે પરાધીન કરે છે. પોતાના નિજ વસ્તુસ્વભાવના આશ્રયે થતો નથી માટે સ્વાધીન વસ્તુસ્વભાવ નથી. '**આ સ્વાધીન વસ્તુસ્વભાવ ન ઠર્યો, વળી પ્રત્યક્ષ વિકાર, વિકાર જ ઠર્યો.**' એ સ્વભાવ ન ઠર્યો, વિકાર એ આખરમાં વિકાર છે, ઉપાધિ આખરમાં ઉપાધિ છે. એ કોઈ ખરેખર આત્માની નિજ સ્વભાવભૂત ચીજ નથી. અન્ય ચીજ છે. વિકાર ઠર્યો એટલે જીવવસ્તુની બહારની ચીજ છે. વિકાર, વિકાર ઠર્યો એટલે એ જીવવસ્તુની વસ્તુભૂત ચીજ ન સાબિત

થઈ. બહારની ચીજ છે. મહેમાનને ગમે એટલા સાચવવામાં આવે તો મહેમાન એ મહેમાન છે. પોતે ભલે સાદો ખોરાક ખાય, મહેમાન આવે તો એને મિષ્ટાન્ન જમાડે. ઘણો આદર કરે. તો ઘરના સભ્યો કરતાં મહેમાન ઉપરની પ્રીત વધી ગઈ કે ઓછી થઈ? કેમ ગણશો? કેવી રીતે હિસાબ મૂકશો?

ઘરના સભ્ય એવી રીતે કહે કે તમે તો અમને રોજ અમને સાદુ સાદુ જમાડો છો અને એ બે-ચાર દિવસ આવ્યા એને તો તમે રોજ નવું નવું મિષ્ટાન્ન કરીને જમાડતા હતા. કોના ઉપરનો સ્નેહ વધારે છે? ઘરના ઉપરનો કે મહેમાન ઉપરનો? કેવી રીતે નક્કી કરશો?

મુમુક્ષુ :- ઘરના માણસનો.

પૂજ્ય ભાઈશ્રી :- ઘરના માણસને તો આટલો આદર-સત્કાર અને મિષ્ટાન્ન નથી જમાડતા. કેવી રીતે નક્કી કરવું? સ્વભાવ એ સ્વભાવ છે અને વિભાવ એ વિભાવ છે. શાસ્ત્રની અંદર એને આગંતુક ભાવ કહ્યો છે. આવીને ચાલ્યો જનારો ભાવ. ટકનારો ભાવ નહિ પણ આવીને ચાલ્યો જનારો ભાવ છે. એ જીવના ઘરની ચીજ નથી, એમ લેવું છે. બહારની ચીજ છે.

'**વિકાર, વિકાર જ ઠર્યો. કારણ કે સ્વભાવની નાસ્તિ તો ત્યારે થાય (સ્વભાવ તો નાશ ત્યારે પામે) કે જો આ જીવ વસ્તુનો નાશ થાય. જેથી વસ્તુનો તો નાશ ક્યારેય થતો નથી.**' એટલે સ્વભાવ તો ક્યારેય નાશ થવાનો નથી. વિભાવ આવીને ચાલ્યો જશે, સ્વભાવ ક્યારેય નાશ થવાનો નથી. અનાદિથી જીવે પોતાના સ્વભાવનો અનાદર કર્યો, પોતાના સ્વભાવનો સ્વીકાર ન કર્યો તોપણ સ્વભાવ પોતાનું નિજ સ્વરૂપ છે એ મટી જતું નથી. એ કાંઈ મટી જાય નહિ. અને વિભાવનો ગમે તેટલો આદર કર્યો તોપણ વિભાવ રહ્યો નહિ, વિભાવ ટક્યો નહિ અને વિભાવ જીવનો સ્વભાવ થયો નહિ, જીવની ઘરની ચીજ થઈ નહિ. આ વસ્તુસ્થિતિ છે.

'**તેથી વસ્તુસ્વભાવભાવ પોતે જ નિત્ય ઠર્યો.**' તેથી વસ્તુનો જે સ્વભાવભાવ છે એ સદાય છે, નિત્ય છે, શાશ્વત છે. વિભાવ છે તે અનિત્ય છે. પદાર્થની નિત્ય સ્થિતિ અને અનિત્ય સ્થિતિ જોઈને અપેક્ષા અને ઉપેક્ષાના પરિણામ ઉત્પન્ન થાય છે. ગમે તેવી સારી ધર્મશાળા હોય, જાય છે ને? યાત્રાએ જવાનું થાય ત્યારે. ઘરે સગવડ ન હોય સાધારણ માણસને એવી Latest સગવડ ધર્મશાળામાં હોય. તોપણ એને જે ઘરનુ મમત્વ ઉત્પન્ન થાય છે એવું મમત્વ એને ધર્મશાળામાં થતું નથી. ઘરનું ભીતડું સુધારશે. ધર્મશાળાની શોભા કરવા જાશે નહિ. એને ખબર છે કે અહીંયાં તો આવીને તરત જાવાનું છે. ગમે ત્યારે જવાનું છે તોપણ તરત જાવાનું છે એમ

એને લાગે છે. અહીંયાં કાંઈ રોકાવાનું નથી. જ્યાં રોકાવાનું નથી, જ્યાં અનિત્ય સ્થિતિ છે ત્યાં એની ઉપેક્ષા થાય છે. જ્યાં નિત્ય રહેવું છે ત્યાં તેની અપેક્ષા થાય છે.

આ સરકારી માણસોને Quarters ને બંગલા ને મળે છે ને? કોઈ એવી રીતે સજાવતા નથી કે જાણે કાયમ રહેવાના હોય. પોતાના ઘરને જે રીતે સજાવે છે એ રીતે કોઈ (એને સજાવતા નથી). કેમકે ખબર છે કે ગમે ત્યારે ચિઠ્ઠી આવી એટલે આપણે અહીંથી જવાનું છે. શરીરનું પણ એવું છે. ગમે ત્યારે ચિઠ્ઠી આવે ત્યારે આ ઘર ખાલી કરવાનું છે. પણ જીવ ભૂલી જાય છે તો એને એવી રીતે સજાવે છે, એવી રીતે રાખવા માગે છે કે જાણે કાયમ રહેવાનું છે. પછી એ કહે છે કે મને દુઃખ થાય છે. શરીરત્યાગનો અવસર આવ્યો, ખબર પડી કે આ રોગ હવે જાય એવું નથી. એને આઘાત લાગે છે. એ એણે નિત્યતા સ્થાપી છે, નિત્યતાની કલ્પના કરી છે તેથી એને આઘાત લાગે છે. પહેલેથી જ એણે વિચારી રાખ્યું હોય, એનો અભિપ્રાય અને નિશ્ચય દૃઢ હોય કે અહીંયાં બહુ થોડું મુદત માટે રહેવાનું છે. અને એટલા માટે એની પાછળ બહુ મહેનત કરવા જેવી નથી.

શરીરના, શરીરના અનુકૂળતાના, શરીરના ટકવાના કહેવાતા સાધનો, એની પાછળ આખું જીવન વ્યર્થ વેડફી નાખવામાં આવે છે. એ ત્યારે જ કે જ્યારે એમાં નિત્યતા સ્થાપવામાં આવે છે ત્યારે. એની અનિત્યતાનો ખ્યાલ એને એ બધી પ્રવૃત્તિમાંથી રસને ઊડાડી દે છે કે અહીંયાં રહેવાનું જ અનિત્ય છે. ગમે ત્યારે ચિઠ્ઠી આવે ને બદલી થાય. સરકારી Officer ની જેમ. કોઈ પાછો નિયમ છે કે વૃદ્ધપણું આવે ને આવે જ, વૃદ્ધાવસ્થા સુધી તો રહેવાનું જ? એવો કોઈ નિયમ નથી.

'**જીવ વસ્તુનો નાશ થાય. જેથી વસ્તુનો તો નાશ ક્યારેય થતો નથી. તેથી વસ્તુત્વસ્વભાવભાવ પોતે જ નિત્ય ઠર્યો. આ સ્વભાવભાવનું રહેવું, નિજ વસ્તુત્વ રહેતાં રહે છે (હોય છે). તેથી આ સ્વભાવભાવ નિજજાતિસ્વભાવ જ ઠર્યો. તે કેવળ નિજ વસ્તુ જ ઠરી.**' અથવા સ્વભાવ એ વસ્તુનું સર્વસ્વ છે એમ સિદ્ધ થયું. જીવવસ્તુનું સર્વસ્વ શું? જીવવસ્તુનું સર્વસ્વ તે એનો સ્વભાવ. જીવવસ્તુમાંથી એનો સ્વભાવ બાદ કરો, સ્વભાવને લઈ લ્યો તો કાંઈ રહેતું નથી. જીવનો સર્વનાશ થાય. જીવવસ્તુ કહો કે એનો સ્વભાવ કહો, પદાર્થનો સ્વભાવ એ જ વસ્તુ છે, બસ. વસ્તુ નામ જ ત્યારે પડ્યું છે કે સ્વભાવનો એમાં વાસ છે માટે એને વસ્તુ એવું નામ આપવામાં આવ્યું છે. તેથી તે સ્વભાવ જ નિજવસ્તુ ઠરી.

'**વળી, આ વિકાર પર રહેતાં રહે છે તેથી તો આ અનિત્ય ઠર્યો.**' વળી આ વિકાર પર રહેતાં એટલે ઉદય રહેતાં ત્યાં સુધી રહે છે તેથી તો આ અનિત્ય ઠર્યો.

આ અનિત્યતા ઉપર અહીંયાં 'દીપચંદજી'નું ઘણું વજન છે. આ અનિત્ય છે એને નિત્ય કરવા, નિત્ય રાખવાથી પણ નિત્ય રહેવાનું નથી. પણ અમને જ્યારે પણ અનુકૂળ ઉદય હોય છે ત્યારે સારું લાગે છે. પણ સારું લાગે છે એમાં તેં કદી વિચાર કર્યો છે એની નિત્યતાનો-અનિત્યતાનો? જીભ ઉપર ખાદ્યપદાર્થ આવે છે. કેટલી વાર રહે છે? આ અત્યારે કેરી ખાય છે ને? કેટલી વાર રહે છે? ઘડિયાળ લઈને બેસવું. રસનો સંચો કે કેરીનું બટકું જીભ ઉપર સ્વાદ લેવા માટે કેટલી સેકંડ રહ્યું એ તપાસ કરવા જેવો વિષય છે. રાખવું હોય તો રહે નહિ. પ્રયત્ન કરી જોવો, નહિ રહે. પણ એટલી વાર ઠીક લાગ્યું તોપણ તને તેનું આકર્ષણ, તેનો મોહ, તેમાં સ્થપાતી જે મોહવશ નિત્યતા, અનિત્યતાનો બેખ્યાલ, એ જરાક ઠીક લાગ્યું એના ઉપર છે. તો તારો જે નિત્ય સ્વભાવ, જેમાં આનંદ પરમાનંદ ભર્યો છે અને સદાય એ આનંદ આનંદ આનંદના અનુભવગોચર થાય. જે અમૃત જેવો આનંદ છે. જેને અમૃતની ઉપમા આપવામાં આવે છે. એ આનંદને તો અમૃતની જ ઉપમા આપવામાં આવે છે.

મુમુક્ષુ :- આનંદઅમૃત નિત્ય ભોજી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આનંદામૃત નિત્યભોજી. કેવા છે સમ્યગ્દૃષ્ટિ જીવ? કે આનંદામૃત નિત્યભોજી. નિત્ય આનંદઅમૃતનું ભોજન કરનારા છે, સદાય આનંદરૂપનું ભોજન કરનારા છે. એની પાછળ જીવના પરિણામ કેટલા બળથી, કેટલા ઉત્સાહથી, કેટલા રસથી જાય એ વિચારવા જેવો વિષય છે. એક ક્ષણિક વિભાવમાં ઠીકપણું લાગે તોપણ ત્યાં લક્ષ રહ્યા કરે. તો આનંદની તો શું વાત થાય? નિજાનંદની તો શું વાત થાય? ઘણો આનંદ. આનંદ તો ઘણો જોરદાર વિષય છે. ક્ષણિક વિભાવની મીઠાશની અને આત્માના આનંદના સ્વાદની, બેની તુલના કરવામાં આવે તો એ તુલનામાં આનંદનો સ્વાદ એવો છે કે સંસારની જીવ એકવાર પણ એ આનંદનો સ્વાદ ચાખી લ્યે છે, તો એ સંસારીજીવના પરિણામમાંથી આગળ વધીને એવી કોઈ પરિસ્થિતિ ઊભી થાય છે કે એને એ આનંદ વિના ક્યાંય પછી બીજે સુખ થાય એ પરિસ્થિતિ ઊભી થતી નથી. સાધકદશા ચાલુ રહે ત્યાં સુધી તો પ્રશ્ન જ નથી. પણ કોઈને આનંદ આવ્યા પછી એ આનંદની સ્થિતિમાંથી ચ્યુત થઈ જાય તોપણ એ અર્ધપુદ્ગલપરાવર્તનમાં ફરી આનંદમાં આવી જાય છે. પછી એના વગર એને રહેવાનો પ્રશ્ન રહેતો નથી. નહિતર તો એ ભૂલી પણ જાય છે.

કોઈ સમ્યગ્દૃષ્ટિ ચ્યૂત થઈને મિથ્યાદૃષ્ટિ થાય તો સ્વાનુભૂતિમાં ઉત્પન્ન થયેલા આનંદની સ્મૃતિ પણ થઈ જાય. લગભગ તો એ ભવમાં પણ વિસ્મૃતિ થઈ જાય.

અને ભવાંતરમાં તો થાય જ થાય. કોઈને જાતિસ્મરણ થાય એ બીજી વાત છે, અપવાદનો વિષય છે. પણ લગભગ એની વિસ્મૃતિ થઈ જાય છે. તોપણ એ જીવદ્રવ્યની કોઈ એવી યોગ્યતા થઈ જાય છે કે એ સદાય અનંત કાળ પર્યંત વિભાવના સુખમાં રહ્યા જ કરે, પરિણમ્યા જ કરે અને એને એ ઠીક લાગ્યા જ કરે, અનાદિ મિથ્યાદૃષ્ટિની જેમ સાદિમિથ્યાદૃષ્ટિને એમ લાગ્યા જ કરે એવું બનતું નથી. આમ તો સાદિમિથ્યાદૃષ્ટિ અને અનાદિ મિથ્યાદૃષ્ટિના પરિણામ લગભગ સરખા જ છે. બેય મિથ્યાત્વના જ પરિણામ છે. પછી ગૃહીત મિથ્યાત્વી પણ થઈ જાય અને નિગોદ સુધી પણ જાય. પણ અનંત કાળ રહે નહિ. અર્ધપુદ્ગલ પરાવર્તન એ એની વધુમાં વધુ મર્યાદા છે.

મુમુક્ષુ :- પરિણામ સરખા રહે છે તો ફેર ક્યાં પડે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં ક્યાંય ફેર નથી પડતો. ફેર એની ગર્ભિત યોગ્યતામાં છે. વર્તમાન યોગ્યતામાં ફેર નથી, ગર્ભિત યોગ્યતામાં ફેર છે. એટલે એ જીવને ગમે ત્યારે પણ એમ થશે કે આ મારું સ્વરૂપ નહિ. આ સુખ તે મારું સ્વરૂપ નહિ, આ સુખ તે મારું સ્વરૂપ નહિ, બાહ્ય સુખ તે મારું સ્વરૂપ નહિ. સુખ તો અંતરમાં છે. એવી પરિસ્થિતિ ઉત્પન્ન થયા વિના નહિ રહે. અંદરમાંથી થઈ જશે. એ સંસ્કારી તો થઈ જ ગયો છે. અંદરમાંથી એ પાછો ફરી જશે. નિમિત્ત કદાચ નહિ મળે તોપણ ફરી જશે.

મુમુક્ષુ :- અર્ધપુદ્ગલ પરાવર્તન ... તો કેટલો ચોવીસી આવી! એનો કાળ તો ઘણો થયો ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણો લાંબો કાળ છે. લાંબો કાળ છે તોપણ મર્યાદિત તો છે. એમ છેડો તો છે. જેટલો સમય જાય છે એમાંથી કપાય છે. છેડો છે એનો, આને તો છેડો જ નથી. એ તો વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરાવર્તન. અર્ધપુદ્ગલ પરાવર્તન બધાને થાય જ એવો કોઈ નિયમ નથી. પણ વધુમાં વધુ કોઈ જીવને થાય તો આ એની વધુમાં વધુ મર્યાદા છે. એટલી વાત છે.

મુમુક્ષુ :- પછી નિગોદમાં જાય? જાય તો એની સ્થિતિ કેટલી થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોઈ વખત નિગોદમાં જાય પણ ખરો. જાય પણ ખરો એટલે અત્યારે નિગોદની અંદર એવા સાદિમિથ્યાદૃષ્ટિ પણ અનંતા છે.

મુમુક્ષુ :- અર્ધપુદ્ગલ પરાવર્તનમાં આવ્યા પછી પાછો નિગોદમાં જાય ખરો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાય. જાય જ એવો કોઈ નિયમ નથી. જાય પણ ખરો.

મુમુક્ષુ :- જાય તો એની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ થોડી. એ કાંઈ અનંત કાળ ન રહે. ગમે ત્યારે છૂટી જાય. ગમે ત્યારે છૂટી જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વિરાધના તીવ્ર થતી જાય, તીવ્ર વિરાધના, તીવ્ર વિરાધન થાય તો નિગોદ સુધી પણ પહોંચી જાય. પણ અનંત કાળ જે બીજા નિગોદિયા જીવ રહે છે અને નથી છૂટતા, એવી રીતે નથી. અમુક કાળે પાછો એ ત્યાંથી બહાર નીકળી જાય. કોઈ યોગ્યતા જ એવી છે. અબુદ્ધિપૂર્વકનો ત્યાં પરિણામનો વિષય છે. કોઈ બુદ્ધિપૂર્વકના પરિણામનો ત્યાં વિષય નથી.

સંસ્કાર કેવું કામ કરે છે! કાલે એવો એક Case જોયો ને? કાલે 'સોનગઢ' પૂજ્ય 'બહેનશ્રી' પાસે બપોરે દર્શન કરવા ગયા. 'મુંબઈ'થી એક બહેન આવ્યા હતા. નાની ઉંમરના હતા. 'મુંબઈ'થી આવેલા. નાની ઉંમરના, ૨૫ વર્ષની ઉંમરના. લુહાણા હતા. આત્માની વાત કરતા તો મુમુક્ષુઓ ઊભા રહી જાય એવી વાત કરતા હતા. ...

મુમુક્ષુ :- કોઈ દિગંબર સમાજના....

પૂજ્ય ભાઈશ્રી :- એ 'શ્રીમદ્'નું પુસ્તક મળી ગયું એમાંથી પછી આપણું સાહિત્ય હાથમાં આવ્યું. 'ગુરુદેવ'ના પ્રવચન વાંચ્યા, 'ગુરુદેવ'ની કેસેટ સાંભળી. પછી એને એમ થયું કે જ્યાં 'ગુરુદેવ' વસ્યા હતા તે ભૂમિના દર્શન કરવા જાવું. પ્રવચનોમાં 'બહેનશ્રી'ની પ્રશંસા ઘણી સાંભળી. તો એને એમ થયું કે આ મહાત્માના પણ દર્શન કરવા જવું છે. ખાસ દર્શન કરવા જ આવ્યા હતા. ઘણી ધૂન હતી. જ્ઞાયકની ધૂન જોવે તો બધા છક થઈ જાય એવી વાત હતી. પૂછ્યું કોઈએ, ક્યાંથી આટલું બધું આમ થાય છે? કાંઈક પૂર્વ સંસ્કાર હશે એવું લાગે છે. નહિતર ક્યાં વૈષ્ણવમાંથી આવેલા. હજી તો શરૂઆત જ છે. જેટલું બોલતા હતા એમાં ભાષામાં ધ્વનિ બહુ સારો હતો. અમૃત જ પીવું છે, આત્મામાંથી એકલું અમૃત જ પીવું છે, બીજી વાત કરે નહિ. લગની, ઉપાડ ને ધૂન વર્ષોથી આ સાહિત્યનો-તત્ત્વનો પરિચય કરનારને જોવા ન મળે. આગલે દિવસે તો પૂજ્ય 'બહેનશ્રી' સાથે એકાદ કલાક સુધી બેઠા હતા. 'બહેનશ્રી' એકાદ કલાક બેસે એટલે સમજવું કે કાંઈક વજન આપ્યું છે. એ તો પાછળથી ખબર પડી કે આગલે સાંજે આવી ગયા હતા. એક કલાક બેઠા હતા. પાછા કાલે ફરીને આવ્યા હતા. હોય, કોઈ સંસ્કારી હોય.

'વળી આ વિકાર પર રહેતાં રહે છે. તેથી તો આ અનિત્ય ઠર્યો. તેનું રહેવું પરાધીન ઠર્યું. વળી જ્યારે આ વિકારભાવ મટી જાય છે ત્યારે તે વસ્તુ તો જેમની

તેમ જ રહી જાય છે. તેથી પ્રત્યક્ષ જાણીએ છીએ કે આ વસ્તુનો વસ્તુસ્વભાવ નથી.' આ માત્ર દલીલનો કે તર્કનો વિષય નથી, પણ સ્વાનુભવી એમ જાણે છે કે વિભાવ ઉત્પન્ન થાય છે. જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં ને ત્યાં તે સ્થાનમાં, તે જ ક્ષેત્રમાં, તે જ ભાવમાં તે વિલય પામી જાય છે. અને હું એમ ને એમ રહી જાઉં છું. અવિકૃતપણે ફેરફાર થયા વિના મારામાં કોઈપણ જાતનો ફેરફાર થયા વિના હું એમ ને એમ રહી જાઉં છું. વિકાર વિકારના પર્યાયસ્થાનમાં ઉત્પન્ન થયો અને ત્યાં જ નાશ પામ્યો અને વસ્તુ એમ ને એમ રહી ગઈ. વિચારતાં તો એમ લાગે પણ એ માત્ર વિચારનો વિષય નથી, વસ્તુસ્થિતિ એમ જ છે, જો સ્વાનુભવ કરે તો. એમ જ વસ્તુસ્થિતિ છે. '**વસ્તુ તો જેમની તેમ જ રહી જાય છે.**'

સ્ફટિકનો દૃષ્ટાંત છે. સ્ફટિક પાસે નજીક કોઈ રંગીન કાપડ આવે તો એમાં ઝાંય ઉત્પન્ન થાય. એ ખસી જાય એટલે ઝાંય એમાંથી દૂર થઈ જાય. તો પહેલા ત્યારે અને પછી. એમાં ઝાંય પડી તે પહેલાં, ઝાંય આવી ત્યારે અને ઝાંય નહોતી ત્યારે સ્ફટિક તો એમ ને એમ જ છે. જેવો ને તેવો જ સ્ફટિક છે. સ્ફટિક સ્ફટિકના સ્વરૂપથી જોવામાં આવે તો જેવો ને તેવો જ છે.

એમ પોતાના જ્ઞાયકભાવનો અનુભવ કરે, જ્ઞાયક શબ્દનો પ્રયોગ કરતા હતા. જ્ઞાયક છું, જ્ઞાયક છું. જ્ઞાયક સિવાય કાંઈ હું નથી. એ જ્ઞાયક તો જ્ઞાયક જ રહે છે. વિભાવ આવે છે, નાશ પામે છે. ઉત્પન્ન થાય છે, વ્યય થાય છે. ઉત્પન્ન થાય છે, વ્યય થાય છે. જ્ઞાયકપણે પોતાને જોતાં જ્ઞાયકપણે પોતાને અવલોકતાં પોતે જ્ઞાયકપણે આદિ-મધ્ય-અંતમાં, પહેલાં-પછી ગમે ત્યારે પણ જ્ઞાયક જ છે. સળંગ જ્ઞાયક જ છે. જ્ઞાયક જ્ઞાયક જ રહે છે. એમાં કાંઈ થતું નથી. પોતાને ભૂલીને ઉપાધિને ગ્રહણ કરે છે ત્યારે ગમે તેટલો દુઃખી થાય છે. તોપણ જ્ઞાયકપણે મટી ગયો છે એમ તો છે નહિ. એક પોતાના જ્ઞાયકપણાને સંભાળતો નથી એ દોષ છે એનો અને એથી એને દુઃખ છે. જો સંભાળે તો નિર્દોષ છે અને એને દુઃખ પણ નથી થતું.

... જ્ઞાયકપણે અભ્યાસ કરવો. આ અભ્યાસ જેટલી લગનથી ઉપડે એટલો સ્વભાવભાવનો આવિર્ભાવ થવાનો પ્રકાર છે. એ સિવાય બીજો કોઈ સ્વભાવભાવનો આર્વિભાવ થવાનો કોઈ અન્ય પ્રકારે સ્વભાવનું કાર્ય થતું નથી. આ એક જ પ્રકાર છે.

મુમુક્ષુ :- સ્ફટિકના જે પ્રદેશમાં લાલ ઝાંય પડે છે તે પ્રદેશ એક જ સમજવા કે ભેદ સમજવો?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવથી ભિન્ન અને દ્રવ્યથી અભિન્ન. જેમકે જે ક્ષેત્રમાં સ્ફટિકના પરમાણુ છે એ જ ક્ષેત્રમાં ઝાંય છે. પણ ઝાંયનો ભાવ અને સ્ફટિકનો ભાવ વિભાવભાવ

અને સ્વભાવભાવની અપેક્ષાએ ભિન્ને ભિન્ન છે. એટલે એનું ક્ષેત્ર ભિન્ન છે એમ કહી શકાય. જો અભિન્ન ક્ષેત્ર હોત તો વિભાવનો નાશ થતાં સ્વભાવનો નાશ થઈ ગયો હોત. જો અભિન્ન હોત તો. માટે ભિન્ન છે.

હવે, એમ કહીએ જ્યાં સ્ફટિક છે ત્યાં જ વિભાવ છે. ત્યાં જ એની ઝાંય છે. કોઈ બીજા ક્ષેત્રમાં તો ઝાંય પડતી નથી. આજુબાજુમાં બીજા કોઈ ક્ષેત્રમાં ઝાંય પડતી નથી. માટે અભિન્ન છે. એટલે દ્રવ્યથી અભિન્ન છે અને ભાવથી ભિન્ન છે. વિભાવભાવ અને સ્વભાવભાવની અપેક્ષા લેતાં ભિન્ન છે. દ્રવ્યથી લેતાં તે જ દ્રવ્યમાં ઝાંય ઊપજી છે. સ્ફટિક દ્રવ્યમાં જ એ ઝાંય ઊપજી છે. બાજું પત્થર રાખ્યો એમાં પણ નથી, નીચે જ્યાં સ્ફટિક પડ્યો છે એ પત્થર ઉપર પણ નથી. લાકડા ઉપર પણ નથી, ક્યાંય નથી. સ્ફટિકમાં જ ઝાંય પડી છે. બીજે ક્યાંય પડી નથી.

મુમુક્ષુ :- ઝાંય પડી એ સ્ફટિકના સ્વભાવ જ પ્રસિદ્ધિ છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્ફટિકત્વને સિદ્ધ કરે છે. સ્ફટિકપણાને પ્રસિદ્ધ કરે છે. ઝાંય પણ સ્ફટિકપણાને પ્રસિદ્ધ કરે છે. સ્ફટિકપણું હતું માટે ઝાંય પડી છે. એમ છે. ચૈતન્યમાં ઉદયનું પ્રતિબિંબ પડ્યું, બીજા પદાર્થનું પ્રતિબિંબ પડ્યું એ ચૈતન્યપણાને, એની જ્ઞાયકતાને પ્રસિદ્ધ કરે છે. જ્ઞેય જ્ઞેયને પ્રસિદ્ધ કરતું નથી, જ્ઞેય જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે એમ કહેવાય છે એટલા માટે.

હવે એમાં શું છે કે કઈ દૃષ્ટિથી જોવું? જો સ્ફટિકને સ્વભાવથી જોવામાં આવે તો સ્વભાવ સદાય સ્વભાવ રૂપે છે. ઝાંય પડી છે ત્યારે સ્વભાવનો નાશ નથી. તો સ્વભાવદૃષ્ટિ કેળવવા માટે એમ કહેવામાં આવે છે કે વસ્તુને વસ્તુના સ્વભાવની દૃષ્ટિથી જુઓ. વિભાવ હોય ત્યારે પણ વિભાવની દૃષ્ટિથી સ્વભાવને ન જુઓ પણ સ્વભાવની દૃષ્ટિથી સ્વભાવન જુઓ. 'ગુરુદેવ'ની આ વિષયમાં બહુ સારી શૈલી હતી. એ એમ કહેતા કે વિભાવ હોવા છતાં મારામાં વિભાવ નથી એવી દૃષ્ટિ એ કોઈ અપૂર્વ દૃષ્ટિ છે. સ્વભાવની કોઈ અપૂર્વ દૃષ્ટિ છે. પૂર્વે જીવે ક્યારેય કરી નથી.

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્‌દૃષ્ટિ.

પૂજ્ય ભાઈશ્રી :- તે દ્રવ્યદૃષ્ટિ છે. જે પોતાને સ્વભાવરૂપ જ સળંગ જોયા કરે છે અને એ સ્વભાવમાં એને બીજું કાંઈ દેખાતું નથી. સ્વભાવદૃષ્ટિવાનને સ્વભાવની દૃષ્ટિમાં પોતાના સ્વભાવમાં પોતાના સ્વભાવ સિવાય બીજું કાંઈ દેખાતું નથી. અવસ્થાનો વિભાવ એટલો ગૌણ થાય છે કે જાણે કે દેખાતો નથી. માણસ નથી કહેતા? આ સાંભળ્યું, ન સાંભળ્યું કરે છે. કાનસોંસરુ કાઢે છે. એનો અર્થ, સાંભળ્યું છે છતાં સાંભળ્યાની એને કોઈ અસર નથી. એમ સ્વભાનની દૃષ્ટિવાનને વિભાવની અસર નથી.

વિભાવ છે છતાં વિભાવની અસર નથી. કેમકે એને સ્વભાવમાં સ્વભાવ સિવાય બીજું કાંઈ દેખાતું નથી. અને સ્વભાવ એ એક એટલી વજનદાર ચીજ છે, એટલી જલદ ચીજ છે કે એમાં એક એક ગુણનું અનંતુ સામર્થ્ય ભર્યું છું. આનંદ-પરમાનંદ? તો કહે છે, બેહદ ભરેલો છે. એટલું બધું એનું વજન છે.

'દીપચંદજી' તો 'અનુભવપ્રકાશ'માં એમ કહે છે, જેની વાત કરતા અનુપમ આનંદ થાય, એના અનુભવની તો શું વાત કરવી! જેની વાત કરતાં અમને તો અનુપમ આનંદ થાય છે. એવી વાત કરી છે. જ્ઞાનમાં તો છે, આની વાત ચાલે છે. સ્વાનુભવ છે એટલે જ્ઞાનમાં છે કે આની વાત ચાલે છે. એટલે વાત કરતાં અમને તો અનુપમ આનંદ થાય છે. અનુભવની શું વાત કરવી? એમ કહે છે. અનુભવ તો વચનાતીત છે.

મુમુક્ષુ :- સ્વભાવ જણાય કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ જાણવા માટે સ્વભાવને ઓળખવાનો પ્રયત્ન કરવો પડે છે. અથવા વસ્તુમાં વસ્તુનો સ્વભાવનો નિર્ણય કરવાનો એક પ્રયત્ન કરવો પડે છે. જેમકે ઘરમાં ઘણાં વખતથી એક કાચની શીશીમાં પાણી જેવું પ્રવાહી છે. હવે તમે ભૂલી ગયા છો કો આમાં શું ભર્યું છે. તો એમ ને એમ તો ઉપયોગ નહિ કરો. એમાં શું ચીજ ભરી છે એ જાણ્યા વિના ઉપયોગ કરશો? એ ચીજ શું છે એ જાણવા માટે શું વિચાર છે? કે એનો સ્વભાવ શું છે? તો પહેલાં એને સૂંઘી જોશો. પાણી જેવું પ્રવાહી છે એટલે તેજાબ પણ હોય, ગ્યાસતેલ હોય, તેલ હોય, પાણી હોય, ગમે તે હોય. અનેક ચીજ હોય છે એવી. સૂંઘી જોવો. ગ્યાસતેલ તો નથી લાગતું નથી. તેલની વાસ આવે છે? ગ્યાસતેલની વાસ આવે છે? તો હવે શું છે? કપડા ઉપર નાખી જુઓ. તેજાબ હોય તો બાળશે. એને જુદાં જુદાં લક્ષણથી તપાસવાની મહેનત કર્યા પછી એક નિશ્ચય ઉપર આવવું પડે છે કે આ ચીજ છે આ. પછી એનો ઉપયોગ થશે. ત્યાં સુધી એનો ઉપયોગ, સદ્ઉપોયગ, દુરુપયોગનો પ્રશ્ન કાંઈ ઉપસ્થિત થતો નથી.

તેમ પોતે સ્વભાવે કેવો છે એનો નિશ્ચય કરવો જોઈએ અને એ નિશ્ચય થવા માટે, કરવા માટે બહુ સુવ્યવસ્થિત પદ્ધતિ પણ અનુભવીઓએ પ્રસિદ્ધ કરી છે. જ્ઞાનલક્ષણથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય થાય છે, નિશ્ચય થાય છે, ઓળખાણ થાય છે. અને ઓળખાણ થયા પછી અનુભવ થાય છે. કોઈ જીવને ઓળખાણ ન થાય અને સીધો અનુભવ થાય એવું ત્રણ કાળમાં બનતું નથી. સ્વાધ્યાયનો વ્યવહાર જ એટલા માટે છે.

'બહેનશ્રીનાં વચનામૃત'માં એક બહુ સારો બોલ આવે છે. મુમુક્ષુજીવ શુભપ્રસંગોમાં

આવે. ઉદય હોય તો શુભપ્રસંગોમાં, શુભકાર્યોમાં પ્રવર્તતો દેખાય પણ તેની શોધકવૃત્તિ ચાલી ન જાય. આવો બોલ આવે છે. એનો અર્થ શું? શું પણ શોધવું છે એને? શોધકવૃત્તિનો અર્થ શું? હું કેવો છું? એ વાત એને શોધવી છે. એને શુભભાવમાં રહેવું છે એવો મુમુક્ષુ નથી. મુમુક્ષુ એટલે શુભપરિણામમાં આવવા છતાં, શુભકાર્યોમાં પ્રવર્તતા છતાં એની શોધકવૃત્તિ છે તે સદાય, જ્યાં સુધી એને શોધમાં જડે નહિ, પોતાનો જ્ઞાયકસ્વભાવ ઓળખાય નહિ ત્યાં સુધી એની શોધકવૃત્તિ વિરામ પામે નહિ. એની શોધકવૃત્તિ ચાલુ રહે તો એને શુભકાર્યોની પક્કડ, આગ્રહ, મહિમા આવે નહિ. પણ ઊલટાની એને ખટક આવે કે મારે શોધવું છે અને મારે જોઈએ છે, આ એકેય પ્રસંગમાં મને મળતું નથી.

વાંચન, સ્વાધ્યાય, ભક્તિ, પૂજા અનેક પ્રકારે દેવ-ગુરુ-શાસ્ત્રની શુભપ્રવૃત્તિ કરે પણ એને જે જોઈએ છે એ પોતાનું સ્વરૂપ જોઈએ છે, પોતાની શાંતિ જોઈએ છે, પોતાનો આનંદ જોઈએ છે. એ ન મળે ત્યાં સુધી એને ઠરીને ઠામ રહેવાનું (બનતું નથી). એનું મન ઉચક રહે છે, એટલે ક્યાંય એને આ બહુ કર્યું ને ઘણું કર્યું ને સારું કર્યું એ પરિસ્થિતિ એને ઊભી થતી નથી.

મુમુક્ષુ :- જ્ઞાનની સાથે સાથે રાગ જણાય છે અથવા જ્ઞાનથી પણ આગળ રાગ જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આગળનો અર્થ શું છે? મુખ્ય છે. એટલે જ્ઞાન પણ છે અને રાગ પણ છે, એક કાળમાં. જીવે રાગને મુખ્ય કર્યો છે એટલે રાગ આગળ લાગે છે. ત્યારે 'ગુરુદેવશ્રી' એક જગ્યાએ 'પ્રવચનસાર'માં એમ કહે છે કે ક્રોધ કોની હયાતીમાં જણાયો? ક્રોધના કાળે ક્રોધને જાણનાર કોની હયાતીમાં ક્રોધ જાણે છે? આ ક્રોધ થયો એવું કોણે જાણ્યું?

મુમુક્ષુ :- જ્ઞાનને જાણવા માટે કેટલા દૃષ્ટાંત દેવા પડે છે. જ્યારે રાગ તો સહજપણે જણાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શું છે કે એવો એનો પરિચય થઈ ગયો છે. અનાદિનો રાગની મુખ્યતામાં વર્તે છે અને એનો પરિચય ઘણો છે. એમ છે. અને એણે જ્ઞાન અને જ્ઞાનસ્વભાવની સમીપ જવા માટે પ્રયત્ન કર્યો નથી અને જ્ઞાનનો અને સ્વભાવનો પરિચય પણ કર્યો નથી. પણ જ્ઞાની એમ કહે છે કે, ભાઈ! તું રાગને અને ક્રોધને આગળ કરે છો, પણ તારું જ્ઞાન આગળ છે. જ્ઞાનની હયાતી વિના રાગ થયો, ક્રોધ થયો એમ કોણ જાણે? માટે અગ્ર તો જ્ઞાન છે, મુખ્ય તો જ્ઞાન છે.

મુમુક્ષુ :- જ્ઞાન જ જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન જ ખરેખર તો જણાય છે. જ્ઞાન મુખ્યપણે જણાય છે. એટલે જ્ઞાન જ જણાય છે. અને રાગ જણાતો હોવા છતાં એ પછીની વાત છે, પહેલાં જ્ઞાન જણાય છે. એમ છે ખરેખર તો. બેય સમકાળે હોવા છતાં જ્ઞાનપૂર્વક રાગનું જાણવું થાય છે, રાગપૂર્વક જ્ઞાનનું જાણવું નથી. કેમકે જાણનાર જ્ઞાન છે. એમ છે. પણ એણે મુખ્યતા અને અગ્રતા રાગને આપી છે એટલે આ ભૂલ થાય છે. એને મિથ્યાત્વની ભૂલ કહેવામાં આવે છે. જે મુખ્ય છે એને મુખ્ય કરતો નથી. મુખ્ય છે એને ગૌણ કરે છે એ એની ભૂલ છે. ... બોલ તો યાદ નથી. જમણા હાથે નીચેનો બોલ છે. ૩૦૨ નંબરનો બોલ છે. પાનું-૮૧. 'કોઈપણ જીવ પોતાની હયાતી વિના, ક્રોધાદિ થવા કાળે...' આ ભાષા છે. રાગના થવા કાળે. આદિમાં રાગ કહો, ક્રોધ કહો. ક્રોધાદિ કે રાગાદિ થવા કાળે કોઈપણ જીવ પોતાની હયાતી વિના '**આ ક્રોધાદિ છે, એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન.. જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં...**' જ્ઞાનની મુખ્યતામાં, જ્ઞાનની અગ્રતામાં ક્રોધાદિ જણાવા છતાં '**જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતાં રાગાદિ તે હું એમ રાગમાં એકત્વબુદ્ધિથી જાણે છે-માને છે, તેથી તે મિથ્યાદષ્ટિ છે.**' લ્યો, આ ભૂલ થાય છે. ૮૯ જન્મજયંતિના અંકમાંથી છે. જન્મજયંતિના આત્મધર્મના અંકમાંથી છે.

બેય એક કાળે થાય છે. બેય સમકાળે થાય છે. ચારિત્રગુણ રાગરૂપે પરિણમે છે, જ્ઞાનશક્તિ-જ્ઞાનગુણ જાણવા રૂપે પરિણમે છે. નથી કોઈ પહેલાં પરિણમતું, નથી કોઈ પછી પરિણમતું. છદ્મસ્થ જીવના પરિણામમાં મુખ્ય અને ગૌણ થયા જ કરે છે. અનાદિથી એ રાગને મુખ્ય કરે છે અથવા જ્ઞેયને મુખ્ય કરે છે. જ્ઞાનમાં જણાતા ભાવને અથવા દ્રવ્યને મુખ્ય કરે છે. છે બેય એક કાળે તોપણ. તો એને એમ કહે છે કે તને મુખ્ય-ગૌણ કરતા તો આવડી ગયું છે. એ તો તારી સહજ સ્થિતિ જ છે. પૂછવાનો પ્રશ્ન જ નથી. હવે સ્થાન બદલવાનો સવાલ છે. જે મુખ્ય છે એને તું મુખ્ય કરતો નથી અને એને ગૌણ કરે છો. રાગ તો જ્ઞાનમાં જણાય છે.

તારા અસ્તિત્વને શોધ. હું.. હું.. હુંપણું રાગમાં કરે છો એટલે જ્ઞાનમાં હુંપણું થતું નથી. પણ તારું હુંપણું જ જ્ઞાનમાં છે. રાગમાં તારું હુંપણું છે નહિ. જરાક તપાસીને સંશોધક ભાવે તપાસીને જો તો તારી ભૂલ સુધરી જશે. તારું અસ્તિત્વ હું.. હું.. હું.. હું.. હું.. હુંપણું તને જ્ઞાનમાં ભાસ્યમાન થશે, પ્રતિભાસિત થશે. અને જ્ઞાનમાં હુંપણું આવતાં, એની મુખ્યતા આવતા રાગની ગૌણતા આપોઆપ થઈ જશે, કરવી નહિ પડે. અને ત્યારે આખી પરિણામની Line બદલાઈ જશે. આખો આધાર

મુખ્ય-ગૌણતા ઉપર છે. કોને મુખ્ય કરે છે એના ઉપર પરિણામનો દોર છે.

કાલે જે પેલા બેન આવ્યા હતા એ એક બહુ સારી વાત કરતા હતા. એણે 'ગુરુદેવ'ને જોયા નથી. કેસેટ સાંભળી કહે, શું પહાડી અવાજ છે! જાણે... શું ઉપમા આપી? મોટા મોટા લડાઈની અંદર ભડાકા થતા હોય અને સામી ચીજને તોડી નાખે, એવો જ 'ગુરુદેવ'નો એક શબ્દ આત્મા પમાડી દે એવો છે. એક જ શબ્દ. ભગવાન આત્મા એમ કહે છે તો આત્મા પમાડી દે એવી વાત છે. એક શબ્દમાંથી આત્મા પમાડી એવી વાત છે. એક જ શબ્દમાંથી, હોં! એક વાક્યમાંથી નહિ.

મુમુક્ષુ :- એના ઉપરથી એની તૈયારી કેટલી!

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાષા ઉપરથી આટલું કાઢ્યું. કેસેટ ઉપરથી. કેવો અવાજ છે! કેવી વાણી આવી છે! આ ભૂમિના દર્શન કરવા જોઈએ. એ તો 'ગુરુદેવ'ની વાણી કાંઈક નિષ્ફળ જાય એવું થોડું બને. શું કહે છે?

વસ્તુનો જે સ્વભાવ છે એ એમ ને એમ રહી જાય છે. વિભાવ આવે છે, ચાલ્યો જાય છે. આવે છે અને ચાલ્યો જાય છે, વસ્તુ એમ ને એમ રહી જાય છે. એટલે એમ કહે છે કે ઉપર ઉપર આવે છે અને ઉપર ઉપરથી ચાલ્યો જાય છે. વિભાવ ઉપર ઉપર તરે છે એમ કહેવામાં આવે છે. '**તેથી પ્રત્યક્ષ જાણીએ છીએ કે આ વસ્તુનો વસ્તુસ્વભાવ નથી.**' આવીને ચાલ્યો જનારો ભાવ, વસ્તુના સ્વભાવ સાથે મેળ નહિ ખાનારો ભાવ તે વસ્તુનો સ્વભાવ નથી એમ પ્રત્યક્ષ (જણાય છે). તેથી પ્રત્યક્ષ જાણીએ છીએ. અનુમાન કરવું છે, તર્ક કરવો છે એમ ન લીધું, જોયું! આમ તર્કણાથી સિદ્ધ થાય છે, આમ ન્યાયથી સિદ્ધ થાય છે એવી ભાષા નથી આવી. '**તેથી પ્રત્યક્ષ જાણીએ છીએ...**' અમારા અનુભવમાં આવતા પ્રત્યક્ષ અનુભવથી જાણીએ છીએ કે આ વસ્તુનો સ્વભાવભાવ નથી. હું એમ ને એમ રહી જાઉં છું. વિભાવો આવે છે, ચાલ્યા જાય છે. આવે છે, ચાલ્યા જાય છે. મારું ધ્યાન એના ઉપર નથી, મારું વજન એના ઉપર નથી, મારું લક્ષ એના ઉપર નથી. આવે છે અને ચાલ્યા જાય છે, હું એમ ને એમ રહી જાઉં છું, ત્યાં મારું લક્ષ છે અને ત્યાં મારું ધ્યાન છે.

પછી તો લક્ષ અને ધ્યાન એના ઉપર છે એટલે અનુભૂતિ થાય છે તોપણ એના ઉપર લક્ષ નથી અને એના ઉપર ધ્યાન જાતું નથી. સ્વસંવેદન તો બહુ મોટી ચીજ છે. અનંત કાળમાં નહિ ઉત્પન્ન થયેલો એવો સુખાનુભવ છે, એવો આનંદનો અનુભવ છે. તોપણ અનંત આનંદ ભર્યો છે એવા વસ્તુના સ્વભાવ ઉપર લક્ષ છે અને એ એટલી બધી વજનદાર ચીજ છે કે લક્ષ ત્યાંથી ફરે એવું નથી. લક્ષમાં

તો વજન પડી ગયું છે એના ઉપર. વસ્તુની ઓળખાણ થતાં પરિણામ ઉપર એક વજન પડી ગયું છે કે એ વજનને કોઈ ઉઠાવી શકે નહિ. એટલે લક્ષ ત્યાંનું ત્યાં રહી જાય. પરિણામમાં ભેદજ્ઞાનની પ્રવૃત્તિ થાય. પરિણામમાં એ ભેદજ્ઞાનની પ્રવૃત્તિના ફળમાં સ્વસંવેદન થાય, પણ લક્ષ ફરે નહિ. લક્ષ ત્યાં ને ત્યાં રહી જાય. એટલે એમ કહે છે કે '**પ્રત્યક્ષ જાણીએ છીએ કે આ વસ્તુનો વસ્તુસ્વભાવ નથી.**'

'**આ વસ્તુમાં ઉપરનો અન્ય જ સરીખો આ ભાવ આવ્યો.**' આત્મવસ્તુમાં જ્ઞાયકપિંડમાં આ એક ઉપર ઉપર ભાવ આવ્યો. આવ્યો અને ચાલ્યો ગયો, આવ્યો ને ચાલ્યો ગયો. ઉદય હતો એટલે એની ઝાંય પડી હતી. ઉદય ગયો. બિંબ ગયું કે પ્રતિબિંબ ગયું. ચૈતન્યઅરીસામાં સામે કર્મના ઉદયનું બિંબ હતું એનું પ્રતિબિંબ પડ્યું, એ બિંબ ગયું ત્યાં અહીંયાં પ્રતિબિંબ પણ ચાલ્યું ગયું. જ્ઞાયક એમ ને એમ રહી ગયો. હું જ્ઞાયક છું, એ એમ ને એમ રહી જાય છે. '**આ વસ્તુમાં ઉપરનો અન્ય જ સરીખો આ ભાવ આવ્યો. તેથી જે અન્ય જ સરીખો ભાવ આવ્યો તે જ વિકારભાવ તો પોતાને પ્રત્યક્ષ વિકારરૂપ જ દર્શાવે છે.**' જે અન્ય સરીખો ભાવ આવ્યો એ તો ઉદય હતો એનું બિંબનું પ્રતિબિંબ હતું. ઉદય સરીખો ભાવ આવ્યો. '**તે જ વિકારભાવ તો પોતાને પ્રત્યક્ષ વિકારરૂપ જ દર્શાવે છે.**' જે સ્વભાવ છે-જાણનાર જે સ્વભાવ છે એવો તે રાગાદિ ભાવ નથી. એવો તે વિભાવભાવ નથી. વિભાવભાવમાં નહિ જાણવું છે અને સ્વભાવમાં જાણવું એવું છે. એકમાં જાણવું છે અને એકમાં નહિ જાણવું છે. બેય સરખા નથી. તેથી એ પ્રત્યક્ષ જ પોતાને વિકારરૂપે દર્શાવે છે, એમ કહે છે. વિકાર પોતાને વિકારરૂપે જ દર્શાવે છે. એ કાંઈ સ્વભાવરૂપે દર્શાવતો નથી. ભ્રમથી તું માને કે એ હું છું એટલે સ્વભાવ છું, તોપણ એ તો વિકાર વિકારરૂપે જ છે.

'**હું આ વસ્તુનો વસ્તુસ્વભાવ નથી, આ વસ્તુમાં હું ઉપાધિ છું.**' કોની ભાષા કરાવી છે? વિકાર ઉપર. વિકારને વાચા આપી છે. અવતરણ ચિહ્ન કર્યું છે ને? એ દર્શાવે છે. શું દર્શાવે છે? હું આ વસ્તુનો વસ્તુસ્વભાવ નથી. હું વસ્તુમાં નવી ઉપાધિ છું. વિકાર એમ કહે છે, હું તો ઉપાધિ છું. મહેમાન એમ કહે છે કે હું મહેમાન છું, હું તો મહેમાન છું. મહેમાનને ઘરવાળાની જેમ રાખે તો એને ખોટું લાગી જાય કે આ લોકોને ખબર પડતી નથી કે મહેમાનનો કેવી રીતે આદર-સત્કાર કરાય ઈ. આ તો જેમ ઘરવાળાની ગણતરી નથી, એમ આપણી કોઈ ગણતરી જ નથી. એમ એને લાગ્યા કરે. ઠીક! એટલા માટે ભલે એને આગતાસ્વાગતા ગમે એટલી કરવામાં આવે તો એ મહેમાન ઉપર ઘરના સભ્ય જેવી કોઈને પ્રીતિ થતી નથી.

'હું આ વસ્તુનો વસ્તુસ્વભાવ નથી, આ વસ્તુમાં હું ઉપાધિ છું. એવી રીતે (બહારથી) આવેલો તે વિકારભાવ પ્રત્યક્ષ દર્શાવે છે.' ક્યાંથી આવેલો કહ્યો? બહારથી આવેલો કીધો એને. આંગતુક આવેલો કીધો. અંદર વસ્તુના સ્વભાવમાંથી ઊપજેલો નથી, એમ કહે છે. સ્વભાવની બહારની ચીજ બહારથી ક્યાંકથી આવી છે. અન્ય દ્રવ્યના સંગે ઉપાધિ થઈ તો કહે છે, અન્યદ્રવ્યની ચીજ છે, અન્ય દ્રવ્યની ચીજ છે. નહિ જાણનાર જડ છે, નહિ જાણનાર બધું જડ છે. જાણે તે ચૈતન્ય છે, નહિ જાણનાર તે બધું જડ છે.

એ રીતે એ પ્રત્યક્ષ જ દર્શાવે છે. એમાં પણ પાછી દલીલની વાત નથી. એમ એ પ્રત્યક્ષ દર્શાવે છે. ચોખ્ખેચોખ્ખું આમ કહે છે. જરાક તું ધ્યાન કરીને તપાસ તો આ તને પ્રત્યક્ષ જ ભાસશે. આ પ્રત્યક્ષ જ છે. આમાં કોઈ અનુમાન કરવાની વાત પણ રહેતી નથી.

મુમુક્ષુ :- આ જે પ્રતિબિંબ પડે છે તે મારું નથી, મારી તો સ્વચ્છતા જ છે. એમ જે લેવું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, મારી તો સ્વચ્છતા એટલે સ્વભાવ (છે). હું તો સ્વભાવસ્વરૂપ જ છું. પ્રતિબિંબ છે એ ખરેખર વસ્તુસ્વભાવ નથી. કેમકે પ્રતિબિંબ ટકતું નથી. ઉત્પન્ન થઈને ચાલ્યું ગયું, ઉત્પન્ન થઈને ચાલ્યું ગયું. સ્વચ્છતારૂપ સ્વભાવ વસ્તુ રહી ગઈ તે હું છું. આખી વસ્તુ તે હું છું.

તા. ૧૦-૬-૧૯૮૬, પાના નં. ૫૨, પ્રવચન નં. ૩૫

ચિત્વિકારનું વર્ણન કરે છે. પ્રશ્ન ઉઠાવ્યો છે. '**વળી જો કોઈ આમ પ્રશ્ન કરે કે જે વેળા વસ્તુ વિકારરૂપ પ્રગટે છે...**' ૫૨ પાને મથાળે છે. '**જે વેળા વસ્તુ વિકારરૂપ પ્રગટે છે (-પરિણમે છે)...**' પ્રગટે છે એટલે પરિણમે છે '**તે વેળા સ્વભાવભાવ ક્યાં હોય છે? (તે) નાશ થાય છે કે રહે છે?**' આવો પ્રશ્ન ઉઠાવ્યો છે. આગળ એ તો કહી દીધું કે વસ્તુસ્વભાવમાં આ વિકાર છે એ ઉપાધિરૂપ ભાવ છે. પરવસ્તુને અનુસરતો ભાવ છે. પુદ્ગલકર્મના ઉદયને અનુસરતો ભાવ છે. ઉપર ઉપરનો ભાવ છે, બહારથી આવેલો એટલે સ્વભાવમાંથી નહિ આવેલો ભાવ છે. તેથી એને ઉપાધિભાવ કહીએ. પણ વસ્તુ ખુદ સ્વયં પોતે જ પરિણમે છે. વિકારભાવે કે અવિકારભાવે વસ્તુ સ્વયં પોતે જ પરિણમે છે. ત્યારે સ્વભાવ ક્યાં ગયો? સ્વભાવ ક્યાં રહે છે? સ્વભાવનો અભાવ થાય છે? સ્વભાવ નાશ પામે છે? કેવી રીતે સ્વભાવ હોય છે? સ્વભાનું ત્યાં શું સ્થાન છે? અભાવરૂપ છે? રહે છે તો કઈ સ્થિતિમાં રહે છે? આવો પ્રશ્ન ઉઠાવ્યો છે.

'**તેનો ઉત્તર :- સ્વભાવભાવ ગુપ્તરૂપ રહે છે.**' સ્વભાવ ગુપ્ત થઈ જાય છે, ઢંકાઈ જાય છે. જેને એમ કહેવામાં આવે છે કે સ્વભાવ છે એ ઢંકાઈ જાય છે. જીવને લક્ષમાં ન આવે એવી સ્થિતિમાં સ્વભાવ ઢંકાઈ ગયો એમ કહેવામાં આવે છે. સ્વભાવ ત્રિકાળ એકરૂપ છે અને સ્વભાવ સ્વભાવરૂપે છે. જીવ લક્ષ કરે છે ત્યારે પર્યાયમાં સ્વભાવભાવરૂપ અવસ્થા થાય છે. એવો જે સ્વભાવ છે એ સ્વભાવનો નાશ થાય એમ તો બનતું નથી. સ્વભાવનો અભાવ થાય, વસ્તુ મંદ વિકારરૂપે પરિણમે કે તીવ્ર વિકારરૂપે પરિણમે અથવા જઘન્ય વિકારરૂપે પરિણમે કે જીવ ઉત્કૃષ્ટ નિગોદના ભાવે વિકારરૂપે પ્રચુર વિકારરૂપે પરિણમે તોપણ સ્વભાવ સ્વભાવરૂપે નાશ પામે એવું કદી બનતું નથી. સ્વભાવ રહે છે? હા, રહે છે. રહે છે તો પછી કેમ જણાતો નથી? કે જાણનાર અવસ્થા છે એ મૂંઢાઈ ગઈ છે. અને એનો જે અવસ્થામાં આવિર્ભાવ થવો જોઈએ એવો પ્રકાર અવસ્થામાં નથી. તેથી સ્વભાવ ગુપ્તરૂપે રહે છે એમ કહે છે.

દૃષ્ટાંત અહીંયાં લાગુ પડે છે, સ્ફટિકનું દૃષ્ટાંત એવી રીતે લાગુ પડે છે કે સ્ફટિક સ્ફટિકપણે છે. જ્યારે કોઈ રંગીન પદાર્થ, રંગીન કપડું કે ફૂલ નજીક આવ્યું ત્યારે

એમાં જે તે રંગની ઝાંય પડી ત્યારે સ્ફટિકનો સ્વભાવ ક્યાં ગયો? પારદર્શકપણું એવો જે સ્ફટિકનો સ્વભાવ, સ્ફટિકપણું, સ્ફટિકનું રૂપ તે ક્યાં ગયું? કે ઝાંયને મુખ્યપણે જોતાં તે ઢંકાઈ ગયું છે. જો ઝાંયને મુખ્યપણે જોવામાં આવે તો. તે જ કાળે ઝાંયને ગૌણ કરીને સ્ફટિકપણાને મુખ્ય કરીને જોવામાં આવે તો સ્ફટિકપણું ઢંકાયેલું પણ નજરમાં-લક્ષમાં બરાબર સ્પષ્ટ આવે છે. ઝાંયકાળે પણ એ સમજી શકાય છે, લક્ષમાં લઈ શકાય છે. પણ ઉપાધિ કાળે ઉપાધિમાં હુંપણે જીવ ઘેરાય ત્યારે એને સ્વભાવનું લક્ષ ન થાય. ઉપાધિ કાળે પણ ઉપાધિથી ભિન્ન રહીને સ્વભાવને લક્ષમાં લેવામાં આવે, પરિણમનમાં સ્વભાવની મુખ્યતા રહે તો વિભાવ ગૌણ થઈને સ્વભાવ બરાબર સ્પષ્ટપણે, વ્યક્તપણે લક્ષમાં, અનુભવમાં લઈ શકાય છે. જીવ કેવી રીતે વિભાવ કાળે પણ સ્વભાવને લક્ષમાં લે છે કે નથી લેતો? એટલું વિચારી લેવું જોઈએ.

મુમુક્ષુ :- સ્ફટિક જ્યારે રંગીન થાય છે ત્યારે જે રંગ છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- રંગીનપણાની ઝાંય છે એ સ્ફટિકમાં જ છે. એ સ્ફટિકનું જ પરિણમન છે. હવે કોઈ એવો તર્ક કરી શકે કે સ્ફટિક સ્ફટિકપણે રહ્યો તો પછી આ પારદર્શકના બદલે રંગીન કેમ દેખાય છે? એને અહીંયાં પૂછવામાં આવે છે કે તું કઈ દૃષ્ટિએ અત્યારે સ્ફટિકને જોવે છો? એના રંગીનપણાની મુખ્યતાથી જોઈશ તો તને આખો સ્ફટિક રંગાયેલો જણાશે. અને એની નિર્મળતાની દૃષ્ટિથી જોઈશ તો તને એની ઝાંયનું પણ જ્ઞાન થશે અને એના પારદર્શકપણાનું પણ જ્ઞાન તને બરાબર થશે. એમ કહેવું છે. આ જીવને ઉપાધિ આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં સ્વભાવ પરોક્ષ તરીકે આવે છે ને? સ્ફટિકનો શુદ્ધ સ્વભાવ છે એ પરોક્ષ આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે સ્વભાવ છે તો પ્રત્યક્ષ. જીવ કોનું મુખ્યપણું કરે છે એના ઉપર એને સ્વભાવ જણાય કે સ્વભાવ ન જણાય એમ બને. આપણે વાસ્તવિકતાથી જ લઈએ કે જ્યારે કોઈ ઉપાધિ આવે છે, તકલીફ, ઉપાધિ, પ્રતિકૂળતામાં જીવ વધારે ઘેરાય છે ત્યારે એને બોજો આવે છે, Tension આવે છે ત્યારે એને એ સિવાય બીજું કાંઈ પોતાનું અસ્તિત્વ લાગે છે? એને કાંઈ બીજું અસ્તિત્વ લાગતું જ નથી. આખો એકાકાર થઈ જાય છે. આમ તો અનુકૂળતામાં પણ એકાકાર થઈ જાય છે. પણ એ ન પકડી શકે. અહીંયાં જરા આકુળતા વધારે તીવ્ર છે એટલે વધારે સ્થૂળ પરિણમન થાય છે. એટલે સમજવું થોડું સહેલું પડે. આખેઆખો પોતાને ઉપાધિરૂપ ગ્રહણ કરે છે. ઉપાધિમય જ સમજે છે. પણ એ ઉપાધિ ક્યારે આવી? ઉપાધિ જીવને આવે કે ઉપાધિ અજીવને આવે? કોઈ પત્થરને ઉપાધિ આવે છે?

જીવ સિવાય તો ઉપાધિ આવતી નથી. જીવનું જીવત્વ છે, ચૈતન્યત્વ છે એ જો મુખ્ય કરવામાં આવે તો જ ઉપાધિની ગૌણતા થાય. જો ઉપાધિને મુખ્ય કરવામાં આવે તો ચૈતન્ય નહિવત્ થઈ જાય છે અથવા ગૌણ થાય છે એટલે કે છે જ નહિ, એ પ્રકારે અનુભવ રહે છે. આ તો વાસ્તવિકતા છે કે નહિ? દરેકને અનુભવગોચર થાય એવી (છે).

અહીંયાં પ્રશ્ન પૂછ્યો કે એવી સ્થિતિ થઈ, વિકારરૂપે જીવનું પરિણમન થયું ત્યારે સ્વભાવ ક્યાં રહે છે? સ્વભાવ ચાલ્યો નથી જતો. સ્વભાવ ગુપ્ત થઈ જાય છે. ગુપ્તપણે રહે છે. રહે છે ખરો, પણ એની ગુપ્તતા હોવાથી એ તને નજરમાં આવતો નથી. જ્યારે એને લક્ષમાં લ્યે છે ત્યારે અવસ્થા સ્વભાવઆકારે અથવા સ્વઆકારે સ્વરૂપરૂપે પરિણમન હોવાથી સ્વભાવ વ્યક્ત થયો એમ કહેવામાં આવે છે. પણ ગુપ્ત અને વ્યક્ત એ તો અવસ્થાભેદ છે. બન્ને અવસ્થામાં સ્વભાવ તો જેવો છે તેવો છે. ન તો વ્યક્ત થાય છે સ્વભાવ ત્યારે વ્યક્ત અવસ્થાની મુખ્યતા કરવી કે જ્યારે વ્યક્ત નથી થતો ત્યારે વિકાર અવસ્થાની મુખ્યતા કરવી. કોઈપણ અવસ્થાની મુખ્યતા નહિ કરતા, ગુપ્ત અને વ્યક્તપણું, ગુપ્તપણું અને વ્યક્તપણું બન્ને લક્ષમાં નહિ લેતાં માત્ર સ્વભાવને લક્ષમાં લેવો એ સાચી પદ્ધતિ છે, એ સાચી રીત છે.

એ તો 'અનુભવ પ્રકાશ'માં નાખ્યું છે, ગુપ્ત અને વ્યક્ત એ તો અવસ્થાભેદ છે. એવો જે સ્વભાવ તેને શ્રદ્ધામાં લેવો કે હું જ આવો છું, એમ શ્રદ્ધવું તે અનંત સુખનું મૂળ છે. એમ લીધું છે. એવું શ્રદ્ધાન તે અનંત સુખનું મૂળ છે. અને એ રીતે શ્રદ્ધાનમાં પોતાનું સ્વરૂપ ન લેવામાં આવે તો મિથ્યાશ્રદ્ધાન થાય છે કે જે અનંત દુઃખનું મૂળ છે. પ્રતિપક્ષમાં તે અનંત દુઃખનું મૂળ છે. ભાવાર્થમાં પણ સ્પષ્ટ કરે છે.

મુમુક્ષુ :- ... વસ્તુ છે એમ જ છે, પણ મુખ્ય-ગૌણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, વસ્તુ તો જેમ છે તેમ છે. મુખ્ય-ગૌણ કરતા આખી પરિસ્થિતિ બદલાઈ જાય છે. પરિણામનો ક્રમ પણ ફરી જાય છે. ઉત્તરોત્તર પરિણામ શુદ્ધત્વને પામતા જાય છે. જો સ્વભાવની મુખ્યતા કરવામાં આવે તો. જો સ્વભાવની મુખ્યતા ન થાય તો વિભાવની મુખ્યતા અનાદિથી થઈ રહી છે. પરિણામ ઉત્તરોત્તર અશુદ્ધપણાને પામતા જાય છે. એટલે વધારેમાં વધારે મલિન.. મલિન.. મલિન થતા જાય છે. અને નીચે નીચે પરિણામ જતા જાય છે.

મુમુક્ષુ :- ભાવકર્મનો દોષ કંઈ ખરો?

પૂજ્ય ભાઈશ્રી :- ભાવકર્મ એ પોતે જ દોષરૂપ છે. એનો દોષ એટલે એ પોતે

દોષસ્વરૂપ જ છે. આત્માનું જે ભાવકર્મ એ પોતે દોષસ્વરૂપે જ છે.

મુમુક્ષુ :- કટકા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ થાય છે પણ નિર્દોષ સ્વભાવ છે ખરો. જ્યારે દોષ થાય છે ત્યારે નિર્દોષ સ્વભાવનું અસ્તિત્વનું જ નથી, નિર્દોષ સ્વભાવની હયાતી જ નથી એમ નથી. પણ આ જીવને એક તો સ્વભાવની ઓળખાણ નથી. ઓળખાણ નહિ હોવાથી એનું મૂલ્ય, એની કિંમત, એની મહિમા એ નથી. એટલે એના પરિણામમાં એનો ભાર આવતો નથી. આપણે નથી કહેતા? તમે હશો તો જરાક ભાર પડશે. એમ નથી કહેતા કોઈ? તમે હાજર રહેજો. ભલે તમે કાંઈ ન બોલો, તમારી હાજરી હશે તો ફેર પડશે, એમ નથી કહેતા? એમ સ્વભાવ જો લક્ષમાં હોય, સ્વભાવ સ્વભાવના ઠેકાણે છે, પણ પરિણામમાં જ્ઞાનના લક્ષમાં સ્વભાવ હોય કે હું આવો મહાન પદાર્થ છું. અનંત અનંત આનંદ મારામાં ભર્યો છે. અનંત સુખ મારામાં ભર્યું છે, અનંત જ્ઞાન મારામાં ભર્યું છે. તો પરિણામ ઉપર એનો ભાર રહે છે. તો પરિણામ ઉધરઉધર ઊડે છે એ બહુ ઊડે નહિ. એટલે એનો જે ભાવકર્મનો દોષ એ પહેલા તો મર્યાદામાં આવે છે. મર્યાદામાં આવતો આવતો ક્રમશઃ એ ઘટતો ઘટતો સર્વનાશ પામે છે. એ એની પદ્ધતિ છે.

મુમુક્ષુ :- સભાનતા હોવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- સભાનતા હોવી જોઈએ. એને ભાન રાખતા આવડે છે. જીવને પોતાનું ભાન રાખતા નથી આવડતું? કર્મજનિત અવસ્થાનું ભાન રાખે છે. કોઈ જરાક આઘુપાછું સંબોધન કરે કે સીધું કે આડકતરી રીતે આઘુપાછું કાંઈ પણ સંભળાવે તો શું કહે? કે ભાઈ, તમારા માપમાં રહો. મને એમ લાગે છે તમે કાંઈક મર્યાદાથી આગળ વધી રહ્યા છો. વધી રહ્યો છો, એમ કહે છે કે નહિ? એ પોતાનું સભાનપણું છે ત્યારે કહે છે કે નહિ? એવું એને વગર ગોખે, વગર યાદ કર્યે પોતાનું સભાનપણું સતત રહે એવું એનામાં સામર્થ્ય છે, શક્તિ છે. પણ એ પોતાની વર્તમાન અવસ્થામાં સભાનપણું રાખે છે. અહીંયાં શ્રીગુરુ કહે છે કે તું તારું મૂળ સ્વરૂપ છે એનું ભાન રાખ, એનું સભાનપણું રાખ. આમ ફેર છે.

મુમુક્ષુ :- સ્ફટિક લાલ થઈ ગયું એવો અજ્ઞાનીને ભ્રમ છે, એમ હું રાગમય થઈ ગયો એવો પણ અજ્ઞાનીને ભ્રમ છે. ખરેખર તો રાગમય નથી થયો...

પૂજ્ય ભાઈશ્રી :- જો સ્ફટિક સ્વભાવે કરીને લાલ થઈ ગયો હોય તો લાલાશ નીકળે નહિ. રાગરૂપ જો જીવ સ્વભાવે કરીને થઈ ગયો હોય તો રાગ મટીને કોઈ વીતરાગ થાય નહિ. પણ એ નવી બહારથી આવેલી ઉપાધિ છે. ઉપાધિના મૂળ

બહુ ઊંડા નથી, એમ કહેવું છે. જેમ 'કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય'. ગમે એટલો સ્વપ્નની અંદર જોરદાર ભાવ આવ્યો હોય, પણ જાગે ઈ ભેગો એ સ્વપ્ન છે એ નહિવત લાગે છે, કલ્પનામાત્ર લાગે છે. અને એવી જ રીતે અનાદિનો વિભાવ પોતાના મૂળ સ્વરૂપને, મૂળ સામર્થ્યને લક્ષમાં લેતા એ વિભાવ કલ્પનાવત્ લાગે છે, સ્વપ્નવત્ લાગે છે. આખો સંસાર એને સ્વપ્નવત્ લાગે છે. એને સંસારના સર્વ કાર્યો, સર્વ પ્રસંગો, તમામ ઉપરથી એનું વજન ઊડી જાય છે. એટલો પોતે હળવો થઈ જાય છે કે એને બીજે ક્યાંય વજન રાખવાનો પ્રશ્ન રહેતો નથી. વજન જ એનું ખલાસ થઈ જાય છે. એટલું વજન સ્વભાવને લક્ષમાં લેતા પરિણામ ઉપર સ્વભાવનું વજન પડે છે.

મુમુક્ષુ :- રાગ પણ સર્વથા છે જ નહિ એમ માને તો તે ખોટું છે.

પૂજ્ય ભાઈશ્રી :- તો સ્ફટિકમાં ક્યાંથી લાલ ઝાંય આવી? છે જ નહિ એમ માને તો ભૂલ છે એની. લાલપણું છે અને તમે માનતા નથી. એમ કેમ કહેવાય? એનું સ્થાન કેટલું છે? એની મર્યાદા કેટલી? એનું સ્વરૂપ કેટલું? બસ, એટલું જાણો. જેટલું છે એટલું જાણો, જેમ છે તેમ જાણો. એમ કહેવું છે. આઘુપાછું, ઓછુંવત્તું શું કરવા જાણવું જોઈએ?

ભાવાર્થ :- '**આ સ્વભાવભાવ તો પ્રગટ પરિણામરૂપ છે. તે તો નથી ગયો.**' હવે ભાવાર્થમાં વધારે કહે છે. ગુપ્તરૂપ છે તો શક્તિરૂપ છે કે વ્યક્તિરૂપ છે? ઠીક! શક્તિરૂપ છે તો શક્તિ અમને જલ્દી નથી સમજાતી. વ્યક્ત હોય અને પ્રગટ હોય તો કાંઈક અમે એને ભાળીએ. પરિણામરૂપ છે કે અપરિણામરૂપ છે? સ્વભાવ તો પ્રગટ પરિણામરૂપ છે. આ ૧૭-૧૮ ગાથાનો વિષય લીધો. સ્વભાવ તો પ્રગટ પરિણામરૂપ છે. પ્રગટ પરિણામરૂપ છે એટલે આબાળગોપાળને સદાય અનુભવમાં આવી રહ્યો છે. અનુભવમાં ક્યારે આવે? એની પ્રગટતા હોય તો અનુભવમાં આવે. પરિણામરૂપ હોય તો અનુભવમાં આવે. આ સ્વભાવ તો પ્રગટ પરિણામરૂપ છે. અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલો જ છે એમ કહે છે. વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ત છે. '**તે તો નથી ગયો.**' તે ગયો નથી.

'**પરંતુ જો તે વસ્તુ છે તો તે સ્વભાવભાવ તો પોતે જ છે.**' વસ્તુ તો સ્વભાવસ્વરૂપ છે અને સ્વભાવ છે એ જ વસ્તુનું સર્વસ્વ છે. જો વસ્તુ છે તો સ્વભાવભાવ તો તે પોતે જ છે. વસ્તુસ્વરૂપે પોતે જ છે. '**તે વિકાર જતાં જ વ્યક્તભાવરૂપ પરિણામ થવો સોહલો છે.**' જીવ એક ઉપાધિનો વ્યય થાય, તે જ કાળે નવી ઉપાધિ ગ્રહણ કરી લેતો હોવાથી અને નવી ઉપાધિનો વ્હોરી લેતો હોવાથી એને સ્વભાવભાવ લક્ષમાં

આવતો નથી. બાકી વિભાવ તો ઝાંય જેવો છે. સ્ફટિકમાં આવેલી ઝાંય જેવો છે. જેવો એ ઉદય ખસ્યો કે એ પરિણામ એનાથી રહિત થઈ જાય છે. કેમકે અંદર તો ઉદયનું પ્રતિબિંબ હતું. ક્રોધપ્રકૃતિનો ઉદય હતો ને એનું પ્રતિબિંબ હતું. અહીંયાં ક્રોધપ્રકૃતિ ખરી ગઈ, એનો વિપાક આવ્યો હતો એટલે, તો પછી અહીંયાં ક્રોધભાવ રહી શકે નહિ. રાખવો હોય તો ન રહે. ક્રોધ આપોઆપ જ શાંત થાય. પણ જીવ ધારાવાહીપણે એ ક્રોધ ઉપાધિ વ્યય થતાં, તે જ કાળમાં, તે જ સમયમાં બીજી ઉપાધિ ગ્રહણ કરી લ્યે છે. એમ એ ઉપાધિમાં સતત રહે છે. તેથી એ સ્વભાવને જોઈ શકતો નથી, સ્વભાવનો એ આવિર્ભાવ કરતો નથી અને વિભાવમાં ને વિભાવમાં તણાયા કરે છે. વિભાવના પ્રવાહની અંદર એ તણાય જાય છે. તણાયા જ કરે છે.

એટલે અહીંયાં કહે છે કે સ્વભાવ તો પ્રગટ પરિણામરૂપ છે. તે તો નથી ગયો. પરિણામમાં છે. પરિણામમાં જ્ઞાનથી જો તું પકડ તો જે જ્ઞાનમાં પરપદાર્થનું પ્રતિબિંબ પડ્યું એ એના જ્ઞાનના પ્રકાશસ્વભાવ વિના કેમ પ્રતિબિંબ પડ્યું? કેવું એવું અચેતનમાં લાકડામાં પ્રતિબિંબ નથી પડતું? આ જણાય છે, તે જણાય છે એવું આ લાકડાને કેમ થતું નથી? તો જે જાણે છે, જાણે છે, જાણે છે, જાણે છે એમાં સ્વભાવથી જાણે છે. જાણવાના સ્વભાવથી જાણે છે. એમ સ્વભાવને તું જો. ઉપયોગદ્વારમાં સ્વભાવશક્તિને તું જો, એમ કહેવું છે. તો તને સ્વભાવ પ્રગટ જણાશે. વ્યક્તરૂપ છે એમ જણાશે. સ્ફટિકની ઝાંય કાળે પણ સ્ફટિકનું નિર્મળત્વ છે એ લક્ષમાં લઈ શકાય છે અને સ્ફટિકને સમજી શકાય છે કે સ્ફટિક તો નિર્મળ જ છે. અત્યારે ઝાંય પડેલી છે. બાકી સ્ફટિક છે એનું સ્ફટિકપણું ચાલ્યું ગયું છે એવું કાંઈ નથી.

'સમયસાર'માં ચૌદમી ગાથામાં એક દૃષ્ટાંત આપ્યો છે-પાણીનો. જ્યારે કાદવ સાથે પાણી મળેલું છે ત્યારે પણ પાણીએ એની નિર્મળતા સ્વભાવથી ખોઈ છે? મલિન પાણી છે ત્યારે પણ સ્વભાવથી એણે નિર્મળતા ખોઈ છે, નાશ પામી ગયો છે એવું નથી. એટલે ફટકડીથી એને નિર્મળ કરવામાં આવે છે. જો પાણી મેલું દેખાય છે, કાદવથી મળેલું, ડહોળું દેખાય છે અને આવું જ પાણી હોય એમ જેને પાણીના મૂળ સ્વભાવનો ખ્યાલ ન હોય, પાણીનું મૂળ સ્વરૂપ ન જાણતો હોય અને પાણી તો આવું જ હોય એમ જાણનાર કદી પાણીને સ્વચ્છ કરવાનો પ્રયત્ન ન કરી શકે. અને સ્વચ્છ કરવાનો પ્રયત્ન કરે છે એ એમ જણાવે છે કે એને મલિનતાની પણ ખબર છે અને એને નિર્મળતાની પણ ખબર છે. ત્યારે એ મલિનતાને દૂર કરીને નિર્મળતાને ઉપભોગ કરવા ચાહે છે. તો બન્નેનું સાચું, યથાર્થ જ્ઞાન એમાં આવી જાય છે. અને એકલા મલિનસ્વરૂપે પાણીને જોતાં ન તો મલિનતાનું સાચું જ્ઞાન છે, ન

તો પાણીના શુદ્ધ સ્વરૂપનું સાચું જ્ઞાન છે. એણે તો પાણી જ એવું માની લીધું છે. એ પાણીને ઓળખતો નથી અને મલિનતાને પણ ઓળખતો નથી.

'**પરંતુ જો તે વ્યક્ત છે તો તે સ્વભાવભાવ તો પોતે જ છે. તે વિકાર જતાં વ્યક્તભાવરૂપ પરિણામ થવો સોહલો છે.**' અને એ વિકાર જતાં તો વિકાર તો જવાનો જ છે. એ કોઈ કાયમી ચીજ નથી, ક્ષણિક છે. ઉદયમાત્રમાં નિમિત્તરૂપ થયેલી ઉપાધિ છે. એ કાંઈ કાયમ રહેતી ચીજ નથી. રાખવી હોય તોપણ રહે એવું નથી. પછી એની સ્થિતિ ગમે તેટલી હોય, પણ એ કાયમ નથી એ વાત નક્કી છે. આયુષ્યકર્મનો ઉદય આયુષ્ય પૂરતો છે. આયુષ્ય પૂરું કરે, દેહત્યાગ ન કરવો હોય તોપણ રહી શકે નહિ. કોઈનો રાખ્યો રહી શકે એવું બને છે? નહિ બની શકે. અમને તો આ ગમે જ છે. આ શરીર હવે છોડવું ગમતું નથી. એમાં નહિ ચાલે. આ પરિસ્થિતિ છે. પણ એમાં એ ઉદય પૂરો થાય તો એ ઉદય પૂરો થતાં એણે સ્વભાવ તરફ વળવું જોઈએ. અહીંયાં એમ કહે છે.

'**વિકાર જતાં વ્યક્તભાવરૂપ પરિણામ થવો સોહલો છે.**' પરિણામ વ્યક્તભાવરૂપ પરિણામ સ્વભાવ વ્યક્તભાવરૂપ થાય એ સહેલો છે. ઉપાધિમાં તું ઘેરાયેલો છો, એ ઉપાધિભાવ પૂરો થવાનો છે, કાયમ રહેવાનો નથી. સ્વભાવ બાજુ વળવાનો તારો પ્રયત્ન ચાલુ હશે તો વિભાવ ગયો અને નવો આવે એ પહેલાં તું સ્વભાવને વળગી લે. વિભાવ કાળે પણ સ્વભાવને લક્ષમાં લેવા સ્વભાવમાં એકાગ્ર થવા તારો પ્રયત્ન હોય તો વિભાવ તો પૂરો જ થવાનો છે. કદાચ ઉદયમાં જ વિભાવ તને સ્વભાવમાં એકાગ્ર થવા ન દે, પણ એ તો પૂરો થઈ જશે. પછી? તારો પ્રયત્ન સફળ થઈ જશે. જો તું પ્રયત્નમાં હોઈશ તો. નહિતર તારો પ્રયત્ન સફળ થશે નહિ અથવા તારો પ્રયત્ન બીજા વિભાવને અંગીકાર કરવાનો થશે. કેમકે ઉદય પાછો ધારાવાહી છે. આવ્યા જ કરે છે, આવ્યા જ કરે છે, આવ્યા જ કરે છે. પોતે પ્રયત્નવાન થાય તો ઉદયથી મુક્ત થાય છે અને ન થાય તો ઉદયમાં તણાય છે. બસ.

'**જેમકે-તે બિલાડી છે. તો તેનો સ્વભાવભાવ પણ ગયો નથી.**' બિલાડી બિલાડીરૂપે ક્યારેય મટી ગઈ નથી. '**કેમકે જે કાળે તે જડીનું નિમિત્ત જાય છે (ટળે છે), નિમિત્ત જતાં જ તે બિલાડીના આળોટવાનો વિકાર જતો રહે છે.**' લોટણ જડી પાસે બિલાડી આળોટે છે. એમાં કોઈ બકરી આવીને એ વનસ્પિત ખાઈ ગઈ. જ્યાં બિલાડી લોટણ જડીને જોઈને આળોટતી હતી, એમાં બકરી આવીને બિલાડીનો ટોપ ખાઈ ગઈ. બકરી તો ઘાસ ખાય છે. તો તરત જ આનું આળોટવાનું બંધ થઈ જાય છે. કેમકે એ તો એને લક્ષમાં લઈને આળોટતી હતી. એનું લક્ષનું

નિમિત્ત ચાલ્યું ગયું. તો એનું આળોટવાનું આપોઆપ બંધ થઈ ગયું. પછી એને આળોટવાનો વિભાવ રહેતો નથી.

'**કેમકે જે કાળે તે જડીનું નિમિત્ત જાય છે (ટળે છે), નિમિત્ત જતાં જ તે બિલાડીના આળોટવાનો વિકાર જતો રહે છે. ત્યારે તો તે બિલાડીનો નિજજાતિસ્વભાવ પ્રગટ થાય છે.**' ત્યારે એ પોતે બિલાડીપણે બરાબર જાગૃત થાય છે કે રખે કોઈ કૂતરુ આવતું નથી ને? રખે કોઈ મને મારવા આવતું નથી ને? એનો જે ચંચળ સ્વભાવ છે એમાં એ બરાબર જાગૃત થઈ જાય છે. '**વળી જો આળોટતાં બિલાડીપણું મટી ગયું હોત તો બિલાડીનો તે સ્વભાવ ક્યાંથી પ્રગટ થાત?**' જ્યારે એ જાગૃતિ ગુમાવી બેઠી હતી અને આળોટતી હતી ત્યારે પણ એનું બિલાડીપણું તો હતું જ. જો નહોતું તો એ ક્યાંથી બિલાડી થઈને ભાગી ગઈ પાછી?

એમ કહે છે કે આત્મા શુદ્ધ સ્વભાવે શુદ્ધાત્મ સ્વરૂપે તો સદાય છે. એને કોઈ બનાવવો છે એમ નથી. આત્માને બનાવવો છે એમ કાંઈ નથી. ફક્ત પોતે ભાન ગુમાવ્યું છે, પોતે પોતાના ભાનમાં નથી. એ એને ભાનમાં આવવાની જરૂર છે કે ખરેખર હું કોણ છું? અને કેવો છું? એ જો પોતાના નિજ ભાનમાં આવે તો આત્મા શુદ્ધ ચૈતન્યમય છે, સિદ્ધપદસ્વરૂપ છે, એમાં કાંઈ નવું બનાવવાનો પ્રશ્ન નથી.

જગત પાસે આ બહુ મોટી સમસ્યા છે. આસ્તિક્ય દર્શનોમાં એ વાત સ્પષ્ટ છે કે દોષ ટાળવા જોઈએ, અવગુણ છે એ દુઃખદાયક છે, દોષ છે એ દુઃખદાયક છે અને ગુણ પ્રગટાવવા જોઈએ, નિર્દોષતા આવવી જોઈએ, લાવવી જોઈએ. પણ સમસ્યા એ છે કે કઈ રીતે? કઈ પદ્ધતિએ એ કાર્ય થાય? આ બહુ મોટી સમસ્યા છે. અનેક સંપ્રદાયો છે અને એ તમામ સંપ્રદાયોમાં ઘણા બુદ્ધિવાળા માણસો પણ ઉત્પન્ન થયેલા છે. બુદ્ધિમાન માણસો એની અંદર નહોતા એવું નથી. પણ એ માત્ર બુદ્ધિનો વિષય નથી કે બુદ્ધિ ઘણી હોય તો એ સમજી શકે.

નહિતર એટલો તો ત્યાં હિતવિચાર પણ છે કે આને હિત સાથે સંબંધ છે કે જો જીવ પોતાનું હિત કરવા ચાહે તો જ એને માર્ગ મળે અથવા કાર્યપદ્ધતિ સમજાય. એકાંત હિત કરવાની બુદ્ધિ હોય એને જ સમજાય છે. એવી જ વસ્તુવ્યવસ્થા છે. અને એ લોકો આસ્તિક્ય દર્શનમાં આત્મ કલ્યાણ કરવા માટે, જે ધર્મ કરવા માટે ધર્મના ક્ષેત્રમાં કાર્યાન્વિત થાય છે એટલી હદે તો એ લોકો પણ વિચારવામાં આવ્યા છે કે દોષ અને અવગુણ છે એ હિતકર નથી, પણ આત્માને અહિતકર છે, જીવને અહિતકર છે. છતાં પણ જે સંપ્રદાયમાં આવ્યા તે સંપ્રદાયનું તે પ્રકારનું પૂર્વકર્મ લઈને આવ્યા. અને એ પ્રકારના પૂર્વકર્મને લઈને આવ્યા એટલે એના મમત્વનો ભાવ પણ

સાથે લઈને આવ્યા. એનો જે પક્ષ રહી ગયો એમાં એને સ્થૂળ વિપરીતતા પણ લક્ષગત થતી નથી.

કેમકે દરેક સંપ્રદાયમાં સ્થૂળ વિપરીતતા અવશ્ય ઊભી છે. જો જીવ એકાંત આત્મહિતનો વિચારવાન જીવ હોય તો એને એ સામે અથડાયા વિના રહે નહિ કે આ આમ કેમ છે? આમ તો હોવું ન જોઈએ અને આમ કેમ છે? એ એને આવ્યા વિના ન રહે. પણ જીવ મમત્વને લઈને એ વિષય તો ગૌણ કરી જાય અને કેટલોક વિષય જે કાંઈક ઠીક દેખાતો હોય, સારો લાગે એવો હોય એને મહત્તા આપે કે અમારામાં આમ પણ છે, અમારામાં આમ પણ છે. આવી સરસ વાતો, આવો બોધ છે, આવો ઉપદેશ છે. તો એને સાંગોપાંગ પરિપૂર્ણ નિર્દોષ થવું છે એ વાત ખરેખર એને માટે રહી નહિ.

વિપરીત અભિનિવેશ રહિત નવ તત્ત્વનું શ્રદ્ધાન કરવું. વિપરીત અભિનિવેશ રહિત દેવતત્ત્વનો સ્વીકાર કરવો, વિપરીત અભિનિવેશ રહિત ગુરુતત્ત્વનો સ્વીકાર કરવો, વિપરીત અભિનિવેશ રહિત શાસ્ત્ર સિદ્ધાંતોનો સ્વીકાર કરવો, વિપરીત અભિનિવેશ રહિત સત્પુરુષનો સ્વીકાર કરવો. એ ચારે પદની અંદર ક્યાંય વિપરીતતા હોય તો તરત એનો ત્યાગ કરવો. વિપરીતપણું લાગે ત્યાં એનો ત્યાગ કરવો. ત્યાગ કરવો એટલે નિષેધ કરવો, એને સંમત ન કરવું. એવી સ્થિતિમાં જે જીવ હોય એ ગમે ત્યાં ગમે તે સંપ્રદાયમાં ગમે તે ધર્મમતમાં ક્યાંય પણ સલવાય નહિ. ત્યાંથી નીકળી જ જાય અને માર્ગ ઉપર આવી જાય છે. આ એનો નિયમ છે.

દિગંબર સાહિત્યમાં આ વિષય છે એ અજોડ વિષય છે. જગતના કોઈ સાહિત્યમાં નથી. કઈ પદ્ધતિએ વિકારનો નાશ કરવો? જીવનું વિકારપણું શું છે? એનું સ્થાન શું છે? અને કઈ પદ્ધતિ અંગીકાર કરવી કે જેથી એ વિકારનો નાશ થાય અને નિર્દોષતાની સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થાય? આ વસ્તુ અહીંયાં છે. બાકી ક્યાંય આ રીતની પદ્ધતિ નથી. જેટલા માર્ગના ફાંટા પડ્યા છે એ માર્ગના મતાંતરમાં પણ આવે છે. કોઈ એમ કહે છે કે અમારો ઉપાય સાચો છે, આ કહે છે કે અમારો ઉપાય સાચો છે. આ કહે છે, અમારો ઉપાય સાચો છે. પણ પરમાર્થનો માર્ગ એક જ છે, અનેક નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એટલે પરમાર્થમાર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે.

લ્યો, 'શ્રીમદ્જી' કહે છે ને કે એક તો જેને પરમાર્થ માર્ગ પ્રાપ્ત છે તેને એવા જ્ઞાની સત્પુરુષ કે જેને માર્ગ મળી ગયો છે અને એક તો તે માર્ગપ્રાપ્ત છે એવા સત્પુરુષના આશ્રયે પ્રવર્તે છે તેને. આમ બે વાત લખી છે. ૫૫૧ નંબરનો પત્ર

છે એમાં એ વાત લીધી છે. મોક્ષમાર્ગમાં પરમાર્થ માર્ગમાં બેની પ્રવૃત્તિ ઘટે છે. એક, જ્ઞાનીની અને એક, જ્ઞાનીના આશ્રયવાનની. ત્રીજાને માર્ગમાં આવવાનો અધિકાર નથી રહેતો. કેમકે એ પોતાના માર્ગે ચાલવા માગે છે. પોતાની રીતે ચાલવા માગે છે. ત્યાં એનો માર્ગ બદલાઈ જાય છે. એ માર્ગને બદલે ઉન્માર્ગે જીવ ચાલ્યો જાય છે.

શું કહે છે? બિલાડી છે તેનો સ્વભાવ ગયો નથી. બિલાડીપણું જો મટી ગયું હોત તો ક્યાંથી તે પ્રગટ થાત? ન થાત. '**તેથી આળોટતા તો બિલાડીપણું જતું નથી, બિલાડીપણું તો રહે છે.**' વિભાવ થાય છે ત્યારે પણ સ્વભાવ જતો નથી. સ્વભાવપણે આત્મા એમ ને એમ રહે છે. એમ જ્ઞાની જાણે છે, અજ્ઞાની એમ જાણતો નથી. એ તો આખેઆખો પોતાને વિભાવમય માને છે. અને એ જ રીતે વર્તે છે, એમ જ માનીને વર્તે છે.

'**જેવી રીતે બિલાડીપણું રહ્યું, તેવી રીતે સ્વભાવભાવ સ્વયં જ રહ્યો. વળી જો રહ્યો તો વ્યક્તરૂપ થવો સોહલો છે.**' સોહલો છે એટલે સહેલો છે. સુખદાયક છે, સરળ છે, સુંદર છે, સોહામણો છે. બધા ભાવ એમાંથી નીકળે છે. જો વળી રહ્યો તો વ્યક્તરૂપ થવો સહેલો છે. વ્યક્તરૂપ એટલે અનુભવરૂપ થવો સહેલો છે. વ્યક્તમાં બે પરિસ્થિતિ છે. જે જીવો વિભાવમાં એકાકાર છે અને સ્વભાવનું ભાન નથી, સ્વભાવના ભાનથી રહિત છે, એવા જીવોને સ્વભાવ ગુપ્તરૂપ છે, વ્યક્ત છે તોપણ ગુપ્તરૂપ છે એમ કહેવામાં આવે છે. તિરોભૂત છે એમ કહેવામાં આવે છે. કેમકે એને હોવા છતાં નહિ હોવા બરાબર છે. અને જેને ભાન છે એને તો પ્રગટ વેદનરૂપ છે, અનુભવરૂપ છે. આને વ્યક્ત હોવા છતાં અનુભવરૂપ નથી. ફેર એટલો છે. એકને અનુભવરૂપ છે અને બીજાને અનુભવરૂપ નથી. છે એ તો પોતાના સ્થાનમાં સ્વભાવ છે તે છે. સ્વભાવ પોતાનું સ્થાન બદલે છે એવું બનતું નથી. આ તાત્પર્ય છે. ઈતિ તાત્પર્ય. આ તાત્પર્ય છે.

વિધિનો વિષય છે એ બહુ મહત્ત્વનો વિષય છે. જીવને અનાદિથી વિધિ પકડાણી નથી, વિધિ સમજાણી નથી અને એટલે જ જીવ માર્ગ ઉપર આવ્યો નથી. ગમે એટલું એને શાસ્ત્ર અનુસાર જ્ઞાન થયું હોય તોપણ અંદરમાં કાર્યની વિધિ અંગીકાર થાય ત્યારે એ વિધિ સમજાણી એમ કહેવાય. નહિતર તો એમ કહે કે બરાબર છે, સ્વભાવ સન્મુખ થવું. અંતર્મુખ થવું. એ વિભાવના નાશની પદ્ધતિ છે. અને પરસન્મુખ થવું, પરદ્રવ્યમાં, રાગાદિમાં એકાકાર થવું તે વિભાવરૂપે પરિણમવાની કાર્યપદ્ધતિ છે. આમ વિધિ તો સ્પષ્ટ છે. આમાં બીજી શું મોટી વાત છે? અને એ તો 'ગુરુદેવે' આટલું સ્પષ્ટ કર્યું છે. નહિતર તો સંપ્રદાયમાં તો એટલુંય ચાલતું નથી. પણ અહીંયાં

આપણા સમાજમાં, આપણાં સંપ્રદાયમાં, સમાજ કહો કે સંપ્રદાય કહો, એમાં એ વિષય સ્પષ્ટ છે. તોપણ વિધિ અંગીકાર થાય ત્યારે વિધિ સમજાણી, ત્યાં સુધી વિધિ સમજાણી નથી. તો એ સમજાણી છે. આમાં તો ન સમજાણું એવું શું છે? અંતર્મુખ થતાં વિભાવનો નાશ થાય છે. અને જીવ અંતર્મુખ નથી થતો ત્યાં સુધી વિભાવનો નાશ થતો નથી. અનાદિથી વિભાવ ચાલુ રહે છે. આ ન સમજાણું? આ તો બરાબર સમજાણું છે.

કહે છે, એ સમજાણું તે ઓઘસંજ્ઞાએ સમજાણું છે. હજી અહીં સુધી ઓઘસંજ્ઞા છે. કુળધર્મને અનુસરે ત્યારે તો ઓઘસંજ્ઞા છે. પણ કોઈ એમ કહે કે અમે તો સંપ્રદાય બદલીને આમાં આવ્યા છીએ. પહેલાં સ્થાનકવાસી હતા, દેરાવાસી હતા, ફલાણું હતું અથવા પહેલાં દિગંબર હતા તોપણ આવું કાંઈ વિચારતા નહોતા. હવે વિચારીએ છીએ. માટે હવે અમને ઓઘસંજ્ઞા નથી. નહિ, હજી ઓઘસંજ્ઞા છે. ઓઘસંજ્ઞાની હદ ક્યાં સુધી? લ્યો, ઠીક! આટલું વિચારી શકે પણ વિધિ સાક્ષાત્ અંગીકાર ન કરી શકે ત્યાં સુધી એને ઓઘસંજ્ઞા કહી છે. અથવા એ અંગીકાર કરવાનો સાચો પ્રયાસ થાય, અંતર્મુખ થવાનો સાચો પ્રયાસ થાય ત્યારે ઓઘસંજ્ઞા નથી. પછી પ્રયાસમાં સફળ થાય ત્યારે એનો અનુભવ એને આવી જાય છે. પણ ઓઘસંજ્ઞા ક્યાં સુધી છે? કે જ્યાં સુધી આ વિચારે છે પણ અંદરમાં સાક્ષાત્ વિધિ પકડી શકતો નથી ત્યાં સુધી એની આ સમજ પણ ઓઘસંજ્ઞામાં જાય છે. અને ઓઘસંજ્ઞાથી સમજાયેલી વાતને ઓઘે ઓઘે જ દૃઢ કર્યે જાય, એને એ વાંચ્યા કરો, એને એ સાંભળ્યા કરો, એને એ વાંચ્યા કરો, આપણે દૃઢ કરો. એ ઓઘસંજ્ઞાને દૃઢ કરતા દર્શનમોહને દૃઢ કરી જાય છે. અહીંયા પાછો દર્શનમોહને છેડો અડે છે.

નહિતર એના તબક્કા જુદા જુદા લે તો તીવ્ર મિથ્યાત્વમાં હોય તો તે અન્યમતને અનુસરે છે. અથવા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માને છે, મનાવે છે, અનુમોદે છે, પ્રશંસે છે. એ અન્યમતનો ભાવ થઈ ગયો. ત્યાં મિથ્યાત્વ તીવ્ર થયું. ત્યાંથી મંદ મિથ્યાત્વમાં આવે ત્યારે સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર સિવાય બીજા કોઈને માને, મનાવે, અનુસરે, અનુમોદે, પ્રશંસે નહિ. પણ એમાં પણ જો ઓઘસંજ્ઞાએ જ એમ ને એમ સાચા દેવ, ગુરુ, શાસ્ત્રને માને કે અમે તો દિગંબર છીએ અથવા અમે દિગંબરમાં આવી ગયા છીએ અને હવે અમારે કોઈ વીતરાગ દેવ, ગુરુ, શાસ્ત્ર સિવાય બીજા કોઈને માનવાનો પ્રશ્ન જ રહેતો નથી. તો એને ઓઘસંજ્ઞા છે? હા. એને પણ ઓઘસંજ્ઞા રહે છે. ક્યાં સુધી? કે આટલું આટલું વિચાર્યું કે અંતર્મુખ થવું તે ધર્મ છે, તોપણ? હા, હજી ઓઘસંજ્ઞા છે. જ્યાં સુધી સાક્ષાત્ અંદર વિધિને અંગીકાર ન કરે ત્યાં સુધી

ઓઘસંજ્ઞા મટતી નથી. એ ઓઘે ઓઘે સમજ્યો છે.

ઓળખાણ થતાં-સ્વરૂપનો નિર્ણય થતાં યથાર્થ પુરુષાર્થ અને પ્રયત્નમાં આવતા સન્મુખ થતાં એને ઓઘસંજ્ઞાનો નાશ થાય છે અને દર્શનમોહ અભાવ થવાની તૈયારી થઈ જાય છે. પ્રથમ ઉપશમવાને છે પણ એ ઉપશમ છે એ વર્તમાનમાં તો અભાવનું જ કારણ છે, અભાવની જ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'નું વચન પ્રમાણ કર્યું હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ ઓઘે પ્રમાણ કર્યું છે કે નહિ, એ બીજો વિષય છે. બહુભાગ ઓઘેઓઘે પ્રમાણ થાય છે. જો ઓઘપણું મટી જાય, ઓઘસંજ્ઞા મટી જાય તો જીવનો બેડો પાર થઈ જાય. વાત એવી છે. આ ઈલાજ છે, આ ઉપાય છે એ રામબાણ છે. રામનું બાણ ખાલી જાતું નથી. આ ખાલી જાતું નથી. ખાલી જાય તો સમજવું કે ઓઘે આવ્યો છે. નહિતર એ ખાલી જાય નહિ. એનામાં શક્તિ એવી છે.

મુમુક્ષુ :- ગુરુવચન ... તો બેડો પાર થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- વાત તો ઠીક છે પણ એમાં પણ ઓઘસંજ્ઞાનો અભાવ એ વાત, ઓઘસંજ્ઞાએ નહિ એ વાત અધ્યાહાર છે. ઓઘસંજ્ઞાએ નહિ એ વાત અધ્યાહાર છે. અને ગુરુવચન પ્રમાણ કર્યું છે એ સમજવા જેવું છે. બાંધી લાખની ઉઘાડી .. થાય. પ્રસંગ પડે એવું બને કે નહિ, આમાં આ ભૂલ લાગે છે. આમાં ગુરુની પણ ક્યાંક ભૂલ લાગે છે. એવું એને થઈ જાય છે. તો એણે એ માન્ય કર્યું છે એ તો ઉપર ઉપરનું ઓઘસંજ્ઞાએ હોય છે. એ અમાન્ય કરતા એને વાર લાગતી નથી. એવું થઈ જાય છે.

મુમુક્ષુ :- ગુરુને ઓઘસંજ્ઞાએ કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એણે ઓઘસંજ્ઞાએ માન્ય કર્યું છે એ હજી ખરેખર માન્ય કર્યું નથી. ઊડી જતા વાર નહિ લાગે. ખરેખર માન્ય કર્યું હોય એને ઊડે નહિ. અને એનો તો બેડો પાર થયા વિના રહે પણ નહિ. એ વાત એટલી વચનસિદ્ધિ જ છે એ તો. એમાં પાછો બીજો કોઈ ફેર નથી. બહુ બુદ્ધિશાળી માણસો એમાં ગોથું ખાય છે કે આટલું માન્ય કરવું અને આટલું માન્ય ન કરવું. ભાઈ! તું કાંઈ ગુરુના ટૂકડા કરે છો? કે આટલા ગુરુ સાચા અને આટલા ગુરુ સાચા નહિ. આ તે કઈ જાતની વાત છે?

મુમુક્ષુ :- એંસી ટકા માન્યું હોય...

પૂજ્ય ભાઈશ્રી :- ગયા વખતે 'સોનગઢ'માં વાંચનમાં એ વિષય લીધો હતો

કે એને શંકા પડી, ગુરુવચનમાં શંકા પડી એણે ગુરુને ઓળખ્યા નથી. પણ ૯૯ વાત તો માન્ય રાખી છે. તમે ૮૦ કહો છો, હું જરાક આગળની વાત કરું. ૯૯ તો માન્ય રાખી છે. એક નથી રાખી. તો કહે છે, એણે ૯૯ પણ રાખી નથી. આમ વાત છે.

મુમુક્ષુ :- એક ટકામાં અશક્તિ હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- અશક્તિ નથી, ઊંધાઈ છે. એ અશક્તિ નથી પણ ઊંધાઈ છે, વિપરીતતા છે. અશક્તિ નથી, વિપર્યાસ છે. એટલે સત્પુરુષના વચનમાં શંકા એ દર્શનમોહને બાંધે છે. સત્પુરુષને તો દર્શનમોહ મટાડવાનું નિમિત્ત છે. તેં દર્શનમોહ બાંધવાનું નિમિત્ત બનાવ્યું. આમ ફેર છે. ક્યાં ક્યાં દર્શનમોહ બંધાય? આ એક બહુ વિચારવા જેવો વિષય છે. ગંભીરતાથી વિચારવા જેવો વિષય છે કે દર્શનમોહનો છેડો ક્યાં અડે છે? કઈ રીતે જ્ઞાનની પ્રવૃત્તિ કરતાં દર્શનમોહ બંધાય કે દર્શનમોહનો નાશ થાય? કઈ રીતે ચારિત્રની પ્રવૃત્તિ કરતાં દર્શનમોહ બંધાય કે દર્શનમોહનો નાશ થાય? કઈ રીતે પુરુષાર્થની દિશામાં જતાં દર્શનમોહ બંધાય કે દર્શનમોહનો નાશ થાય? કઈ રીતે સુખ-દુઃખના વિષયમાં જતાં દર્શનમોહ બંધાય કે દર્શનમોહનો નાશ થાય? બધા ગુણોના અને શ્રદ્ધાનમાં પણ, જે પાંચ મુખ્ય ગુણ છે-જ્ઞાન, દર્શન, શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ અને સુખ. આ જે પાંચ મુખ્ય ગુણ છે, એ પાંચે ગુણના પરિણમનમાં દર્શનમોહ સાથે ક્યાં કેવી રીતે સંબંધનો પ્રકાર ઉત્પન્ન થાય છે? આ એક વિચારી લેવા જેવો વિષય છે. પ્રયોજનભૂત હોવાને લીધે. એની સાથે પ્રયોજનનો સંબંધ છે.

મુમુક્ષુ :- ૧૦૦ ટકામાં દસ ટકા ઓછા હોવા છતાં પુરુષાર્થ ઉપડતો ન હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- સોએ સો ટકા તો આ બાજુ લઈ જાઓ છો. સોએ સો ટકા કઈ બાજુ?

મુમુક્ષુ :- સોએ સો ટકા સ્વીકાર કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- પછી એકેય ટકો ક્યાં બાકી રહ્યો? પછી અસ્વીકારવા માટે તો એક ટકો બાકી રહ્યો નહિ. સોએ સો ટકા આમાં આવે છે એ નિર્ભય છે. જે સોએ સો ટકા આ બાજુ આવ્યો એ નિર્ભય છે.

મુમુક્ષુ :- આપણો પુરુષાર્થ ઉપડતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ ઉપડતો નથી એ તો એનો એક ખેદનો વિષય છે. એનો ખેદ રહે છે. એની ખટક રહે છે ટૂંકામાં. પણ ક્યાંયા ડામાડોળપણું નહિ. એક જ Side પકડવાની, બીજી Side નહિ જોઈએ. તો વાંધો નથી કાંઈ. પછી

પુરુષાર્થ ઓછોવત્તો (હોય એનો વાંધો નથી). બધાને એકસરખો પુરુષાર્થ જ હોતો નથી. કોઈ જીવ સમ્યગ્દર્શન પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લેનારા હોય છે. કોઈ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી ચ્યૂત થઈને અર્ધપુદ્ગલ પરાવર્તને કેવળજ્ઞાન લ્યે છે અને ચાલુ રહે તો કોઈ એક ભવે, કોઈ બે ભવે, કોઈ ચરમશરીરિ હોય તો તે જ ભવે, કોઈ બીજા-ત્રીજા ભવે, ચોથા ભવે, પાંચમા ભવે, છઠ્ઠા ભવે, જુદા જુદા પુરુષાર્થના ધારણ કરનારા જીવો હોય છે. એ તો સહજ વસ્તુ છે. પણ Line ઉપર આવી ગયો એ નિર્દોષ છે. વહેલામોડાનું બહુ મહત્ત્વ નથી. વહેલુંમોડું થાય એનું મહત્ત્વ નથી. પણ રસ્તો તો સાચો પકડવો જોઈએ. તમારી પાસે પૂરી દટાયેલી મુડીનો કબજો આવી ગયો. પછી તમે વાપરવાની શરૂ કરી એમાં તમે અધૂરી વાપરી, પૂરી વાપરી, ઓછી વાપરી, વાપરવાનું હજી શરૂ કર્યું નથી એની સાથે બહુ મહત્ત્વ નથી. પણ તમે હવે દરિદ્રી નથી રહ્યા. ઈ વાત તો નક્કી છે કે નહિ? એમ.

એ 'શ્રીમદ્જી' લખે છે કે એક તો આ કાળની અંદર સત્પુરુષનો યોગ થવો દુર્લભથી પણ દુર્લભ છે. પણ જો સત્પુરુષનો યોગ થાય અને આ જીવ ભાવદરિદ્રી રહે તો તે આ કાળનું અગિયારમું આશ્ચર્ય છે. શું લખ્યું છે? અગિયારમું આશ્ચર્ય છે. એટલે એમ કહ્યું કે આ કાળમાં તીર્થંકરો નથી, અરિહંત નથી. નિર્ગ્રંથ ભાવલિંગી સંત ગુરુ જોવામાં આવતા નથી. સત્શાસ્ત્રો તો મતિવિપર્યાસ ગયા વિના સમજવા બહુ મુશ્કેલ છે. અર્થનો અનર્થ ક્યાં કરી બેસે પોતાને ખબર પડે નહિ. હવે વાત રહી એક સત્પુરુષની તરવા માટે. તો કહે છે કે, મળવા તો મુશ્કેલ છે પણ જો મળી ગયા તો એનું તો ભલુ થાય જ થાય. ન થાય તો એક અગિયારમું આશ્ચર્ય છે એમ સમજવું. ઠીક! કેટલું બધું વજન આપ્યું છે! બને જ નહિ. એવું કેમ બને? સત્પુરુષ મળે, મુમુક્ષુને સત્પુરુષ મળે અને મુમુક્ષુને એનો માર્ગ ન મળે, એ વાત કેવી રીતે બની શકવા યોગ્ય છે? બને જ નહિ.

મુમુક્ષુ :- સત્પુરુષ મળી ગયા પછી એની આસ્થા...

પૂજ્ય ભાઈશ્રી :- આસ્થા એટલે પૂરેપૂરી. પરમેશ્વરબુદ્ધિએ આસ્થા આવે છે, સાચી આસ્થા આવે છે ત્યારે તો. પછી તો કાંઈ એને પ્રશ્ન રહેતો નથી.

હજી આગળ લે છે, '**એવી રીતે અનાદિથી આ જીવ ચિત્વિકારરૂપ થઈ ભટક્યો.**' અનાદિથી આ જીવ કર્મના ઉદયને ધારાવાહી રૂપે અનુસરતો.. અનુસરતો.. અનુસરતો અનાદિથી રખડેલો છે. ભટકે છે. '**અનેક અનેક વિકારભાવ કરી નાચ્યો.**' અનેક અનેક વિકારભાવ કર્યા. અસંખ્ય પ્રકારના. અને નાચ્યો. એણે કતલખાના પણ માંડ્યા, નરકમાં પણ જઈ આવ્યો, નિગોદમાં પણ જઈ આવ્યો. જેટલા પાપના સ્થાનકો છે ઉદયના,

જેટલા પુણ્યના સ્થાનકો છે ઉદયના, સમ્યગ્દૃષ્ટિના સાતિશય પુણ્ય છોડીને બધા સ્થાનમાં એ જન્મ્યો ને મર્યો. ભોગવ્યા, ઊપજ્યો. એ બધું એ કરી ચૂક્યો. એક સાતિશય પુણ્ય નથી કર્યા કે જેથી સર્વાર્થસિદ્ધિમાં ઊપજે કે એવી રીતે વૈમાનિક દેવમાં જે જ્ઞાનીનું સ્થાન હોય છે ત્યાં ઊપજે, એ છોડીને. આ રીતે અનેક અનેક વિકારભાવ કરી નાચ્યો.

'નાચતાં નાચતાં અનંતકાળ જ્યારે ગયો ત્યારે કોઈ ભવ્ય જીવને વસ્તુસ્વભાવભાવના પ્રગટ પરિણામભાવ થવાની કાળલબ્ધિ આવી.' નાચતાં નાચતાં દરેકને અનંત અનંત કાળ ગયો છે. ત્યારે કોઈક ભવ્ય જીવને, ક્યારેક કોઈ ભવ્ય જીવને, ક્યારેક કોઈ ભવ્ય જીવને વસ્તુનો સ્વભાવભાવના પ્રગટ પરિણામભાવ થવાની કાળલબ્ધિ આવી. જ્યારે એને પોતાના જ અંદરથી સ્વભાવ પ્રગટ પરિણામ થાય એવી કોઈ પળ આવી ચડે છે. અંતરગર્ભિત વાત છે કે એને આનુષંગિક, એને અનુસરતો એનો પુરુષાર્થ પણ હોય જ છે. એ જગતના, સંસારના પરિભ્રમણથી કંટાળેલો હોય જ છે. ત્યારે તે એ કેમ કંટાળ્યો છે? એ સ્વયં છે. એટલે એને કાળલબ્ધિમાં નાખે છે. દુઃખ તો છે જ. તું કાળલબ્ધિમાં એમ પ્રશ્ન પૂછે છો કે એ કેમ કંટાળ્યો? અથવા પહેલાં નહોતો કંટાળ્યો અને હવે કેમ કંટાળ્યો? કોઈ અમુક કાળે જ કેમ કંટાળ્યો? આવો એક તર્ક જીવને થાય છે.

એની સામે એક તર્ક આપી શકાય કે તું તર્ક કરે છો પણ દુઃખ હોવા છતાં તું કેમ કંટાળતો નથી? આ સંસારમાં તું સુખ ક્યાં ભાળી ગયો? બતાવ. એકાંતે દુઃખ હોવા છતાં તું કંટાળતો નથી, એનું કારણ શું? ઈ સમજાવ. દુઃખમાં તો સૌ કોઈ કંટાળે. તું નથી કંટાળતો એનું કારણ બતાવ. પછી તને કાળલબ્ધિ સમજાવીએ. બરાબર છે? તો પછી કાનની બૂટ પકડવી પડે કે કેમ આને કાળલબ્ધિ (કહે છે)? કાળલબ્ધિમાં લોકોને બહુ તર્ક, વિતર્ક થાય છે. આ કાળલબ્ધિનું શું? અને આપણી કાળલબ્ધિ નહિ થઈ હોય, કેમ આમ થાય છે? અંદરમાં એને એ શંકા પડે છે. કે આ બધું સાંભળીએ છીએ, વિચારીએ છીએ. ભાવ થાય છે. કાંઈ કાળલબ્ધિ નહિ પાકી હોય કે શું? એમ વિચારવા જેવું નથી.

કાળલબ્ધિ પાકી નહિ હોય તો શું? એમ વિચારવાને બદલે એણે એમ વિચારવું જોઈએ કે આ વર્તમાનમાં જે વિભાવભાવો ચાલે છે એમાં દુઃખ છે, આકુળતા છે એનું દુઃખ નથી લાગતું, એનું શું? બસ, આ વિચારે ચડે. વિકલ્પમાં દુઃખ છે, એ સુખના સંશોધનથી દુઃખને પકડે તો એની કાળલબ્ધિ પાકી ગઈ, જાઓ! તારે કાળલબ્ધિ જોઈએ છે ને? આ કાળલબ્ધિ. લે તને આપી કાળલબ્ધિ. આમ છે. પણ જીવ

વાસ્તવિકતામાં આવતો નથી અને તર્કણાએ ચડે છે, ઊડાઊડ કરે છે, દલીલથી વિષયને ફેંકાફેંક કરે છે અને વાતને ઊડાડે છે. એ વાસ્તવિકતાને, આ વિષયની ગંભીરતાને સમજતો નથી.

કહે છે કે, નાચતાં નાચતાં એટલે દુઃખી થતાં થતાં '**અનંતકાળ જ્યારે ગયો...**' અથવા સર્વ કાળે અનંત કાળ ગયેલો જ છે. કેમકે અનાદિનો જીવ છે. અનંત કાળ ગયો ત્યારે કોઈ ભવ્ય જીવને એટલે જેને દુઃખનો કંટાળો આવ્યો, જે અંદરથી ખરેખરો થાક્યો એ જીવને '**વસ્તુસ્વભાવભાવના પ્રગટ પરિણામભાવ થવાની...**' ઘડી આવી ગઈ, એની પળ આવી ગઈ. હવે થાક્યો એની. 'સોગાનીજી'ની ચર્ચામાં એ વિષય ચાલ્યો છે. એ ચર્ચામાં એમ પૂછ્યું કે, થાક લાગ્યો છે? તો અંદર બૈઠ જાઓ. નથી થાક લાગ્યો તો ફરો. તમને થાક ન લાગ્યો હોય તો શક્તિ ઘણી છે એટલે આથડ્યા વિના રહેશો નહિ. પગ વાળીને બેસશે નહિ એટલે ઉપયોગ ફેંકાફેંક થાય જ કરશે. શક્તિ છે એનામાં. અને જો થાક લાગ્યો હોય તો અંદરમાં ઠરીને ઠામ થશે. ખરી વાત એને થાક લાગ્યો છે કે નહિ? નથી લાગ્યો તો શું કરવા નથી લાગ્યો? થાક લાગે એવું છે અને શું કરવા નથી લાગ્યો એની તપાસ કરવી. જાવું તપાસમાં. તો કાંઈક સમજાશે કે કાળલબ્ધિ શું ચીજ છે. નહિતર કાળલબ્ધિ સમજાવી મુશ્કેલ પડે એવું છે જરા.

તે '**સંસારી જીવ કેવો છે?**' એમ કહે છે. જેને હવે Line પકડાય છે, સમ્યક્ Line પકડાવાની છે એ કેવો હોય છે, એની શરૂઆત, પ્રકરણ અહીંથી આ શરૂ કરવું છે. એટલે આ વાત લીધી છે.

તા. ૧૧-૬-૧૯૮૬, પાના નં. ૫૩, પ્રવચન નં. ૩૬

'આત્માવલોકન', પાનું-૫૩. અનાદિથી પરિભ્રમણ કરતા જીવને કાળલબ્ધિ આવતાં વસ્તુસ્વભાવભાવના પ્રગટ પરિણામ થાય, સ્વભાવ પરિણામ થાય. એ કઈ રીતે થાય છે? શું શું થાય છે? પ્રતિપક્ષરૂપ કર્મની સ્થિતિ કેવી હોય છે? એ રીતે પુદ્ગલકર્મના નિમિત્તની પ્રધાનતાથી અહીંયાં સામાન્ય કથન છે. ઈતિ સામાન્ય, એમ છેલ્લે કહે છે. સામાન્ય કથન છે, સંક્ષેપમાં કથન છે.

તે '**સંસારી જીવ કેવો છે?**' જેની કાળલબ્ધિ આવી છે એવો એ સંસારી જીવ કેવો છે? કાળલબ્ધિના વિષયમાં એવો સંદેહ રહે છે કે શું ખબર પડે કાળલબ્ધિ ક્યારે હોય? તો એનું એક ચિહ્ન છે કે કાળલબ્ધિની પણ ખબર પડે છે. પોતાને સંસાર પરિણામથી થાક લાગે, અનાત્મ પરિણામનો થાક લાગે, સર્વ પ્રકારના વિકલ્પમાં દુઃખ લાગે. અમુક વિકલ્પમાં દુઃખ લાગે અને અમુક વિકલ્પમાં સુખ લાગે એમ નહિ, પણ સર્વ પ્રકારના વિકલ્પમાં દુઃખ લાગે. ત્યારે કાળલબ્ધિ નજીક છે એમ સમજવું જોઈએ. એ એના પૂર્વ પરિણામથી સમજી શકાય (છે). એ જીવ કેવો છે?

'**સંજ્ઞી પંચેન્દ્રિય છે.**' એ મનસહિતનો ચાર ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે. દેવ, નારકી, મનુષ્ય સંજ્ઞી પંચેન્દ્રિય છે. તિર્યંચમાં સંજ્ઞી પંચેન્દ્રિય છે અને અસંજ્ઞી પંચેન્દ્રિયથી માંડીને ચાર ઈન્દ્રિયથી એક ઈન્દ્રિય સુધીના બધા જીવો અસંજ્ઞી જીવો છે. એ એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યંતની સ્થિતિમાં કાળલબ્ધિ પાકવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત જ થતો નથી. એકેન્દ્રિયથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય દશાને પ્રાપ્ત થયા, એ સ્થિતિને પ્રાપ્ત થયા તે જીવોએ પોતાના સ્વભાવની એટલી વિરાધના કરી છે કે જેથી કરીને ત્યાં તો કાળલબ્ધિ પાકવાનો કોઈ પ્રસંગ નથી, કોઈ અવસર નથી. માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે.

'**એવા જીવને કાળલબ્ધિ આવતાં, જે રીતે સ્વભાવપરિણામ પ્રગટ થાય છે, તે રીતિ કહેવામાં આવે છે.**' એવા સંજ્ઞી પંચેન્દ્રિય જીવને જ કાળલબ્ધિ આવતાં જે રીતે સ્વભાવપરિણામ પ્રગટ થાય છે, જે પ્રકારે સ્વભાવપરિણામ વ્યક્ત થાય છે, ઉત્પાદ થાય છે, તેનું અહીંયાં સામાન્ય કથન કરવામાં આવે છે. તે પણ સમજાય એટલે પ્રતિપક્ષ એવા પૌદ્ગલિક કર્મની મુખ્યતાથી વાત કરે છે.

'**પૌદ્‌ગલિક દર્શનમોહની ત્રણ પ્રકૃતિ-મિથ્યાત્વ, મિશ્રમિથ્યાત્વ, સમકિતપ્રકૃતિમિથ્યાત્વ.**' એ ત્રણ પ્રકારની દર્શનમોહની પ્રકૃતિ છે. '**એ ત્રણ પ્રકૃતિનો મૂળથી જ નાશ થયો અથવા ઉપશમ થયો અથવા ક્ષયોપશમ થયો. અથવા બે પ્રકૃતિનો ક્ષયોપશમ થયો અને એક સમકિતપ્રકૃતિમિથ્યાત્વનો ઉદય રહ્યો છે.**' શું કહે છે? કે સમકિતપ્રકૃતિમિથ્યાત્વ, એને સમકિતમોહનીય કહે છે. એનો ઉદય હોય છે, ક્ષયોપશમ સમકિતના કાળમાં. કે જે સમકિતનો ઘાત કરતો નથી. એ ઉદય હોવા છતાં સમ્યક્‌ત્વનો નાશ થતો નથી અને એનો ઉદય હોવા છતાં મિથ્યાત્વભાવનો ઉદય થતો નથી. ભાવમાં-જીવભાવમાં મિથ્યાત્વ પ્રગટ નથી થતું. મિથ્યાત્વમોહનીયનો ઉદય હોય તો નિયમથી જીવ મિથ્યાત્વભાવે, તેમાં દર્શનમોહના ભાવે જોડાય છે. એને દર્શનમોહના પરિણામ અવશ્ય હોય જ છે. મિથ્યાત્વ પ્રકૃતિને પ્રથમમાં પ્રથમ ઉપશમાવે છે. મિથ્યાત્વ મોહનીયનો ઉપશમ તો થાય, થાય ને થાય જ છે. જ્યારે ઉપશમ થાય છે ત્યારે તો પ્રથમ ઉપશમમાં તો ત્રણેયનો ઉપશમ કરી નાખે છે. પણ મિશ્ર મિથ્યાત્વમાં ક્ષયોપશમ થાય છે તો ક્ષયપોશમમાં બે પ્રકૃતિનો ક્ષયોપશમ થાય અને એક પ્રકૃતિનો ઉદય પણ રહે. ક્ષય અને ઉપશમ. એમાં મિથ્યાત્વનો ક્ષય થાય, મિશ્રમિથ્યાત્વનો ઉપશમ થાય અને સમકિતમોહનીયનો ઉદય રહે. તોપણ એને મિથ્યાત્વભાવ થતો નથી. દર્શનમોહના પરિણામ એને જીવને થતાં નથી. એવું દર્શનમોહની જે ત્રણ પ્રકૃતિ છે એમાં ટૂકડા થાય છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- ના, એનું નામ એવું છે. એને સમકિતમોહનીય કહેવામાં આવે છે. સમકિતપ્રકૃતિમિથ્યાત્વ એટલે એ સમકિતમોહને કહેવામાં આવે છે. એ ક્ષયોપશમ સમ્યક્‌ત્વના કાળમાં ઉદયરૂપ રહે છે તોપણ ત્યાં ક્ષયોપશમ સમ્યક્‌ત્વ હોય છે. મિથ્યાત્વ હોતું નથી, ટૂંકામાં. સમ્યક્‌ત્વ હોય છે એટલે મિથ્યાત્વ હોતું નથી. એવું નથી કે ત્યાં થોડું મિથ્યાત્વ છે અને થોડું સમ્યક્‌ત્વ છે. એમ નથી. સમ્યક્‌ત્વ જ છે અખંડપણે અને મિથ્યાત્વ જરાય નથી. એવું એ પ્રકૃતિનું નામ છે. એવો એનો ઉદય પણ હોય છે. છતાં એ ઉદય હોવા છતાં જીવ સમ્યક્‌ત્વભાવે પરિણમે છે, મિથ્યાત્વભાવે પરિણમતો નથી અને દર્શનમોહના પરિણામ નથી થતાં. પણ મિથ્યાત્વની ત્રણ પ્રકૃતિના એ રીતે ક્ષયોપશમ સમકિતમાં ટૂકડા થાય છે. ઉપશમમાં તો ઉપશમી જાય છે. ક્ષાયિક સમકિતમાં ત્રણેનો ક્ષય થઈ જાય છે. ક્ષયોપશમમાં ક્ષયોપશમ અને ઉદય આ પ્રકારે રહે છે.

'**અને એક સમકિતપ્રકૃતિમિથ્યાત્વનો ઉદય રહ્યો છે. એ રીતે તો પૌદ્‌ગલિક દર્શનમોહની અવસ્થા થઈ.**' એ રીતે જે પ્રતિપક્ષરૂપ દર્શનમોહની પ્રકૃતિવાળા પુદ્‌ગલકર્મ

છે એની આવી અવસ્થા થઈ. પ્રથમ કાળલબ્ધિ પ્રગટ થતાં અને સ્વભાવભાવ પ્રગટ થતાં, સ્વભાવપરિણામ થતાં. એમ વાત છે. '**વળી તે કાળે પૌદ્‌ગલિક ચારિત્રમોહની અનંતાનુબંધી ચોકડીનો મૂળથી નાશ થયો અથવા ઉપશમ થયો અથવા ક્ષયોપશમ થયો, એ રીતે અનંતાનુબંધીની અવસ્થા થઈ.**' ચારિત્રમોહની પ્રકૃતિ જે પૌદ્‌ગલિક કર્મ છે એમાં ચોકડી એટલે ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકૃતિને ચોકડી કહેવામાં આવે છે. ચાર પ્રકૃતિ છે. કષાયની મુખ્ય જે ચાર ચારિત્રમોહની પ્રકૃતિ (છે), એમાં જે અનંતાનુબંધીના પહેલા ચાર કષાય છે, અનંતાનુબંધીનો માન, અનંતાનુબંધીનો લોભ, અનંતાનુબંધીનો ક્રોધ, અનંતાનુબંધીની માયા. કાં તો એનો ક્ષય થાય છે, જો ક્ષાયિક સમ્યગ્દર્શન હોય તો. અથવા ઉપશમ થાય છે. અથવા કોઈ ક્ષય થાય અને કોઈનો ઉપશમ થાય. એને ક્ષયોપશમ કહેવામાં આવે છે. એ રીતે અનંતાનુબંધીની અવસ્થા થઈ. એ રીતે ચારિત્રમોહની અનંતાનુબંધીની જે ચારે પ્રકૃતિ છે, એની પણ જ્યાં સ્વભાવપરિણામ પ્રગટ થયા ત્યાં એવી અવસ્થા થાય, થાય ને થાય જ.

જીવ એ કર્મને ઈન્દ્રિયજ્ઞાનથી જાણી શકતો નહિ હોવા છતાં સર્વજ્ઞના જ્ઞાનમાં પ્રત્યક્ષપણે કર્મની જે દશા થાય છે, જે સ્થિતિ થાય છે, સ્વભાવપરિણામ પ્રગટ થતાં નિયમબદ્ધપણે, ત્રણે કાળે એ ચાર ને ત્રણ સાતે પ્રકૃતિમાં ક્ષય થાય, કાં સાતેનો ઉપશમ થાય કાં સાતમાંથી કેટલાકનો ક્ષય અને કેટલાકનો ઉપશમ, એમ ક્ષયોપશમ રહે છે. આ રીતે સ્વભાવપરિણામ પ્રગટ થાય ત્યારે પૌદ્‌ગલિકર્મમાં દર્શનમોહ અને ચારિત્રમોહની સ્થિતિ સહજ જ થાય છે. જીવ એનો કર્તા-હર્તા નથી. જેમ જીવના મલિન પરિણામથી કર્મ બંધાય છે, આપોઆપ જ. બુદ્ધિનો વિષય નથી કે કેટલા પરમાણુ લેવા અને કેટલા પરમાણુ છોડવા. એ કોઈ એમાં બુદ્ધિનો વિષય નથી. કેમકે કર્મ પોતે જ સ્વયં પોતાની યોગ્યતાને લઈને બંધાય છે અને પોતાની યોગ્યતાને લઈને એનો ક્ષય અથવા ઉપશમ અથવા ક્ષયોપશમ થાય છે. જીવના પરિણામ સાથે આવો નિયમબદ્ધ અનાદિઅનંત કર્મપરમાણુઓને સંબંધ છે. આ નિયમબદ્ધ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- બેયના પોતપોતાના ઉપાદાન છે. પણ પરસ્પર એકબીજાના પરિણામનું નિમિત્ત પામીને પોતાના કારણે, પોતાના ધર્મને લઈને, પોતાની યોગ્યતા કહો કે પોતાનો ધર્મ કહો, પોતે પરિણમે છે. પરમાણુમાં જ્ઞાન નથી કે અત્યારે જીવે સ્વભાવભાવના પરિણામ કર્યા માટે હું ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમરૂપ પરિણમું. એ પરમાણુને ખબર નથી. પરમાણુને ખબર નથી કે જીવે અત્યારે મલિન પરિણામ કર્યા માટે હું બંધાઉં. એ પણ પરમાણુને ખબર નથી. સ્વયં જ એના ગુણધર્મ અનુસાર

એ પરિણમે છે. પોતાની મેળે જ પરિણમે છે.

આ જમીન-પૃથ્વી છે. એમાં કોઈ જગ્યાએ કેવી માટી હોય છે, કોઈ જગ્યાએ કેવી માટીના પરમાણુ હોય છે, કોઈ જગ્યાએ કેવા પત્થરના પરમાણુ હોય છે, કોઈ કોઈ જગ્યાએ કેવા ધાતુના પરમાણુ હોય છે. ધાતુ જમીનમાંથી નીકળે છે. પત્થર જમીનમાંથી નીકળે છે, માટી જમીનમાંથી નીકળે છે. કેટલા એના ભેદ? અસંખ્ય ભેદ છે એના. હવે પરમાણુ કેમ એમ પરિણમ્યા? એમ કોઈ તર્ક કરે કે આ પરમાણુ આમ પરિણમ્યો અને આ બાજુમાં આ પરમાણુ આમ કેમ પરિણમ્યો? એક જ પત્થરમાં પરમાણુના આટલા બધા રંગ કેમ થયા? પથરો એક દેખાય છે. એવી યોગ્યતા. એને કાંઈ ખબર નથી. સ્વયં જ એ પોતાના ગુણધર્મ અનુસાર અનાદિઅનંત જે પરિણામ શ્રૃંખલા છે એમાં પોતાની સ્વકાળની પર્યાય અનુસાર પરિણમે છે. અનાદિઅનંત. અકારણ છે, એમાં કોઈ બીજાનું કારણ જોડવું એટલો વ્યવહાર છે. બાકી એ સ્વયં જ પોતાની યોગ્યતાને લઈને પરિણમે છે. પરિણમનશીલપણું એનો પોતાનો સ્વભાવધર્મ છે અને એ પરિણમન કર્યા કરે છે.

અહીંયાં આટલો નિયમ છે કે જે જીવે દર્શનમોહની પ્રકૃતિ બાંધી છે, જે મિથ્યાત્વ અવસ્થામાં રહ્યો છે અને જેને અનંતાનુબંધીની ચારિત્રમોહનીની પ્રકૃતિનું બંધન પણ છે. સંસારીને, મિથ્યાદૃષ્ટિને. એને સ્વભાવભાવરૂપ પરિણમન થતાં કાળલબ્ધિ થઈ ત્યારે એની આ સાત પ્રકૃતિની અંદર ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમની સ્થિતિ નિયમબદ્ધપણે થાય, થાય ને થાય જ. આપોઆપ. એવો નિયમ છે.

મુમુક્ષુ :- સમકિતપ્રકૃતિમિથ્યાત્વ છે એનો દૃષ્ટાંત આપીને સમજાવો તો ખ્યાલ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કર્મ પરમાણુનો ઉદય છે. એ કોઈ જીવનો બુદ્ધિનો વિષય નથી કે એને બુદ્ધિગમ્ય થાય. સમકિતમોહનીયનો ઉદય ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિને હોય છે. જેને ક્ષયોપશમ સમ્યક્ત્વ વર્તે છે એવા જીવને મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મિથ્યાત્વ એ બન્નેનો નાશ થાય છે અને સમકિતમોહનીનો એને ઉદય રહે છે. આવું ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાં કર્મપ્રકૃતિની સ્થિતિ હોય છે. પણ એ કર્મપ્રકૃતિની સ્થિતિ સીધી તો કેવળજ્ઞાનગોચર છે. મતિ-શ્રુતજ્ઞાનમાં એ કર્મપરમાણુઓ સૂક્ષ્મ પર્યાયે પરિણમતા હોવાથી જ્ઞાનગોચર થતાં જ નથી. પછી એનો ક્યાં બીજો દૃષ્ટાંત લેવો? દૃષ્ટાંત દેવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- સમકિત અને મિથ્યાત્વ બે શબ્દ મૂક્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનું નામ એવું પાડ્યું છે. એનું નામ છે. શાસ્ત્રમાં એનું

એવું નામ છે. એ પ્રકૃતિનું એવું નામ છે. એને સમકિતમોહનીય કહે છે. છતાં સમ્યક્ત્વને મલિન કરવામાં કાંઈપણ એની અસર હોતી નથી.

મુમુક્ષુ :- સમર્થ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ થતું જ નથી, હોતું જ નથી. એની કાંઈ અસર હોતી જ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી મલિનતા, દર્શનમોહની મલિનતા ઉત્પન્ન થાય એવું કાંઈ બનતું નથી.

મુમુક્ષુ :- મિશ્રપ્રકૃતિ એટલે કેવી?

પૂજ્ય ભાઈશ્રી :- મિશ્રપ્રકૃતિમાં પણ મિથ્યાત્વમોહની જ છે. એ મિશ્રપ્રકૃતિનો ઉદય થાય છે લગભગ પડતામાં ઉદય થાય છે. ત્રીજા અને બીજા ગુણસ્થાને એનો ઉદય હોય છે. અને ત્યારે જીવ ન તો મિથ્યાત્વમાં હોય છે અને ન તો સમ્યક્ત્વમાં હોય છે. જૈનેન્દ્ર સિદ્ધાંત કોષમાં એ વાત છે. એ પડતાની છે. બીજા અને ત્રીજા ગુણસ્થાનની.

'**વળી જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય, વેદનીય એ ચારેય પૌદ્ગલિક કર્મના સંક્ષેપથી (સામાન્યપણાથી) કેટલાક કર્મઅંશોનો ક્ષયોપશમ થયો. તે આ ક્ષયોપશમ કેવો જાણવો?**' એ સિવાય હવે જ્ઞાનાવરણીમાં, દર્શનાવરણીમાં, અંતરાયમાં અને વેદનીયમાં. વેદનીયમાં પ્રશ્નચિહ્ન મૂક્યો છે. કેમકે એમાં મતાંતર હોવાનો સવાલ છે. કોઈને ફરક પડે છે, કોઈને ફરક પડતો નથી. અઘાતિની પ્રકૃતિ છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય અને અંતરાય એ ચાર તો ઘાતિયા છે. અહીંયાં વેદનીય છે એ એક અઘાતિની લીધી છે. એ હિસાબે કદાચ પ્રશ્નચિહ્ન લીધો હોય.

મુમુક્ષુ :- જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય ત્રણ...ઘાતિયા...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ વેદનીય ઘાતિ નથી, વેદનીય અઘાતિ છે. વેદનીય આગળ પ્રશ્નચિહ્ન કર્યો છે.

મુમુક્ષુ :- ઘાતિની ચોથી પ્રકૃતિ કઈ?

પૂજ્ય ભાઈશ્રી :- મોહનીય. મોહનીયની તો ઉપર વાત કરી લીધી, મોહનીયનો આખો Paragraph લઈ લીધો. એમાં દર્શનમોહ અને ચારિત્રમોહની સાતે પ્રકૃતિની વાત કરી લીધી. હવે બાકીની ત્રણ ઘાતિ રહી, જ્ઞાનાવરણી, દર્શનાવરણી અને અંતરાય. પણ ચોથી વેદનીય લધી છે એટલે એમાં પ્રશ્નચિહ્ન કર્યો છે.

'**એ ચારેય પૌદ્ગલિક કર્મના સંક્ષેપથી (સામાન્યપણાથી) કેટલાક કર્મઅંશોનો ક્ષયોપશમ થયો.**' ત્યાં પણ કેટલોક ક્ષયોપશમ થાય છે તે ક્ષયોપશમ કેવો હોય છે, એ સમજાવે છે.

'એ કર્મ-અંશો ઉદયરૂપ થતાં જે અભાવ થયો, તે અભાવને ક્ષય કહેવામાં આવે છે.' એ કર્મ-અંશો ઉદયરૂપ થતાં જે અભાવ થયો, ઉદય થતાં જેનો અભાવ થઈ ગયો તેને ક્ષય કહેવામાં આવે છે. **'વળી તે કર્મ-અંશોનો સત્તાભાવ રહ્યો છે, તે સત્તાને ઉપશમ કહેવામાં આવે છે.'** આ જે પ્રકૃતિઓ બતાવી એમાં ઉદય થઈને જેનો અભાવ થતાં એને ક્ષય કહ્યો. તે જ પ્રકૃતિઓ સત્તામાં રહી તેને ઉપશમ કહેવામાં આવે છે. **'એવા ક્ષયોપશમરૂપે આ અંશોની દશા થઈ. એવી રીતે આ પુદ્‌ગલકર્મો મટતાં, તે કાળે 'ચિત્વિકાર' પણ સહજ જ નાશ પામી જાય છે.'** ચિત્વિકાર છે એ જીવ જ્યાં જ્ઞાતા-દૃષ્ટા થયો ત્યાં માત્ર જ્ઞાનમાં ચૈતન્યદર્પણમાં પ્રતિબિંબરૂપ છે. પ્રતિબિંબ જેવી એની દશા છે. અહીંયાં બિંબનો નાશ થતાં પ્રતિબિંબનો સામે આપોઆપ નાશ થાય છે. અરીસાની સામે જે કોઈ પદાર્થો એનું પ્રતિબિંબ પડે, પદાર્થ ખસે તો અહીંયાં દર્પણની અંદર પણ એની આકૃતિ ઉપસ્થિતિ રહેતી નથી, ચાલી જાય છે.

મુમુક્ષુ :- કોઈ કોઈને આધીન નહિ, સ્વતંત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વતંત્રપણે. કેમકે એવી જ એની યોગ્યતા છે. દર્પણની એવી જ યોગ્યતા છે કે સામે પદાર્થ આવે તો એનું પ્રતિબિંબ ઝીલાય. એ પ્રતિબિંબ ઝીલેલો પદાર્થ ખસે તો એનું પ્રતિબિંબ પણ વિલિન થઈ જાય. બસ, એવી એની પોતાની જ યોગ્યતા છે.

મુમુક્ષુ :- નિમિત્તને લઈને...

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્તને લઈને ભલે થયું. બીજો પદાર્થ મારા ઉપર કાંઈક અસર કરે છે એવો જીવને ભ્રમ થાય છે. અને એ ભ્રમણા અનંત સંસારનું મૂળ છે. એ જ ભ્રમણા અનંત સંસારનું મૂળ છે. એ ભ્રમણા વધે છે ત્યારે આ માણસને આ ધોડઝપક કેમ છે? એ મને વળગ્યો. મને કો'ક વળગે છે, વળગ્યું છે એમ એને થઈ જાય. કોઈ આત્મા બીજા કોઈ આત્માને વળગે છે એવું તો બનતું નથી. ભ્રમ પણ ઊપજાવી શકતું નથી, વળગી શકતું નથી. અથવા કોઈ અનુકૂળતા કરી શકતું નથી, કોઈ પ્રતિકૂળતા કરી શકતું નથી, કોઈ આયુષ્યનો ક્ષય કરી શકતું નથી. કાંઈ કરી શકતું નથી. જીવના જન્મ, મરણ, અનુકૂળતા, પ્રતિકૂળતા, શાતા, અશાતા, લાભ, અલાભ આ બધું એનું પોતાની યોગ્યતાને કારણે પોતાનું પરિણમન છે. સંયોગને કારણે બિલકૂલ નથી. સંયોગને કારણે માનવું એ ભ્રમદશા છે. એ તો ખાલી સંયોગની પ્રતિબિંબ આત્મામાં આવે છે. સંયોગને કારણે થાય છે એ વાતમાં માલ નથી.

પહેલામાં પહેલો જીવને આ સિદ્ધાંત સમજાય છે કે મારા દોષિત પરિણામ મારે લઈને છે અને મારો દોષ કોઈ બીજાને લીધે નથી. આ વાત જ્યારે એને સમજાય

છે ત્યારે મારો દોષ મટાડવા માટે મારે મારામાં જ ફેરફાર કરવો જરૂરી છે. મારા દોષ મટાડવા માટે મારે સંયોગોમાં ફેરફાર કરવો જરૂરી છે એ વાત એને રહેતી નથી. ત્યારે એના પરિણામ સ્વલક્ષી થાય છે. ત્યારે એનો પુરુષાર્થ પણ સ્વલક્ષી થાય છે. આ સ્પષ્ટ છે. અને જ્યાં સુધી એને પરપદાર્થથી પોતાના પરિણામમાં કાંઈ ને કાંઈ થાય છે એવો જે ભ્રમ છે ત્યાં સુધી એને પરપદાર્થ પ્રત્યેથી પરિણામ ખસવાનો, પરલક્ષ મટવાનો કોઈ અવસર ઉત્પન્ન થતો નથી.

અહીંયાં એ ખાસ લ્યે છે કે જ્યારે એ પુદ્ગલકર્મ...

(પ્રવચન અપૂર્ણ છે....)

તા. ૧૩-૬-૧૯૮૬, પાના નં. ૫૪, પ્રવચન નં. ૩૭

એ પહેલાં વિશેષ કથન કરે છે. એમાં જીવના મુખ્ય ગુણો મોક્ષમાર્ગમાં કેવી રીતે પરિણમવા લાગે છે અને જે સાધકદશા ઉત્પન્ન થાય છે, જ્યાં મિશ્ર ધર્મ હોય છે. અધિકાર મિશ્ર ધર્મનો છે. મિશ્ર પર્યાય છે એટલે કેટલોક ભાવ દોષરૂપ છે અને કેટલોક ભાવ નિર્દોષરૂપ વીતરાગતા રૂપ છે. એવી સાધકની દશા એના એક એક ગુણથી વિશેષ વર્ણન કરે છે. વિશેષ એટલે ભેદ સહિત, ભેદ રૂપે.

'**વિશેષરૂપથી તે પૌદ્‌ગલિકદર્શનમોહની સ્થિતિ જેવી નાશ થઈ તે વેળા જ આ જીવનો જે સમ્યક્‌ત્વગુણ મિથ્યાત્વરૂપે પરિણમ્યો હતો તે જ સમ્યક્‌ત્વગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈ પરિણમ્યો, પ્રગટ થયો.**' કર્મપરમાણુના પરિણમનની મુખ્યતાથી વાત છે. જીવના પરિણામથી સમ્યક્‌ત્વગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈને પરિણમ્યો એવા પરિણમનને અનુરૂપ જીવનો અંતર્મુખી પુરુષાર્થ ઉત્પન્ન થયો ત્યારે સામે પૌદ્‌ગલિક દર્શનમોહના જે પરમાણુ હતા, મિથ્યાત્વકર્મની પ્રકૃતિના જે પરમાણુ હતા એ પ્રથમમાં પ્રથમ ઉપશમભાવને પામે છે, ઉપશમી જાય છે. ઉદયમાં આવવાને બદલે ઉપશમી જાય છે. ઉપશમી જાય છે એટલે ત્યાં ઉદયનો નાશ છે. પૌદ્‌ગલિક દર્શનમોહની સ્થિતિ જેવી નાશ પામી એટલે ઉદયનો નાશ થયો. પરમાણુ તો પરમાણુપણે અનાદિઅનંત છે, એની સ્થિતિમાં ફેરફાર છે. ઉત્પન્ન અથવા નાશ થવું, ઉત્પન્ન થવું, નાશ થવું એ તો એના પરિણામની સ્થિતિ છે. એ દર્શનમોહની સ્થિતિ જેવી નાશ થઈ એટલે ઉપશમી ગયા, વિપાક ન આવ્યો.

'**તે વેળા...**' તે જ કાળે '**આ જીવનો જે સમ્યક્‌ત્વગુણ મિથ્યાત્વરૂપે પરિણમ્યો હતો...**' આત્મામાં જે સમ્યક્‌ત્વ નામનો ગુણ હતો તે મિથ્યાત્વરૂપે પરિણમતો હતો. ઊંધી શ્રદ્ધાએ પરિણમતો હતો. એમાં એ શું શું ઊંધું કરે છે એ તો હજી નીચે વિસ્તારથી લ્યે છે. '**તે જ સમ્યક્‌ત્વગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈ પરિણમ્યો.**' અહીંયાં સંપૂર્ણ શબ્દ વાપર્યો છે. એ ગુણ છે એ સંપૂર્ણ પરિણમે છે. અધૂરો પરિણમતો નથી. ઉપશમ સમ્યગ્દર્શન હો, ક્ષયોપશમ સમ્યગ્દર્શન હો કે ક્ષાયિક સમ્યગ્દર્શન હો. તારતમ્ય ભેદ છે પણ એમાં અપૂર્ણતા નથી.

મુમુક્ષુ :- બીજો કોઈ ગુણ આવો સંપૂર્ણ પરિણમે છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, અનંત ગુણમાં આ એક જ ગુણ એવો છે. અને આ ગુણના પરિણમનનો એવો કોઈ પ્રકાર છે, પરિણમવાનો એવો કોઈ પ્રકાર છે કે એ ગુણના ગુણને, ગુણનો લાભ જે રીતે થાય છે, ગુણ એટલે ગુણ થવો એમ નથી કહેતા? તમારો શું ગુણ અમને? તમારો શું લાભ? એ ગુણનો ગુણ એવો છે કે એને શાસ્ત્રકારોએ સર્વ આખા આત્મામાં, આખા અખંડ આત્મામાં એની મૂળની ઉપમા આપી છે. આ મૂળગુણ છે. દંસણ મૂલો ધમ્મો. એવું નામ આપ્યું છે. જેમ આખા વૃક્ષની મજબૂતાઈનો આધાર એના મૂળ ઉપર છે. આ તોફાન થાય છે, વાવાઝોડું થાય છે. એમાં બહુ મોટું વિશાળ વૃક્ષ દેખાય તેથી તે પડી ન જાય એવું કાંઈ નથી. ગમે એટલું વિશાળ વૃક્ષ દેખાતું હોય પણ મૂળ નબળું હોય તો મૂળમાંથી ઉખડી જાય છે. અને આ ઊભા વૃક્ષો દેખાય છે. આ સેતુરના, આસોપાલવ એવા સાવ પાતળા, નબળા ફેલાયા વગરના વૃક્ષો દેખાય. ગમે એટલી વાઝડીમાં ગમે એટલા ડોલતા હોય પણ મૂળ અંદરથી એવું મજબૂત હોય કે ઉખડે નહિ.

જેમ આખા વૃક્ષની મજબૂતાઈનો આધાર મૂળ ઉપર છે, આખા વૃક્ષનું જે પાંગરવું છે, ફાલવું-ફૂલવું છે એનો આધાર એના મૂળ ઉપર છે. મૂળથી જ પાણી, ખાતર, મૂળથી જ એને ખોરાક મળે છે. એનું પોષણ જેમ મૂળથી મળે છે, સિંચન જેમ મૂળથી મળે છે એમ આ ગુણનો પણ પરિણમવાનો એવો કોઈ પ્રકાર છે કે આખા અનંત ગુણોને જાણે પોષણ આપવામાં આ ગુણનું પરિણમન મૂળરૂપે કામ કરે છે. અનંત ગુણોમાં મજબૂતાઈ રહેવામાં, અનંત ગુણનું મજબૂતપણું રહેવામાં પણ આ ગુણ જાણે કામ કરે છે.

'ટોડરમલજી'એ એ વાત લીધી કે સિદ્ધાત્માઓ સિદ્ધાલયમાં સાદિઅનંત કાળ સિદ્ધદશામાં રહે છે તેનું કારણ તેમનો સમ્યક્ત્વગુણ છે. એમ લીધું ત્યાં. આવો મૂળગુણ સંપૂર્ણ શુદ્ધ થઈને, સંપૂર્ણ સ્વભાવરૂપ થઈને પરિણમે છે. મોક્ષમાર્ગની એકદમ પ્રારંભની સ્થિતિમાં, બહુ શરૂઆતની સ્થિતિમાં જઘન્ય ભાવે મોક્ષમાર્ગ છે ત્યાં પણ આ ગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈને પરિણમે છે. એ બહુ મોટી વાત જાણીને શાસ્ત્રકારોએ આ દશાનો બહુ મહિમા કર્યો છે. સમકિતનો બહુ મહિમા કર્યો છે.

બીજું, જેટલા કોઈ દોષનો સમૂહ છે, પ્રતિપક્ષ રૂપે લઈએ તો દોષનો જેટલો સમૂહ છે, અનંત પ્રકારના દોષ છે, તેમાં સૌથી મુખ્ય દોષ હોય તો દર્શનમોહનો છે. મોહનીયની પ્રકૃતિમાં અને અનંતાનુબંધીની ચારિત્રનો દોષ સૌથી મોટો છે. જે ચારિત્ર અનંત અનુબંધ કરે એવું છે એવો દોષરૂપ છે. અને જે દર્શનમોહ જીવને ભવભ્રમણ કરાવે છે, જન્મ-મરણમાં નાખે છે, પરિભ્રમણ કરાવે છે એવા કોઈ દોષ

હોય તો એ દર્શનમોહ છે અને ચારિત્રમોહમાં અનંતાનુબંધીની ચોકડી છે.

સમ્યક્ત્વગુણ સંપૂર્ણ શુદ્ધ થતાં પહેલાં એ બે મોટા દુશ્મન મરે છે. આખા સંઘના રાજા અને સરદાર પહેલાં મરે છે. પછી જે આખું સૈન્ય રહે છે એની સંખ્યા ભલે ગમે તેટલી હો, રાજાને જીતતા એના દળને જીતવું, લશ્કરને જીતવું સહેલું છે. એટલે પણ એ અવસ્થાનો શાસ્ત્રની અંદર વિશેષ મહિમા કરવામાં આવ્યો છે.

'**તે જ સમ્યક્ત્વગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈ પરિણમ્યો, પ્રગટ થયો. ચેતનવસ્તુના દ્રવ્યગુણપર્યાયની,...**' ત્યારે શું થયું? '**ચેતનવસ્તુના દ્રવ્યગુણપર્યાયની, જીવવસ્તુજાતિનું જુદું આસ્તિક્ય-ટંકોત્કીર્ણ પ્રતીતિ...**' એક તો સ્વદ્રવ્યની પ્રતીતિ આવી, એમ કહે છે. પોતે ચેતન છે. મારા દ્રવ્ય-ગુણ-પર્યાય ચેતન છે અને મારી ચેતનવસ્તુ છે એ સર્વ અન્ય પદાર્થથી જુદી છે. સમ્યક્ત્વ પ્રગટ થયું ત્યાં 'ધર્મદાસજી ક્ષુલ્લક' કહે છે કે હું તો સપ્તમ દ્રવ્ય રૂપે થયો. સાતમું દ્રવ્ય થઈ ગયું. હું જુદો પડી ગયો. આખો જગતથી હું જુદો પડી યો. છએ જાતિના દ્રવ્ય છે જગતમાં, એમાં બીજા ચેતન્યદ્રવ્યોથી પણ હું જુદો, હું તો સાતમું દ્રવ્ય થઈ ગયો, એમ કહી દીધું.

મુમુક્ષુ :- આગમને વાંધો નહિ આવે?

પૂજ્ય ભાઈશ્રી :- આગમનો ખ્યાલ છે અને આ રીતે પોતાની ભિન્નતાનું જોર આવે છે. એમ કહેવું છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વકર્મની પ્રકૃતિ અને દર્શનમોહની, એમાં ફેર શું?

પૂજ્ય ભાઈશ્રી :- ના, બેય એક જ છે. નામ જ જુદા જુદા છે. આગમભાષા અને અધ્યાત્મભાષા, બે પ્રકારની ભાષા છે.

અહીંયાં પોતે જીવ વસ્તુજાતિએ જુદો છે, એવું પોતાનું જે આસ્તિક્ય છે, પોતાની હયાતીની જે શ્રદ્ધા છે એ ટંકોત્કીર્ણ પ્રતીતિરૂપે ઉત્પન્ન થઈ. ટંકોત્કીર્ણ પ્રતીતિરૂપ એટલે હવે એ ભૂંસાશે નહિ. બીજુ લખેલું ભૂંસાઈ જાય, ટાંકણાથી કોતરેલું હોય એ ભૂંસાતુ નથી. વર્ષોના વર્ષો સુધી (ટકી રહે છે). એટલે શીલાલેખ કોતરાવવામાં આવે છે. પંચ પરમાગમો જે આરસની અંદર કોતરવામાં આવ્યા. અને 'ગુરુદેવશ્રીનાં વચનામૃત', 'બહેનશ્રીનાં વચનામૃત' આરસની અંદર કોતરવામાં આવ્યા. એનું કારણ એ છે કે એ કોતરાયેલું ભૂંસાતું નથી. વળી બધા પત્થરમાં આરસ પત્થર એવો છે કે એને ઘસારો ઓછામાં ઓછો લાગે છે. પત્થરની બધી જાતોમાં મજૂબત સૌથી વધારે હોય તો તે આરસની છે. એટલે જે ઈમારતો અને જે ટકાઉપણાની સ્થિતિએ જે કાંઈ પત્થરનું કામ થાય છે એમાં આરસનો ઉપયોગ થાય છે. એનું એ કારણ છે. આરસમાં કોતરાયેલું હજારો વર્ષ સુધી એમ ને એમ વાંચી શકાય છે. એવી

પરિસ્થિતિમાં હોય છે.

મુમુક્ષુ :- એમ આ શ્રદ્ધામાં કોતરાઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- આ શ્રદ્ધામાં એવું કોતરાઈ ગયું. એ આરસ કરતાં વધારે મજબૂત છે. આરસમાં કોઈ કોતરાવે એના બદલે પોતાની શ્રદ્ધામાં જે પોતાનું અસ્તિત્વ, ભિન્ન અસ્તિત્વ કોતરાવે, પોતાની નિજજાતિનું અસ્તિત્વ કોતરાવે તો એ સાદિઅનંત કાળ પર્યંત રહે છે. આનો તો અંત આવવાનો જ છે. જેટલા પુદ્ગલ પરમાણુ છે એનો તો અંત આવવાનો જ છે. બીજા પત્થરથી અપેક્ષાએ એનું ટકાઉપણું છે પણ એ કોઈ અનંત કાળ રહે એવું હોતું નથી. સૌથ વધારે ટકાઉ હોય છે, આ રત્નો. રત્નોના જે પત્થર છે, એ પણ પત્થર જ છે. હીરા, માણેક એ પત્થર જ છે. નીલમ એ બધા પત્થર છે. પણ એ બધા પત્થર આરસ કરતા વધારે (ટકાઉ છે). પણ બહુ કિંમતી છે એટલે એની પ્રતિમાઓ તો મર્યાદિત Size માં થાય છે. એની કોઈ બહુ મોટી Size થઈ શકે નહિ. કેમકે એ કિંમતી બહુ છે અને એના પત્થરો પણ એટલા પ્રાપ્ય હોતા નથી.

મુમુક્ષુ :- મેં તો એમ સાંભળ્યું છે કે આરસ એટલે પોચો. પોચી વસ્તુ છે જેને લીધે ઝીણામાં ઝીણી કોતરણી થઈ શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ના. કઠણ છે પણ છતાં કોતરણી થાય છે એ ટકી શકે છે. કોતરવા માટે તો મજબૂત હથિયારો મળે છે. ગમે તેવા પત્થરને કોતરવા માટે. હીરામાંથી પ્રતિમા કોતરાય છે કે નહિ? હીરાની પહેલ પડાય છે. એના સાધનો મળે છે. પણ ટકાઉપણું બધા પત્થરોમાં, સામાન્ય પત્થરોમાં આરસનું સૌથી વધારે છે. એ તો એની જે Chemical position છે એમાં પણ એવું જ છે. Ca CO_3 છે ને? Calcium carbonate. ચૂનો પણ Calcium carbonate છે. પણ આની Physical property ઘણી વધારે મજબૂત છે. Chemiical property કરતાં એની Physical property વધારે મજબૂત છે.

અહીંયાં તો એ લેવું છે કે ટંકોત્કીર્ણ શબ્દ છે. ટાંકણાથી ઉત્કીર્ણ કરેલું હોય એવી પ્રતીતિ છે. એટલે ઉપમા તો જે વધારેમાં વધારે આપી શકાય એટલી ઉપમા આપવામાં આવે છે. ટાંકણાનું કોતરેલું પણ ભૂંસાઈ જાય, શ્રદ્ધાનું કોતરેલું ભૂંસાતું નથી. આખું દ્રવ્ય બદલાઈ જાય છે. 'રાજમલજી' તો 'કળશટીકા'માં કહે છે, કે એવું દ્રવ્ય શુદ્ધત્વરૂપે પરિણમવા લાગ્યું. સમ્યક્ત્વગુણ સંપૂર્ણ શુદ્ધ થયો ત્યાં દ્રવ્ય જ શુદ્ધત્વરૂપે પરિણમવા લાગ્યું. જાણે કે દ્રવ્યની જાત બદલાઈ ગઈ હોય એવી પરિસ્થિતિ ઊભી થાય છે.

'ગુરુદેવ' કહેતા, એક વખત ૧૦૩-૪ Degree નો તાવ હતો. વ્યાખ્યાન બંધ હતું. એમની Room માં સાત-આઠ-દસ જણા બેઠા હતા. વાતચીત કરતા હતા એમાં કાંઈ ખબર ન પડે. સાત-આઠ-દસ જણા હતા, વાતચીત કરતા હતા. ૧૦૩-૪ Degree એમને તાવ છે. જેવી રીતે કોઈ Normal પરિસ્થિતિમાં વાતચીત કરતા હોય એવી જ રીતે બેઠા બેઠા વાતચીત કરતા હતા. બેઠા હતા, સૂતા નહોતા. પાટ ઉપર બેઠા બેઠા વાતચીત કરતા હતા. જેવી રીતે સામાન્ય પરિસ્થિતિમાં કરે છે એવી જ રીતે. કોઈએ કહ્યું કે કેમ છે? તો કહે, તાવ તો લાગે છે. કેમકે શરીર ઉષ્ણ છે, ઉષ્ણ છે એમ કરે છે. લાવો માપીએ. Thermometre થી માપ્યું. આ તો ૧૦૪ Degree છે. ખબર નથી પડતી. ૧૦૪ હોય એવું તો કાંઈ નથી લાગતું. પછી કોઈએ એમ કહ્યું કે સાહેબ! ૧૦૪ Degree માં માણસ નખાઈ જાય છે. આપ વાતચીત કરો છો તો કાંઈ કોઈને ખબર પડતી નથી કે ૧૦૪ Degree માં બેઠા બેઠા વાત કરો છો. અંદર ઘોલન એવું ચાલતું હોય છે, પરિણમન એનું ચાલતું હોય છે તો એવું બોલી ગયા, આ દ્રવ્ય જ કોઈ જુદી જાતનું છે. આ દ્રવ્ય જ કોઈ જુદી જાતનું છે.

સામાન્ય રીતે જે દેહાત્મબુદ્ધિ હોય છે એમાં એને કેટલોક ફેર પડી જાય છે. દેહની અસ્વસ્થતાની દશાની પરિણામ ઉપર બહુ ઓછી અસર દેખાય છે. આ દ્રવ્ય જ કોઈ બીજી જાતનું છે. બોલ્યા તો બીજી વાતમાં વચ્ચે આવું બોલી ગયા. એ તો ધ્યાન જાય એનું ધ્યાન જાય. એમ લાગે કે વચ્ચે કાંઈક બીજી વાત બોલી ગયા.

એ સમ્યક્ત્વગુણ પરિણમતા ટંકોત્કીર્ણ એવી પ્રતીતિ ઉત્પન્ન થાય છે. પોતાના સ્વચેતનજાતિની પ્રતીતિ આવે છે. પ્રતીતિ આવે છે, ખાત્રી આવે છે. જેવું કેવળજ્ઞાનમાં આત્મદ્રવ્ય પરિપૂર્ણ શુદ્ધ સિદ્ધ સમાન જણાય છે, એવી પ્રતીતિ આવે છે. કેવળજ્ઞાનમાં જણાય એવી કેવળજ્ઞાન અનુસારી પ્રતીતિ આવે છે. જેવો કેવળજ્ઞાનમાં ભગવાને આત્મા જાણ્યો છે એવો હું છું એમ પ્રતીતિ આવે છે. પોતાને કેવળજ્ઞાન નહિ હોવા છતાં એની પ્રતીતિ એવી છે. કેવળજ્ઞાનમાં પરિપૂર્ણ શુદ્ધ, સંપૂર્ણ શુદ્ધ આત્માનું મૂળ સ્વરૂપ જેવું પ્રત્યક્ષ જ્ઞાનગોચર સર્વ પ્રકારે પ્રત્યક્ષ જ્ઞાનગોચર થયું, એવી પ્રતીતિ આવે છે, એવી પ્રતીતિ ઊપજે છે. એને ટંકોત્કીર્ણ પ્રતીતિ કહે છે. એ જીવસંબંધની પ્રતીતિ છે, પોતાના સ્વરૂપની પ્રતીતિ છે.

'**અને અચેતન વસ્તુના દ્રવ્યગુણપર્યાયથી અજીવવસ્તુજાતિનું જુદું આસ્તિક્ય-ટંકોત્કીર્ણ પ્રતીતિ એવો તે સમ્યક્ત્વગુણ સર્વાંગ નિજજાતિસ્વરૂપ...**' બીજો શબ્દ વાપર્યો. સંપૂર્ણ પહેલાં વાપર્યો હતો. હવે એ '**સમ્યક્ત્વગુણ સર્વાંગ નિજજાતિરૂપ**

થઈને પરિણમ્યો, પ્રગટ્યો.' પૂરો શુદ્ધ થઈને પરિણમ્યો. ક્યાંય અશુદ્ધ રહ્યો નહિ. બે પ્રતીતિ. આમ તો પ્રતીતિનો વિષય પોતાનો શુદ્ધાત્મા જ છે. પણ એ શુદ્ધાત્માની પ્રતીતિમાં બીજા પદાર્થનો અભાવ છે, અજીવ પદાર્થનો અચેતન પદાર્થોનો અભાવ છે એવી જે પ્રતીતિ છે એને અહીંયાં અચેતનવસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયથી અજીવવસ્તુજાતિનું જુદું આસ્તિક્ય પણ પ્રતીતિમાં આવ્યું, એમ ઉપલક્ષણથી કહેવામાં આવે છે.

કેમકે જગતની અંદર એવો એક શ્રદ્ધાનો પ્રકાર પણ પ્રસિદ્ધ છે કે આ જગતમાં એક જ પરમતત્ત્વ છે એને પરમબ્રહ્મ કહેવામાં આવે છે. બીજું કાંઈ છે જ નહિ. એક જ પરમબ્રહ્મ સિવાય, પરમતત્ત્વ એક તત્ત્વ સિવાય બીજું કાંઈ તત્ત્વ નથી એની શ્રદ્ધા કરો. તો આ બધું જુદું જુદું દેખાય છે ને? એ બધું જુદું જુદું દેખાય છે એ બધી ભ્રમણા છે. ખરેખર કાંઈ જુદું છે જ નહિ, બધું એક જ છે એવી શ્રદ્ધા કરો. એકની શ્રદ્ધામાં આવા પ્રકારે એકની શ્રદ્ધા કરવાની છે? નહિ. પોતે સચેતનપણે ભિન્ન છે અને બીજા અજીવ પદાર્થોનું અસ્તિત્વ પણ ભિન્ન છે, એમ જે જ્ઞાનથી જાણ્યું છે એવી નિર્વિકલ્પ પ્રતીતિ છે. પ્રતીતિમાં આવા વિકલ્પ નથી. દ્રવ્ય, ગુણ, પર્યાયના પણ વિકલ્પ નથી, કોઈ સચેતન-અચેતન જાતિના વિકલ્પ નથી. ભિન્નતા-અભિન્નતાના પણ વિકલ્પ નથી. પ્રતીતિ તો એક પોતાના સ્વદ્રવ્યને શ્રદ્ધીને વિંટળાઈને અભેદ થઈને, લપેટ થઈને રહે છે. બસ. આટલું જ એનું કાર્ય છે. પણ એને સમજાવવા માટે આટલી સ્પષ્ટતા કરવામાં આવે છે કે ચેતનવસ્તુના દ્રવ્ય, ગુણ, પર્યાયથી પોતાની નિજવસ્તુજાતિ જુદી છે. એવું પોતાનું અસ્તિત્વ, અચેતનવસ્તુના દ્રવ્ય, ગુણ, પર્યાયની અજીવવસ્તુની જાતિ જુદી છે, એવું આસ્તિક્ય, એવી શ્રદ્ધા બન્નેની એ પ્રકારે ટંકોત્કીર્ણ પ્રતીતિ. એવો તે સમ્યક્ત્વગુણ સર્વાંગ નિજજાતિસ્વરૂપ થઈ પરિણમ્યો-પ્રગટ્યો. આ રીતે સમ્યક્તગુણનું કાર્ય પોતાના અસ્તિત્વનું આસ્તિક્ય કરવું, પોતાની હયાતીની શ્રદ્ધા કરવી, આસ્થા કરવી. ટંકોત્કીર્ણ પ્રતીતિ થવી એને સમ્યક્ત્વગુણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અનંત કાળથી બધા તોફાન કર્યા. આવો સરસ જુદો પડ્યો છે મજાનો.

પૂજ્ય ભાઈશ્રી :- છે જુદો પણ એ ન સ્વીકારે ત્યાં સુધી તો ગડબડ થાય. ઘરમાં દોલત દાટી હોય અને ખબર ન હોય તો ભીખ માગે કે નહિ? ઘરમાં નિધાન દાટેલું હોય પૂર્વજોએ અને પોતે આજન્મ દરિદ્ર હોય, એને જન્મ્યો હોય ત્યારથી ખબર ન હોય કે મારા પૂર્વજોએ ક્યાં ધન દાટ્યું છે અને ક્યાં રાખ્યું છે. લોકો કહે કે તમારા પૂર્વજો બહુ ધનાઢ્ય હતા, શ્રીમંત હતા. હશે, પણ મારે તો અત્યારે ફાંફા છે. હવે એને ધન તો છે. એની પાસે ધન તો છે. પણ નહિ હોવા બરાબર છે.

એમ આ જીવને અનંત ગુણનું નિધાન તો અંદર છે પણ જીવ નાની-મોટી ચીજ માટે, સામાન્ય પદાર્થો માટે પોતાના પરિણામમાં લાચારી, મલિનતા, દીનતા ઉત્પન્ન કરે છે. એવી પરિસ્થિતિ જીવની ઊભી થાય છે.

મુમુક્ષુ :- માન મોટું મળે એ નાની મોટી વાત?

પૂજ્ય ભાઈશ્રી :- માન પણ ભગવાનના જ્ઞાનમાં તો એ અપમાન છે. આ બિચારો પોતાના ઉચ્ચપદને ભૂલીને માન એટલે બીજા કોઈ સ્થાન આપે, એવા સ્થાનને લેવા માટે આખા આત્માને ભૂલી જાય છે. પોતાના ઉચ્ચપદને ભૂલી જાય છે. માન લેવા ગયો કે નીચપદ લેવા ગયો? રાજાએ દારૂ પીધો હોય. લથડિયું ખાયને એંઠવાડના ખોબોચિયામાં, ગંદકીના ખાબોચિયામાં પડે. દારૂને લઈને ગરમી વ્યાપી હોય અને બહારમાં ઉનાળાની ગરમી હોય. ખાબોચિયામાં લાગે ઠંડક. એને એમ થાય કે હાશ! ઠીક છે અહીંયાં. અહીંયાં કાંઈક મને ઠીક લાગે છે. તું રાજા, આ રાજગાદીએ બેસવાને બદલે ખાબોચિયામાં પડ્યો છો અને વળી પાછો રાજી થાય છે! એમ કોઈ બે શબ્દ તારા માટે સારા બોલે. ત્યાં તને એમ થાય કે મને સ્થાન મળ્યું અને મને માન મળ્યું. આખેઆખો માત્ર બે-ચાર શબ્દોમાં તને તે ખરીદી લે. એટલી બધી તારી કિંમત તું ગુમાવી બેઠો અને તું એમ માને છે કે મને માન મળ્યું છે. આ તે કઈ જાતની મૂર્ખાઈ છે એ સમજાતું નથી. વળી કોઈક બે શબ્દ ખરાબ કહે તો નાકનું ટેરવું ઉપર ચાલ્યું જાય. એટલું બધું અંદરમાં થાય. મારું અપમાન કરી નાખ્યું, મારું અપમાન કરી નાખ્યું. મારી નિંદા કરી નાખી. જેને નિંદાનો અણગમો છે, એને પ્રશંસાનો ઘણો ગમો છે. એ એનું બીજું પડખું ઊભું હોય છે. નિંદા-પ્રશંસામાં એણે સમતોલ પરિણામ રાખવા જોઈએ. નિંદાને નિંદા જાણે, પ્રશંસાને પ્રશંસા જાણે. પણ જ્યાં સુધી રાગ-દ્વેષને સંબંધ છે ત્યાં સુધી એણે એ વાતની અંદર આગળ વધતા અટકવું જોઈએ. નિંદામાં કે પ્રશંસાના કાળમાં. આ મનુષ્યગતિમાં સૌથી વધારે તકલીફ આ પડખે થાય છે.

કાલે એક પ્રશ્ન ચાલ્યો હતો ને? દર્શનમોહ છે એને કેવી રીતે પકડવો? તમારો જ પ્રશ્ન હતો. આ પરપદાર્થમાં હુંપણું કરે છે. અધ્યાસનો વિષય ચાલ્યો હતો. એટલે પરમાં પોતાપણાનું આસ્તિક્ય છે એ દર્શનમોહનું પરિણમન છે. પરમાં પોતાપણાની શ્રદ્ધાન. પરની હયાતીમાં પોતાની હયાતી એને ભાસે છે અથવા પ્રતીતરૂપ થાય છે. ભાસવાપૂર્વક પ્રતીતરૂપ થાય છે. એટલે ભાસનને પકડી શકે છે, પ્રતીતિને જલ્દી પકડી શકતો નથી. પણ પ્રતીતિને સમજવાની કોશિષ કરવી. એ દર્શનમોહનું પરિણમન છે. અને સ્વદ્રવ્યમાં નિજ ચૈતન્યપદાર્થમાં પોતાના આસ્તિક્યની પ્રતીતિ, પોતાની હયાતીની

પ્રતીતિ, પોતાની હયાતીની આસ્થા, એને સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- વાત તો ટૂંકી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાત બહુ ટૂંકી છે. એને સમજાય છે એનો વિસ્તાર ગમે તેટલો હો પણ ખરેખર પરિણમનની વાત બહુ ટૂંકી છે. પરિણમન છે એ તો આરાધનસ્વરૂપ છે અને આરાધનાનો વિષય બહુ જ ટૂંકો છે. એકદમ ટૂંકો છે. કેમકે પોતે સ્વદ્રવ્ય છે, પોતે જ પોતાનું સ્વસ્વરૂપ છે અને પોતાના જ સ્વસ્વરૂપમાં શ્રદ્ધાન, જ્ઞાન, આચરણના પરિણામ અંતરલીન થાય છે, સમાય છે. પોતાના જ પરિણામ પોતાના સ્વરૂપને વિંટળાઈને રહે છે. એમાં બીજી કોઈ લાંબીચોડી વાત નથી. પછી જો વાત લાંબી લાંબી થાય છે એમાં બાધક ભાવો કેટલા કેટલા છે અને એ કેવા કેવા પ્રકારના છે, એ એને અનુભવથી દેખાડવામાં આવે છે અને એને હટાવવા માટે જુદા જુદા તબક્કે અનેક જાતના ન્યાયનું નિરૂપણ કરવામાં આવે છે. દ્રવ્યાર્થિકનય ને પર્યાયાર્થિકનયના ન્યાયોનું. એટલે સમજાવવામાં લાંબી પીંજણ થાય છે. આરાધનામાં કોઈ એવી લાંબી વાત નથી. લાંબી વાત આરાધનામાં નહિ હોવાને લીધે એક તિર્યંચ પણ પાંચમા ગુણસ્થાન સુધી મોક્ષમાર્ગની અંદર આગળ વધી જાય છે. એનો-તિર્યંચનો સમ્યક્ત્વગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈને પરિણમે જ છે, પણ એ આગળ વધીને પાંચમા ગુણસ્થાન સુધી ચાલ્યો જાય છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ શુદ્ધદશાએ પામી જાય છે. એટલે એ વાત અંદરની પરિણમનની એટલી લાંબી નથી.

મુમુક્ષુ :- 'સોગાનીજી' કહે છે, અમારે તો એક જ નય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અમારે તો એક જ નય છે, બીજો નય નથી. નયાભાસ નહિ થઈ જાય? સાપેક્ષા નયાઃ. 'તત્ત્વાર્થસૂત્ર'માં 'ઉમાસ્વામી'નું આ સૂત્ર છે કે નય તો સાપેક્ષ હોય. તો કહે છે, એ આગમની વાત છે. એ આગમની વાત છે. અધ્યાત્મમાં તો નિશ્ચયનય છે એ નિરાલંબ નિરપેક્ષ છે. એને વ્યવહારનયના સાપેક્ષતાની કોઈ જરૂર નથી. વ્યવહાનયની અપેક્ષાએ ઉત્પન્ન નથી થતો. એ પોતે નિજદ્રવ્યના અવલંબને ઉત્પન્ન થાય છે. છતાં એને નયાભાસ થતો નથી. આ વિશિષ્ટતા છે.

'તે કાળે,...' જ્યારે આવો સમ્યક્ત્વગુણ સર્વાંગ નિજજાતિરૂપ થઈને પરિણમે છે ત્યારે, તે જ કાળે. પછીથી નહિ. બીજા સમયે નહિ. **'તે કાળે, તે જ્ઞાનગુણ અનંતશક્તિએ કરી વિકારરૂપ અનાદિથી થઈ રહ્યો હતો, તે જ્ઞાનગુણની તે અનંતશક્તિઓમાંની તો કેટલી એક ચેતનનિજજાતિવસ્તુસ્વરૂપ સ્વજ્ઞેયને પ્રત્યક્ષ નિજરૂપ થઈ, સર્વ અસંખ્યાત જીવપ્રદેશોમાં પ્રગટ થઈ, સામાન્યપણે તેને નામથી 'ભાવમતિ-શ્રુત' એવા નામે કહેવામાં આવે છે. અથવા નિશ્ચય શ્રુતજ્ઞાન-પર્યાય કહેવામાં**

આવે છે અથવા જઘન્ય જ્ઞાન કહેવામાં આવે છે કે જ્ઞાની કહેવામાં આવે છે, શ્રુતકેવળી કહેવામાં આવે છે.' કેવળીનું ઉપનામ એને મળી જાય છે. શ્રુતકેવળી પણ કહેવામાં આવે છે. **'એકદેશ પ્રત્યક્ષજ્ઞાન કહેવામાં આવે છે કે સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે અથવા જઘન્યજ્ઞાન કહેવામાં આવે છે.'** જઘન્યજ્ઞાન પહેલા લઈ લીધું છે. શું કહ્યું અહીંયાં?

જે કાળે સમ્યક્ત્વગુણ સંપૂર્ણ સર્વાંગ નિજજાતિસ્વરૂપ થઈને પરિણમ્યો, તે કાળે જ્ઞાનગુણ પણ કેટલી એક શક્તિથી, આંશિક શક્તિએ શુદ્ધ થઈને પરિણમ્યો. કેવો છે એ જ્ઞાનગુણ? કે અનાદિકાળથી તો એ પોતાની અનંત શકિતએ કરીને વિકારરૂપ થઈ રહ્યો હતો. એટલે કે પૂરેપૂરું જ્ઞાન વિકારી હતું. જ્ઞાનની અંદર જે સમ્યક્ પ્રકારે શુદ્ધતા આવવી જોઈએ એવી શુદ્ધતા અજ્ઞાનદશામાં ક્યારેય નહોતી. સમ્યક્ત્વ ઉત્પન્ન નહોતું થયું ત્યાં સુધી જ્ઞાનની અંદર શુદ્ધતા નહોતી. એટલે જ્ઞાન પૂરું અજ્ઞાનરૂપ હતું. અનાદિથી એ પ્રકારે જ્ઞાનગુણ વિપરીત વિકારરૂપ પરિણમી રહ્યો હતો. એ જ્ઞાનનો વિભાવ છે. ચારિત્રનો વિભાવ કષાયરૂપે દેખાય છે. સમ્યક્ત્વનું પરિણમન સૂક્ષ્મ હોવાથી ઊંધી પ્રતીતિને જીવ પકડી શકતો નથી. મિથ્યાદૃષ્ટિ જીવ ઊંધી પ્રતીતિના કાળે. અને જ્ઞાનનો વિભાવ પણ એ સમજવા માગે તો સમજી શકે એવો છે. નહિતર એને એમ થાય કે જ્ઞાનમાં વિકાર શું વળી? એમ જે જ્ઞાન અચેતનને સચેતન માને, જે જ્ઞાન પરપણે પોતાના જ્ઞાનથી આંશિક જ્ઞાનથી એણે જાણ્યું કે હું આવો આત્મા છું. પરિપૂર્ણ કેવળજ્ઞાનથી હજી અહીંયાં જાણ્યું નથી. પણ કેટલીએક શુદ્ધતા એ શક્તિના પરિણમનમાં થઈ ત્યારે એણે પોતાના સ્વજ્ઞેયને પ્રત્યક્ષપણે નિજસ્વરૂપે જાણ્યું. અથવા નિજસ્વરૂપે કેટલીએક શક્તિ પ્રત્યક્ષ ભાવે પરિણમનરૂપ થઈ. પ્રત્યક્ષતા આવી. સર્વપ્રત્યક્ષપણું નથી આવ્યું, પણ આંશિક પ્રત્યક્ષપણું આવ્યું છે.

જ્ઞાન છે એ સહજ પ્રત્યક્ષ સ્વરૂપે છે. જ્ઞાનશક્તિ છે એ પોતાના સ્વરૂપે કરીને જોવામાં આવે, સ્વરૂપદૃષ્ટિએ એને જોવામાં આવે તો એ સહજ પ્રત્યક્ષ સ્વરૂપે છે. પરોક્ષતાનું એમાં નામનિશાન નથી, પરોક્ષતાની એમાં ગંધ નથી. સહજ પ્રત્યક્ષ એ જ્ઞાનગુણનું સ્વરૂપ છે. એમાંથી કેટલાક અંશો પ્રત્યક્ષ થયા. કેવળજ્ઞાનમાં સકળ પ્રત્યક્ષ થાય છે, અહીંયાં અંશ પ્રત્યક્ષ થાય છે. સ્વગુણ પ્રત્યક્ષ નિજરૂપ થઈ, અને એમ થતાં **'સર્વ અસંખ્યાત જીવપ્રદેશોમાં પ્રગટ થઈ.'** અહીંયા આ અનુભવની વિશેષ વાત કરી છે. જ્યારે સમ્યક્ત્વગુણ પ્રગટે છે, તે જ કાળે જે શુદ્ધોપયોગ થાય છે, જ્ઞાનગુણના પર્યાયરૂપ-વ્યાપારરૂપ જે પર્યાય છે એને શુદ્ધઉપયોગ કહે છે. એ શુદ્ધઉપયોગ અસંખ્યાત જીવપ્રદેશોમાં પ્રગટ થયો. પહેલા અશુદ્ધઉપયોગ ભાવેન્દ્રિયરૂપ હતો તે દ્રવ્યેન્દ્રિયના

જ્યાં પ્રદેશો છે, દ્રવ્યેન્દ્રિયનું જ્યાં ક્ષેત્ર છે ત્યાં પ્રગટપણે જોવામાં આવતો હતો કે હું આંખથી જાણું છું, હું કાનથી સાંભળું છું, હું નાકથી સૂંઘું છું. તો એનો ત્યાં પ્રગટ ઉપયોગ જ્યાં દ્રવ્યેન્દ્રિય છે ત્યાં જોવામાં આવતો હતો. કે મારો ઉપયોગ અહીંયાં કામ કરે છે. સ્વાદ લ્યે તો એનો જીભમાં ઉપયોગ છે ત્યાં એ વખતે સ્વાદ લ્યે છે. એ જે ઉપયોગ ખાલી દ્રવ્યેન્દ્રિયના ક્ષેત્રમાં જ વેદાતો હતો, અનુભવાતો હતો, તે ઉપયોગ અહીંયાં અસંખ્યાત જીવપ્રદેશમાં પ્રગટ થયો. પ્રદેશે પ્રદેશે એને પોતાના જ્ઞાનનું જ્ઞાનવેદન અને સ્વસંવેદન, જ્ઞાનવેદન કે જેને સ્વસંવેદન કહેવામાં આવે છે, એ એને પ્રગટપણે પ્રત્યક્ષપણે અનુભવગોચર થાય છે. એટલે એના જ્ઞાનનો પ્રકાશ એના અસંખ્ય પ્રદેશમાં પ્રગટ થાય છે. એને એમ કહેવામાં આવે છે કે જ્યારે સ્વાનુભવ થાય છે ત્યારે જીવના અસંખ્ય પ્રદેશે જ્ઞાનના દીવડા પ્રગટે છે. અને એ અસંખ્ય પ્રદેશે જ્ઞાનના દીવા થાય તેને દિવાળી કહેવામાં આવે છે. દિ-વાળી-દિ વાળ્યો એણે. દિ વાળ્યો એટલે પહેલાં એનો કાંઈ દિ' વળતો નહોતો એટલે કાંઈ લાભ થતો નહોતો. હવે એને લાભ થવો શરૂ થયો. એ વાત પણ અહીંયાં 'દીપચંદજી'એ સ્પષ્ટ કરી દીધી છે. જ્ઞાનનો વિષય ચાલ્યો ત્યારે અસ્તિથી એ વાત લઈ લીધી.

મુમુક્ષુ :- અમુખ વખતે એમ પણ કહેતા હતા કે આખા આત્મપ્રદેશમાં ઉપયોગ પ્રસરી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રસરી જાય છે. આખા પ્રદેશમાં-આખા આત્મપ્રદેશમાં પ્રસરી જાય છે એમ કહો કે અસંખ્ય પ્રદેશે જ્ઞાન વેદાય જાય, અનુભવાય જાય છે એમ કહો. પછી એનો મહિમા કરવા માટે આ દિવાળી થઈ ને દિવડા પ્રગટ્યા. પ્રકાશ થઈ ગયો એમ કહેવામાં આવે છે.

'**સર્વ અસંખ્યાત જીવપ્રદેશોમાં પ્રગટ થઈ.**' આ જે સ્વાનુભવ અને સ્વાનુભૂતિનો કાળ છે એમાં આ પ્રકાર સ્વાનુભવગોચર હોવાથી આ પ્રકારનું વર્ણન જૈનદર્શન સિવાય બીજે ક્યાંય નથી. વેદાંતમાં અનુભૂતિનો વિષય, અનુભૂતિ નામ આવે છે, અનુભૂતિનો વિષય આવે છે. પણ પૂછો તો એમ કહે કે અનુભૂતિ ક્યાં થાય છે? તો કહે, અહીંયાં (માથામાં) થાય છે. કોઈ અહીંયાં બતાવે છે. પણ મોટાભાગે અહીંયાં બ્રહ્મરંધ્રમાં થાય છે એમ કહે છે. એ પણ આત્માના ક્ષેત્રને પૂરો અનુભવે છે એ વાત નથી. કોઈએક પ્રકારે કલ્પનામાં એકાગ્રતા થાય છે ત્યારે જે શાતાનું વેદન થાય છે, શાંતિ લાગે છે એને એ અનુભૂતિ માને છે. થોડી શાંતિ વિશેષ છે. પણ એને એ અનુભૂતિ માને છે. પણ એ આત્માની શાંતિ નથી. ત્યાં પણ હજી માનસિક શાંતિ છે. એ માનસિક શાંતિ અને આ પ્રદેશે પ્રદેશે ઉત્પન્ન થતી સ્વસંવેદનના કાળે ઉત્પન્ન થતી

આત્મશાંતિ, એ બે વચ્ચે બહુ મોટું અંતર છે. કેવડું અંતર છે? દિવસ-રાત જેટલું અંતર છે. અથવા આત્મશાંતિ એ નિરાકૂળ ખરેખર વાસ્તવિક શાંતિ છે અને આવી જે કાલ્પનિક શાંતિ, માનસિક શાંતિ છે એમાં આકુળતા અને દુઃખ છે. આકુળતા અને દુઃખ છે એથી વધારે ખરાબ તો એમાં જે વિપર્યાસ થયો તે છે. કે આ આત્મશાંતિ છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ અને વિપર્યાસ થયો. એટલે જ્ઞાન પણ મિથ્યા થયું. અને દર્શન પણ-શ્રદ્ધા પણ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- આ જે માનસિક શાંતિ છે એ અપેક્ષિત શાંતિ હશે?

પૂજ્ય ભાઈશ્રી :- અપેક્ષિત એટલે શું પણ?

મુમુક્ષુ :- મન દ્વારા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ વાસ્તવિકતાએ શાંતિ નથી. અપેક્ષિત શાંતિ એટલે જે તીવ્ર અશાંતિ છે એની અપેક્ષાએ એને શાંતિ કહેવામાં આવે છે, પણ એ વાસ્તવિક શાંતિ નથી. શાંતિની જાતની શાંતિ નથી. સ્વરૂપમાં જે શાંતિની જાત છે એ શાંતિ ત્યાં નથી. એમ કહેવું છે. ગમે એવો હીરો હોય, આ અમેરિક ડાયમંડ આવે છે કે નહિ અત્યારે? એને સાચો હીરો માને તો? છેતરાય જાય.

કહે છે કે ત્યાં અસંખ્યાત જીવપ્રદેશમાં જ્ઞાનશક્તિ પ્રગટ થઈ. '**સામાન્યપણે...**' એટલે આગમભાષામાં તેનું નામ ભાવમતિજ્ઞાન અથવા ભાવશ્રુતજ્ઞાન એમ કહેવામાં આવે છે. એવા જ્ઞાનને ત્યાં ભાવમતિજ્ઞાન અથવા ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. ભાવ બન્નેને લાગુ પડે છે. ભાવમતિ અને ભાવશ્રુત. એવા નામે એને કહેવામાં આવ્યું છે કે આને ભાવશ્રુત જ્ઞાન પ્રગટ્યું, એને ભાવમતિજ્ઞાન પ્રગટ્યું. એ મતિ-શ્રુતના ભેદની અપેક્ષાએ છે. આગમમાં જ્ઞાનના પર્યાયના જે પાંચ ભેદ લીધા મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એમાં આ ભેદમાં ત્યારે આત્મા પરિણમે છે. તો એને કુમતિ અને કુશ્રુતજ્ઞાન હતું તે સુમતિ અને સુશ્રુત થયું. એ સુમતિ અને સુશ્રુતનો વિષય આત્મસ્વભાવ હોવાથી પોતાનો સ્વભાવભાવ હોવાથી એને ભાવમતિજ્ઞાન અને ભાવશ્રુતજ્ઞાન એના વિષયની અપેક્ષાએ કહેવામાં આવે છે. એવું નામ આપવામાં આવે છે.

'**અથવા નિશ્ચય શ્રુતજ્ઞાન પર્યાય કહેવામાં આવે છે...**' નિશ્ચય એટલે વાસ્તવિક, નિશ્ચય એટલે શુદ્ધ, નિશ્ચય એટલે સત્ય. સત્ય શ્રુતજ્ઞાનનો પર્યાય એને કહેવામાં આવે છે, એને સાચું જ્ઞાન કહેવામાં આવે છે અથવા એને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. આત્માને પોતાને પોતાનું સાચું જ્ઞાન (થાય) તેને નિશ્ચય શ્રુતજ્ઞાન પર્યાય કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અહીંયાં સામાન્ય અર્થ તો એટલો જ ઘટાવવો ને કે જે જ્ઞાનનો

ઉપોયગ પરમાં પ્રસરતો હતો, તે પોતાના સ્વદ્રવ્યમાં પ્રસરવા મંડ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- પરમાં પ્રસરતો હતો એટલે? પરપ્રવેશભાવે પોતાનું વેદન કરતો હતો. શરીર તે હું, બીજા જે પરવિષયો છે એમાં સાક્ષાત્ જાણે પ્રવેશીને એને જાણતો હોય કે આ ખારું લાગ્યું, આ કડવું લાગ્યું, આ ગળ્યું લાગ્યું. જાણે એમાં વ્યાપી જતો હોય, નહિ વ્યાપતો હોવા છતાં વ્યાપવાનો ભાવ, એને અધ્યાસિત ભાવ કહેવામાં આવે છે. એ અધ્યાસ છે.

મુમુક્ષુ :- એના બદલે પોતાના સ્વસ્વરૂપમાં એકત્વ કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એના બદલે વાસ્તવિક રીતે પોતાની જાતિ, જ્ઞાનગુણની પરિણમવાની જાતિ એવી છે કે પોતાના સ્વસંવેદનભાવે પોતે પરિણમે. પોતાના અસંખ્ય પ્રદેશે પોતામાં વ્યાપ્ય-વ્યાપકરૂપ થઈને પોતાનો સ્વાનુભવ કરે એ જ્ઞાનનો પરિણમવાનો જાતિસ્વભાવ છે. એવી નિજજાતિવસ્તુરૂપ સ્વજ્ઞેયને એણે એ પ્રકારે જાણ્યું. તેને અહીંયાં ભાવમતિ અને ભાવશ્રુત કહેવામાં આવે છે. અથવા નિશ્ચયશ્રુતજ્ઞાનનો પર્યાય પણ એને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિજજાતિ શબ્દ વાપર્યો એટલે શું કહેવા માગે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ચેતન નિજજાતિ વસ્તુસ્વરૂપ છે. પોતે કેવો છે? કે ચેતન છે. અને નિજ ચેતનજાતિરૂપ વસ્તુસ્વરૂપે છે.

મુમુક્ષુ :- એમાં દ્રવ્ય કહ્યું કે પર્યાય કહી?

પૂજ્ય ભાઈશ્રી :- એ આખા દ્રવ્યની જ વાત છે. જે વસ્તુનું સ્વરૂપ છે એ નિજ ચેતનજાતિરૂપ વસ્તુસ્વરૂપ છે. એ આખું દ્રવ્ય છે. એને સ્વજ્ઞેય પ્રત્યક્ષરૂપ થઈને પરિણમ્યું. એ જ્ઞાનની શક્તિઓમાંની કેટલીક શક્તિ એટલે અંશતઃ જ્ઞાન એ પોતાની જેવી સ્વરૂપની જાત છે, એવી જ જાતિરૂપે પરિણમી ગયું, સ્વજ્ઞેય કરીને.

મુમુક્ષુ :- પર્યાય શુદ્ધ થઈ એટલે શુદ્ધરૂપ પરિણમ્યું. એટલે નિજજાતિસ્વરૂપ?

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધરૂપ પરિણમન થઈ ગયું. નિજજાતિરૂપ. એટલે જેવી નિજજાતિ એવું તદાકાર પરિણમન થયું. જેમ બહારમાં તદાકાર પરિણમન કરે છે કે નહિ? મને વાગ્યું. આ શરીરમાં કોઈ હથિયાર વાગે તો મને વાગ્યું એમ કહે છે કે નહિ? આત્માને વાગે છે? આ છેદ પડે, છરી વાગે. શાક સમારતા સમારતા વાગી જાય છે ને? છેદ પડી જાય. શરીરમાં કાપો દેખાય છે, લોહી નીકળતું દેખાય છે, ઘા પડેલો દેખાય છે. આત્મામાં કાંઈ થાતું હશે કે નહિ? એ છરી આત્માને અડતી નથી. આત્માને સ્પર્શ નામનો ગુણ નથી. આત્મામાં કાપો પડતો નથી, ઘા પડતો નથી, કાંઈ થતું નથી. ચૈતન્યવજ્ર આત્મા છે. એને કોઈ સ્પર્શી શકતું નથી. એવું

ચૈતન્યવજ્ર આત્મા છે. એવી જે નિજ જાતિ છે એને એ જ જાતિએ તન્મય થઈને જાણતાં જે જ્ઞાનના અંશો પ્રગટ થયા, તે સ્વજ્ઞેયને પ્રત્યક્ષરૂપ થઈને કેટલીક શક્તિએ જ્ઞાનગુણનું પરિણમન સ્વજાતિરૂપ થયું એમ કહેવામાં આવે છે.

આમાં પ્રત્યક્ષ એટલા માટે છે કે ત્યાં કોઈ ઈન્દ્રિયનું-દ્રવ્યન્દ્રિયનું માધ્યમ નથી. મનરૂપ ..ઈન્દ્રિયનું પણ ત્યાં વચ્ચે નિમિત્ત નથી. માધ્યમ એટલે નિમિત્ત નથી. શરીરના જે દ્રવ્યેન્દ્રિયના, પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનના અવયવોના નિમિત્તને છોડીને, એ નિમિત્તથી પાછો વળીને ઉપયોગ અંતરમાં જાય છે. બહાર ઉપયોગ જાય ત્યારે એ નિમિત્ત સ્વરૂપ છે. અંદરના ઉપોયગમાં જવામાં કોઈની જરૂરત નથી. નિમિત્ત ત્યાં હોતું નથી. એટલે એને શ્રુતજ્ઞાન પર્યાય કહેવામાં આવે છે.

'**અથવા જઘન્ય જ્ઞાન કહેવામાં આવે છે...**' જઘન્ય એટલે અનંત જ્ઞાનની શક્તિમાંથી હજી અલ્પ ભાવ ત્યાં પ્રગટ થયો છે. શુદ્ધતા પણ અલ્પ થઈ છે. જ્ઞાનની શુદ્ધતા પણ ત્યાં અલ્પ થઈ છે. તેથી તેને જઘન્ય જ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિશ્ચય શ્રુતજ્ઞાન પર્યાયો. વ્યવહાર શ્રુતજ્ઞાન પર્યાય જુદી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વ્યવહાર શ્રુતજ્ઞાન પર્યાય, શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહાર શ્રુતજ્ઞાન પર્યાય છે.

મુમુક્ષુ :- નિશ્ચય શ્રુતજ્ઞાનપર્યાય એટલે પોતાનો આત્મા...

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચય સ્વરૂપ આત્માના જ્ઞાનની પર્યાય. સાક્ષાત્ અનુભવની પર્યાય. અહીંયાં અનુભવની પર્યાયનો વિષય ચાલે છે, શુદ્ધોપયોગનો વિષય ચાલે છે. એટલે ત્યાં વ્યવહારજ્ઞાન ક્યું? એમ કોઈ પૂછે તો. નિશ્ચયજ્ઞાન આ તો, વ્યવહારજ્ઞાન ક્યું? એ શાસ્ત્રના જ્ઞાનને ત્યાં વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે છે. શાસ્ત્રને અવલંબનારું જ્ઞાન દ્રવ્યશ્રુતને અવલંબરનારા જ્ઞાનને ત્યાં દ્રવ્યશ્રુત અથવા વ્યવહાર જ્ઞાન કહેવામાં આવે છે. આત્માના સ્વભાવભાવને અવલંબનારા જ્ઞાનને ભાવશ્રુત અથવા નિશ્ચયજ્ઞાન કહેવામાં આવે છે.

એને '**જઘન્ય જ્ઞાન કહેવામાં આવે છે કે જ્ઞાની કહેવામાં આવે છે.**' જ્ઞાન એટલું જઘન્ય છે કે સામાન્ય રીતે તેની જ્ઞાનની પર્યાયને બહુ ઓછા ઓળખી શકે છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનું અંતર લોકો સમજી શકતા નથી. એવું ત્યાં જઘન્ય જ્ઞાન છે. એટલે એને જઘન્ય જ્ઞાન થયું અથવા જ્ઞાની કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જઘન્ય એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- જઘન્ય એટલે થોડું. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. ઓછું, ઓછાથી વધારે અને સર્વથી વધારે. ત્રણ ભેદ છે ને? જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ.

જઘન્ય એટલે થોડું-અલ્પ. જઘન્ય જ્ઞાન કહેવામાં આવે છે કે જ્ઞાની કહેવામાં આવે છે.

'**શ્રુતકેવળી પણ કહેવામાં આવે છે.**' કેવળ એક આત્માનું જ્ઞાન ત્યાં હોવાથી નિશ્ચયજ્ઞાનમાં શુદ્ધોપયોગમાં એક કેવળ આત્માનું, કેવળીસ્વરૂપ એવો જે આત્મા, કેવળ આત્મસ્વરૂપનું જ્ઞાન હોવાથી એને શ્રુતકેવળી પણ કહેવામાં આવે છે. શ્રુત એટલે જ્ઞાન. એ કેવળીનું જ્ઞાન થયું માટે એને શ્રુતકેવળી પણ કહેવામાં આવે છે. ચોથા ગુણસ્થાને એ શ્રુતકેવળી થયો. ખરેખર તો ચોથા ગુણસ્થાને એનું જ્ઞાન પોતાના પરમાત્મસ્વરૂપને પરમાત્મસ્વરૂપરૂપે અનુભવ કરે છે કે હું તો પરમાત્મા છું. ત્યારે એને એક ન્યાયે પરમાત્મા થયો એમ પણ કહેવામાં આવે છે. (સમયસારની) ૧૪૩ ગાથામાં લીધું. પરાત્મા, પરમાત્મા, જ્ઞાનાત્મા. એવા શબ્દો વાપર્યા છે. ૧૪૩ ગાથા, સમયસારની ટીકામાં 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના મૂળ શબ્દો છે. પરમાત્મા શબ્દ ત્યાં વાપર્યો છે.

ચોથા ગુણસ્થાને જઘન્ય જ્ઞાન છે ને પરમાત્મા? એનું કારણ છે કે પોતાના પરમાત્મસ્વરૂપને પરમાત્મસ્વરૂપે અનુભવે છે. હું પરમાત્મા છું, સાક્ષાત્ પરમાત્મા છું એવો અનુભવ કરે છે. એ અપેક્ષાએ એને પરમાત્મા થયો એમ પણ કહેવામાં આવે છે. હતો તો ખરો, પણ અનુભવમાં થયો એટલે થયો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- રાજાના કુંવર જેવું.

પૂજ્ય ભાઈશ્રી :- જોકે અહીંયાં એ અપેક્ષા નથી. અહીં તો પરમાત્માને પરમાત્મારૂપે જ અનુભવે છે. પોતાના નિજ પરમાત્માને. પછી ઓલી વાત તો ક્યાં છે કે જ્યારે કેવળજ્ઞાન થાય ને પરમાત્મા થાય છે એવો પરમાત્મા એ હવે પછી થવાનો છે, એટલે એને અહીંયાં પણ પરમાત્મા કહીએ. એ રાજાના કુંવરને રાજા કહેવા બરાબર છે. પણ અહીંયાં એવી અપેક્ષા નથી લેવી. અહીંયાં તો પોતે ખરેખર પરમાત્મસ્વરૂપે છે. એવો જ પોતાનો અનુભવ જાણે છે કે હું પરમાત્મા છું. તો એ પરમાત્મા થયો કે નહિ ત્યાં? અનુભવથી થયો, એમ કહે છે.

કરોડ, અબજ રૂપિયા મળે. એ વાપરે ત્યારે અબજપતિ કે ન વાપરે ત્યારે પણ અબજપતિ? ભલે બેંકનો કેશિયર હોય, પણ એને તો પગાર મળે. એને વાપરવાના Powers નથી. કરોડપતિ ગણવો કે ન ગણવો એને? એટલો સવાલ છે. વાપરે ત્યારે કરોડપતિ અને ન વાપરે ત્યારે પણ એ કરોડપતિ (છે). એ તો લોભિયાને એમ કહેવાય છે. તમે જે વ્યાખ્યા કરી એ કોઈ કરોડ રૂપિયો જેની પાસે હોય છતાં વાપરતો ન હોય અને લોભથી દરિદ્રીની જેમ રહેતો હોય તો એને એમ કહેવાય કે આને વાપરવાનો અધિકાર લાગતો નથી. માટે આ રૂપિયાની ચાકરી કરે છે, ચોકીદારી કરે છે. એને તો બેંકનો કેશિયર કહ્યો પણ આરત કહેવાય. ... ચોકી કરવાનો હક. જો

ભાઈ, આને કોઈ અડે નહિ, આને કોઈ લઈ જાય નહિ. એમ લોભી માણસ છે એના પૈસા કોઈ લઈ જાય નહિ એવી ચોકીદારી કરે ત્યારે એને ચોકીદાર કહેવાય છે. કેશિયર કરતા એનો દરજ્જો નીચો છે. અહીંયાં એ અપેક્ષા નથી.

એને '**શ્રુતકેવળી કહેવામાં આવે છે. એકદેશ પ્રત્યક્ષજ્ઞાન કહેવામાં આવે છે.**' એકદેશ એટલે એક અંશે, કોઈ અંશે. એક અંશે એટલે કોઈ એક અંશે, અમુક અંશે. તેને પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. અથવા તેને સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે. સ્વ એટલે પોતે. અને સંવેદન એટલે એને વેદનારું. પોતાને વેદનારું. અભેદભાવે પોતાને વેદનારું જ્ઞાન, એ જ્ઞાનને સ્વસંવેદનજ્ઞાન કહેવામાં આવે છે. આ સ્વસંવેદનપણું એ જ્ઞાનનું સ્વરૂપ છે અથવા જ્ઞાનનું લક્ષણ છે. આવું સ્વસંવેદપણું એ જ્ઞાનનું લક્ષણ છે અથવા એ જ્ઞાનનું સ્વરૂપ છે. લક્ષણ બે અર્થમાં કહેવાય છે. એક લક્ષને ઓળખાવે તેથી એને લક્ષણ કહેવામાં આવે છે. અને એ સ્વરૂપે એ હોવાથી એને સ્વરૂપ પણ કહેવામાં આવે છે. સ્વસંવેદનજ્ઞાન પણ એને કહેવામાં આવે છે. અથવા તેને જઘન્ય જ્ઞાન પણ કહેવામાં આવે છે. એ ઓછું છે, પૂર્ણ સ્વસંવેદન નથી એટલે એને જઘન્ય જ્ઞાન પણ કહેવામાં આવે છે. કેવળજ્ઞાન નથી તેથી પણ જઘન્ય કહ્યું, કેવળજ્ઞાન સર્વ જ્ઞેયોને જાણે છે તેથી તે અપેક્ષાએ તેને અહીંયાં જઘન્ય જ્ઞાન છે. અને સ્વસંવેદનમાં જે કેવળજ્ઞાનમાં પરિપૂર્ણ સ્વસંવેદન હોય છે એટલું અહીંયાં પૂર્ણ સ્વસંવેદન નથી હોતું પણ આંશિક સ્વસંવેદન હોય છે. તે અપેક્ષાએ પણ તેને જઘન્ય જ્ઞાન કહેવામાં આવે છે.

'**આનાથી અન્ય (એ સિવાય બાકીની)...**' આ જ્ઞાનશક્તિના જેટલા અંશો શુદ્ધ પ્રગટ્યા તે સિવાયની બાકીની જે શક્તિ રહી પરિણમવાની તે '**સર્વ જ્ઞાનશક્તિ રહી, તે અજ્ઞાનવિકારરૂપ પ્રવર્તે છે.**' તે બાકીનું જ્ઞાન ત્યાં પણ વિપરીતરૂપે હજી પરિણમે છે. વિપરીતરૂપે પરિણમે છે એટલે ભ્રમિત દશાએ નથી પરિણમતું પણ સ્વજ્ઞેયને છોડીને પ્રવર્તે છે એ એની વિપરીતતા છે. પરને પણ જ્ઞાન અવલંબે છે, અસ્થિરતાના ચારિત્રના દોષથી, તો એ જ્ઞાનનો પણ દોષ છે, એ જ્ઞાનનો વિભાવ હજી એટલો ઊભો છે, એમ કહેવું છે. '**તે અજ્ઞાનવિકારરૂપ પ્રવર્તે છે.**' અથવા હજી પૂર્ણ જ્ઞાન ખીલ્યું નથી અને જ્ઞાન બીડાયને રહ્યું છે એ પણ જ્ઞાનનો દોષ છે. સંપૂર્ણ સ્વસંવેદન નથી. એટલું બાકીનું જે હજી પરમાં વેદન થાય છે એ પણ જ્ઞાનનો દોષ છે.

'**આ બધા વિકારશક્તિઓની સામાન્યસંજ્ઞા કર્મધારા કહેવામાં આવે છે...**' જે જીવની બાકીની બધી શક્તિઓમાં કેટલીક શક્તિરૂપ થઈને પરિણમે છે અને બાકીની જે અશુદ્ધરૂપ થઈને પરિણમી એમાં જ્ઞાનનો ઉપયોગ પરમાં ગયો તો કહે, એ કર્મધારા

થઈ. ચારિત્રમાં વીતરાગતા પ્રગટ થઈ છતાં સાધકદશામાં રાગ રહ્યો તો કહે છે, એ કર્મધારા થઈ. એવી બધા વિકારશક્તિઓની સામાન્યસંજ્ઞા, એ વિકારની સામાન્ય સંજ્ઞાને કર્મધારા કહેવામાં આવે છે. એટલા માટે કે એવા પરિણામ અંશોથી નવા કર્મો બંધાય છે. અને તે નવા કર્મોનું બંધન પણ સતત ચાલુ રહે છે. તેથી તેને કર્મધારા, પ્રવાહરૂપ રહેતી હોવાથી એને કર્મધારા કહેવામાં આવે છે.

'એ પ્રમાણે તે સમ્યક્ત્વગુણસ્વરૂપ પરિણમવાના કાળે જ્ઞાનગુણની અનંતશક્તિઓમાંથી એવી કેટલીએક સ્વરૂપરૂપ થઈ પ્રવર્તી.' એ સ્થિતિ અહીંયાં મિશ્ર ધર્મની અંદર કહેવામાં આવે છે. કેટલીક સ્વરૂપ થઈને અને કેટલીક કર્મધારારૂપ થઈને પરિણમી છે. એ જ્ઞાનધારા અને કર્મધારા.

તા. ૧૪-૬-૧૯૮૬, પાના નં. ૫૫, પ્રવચન નં. ૩૮

... વિકાસ થાય છે ત્યારે ગુણ અને દોષની મિશ્ર અવસ્થા રહે છે. સમ્યક્ત્વગુણ તો સર્વાંગ સંપૂર્ણ શુદ્ધ થઈને સ્વભાવરૂપ પરિણમે છે પણ જ્ઞાનમાં કેટલીક શક્તિ શુદ્ધ થઈને પરિણમે છે અને જઘન્ય સ્વસંવેદનજ્ઞાન પરિણમવું થાય છે. બાકીનું જ્ઞાન આવરિત રહે છે. અને ક્રમશઃ શુદ્ધ થાય છે.

હવે દર્શનગુણની વ્યાખ્યા કરે છે. '**વળી, તે કાળે...**' તે કાળે એટલે જે કાળે સમ્યક્ત્વગુણ શુદ્ધ થઈને પરિણમે છે તે જ કાળે '**જીવના દર્શનગુણની અનંત શક્તિ અદર્શનવિકારરૂપ અનાદિથી થઈ રહી હતી, તેમાંની પણ કેટલીએક શક્તિ દર્શનનિજજાતિસ્વરૂપ થઈને જીવના અસંખ્યાત પ્રદેશમાં પ્રત્યક્ષ પ્રગટ થઈ.**' અહીંયાં દર્શનઉપયોગની વાત ચાલે છે. દર્શનગુણ એટલે દર્શનઉપયોગ. જ્ઞાનઉપયોગ, દર્શનઉપયોગ. જ્ઞાન-દર્શન ચૈતન્યના બે ભેદ છે. જે સામાન્ય અવલોકનમાત્ર દર્શન કહેવામાં આવે છે, એવો જે દર્શનગુણ એ ગુણમાં અનંત શક્તિ છે. તે શક્તિ અનાદિથી વિકારરૂપ થઈ રહી હતી. વિકારરૂપ થઈ એને અદર્શન કહ્યું. વિકારરૂપ જ્ઞાનને અજ્ઞાન કહ્યું. એ જ રીતે વિકારરૂપ દર્શનને અદર્શન કહ્યું. અદર્શન કહેવાનો અર્થ એ છે. અદર્શન એટલે એ દર્શનગુણનો ઉપયોગ જ નથી થતો એમ નથી. અજ્ઞાન એટલે જ્ઞાનનો ઉપયોગ જ નથી થતો એમ નથી. પણ વિભાવરૂપ પરિણમે છે અને સ્વભાવરૂપ પરિણમન થતું નથી. તે અનાદિથી વિભાવરૂપ થઈ રહ્યો હતો.

જ્યારે સમ્યક્ત્વગુણ પ્રગટ થયો ત્યારે દર્શનગુણની પણ કેટલીએક શક્તિ, સંપૂર્ણ નહિ, પૂરેપૂરી નહિ પણ અમુક અંશે દર્શન નિજ જાતિ સ્વરૂપ થઈને, એ દર્શન પણ પોતાનો જેવો સ્વભાવ છે, પોતાને દેખવાનો, દર્શનનો પોતાને દેખવાનો સ્વભાવ છે, એકાંતે પરને દેખવું હતું તે વિભાવ હતો. અહીંયાં નિજદર્શન કરે છે. દર્શન પોતે નિજદર્શન કરે છે તે તેનો સ્વભાવ છે. નિજદર્શન કરવું તે તેનો સ્વભાવ છે. નિજને દેખવું. એવો ગુણનો કેટલોક અંશ નિજજાતિસ્વરૂપ થઈને જીવના અસંખ્યાત પ્રદેશમાં પ્રગટ થઈ. અહીંયાં પણ અસંખ્યાતપ્રદેશ લીધું. દર્શનનો ઉપયોગ છે ને? એ પણ જીવના સર્વ પ્રદેશે પરિણમન થયું. પ્રત્યક્ષ પ્રગટ થયું. કોઈપણ ઈન્દ્રિયોના માધ્યમ વિના વિભાવમાં ચક્ષુદર્શન ઉપયોગ અને અચક્ષુ દર્શનઉપયોગ એમ થઈને ચક્ષુ ઈન્દ્રિય

અને બાકીનું ઇન્દ્રિયોનું દેખવામાં નિમિત્ત પડતું નથી. અહીંયાં પ્રત્યક્ષ પ્રગટ થયું. એટલે કોઈપણ ઇન્દ્રિયોના નિમિત્ત વિના એનું પરિણમન થયું. સ્વભાવ પણ એનો સહજ પ્રત્યક્ષ એનો સ્વભાવ છે. એ જ પ્રકારે જાતિસ્વરૂપ થઈને એટલે પ્રત્યક્ષ થઈને અતીન્દ્રિય દર્શનઉપયોગનું પરિણમન થયું. અસંખ્યાત પ્રદેશમાં પરિણમન થયું એટલે અતીન્દ્રિય પરિણમન થયું.

'**વળી જેવી રીતે જ્ઞાનની શક્તિની પ્રત્યક્ષ થવાની રચના કહી હતી, તેવી જ રીતે દર્શનગુણની કેટલીએક શક્તિની પ્રત્યક્ષ થવાની રચના થઈ.**' જેવી રીતે જ્ઞાનની શક્તિની.. પછી આ જે વાત કરી છે નામ આપીને, એવી જ રીતે જઘન્ય ભાવે, એકદેશ પ્રત્યક્ષ, સ્વસંવેદનરૂપ, એવી જે વાત જે પ્રકારે કરી હતી, એવી જ રીતે જ્ઞાનની શક્તિ પ્રત્યક્ષ થવાની રચના કહી હતી. '**તેવી જ રીતે દર્શનગુણની કેટલીએક શક્તિની પ્રત્યક્ષ થવાની રચના થઈ.**' એટલે ઇન્દ્રિય દ્વારા જે પરિણમવું થતું હતું, ઇન્દ્રિયના નિમિત્તે જે ઉપયોગ ચાલતો હતો તેના બદલે અંશ પ્રત્યક્ષપણું ત્યાં પણ પ્રગટ થયું. અતીન્દ્રિય ભાવ, આંશિક અતીન્દ્રિય ભાવ પણ એમાં પ્રગટ થયો. કેટલોક ઇન્દ્રિય ઉપયોગ પણ રહ્યો અને કેટલોક અતીન્દ્રિય ઉપયોગ પણ થયો. એટલે અતીન્દ્રિય પરિણમન પણ થયું. પછી તો ધારામાં રહે છે. ઉપયોગના કાળે ઉપયોગ છે. પછી ધારાવાહીપણે પરિણમન છે. જેવી રચના કહી હતી તેવી જ રચના થઈ.

'**વળી જેમ જ્ઞાનની શક્તિને કર્મધારારૂપ કહી, તેમ દર્શનગુણની કેટલીએક શક્તિની પ્રત્યક્ષ થવાથી રચના થઈ, અન્ય (બાકીની) શક્તિ કર્મધારારૂપ પ્રવર્તે છે.**' તેમાં પણ બે પ્રકારે ભાવ થઈ જાય છે. ધારારૂપ છે. સ્વરૂપને આશ્રિત જેટલા અંશની ધારા છે તેટલી પ્રત્યક્ષ છે, સ્વભાવરૂપ છે, નિજજાતિસ્વરૂપ છે અને તે શુદ્ધ છે. બાકીની અશુદ્ધરૂપ વિભાવરૂપ રહી. જે બહારમાં ઇન્દ્રિય દ્વારા ઉપયોગ થયા કરે છે, દર્શનઉપયોગ થયા કરે છે ત્યાં વિભાવ રહ્યો. અને એ વિભાવના નિમિત્તે નવા કર્મનો આસ્રવ થતો હોવાથી, નવા કર્મનું બંધન થતું હોવાથી એને ભાવકર્મ ગણીને એને કર્મધારા કહેવામાં આવી છે. એને ભાવકર્મ પણ કહે છે. એ રીતે દર્શનગુણની અનંત શક્તિમાં પણ આ રીતે ફરક પડ્યો.

'શ્રીમદ્‌જી'એ કહ્યું છે કે સર્વ ગુણાંશ તે સમ્યક્‌ત્વ. એટલે જીવના સર્વ ગુણો, જેટલા ગુણો અશુદ્ધ પરિણમતા હતા તે, જે શુદ્ધ પરિણમતા હતા તેને તો કાંઈ પ્રશ્ન નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર, શ્રદ્ધાન, સુખ, વીર્ય આદિ જે મુખ્ય ગુણો છે, જે અશુદ્ધરૂપ પરિણમતા હતા. એના બધા ગુણોના અંશો શુદ્ધતારૂપ પરિણમવા લાગ્યા. કોઈએક ગુણ પણ એવો ન રહ્યો કે જે સર્વાંશે અશુદ્ધ પરિણમનરૂપ પરિણમતો

રહ્યો. એવો એક ગુણ પણ નથી રહેતો.

મુમુક્ષુ :- સમ્યક્ત્વનો જે પુરુષાર્થ છે, બીજા ગુણનો પુરુષાર્થ પાછો જુદો કે એમાં સમિલિત થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ તો પુરુષાર્થ નામના ગુણ દ્વારા થાય છે. પણ મુખ્યપણે જ્ઞાન અને શ્રદ્ધાન સાથે એનો સંબંધ છે. જ્ઞાન અનુસાર અને શ્રદ્ધાન અનુસાર પુરુષાર્થની દિશા બદલાય છે. પુરુષાર્થ ગુણ તો પરિણમે જ છે. વિપરીત દિશામાં પરિણમે છે. પરપદાર્થ અને રાગમાં લાગેલો રહે છે. તે શ્રદ્ધાન અને જ્ઞાન સ્વરૂપ સન્મુખ થતાં, જ્ઞાન પહેલાં સન્મુખ થાય છે, ત્યારથી દિશાંતર થાય છે અને એ સવળી દિશામાં શરૂ થયા પછી કોઈ એવી સ્થિતિએ પહોંચે છે કે શ્રદ્ધાન પણ આખેઆખું ઊલટું હતું એ આખું સૂલટું થાય છે. ત્યારે એ સમ્યક્ પુરુષાર્થ એવો શરૂ થાય છે કે બધા ગુણો પણ શુદ્ધ થઈને પરિણમવા લાગે છે. એમાં પુરુષાર્થ પણ આવી જાય છે. એ નીચે લેશે. ચારિત્ર પછી એ વાત લેશે.

'વળી તે કાળે જીવના સ્વચારિત્રગુણની અનંત શક્તિ પરાચરણરૂપે રાગરૂપ અનાદિથી થઈ રહી હતી...' ચારિત્રગુણમાં શું પરિણમન થતું હતું? કે ચારિત્રગુણ પૂરેપૂરો.. અનંત શક્તિનો અર્થ એમ છે-પૂરેપૂરો. જ્ઞાન પૂર્ણ વિભાવરૂપ પરિણમતું હતું, દર્શન પૂરું વિભાવરૂપ પરિણમતું હતું, ચારિત્ર પણ પૂરેપૂરું વિભાવરૂપ પરિણમતું હતું. તે સ્વચારિત્ર એટલે પોતાના ચારિત્રનું પરાચરણ થતું હતું. પરને આચરવું, પરને આદરવું, પરને અનુસરવું, પરનો આદર કરવો, પરમાં સ્થિર થવું, પરમાં રમવું, પરમાં જામી જવું એ વગેરે લક્ષણ છે ચારિત્રગુણના પરિણમનના. અને સૌથી સ્થૂળ જણાય એવો પરિણામ છે ચારિત્રગુણનો-રાગ-દ્વેષ આદિ ભાવ. રાગભાવ, દ્વેષભાવ, ક્રોધભાવ, માનભાવ, માયાભાવ, લોભભાવ એ અનેક પ્રકારે ચારિત્રગુણના વિભાવભાવો એટલે વિધવિધ છે અને એટલા સ્થૂળ છે કે જે બુદ્ધિગમ્ય થાય છે, મનથી સમજી શકાય છે કે આવો ભાવ થયો. એ રાગાદિરૂપ પરિણામ છે તે અનાદિથી થઈ રહ્યું હતું.

'તે અનંત આચરણશક્તિમાંની કેટલીક આચરણશક્તિ ચારિત્રગુણના કેટલાક અંશો વીતરાગ નિજજાતિરૂપ થઈને નિજવસ્તુના સ્વસ્વરૂપમાં સ્થિરરૂપ વિશ્રામરૂપે પ્રગટ થઈ,...' જ્યાં તે કાળે એટલે સમ્યક્ત્વ થયું તે કાળે વીતરાગતાના અંશો પ્રગટ થયા, સ્વરૂપાચરણ પ્રગટ થયું અને એ વીતરાગ નિજજાતિરૂપ થઈને ચારિત્રગુણ પરિણમવા લાગ્યો. કેટલોક રાગ રહ્યો અને કેટલીક વીતરાગતા થઈ.

સમ્યક્ત્વ પ્રગટ થાય છે ત્યારે ચોથા ગુણસ્થાનને અવિરત ગુણસ્થાન કહે છે. એટલે આ વિષયથી અજાણ્યા છે એવા બીજાઓ એમ પણ કહે છે કે ચોથા ગુણસ્થાને

ચારિત્ર થતું નથી. શ્રદ્ધા-જ્ઞાન થાય છે પણ ચારિત્રનું પરિણમન થતું નથી. આ ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં 'દીપચંદજી'એ સ્પષ્ટ કર્યું છે. એક એક ગુણને પકડીને વાત કરી છે. નહિતર વળી એમ કહે કે ઉપચાર કર્યો હશે. કોઈ ગુણનો આ ચારિત્ર ઉપર ઉપચાર કર્યો હશે. શ્રદ્ધાને ઉપચાર કર્યો હશે, જ્ઞાનનો ઉપચાર કર્યો હશે. એમ નથી. ચારિત્રગુણ પણ સ્વરૂપાચરણ ચારિત્રરૂપે પ્રગટ થાય છે. ત્યારે '**નિજવસ્તુના સ્વસ્વરૂપમાં સ્થિરરૂપ વિશ્રામરૂપે પ્રગટ થઈ,...**' ત્યારે પોતાના આત્મસ્વરૂપમાં સ્થિરતા થાય છે, વિશ્રામ થાય છે, આરામ થાય છે. ત્યાં ઉપયોગ જામે છે, પરિણમન ત્યાં સ્થિર થઈ જાય છે. જ્યારે સમ્યક્ત્વ પ્રગટ થાય ત્યારે શુદ્ધોપયોગ થાય ત્યારે સ્વરૂપસ્થિરતા પણ થાય, થાય ને થાય જ. ઉપયોગ શુદ્ધ થયો અને સ્વરૂપ સ્થિરતા નહોતી થઈ એમ કોઈ કહે તો એ ચારિત્રગુણના પરિણમનને ત્યારે એની સમજણમાં વાત આવી નહોતી. એ તો બુદ્ધિપૂર્વકની સમજણની ભૂલ છે.

મુમુક્ષુ :- સ્થિરતા થાય ત્યારે જ સમ્યક્ત્વગુણ પ્રગટ્યો એમ કહેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કોઈ ભૂલ ન કરે એટલા માટે એમ કહેવાય છે. કોઈ એમ કહે કે અમને શ્રદ્ધા એવી થઈ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, તત્ત્વની શ્રદ્ધા, આત્મશ્રદ્ધાન એવું છે કે શાસ્ત્ર સાથે અમારે ક્યાંય ફેર પડતો નથી. તો એને પૂછે છે કે એવું પહેલુંવહેલું શ્રદ્ધાન થયું ત્યારે શુદ્ધોપયોગ થયો હતો? ત્યારે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો હતો? ત્યારે તને સ્વરૂપમાં સ્થિરતા એટલે જામી જવાનું થયું હતું? સ્વરૂપાચરણ પ્રગટ થયું હતું? તો આ શ્રદ્ધાન બરાબર છે એમ કહેવાય છે. કેમકે શ્રદ્ધાન કાળે આવું થાય જ છે. ત્યારે કેટલાક એમ માને છે કે શ્રદ્ધા થાય ત્યારે શ્રદ્ધા થાય. હજી આચરણ થવાનું બાકી છે. એ તો પાંચમા ગુણસ્થાને અંશે ચારિત્ર શરૂ થાય અને પછી સર્વ ચારિત્ર તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને થાય છે. ચોથા ગુણસ્થાને તો અવિરતિ નામ આપ્યું છે. એટલે ચારિત્ર હોઈ શકે નહિ. પણ અવિરતિનો અર્થ ત્યાં બાહ્ય ત્યાગ નથી. સમ્યક્ પ્રકારે બાહ્ય ત્યાગ નથી, સ્વરૂપસ્થિરતા પૂર્વક. બાકી તો કોઈ સમ્યગ્દૃષ્ટિ પાંચમા ગુણસ્થાનના આચાર પણ પાળે અને કોઈ સમ્યગ્દૃષ્ટિ દીક્ષા લઈને મુનિના આચાર પણ પાળે. પણ એ બધો...

મુમુક્ષુ :- દીક્ષાધારી હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એની અંદરની પરિસ્થિતિ, અધ્યાત્મ પરિસ્થિતિ ચોથા ગુણસ્થાનની હોય. તો એ દ્રવ્યલિંગ છે. ત્યાં ભાવલિંગ નથી. પાંચમાનું ભાવલિંગ નથી અને છઠ્ઠા-સાતમાનું પણ ભાવલિંગ નથી. એ દ્રવ્યલિંગી પ્રમાણે આચરણ કરે છે.

મુમુક્ષુ :- આચરણ પ્રમાણે દોષ..

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, શુદ્ધ આચરણ પાળે તો દોષ નથી. કેમકે એ તો મંદ કષાયરૂપ પરિણામ છે. જે બાહ્યાચરણ છે એ તો મંદ કષાયરૂપ પરિણામ છે. કષાયની મંદતા છોડીને તીવ્રતા કરવાનો તો ક્યાંય ઉપદેશ કે આદેશ નથી. તો કોઈ સહેજે સહેજે કષાયની મંદતામાં આવી શકે, રહી શકે અને બાહ્યાચરણ પાળે તો એમાં એ બાહ્યાચરણનો પોતાને ખ્યાલ છે કે મારી સ્વરૂપસ્થિરતા હજી ચોથા ગુણસ્થાન પર્યંતની છે. હું પાંચમા ગુણસ્થાનનો શ્રાવક પણ નથી અને હું છઠ્ઠા-સાતમા ગુણસ્થાનનો મુનિ પણ નથી. એમ એને અંતરમાં બરાબર ભાન હોય છે.

મુમુક્ષુ :- એમાં દોષ નથી?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, દોષ નથી. દ્રવ્યલિંગીપણું આવે છે. સમ્યગ્દૃષ્ટિ દ્રવ્યલિંગી હોય છે.

મુમુક્ષુ :- પોતાની નીચી ભૂમિકાને ઊલટી કલ્પી.

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પે નહિ. એ તો માને નહિ. મુનિ માને નહિ, મુનિપણું મનાવે નહિ અને મુનિપણું માને પણ નહિ.

મુમુક્ષુ :- બીજા પૂછે તો?

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટીકરણ કરે કે મુનિપણું નથી. પણ મને તીવ્ર કષાયમાં રહેવું પસંદ નથી. તીવ્ર કષાયમાં રહેવાનું મારાથી થઈ શકે એવું નથી. એટલે હું આ બાહ્ય આચરણ પાળું છું. પણ ખરેખર હજી ભાવલિંગ મુનિદશા મને પ્રગટ થઈ નથી. એમ સ્પષ્ટ કરે.

મુમુક્ષુ :- એવું બોલે છતાં નગ્નપણું ને મોર પીંછી ને કમંડળ ધારણ કરે બોલે એમ તો ક્યાં વિરોધપણું ભાસે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, પણ બોલે એટલે જેવી સ્થિતિ છે એવી કહે છે. ને એમ કહે છે કે હું બાહ્યાચરણ પાળું છું, અંતર આચરણનો હું પ્રયત્નવાન છું. મારી મુનિદશાની ભાવના છે એનો હું પ્રયત્નવાન છું. જુઓ! કોઈપણ જીવ મુનિદશા અંગીકાર કરે છે. ત્યારે એ ચોથા કે પાંચમા ગુણસ્થાનમાં જ હોય છે. જ્યારે નગ્ન થાય, મોરપીંછી, કમંડળ ગ્રહણ કરે, જ્યારે દીક્ષાનું વિધિ-વિધાન થાય ત્યારે છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હોતું નથી કાંઈ. પણ બહુભાગ એવા જીવો મુનિદીક્ષા અંગીકાર કરે છે કે જે પ્રથમ ધ્યાનમાં બેસતા સપ્તમ ગુણસ્થાનમાં આરૂઢ થાય છે. તરત જ ભાવમુનિપણાને લઈ લ્યે છે. પણ ભાવના હોય અને ન આવે તો કાંઈ બાહ્યાચરણ છોડી દે? દીક્ષા લીધેલી છોડી દે? એની ભાવના છે. એમ નથી કે પૂજાવા માટે કરે છે. એમ નથી કે કોઈ બીજા હેતુથી કરે છે, અન્યથા હેતુથી કરે તો દ્રવ્યલિંગ

પણ નથી. પણ આ તો સમ્યગ્દૃષ્ટિ છે. એને પોતાને બરાબર ખ્યાલ છે, પોતાને મુનિપદની ભાવના છે, એટલે એના પુરુષાર્થ માટે કરે છે. છતાં પુરુષાર્થમાં-અંતર પુરુષાર્થમાં ન પહોંચે અને બાહ્યાચરણમાં પહોંચે તો એ રીતે રહેવામાં એને દોષ નથી. એમ છે.

મુમુક્ષુ :- એવું સાંભળ્યું છે કે પડિમા લઈલે ને અનુભવ ન હોય તો પડિમા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પડિમા લઈ લ્યે પણ એ મિથ્યાદૃષ્ટિ લઈ લ્યે તો. અનુભવ ન હોય એટલે મિથ્યાદૃષ્ટિ લઈ લ્યે.

મુમુક્ષુ :- પડિમા લઈ લ્યે અને અનુભવ હોય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- તો એ શું માનવા લાગે છે? કે ખરેખર હું પાંચમા ગુણસ્થાને છું. મેં પ્રતિમા અંગીકાર કરી માટે હું પાંચમા ગુણસ્થાને છું. મિથ્યાદૃષ્ટિને શું તકલીફ થાય છે? દીક્ષા અંગીકાર કરી એટલે હું સાધુ થઈ ગયો. એમ સાધુપણું નથી. સમ્યગ્દૃષ્ટિ તો જાણે છે કે અંતરમાં જેટલું સ્વરૂપાચરણ થાય છે એટલું આગળ વધાય છે. જેટલો સ્વરૂપનો પુરુષાર્થ થાય છે એટલું આગળ વધાય છે. એ વિષયને એ જાણે છે અને મિથ્યાદૃષ્ટિ એ વિષયથી અજાણ છે. એટલે એ બાહ્યદૃષ્ટિ હોવાથી બાહ્ય પરિણમન અને બાહ્ય ક્રિયાને જ એ સાધુપણું કે શ્રાવકપણું માને છે. એને અંતર પરિણામની ઓળખાણ પણ નથી અને એને ખબર પણ નથી. એમ છે. એટલે એની ભૂલ છે. અને આ તો ભાવનાવંત છે. પ્રતિમા અંગીકાર કરે છે તો એની ભાવના છે. સ્વરૂપ સ્થિરતાનો એ પ્રયોગ છે. બાહ્યાચરણથી સ્વરૂપસ્થિરતામાં આવવાનો એનો એ પ્રયોગ છે. પછી પ્રયોગમાં સફળતા નથી મળતી એ બીજી વાત છે. પણ એ એમ કહે કે હું હજી ભાવનામાં છું. હજી તેવી મને સ્વરૂપ સ્થિરતાની સિદ્ધિ પ્રાપ્ત થઈ નથી. એવી મને આત્મસિદ્ધિ પ્રાપ્ત નથી થઈ. એવું અધ્યાત્મ સ્થાને હજી પહોંચાયું નથી. પણ હું એનો ભાવનાવંત છું, પ્રયત્નવંત છું, ઉદ્યમવંત છું અને તેથી મારી શક્તિ અનુસાર હું એમાં લાગેલો રહું છું. તો એમાં એને દોષ નથી.

મુમુક્ષુ :- ન્યાયસર વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ન્યાયસર વાત છે.

મુમુક્ષુ :- ઈ તો કોઈ પૂછે ત્યારે. પણ ન પૂછે તો..

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો ઠીક છે. એમાં કાંઈ સામાને દોષ નથી લાગતો. એને તો લિંગ જોઈને આદર કરવાનો જે ભાવ છે એમાં તો એ શાસનની પદ્ધતિનો આદર કરે છે. પરંપરાનો અને આમ્નાયનો આદર કરે છે. પણ આદર કરવામાં એવી

એક સૂચના છે કે તમે જે કોઈ ત્યાગીનો આદર કરો એ લિંગ જોઈને, બાહ્યલિંગ જોઈને ભલે જરૂર આદર કરો, પણ જો તમારે સત્સમાગમ કરવો હોય તો પરીક્ષાપૂર્વક સત્સમાગમ કરવો. એવી સૂચના છે. એટલે એ પરીક્ષા કરવાની જવાબદારી, પરીક્ષા કરવાની યોગ્યતા એ પોતાને માથે આવે છે. એ જવાબાદારી પોતાને માથે આવે છે. યોગ્યતા પોતાની હોવી ઘટે છે. એટલી તૈયારી ન હોય અને પછી એમ કહે કે અમે શું કરીએ? એ તો બહારમાં એણે એવું લિંગ ધારણ કર્યું તો અમે છેતરાઈ ગયા. એમ નથી. તમે છેતરાણા તો તમારી પરીક્ષા કરવાની અયોગ્યતાને લઈને છેતરાણા છો. એનો દોષ તમને છે. સામાએ લિંગ ધારણ કર્યું એનો દોષ તમને નથી. પોતાના પરિણામથી પોતાને દોષ હોય કે બીજાના પરિણામથી પોતાને દોષ થાય? આ તો સમજવા જેવી વાત છે.

મુમુક્ષુ :- ઉચિત આદર કરવો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉચિત આદર કરવામાં આવે. અનાદિ જે શાસનની આમ્નાય છે એવું શુદ્ધ આચરણ જોવામાં આવે તો ઉચિત બરાબર કરવો જોઈએ. શાસ્ત્રમાં એ પાઠ છે. બાહ્ય નગ્ન દિગંબર અઠ્યાવીશ મૂળગુણ પાળનારા જોવા મળે તો એને આહારદાન કરવું. નગરમાં કોઈ મુનિ ચાલ્યા આવતા હોય, જોઈને ચાલતા હોય, એની બધી ચર્યા એમ લાગે કે આ મુનિને યોગ્ય છે, બાહ્યાચરણમાં બીજી ગડબડ નથી તો રીતરસ એને આહારદાન આપે, એનો આદર સત્કાર કરે, નવધા ભક્તિ કરે અને એનો સત્સમાગમ કરે ત્યારે બરાબર પરીક્ષા કરે. પછી એ (માન્ય કરે).

મુમુક્ષુ :- ઉચિત આદર કરવા માટે પરીક્ષા..

પૂજ્ય ભાઈશ્રી :- આદર તો એ બાહ્ય વિવેક છે. બહારમાં વિવેક કર્યો. હવે આત્માનો વિવેક કરવાનો સવાલ ઊભો થયો. વિવેક બે રીતે છે. એક તો બહારમાં આદર સત્કાર કરવો એ પણ વિવેક છે. અને અંદરમાં જે બોધ માટે, ઉપદેશ માટે એને ગુરુ સ્થાપવા, ગુરુ ધારવા ત્યારે તો એ ગુરુને લાયક છે કે નહિ એની પૂરી પરીક્ષા હોવી જોઈએ. એમ છે. સ્પષ્ટ વિષય છે. ગડબડ નથી એમાં, ગોળગોળ નથી કાંઈ.

મુમુક્ષુ :- ઉપેક્ષા થવા માંડે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપેક્ષા થાય. એમ ને એમ પરીક્ષા કર્યા વિના ઉપેક્ષા કરવાનો અર્થ નથી. જ્યારે એણે બહારમાં અઠ્યાવીસ મૂળગુણ અને પંચ મહાવ્રત ચોખ્ખા પાળવાની સ્થિતિમાં એ બહારમાં આવે તો તમારે બહારમાં આદરમાં આવવું એટલું હોવું ઘટે છે. જ્યારે બહારમાં એ એ સ્થિતિએ આવે છે તો બહારમાં તમારે

આટલી સ્થિતિએ ઊભા રહેવું જ જોઈએ. અનંરની વાત પછી છે. પહેલો તો બાહ્ય આદર થાય તો સમાગમ થાય. અને એમ ને એમ કોઈ કેવળી નથી. શ્રાવકો કાંઈ કેવળી નથી કે એમ ને એમ જાણી લે કે અંદરની સ્થિતિ ભાવલિંગ છે કે નહિ. પરિચય કર્યા વિના કેમ જાણી શકે? ન જાણી શકે.

મુમુક્ષુ :- અમુક વિચક્ષણતા હોય ઈ પરીક્ષા કરી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- આ વિષયમાં તો વિચક્ષણ થવું જ જોઈએ. બીજે ન થવાય તો વાંધો નહિ. સોનું લેવા જતાં છેતરાય જાવ તો વાંધો નહિ, હીરો ખરીદવા જાવે અને છેતરાઈ જાવ તો વાંધો નહિ, દીકરા-દીકરીના સગપણમાં ભૂલ કરે અને ક્યાંક ભૂલ પડી જાય તો વાંધો નહિ. પણ ધર્મનો વિષય તો સૌથી ઊંચો અને કિંમતી વિષય છે. એમાં તો તૈયાર થવું જ જોઈએ.

મુમુક્ષુ :- વીસેક વર્ષ પહેલાં બે મુનિઓ આવ્યા હતા. 'ગુરુદેવે' સામાન્ય માણસ કરતાં વધારે આદર અને સત્કાર કર્યો. તો પેલા એક મુમુક્ષુ બોલ્યા, સાહેબ! બેસ્ટ મહેમાન છે. 'ગુરુદેવ' હસવા માંડ્યા. હવે એમાં શું પ્રકાર છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એમ કહે કે બાહ્ય સજ્જનતાની દૃષ્ટિએ કોઈ આવે છે ત્યારે મહેમાનરૂપે આવે છે. એ કોઈ આવે ત્યારે વ્યક્તિગત તો દ્વેષ નથી કે કોઈ વ્યક્તિનો અનાદર કરે. એટલે એની ઉચિત વ્યવસ્થા થાય. ઉચિત વ્યવસ્થામાં અત્યારે જે મુનિઓ છે એનું બાહ્યાચરણ અઠ્યાવીસ મૂળગુણવાળું નથી. ઉદ્દેશિક આહાર વગેરે લ્યે છે એટલે આપણે આહારની વ્યવસ્થા નથી કરતા. પણ એની રહેવાની, ઉતરવાની વ્યવસ્થા કરીએ છીએ.

મુમુક્ષુ :- આ તો રૂમમાં આવ્યા હોય ત્યારે 'ગુરુદેવ' જરાક એને માન થોડુંક દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહારમાં એનું પદ તો ઊંચું છે ને. નહિતર શું છે કે અપમાન કરવા જેવું લાગે. વ્યક્તિગત અપમાન કરવા જેવું લાગે. મુનિ હોય અને પોતે ઊંચા આસને બેસે, 'ગુરુદેવે' જ્યાં જ્યાં વ્યાખ્યાન આપ્યું હોય ત્યાં દિગંબર મુનિઓ આવેલા છે. એવા પણ પ્રસંગો બન્યા છે. મધુવનમાં એ બધે યાત્રાએ જતા તો કોઈ જગ્યાએ મુનિ હોય એ જગ્યાએ જવાનું થાય. એ પણ બેસે વ્યાખ્યાનમાં. સામાન્ય રીતે તો મુનિ બેઠા હોય ત્યારે શ્રાવક વ્યાખ્યાન ન કરે. પણ આ તો કાંઈ ખરા મુનિ નથી એટલે ખબર છે અને પોતે પોતાના મુમુક્ષુગણમાં જે ઈ જાતની સમજણવાળા છે એ સમાજની અંદર પોતાના સંઘમાં વ્યાખ્યાન કરે છે. તો પેલા સાંભળવાના કે કુતૂહલના કોઈપણ પરિણામથી બેસે. તમારું વ્યાખ્યાન છે, અમારે

પણ સાંભળવું છે. તો એને આસન નીચું ન આપે કે તમે હેઠે બેસીને સાંભળો. એમ ન કહે. કેમ કે ઈ એની બહારમાં અપમાનરૂપ ચર્યા છે, આચરણ છે. તો એવું કોઈનું વ્યક્તિગત અપમાન કરવાના તો પરિણામ હોતા નથી. તો એને ઉચિત સ્થાન આપે. એટલું એણે કર્યું છે તો એટલું સામે વ્યવહારની અંદર રાખવું એટલી વાત છે.

મુમુક્ષુ :- આ જે મુનિની વાત થઈને તો ધ્યાનમાં બેસે એ પહેલાં પોતાની દશા ખ્યાલમાં આવે...

પૂજ્ય ભાઈશ્રી :- ના, ભાવલિંગ આવે જ નહિ. જ્યાં સુધી એ પ્રમાણે વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરીને દ્રવ્યલિંગ ધારણ ન કરે ત્યાં સુધી ભાવલિંગ આવી ન શકે. ભાવલિંગની સંભવિતતા જ નથી. માનો કે કોઈનું આયુષ્ય પૂરું જવાનું હોય તો? કઈ સ્થિતિમાં આયુષ્ય પૂરું થાય? અંદરમાં ભાવલિંગ હોય અને બહારમાં ગૃહસ્થ હોય અને આયુષ્ય પૂરું થાય એમ બને? ના. એવું બને જ નહિ. એમાં શું વિષય છે? વિચારવા જેવો વિષય છે કે જે પરિણામો તમે બુદ્ધિપૂર્વક સેવ્યા છે તેની પહેલા વિકલ્પપૂર્વક, બુદ્ધિપૂર્વકના વિકલ્પપૂર્વક તેનો નિષેધ આવે છે, પછી અબુદ્ધિપૂર્વકની સ્થિરતા આવે છે.

મુમુક્ષુ :- ...પછી ભાવના ભાવીને પછી ચારિત્ર પાળશું.

પૂજ્ય ભાઈશ્રી :- પણ પહેલા તો સવસ્ત્રસહિત મુનિદશા જ નથી. વસ્ત્ર સહિત મુનિદશા જ નથી એનું શું? એ તો જે વસ્ત્ર સહિત મુનિદશાનો સ્વીકાર કર્યો છે એ સિદ્ધાંત તોડ્યો છે. સિદ્ધાંતનું ખંડન કર્યું છે. સિદ્ધાંતનું ખંડન થાય ત્યારે પહેલા દર્શનમોહનું આવરણ આવે. કોઈ જીવ સિદ્ધાંત તોડે, સિદ્ધાંતને અતિક્રમે ત્યારે દર્શનમોહ પહેલા બંધાય. આચરણની વાત તો પછી ગઈ, પહેલા શ્રદ્ધાનની ભૂલ ઊભી થાય. શ્રદ્ધાનની ભૂલ ઊભી થાય ત્યારે ચોથું ગુણસ્થાન ન રહે. બુદ્ધિપૂર્વક જે સિદ્ધાંત તોડે છે એને પહેલું અગૃહિત પણ નથી રહેતું, ગૃહીત મિથ્યાત્વમાં એ આવે છે. આવો આટલો મોટો ફેર ઊભો થાય છે. એટલે એ શ્વેતાંબરની તો કોઈ દલીલ અહીંયાં કામમાં આવે એવું છે નહિ. પણ દિગંબર આમ્નાય પ્રમાણે જે લોકો શ્રાવકના આચરણ પાળે કે મુનિદશાની દીક્ષા અંગીકાર કરે તો એની અંદર એને ભાવલિંગ અને દ્રવ્યલિંગનો વિષય વિચારવો પડે. બાકી પેલા જે લોકોએ સીધેસીધું સિદ્ધાંતનું ખંડન કરીને જ આખો મત નવો ઊભો કર્યો છે, અન્યમત જ ઊભો કર્યો છે એમાં તો કોઈ વિચારવાની જ જગ્યા નથી. સિદ્ધાંત જ જ્યાં ખંડિત કરી નાખ્યો ત્યાં તો દર્શનમોહનું આવરણ થઈ ગયું, ત્યાં સીધું ગૃહીત મિથ્યાત્વ લાગુ થઈ ગયું. વાત જ પૂરી થઈ ગઈ. ત્યાં

ગમે તેવું જ્ઞાન અને ગમે તેવું આચરણ હોય તોપણ એનો કાંઈ વિચાર કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. જે જીવ સિદ્ધાંતનું ખંડન કરે, ખુલ્લેખુલ્લુ બુદ્ધિપૂર્વક, એના જ્ઞાન અને એના આચરણ વિષે કોઈ વિચારવિમર્શ કરવાનો અવકાશ રાખવાનો પ્રશ્ન જ નથી, કાંઈ સવાલ જ ઊભો નથી થતો.

મુમુક્ષુ :- હજી ચોથું ગુણસ્થાન ન આવ્યું હોય અને પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું આવી ગયું એ સવાલ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. હા, એ બહારમાં પણ સિદ્ધાંત તોડે છે. જે અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત આદિનું પાલન નથી ત્યાં એ સિદ્ધાંત તોડે છે. સિદ્ધાંત તોડે છે એટલે એના આચરણ, જ્ઞાનનો પરીક્ષા કરવાનો વિષય જ ઊભો નથી થતો. એ બરાબર હોય પછી પરીક્ષાનો વિષય ઊભો થાય છે.

મુમુક્ષુ :- મુનિઓની સભામાં જઈએ અને વ્યાખ્યાન કરીએ...

પૂજ્ય ભાઈશ્રી :- વ્યાખ્યાન કરવાની જરૂર શું છે એ સમૂહમાં જઈને? ઈ સમૂહમાં જઈને વ્યાખ્યાન કરવાની તમારે શું જરૂર છે? એણે તમને બોલાવ્યા હોય...

મુમુક્ષુ :- દીકરા, દીકરા પરણાવવા હોય ને.

પૂજ્ય ભાઈશ્રી :- તમે ધર્મ કરવા માટે ધર્મ કરો છે કે દીકરા-દીકરી પરણાવવા માટે ધર્મ કરો છો? એ તો વેપાર થઈ ગયો. એ ધર્મ ન થયો પણ વેપાર થઈ ગયો. સિવાય આત્માર્થ, કોઈપણ અપેક્ષાથી અંદરનું કે બહારનું આચરણ ધર્મ સંબધીનું છે ત્યાં ધર્મ નથી રહેતો પણ ચોખ્ખો વેપાર થઈ જાય છે. અપેક્ષા રાખે એટલે વેપાર. નિરાલંબ નિરપેક્ષ માર્ગ છે. એમાં કાંઈ પણ અપેક્ષા રાખી (એ વેપાર થઈ ગયો).

ખરેખર તો મુમુક્ષુએ ત્યાં સુધી વિચારવા યોગ્ય છે કે મુમુક્ષુને મુમુક્ષુ સમાજમાં દીકરા-દીકરી વરે માટે આપણે આ સંઘમાં ભળો કે આ મંડળમાં ભળો કે અહીંયાં આવતા-જતા થાવ કે અહીંયા આપણો સારો દેખાવ કરો, એ મુમુક્ષુતામાં નથી આવતું. એ મુમુક્ષુતાની બહાની વસ્તુ રહી જાય છે. જીવે એ એક વેપાર શરૂ કર્યો. એના કરતા તું બજારમાં દુકાન માંડ. અહીંયાં દુકાન માંડવી રહેવા દે. બજારમાં દુકાન માંડજે.

મુમુક્ષુ :- સાધર્મીને...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન જ નથી રહેતો. એનું અનુમોદન ક્યાં કરવાનો પ્રશ્ન છે?

મુમુક્ષુ :- 'ગુરુદેવ' જેવું જ વ્યાખ્યાન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ' જેવું કરવાનું સામર્થ્ય કોઈનામાં છે નહિ. એ વસ્તુ

આખી જુદી હતી, Quality જુદી હતી. આ કોઈ નકલ કરવાની ચીજ નથી. 'ગુરુદેવ' જેવું વ્યાખ્યાન કરવું એ કોઈ ચીજ નથી. એટલે બધા પડખેથી, ચારે પડખેથી એનો વિચાર કરવો જોઈએ.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિ નિર્દોષ થઈ ગયા હોય એટલે ઉપરના ગુણસ્થાનનું કોઈ સહજ રીતે પાલન કરે તો વાંધો નહિ. મિથ્યાદૃષ્ટિ જો ઉપરના ગુણસ્થાનનું પાલન કરવાનો આગ્રહ રાખે તો વિકૃતિ પેદા થઈ જાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- એને આગ્રહ થાય છે કોઈવાર અથવા આગ્રહ ઉપરાંત એને માન્યતા (થઈ ગઈ હોય છે). .. કોઈને ન થાય એ બીજી વાત છે. એવા પણ હોય, એવા પણ દ્રવ્યલિંગી હોય કે જેની સમજણ ચોખ્ખી હોય છતાં એ દ્રવ્યલિંગ પાળે. પણ એ સ્પષ્ટ કરી દે કે હું મુનિ નથી. એકવાર એવું થયું. 'વડોદરા'ની અંદર સમાજના કોઈ નેતા હશે એ વ્યાખ્યાનમાં આવ્યા. પછી કહ્યું કહ્યું કે તમે બે શબ્દ બોલો. અથવા એણે કહ્યું કે હું 'ગુરુદેવ'નું વ્યાખ્યાન સાંભળીને બહુ ખુશી થયો છું. મારે થોડું બોલવું છે, આભાર વ્યક્ત કરવો છે. એ 'ગુરુદેવ'ની મહિમા કરવા માંડ્યા. એમાં કહે, આ તો મહાન આચાર્ય છે. બિચારા જૈન નહિ હોય, અજૈન હશે. આ તો જૈનના મહાન આચાર્ય આપણે ત્યાં પધાર્યા છે ને આમ છે ને તેમ છે. એ પૂરું થયું એટલે પછી 'ગુરુદેવે' કીધું, અમે આચાર્ય નથી. અમે કોઈ જૈનના આચાર્ય નથી. ઉપદેશની પદ્ધતિ અને લોકોનું આકર્ષણ જોયું એટલે એમ થઈ ગયું કે કોઈ મહાન જૈન આચાર્ય લાગે છે. અને અહીંયાં તો ગુજરાતમાં તો શ્વેતાંબરમાં સવસ્ત્રધારી આચાર્ય હોય છે. એટલે એણે પણ એમ માન્યું કે આ પણ કોઈ જૈનના આચાર્ય હશે. એને આ કોઈ સંપ્રદાયની વ્યવસ્થાની ખબર નહિ. જાહેરમાં સ્પષ્ટ કર્યું. કોઈ આચાર્ય કહી દે એટલે પોતે આચાર્ય માનવા લાગે પોતાને એવું પણ ન થાય અને બીજા માનવા લાગે એવું પણ ન થાય. એમ. એટલે જેની સમજણ સાફ છે એ તો બરાબર ચાલે છે. એમાં એને દોષ નથી લાગતો. બાહ્યાચરણથી પોતે ધોખામાં રહે અને બીજાને ધોખામાં નાખવાનો એનો ભાવ કે અભિપ્રાય થાય કે પરિણામ થાય કે અભિપ્રાય થાય તો દોષિત છે. પરિણામથી દોષ છે. બહારની ક્રિયાથી દોષ નથી, એના પરિણામથી દોષ છે.

અહીંયાં તો સમ્યક્ત્વ પ્રગટ થતાં ચારિત્રગુણની કેટલીક શક્તિ એટલે કેટલોક અંશ વીતરાગભાવરૂપ-રાગના અભાવરૂપ વીતરાગભાવરૂપ અને સ્વરૂપાચરણમાં-સ્વરૂપમાં સ્થિરતારૂપ, સ્વરૂપમાં વિશ્રામરૂપ નિજવસ્તુજાતિએ પરિણમન થયું. '**(તે શક્તિએ) નિજવસ્તુસ્વરૂપ આચર્યું..**' તે શક્તિએ પોતાનું વસ્તુના સ્વરૂપનું આચરણ કર્યું. જેવું

વસ્તુનું સ્વરૂપ હતું એવું જ આચરણમાં લીધું. ભલે આંશિકપણે. '**નિજવસ્તુસ્વરૂપ આચર્યું, તેમાં સ્થિરતા કરી.**' એમાં સ્થિર થયા. ભલે એક સેકંડથી ઓછા ભાગે પણ એમાં સ્થિર થયા. બહુ મોટી વાત છે એ. અનાદિથી સ્થિર નહોતો થયો ત્યાં સ્થિર થયો. એટલે અનાદિની અસ્થિર પરિણતિની ધારા હતી, શ્રૃંખલા હતી, એ સાંકળ તોડી એણે. અને જીવ સ્વરૂપસ્થિરતામાં આવ્યો. એમાં સ્થિરતા કરી.

'**વળી શ્રુતકેવળીજીવની ચારિત્રગુણની કેટલીકએક શક્તિ જે અબુધરૂપ થઈ રહી છે, તેથી તે ચારિત્રની શક્તિ રાગરૂપ છે.**' વળી શ્રુતકેવળી જીવની ચારિત્રગુણની. શ્રુતકેવળી જીવની એટલે સમ્યગ્દૃષ્ટિ જીવની. ચારિત્રગુણની કેટલીએક શક્તિ એટલે આંશિક શક્તિ જે અબુદ્ધરૂપ એટલે અચારિત્રરૂપ થઈ રહી છે તેથી તે ચારિત્રની શક્તિ રાગરૂપ છે. એટલે સમ્યગ્દૃષ્ટિને કેટલોક રાગ થાય છે, એમ લેવું છે. કેટલીક વીતરાગતા થઈ છે અને એને કેટલોક રાગ પણ થાય છે. તે રાગરૂપ છે. '**જ્યાં રાગ છે ત્યાં બંધન છે.**' રાગબંધન. ભાવથી તો રાગબંધન છે. જેને ભાવબંધન છે એને દ્રવ્યથી બંધન થાય છે. એટલે ત્યાં બંધન છે.

'**તેથી શ્રુતકેવળીને...**' જુઓ! સમ્યગ્દૃષ્ટિ લેવાને બદલે ચારિત્રની વાતમાં એમણે શ્રુતકેવળી શબ્દપ્રયોગ કર્યો છે. '**તેથી શ્રુતકેવળીને ચારિત્રગુણની બુધરૂપ શક્તિથી આસ્રવ બંધ નથી.**' એટલે જેટલી શુદ્ધતા ચારિત્રની થઈ છે, સ્વરૂપસ્થિરતા વર્તે છે તેટલો એને બંધ નથી. આસ્રવ પણ અને બંધ નથી. એટલે એ અંશે અબંધ પરિણામ છે અને એક અંશે એના બંધ પરિણામ છે. બંધ અને અબંધ બન્ને તત્ત્વો એક પર્યાયમાં છે. આમ તો ચાર તત્ત્વ એક પર્યાયમાં છે. અબંધભાવ છે અને ત્યાં નિર્જરાતત્ત્વ પણ છે. એટલે સંવરભાવ પણ છે. શુદ્ધભાવ છે એટલો સંવરભાવ પણ છે. અને નિર્જરા પણ છે. બે તત્ત્વ શુદ્ધિના આવ્યા. અને આસ્રવ પણ છે અને તે જ પરિણામમાં મિશ્રપણે બંધ પણ છે. એટલે એ બે તત્ત્વ બીજા આવ્યા. પર્યાય એક અને એની અંદર રહેલાં તત્ત્વો ચાર. બતાવો કોઈ ધાર્મિક સાહિત્યમાં એક પર્યાયમાં ચાર તત્ત્વો બતાવ્યા હોય. ચાર Elements થઈ ગયા ને. પર્યાય એક સમયની, કેટલા એની અંદર (તત્ત્વો) છે? એક સમયની પર્યાયમાં ચાર તત્ત્વો છે. આવું સૂક્ષ્મ જોયું છે. એટલે ત્યાં આસ્રવ, બંધ નથી.

'**ચારિત્રની અબુધરૂપ રાગશક્તિથી સૂક્ષ્મ (થોડો) આસ્રવ બંધ થાય છે.**' સૂક્ષ્મ આસ્રવ, બંધ લીધો. હજી તો એક જ ચોકડી ગઈ છે. ચારિત્રની અનંતાનુબંધીની ગઈ છે. પછી પ્રત્યાખ્યાનવરણી, અપ્રત્યાખ્યાનવરણી અને સંજ્વલન કષાયની ત્રણ ચોકડી ઊભી છે. સોળ કષાયમાંથી ચાર ગયા અને બાર ઊભા રહ્યા છે. તો કહે

છે કે, સૂક્ષ્મ રહ્યા છે હવે. એટલે રાજા અને સરદાર મરી ગયા છે. હવે સૈન્ય રહ્યું છે. એ સૈન્યને હણવામાં કાંઈ વાર લાગવાની નથી. એ બધા નિર્બળ છે. આ બળવાન યોદ્ધા હતા એને તો ખલાસ કર્યા, એમ કહેવું છે. એટલે સૂક્ષ્મ લીધા. એ માર્ગની વિશિષ્ટતા કહો, સુવિધા કહો અને સમ્યક્‌તા કહો, સરળતા કહો, સુગમતા કહો એ આ જ છે. કે પ્રારંભની અંદર બહુ મોટું કામ થાય છે. અંગ્રેજીમાં કહેવત છે ને? Well begun is half done. બહુ સારી શરૂઆત થાય તો એમ કહે છે કે અડધું કામ તો થઈ ગયું. શરૂઆત બહુ સારી, તો કહે, અડધું કામ થઈ ગયું. એમ આ શરૂઆત એવી ઊંચી છે કે મોટા ભાગનું કામ થઈ ગયું જાણે. કહેવાય છે જઘન્ય સ્થિતિ. પણ દર્શનમોહ એટલે મોટામાં મોટો દોષ. અને અનંતાનુબંધીનો ચારિત્ર એટલે મોટામાં મોટો દોષ. જે મોહકર્મ છે, મોટામાં મોટો દોષમાં ભાવ છે એની અંદર જે વધારેમાં વધારે ખરાબ પરિસ્થિતિ છે એ પહેલા નાશ પામે છે. એ રીતે સૂક્ષ્મ (થોડો) આસ્રવ બંધ થાય છે. '**ચારિત્રની અબુધરૂપ રાગશક્તિથી સૂક્ષ્મ (થોડો) આસ્રવ બંધ થાય છે.**' પછી ચક્રવર્તી હોય તોપણ એને થોડો આસ્રવ, બંધ કહ્યો છે અને કોઈ દ્રવ્યલિંગી હોય તોપણ એને થોડો આસ્રવ, બંધ કહ્યો છે. પણ એને અલ્પમાં લેવામાં આવે છે, એને બહુમાં ગણવામાં આવતું નથી. અલ્પ બંધ છે.

'**એ રીતે જઘન્ય જ્ઞાનીને સ્વચારિત્રગુણની કેટલીએક શક્તિ સર્વજીવપ્રદેશરૂપ નિજવસ્તુમાં વીતરાગ થઈને સ્થિરીભૂત (સ્થિર) વિશ્રામરૂપે પ્રવર્તે છે.**' અહીંયાં પણ ક્ષેત્ર લીધું. ગુણ તો પૂરા ક્ષેત્રમાં પરિણમે છે ને. એટલે એમ કહે છે કે જઘન્ય જ્ઞાનીને પણ ચોથા ગુણસ્થાને ઓછું જ્ઞાન છે, ચકલું, દેડકું હોય એને પણ '**સ્વચારિત્રગુણની કેટલીએક શક્તિ...**' એને શુદ્ધાચરણ થયું. એના અસંખ્ય પ્રદેશમાં, પૂરા ક્ષેત્રની અંદર સર્વ જીવપ્રદેશે નિજવસ્તુમાં વીતરાગ થઈને. વીતરાગભાવ ત્યાં પ્રગટ થયો. વીતરાગ થઈને સ્થિરીભૂત-સ્થિર થઈને વિશ્રામરૂપે પ્રવર્તે છે. અહીંયાં બે ધારાની વાત નથી લીધી. પણ અહીંયાં બે ધારા થાય છે. ચારિત્રની અબુધ રાગરૂપ અન્ય શક્તિ વિકારરૂપ પ્રવર્તે છે. બેય વાત કરી દીધી એટલે બે પ્રકારની ધારા અહીંયાં પણ થઈ ગઈ. જેટલી વીતરાગ પરિણતિ છે એટલી જ્ઞાનધારા કહે છે. અને જેટલી રાગરૂપ પ્રવૃત્તિ છે, રાગરૂપ પરિણતિ છે એટલી એને કર્મધારા કહેવામાં આવે છે. રાગ પોતે જ ભાવકર્મ છે એટલે એ કર્મધારામાં જાય છે.

એ રીતે ચારિત્રગુણમાં પણ એક સમયની પર્યાયમાં બે ભાવ થઈ જાય છે. વીતરાગતા અને રાગ એવા બે ભાવ રહે છે. સાધકદશામાં એ અનિવાર્ય પરિસ્થિતિ છે. જરા પણ શુદ્ધતા ન હોય તો સાધક દશા રહેતી નથી, જરા પણ અશુદ્ધતા

ન હોય તો સિદ્ધ દશા હોય. માટે સાધક દશા રહેતી નથી. જરા પણ શુદ્ધતા ન હોય તો મિથ્યાત્વદશા, અજ્ઞાનદશા છે એટલે સાધકદશા નથી. જરાય અશુદ્ધતા નથી એટલે સિદ્ધદશા છે. માટે સાધકદશા નથી. સાધકદશા તો વચ્ચેની દશા છે કે જ્યાં શુદ્ધિ, અશુદ્ધિ બન્ને હોય જ છે.

કોઈ એવો તર્ક કરે છે એ વિષયને સમજ્યા વિના, વિજ્ઞાનને સમજ્યા વિના, કે આવું કેમ વચ્ચે થાય છે? વચ્ચે બીજાને ભૂલ થાય એવું થાય. ભૂલમાં પડી જવાય. ભ્રમ થઈ જાય. એના કરતાં કાં એકલો અશુદ્ધ રહે અને કાં એકલો શુદ્ધ થઈ જાય. એવું કાંઈક થાય તો પછી વચ્ચે ભ્રમણા થાય નહિ. ભાઈ! કોઈ ઘડો ઊંધો પડ્યો હોય, એ સવળો થાય ત્યારે આડો થયા વિના સવળો થવાની કોઈ વ્યવસ્થા ખરી? ઊંધો ઘડો પડ્યો છે. એને સવળો કરવો છે. હવે વચ્ચે તે આડો ન થવો જોઈએ ક્યારેય તે. સીધો જ સવળો થવો જોઈએ. છે કોઈ વ્યવસ્થા એની? એ પરિસ્થિતિ જ નથી હોતી. એમ વસ્તુનું આ વિજ્ઞાન છે કે વચ્ચે સાધક દશા આવ્યા વિના રહેતી નથી. અને એ સાધકદશા મિશ્ર પર્યાયરૂપ, મિશ્ર ધર્મરૂપ હોય છે.

'**વળી તે કાળે...**' હવે આનંદની વાત કરે છે. '**વળી તે કાળે આ જીવની એક સ્વપરમાનંદ ભોગગુણની અનંતશક્તિ ચિત્વિકારરૂપ પુણ્ય-પાપ, દુઃખભોગરૂપે અનાદિથી પ્રવર્તી હતી.**' પુણ્ય-પાપમાં દુઃખ ભોગ લીધો છે. પાપમાં દુઃખભોગ અને પુણ્યમાં સુખભોગ એવી વાત કરી નથી. છે? આ તો ૨૦૦-૨૫૦ વર્ષ પહેલાં લખાઈ ગયેલી વાત છે કે નહિ? અર્થઘટન કાંઈ અત્યારે 'ગુરુદેવે' પોતાના ઘરમાંથી કાઢીને લોકોને સમજાવ્યું છે એમ નથી. એક અપેક્ષાએ પોતાના ઘરની વાત છે. કેમકે ઘરની કરી છે માટે ઘરની. આત્મસાત કરી છે માટે ઘરની. પણ એક અપેક્ષાએ તો અનાદિથી અનંત કાળ પર્યંતના જે સાધકો, જે જ્ઞાનીઓ જે રીતે પરિણમન થઈને કહેશે, એ જ રીતે બધા એકસરખું જ કહેશે. એમાં બે મત, બે વિષય થતા નથી, બે પ્રકાર આવતા નથી.

મુમુક્ષુ :- કોઈપણ જૂના પંડિત લ્યો, 'ગુરુદેવ'ની વાતમાં ક્યાંય એક અક્ષર ફેર પડે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ફેર પડે નહિ. એ તો એમ જ છે. નહિતર એકબીજાને કાંઈ સંપર્ક નથી. ૨૫૦ વર્ષ પહેલા થયા અને અત્યારે થયા એને કાંઈ સંપર્ક હશે? કાંઈ સંપર્કસૂત્ર નથી કે ભાઈ, હું આમ કહું છું, તમે આમ કહેજો પાછા. એમને જે અનુભવ થયો એવો જ વૈજ્ઞાનિક અનુભવ પોતાને થયો. એટલે એમણે એ જ વાત કરી. મેળવો તો બન્ને Telly થઈ જાય છે કે બરાબર, પહેલા અનુભવી પણ એમ કહી

ગયા, આ અનુભવી પણ એમ કહી ગયા. એ બતાવે છે કે બન્નેને એક જાતિનો અનુભવ થયો છે. એમ એમાંથી સ્પષ્ટ થાય છે.

મુમુક્ષુ :- અનુભવ પણ એક જાતિનો અને અભ્યાસ પણ એક જ આચાર્યોનો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો પરંપરા ચાલી આવે છે, પરંપરા ચાલી આવે છે. કેવળજ્ઞાનથી માંડીને એ પરંપરા ચાલી આવે છે. એટલે શું છે કે કોઈપણ સાધક જ્યારે બહારમાં આ વિષયનું કથન કરે છે ત્યારે એ માત્ર શાસ્ત્રનો આધાર લઈને કથન નથી કરતાં, પોતાના અનુભવને અંદર મેળવીને કથન કરે છે. એટલે એક કથન કરવામાં એને બે વાત છે. એક, બહારમાં બીજા અનુભવીઓ અને એક, અંદરમાં પોતાનો અનુભવ. આમ બન્ને અનુભવનો વિષય એની સાથે સામેલ હોય છે. અને એ રીતે આખી પ્રવાહરૂપ પરંપરા ચાલુ રહે છે.

મુમુક્ષુ :- આચાર્યે કીધું છે માટે તું હા ન પાડતો, અનુભવથી પ્રમાણ કરજો.

પૂજ્ય ભાઈશ્રી :- કહેતા જ આવ્યા છે, બધા એમ જ કહે છે કે તમારો અનુભવ સાથે સાથે પ્રમાણ કરવામાં રાખજો. એમ ને એમ હા પાડશો નહિ. અને એમ ને એમ હા પાડશો તો એ તમારી સાચી હા નથી. તમારી હાનો અમને સ્વીકાર પણ નથી, એમ થઈ ગયો એનો અર્થ ભલે તમે હા પાડી હોય તોપણ અમે એ વાતને સ્વીકારતા નથી. કેમકે એ હાની ન ક્યારે થશે એ અમને ખબર છે પાછી. આવી હા ક્યારે નામાં પલટાય જશે એનો કાંઈ મેળ રહેવાનો નથી.

'**વળી તે કાળે...**' એટલે સમ્યક્ત્વના થવા કાળે '**આ જીવની એક સ્વપરમાનંદ ભોગગુણની...**' પરમાનંદ નામનો ગુણ છે, જે પોતાના આનંદને ભોગવવાનું કાર્ય કરે છે એને પરમાનંદ ભોગગુણ કહેવામાં આવે છે. સ્વપરમાનંદ-પોતાના નિજ પરમઆનંદને, ઉત્કૃષ્ટ આનંદને ભોગવવો એવો એક આત્મામાં આનંદગુણ છે. એ આનંદની વિશિષ્ટતા એટલી છે કે જગતમાં જગતના જીવોએ કલ્પેલા સર્વ આનંદના પ્રકાર, એની સાથે મેળવવા જતાં એ દુઃખમાં જાય છે. જગતના બધા આનંદ દુઃખમાં જાય છે. એવો આ કોઈ લૌકિક આનંદ કરતાં બીજી જાતનો, અલૌકિક જાતનો આનંદ છે. અને એની ઉત્કૃષ્ટતા એટલી છે કે એ આનંદ પ્રગટ થતાં ઈન્દ્રાદિની સંપદા દુઃખરૂપ ભાસે છે.

'અનુભવ પ્રકાશ'માં એ વિષય એમણે 'દીપચંદજી'એ લઈ લીધો. ઈન્દ્રાદિની સંપદા વિકારરૂપ અને દુઃખરૂપ ભાસે છે. એટલે શું? કે ઈન્દ્રને સર્વોત્કૃષ્ટ સંપત્તિ છે, દૈવી સંપત્તિ છે. મનુષ્યોમાં ઈન્દ્ર છે એ ચક્રવર્તી છે અને દેવોના ઈન્દ્ર છે એ મનુષ્ય કરતાં ઊંચા પુણ્યવાળા છે. એટલે એની બહારની સંપત્તિ અને વૈભવ વિશિષ્ટ પ્રકારે

છે. એના ઈન્દ્રાસન ઉપર એને લક્ષ જાય છે તો એ સમજે છે કે એટલો વિભાવ થયો અને ત્યાં દુઃખનો જન્મ થયો. કોની સાથે મેળવે છે ત્યારે એ સમજાય છે? કે પોતાના આનંદની સાથે મેળવે ત્યારે એ વાત એને સમજાય છે. લોકો તો બહારમાં વૈભવ જોઈને, બહારના ભૌતિક વૈભવને જોઈને આ સુખી છે એમ કહે છે. આ સુખી છે, ફલાણાં ફલાણાં સુખી છે. અહીંયાં એ વાત રહેતી નથી. અહીંયાં એ બધો વૈભવ દુઃખનું નિમિત્ત ગણવામાં આવે છે. કેમકે તેને અવલંબતા નિયમથી દુઃખ ઊપજે છે માટે. તેનો આશ્રય કરતાં, તેને ભોગવતા, તેને અવલંબતા નિયમથી જીવને દુઃખભાવ જ થતો હોવાથી એના ઉપર આરોપ કરવામાં આવે છે કે એ દુઃખરૂપ છે. એ આરોપ કરવામાં (આવે છે). વસ્તુ દુઃખરૂપ નથી, પણ વસ્તુના આશ્રયે દુઃખ ઊપજે છે. વસ્તુ વિકારરૂપ નથી પણ એના આશ્રયે વિકાર ઊપજે છે. માટે એ દુઃખરૂપ છે અને વિકારરૂપ છે એમ કહેવામાં આવે છે.

આ ચોપડામાં વાણિયા લખે છે ને? ગૌતમસ્વામીની લબ્ધિ હજો. છેલ્લા ગૌતમસ્વામી ગણધર થઈ ગયા ને? ગણધર ભગવાનને બધી લબ્ધિ થાય. ગૌતમસ્વામીની લબ્ધિ હજો. આ મૂર્ખાઈ તું ક્યાં કરે છો? ગૌતમસ્વામીએ તો લબ્ધિને દુઃખરૂપ જાણી હતી અને વિકારરૂપ જાણી હતી. જેને દુઃખરૂપ ને વિકારરૂપ અને અનિષ્ટ જાણી હતી. એના આશ્રયે પરિણામ થાય તો. એ તો એનો ઉપયોગ જ કરતા નહોતા. પણ એના આશ્રયે જો પરિણામ થાય તો એ જીવનું અનિષ્ટ થાય, ભલું ન થાય. જીવનો ઘાત થાય, જીવનું બૂરું થાય. તો કહે છે, મને હજો. સામાન્ય સમજણ પણ સંપ્રદાયમાં રહી નથી. એ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :-ખૂટે નહિ એટલા પૈસા હજો એમ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે કે ખૂટે નહિ એટલું દુઃખ હજો, એમ થઈ ગયું. ખૂટે નહિ એટલા પૈસા હજો એટલે કે ખૂટે નહિ એટલું દુઃખ પણ હજો. એમ થયું.

મુમુક્ષુ :- ગૌતમસ્વામીની લબ્ધિમાં તો વાત છે, પણ હૈદરશાહની મહેર હજો. 'ગુરુદેવે' ધ્યાન ખેંચ્યું કે આ શું લખો છો તમે.

પૂજ્ય ભાઈશ્રી :- સાચી વાત છે. હૈદરશાહ પીર. લોકો પીરને માનતા થઈ ગયા છે. મુસલમાનો જેને માનો. ગૃહીત મિથ્યાત્વ થાય એટલે એ મુસલમાન જેવો જ ગણવો જોઈએ. સિદ્ધાંત તોડે, થઈ ગયો મુસલમાન. ખલાસ! એવું છે.

મુમુક્ષુ :- ચોપડામાં કઈ રીતે લખાય?

પૂજ્ય ભાઈશ્રી :- ચોપડામાં ચોપડો લખાય એ રીતે લખવું. બીજું શું? પહેલા તો માનો કે એવું હોય છે કે ધર્મીજીવો ચક્રવર્તીઓ, ધર્મીઓ, ચક્રવર્તી ધર્મી સમ્યગ્દૃષ્ટિ

હોય એ કોઈપણ સંસારનો કાર્યનો પ્રારંભ કરે એ પહેલાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્મરણ કરે. તો એ તો એને એક પોતાનો એ તરફનો વિશેષ ઝુકાવવાળો પરિણામભાવની ધારા છે એટલે એમ કરે છે. પોતાને વીતરાગતા પ્રત્યે અંદરમાં ઝુકાવ વધારે છે. મુખ્ય પરિણતિ એ છે એટલે બહારમાં પણ પહેલાં એનું સ્મરણ કરે છે. એ એના અંદરના ઝુકાવને સ્પષ્ટ કરે છે. હવે એ વાત તો ભૂલાઈ ગઈ. બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રને યાદ કરે, પંચ પરમેષ્ઠીને યાદ કરે તો એમ અપેક્ષા રાખે કે હું આ પંચ પરમેષ્ઠીના નામ ચોપડામાં લખું એટલે કાંઈક હવે આમાં સરવૈયામાં સરખો સારો એવો લાભ દેખાય. એવી અપેક્ષા રાખે. એવી અપેક્ષાથી તો ધર્માત્માઓએ એ કાર્ય નહોતું કર્યું. પણ ચીલાચાલુ વાત ઊભી રહી ગઈ. યુદ્ધ કરવા જાય તો પહેલાં મંદિરમાં દર્શન કરવા જાય. જાતા હોય યુદ્ધ કરવા, એ તો કાંઈ પુણ્યના પરિણામ નથી.

મુમુક્ષુ :- રાવણે શાંતિનાથ ભગવાનની પૂજા કરી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પૂજા કરવા કરી હતી. એ તો તપ કરતા હતા. વિદ્યાધર હતા ને? તપ કરતા હતા. મિથ્યાદૃષ્ટિ હતા ને? મિથ્યાદૃષ્ટિ હતા એટલે અપેક્ષા રાખતા હતા કે આ શાંતિનાથ ભગવાનની પૂજા ભણાવીને, તપ કરીને હું આવી લબ્ધિ, આવું લડવાનું સાધન મેળવીશ અને એનાથી પછી હું રામ સાથે યુદ્ધ કરીશ. એમ હતું. જૈન હતા એટલે શાંતિનાથ ભગવાનની કરતા હતા. અજૈન હોત તો વળી બીજાનું કાંઈ કરત. એમ થાય છે. કોઈ અપેક્ષા, બહારના પદાર્થની અપેક્ષા એ ધર્મની સીધી હાનિ છે, ધર્મ ઉપર પ્રહાર છે. ધર્મ ઉપર એનો એ સીધું ઘાતક પરિણામ થાય છે. ધર્મનું જ એ ઘાતક પરિણામ છે.

એટલે આપણે એ પ્રવૃત્તિ નથી પણ આપણાં સમાજમાં શાસ્ત્ર સ્વાધ્યાયની પ્રવૃત્તિ છે. તો એ 'શ્રીમદ્જી'ના વચનો ત્યાં બહુ માર્ગદર્શનરૂપ થાય છે. સિવાય આત્માર્થ, કોઈપણ રીતે શાસ્ત્રની પ્રવૃત્તિ થવી એ જીવને શાસ્ત્રિય અભિનિવેશ થવાનું કારણ થશે. એ જાગૃતિ રાખવી શાસ્ત્રિય અભિનિવેશ ન થવા અર્થે, એક આત્માર્થે જ, સ્વાધ્યાય આદિની પ્રવૃત્તિ કરવી, કરાવવી, અનુમોદવી. જે કાંઈ થાય તે સિવાય આત્માર્થ કાંઈ એમાં હોવું જોઈએ નહિ.

શું કહે છે? આનંદગુણ છે એ વિકારરૂપ, ચિત્વિકારરૂપ પરિણમતો હતો. ત્યારે દુઃખ ઉત્પન્ન થતું હતું. દુઃખભોગરૂપે અનાદિથી એની પ્રવૃત્તિ થઈ રહી હતી. એમાં પુણ્યના પણ પરિણામ થતા હતા, પાપના પણ ઉદય આવતા હતા, પુણ્યના ઉદય આવતા હતા. શાતા-અશાતાને બન્નેને ભોગવતા એમાં એકાંતે દુઃખ જ ભોગવવાનું જીવને થઈ રહ્યું હતું. સમ્યક્ત્વ થવાને કાળે '**તેમાંની કેટલીક શક્તિ સ્વપરમાનંદરૂપ**

થઈ. સુખભોગરૂપે પ્રવર્તી.' જુઓ! આ આનંદ એને આવે છે એમ સ્પષ્ટ કહે છે. સ્વરૂપાચરણ પણ થાય છે અને સમ્યક્ત્વ થતાં નિજાનંદ પણ ઉત્પન્ન (થાય છે), આત્માનંદ પણ ઉત્પન્ન થાય છે. એ સ્વપરમાનંદ-સ્વ પરમ આનંદ. પરમાનંદનો અંશ છે માટે એને સ્વપરમાનંદ કહેવામાં આવે છે. આમ તો પરમાનંદ ખરેખર તો તેરમા ગુણસ્થાને પ્રગટ થાય છે. પણ એની જાતિ પ્રગટ થઈ છે એટલે અહીંયાં કેટલીએક શક્તિ સ્વપરમાનંદરૂપ થઈ છે. એમ છે. અને '**સુખભોગરૂપે પ્રવર્તી.**' ત્યાં એનો સુખનો ભોગવટો થાય છે. અતીન્દ્રિ આનંદ અને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. ચોથું ગુણસ્થાન થાય ત્યારે નિયમબદ્ધપણે. એમ લ્યે છે. એવી સાધકદશા પ્રગટ થાય છે. એ આનંદ અને પુરુષાર્થની બે વાત બાકી રહી. પછી વાત પૂરી કરશે.

તા. ૧૫-૬-૧૯૮૬, પાના નં. ૫૬, પ્રવચન નં. ૩૯

... પ્રગટ થતાં શુદ્ધતાના અંશો પરિણમવા લાગે છે. એમાં અહીંયાં આનંદની વ્યાખ્યા કરશે. આત્મામાં એક સ્વપરમાનંદ નામનો ગુણ છે, જેનું કાર્ય પોતાના પરમાનંદને ભોગવવાનું છે. અનાદિથી દુઃખરૂપે તેનું પરિણમન થતું હતું. પુણ્ય અને પાપના ઉદયમાં એકાંતે દુઃખનો અનુભવ કરતો હતો. તેમાંની '**કેટલીએક શક્તિ સ્વપરમાનંદરૂપ થઈ સુખભોગરૂપે પ્રવર્તી.**' કેટલીએક શક્તિ અમુક અંશે આનંદ પ્રગટ થયો. કેટલીએક પરમાનંદભોગગુણની શક્તિ સ્વસુખરૂપે પ્રગટ થઈ અને તેટલો આનંદનો અનુભવ થવા લાગ્યો, સુખનો અનુભવ થવા લાગ્યો. આત્મિકસુખની શરૂઆત થઈ અને આંશિક સુખ પ્રગટ થયું. સિદ્ધ પરમાત્માને આનંદ હોય છે એવી જાતનો, આનંદની એ જ Quality, ફક્ત પ્રમાણ ઓછું છે, આનંદ ઓછો છે. સિદ્ધ પરમાત્માને અનંત આનંદ છે. ચતુર્થ ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને અલ્પ આનંદ છે પણ એક જ જાતનો આનંદ છે.

'**ચારિત્ર ગુણની જેટલી એક શક્તિ સ્થિરરૂપ સ્વઆચરણરૂપે પ્રવર્તી. કેટલીએક શક્તિરૂપ નિજસ્વરૂપના ભોગરૂપે પ્રવર્તે છે.**' હવે અહીંયાં એમ કહેવું છે કે આનંદને ચારિત્ર સાથે સીધો સંબંધ છે. જેટલું સ્વરૂપાચરણ ચારિત્ર, જેટલી સ્વરૂપમાં સ્થિરતા છે એટલો અહીંયાં આનંદ વિશેષ છે. જેટલી સ્થિરતા ઓછી છે એટલો આનંદ અલ્પ છે. એને ચારિત્ર સાથે સીધો સંબંધ છે. આમ તો અરસપરસ મુખ્ય ગુણોમાં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહે જ છે. ચારિત્રગુણને સીધો પુરુષાર્થ સાથે સંબંધ છે. જેટલો પુરુષાર્થ વિશેષ છે એટલી સ્થિરતા વિશેષ છે. જેટલી સ્થિરતા વિશેષ છે એટલો આનંદ વિશેષ છે. એ રીતે સીધો અહીંયાં સંબંધ છે કે જેટલું સ્થિર રહેવાય છે, સ્વરૂપમાં જેટલા પરિણામ સ્થિર રહે છે, '**ચારિત્રગુણની જેટલી એક શક્તિ સ્થિરરૂપ, સ્વઆચરણરૂપે પ્રવર્તી કેટલીએક શક્તિરૂપ નિજસ્વરૂપના ભોગરૂપે પ્રવર્તે છે.**' કેટલીએક એટલે તેટલી જ. જેટલી જેટલી વિશેષ વિશેષ સ્થિરતારૂપ પ્રવૃત્તિ થાય છે એટલો આનંદનો પણ ભોગવટો વિશેષ શક્તિરૂપે પ્રગટ થાય છે. અને કેટલીએક શક્તિ એટલે બાકીની શક્તિ '**પુણ્ય-પાપ ભોગરૂપે પ્રવર્તે છે.**' અથવા પુણ્ય-પાપના ઉદય કાળે જે દુઃખનો ભોગવટો છે એ કેટલીએક આનંદગુણ છે, સુખગુણ છે એનું પરિણમન

દુઃખરૂપે થાય છે. એટલે સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવના પરિણામમાં આત્મિકસુખનું પણ પરિણમન છે અને પુણ્ય-પાપનો જેટલો રાગ બાકી છે એટલા દુઃખનું પણ પરિણમન છે. રાગ છે એટલું દુઃખ પણ છે અને વીતરાગતા છે એટલું સુખ પણ છે. બન્ને પરિણમન એકસાથે છે.

જો બન્ને પરિણમન એકસાથે હોય, જે કોઈ જીવના પરિણામમાં સુખ પણ હોય અને દુઃખ પણ હોય તો દુઃખને તો અજ્ઞાની પણ ચાહતો નથી, અબદ્ધિપૂર્વક પણ જીવ દુઃખનો ચાહતો નથી, ઈચ્છતો નથી તો જ્ઞાની કે જેણે પારમાર્થિક વિવેક વડે આત્મિસુખને પ્રગટ કર્યું એને પોતાના ચાલતા દુઃખ અંશમાં રુચિ હોય, આકર્ષણ હોય, એ બાજુનું વલણ હોય એમ કેમ બને? એ તો ત્યાંથી હઠવા જ ચાહે છે, ત્યાંથી ખસવા જ ચાહે છે. કેમકે એને તો સીધી જ સરખામણી થાય છે કે આ સુખ છે, આ દુઃખ છે. અહીંયાં શીતળતા છે, અહીંયાં ઉષ્ણતા છે. બન્ને બાજુ બાજુમાં છે તો શીતળતા પ્રત્યે ઢળે કે ઉષ્ણતા પ્રત્યે ઢળે? કે શીતળતા પ્રત્યે ઢળશે.

એટલે સમ્યગ્દૃષ્ટિનું વલણ વીતરાગતા પ્રત્યે, વીતરાગતા તરફી હોય છે. અપેક્ષા એને વીતરાગતાની છે અને ઉપેક્ષા એને દુઃખભાવની, પુણ્ય-પાપની છે એ સહજ છે. સહજ જ એમ થાય છે. કેમકે દુઃખ અને સુખ, આકુળતા અને નિરાકૂળતા એક જ સાથે એના પરિણામમાં વેદવામાં આવે છે. એકસાથે વેદે છે.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાને નિરંતર તો શુદ્ધોપયોગ રહેતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધોપયોગ નથી રહેતો પણ પરિણતિ તો રહે છે કે નહિ? પરિણતિમાં સુખ છે. પરિણતિમાં સુખ છે. એ પરિણતિ પણ અનંત ગુણોની શુદ્ધતારૂપ પર્યાય છે. અનંત ગુણોની શુદ્ધતા (એમાં છે). શુદ્ધોપયોગ નથી ત્યારે ધર્મ નથી? આ પ્રશ્ન છે. જ્યારે શુદ્ધોપયોગ થાય ત્યારે જ ધર્મ છે અને ત્યારે જ એ ધર્મી છે? એટલે શુદ્ધોપયોગ છે ત્યારે જ ચોથું ગુણસ્થાન છે અને પછી પાછું પહેલું ગુણસ્થાન છે, એવું તો કાંઈ નથી. શુદ્ધોપયોગ તો જઘન્ય સ્થિરતાને લઈને બહુ અલ્પ કાળ અને અમુક અંતરાળે, લાંબા અંતરાળે આવે છે. ઉપરના ગુણસ્થાનના મુકાબલામાં. જેટલો સવિકલ્પદશાનો કાળ છે એમાં પણ શુદ્ધ પરિણતિ, જેને અહીંયાં જ્ઞાનધારા કહી છે, એ જ્ઞાનધારામાં આનંદરૂપ પરિણામ છે, સુખરૂપ પરિણતિ છે અને એ સિવાયનો પરિણામનો ભાગ છે. અહીં તો લબ્ધ-ઉપયોગનો કે પરિણતિનો અને ઉપયોગનો કાંઈ પ્રકાર જ નથી લીધો. કેમકે ઉપયોગ તો એક જ્ઞાન પૂરતો વેપાર છે. બીજા ગુણોનું શું? એટલે એક ગુણને નહિ, આખા ગુણના સમગ્ર પરિણમનને લઈને જેટલો અંશ શુદ્ધતારૂપ સ્વરૂપને આશ્રયે પરિણામનો થઈ ગયો ત્યાં સુખ વેદાય

છે અને બાકીના અંશમાં દુઃખ વેદાય છે.

જેમકે ચારિત્રગુણ છે એ રાગરૂપ પરિણમે છે એમાં દુઃખ થાય છે. એને તો ઉપયોગ અને લબ્ધ સાથે સંબંધ નથી. એમાં બે ભાવ છે. એક પરિણતિરૂપ છે. જે લબ્ધજ્ઞાનની સાથે છે. અને બાકીનો ભાગ છે એ આકુળતારૂપ છે, દુઃખરૂપ છે. બન્ને એકસાથે છે. એટલે તો કહ્યું કે સૌધર્મ ઈન્દ્ર જ્યારે તીર્થંકર પરમાત્માના જન્મ કલ્યાણક વખતે આનંદથી નૃત્ય કરે છે, ખુશી થાય છે ને? ત્યારે એને લોકો સુખી જોવે છે કે ઈન્દ્રને બહુ આનંદ ઊપજ્યો છે, બહુ સુખ ઊપજ્યું છે. ભગવાનના દર્શનથી અને ભગવાનના જન્મથી અહીંયાં પધારવાથી પોતાનો દેવલોક છોડીને એ મૃત્યુલોકમાં આવ્યા છે. પોતાના દેવો સાથે, દેવોના સમૂહ સાથે લાખો દેવો આવે એની સાથે. કેમકે ત્યાં તો બહુ મોટી સંખ્યા છે. બત્રીસ લાખ વિમાનનો સ્વામી છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવો છે. અહીંયાં તો Municipality નો Chairman થાય તો પીત્તો ફાટી જાય કે હું આ શહેરનો નગરપતિ છું. Prime minister થાય ત્યારે તો ઠેકાણે રહેવાનો સવાલ જ નથી. હિન્દુસ્તાનનો Prime minister થાય તો સીત્તેર કરોડની વસ્તી છે. તોપણ કોઈ એને ભાષણની અંદર ગાળ આપે. વાણી સ્વાતંત્ર્ય અને લોકસ્વાતંત્ર્ય છે. દેવલોકમાં એવું હોતું નથી. એના તો પુણ્ય એટલા છે, સામે કોઈ હરફ કાઢે નહિ. એક અક્ષર ન બોલી શકાય.

બત્રીસ લાખ વિમાનમાં એક એક વિમાનમાં દેવોની વસ્તી કેટલી? અસંખ્ય. અબજ નહિ, કરોડ નહિ, અબજ નહિ, અસંખ્ય દેવોની વસ્તી છે. એવા એક, બે, ત્રણ, ચાર નહિ, એક લાખ નહિ, બત્રીસ લાખ વિમાનનો એ સ્વામી છે. એનો દેવલોક છોડીને મૃત્યુલોકમાં આવે છે. ભગવાનનો જન્મ થાય ત્યારે સાતિશય અતિશય થાય અને એનું સિંહાસન કંપાયમાન થાય છે. એનો ઉપયોગ, વિચાર આવે છે કે આ સિંહાસન કેમ ડોલ્યું? જગતની અંદર કાંઈક અસધારણ મારા પુણ્યથી કોઈપણ ઊંચા પ્રકારના પુણ્યનો પ્રસંગ કોઈનો ને કોઈનો છે કે જે આ સિંહાસનને હલાવે છે. અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકે ત્યારે એને ખ્યાલ જાય છે કે ફલાણાં ક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો જન્મ થયો. મૃત્યુલોકમાં આવે છે, મનુષ્યલોકમાં આવે છે. આનંદથી નાચે તો એ અંદરમાં સમ્યગ્દૃષ્ટિ છે એટલે એને ખબર છે કે આ દુઃખભાવ છે. લોકો જેને ખુશી અને આનંદ સમજે છે એ દુઃખભાવ છે. મારા અંતરનું સુખ કોઈ બીજું છે. એને અને આને એક જાતિ નથી. આ આનંદને અને આત્માના આનંદની એક જાતિ નથી. મારા આનંદ પાસે તો એ દુઃખ જ છે. સ્પષ્ટપણે દુઃખ છે. એવો એ અનુભવ કરે છે. એટલે કેટલીએક શક્તિરૂપ એટલે આંશિકરૂપ એ પુણ્ય-પાપ ભોગરૂપે

પ્રવર્તે છે.

'**વળી તે કાળે...**' એટલે સમ્યગ્દર્શનના કાળે '**આ જીવના વીર્ય-બળગુણની સર્વશક્તિ સ્વરૂપરૂપ પરિણમવામાં અનાદિથી નિર્બળ થઈ રહી હતી. તેમાંની કેટલીએક શક્તિ નિજસ્વરૂપ પ્રગટ થતાં બળવાન થઈ પ્રવર્તી.**' શું કહે છે? આત્મામાં જેને પુરુષાર્થનું પરિણમન કહેવામાં આવે છે એ વીર્યગુણની પર્યાય છે. સામાન્ય છએ દ્રવ્યમાં આ ગુણ છે. અને દરેક પદાર્થને પોતાની શક્તિ એ વીર્યગુણને લઈને છે. એ બળગુણ કહો, વીર્યગુણ કહો, પુરુષાર્થનો ગુણ કહો તે પૂરેપૂરો, સર્વશક્તિ એટલે સંપૂર્ણપણે '**સ્વરૂપરૂપ પરિણમવામાં અનાદિથી નિર્બળ થઈ રહી હતી.**' એનું પરિણમન હતું પણ સ્વસ્વરૂપપણે પરિણમવામાં એ પૂરેપૂરો નિર્બળ થઈ ગયો હતો. સમ્યગ્દર્શનના કાળે તે ગુણ પણ, તે ગુણમાંની '**કેટલીએક શક્તિ નિજ સ્વરૂપ પ્રગટ થતાં બળવાન થઈ પ્રવર્તી.**' ત્યાં પુરુષાર્થ-વીર્યગુણની શક્તિ પણ નિજ સ્વરૂપ પ્રગટ થતાં જ એનું બળવાનપણું આવ્યું.

આમ તો સમ્યગ્દર્શનના કાલથી પુરુષાર્થની ગણતરી લીધી છે. પણ સમ્યગ્દર્શન પણ કોઈ પુરુષાર્થના જ ફળસ્વરૂપે છે. પણ એ પુરુષાર્થ જ્યાં સુધી અભેદ અનુભવ ન થાય ત્યાં સુધી એ પુરુષાર્થ પર્યાપ્ત માત્રામાં નથી. સમ્યક્ સન્મુખ દશાનો જે પુરુષાર્થ છે એ અનુભવ થાય ત્યારે એ પર્યાપ્ત પુરુષાર્થની સ્થિતિ થઈ. ત્યાં સુધી એ અપર્યાપ્ત એટલે અપૂર્ણ છે, અધૂરો છે કે જ્યાં સુધી એને રાગની ઉત્પત્તિ થાય છે. મંદ પુરુષાર્થ છે. શુદ્ધોપયોગ થયા પછી પણ પુરુષાર્થ મંદ થતાં વળી પાછી રાગની બુદ્ધિપૂર્વકના વિકલ્પની ઉત્પત્તિ ચાલુ થઈ જાય છે. જ્યારે જ્યારે એ પુરુષાર્થ પાછો તીવ્ર થાય છે ત્યારે શુદ્ધોપયોગમાં જીવ આવે છે. આમ શુદ્ધોપયોગ થવો અને અશુદ્ધોપયોગ થવો એને સીધો સંબંધ પુરુષાર્થ સાથે છે. પણ જ્યારથી સમ્યક્ત્વ પ્રગટ થયું ત્યારથી પૂર્ણ અનંત વીર્ય ભલે પ્રગટ નથી થયું, જે તેરમા ગુણસ્થાને અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે. અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એવું અનંત પ્રગટ નથી થયું પણ આંશિકરૂપે અહીંથી પ્રગટ થયું.

'**કેટલીએક શક્તિ નિજસ્વરૂપ પ્રગટ થતાં બળવાન થઈ પ્રવર્તી. સમ્યક્ત્વગુણ અને જ્ઞાનગુણની જેટલીએક શક્તિ, દર્શનગુણની જેટલીએક શક્તિ, ચારિત્રગુણની જેટલીએક શક્તિ, પરમાનંદગુણની જેટલીએક શક્તિ, પરમાર્થે જેટલીએક સ્વરૂપરૂપે થઈને પ્રવર્તી, તેટલીએક વીર્યગુણની શક્તિ જીવ સર્વ પ્રદેશમાં વીર્યબળરૂપ ધારીને પ્રવર્તી.**' એનું પણ પરિણમન અખંડ આત્મામાં એના સર્વ પ્રદેશની અંદર પરિણમનરૂપ થવા લાગ્યું. તેમાંની કેટલીએક શક્તિ નિજસ્વરૂપ પ્રગટ થતાં બળવાન થઈને પ્રવર્તી.

પછી સમ્યક્ત્વગુણમાં જેટલી શક્તિ એમ નથી લીધું. પછીના બધા ગુણોમાં જેટલી શક્તિ, જેટલીએક શક્તિ, જેટલીએક શક્તિ એટલે અમુક અંશ, અમુક અંશ, અમુક અંશ લ્યે છે. એક સમ્યક્ત્વગુણમાં એટલી વાત નથી લીધી. બહુ સમજણપૂર્વક ઉપોયગથી આખી વાત લખાયેલી છે.

મુમુક્ષુ :- કેટલીએક શક્તિનો અર્થ એમ છે કે ગુણની અનંત શક્તિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનંત શક્તિ છે એમાં પૂરેપૂરી શક્તિ અહીંયાં સમ્યગ્દર્શન થતાં વ્યક્ત થતી નથી. પણ જેટલી એટલે અમુક અંશે પ્રગટ થાય છે. બાકીનું પરિણમન છે, બાકીના અંશનું પરિણમન અશુદ્ધતારૂપ રહે છે. અશુદ્ધતા પણ સમ્યગ્દૃષ્ટિને મોક્ષમાર્ગીને સાધક અવસ્થા છે ત્યાં સુધી બારમા ગુણસ્થાન સુધી આ વાત છે. બારમા ગુણસ્થાન સુધી આંશિક શુદ્ધતા, આંશિક અશુદ્ધતા એવા મિશ્રધર્મરૂપ પર્યાય એને હોય છે. એનું નામ જ સાધકદશા છે. એમાં સમ્યક્ત્વગુણ પૂરો શુદ્ધ થઈને પરિણમે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ અને પુરુષાર્થ એ આંશિકપણે સર્વ પ્રદેશોમાં આંશિકપણે શુદ્ધ થઈને પરિણમે છે અને આંશિકપણે અશુદ્ધ થઈને પરિણમે છે.

'**એ રીતે કોઈ ભવ્ય જીવને કાળલબ્ધિ પામીને સમ્યક્ત્વગુણ, જ્ઞાન-દર્શન-સ્વચારિત્ર-પરમાનંદભોગસ્વભાવ-વીર્યગુણની કેટલીએક શક્તિ...**' એને જુદી પાડી. સમ્યક્ત્વગુણથી બધાના પરિણમનને જુદું આંશિકરૂપ છે એમ લીધું. '**કેટલીએક શક્તિ સ્વભાવરૂપે પ્રગટ થઈને પ્રવર્તી. તે જીવના અસંખ્યાત પ્રદેશોમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, પરમાનંદાદિ ગુણની શક્તિ બુદ્ધિરૂપ (બુધરૂપ) શુદ્ધ, અબુદ્ધરૂપ (અબુધરૂપ) ચિત્વિકાર થઈ અશુદ્ધ પ્રવર્તે છે.**' બુધરૂપ અને અશુદ્ધરૂપ. બુધરૂપ એટલે શુદ્ધરૂપ અને અબુધરૂપ એટલે અશુદ્ધરૂપ. એમે બે પ્રકારે પરિણમે છે. એ રીતે તો સ્વરૂપરૂપ છે. એ રીતે એનું સાધક અવસ્થાનું સ્વરૂપ છે, એવું એનું રૂપ છે.

સાધક અવસ્થા પોતાને પ્રગટ થાય તોપણ જે તે ગુણસ્થાને અશુદ્ધતાના પ્રકારો અને એની મર્યાદા કેવી હોય છે, એ એને સમજવી જોઈએ. નહિતર એને એ વિષયની અંદર પોતાના વિષયમાં અથવા બીજાના વિષયમાં ખોટી શંકા ઉત્પન્ન થાય. કે સાધકને આવો રાગ કેમ થયો? સમ્યગ્દૃષ્ટિને રાગની હદ કેટલી? પાંચમા ગુણસ્થાને અગિયાર પ્રતિમામાં ભિન્ન ભિન્ન પ્રતિમામાં રાગની હદ કેટલી? મુનિદશામાં રાગની હદ કેટલી? એ એણે પોતાના હિત ખાતર સમજી લેવું જોઈએ. એમ તો મુમુક્ષુદશામાં પણ કેવો રાગ થાય અને કેવો રાગ ન થાય એ પણ એણે સમજી લેવું જોઈએ. ત્યારથી માંડીને...

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થાય પછી રાગ ઓછો થઈ જાય તો પછી..

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો મુનિદશામાં જાય છે. સમ્યગ્દૃષ્ટિ અહીંથી બહુ ઊંચા

દેવલોકમાં અત્યારે નથી જતા. વૈમાનિકદેવથી ઊંચે અત્યારે નથી જતા, ત્રીજા દેવલોક સુધી જાય છે. અત્યારે લગભગ જે સમ્યગ્દૃષ્ટિ અહીંયાં આયુષ્ય પૂરું કરે છે એ ત્રીજા દેવલોકમાં જાય છે. ઉપર સર્વાર્થસિદ્ધિ વગેરેમાં વિમાનમાં જાય છે એ તો મુનિદશામાં હોય છે એ લોકો જાય છે, એ જીવો જાય છે. એને એટલી કષાયની મંદતા હોય છે અને એના પુણ્ય એટલા ઊંચા બંધાય છે.

મુમુક્ષુ :- રાગસહિત પુણ્ય..

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્ય તો રાગ સહિત જ હોય ને. પુણ્ય પોતે જ શુભરાગ સ્વરૂપ છે. પુણ્ય પોતે જ પ્રશસ્ત શુભરાગસ્વરૂપ છે. એના ફળમાં ચાર ગતિ છે. એના ફળમાં ક્યાંય સુખ નથી, ક્યાંય સુખ નથી. ચાર ગતિ છે. પણ એના ફળમાં ક્યાંય સુખ નથી, કોઈને સુખ નથી. પુણ્યના ફળમાં જગતના જીવો સુખ માને છે, પણ પરમેશ્વર-જૈન પરમેશ્વર એની ના પાડે છે કે કોઈ પુણ્યના ફળમાં સુખ થતું નથી, સુખનો અનુભવ થતો નથી. જે લોકો સુખી છે એવું માને છે એને પણ ભગવાન, એમની નજરથી દુઃખમાં જોવે છે. એને દુઃખી જોવે છે, એને સુખી જોતા નથી.

મુમુક્ષુ :- પુણ્યથી મોક્ષનો લાભ..

પૂજ્ય ભાઈશ્રી :- ના, ના. બિલકુલ નથી. એ તો જેને પુણ્યનો પક્ષ થયો છે એવા લોકોએ ઘડી કાઢેલી વાત છે, નવી ઘડી કાઢેલી વાત છે. મોક્ષની જાત જુદી છે. મોક્ષમાં જે પરિણામ થાય છે, એ નિશ્ચયમોક્ષમાર્ગનું ફળ મોક્ષ છે. પુણ્ય પરિણામનું ફળ મોક્ષ નથી. પુણ્ય પરિણામનું ફળ દેવ અને મનુષ્યગતિ છે, સંસાર છે. પાપ પરિણામનું ફળ તિર્યંચ અને નરકગતિ છે. પુણ્ય પરિણામનું ફળ મનુષ્ય અને દેવગતિ છે. મોક્ષ એમાંથી પંચમગતિ ક્યારેય થતી નથી.

મુમુક્ષુ :- પુણ્યના ફળમાં એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળ્યો. અને એમાંથી એને...

પૂજ્ય ભાઈશ્રી :- એમાંથી થઈ કે કેમાંથી થઈ? એ સવાલ છે. અનંત વાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળી ગયા છે. કેમ એમાંથી ન થયું? એમાંથી થઈ નથી. જીવે જ્યારે પોતાના સ્વરૂપલક્ષે પુરુષાર્થ કર્યો ત્યારે થયું. દેવ-ગુરુ-શાસ્ત્ર અનંત વાર મળ્યા, સમવસરણમાં અનંત વાર ગયો. ભગવાનની સાક્ષાત્ વાણી સાંભળી, દર્શન કર્યા, પૂજા કરી, કલ્પવૃક્ષના ફૂલથી પૂજા કરી, મણિરત્નના દીવાથી પૂજા કરી. ઓલવાઈ જાય એવો નહિ. ઘણો મહિમા કર્યો. સાક્ષાત્ પરમાત્માની સામે ભક્તિ કરી. પણ બધું ઓઘેઓઘે કર્યું. પુણ્યનો ઠાઠ સમવસરણમાં ઘણો હોય છે. એટલે કોઈપણ એને પરમેશ્વર

તરીકે ના પાડવાની હિંમત કરી શકે નહિ ત્યાં તો.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' કહે છે, આ વાત સાંભળવામાં મહાપુણ્યનો યોગ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- સાચી વાત છે. લોકો ઉપયોગ લગાવીને સમજવાની કોશિષ કરે છે એટલે. બુદ્ધિથી સમજવાની કોશિષ કરે છે એટલે. પણ કથન બે પ્રકારે હોય છે. એક સ્થૂળ કથન અને સૂક્ષ્મ કથન. સ્થૂળ કથનમાં એમ કહેવાય કે સંપ્રદાયમાં ત્રણે ફીરકામાં કહેવાતા જૈન સંપ્રદાયમાં આ વિષય ચર્ચાતો નથી. એટલે એમ કહે છે કે તું બધેથી ખસીને આ વાત સાંભળવા આવ્યો, કાંઈક ભાગ્યશાળી લાગે છે આ કાળની અંદર. હવે એ સાંભળતા સાંભળતા અંતર પુરુષાર્થની જાગૃતિમાં ન આવે, સન્મુખ થઈને અનુભવ સુધી ન પહોંચે તો એણે એ સાંભળ્યું એમાં એને અપૂર્વ મહિમા ન આવ્યો. એટલો એક મહિમા આવ્યો, સામાન્ય મહિમા આવ્યો, સાધારણ મહિમા આવ્યો, સાધારણ જિજ્ઞાસા થઈ તો એ પણ અનંત વાર થયું છે એમ કહે છે. સૂક્ષ્મ કથન કરે ત્યારે એમ કહે કે આવું પણ તેં અનંત વાર કર્યું છે પણ કોઈ અપૂર્વ દશા તેં પ્રગટ કરી નથી. આવું કર્યું ત્યાં સુધી શું ગણવું? કે એ હજી ઓઘેઓઘે છે એમ ગણવું. હજી ઓઘસંજ્ઞાએ તું સાંભળે છો એમ ગણવું. અપૂર્વ જાગૃતિ ન આવે ત્યાં સુધી એને ઓઘસંજ્ઞા છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનમાં નિર્જરા ક્યારે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે જ થાય. એ જ વખતે નિર્જરા શરૂ થાય. સકામ નિર્જરા. એ જ વખતે નિર્જરા થાય. નિર્જરા શરૂ થઈ જાય. કર્મ ઓછા બંધાય, નિર્જરા ઘણી થાય. ઢગલાબંધ કર્મોની નિર્જરા થાય. અજ્ઞાની હજારો વર્ષ તપ તપે, કોટિ જન્મ, હજારો નહિ કોટિ જન્મ તપ તપે, એક શ્વાસોશ્વાસમાં શુદ્ધોપયોગની અંદર ઢગલાબંધ ખરી જાય. એમ છે. છતાં બન્નેની નિર્જરાની જાતિમાં ફેરફાર છે. પેલાને અનંતાનુબંધીની નિર્જરા ન થાય. અને એને મિથ્યાત્વ મોહનીની નિર્જરા ન થાય. આને તો દર્શનમોહની નિર્જરા થઈ જાય અને અનંતાનુબંધીની નિર્જરા થઈ જાય છે. મોટી વાત છે. એટલે બન્નેની વાત જ જુદી છે અને એક ન્યાયે તો સરખાવી શકાય એવું નથી. એની સરખામણી ન થાય.

મુમુક્ષુ :-..

પૂજ્ય ભાઈશ્રી :- એટલે બધું લક્ષ કેન્દ્રિત કરવાનું દર્શનમોહનો નાશ થાય. દર્શનમોહના નાશમાં એવું છે કે કોઈ જીવ અન્ય દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે એને તીવ્ર દર્શનમોહનો પ્રકાર ઊપજ્યો છે. અને વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે ત્યાં એને દર્શનમોહની મંદતા થાય છે. એ જ જીવ ઓઘસંજ્ઞાએ વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને

માને છે, હવે પેલી અપેક્ષા છોડી દો, પણ જે સ્વરૂપ સન્મુખ થઈને જે દર્શનમોહ ટળવો જોઈએ, ગળવો જોઈએ, નાશ થવાની પરિસ્થિતિ થવી જોઈએ એના કરતાં ઓઘે ઓઘે માન્યા કરે તો એને દર્શનમોહ પાછો દૃઢ થાય. અને એવો એ દૃઢ થાય કે એ અગૃહીત મિથ્યાત્વમાંથી વળી પાછો ગૃહીત મિથ્યાત્વમાં ચાલ્યો જાય.

એટલે 'દીપચંદજી'એ 'અનુભવ પ્રકાશ'માં સાધ્ય-સાધકના ભેદમાં એક એવો ભેદ નાખ્યો, એક એવો પ્રકાર નાખ્યો કે અગૃહીત મિથ્યાત્વ સાધક છે અને ગૃહીત મિથ્યાત્વ એનું સાધ્ય છે. અગૃહીત મિથ્યાત્વમાં તો એ દેવ-ગુરુ-શાસ્ત્રને તો સાચા માનતો હતો, એમાંથી ગૃહીત મિથ્યાત્વને ક્યાંથી સાધી લીધું કે ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા લાગ્યો? રાગીને પણ માનવા લાગ્યો? રાગીનો પણ આદર કરવા લાગ્યો. ક્યાંથી? એ ઓઘસંજ્ઞામાં જાજો વખત રહ્યો, ઘણો વખત રહ્યો તો વળી દર્શનમોહ જે મંદ થયો હતો એ વળી પાછો તીવ્ર થવા લાગે છે. આવી દર્શનમોહની જે પરિસ્થિતિ છે એ મંદ-તીવ્ર થવામાં એના અનેક ભંગભેદો ઉત્પન્ન થાય છે. એટલે મુમુક્ષુની ભૂમિકામાં પણ પોતાની શું શું મર્યાદા હોઈ શકે, એ મર્યાદા બહાર જાય તો એ મુમુક્ષુતામાંથી તો જાય પણ એ ગૃહીતમાં ચાલ્યો જાય. એ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' જ્યાં એ વિષય ચાલ્યો ત્યાં બહુ સ્પષ્ટતા કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ સ્પષ્ટતા કરી છે. 'ગુરુદેવે' તો આ કાળમાં જે સ્પષ્ટતા કરી છે એ જૈન સાહિત્ય જોતાં આવી સ્પષ્ટતા, આટલા પડખેથી સ્પષ્ટતા સાહિત્યમાં ક્યાંય જોવા મળતી નથી. જે ઉપલબ્ધ સાહિત્ય છે એમાં આટલી બધી સ્પષ્ટતા નથી. એટલું બધું એમણે ખોલ્યું છે.

'**એ રીતે કોઈ ભવ્ય જીવને કાળલબ્ધિ પામીને સમ્યક્ત્વગુણ,...**' પૂરેપૂરો શુદ્ધ પરિણમ્યો. અને '**જ્ઞાન-દર્શન-સ્વચારિત્ર-પરમાનંદભોગસ્વભાવ-વીર્યગુણની કેટલીએક શક્તિ સ્વભાવરૂપે પ્રગટ થઈને પ્રવર્તી. તે જીવના અસંખ્યાત પ્રદેશોમાં, જ્ઞાન, દર્શન, ચારિત્ર, પરમાનંદાદિ ગુણની શક્તિ બુદ્ધિરૂપ (બુધરૂપ) શુદ્ધ, અબુદ્ધરૂપ (અબુધરૂપ) ચિત્વિકાર થઈ અશુદ્ધ પ્રવર્તે છે.**' કોણ? તે જ જીવના એટલે જેને આ રીતે કાળલબ્ધિ પામીને સમ્યક્ત્વ ગુણ સ્વભાવરૂપ પરિણમ્યો છે તે જીવને. બુધરૂપ એટલે શુદ્ધરૂપ અને અશુદ્ધરૂપ બન્ને રીતે પ્રવર્તે છે. '**તો એ રીતે સ્વરૂપરૂપ, વિકારરૂપ બન્ને ધારા...**' બારમા ગુણસ્થાન સુધી રહે છે. આ જ્ઞાનધારા અને કર્મધારા બારમા ગુણસ્થાન સુધી છે. ચોથા ગુણસ્થાનથી માંડીને, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે, આઠમે, નવ, દસ, અગિયાર અને બાર, બારમાં ગુણસ્થાન સુધી બેય વાત છે.

'**તે કારણે આ જીવને એટલા કાળ સુધી મિશ્રધર્મપરિણતિ કહેવામાં આવે છે.**'

એ સાધક અવસ્થાને બારમા ગુણસ્થાન સુધી મિશ્રધર્મપરિણતિ-મિશ્રધર્મ છે એમ કહેવામાં આવે છે. શુદ્ધતારૂપ અને અશુદ્ધતારૂપ, બન્ને ભાવને અહીંયાં ધર્મ કહ્યા. ધર્મ એટલે માટે કહ્યા કે એ ધારણ કરી રાખેલો ભાવ છે. અવસ્થામાં ધારણ કરેલો ભાવ તેને ધર્મ કહીએ. એટલી અહીંયાં પરિભાષા છે. ધર્મ એટલે અહીંયાં શુદ્ધતારૂપ ધર્મ એમ નહિ. શુદ્ધતા અને અશુદ્ધતા બન્નેને મિશ્રધર્મ કહેવામાં આવે છે.

'**કારણ કે સ્વભાવ તો પ્રગટ થયો છે પરંતુ ગુણવિકાર પણ પ્રવર્તે છે.**' સ્વભાવ પ્રગટ થયો હોવા છતાં કેટલાક ગુણોના પરિણમનમાં વિકાર પણ પ્રવર્તે છે. '**તેથી તેટલા કાળ સુધી તે જીવદ્રવ્યને મિશ્રધર્મી કહેવામાં આવે છે,...**' એને સાધક કહો કે એને મિશ્રધર્મી કહો, એ રીતે એને મિશ્રધર્મી પણ કહેવામાં આવે છે. એટલે શુદ્ધતા પણ છે અને અશુદ્ધતા પણ છે. બન્ને એના પરિણમનની અંદર રહેલી છે. મુખ્ય પરિણમન શુદ્ધ વૃત્તિનું છે. '**વળી જે કાળે મન-ઈન્દ્રિયની બુધશક્તિ સર્વથા સ્વભાવરૂપ થઈ રહેશે ત્યારે જ્ઞાનગુણની અનંતશક્તિ સર્વથા સ્વભાવરૂપ થઈ રહેશે ત્યારે જ્ઞાનગુણની અનંતશક્તિ સ્વભાવરૂપ થશે ત્યાં સર્વથા સ્વભાવરૂપ ગુણ કહેવામાં આવશે.**' જ્યારે મન-ઈન્દ્રિયથી પણ ઉપયોગ સંપૂર્ણ છૂટી જશે એમ કહેવું છે. અને સર્વથા અતીન્દ્રિય સ્વભાવરૂપ પરિણમન થઈને રહેશે ત્યારે જ્ઞાનગુણની અનંત શક્તિ એટલે અબુદ્ધિપૂર્વકનો રાગ પણ જ્યાં નાશ પામ્યો ત્યારે જ્ઞાનગુણ એટલે અનંત શક્તિ સ્વભાવરૂપ થઈને કેવળજ્ઞાન પ્રગટ થશે. પંચમઆરામાં નહિ થાય એવી વાત યાદ કરતા નથી. એ જ્ઞાનમાં છે. સિદ્ધાંત છે એ ખ્યાલમાં છે. પણ પોતાની ભાવના છે અને આ એનું ફળ છે એ સ્પષ્ટ સામે જોવામાં આવે છે. અને '**ત્યાં સર્વથા સ્વભાવરૂપ ગુણ કહેવામાં આવશે.**' ત્યાં પરમાત્મદશા પ્રગટ થઈ એમ કહેવામાં આવશે.

'**આ રીતે મિશ્રધર્મ અંતરાત્મપરિણતિકથન...**' છે. મિશ્રધર્મ છે તે અંતરાત્માનું પરિણમન છે. બહિરાત્મપણું છોડીને જે અંતરાત્મા થયો તેની પરિણતિ કેવી હોય તેનું આ કથન છે. એનો અધિકાર અહીંયાં સમાપ્ત થાય છે.

મુમુક્ષુ :- છેલ્લો શબ્દ એકાદશવાદ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈતિ મિશ્રધર્મવાદ અને ઈતિ એકાદશવાદ. અગિયારમું પ્રકરણ છે? ખબર નથી. અગિયારમું છે? કેટલામું છે? આ તો ચૌદમું છે. ચૌદમું પ્રકરણ છે. એકાદશવાદ એટલે કોઈ જે અંગ પૂર્વમાં વાદ હોય છે એમાંનો અંશ હોય. એનો કોઈ વાદ. અગિયારમા કોઈ પૂર્વનો ભાગ છે એને વાદ કહેવામાં આવે છે. સમયસાર છે એ દસમા પૂર્વમાં અમુક વસ્તુ અધિકારનો અમુક વાદ છે. એમ લખ્યું છે કે નહિ? સમયસારમાં ઉપોદ્‌ઘાતમાં લખ્યું છે કે આ સમયસારનો વિષય છે એ અંગ

પૂર્વમાં ક્યાં આવ્યો છે, એ વિષય એમણે પંડિતજીએ નાખ્યો છે.

'**શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદપૂર્વના...**' જ્ઞાનપ્રવાદ. જ્ઞાનપ્રવાદ પૂર્વ છે. જ્ઞાનપ્રવાદ નામનું જે પૂર્વ છે એનો આ સમયસારનો વિષય છે. '**દશમા વસ્તુના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. તે જ્ઞાનમાંથી ત્યાર પછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા. એમ સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન આચાર્યોની પરંપરાથી ભગવાન કુંદકુંદાચાર્યદેવને પ્રાપ્ત થયું.**' આ એમના સિદ્ધાંતજ્ઞાનની પરંપરાની શ્રૃંખલા છે. ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદ પૂર્વનું કંઠસ્થ જ્ઞાન (હતું). તે દિ' શાસ્ત્રો નહોતા, કંઠસ્થ જ્ઞાન હતું. જ્ઞાનપ્રવાદ પૂર્વના દશમા વસ્તુના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. એના પેટા ભેદ લીધા છે. એનો આ વિષય છે-સમયસાર શાસ્ત્ર.

હવે જીવ અધિકારનું વર્ણન. જીવનું મૂળ સ્વરૂપ, તાત્ત્વિક સ્વરૂપ, અસલ સ્વરૂપ કેવું છે એ બહુ સંક્ષેપમાં આ અધિકારની અંદર 'દીપચંદજી'એ લખ્યું છે. જેનાથી જીવ અનંત કાળથી અજાણ્યો છે. પોતાના આવા મૂળ સ્વરૂપથી જીવ અજાણ્યો છે. એનું એને જ્ઞાન નથી, સમજણ નથી અને હું એવો જ છું એવી એને પ્રતીતિ એટલે શ્રદ્ધા પણ નથી. એ જીવનું વર્ણન કરે છે.

મુમુક્ષુ :- પ્રસ્તાવનામાં ૯ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- '**(૧૪) જે કાળે આત્માના ગુણો ધર્માધર્મરૂપે (વિકાર-અવિકારભાવે) પરિણમે છે ત્યારે આત્માનો મિશ્રધર્મ કહેવામાં આવે છે.**

આ એકાદશવાદ જાણીને તથા સમજીને પોતાના આત્માને માટે શું હિતકર છે, શું અહિતકર છે, શું હેય છે, શું ઉપાદેય છે તેનો વિવેક કરવો,...' એકાદશવાદ કેમ કહ્યો? ભાઈનો પ્રશ્ન એ છે. કારણ કે ત્યાં પણ ચૌદ સંખ્યા પૂરી કરી. ચૌદ અધિકારનું સંક્ષેપમાં વર્ણન કરીને પછી આ વાત કરી છે. અગિયારમો આંક કેવી રીતે આવ્યો? એકાદશ એટલે અગિયાર. અગિયારમો આંક કેવી રીતે આવ્યો? પ્રશ્ન તો એટલો જ છે.

મુમુક્ષુ :- એકથી ચૌદ અધિકાર જે આવ્યા એનો અહીંયાં ૯ પાને Total માર્યો ને?

પૂજ્ય ભાઈશ્રી :- અગિયારનો આંક એમાં કેવી રીતે આવે? બંધબેસે છે? એ સવાલ છે. પ્રશ્ન તો એટલો જ છે ને તમારો?

મુમુક્ષુ :- આ બધાને ચૌદેને એકાદશવાદ કહે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક! અગિયાર, બાર, તેર, ચૌદ, પંદર બધાને એકાદશ જ કહેવાય છે?

મુમુક્ષુ :- છઠ્ઠા પાને.

પૂજ્ય ભાઈશ્રી :- '**સૌથી પ્રથમ, દેવગુરુધર્મ વિશેની ત્રણ ગાથામાં એક વીતરાગભાવનું જ સમર્થન કરીને ગ્રંથકારે વારંવાર એક વીતરાગતાની જ ભાવના ભાવવાનો નિર્દેશ કર્યો છે. પછીની ૧૧ ગાથામાં એકાદશવાદ દર્શાવ્યો છે.**' એ ગાથા ૧૧ છે. એમણે જે ગાથા રચી છે ને? એમાં વચમાં ત્રણ જગ્યાએ ગાથા નથી લખી. એમ કહેવા માગે છે. એટલે અગિયારમું કથન છે. એમ કાંઈક મેળ બેસવો જોઈએ ને? મારીમચડીને કાંઈ બેસાડી દેવાય? એ વાત ઠીક છે. '**ત્રણ ગાથામાં એક વીતરાગભાવનું જ સમર્થન કરીને ગ્રંથકારે વારંવાર એક વીતરાગતાની જ ભાવના ભાવવાનો નિર્દેશ કર્યો છે. પછી ૧૧ ગાથામાં એકાદશવાદ દર્શાવ્યો છે.**' એટલે ત્રણ ગાથા પછી અગિયાર ગાથાનો વિષય એક છે, એમ કહેવું છે. વિધિવાદથી શરૂઆત કરી. એમ કહેવું છે એમને. ત્રણ ગાથાનો વિષય જુદો પાડ્યો અને અગિયાર ગાથાનો વિષય જુદો પાડ્યો. એ અગિયાર ગાથાના વિષયને અહીંયાં એકાદશવાદ તરીકે નામ આપ્યું. દેવ, ગુરુ અને ધર્મ, એ પહેલા ત્રણ અધિકાર છે. પછી વિધિવાદ, ચરિતાનુવાદ, યથાસ્થિતિવાદ, જ્ઞેયવાદ એ બધું જે છે એમાં મિશ્રધર્મ કથન સુધીનું જે પ્રકરણ છે એ બધા પ્રકરણનો એક વિભાગ ગણીને એને એકાદશવાદ કહ્યું. અગિયાર પ્રકરણનું નામ એકાદશવાદ એવું આપ્યું. ઠીક છે. એટલી અપેક્ષા બેસાડી છે.

મુમુક્ષુ :- સમયસારના ક્રમ પ્રમાણે જીવઅધિકાર આદિ લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બધા અધિકાર સમયસારના ક્રમ પ્રમાણે લીધા છે. જીવ, અજીવ, કર્તા-કર્મ અધિકાર, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એટલા અધિકાર લીધો છે. કર્તા-કર્મ લીધો પણ સર્વવિશુદ્ધ નથી લીધો. જેમ કર્તા-કર્મ અધિકાર લઈ લીધો એવી રીતે મોક્ષ અધિકાર પૂરો કર્યા પછી સમયસારમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. અહીંયાં કુનય અધિકાર, સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ, સમ્યક્ નિર્ણય એવા અનેક વિભાગ લીધા છે. મોક્ષ અધિકાર સુધી સમયસારની જેમ જ અધિકાર લીધા છે. કેટલીક પદ્ધતિ પણ એમણે સમયસાર પરમાગમની અપનાવી છે. એ કથનપદ્ધતિ જોવામાં આવે છે.

'**મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, પરપરિમતિ, ફળભોગાદિ ચિત્વિકારભાવ અને આ ચિત્વિકાર થતાં જીવને સંસાર-મુક્તભાવ ઊપજે છે.**' બેયને એકમાં નાખ્યા. જીવનો અધિકાર લેવો છે એટલે સંસાર અને મોક્ષ બન્નેથી જુદો, સંસાર-મુક્તિના દ્વંદ્વથી જુદો, બંધ-મુક્તિના દ્વંદ્વથી જુદો જીવ લેવો છે. સામાન્ય જીવનું સ્વરૂપ લેવું છે. એટલે એમાં મિથ્યાદર્શન ન આવે, અજ્ઞાન ન આવે, અવિરતિ ન આવે, પરપરિણતિ,

પરભોગાદિ એ તો બધા ભિન્ન ભિન્ન ગુણોના વિકારી પરિણામ છે. મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ વગેરે. આ ચિત્વિકાર ભાવ થતાં જીવને સંસાર થાય છે અને એ સંસારથી છૂટતાં જીવને મુક્ત ભાવ ઊપજે છે. એવો જેને સંસાર ઊપજે છે અને જેને મુક્તિની દશા ઊપજે છે અને જેને સંસારની દશા ઊપજે છે, એવો જે જીવ તે મૂળ સ્વરૂપે કોણ અને કેવો? એ અહીંયાં કહેવું છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પોતે ઊપજ્યો નથી. પણ બે પ્રકારની દશા જીવની અવસ્થામાં ઊપજે છે એટલું કહેવું છે. અને એ બન્ને પ્રકારની દશા જે જીવમાં ઊપજે છે એવો જે જીવ એ મૂળ સ્વરૂપે કોણ, એ કહેવું છે. જીવનું મૂળ સ્વરૂપ કેવું? એમ કહેવું છે.

'**જીવના પુણ્ય-પાપરૂપ શુભ-અશુભભાવ,...**' આ તો સમજી શકાય એવો વિષય છે. '**જીવના પુણ્ય-પાપરૂપ...**' શુભભાવ પુણ્યરૂપ છે, પાપરૂપ અશુભભાવ છે. એ સિવાય '**જીવના રાગના ચિકણા પરિણામરૂપ બંધભાવ,...**' જુઓ! બંધની વાત કરી છે ત્યાં ચીકાશ લીધી છે. જીવના રાગની ચીકાશને બંધતત્ત્વ કહેવામાં આવે છે. જીવના રાગના ચીકણા પરિણામરૂપ, રાગમાં રહેલી જે ચીકાશ છે તે બંધભાવ છે. જીવ કેટલો બંધાય છે? રાગ અનુસાર બંધાય છે? નહિ. રાગની ચીકાશના પ્રમાણમાં બંધાય છે. સમ્યગ્દૃષ્ટિને અલ્પ બંધ એટલા માટે લીધો કે એના પરિણામ લુખ્ખા થઈ ગયા છે. એની રાગની ચીકણાઈ મટી ગઈ છે. માટે એને અલ્પ બંધ કહ્યો. જઘન્ય દશામાં પણ અલ્પ બંધ કહેવાનું કારણ શા માટે? કે એના ચીકણા પરિણામ મટી ગયા છે. રાગની જે ચીકાશ છે ત્યાં આખો જીવ કેન્દ્રિત થઈ જાય છે, બંધાઈ જાય છે. આખો જીવ ત્યાં બંધાઈ જાય છે, પ્રતિબદ્ધપણાને પામે છે. જ્યાં ચીકાશ છે ત્યાં. એવું ચીકાશનું અનિષ્ટ અને દુષ્ટ સ્વરૂપ સમજીને પહેલેથી જ ચીકાશ નહિ થવી જોઈએ એવો એક તીવ્ર નિશ્ચય થવો જોઈએ. ક્યાંય પણ ચીકણા પરિણામ ન થવા જોઈએ. ચીકશા છોડી દેવી. કોઈપણ બાબતની ચીકાશ છોડી દેવી. કારણ કે બધો વિષય રાગનો જ છે. એની ક્યાંય ચીકાશ ન થવી જોઈએ.

એટલે 'શ્રીમદ્જી' તો પોતાની લાક્ષણિક પદ્ધતિથી એમ કહે છે કે મુમુક્ષુજીવ સર્વ પ્રકારના ઉદયકાળે મંદ રસ પરિણામે પરિણામે. મંદ રસ કહો કે ચીકાશ ઘટાડી છે એમ કહો. તીવ્ર રસથી ન પરિણમે. તીવ્ર રસ છે ત્યાં ચીકાશ છે. ચીકાશ છે ત્યાં જીવનો તીવ્ર રસ છે. એ રાગની ચીકાશ છે એ કષાયશક્તિ છે. કષાયશક્તિ જેની મંદ થાય એને કષાયનો અભાવ થાય. કષાય મંદ થાય પણ અંદર કષાયશક્તિ

તીવ્રપણે ચાલતી હોય તો એને કષાયનો અભાવ નહિ થાય. એ કષાય મંદ થયો છે એ પાછો સીધો અગ્નિ જેમ ભભુકી ઊઠે, ભારેલો અગ્નિ એમ પાછો તીવ્ર થઈ જાય છે. એટલે તત્ત્વજ્ઞાનના વિષયમાં રાગ કરતાં રાગની ચીકાશ ઉપર તત્ત્વજ્ઞાનીઓએ ધ્યાન ખેંચ્યું છે.

'**જીવના રાગના ચીકણા પરિણામરૂપ બંધભાવ,...**' એને રાગરસ કહ્યો છે. 'સમયસાર'માં 'બંધ અધિકાર'નો પહેલો કળશ છે એમાં એ વાત લીધી છે. '**रागोद्गारमहारसेन**'. રાગના મહારસથી જે અનંત કાળથી બંધાઈ રહ્યો છે એવા જીવને જ્યારે સમ્યગ્જ્ઞાનની જ્યોતિ પ્રગટ થાય છે ત્યારે એને પ્રથમમાં પ્રથમ રાગરસ મટે છે. એટલે એને રાગની ચીકાશ તૂટી જાય છે, લુખ્ખો રાગ થઈ જાય છે. એટલે જે પરમાણુ બંધાય છે એનો પણ અનુભાગ પડતો નથી. બહુ મંદ અનુભાગ પડે છે, લુખ્ખા પરમાણુ આવે છે. એ પરમાણુના કર્મબંધમાં પણ તીવ્ર અનુભાગનો બંધ પડતો નથી. એટલે એ કર્મના પરમાણુ પણ લુખ્ખા, અહીંયાં ભાવ લુખ્ખો તો કર્મના પરમાણુ પણ લુખ્ખા હોય છે. એટલે ખરી જાય છે. એની સ્થિતિ ટૂંકી પડે છે. ઘાતિકર્મની સ્થિતિ લુખ્ખા પરિણામવાળા જીવને ટૂંકી પડે છે. અથવા મંદ રસે કરીને જે કર્મ બાંધ્યા હોય છે તે અલ્પ કાળમાં મંદ રસથી ઉદયમાં આવી ખરી જાય છે. અને કર્મબંધનથી જીવ છૂટી જાય છે.

મુમુક્ષુ :- રાગરસની તીવ્રતા ઓછી કઈ રીતે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- એનું અનિષ્ટપણું જાણીને, એનું નુકસાન જાણીને. કોઈ એમ કહે કે, સર્પથી કેવી રીતે બચવું? સર્પ છે એ ઝેરી છે અને કરડે તો માણસનું મૃત્યુ થાય છે. એનું જ્ઞાન થાય, બાળકને એનું જ્ઞાન નથી તો સર્પ નીકળે તો રમવા જાશે, એને પકડશે. મોટાને જેને ખબર છે કે આ ઝેરી પ્રાણી છે તો દૂરથી જ ભાગશે. જોવમાત્રથી ડરશે. એમ આ રાગરસ છે એ ઝેરી સાપ છે. રાગની ચીકણાઈ છે એ કાળી નાગણ છે. બસ, આ એને સમજાય છે તો એને એમાં તીવ્રતા આવે નહિ. આ સીધો હિસાબ છે.

હેય અને ઉપાદેય શેના ઉપર આધારિત છે એમ જો વિચારવામાં આવે તો જ્ઞાનથી જ હેય અને ઉપાદેયપણું ઉત્પન્ન થાય છે. જેને વિવેક કહેવામાં આવે છે. જ્ઞાને કરીને વિવેક થાય છે. અનિષ્ટનું અનિષ્ટપણું જ્ઞાનમાં આવે અને ઈષ્ટનું ઈષ્ટપણું જ્ઞાનમાં આવે તો હેય અને ઉપાદેય આપોઆપ વિવેક ઉત્પન્ન થાય છે. વળી, જો જીવને પોતાનું અવલોકન હોય, પરિણામનું અવલોકન હોય એટલે જેની પરિણામધારા સ્વલક્ષી હોય, પોતાને જોવાના લક્ષવાળી હોય તો એને સ્પષ્ટ સમજાય એવું છે કે જેટલી

રાગની ચીકાશ વધે છે એટલે આકુળતા વધી જાય છે. દુઃખ વધી જાય છે. રાગની જેટલી ચીકાશ વધે એટલું દુઃખ વધે અને લુખા પરિણામ હોય તો એને એટલું દુઃખ નથી થતું, જેટલું ચીકણા પરિણામવાળાને થાય છે.

હવે એ તો એવા સ્થૂળ પરિણામ છે કે જગતના લોકો સમજી શકે છે કે ભાઈ, અહીંયાં નમતું ઝોખી દો ને એ બહુ ચીકણો માણસ છે. એની ચીકાશ પૂરી થતી નથી. બહુ ચીકણાઈ છે એની, આપણે છોડી દો. એમ નથી કરતા? એટલે રાગની ચીકાશ નથી સમજી શકાય એવું નથી, સમજી શકાય એવો વિષય છે. અને જીવ જો સ્વલક્ષી વિચારધારાવાળો હોય તો એને સહેજે સહેજે સમજાય છે. તત્ત્વજ્ઞાનની વિચારણામાં પણ સ્વલક્ષી વિચારધારાવાળા પરિણામને દર્શનમોહ મંદ થાય છે. અહીંયાં જોડીએ તો. દર્શનમોહની સાથે જોડીએ તો સ્વલક્ષી વિચારધારાને દર્શનમોહ મંદ થાય છે અને પરલક્ષી વિચારધારાવાળાને એટલો દર્શનમોહ મંદ થતો નથી. ભલે તત્ત્વજ્ઞાનની વિચારણા હોય તોપણ. આપસમાં બન્નેની અપેક્ષિત વાત છે. એક એક વાતમાં દર્શનમોહ ઉપર કેન્દ્રિત થવું. કેમકે પહેલો તો દર્શનમોહ તૂટશે તો મોક્ષમાર્ગમાં પોતાની ગાડી આગળ ચાલશે. નહિતર બાકી બધી દિશા છે એ ખોટી દિશામાં-ઊલટી દિશામાં આગળ વધવાની વાત છે. જ્યાં જ્યાં વાત આવે ત્યાં ત્યાં ધ્યાન ખેંચશું. એકસાથે તો બધું ક્યાંથી યાદ આવે? ક્યાંક ક્યાંક એના અનુસંધાનમાં Point આવશે (ત્યારે લઈશું).

રાગના જેટલા ચીકણા પરિણામરૂપ છે એને જ 'સમયસાર'માં તો બંધતત્ત્વ કહ્યું છે. '**જીવના રાગ-દ્વેષ-મોહરૂપ આસ્રવભાવ,...**' એ આસ્રવતત્ત્વ છે. '**પરભાવને ન આચરે તે જીવનો સંવરભાવ, ચિત્વિકારનો અંશ નાશ થાય તે જીવનો નિર્જરાભાવ, સર્વચિત્વિકારનો નાશ થાય તે જીવનો મોક્ષભાવ...**' છે. '**એટલા ચિત્વિકારરૂપ સંસાર-મુક્તિભાવના વેષમાં વ્યાપ્ય-વ્યાપક તો એક (કેવળ) જીવ જ એક થયો છે,...**' નવે તત્ત્વમાં જીવ જ વ્યાપેલો છે એમ કહેવું છે. બંધ અધિકાર આમાં પણ છે ને? શું વાત લીધી છે? કેટલામે પાને છે? ૭૦ પાને છે?

'**બંધ એટલે સંબંધ. ચારિત્રવિકાર રાગ જીવનો બંધ છે.**' ચારિત્રવિકારરૂપ જીવનો રાગ તે બંધ છે. '**ચીકણો લૂખો પુદ્ગલનો જ બંધ છે.**' ચીકણાની વાત લીધી છે, ત્યાં ચીકાશની વાત લીધી છે. '**પૌદ્ગલિક કર્મવર્ગણા તો એકબીજામાં ચીકણા-લૂખા ભાવો વડે સંબંધ કરે છે.**' પુદ્ગલમાં તો સ્પર્શગુણની પર્યાય છે-ચીકાશ અને લૂખાશ. તો જેટલી ચીકાશ હોય છે એટલો એ સ્કંધની અંદર જોડાયેલો રહે છે. એના ગુણની ચીકાશ ઘટે એટલે પરમાણુ સ્કંધમાંથી છૂટો પડે છે. એટલે પરમાણુને બંધાવાનું અને છૂટા પડવાનો આધાર એની ચીકાશ-લૂખાશ ઉપર છે. એ દ્રવ્યચીકાશ,

દ્રવ્યચીકણાઈ અને દ્રવ્યની લૂખાશ છે. અહીંયાં જીવના પરિણામમાં ભાવની ચીકાશ અને ભાવની લૂખાશ લેવી છે. બહુ સંક્ષેપમાં બધા અધિકાર છે. અહીંયાં શું કહ્યું છે?

જીવના જે પર્યાય છે એમાં શુભ-અશુભ એટલે પુણ્ય-પાપ છે. ચીકાશ છે એ બંધભાવ છે. રાગ-દ્વેષ, મોહ છે એ આસ્રવભાવ છે. પરાચરણનું બંધ થઈ જવું એ સંવરભાવ છે. અસ્તિથી સ્વરૂપાચરણ થવું. અહીં તો બધું નાસ્તિથી લે છે. વિકાર લેવો છે ને એટલે. ચિત્વિકારનો અંશ નાશ થાય તે જીવનો નિર્જરાભાવ છે અને ચિત્વિકારનો સર્વથા નાશ થાય કે સંપૂર્ણ શુદ્ધતા થાય તે મોક્ષભાવ છે. '**એટલા ચિત્વિકારરૂપ સંસાર-મુક્તિભાવના...**' સંસારભાવ અને મુક્તિભાવના વેશમાં એવો વેશ ધારણ કરનારો આ જીવ '**વ્યાપ્ય-વ્યાપક તો એક (કેવળ) જીવ જ એક થયો છે.**' એવા અનેક જાતના પરિણામરૂપે આ એક જીવ જ વ્યાપ્ય-વ્યાપક થઈને પરિણમી રહ્યો છે. એક જ જીવ થયો છે. જીવ એક જ થયો છે એનો અર્થ કે બીજું કોઈ દ્રવ્ય નથી થયું. હવે અહીંયાં જુઓ, કથન એવું લેશે કે એ જીવ પોતે થયો હોવા છતાં, એવા બધા પરિણામરૂપે થવાનો એનો જાતિસ્વભાવ નથી એટલે એવું એનું મૂળ સ્વરૂપ નથી. આમ લેવું છે. જીવ થયો છે અને મૂળ જાતિ સ્વભાવથી જોતાં જીવ એવો થયો નથી. થયો છે અને થયો નથી એમ અનેકાંત કરે છે. આનું નામ અનેકાંત છે.

જીવના એટલા જે સંસાર પરિણામ થયા અને મુક્તિના ભાવ થયા-સંવર, નિર્જરા, મોક્ષ એ બધો વેષ છે. 'સમયસાર'માં એને વેષ કહ્યો છે. નાટક સમયસાર લીધું ને? જેમ પાત્ર છે એ વેષ ધારણ કરીને આવે છે, એમ જીવ પુણ્ય-પાપનો વેષ ધારણ કરે છે. સંવર, નિર્જરા, મોક્ષનો પણ વેશ ધારણ કરે છે. અને તેમાં જીવ વ્યાપ્ય-વ્યાપક એટલે પોતે જ પરિણમે છે. બીજું દ્રવ્ય પરિણમતું નથી. પોતાની પર્યાયે પોતે પરિણમે છે, પોતાની પર્યાયે બીજું કોઈ પરિણમતું નથી. જ્યારે જીવને રાગના ચીકણા પરિણામરૂપ બંધ થાય છે ત્યારે પણ જીવ પરિણમે છે અને કર્મ એમાં પરિણમતું નથી. દ્રવ્યકર્મ એમાં પરિણમતું નથી. જ્યારે જીવ સંવર, નિર્જરા અને મોક્ષના પરિણામે પરિણમે છે ત્યારે જીવ પરિણમે છે અને એમાં કર્મ પરિણમતું નથી. કર્મ કર્મમાં પરિણમે છે, જીવમાં પરિણમતું નથી. એટલે બીજું કોઈ દ્રવ્ય નથી થયું, આવા જીવના પરિણામરૂપે જીવ પરિણમ્યો નથી અને જીવના પરિણામ રૂપે બીજું કોઈ પરિણમ્યું નથી, એમ લેવું છે.

'**એ રૂપ એક જીવ પોતે જ છે.**' એ રીતે જીવ એક પોતે જ છે, બીજું કોઈ

નથી થયું એટલે એ રૂપે એક જીવ પોતે છે. છતાં પણ એ જીવનો જાતિસ્વભાવ નથી. અહીંથી જીવનું પ્રકરણ લેવું છે. અજીવથી જીવનું પ્રકરણ જુદું પાડવું છે. આ બધા પરિણામને, અનિત્ય ભાવોને અજીવમાં લીધા છે. 'સમયસાર'ના જીવ અધિકારમાં પણ એને અજીવ ભાવોમાં લીધા છે. જે અનિત્ય ભાવો છે તે જીવ નથી. એક નિત્ય ચિત્સામાન્ય છે તે જીવ છે. એવી ગાથાઓ લીધી છે.

તા. ૧૬-૬-૧૯૮૬, પાના નં. ૫૮, પ્રવચન નં. ૪૦

'આત્માવલોકન'. જીવતત્ત્વ તાત્ત્વિક રૂપે, તાત્ત્વિકપણે જીવનું સ્વરૂપ શું છે? એટલું જ માત્ર અહીંયાં કહેવું છે. અને એ સ્પષ્ટ કરવા માટે એ કહ્યું કે અજીવ પુદ્ગલ પરમાણુથી માંડીને પુણ્ય-પાપ, આસ્રવ અને બંધરૂપ વિકારી દશા અને સંવર, નિર્જરા અને મોક્ષરૂપ અવિકારી અવસ્થા, એ કોઈ વેષ આત્માના નથી. આત્માની અવસ્થા હોવાથી વ્યાપ્ય-વ્યાપક ભાવે બીજું કોઈ દ્રવ્ય પરિણમતું નથી અને આત્મા પોતે જ પરિણમે છે, જીવ પોતે જ પરિણમે છે તોપણ તત્ત્વદૃષ્ટિએ જોઈએ તો એ જીવનું સ્વરૂપ નથી. તત્ત્વદૃષ્ટિનો અહીંયાં વિષય છે. એવો જ એક વિષય 'બહેનશ્રીનાં વચનામૃત'માં ૧૦૫ નંબરનો બોલ છે. આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. એટલે એનું મૂળ સ્વરૂપ, પરમાર્થે એટલે એનું પારમાર્થિક સ્વરૂપ ત્રણે કાળે એક જ્ઞાયક સ્વભાવ, આ સિવાય એનું કોઈ સ્વરૂપ નથી. એવા આ જ્ઞાયકતત્ત્વને, એવા આ નિજ જ્ઞાયકતત્ત્વને કોઈ પર્યાયવેષ નથી. વિકારી, અવિકારી તો પછીની વાત છે, પણ કોઈ પર્યાયવેષ નથી. આસ્રવ, બંધ, પુણ્ય-પાપ લીધા પણ સંવર, નિર્જરા અને મોક્ષ પણ લીધા છે. 'સમયસાર'માં ૩૮ ગાથામાં જે વિષય લીધો છે, '**હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન-દર્શનમય ખરે**'. એમાં જે શુદ્ધની વાત લીધી છે ત્યાં નવે તત્ત્વથી પાર વાત લીધી છે. નવે તત્ત્વમાં સંવર, નિર્જરા, મોક્ષ આવી ગયા. અને એથી પણ આગળ જઈને જે ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે એ જ જીવતત્ત્વ છે. ૩૮ ગાથા તો જીવનું સ્વરૂપ છે ને? જીવ અધિકાર ચાલે છે. એટલે '**હું એક શુદ્ધ સદા અરૂપી**' જીવનું સ્વરૂપ લીધું છે. જીવનો અધિકાર છે ત્યાં. પ્રકરણ પણ જીવનું છે.

જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય અપેક્ષા નથી. પર્યાયવેષ નથી અને પર્યાયની અપેક્ષા પણ એને નથી. જ્ઞાયકતત્ત્વને એમ નથી કે આ પર્યાયમાં આમ થાય તો ઠીક. એ જ્ઞાયકતત્ત્વને નથી. એવી કોઈ પર્યાય અપેક્ષા જ્ઞાયકતત્ત્વને નથી. અથવા પર્યાયની અપેક્ષાથી જ્ઞાયકતત્ત્વને બતાવવો એ જ્ઞાયકતત્ત્વની હિણપત છે. એટલે 'સોગાનીજી'એ લખ્યું છે, આત્માને મુક્તિ કહેવું, આત્મા કો મુક્તિ સે બતાના વહ તો આત્મા કો ગાલી દેને બરાબર હૈ. અહીંયાં તો પુણ્યવાળો કહે, ભાગ્યશાળી

કહે ત્યાં એને હોંશ ચડે. અહીંયાં કહે છે કે મુક્તિથી એને બતાવવો એ હિણપત છે. એવો એ મહાપદાર્થ છે કે એને કોઈ પર્યાયની અપેક્ષા જ નથી. પોતાની પર્યાયથી પણ એ નિરપેક્ષ તત્ત્વ છે. તદ્દન નિરપેક્ષ તત્ત્વ છે. આત્મા મુનિ છે કે કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે, ત્રણ બોલ લઈ લીધા છે. સમ્યગ્દૃષ્ટિ છે એ તો વાતેય કરી નથી અહીંયાં. જુઓ! આત્મા સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે એ તો પ્રશ્ન જ ચર્ચામાં નથી લીધો. પણ આત્મા મુનિ છે, આત્મા કેવળજ્ઞાની છે કે આત્મા સિદ્ધ છે, એવી એક પણ પર્યાય અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. એક પણ પર્યાય અપેક્ષા જ્ઞાયક પદાર્થને નથી. આવો પદાર્થ પોતે છે એમ એના જ્ઞાનમાં આવવું જોઈએ. આવો પોતે જીવ છે એમ એને જ્ઞાનમાં આવે એવી એને દૃષ્ટિ થાય, દૃષ્ટિ થાય એનો અર્થ એટલો છે, આ હું, આવો હું, એ દૃષ્ટિ એવા ભાવે છે. દૃષ્ટિનો ભાવ શું છે? આ હું, આવો હું. એવી દૃષ્ટિ તે તત્ત્વદૃષ્ટિ છે, તે જીવતત્ત્વની દૃષ્ટિ છે. એ સાચી દૃષ્ટિ હોવાથી, સમિચીન દૃષ્ટિ હોવાથી એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે.

બસ, જ્ઞાયક તો જ્ઞાયક જ છે. એને કોઈ પર્યાયની અપેક્ષા નથી. સંયોગોની તો અપેક્ષા નથી, નિમિત્તોની તો અપેક્ષા નથી, પણ એની પર્યાયોની પણ એને અપેક્ષા નથી.

મુમુક્ષુ :- આવા શુદ્ધપદના ગાણાં આ કાળમાં 'ગુરુદેવે' જ ગાયા. નહિતર .. ખોવાઈ ગયા હોત.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. એ વસ્તુ એવી છે કે દૃષ્ટિ વગર એ વસ્તુ કેવી રીતે કહે? જેની દૃષ્ટિમાં રાગ છે અને જેની દૃષ્ટિમાં નિમિત્તો છે, એ કેવી રીતે આને કહે? સીધી વાત કહી છે. દૃષ્ટિ થયા વિના એ વસ્તુ સીધી શાસ્ત્રથી કોઈ મેળવવા ધારે તો એવી રીતે મળી શકે એવું નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે, શાસ્ત્રમાં છે. એ તો અનુભવીઓનું કથન છે.

મુમુક્ષુ :- જ્ઞાયક શબ્દ વારંવાર વપરાય છે તો એમાં કાંઈ... જ્ઞાન જાણવાનું કાર્ય તો પર્યાયમાં થાય છે. જ્ઞાયકને તો પર્યાય જ જાણે છે. .. તો પછી જ્ઞાયકતત્ત્વ ત્રિકાળ સ્વભાવને લાગુ પડે કે વર્તમાન જ્ઞાનની પર્યાયને?

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો જ્ઞાયક ત્રિકાળીને લાગુ પડે છે. પણ કોઈ વખત જ્ઞાનવિશિષ્ટ, જાણવાના ભાવવિશિષ્ટ, જ્ઞાનવિશિષ્ટ જીવને પણ જ્ઞાયક કહેવાય છે. એવી કોઈ વખત પ્રકરણવશ વિવિક્ષા થાય છે ખરી. પણ અહીંયાં અથવા મુખ્યપણે જ્યાં જ્ઞાયક કહેવું છે ત્યાં ત્રિકાળી ધ્રુવતત્ત્વ લેવું છે.

મુમુક્ષુ :- જ્ઞાયકને પણ જાણે તો પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. વાત તમારી સાચી છે. પણ એની જે ક્રિયા છે એ પર્યાયમાં થાય છે. પણ એની શક્તિ, મૂળ શક્તિનો ભંડાર છે, જ્ઞાનશક્તિનો, અનંત જ્ઞાનશક્તિનો ભંડાર છે તે જ્ઞાયક છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :- ... એની જે ક્રિયા થાય છે એ પર્યાયમાં થાય છે. ત્રિકાળી સ્વભાવને કહેવું કે પર્યાયને કહેવું એમાં વાંધો શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- ના, કોઈ વખત કહેવામાં આવે છે. એકલી પર્યાયને નહિ પણ પર્યાય સહિત દ્રવ્યને જ્ઞાયક કહેવામાં આવે છે. એમ કહેવાય છે, કોઈ કોઈ વાર એમ કહેવાય છે ખરું. એવું જ્યાં પ્રકરણ ચાલતું હોય ત્યાં એવી વાત પણ ચાલે છે.

મુમુક્ષુ :- એટલે પ્રમાણનું દ્રવ્ય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું ચાલે છે. ક્યાંક કહેવાય છે. એવી પણ વિવિક્ષા આવે છે ખરી.

મુમુક્ષુ :- ખરેખર તો જો ત્રિકાળ સ્વભાવ જ જ્ઞાયક હોય તો જ્ઞાયક તો ધ્રુવનો ભંડાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનગુણનો ભંડાર, જ્ઞાનશક્તિનો ભંડાર, જ્ઞાનસ્વભાવનો ભંડાર એને જ્ઞાયક કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એની દૃષ્ટિ પર્યાયમાં છે તો જ્ઞાયક...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયની નહિ પણ ચમક ઉપરથી આખો હીરો એકદમ સમજાય જાય છે અને ચમકને જોતાં માત્ર કોઈ એકલી ચમક હીરા વગરની કોઈ અધ્ધર ચમક કોઈ જોતું નથી. હીરાને બાદ કરીને કોઈ એકલી ચમકને જોવે છે? કે આ ચમક છે. આ હીરાની પર્યાય છે. એમ જોવે છે?

મુમુક્ષુ :- બાદ કરવાની વાત જ નથી. પર્યાય ભેગી રહે છે. પણ જે ક્રિયા થાય છે જાણક.. જાણક.. જાણક..

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અવલંબનમાં એવું છે કે અનિત્ય નિત્યને બતાવે છે. જ્યાં અવલંબનની વિધિનો સવાલ છે ત્યાં અનિત્યતા ઉપરથી નિત્યતા ઉપર જવાય છે. કેમકે અનિત્યતામાં જે જ્ઞાનભાવ છે, વ્યક્ત જે જ્ઞાનક્રિયા છે એમાં જ્ઞાનસ્વભાવ પણ છે. એમાં જ્ઞાનસ્વભાવ પણ છે. કેવો જ્ઞાનસ્વભાવ છે એમાં? કે જેવો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં જ્ઞાનસ્વભાવ છે એવો જ જ્ઞાનસ્વભાવ વર્તમાન જ્ઞાનપર્યાયમાં પણ વ્યાપેલો છે.

મુમુક્ષુ :- અનુભવ વખતે તો એક થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ વખતે તો આવો કોઈ ભેદ રહેતો જ નથી. અનુભવ વખતે ભેદ રહેતો નથી. તેમ છતાં એમ સમજાવવામાં આવે છે કે દૃષ્ટિનો વિષય એકલું સામાન્ય ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ છે. એમાં પર્યાય વિષય નથી થતી. દૃષ્ટિને પર્યાય વિષય નથી કરતી. અનુભવમાં દ્રવ્ય-પર્યાયનો ભેદ નહિ હોવા છતાં, અનુભવમાં પર્યાયનો અનુભવ થતો હોવા છતાં અને અનુભવમાં ત્રિકાળી તે હું, એવો ત્રિકાળીમાં હુંપણાનો જ્ઞાનનો ભાવ હોવા છતાં દૃષ્ટિ તો એકલા ત્રિકાળીને વિષય કરે છે.

મુમુક્ષુ :- જ્ઞાયક તે હું એમ કહેતાં સ્વભાવરૂપ થઈ ગઈ, જ્ઞાયકરૂપ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- તદ્રૂપ થઈ ગઈ ખરી, પણ અહીંયાં જ્યાં જીવતત્ત્વનું સ્વરૂપ સમજાવવું છે, હવે આપણે ચાલુ પ્રકરણ ઉપર આવીએ કે અહીંયાં જ્યાં જીવતત્ત્વનું સ્વરૂપ બતાવવું છે ત્યારે 'સમયસાર' એમ કહે છે, 'સમયસાર' એમ કહે છે એટલે જૈન પરમેશ્વર એમ કહે છે, કે જેટલા અનિત્ય ભાવો છે એ જીવનું સ્વરૂપ નથી. જીવ ત્રિકાળ નિત્ય હોવાથી જેટલા અનિત્ય ભાવો છે તે જીવનું સ્વરૂપ નથી. આમ લીધું છે. તે અનિત્ય ભાવોમાં જ્ઞાનની પર્યાય, મુક્તિની પર્યાય બધું આવી ગયું એની અંદર. કેવળજ્ઞાનની પર્યાય આવી ગઈ. એટલે આ ૧૦૫ નંબરનો પૂજ્ય બહેનશ્રીનો એ વિષય ઉપર બોલ છે એટલે એના સમર્થનમાં-વિષયના સમર્થનમાં છે એટલે વાંચીએ છીએ.

જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાયની અપેક્ષા નથી. આત્મા મુનિ છે કે કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાય અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. બસ, જ્ઞાયક તો જ્ઞાયક જ છે. આટલો બોલ છે. હવે આપણે અહીંયાં શું વિચારવું જોઈએ? મુમુક્ષુએ શું વિચારવું? કે આવું મારું મૂળ સ્વરૂપ છે, મૂળમાં જે મારું સ્વરૂપ છે એ ઉપર ઉપરની પર્યાયો મારું સ્વરૂપ નથી. ગમે તે થાઓ અને ગમે તે હો, અત્યારે કે ભવિષ્યમાં કે ભૂતકાળમાં એકરૂપ જે મારું સ્વરૂપ છે, જેને જ્ઞાયકતત્ત્વ જીવતત્ત્વ કહેવામાં આવે છે એ કેવું? આ વસ્તુનો મને પહેલાં નિર્ણય હોવો જોઈએ, નિશ્ચય હોવો જોઈએ, ભાવભાસન સહિતનો એ નિશ્ચય હોવો જોઈએ કે જેને ઓળખાણ કહેવામાં આવે છે કે આને આત્માની ઓળખાણ કહેવી. એ ઓળખાણ કરાવવા માટે સમજાવવામાં આવે છે. અને ઓળખાણ થાય તો એની દૃષ્ટિ થાય છે. ઓળખાણ થયા વિના સીધી દૃષ્ટિ થતી નથી. કેમકે દૃષ્ટિ છે એ શ્રદ્ધાન છે અને શ્રદ્ધાન જ્ઞાનપૂર્વક થાય છે. જ્ઞાન સિવાય શ્રદ્ધાન થતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો, એ જ્ઞાનસ્વભાવી ધ્રુવ આત્માનો?

પૂજ્ય ભાઈશ્રી :- ધ્રુવ આત્માનો નિશ્ચય, જ્ઞાયકનો નિશ્ચય કરવો એમ કહે. 'સમયસાર'માં ૪૯ ગાથામાં જે જીવનું સ્વરૂપ લીધું છે. અલિંગગ્રહણવાળી ગાથા છે ને? ચાલે છે અજીવ અધિકાર. ૩૮ ગાથાએ જીવ અધિકાર પૂરો કર્યો. ૩૯ ગાથાથી અજીવ અધિકાર છે. એ અજીવ અધિકારની અંદર ૪૯ મી જે ગાથા આવી એમાં જીવનું સ્વરૂપ એટલા માટે કહ્યું કે આત્માને રૂપ નથી, રસ નથી, ગંધ નથી, બધા અજીવ નથી. આ અજીવ નથી, આ અજીવ નથી, આ અજીવ નથી. એમ નાસ્તિથી જીવનું સ્વરૂપ બતાવે છે. જીવ અધિકારમાં આ જીવ છે, આ જીવ છે, આ જીવ છે એમ અસ્તિથી જીવનું સ્વરૂપ બતાવે છે. એ ૩૮ ગાથા સુધી બતાવ્યું. એમાં છઠ્ઠી ગાથામાં જ્ઞાયકનું સ્વરૂપ સ્થાપ્યું કે **'ણ વિ હોદિ અપ્પમત્તો ણ પમત્તો જાણગો દુ જો ભાવો'** પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. અશુદ્ધ પર્યાય પણ નથી અને શુદ્ધ પર્યાય પણ નથી, હું એક જ્ઞાયકભાવ છું. એમ કરીને એ વાત છઠ્ઠી ગાથાથી ઉપાડી. ૩૮ ગાથા સુધી જ્ઞાયકતત્ત્વની વાત કરી. એમાં જ્ઞાયકના અનુભવની વિધિ ને એ બધો વિષય સાંગોપાંગ લઈ લીધો.

ત્યારપછી ૩૯ ગાથાથી 'સમયસાર'માં જે અજીવ અધિકાર લીધો એમાં આ જીવ નથી, આ પણ જીવ નથી, આ પણ જીવ નથી, અજીવ છે એમ કહ્યું. એમાં એક ૩૫ અને ૩૬ નબંરના બે કળશ છે. જેને અહીંયાં Bold type લખેલું છે ને? **'આ જે ચેતના છે તે જ કેળવ જીવ છે.'** આપણે ચાલતા વિષયમાં. 'તે એક ચેતનાને તું જીવનો નિજજાતિસ્વભાવ જાણ. **'આ જે ચેતના છે તે જ કેવળ જીવ છે. તે અનાદિ અનંત એકરસ છે. તેથી આ ચેતના પોતાને જ સાક્ષાત્ જીવ જાણવો.'** આ ચેતનાનો જ જીવ ગણવો. આ બાજુ Bold type માં છે, **'ચેતના' એટલો ભાવ તે જ તો નિશ્ચયથી જીવ,...'** ચેતના એટલો ભાવ, ચેતનાસ્વભાવ એવો જે ભાવ તેટલો જ નિશ્ચયથી જીવ. તત્ત્વદૃષ્ટિએ તો એટલો જ જીવ. **'બીજા સર્વ કોઈ ભાવો જીવપદરૂપ નથી.'** આ ફૂલમાંથી અર્ક કાઢે છે અથવા અનેક જાતની વનસ્પતિમાંથી એનો અર્ક કાઢે છે, એ એનું તત્ત્વ છે. અવસ્થાદૃષ્ટિ તે વનસ્પતિમાં વ્યાપેલું છે. પણ જ્યારે એમાંથી એનો અર્ક કાઢીને, તત્ત્વ કાઢીને, સત્ત્વ કાઢીને લઈ લેવામાં આવે છે, ત્યારે પછી એ સત્ત્વ વિનાનું બાકીનું બધું કૂચા ગણવામાં આવે છે. પછી એનો કોઈ ઉપયોગ નથી. કેમકે પછી એનો ગુણ નથી થતો.

એમ અહીંયાં જીવનું સત્ત્વ શું? જીવનું તત્ત્વ શું? કે ચેતના સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ. આ જીવ છે. એવી વાત 'સમયસાર' ૩૫-૩૬ કળશમાં લીધી છે. ૪૯ ગાથા પછીના કળશમાં છે. આ ચૈતન્યસ્વરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. આવો ચૈતન્યસ્વરૂપ

પરમાર્થસ્વરૂપ જીવ છે. ચેતનાગુણવાળો છેલ્લે લીધો ને? પોતાના અનુભવમાં આવતા ચેતના વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે. એવો પરમાર્થસ્વરૂપ જીવ છે. એવો આ ભગવાન, આ નિર્મળ ભગવાન મેલરહિત '**આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ બિરાજમાન છે.**' આચાર્ય ભગવાને પોતે મહિમા કર્યો છે. '**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની પ્રેરણા કરે છે :-**'

'**चित्शक्तिथी रहित अन्य सकळ भावोने मूळथी छोडीने अने प्रगटपणे पोताना चित्शक्तिमात्र भावनुं अवगाहन करीने,...**' શક્તિમાત્ર ભાવ એટલે ત્રિકાળી ભાવ. ચિત્શક્તિથી રહિત એટલે જ્યાં સામાન્ય નથી એવા જેટલા અનિત્ય ભાવો છે તેને મૂળ છોડીને, એનો આશ્રય છોડી દઈને પોતાના શક્તિમાત્ર ભાવનું-'**चित्-शक्तिमात्रम् अवगाह्य**'. અવગાહન કરીને, એનો આધાર લઈને. અહીંયાં શું વિષય છે? અધિષ્ઠાન શું તારે? આ સવાલ છે. જો જીવને એના પોતાના મૂળ ચિત્સ્વરૂપનું આધારપણું ન આવે, એને પોતે અધિષ્ઠાન ન બનાવે, જે અધિષ્ઠાનસ્વરૂપ છે. ત્રિકાળી હોવાથી આધારભૂત છે. એનો આધાર ન લેવામાં આવે તો જીવ રાગનો અને નિમિત્તનો આધાર લીધા વિના રહી શકતો નથી. આ જીવની પરિસ્થિતિ છે. એ નિવારી શકાય એવી વાત નથી. કાં તો જીવ પોતાના મૂળ અધિષ્ઠાનને અધિષ્ઠાનના સ્થાને રાખે અને એના આધારે પરિણમે. જો દૃષ્ટિ સમ્યક્ થાય તો. અને નહિતર એ રાગને અને નિમિત્તને આધાર બનાવ્યા રહેશે નહિ. શુદ્ધ પર્યાય તો એને પ્રગટ નથી એટલે એને આધાર બનાવવાનો સવાલ ઊભો નથી થતો.

મુમુક્ષુ :- અધિષ્ઠાનનો આધાર લેનાર પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આધાર લેનાર પર્યાય છે.

મુમુક્ષુ :- એમાં અંતરંગ શબ્દ પહેલા વાપર્યો અને પછી પ્રગટ શબ્દ વાપર્યો. એનું શું સમજવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, અંતરંગમાં પ્રગટ છે એમ કીધું છે. અંતરંગમાં પ્રગટ છે એટલે આ જે સ્વભાવ છે એ આખા પદાર્થનું અંદરનું અંગ છે. બાહ્ય અંગ છે એ પર્યાય છે. અને અંદરનું અંગ છે એ ત્રિકાળી સ્વભાવ છે. એટલે એને અંતરંગ સ્વભાવ કહેવામાં આવે છે. અને એ પ્રગટ છે એટલે નિરાવરણ છે. એને કોઈ આવરણ નથી. જેવો છે એવો. 'ધર્મદાસજી ક્ષુલ્લક' એને શું કહે છે ખબર છે? એને સૂર્ય કહે છે. જ્ઞાનસૂર્ય કહે છે. જેમ સૂર્યને આવરણ ન આવે. વાદળા હોય તો એ નીચેવાળે તકલીફ છે. વાદળાની ઉપરવાળાને, સૂર્યને કાંઈ તકલીફ છે? સૂર્યને કોઈ આડશ આવતી નથી. આડશ તો વાદળાની નીચે છે એને વાદળા આડશ છે? સૂર્યમાં કોઈ આડશ

ઊભી થાય છે? થતી નથી. એવો આ સદાય પ્રકાશમાન છે. અંતરંગમાં સદાય પ્રકાશમાન છે. સદાય બિરાજમાન છે. જેની દૃષ્ટિ એના ઉપર પડે છે એ એમ જોવે છે કે આ તો સદાય પ્રગટ છે ને! આને પ્રગટ કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? એટલે છઠ્ઠી ગાથામાં એને નિત્ય ઉદિત શબ્દ વાપર્યો છે. નિત્ય ઉદિત છે. નવો ઉદય એનો નથી થતો. એ તો સદાય ઉદયરૂપ જ છે, પ્રગટ જ છે. એમ પોતાને પ્રગટપણે જોવામાં આવે છે એમ કહેવું છે.

'**પ્રગટપણે પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું અવગાહન કરીને,...**' પ્રગટ છું, હું પ્રત્યક્ષ છું એમ અવગાહન કરે છે. સહજ પ્રત્યક્ષ છે. પોતાના સહજ પ્રત્યક્ષ સ્વરૂપને જાણે એને પરોક્ષપણું પરિણમનમાં રહે ક્યાંથી? કેમકે એને બળ એમ આવે છે કે હું તો પ્રત્યક્ષ જ છું ને! પરોક્ષ ક્યાં છું? હું તો પ્રત્યક્ષ છું, પછી ક્યાં પરોક્ષપણાનો સવાલ છે? એટલે એની પર્યાય છે એ સ્વાકાર ભાવે પરિણમવા લાગે છે. સ્વને જાણતા સ્વઆકારે પરિણમવા લાગે છે. સ્વરૂપરૂપ પરિણમવા લાગે છે. સ્વને જોતાં એ પરિસ્થિતિ આપોઆપ ઊભી થાય છે.

મુમુક્ષુ :- સ્વ જ્ઞાયક છે એ પ્રમાણે પર્યાય જ્ઞાયક થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય જ્ઞાયકરૂપે થઈ ગઈ. સદશ થઈ ગઈ, એકરૂપે થઈ ગઈ. વળી, આ ચેતનાસ્વભાવ અભેદ નિર્વિકલ્પ હોવાથી એને જોનારને એની અવસ્થામાં વિકલ્પ ટકી શકતો નથી. એટલે સમયસાર ૭૩ ગાથામાં એમ કહ્યું કે આવો હું નિર્વિકલ્પ આકાશમાત્રની જેમ નિરાલંબ આત્મસ્વભાવ છું. આકાશને કોઈને આધાર ને અવલંબન છે? નિરાધાર છે? એમ મને પણ કોના આધારની જરૂર નથી. એવો જ્યારે પોતે પોતાને જોવે છે ત્યારે એની અવસ્થામાંથી વિકલ્પનું વમન થઈ જાય છે. એવો શબ્દ વાપર્યો છે. વિકલ્પ વમાઈ જાય છે. ક્યારે કીધું? જેને આવો નિશ્ચય થાય છે તેને. નિશ્ચય સવિકલ્પ દશામાં થાય છે. પણ સવિકલ્પ દશામાં અનાદિનો વિકલ્પનો આધાર હતો એનો ત્યાગ કરીને નિશ્ચય કરે છે, આધાર છોડીને નિશ્ચય કરે છે કે આ હું છું, હું તો આવો છું. એમ જ્ઞાનથી જ્ઞાનના આધારે, જ્ઞાનના નિમિત્તે જ્ઞાયકનો નિશ્ચય કરે છે, નિર્વિકલ્પ તત્ત્વનો નિશ્ચય કરે છે. તો એની પર્યાયનો નિર્વિકલ્પતાનો કાળ પાકી ગયો, એમ કીધું. હવે એની અવસ્થામાં વિકલ્પ ટકી નહિ શકે. વિકલ્પ શીઘ્ર વમાઈ જશે, એવો શબ્દ લીધો છે. વિકલ્પનું શીઘ્ર વમન થઈ જશે એને. આ પરિસ્થિતિ ઊભી થશે.

મુમુક્ષુ :- ઉત્પન્ન જ નથી થતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉત્પન્ન થતો બંધ થાય છે. નિર્વિકલ્પ, હું નિર્વિકલ્પ

સ્વરૂપ છું એવું એને જોર બહુ ઊભું થાય છે. અને એવા જોરના વલણવાળો ભાવ એ એને અંતર્મુખ કરી દે છે. દિશા તો ફરી ગઈ છે, પણ ભાવે અભેદ કરી દે છે, સદશ કરી દે છે, તન્મય કરી દે છે. જેવું દ્રવ્ય છે એવા આકારે પર્યાયને પરિણમાવી દે છે. એ જોર અને વલણ એવું ઊભું થઈ ગયું છે.

એટલે '**પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું અવગાહન કરીને, ભવ્ય આત્મા સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ એક કેવળ અવિનાશી આત્માનો આત્મામાં જ અભ્યાસ કરો, સાક્ષાત્ અનુભવ કરો.**' સુંદર રીતે ભિન્ન છે એમ કહે છે. સુંદર રીતે પ્રવર્તતા. '**સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર સુંદર રીતે પ્રવર્તતા...**' '**उपरि चरन्तं चारु**' એવો શબ્દ વાપર્યો છે. '**इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्**'. આ વિશ્વ ઉપર જુદો-ભિન્ન તરતો એવો જે આત્મા એને તમે સાક્ષાત્ અનુભવમાં લ્યો. એનો ભાવાર્થ કર્યો છે, '**આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશક્તિમાત્ર છે;...**' એટલે પોતે ચૈતન્યશક્તિમાત્ર છે તેના અનુભવનો અભ્યાસ કરો, એવો અનુભવવાનો અભ્યાસ કરો. '**એમ ઉપદેશ છે.**' એ ૩૫ શ્લોક છે.

૩૬ શ્લોકમાં એમ કહે છે, '**હવે ચિત્શક્તિથી...**' આવો જે ચિત્શક્તિસ્વરૂપ આત્મા, ચેતનામાત્ર આત્મા તેનાથી '**અન્ય જે ભાવો છે તે બધા પુદ્ગલદ્રવ્ય સંબંધી છે...**' કેમકે ૫૦ થી ૫૫ હવે ગાથા લેવી છે. ૪૯ પૂરી કરી. આ ૨૯ બોલ આત્મા નથી, અનાત્મા છે, અજીવ છે એમ કરીને. એમાં ચૌદ ગુણસ્થાન પણ લઈ લીધા છે. અજીવમાં લીધા છે. કહે છે, '**અન્ય જે ભાવો છે તે બધા પુદ્ગલદ્રવ્યસંબંધી છે એવી આગળની (છ) ગાથાની સૂચનિકારૂપે શ્લોક કહે છે :-**'

'**ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે;...**' આના ઉપર વજન છે. જેટલી ચિત્શક્તિ છે એટલો જ માત્ર જીવ છે. એ ૨૬ કળશમાં એ વાત લીધી કે હું શુદ્ધ પણ નથી, હું અશુદ્ધ નથી. હું કોણ છું? '**खलु चिच्चिदेव**' હું તો માત્ર ચિત્ છું. એવ એટલે માત્ર. માત્ર ચિત્સ્વરૂપ છું, આ સિવાય હું કાંઈ નથી. '**સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે;...**' અને એનાથી રહિત. '**આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પુદ્ગલજન્ય છે-પુદ્ગલના જ છે.**' એમ કરીને એને અજીવમાં નાખી દીધા છે. અજીવનો અધિકાર લીધો છે ને.

મુમુક્ષુ :- મિશ્રધર્મ આવી ગયો ને.

પૂજ્ય ભાઈશ્રી :- મિશ્રધર્મ થઈ ગયો પછી ત્યાં અવસ્થામાં રાગ થોડો રહી

ગયો એટલો... એ બે શ્લોક છે. ૩૫ અને ૩૬ નંબરના બે શ્લોક એના ઉપર છે. પછી તો આ અધિકાર પૂરો થાય છે. એમાં તો વર્ણાદિ ભાવો છે એ (લીધા છે). આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું, તેને જીવ કહેવો તે વ્યવહારમાત્ર છે. એ બધોય વ્યવહારમાત્ર જ છે. એમ કરીને કાઢી નાખ્યું. એ તો વ્યવહાર છે, વ્યવહારે બધાને જીવ કહે પણ એ કોઈ જીવ નથી. સાચો જીવ છે એ તો આ જ છે. ૪૧ મો કળશ જીવના સ્વરૂપને બતાવતો અસ્તિથી છે.

अनाद्यनन्तमचलं स्वसंवेद्यमिदं स्फुटम्।
जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते।।४१।।

શ્લોકાર્થ :- '**જે અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી,...**' '**अनन्तम्**' '**જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી, જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ-ચળાચળ-થતું નથી, જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે...**' પોતે પોતાથી જ વેદાય છે. બીજા રાગ દ્વારા જેનું વેદન થતું નથી. '**અને જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી...**' જુઓ! અહીંયાં એ લીધું. '**स्फुटम्**' '**જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી-એવું જે આ ચૈતન્ય અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યું છે.**' અંદરમાં જોતાં આ ચૈતન્યતત્ત્વ ચકચકાટપણે પ્રકાશી રહ્યું છે. આવી વાત છે. '**તે પોતે જ જીવ છે.**' આટલો જીવ છે. એતાવનમાત્ર જીવ. બસ, આટલો જ માત્ર જીવ. આથી વધારે જીવ ન લેવો. જેનાથી અનાદિથી અજાણ્યો છે એવો આ જીવ છે. આ જીવ આવો છે એમ કહેવું છે. એટલે પ્રયોજનભૂત વિષય એટલો જ છે. પણ જાણવું અને આશ્રય કરવો એ પર્યાયમાં હોવાથી અને પર્યાયમાં અવગુણ છે તે અવગુણ-દોષનો નાશ થઈને ગુણની ઉત્પત્તિ થતી હોવાથી એ પર્યાય વિષયક પ્રયોજન ગણવામાં આવે છે. પણ દૃષ્ટિના વિષયમાં એ પણ નથી. દૃષ્ટિ તો એમ કહે છે કેમ મારામાં કોઈ ગુણ ઉત્પન્ન કરવાનો સવાલ ઉત્પન્ન થતો નથી. કોઈ ગુણ મારે ક્યાં ઉત્પન્ન કરવાનો પ્રશ્ન છે? અનંતા ગુણોથી હું ભરપૂર છું. પૂરેપૂરા પરિપૂર્ણ ગુણોનો હું ભંડાર જ છું. પછી ગુણને ઉત્પન્ન કરવા એ ક્યાં પ્રશ્ન છે? દોષ છે નહિ તો એને નાશ કરવાનો ક્યાં પ્રશ્ન છે? આ દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિ આત્માને એવો પકડે છે અને છતાં એ કાળે જ્ઞાન બધું જાણે છે.

અવસ્થાના બધા ગડબડવાળા પર્યાયો છે એ બધું જાણે છે કે આ જઘન્ય અવસ્થા છે. આ દેવ-ગુરુ-શાસ્ત્ર છે, આ વ્યવહારે અહીંયાં વિવેક થાય, આમ થાય, તેમ થાય. એ બધું જ્ઞાન જાણે છે એ વખતે. એ જ કાળે જ્ઞાન સમ્યક્ થાય છે અને સમ્યક્ થાય છે એ જ બરાબર જાણે છે. બીજાનું તો જાણવું પણ બરાબર નથી.

જ્ઞાન સમ્યક્ થાય દૃષ્ટિપૂર્વક ત્યારે બધું બરાબર જાણે છે. તો એ જે પર્યાય વિષયક જે બધો વિવેક છે એ જ્ઞાન કરે છે. એનું પણ આવી દૃષ્ટિ થાય ત્યારે બરાબર પરિણમન સમ્યક્ રહે છે, યથાસ્થાને રહે છે અને એમાં બીજી નિશ્ચયાભાસીને ઉન્મત્તપ્રલાપ દશા થાય એવી દશા થતી નથી. આ એક વિશિષ્ટતા છે.

એનું લક્ષણ શું? એવું થાય છે એનું લક્ષણ શું? એટલું બધું જોર કર્યું છે, એટલું બધું જોર કર્યું છે કે મુક્તની પર્યાયથી મને લાભ નહિ, નિગોદની પર્યાયથી મને નુકસાન નહિ. છતાં અહીંયાં એમણે Balance ખોયું નથી. એનો પુરાવો શું છે? કોઈ માગે કે એનો પુરાવો શું છે? તો કહે છે, એનો પુરાવો પણ છે. કે જ્યાં પોતાને પોતાના ઉપકારી શ્રીગુરુનો વિષય જ્યાં એમના વિકલ્પમાં, વિચાર સમક્ષ આવે છે ત્યાં ભક્તિ પણ એમણે બેહદ કરી છે. કેટલી ભક્તિ કરી? કે અનંતા તીર્થંકરોથી મારા માટે આ અધિક છે. જાઓ! Limit બહારની ભક્તિ કહેવાયને આ? અનંત તીર્થંકરોથી આગળ લીધા. એ બતાવે છે કે જેનો ઉત્કૃષ્ટ નિશ્ચય છે એનો વ્યવહાર ઉત્કૃષ્ટ છે. જેનો નિશ્ચય ઉત્કૃષ્ટ, એનો વ્યવહાર પણ ઉત્કૃષ્ટ છે.

મુમુક્ષુ :- વર્તમાનમાં મારા મહાવીર છે.

પૂજ્ય ભાઈશ્રી :- મહાવીર છે ત્યારે તો મહાવીરની બરાબરી કરી. અહીં તો કહે છે કે મહાવીર જેવા અનંતા તીર્થંકરોથી વધારે છે. એક મહાવીર નહિ, મહાવીર જેવા તો અનંત તીર્થંકરો થયા એનાથી પણ મારા માટે અધિક છે. મારા માટે, હોં! મર્યાદા રાખી છે. કેમકે પોતાને ઉપકારી થયા છે ને.

મુમુક્ષુ :- એણે 'ગુરુદેવ'ને ઓળખ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- એણે ઓળખ્યા. એ એની વાસ્તવિકતા છે. એવો જ બીજો પુરાવો છે. એવો જ જોરદાર દૃષ્ટિનો વિષય 'નિયમસાર'માં આવે છે. ૫૦ ગાથામાં 'કુંદકુંદાચાર્ય' અને 'પદ્મપ્રભમલધારીદેવ' એમ કહે છે, કે આ જે ચારે ભાવો છે એમાં ક્ષાયિક ભાવો છે. કેવળજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, પરમાનંદની દશા અને અનંતવીર્ય. અનંત ચતુષ્ટ પ્રગટ થયા છે ને! ક્ષાયિક ભાવે પ્રગટ થયા છે. પરદ્રવ્યં પરભાવં હેયં ઈતિ. પરદ્રવ્ય છે, પરભાવ છે અને છોડવા યોગ્ય છે, હેય છે. એ 'પદ્મપ્રભમલધારીદેવ' જ્યાં જિનેન્દ્રની ભક્તિ કરે છે ત્યારે એ પણ બેહદ ભક્તિ કરે છે. એવી જ ભક્તિ કરે છે. જ્યાં પોતે ભક્તિ કરે છે, ભક્તિનો અધિકાર લીધો છે. વ્યવહારભક્તિ અધિકાર અને નિશ્ચયભક્તિ અધિકાર. ભક્તિ ઉપર બે અધિકાર લખ્યા છે. એવી જ ભક્તિ કરે છે. ઉત્કૃષ્ટ ભક્તિ આવે છે. એ શું બતાવે છે? કે એને દૃષ્ટિ આવી હોવા છતાં બીજા ગુણોના પરિણમનમાં પણ બરાબર યથાસ્થાને સમતોલપણું ગુમાવ્યા વિના કોઈ

પાગલની જેમ વાત ચાલતી નથી. બરાબર સમતોલપણું રહે છે. નહિતર આ વિષય એવો છે કે જીવ જો સમ્યક્ પ્રકારે પ્રવેશ ન કરે અથવા ન સમજે તો આમાં ગોથું ખાવાની પણ જગ્યા છે. બેય એવો વિષય એવો છે, પુરાવો મળે એવો.

'સોગાનીજી'ના વિષયમાં તો બીજો પ્રમાણનો વિષય પણ બરાબર આવી ગયો છે. ચોથો બોલ છે. પરિણામ અને ત્રિકાળ, ત્રિકાળ એટલે અપરિણામી. એમની ભાષામાં એ અપરિણામી છે. ધ્રુવ અને અપરિણામી શબ્દ વાપરતા. પરિણામ એક સમયનું અને ત્રિકાળ અપરિણામી એમ બે થઈને જ આખી વસ્તુ છે, જે પ્રમાણનો વિષય છે. ૩૨૦ ગાથામાં લીધું ને? દ્રવ્ય-પર્યાયનું જોડકું, સામાન્ય-વિશેષાત્મક દ્રવ્ય તે પ્રમાણનો વિષય છે. વેદાંત આદિ તો એકલો નિષ્ક્રિય નિષ્ક્રિય કહે છે. વેદાંત આદિ તો એકલો નિષ્ક્રિય નિષ્ક્રિય કહે છે. તેઓ પરિણામનો માનતા જ નથી. તેથી નિષ્ક્રિય પણ જેવો છે તેવો તો તેમની માન્યતામાં પણ આવતો જ નથી. અહીં તો પરિણામને ગૌણ કરીને નિષ્ક્રિય કહેવામાં આવે છે. આ વેદાંતનો પોતે દૃષ્ટાંત આપ્યો છે. નહિતર એમના ઉપર એવો એક આરોપ હતો કે આ કોઈ વેદાંતનો પક્ષ હોય ને એવી વાત છે. એટલે અન્યમતિ જેવી વાત છે આ બધી. જૈનમતમાં આવી વાત છે નહિ. એમણે વેદાંતનો દૃષ્ટાંત આપ્યો છે. વિષય જ્યાં ચર્ચામાં સ્પષ્ટ કરવો છે ત્યાં વેદાંતનો દૃષ્ટાંત આપ્યો છે. વેદાંત કહે છે એવો નિષ્ક્રિય નથી.

નિષ્ક્રિય છે. પાછો ક્રિયા વિનાનો જ છે. નિષ્ક્રિય છે એ ક્રિયા વિનાનો છે. સામાન્ય છે એમાં ક્રિયા નથી. એ ૩૨૦ ગાથામાં 'જયસેનાચાર્યે' સ્પષ્ટ કર્યું કે નિષ્ક્રિયનો શું અર્થ કરવો? નિષ્ક્રિય ઈતિ કો અર્થઃ. બંધ અને બંધના કારણરૂપ પરિણામ એટલે આસ્રવ અને બંધના પરિણામ. બંધનું કારણ આસ્રવ છે. મોક્ષ અને મોક્ષના કારણરૂપ પરિણામ, સંવર, નિર્જરા અને મોક્ષ, એનાથી જે રહિત છે, એનાથી જે શૂન્ય છે, એનાથી જે અભાવ સ્વરૂપે છે એ નિષ્ક્રિય છે. આખી ગાથામાં ત્રણ શબ્દો વાપરેલા છે. શૂન્ય છે, અભાવરૂપ છે અને એનાથી રહિત છે. આ ત્રણ શબ્દો આખી ટીકામાં જુદી જુદી જગ્યાએ વાપરેલા છે. એવું જીવતત્ત્વ છે.

એમ અહીંયાં જીવ અધિકારમાં 'દીપચંદજી' કહે છે કે આવું જીવતત્ત્વ છે. આ વિષય પણ એમણે સમયસારમાંથી જ લીધો છે. ચેતના.. ચેતના.. ચેતના કરીને.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' ધ્રુવ માટે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ જ પ્રસન્નતાથી વાત કરતા હતા. ધ્રુવનો વિષય આવે ત્યારે એ પોતાના શબ્દોમાં જ્ઞાયક વિશેષ કહેતા હતા. પણ જ્ઞાનાનંદ, નિર્મળાનંદ, નિત્યાનંદ આનંદની મુખ્યતાથી ખૂબ મહિમાથી વાત કરતા હતા. ધ્રુવ છે અને જ્ઞાયક

છે એટલે એ કોઈ લુખ્ખી વાત નથી. એમાંથી શું ધ્વનિ નીકળે છે? આત્મા ધ્રુવ છે, આત્મા જ્ઞાયક છે એવી કોઈ લુખ્ખી વાત નથી. એ ધ્વનિ 'ગુરુદેવ'ના શબ્દોમાં આવતો હતો કે આત્મા નિત્યાનંદ છે, જ્ઞાનાનંદ છે, નિર્મળાનંદ છે. એક સમયમાં પરિપૂર્ણ છે. એ વિષય એમના વ્યાખ્યાનમાં આદિ-મધ્ય-અંતમાં આવ્યા વિના નહોતો રહેતો. વારંવાર આવતો હતો. કેમકે એ એમનો દૃષ્ટિનો, દૃષ્ટિનો વિષય એમના અંતઃકરણમાં હૃદયમાં રહેલો વિષય છે. એટલે મુખ્ય જ એ છે. જેને જે દૃષ્ટિનો વિષય થાય, જ્ઞાનમાં તેની અનિવાર્યપણે મુખ્યતા થાય. આ દૃષ્ટિ અને જ્ઞાન સંબંધીનું વિજ્ઞાન છે. જેને જેની દૃષ્ટિ હોય એને એની જ જ્ઞાનમાં મુખ્યતા રહે. દૃષ્ટિ આત્માની હોય તો ભલે જ્ઞાનનો ઉપયોગ ગમે ત્યાં જાય, શુભોપયોગ-અશુભોપયોગ ગમે તે વિષયમાં જાય તોપણ એ પોતાના સ્વરૂપની મુખ્યતા છોડી ન શકે. છોડી જ ન શકે. અજ્ઞાનીને રાગની અને પરની મુખ્યતા છે, દૃષ્ટિ છે-પર તે હું, દેહ તે હું, રાગ તે હું, એ આત્માની ગમે એટલી વાત કરે, ગમે એટલો વિકલ્પ કરે, ગમે એટલો વિચાર કરે, ગમે એટલો મહિમા કરે પણ એની મુખ્યતા એને થાય નહિ. આ નિયમબદ્ધ વાત છે. જેની દૃષ્ટિ રહે એની જ્ઞાનમાં મુખ્તા રહે. એ મુખ્યતા દૃષ્ટિ ટળે તો જ ટળે, બીજી રીતે ટાળી શકાય જ નહિ. પોતે જ ટાળી ન શકે. બીજો તો શેનો ટાળે એને? કોઈ જીવ એમ વિચારે કે દૃષ્ટિ ભલે રાગ ઉપર રહી. પણ મારે જ્ઞાનમાં તો આત્માને મુખ્ય કરવો છે. નહિ થઈ શકે. એને મુખ્ય કરવો હોય તોય નહિ થઈ શકે. બીજા કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર કરાવી દે એ પ્રશ્ન રહેતો નથી.

એમ સમ્યગ્દૃષ્ટિ ગમે તેવી પરિસ્થિતિમાં આવી જાય, વજ્રપાત થાય. ત્રણ લોકમાં ખળભળાટ થાય, આખી દુનિયા વિરૂદ્ધ થઈ જાય, આખું જગત વિરૂદ્ધ થઈ જાય, પ્રતિકૂળતાના ગંજ ખડકાય જાય, પૂજ્ય 'બહેનશ્રી' લખે છે, ગમે એવો આકરો રોગ શરીરમાં આવે એ પોતાની જ્ઞાનધારાને તોડી શકતો નથી. જ્ઞાનધારાને એ અડી શકતો નથી, સ્પર્શી શકતો નથી. જ્ઞાનધારાને એ હાનિ પહોંચાડી શકતો નથી. એને બાધા કરી શકતો નથી. એવી જ મુખ્યતા જ્ઞાયકની જ્ઞાનધારામાં રહે છે. એ અનિવાર્ય પરિસ્થિતિ છે. એ પરિસ્થિતિ અન્ય દ્વારા કે પોતા દ્વારા મિટાવી શકાતી નથી.

મુમુક્ષુ :- 'શ્રીમદ્‌જી'એ જે કહ્યું છે કે જે સ્વરૂપ સમજ્યા વિના, એટલે એ ધ્રુવ તત્ત્વ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' એ આ જીવતત્ત્વની વાત છે. જીવતત્ત્વને સમજ્યા વિના અનંત દુઃખ પામ્યો છે. તમામ શાસ્ત્રોનો, બારે અંગનો, ચૌદ પૂર્વનો, અગિયાર અને ચૌદ પૂર્વ, બારે અંગનું કહેવાનું

તાત્પર્ય અને સારભૂત કોઈ તત્ત્વ હોય તો આ જીવતત્ત્વ છે. એને કહેવામાં માટે બધો વિસ્તાર છે. બાકી કાંઈ નથી. બધી વાત છે એ આ એકને માટે છે. અને સર્વજ્ઞ ભગવાને દિવ્યધ્વનિમાં આ જ વાત મુખ્યપણે કરી છે. જેનાથી પોતે પોતાના સ્વરૂપથી અજાણ્યો રહ્યો છે. સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિનો મુખ્ય વિષય શું? એવો કોઈ પ્રશ્ન કરે તો આ જીવતત્ત્વ (છે). આ સિવાય બીજો કોઈ મુખ્ય વિષય નથી. ભલે અનેક વાતો આવી છે. અંગ પૂર્વની રચના થાય એવી બધી વાતો આવી છે તોપણ એ બધી ગૌણ છે અને એક આ જીવતત્ત્વ છે એ મુખ્ય છે. એટલે તો 'કુંદકુંદાચાર્યે' એને ઓળખાવવા માટે પહેલા તો રાજાને ઓળખવો એમ કરીને દૃષ્ટાંત પણ રાજાનું આપ્યું છે. શેઠિયાનું નથી આપ્યું કે શેઠિયાની નોકરી કરીશ તો મને કાંઈક મળશે કે નહિ મળે. કારણ કે શેઠિયા તો લોભી પણ હોય, પણ રાજા લોભી ન હોય.

મુમુક્ષુ :- ... કરી દે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અત્યારના હોય છે. રાજા તો ઉદાય જ હોય, એમ કહે છે. એ તો કોઈ ઉદાર માણસ હોય તો એને રાજા કહેવામાં આવે છે. આ? આ તો રાજા માણસ છે, એમ કહી દે છે. એવું દૃષ્ટાંત લીધું છે.

અહીંયાં નવ તત્ત્વનો જે વિષય લીધો, '**સંસાર-મુક્તિભાવના વેષમાં વ્યાપ્ય-વ્યાપક તો એક (કેવળ) જીવ જ એક થયો છે. બીજું કોઈ દ્રવ્ય નથી થયું. એ રૂપ એક જીવ પોતે જ છે.**' જીવ પોતે એકરૂપે છે. જે નવે તત્ત્વમાં ભિન્ન ભિન્ને વેષે જોવામાં આવે છે તોપણ એ વેષ છે એ જીવનું મૂળ સ્વરૂપ નથી. '**એ ભાવો જીવના કોઈ નિજજાતિસ્વભાવ નથી.**' અથવા જીવના ત્રિકાળી સ્વરૂપે નથી. આસ્રવ, બંધ કે સંવર, નિર્જરા, મોક્ષ એ જીવના મૂળ સ્વરૂપે નથી. એ તો ઉત્પન્ન-ધ્વંસી પરિણામ છે. ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ઉત્પન્ન થાય છે, નાશ પામે છે.

'**આટલા ભાવોમાં જે ચેતના વ્યાપી રહી છે, તે એક 'ચેતનાને' તું જીવનો નિજજાતિસ્વભાવ જાણ.**' આ ચેતનાને જ તું એક જાતિસ્વભાવ જાણ. '**આ જે ચેતના છે તે જ કેવળ જીવ છે.**' તે જ માત્ર જીવ છે. '**તે અનાદિ અનંત એકરસ છે.**' એને કોઈ ભવ થયા નથી. કોઈ ભવાંતર પણ એને થયા નથી. ભવ રહિત, ભવના કારણ રહિત, ભવના કાર્ય રહિત એવો આ જીવ છે. એમાં ભવની ગંધેય નથી. ભવના કારણની પણ એમાં ગંધ નથી. અનાદિથી મિથ્યાત્વ હોવા છતાં મિથ્યાત્વની એમાં ગંધ નથી. શુભાશુભની તો ગંધ નથી પણ મિથ્યાત્વની પણ એમાં ગંધ નથી. એવો જીવતત્ત્વ છે. '**તે અનાદિ અનંત એકરસ છે. તેથી આ ચેતના પોતાને જ**

સાક્ષાત્ જીવ જાણવો.' આ ચેતનાને સાક્ષાત્ જીવ જાણવો.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- ગુણ નથી લેવો, આખો પદાર્થ ગુણી લેવો છે. નામ એનું ચેતના પાડ્યું.

મુમુક્ષુ :- ચેતના મૂળભૂત..

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ સ્વભાવ છે એનો. એમાં ચેતના જેવા અનંત ગુણસ્વભાવ લઈ લેવા. જેટલા ત્રિકાળી ગુણો-શક્તિઓ છે એ બધી એમાં આવી ગઈ.

મુમુક્ષુ :- ચેતનાગુણ લેવો ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચેતનાગુણ. છે ચેતનાગુણ વિશિષ્ટ આખું દ્રવ્ય, ત્રિકાળી સ્વભાવ. એમાં અનંત ગુણો આવી ગયા. અનંત ગુણો સિવાય બીજું કાંઈ નહિ. અનંત ગુણોનું જે સત્ત્વ છે એ જીવ સ્વભાવ છે. એમાં ગુણોના ભેદ નથી દેખાતા. એમાં ધર્મો નથી દેખાતા. એમાં પર્યાયો નથી. એ કાંઈ નથી દેખાતું. એકલું એકાકાર ચિત્ સામાન્ય સ્વરૂપે જીવતત્ત્વ છે. એને સાક્ષાત્ જીવ જાણવો.

'**વળી આ રાગાદિ વિકારભાવને જ નિઃસંદેહ આ જીવના સ્વાંગવેષથી જાણવા,...**' જેટલા રાગાદિ પરિણામો છે, અનિત્ય ભાવો છે એ બધા નિઃસંદેહપણે જીવના વેષ છે એમ જાણવું, પણ મૂળ જીવનું સ્વરૂપ નથી એમ જાણવું. એમ કહે છે. એ વેષ છે. જેમ કોઈ અભિનય કરનારા કલાકાર અભિનેતા હોય છે એ અનેક વેષ ધારણ કરે છે. પણ કોઈ વેષ સ્વરૂપે ખરેખર પોતે નથી. ક્યારેય ગરીબ થઈને ભીખ માગવા Stage ઉપર આવે, ક્યારેક મોટો રાજા થઈને આવે. રાજાનો પહેરવેશ-વેષ પહેરીને. એ એક્કેય વેષ એનો નથી. એ તો જે છે ઈ છે. એમ પર્યાયનો એક્કેય વેષ આત્માને નથી. એવો આત્મા છે એમ જોવે છે એની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસી જાય છે અને જ્યારે પર્યાય ઉપરથી દૃષ્ટિ ખસે છે ત્યારે બાહ્ય અંગરૂપ જે પર્યાય છે એનું બરાબર યથાસ્થિત જ્ઞાન થાય છે. ત્યાં સુધી પર્યાયનું જ્ઞાન પણ સાચું જ્ઞાન થતું નથી અથવા જેવું થવું જોઈએ એવું જ્ઞાન થતું નથી. ક્યાંક ને ક્યાંક એ અવિવેક કરે છે. પર્યાયમાં પણ એ અવિવેક કરે છે.

પોતાનું જે જીવતત્ત્વ છે એ જીવનું પરમસ્વરૂપ છે. આત્માનું એ પરમ સ્વરૂપ હોવાને લીધે એને પરમાત્મતત્ત્વ કહેવામાં આવે છે. પરમ આત્મ તત્ત્વ એટલે પરમાત્મતત્ત્વ કહેવામાં આવે છે. તે ઉત્કૃષ્ટ છે, સર્વોત્કૃષ્ટ છે. જેમ અનંત જ્ઞાન છે એમ અનંત આનંદ અને શાંતરસનો ભંડાર છે. સર્વોત્કૃષ્ટ શાંતરસથી ભરેલું છે. એવા અનંત ગુણસંપન્ન પરમાત્મતત્ત્વનો આદર કરવો એ જ મહા વિવેક છે. અને એનો

આદર ન રહેવો અને એને છોડીને અન્ય દ્રવ્ય કે અન્ય ભાવનો આદર થવો તે અવિવેક છે. પછી એનો આદર છોડીને ગમે તેટલો દેવ-ગુરુ-શાસ્ત્રનો આદર કરે, ગમે તેટલો બીજો વ્યવહારનો વિવેક રાખે, એને કોઈને વિવેક ખરેખર કહેવામાં આવતો નથી. કેમકે મૂળ વિવેક ચૂકી ગયો છે. પરમાત્માનો અનાદર કરે છે અને બાકી બીજાનો આદર કરે છે.

માણસ નથી કહેતા? કે ભાઈ, આ માણસ કેવો છે? અરે..! ભાઈ! એનો વ્યવહાર જુઓ. બધાની સાથે બહુ સંબંધ રાખે. ઘરે જાય એને તો કોઈને ખાધા-પીધા વિના જવા ન દે. કોઈ ગરીબગુરબા આવે તો કોઈને ખાલી પાછો જવા ન દે અને જ્યાં જેને જે વ્યવહાર કરવાનો હોય એમાં સારામાં સારો વ્યવહાર કરવા ઊભો રહે. ઘરમાં? ઘરમાં તો એના મા-બાપને મારે છે. આટલી વાત સાંભળે તો પછી? એને તો લાકડી લ્યે છે. તો બધા શું સમજે? હેં..! શું કહો છો? કાંઈ વિવેક ન કહેવાય. મીંડું મૂકાઈ ગયું કે નહિ? પણ આટલો બધો બહાર વિવેક દેખાય છે ને? આ ખોટું છે, આ વિવેક જ નથી. એના વિવેકની જેટલી બધી ગણતરી હોય છે એના ઉપર માણસ ચોકડી મૂકી દે છે.

એમ કહે છે કે પોતાનું પરમાત્મતત્ત્વ પરમ આદરણીય તત્ત્વ, એકમાત્ર આદરણીય તત્ત્વ છે એનો અનાદર કરે, એના સામું જોવે નહિ. એની ઉપેક્ષા કરે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં.. અરે..! એની ભક્તિ તો તમે જોઈ લ્યો! બીજો વ્યવહાર? બહુ સરસ. વ્રત, શીલ, સંયમ બધું, દયા, દાન, પૂજા, ભક્તિ બહુ સરસ. બધું બહુ સરસ. પરમાત્મતત્ત્વ? એની ઉપેક્ષા. તો કહે છે, મૂકો ચોકડી. આના ઉપર ચોકડી મૂકવા જેવી છે. આમ છે. વ્યવહારનો વિષય આવો છે. એનો આંક બીજી રીતે છે.

'ગુરુદેવ' કહેતા, લોકો માપે છે પોતાના ગજથી, પણ આ ગજ બીજી જાતનો છે. એનો ગજ એમાં કામ આવે એવું નથી. બાળકોનો હાથ ગજ તરીકે ન કામ આવે. મોટાનો હાથ હોય એને ગજ કહેવાય. એમ અહીંયાં જ્ઞાનીઓના ગજથી માપવાની વાત છે. અજ્ઞાનીઓના ગજથી માપે કે આનો વ્યવહાર બહુ સારો, આણે બહુ સરસ વ્રત પાળ્યા છે. ઘણું સરસ છે. એ બધી વાત બીજી છે. પહેલી વાત આ છે, પરમ તત્ત્વનો આદર અંદર છે? તો એનો વિવેક બરાબર છે. નહિતર એના વ્યવહારના વિવેક ઉપર શૂન્ય-મીંડું મૂકવા જેવું છે. બીજું કાંઈ એની કિંમત મૂકાય નહિ.

'**વળી આ રાગાદિ વિકારભાવને જ નિઃસંદેહ આ જીવના સ્વાંગવેષથી જાણવા.**' એ માત્ર વેષ છે. '**તેથી શુદ્ધ ચેતનારૂપ...**' શુદ્ધ ચેતનાસ્વરૂપ '**જીવ પોતે થયો.**' જીવ તો પોતે માત્ર શુદ્ધ ચેતનાસ્વરૂપ છે. '**આ રાગાદિ ભાવોમાં જીવ પોતે જ**

ચેતનરૂપે પ્રવર્તે છે.' વેષ લઈને. '**ચેતના છે તે જીવ છે. જે જીવ છે તે ચેતના છે. તેથી જીવ સ્વયં ચેતનારૂપ થઈ રહ્યો છે. 'ચેતના' એટલો ભાવ તે જ તો નિશ્ચયથી જીવ,...**' જેટલો ચેતનાભાવ એટલો જ નિશ્ચયથી જીવ, '**બીજા સર્વ કોઈ ભાવો જીવપદરૂપ નથી.**' એક જીવપદ છે એ ચેતનાભાવસ્વરૂપ છે. એને ભૂલે છે ત્યારે અન્ય પદમાં-રાગપદમાં, પર્યાયપદમાં, દેહપદમાં એને જીવપદ જણાય છે. એ એનો અધ્યાસ છે. અને ત્યાં પછી જીવ આધાર લે છે. જેને જીવ માને છે એનો આધાર લ્યે છે અને આધાર લેવાનો છે એનો એને આધાર રહેતો નથી.

તા. ૧૭-૬-૧૯૮૬, પાના નં. ૬૦, પ્રવચન નં. ૪૧

'આત્માવલોકન', પાનું-૬૦. '**અજીવ અધિકાર વર્ણન.**' જુદાં જુદાં પુદ્ગલના પર્યાયોનું અહીંયાં વર્ણન છે. તેનાથી અજીવતત્ત્વ ઓળખાવ્યું છે. અજીવતત્ત્વ દર્શાવવાનું પ્રયોજન એ છે, જીવથી ભૂલથી અજીવમાં જીવનો ભ્રમ કરે છે. એટલે અજીવમાં પોતાપણું માને છે. ક્યાં ક્યાં અજીવ છે અને જીવ નથી એનું જ્ઞાન થતાં પોતે જ્યાં જ્યાં અજીવમાં જીવપણું માને છે એ વિચારી લક્ષમાં લઈ, અવલોકન કરીને ભૂલ સુધારી શકે.

'**પાંચ વર્ણ,...**' પાંચ પ્રકારના રંગ. રંગમાં મૂળ રંગ છે એના પાંચ પ્રકાર લીધા છે. બાકીના જેટલા રંગ છે, અનેક રંગ છે એ બધા એના મિશ્રણોથી થાય છે. '**પાંચ વર્ણ, બે ગંધ...**' દુર્ગંધ અને સુગંધ. '**પાંચ રસ,...**' પાંચ પ્રકારનો ખારો, ખાટો, તીખો, મધુર, કડવો એવા પાંચ રસ. પુદ્ગલના જે ગુણ છે એ ગુણના આ વિભિન્ન પ્રકારના પર્યાય છે. વર્ણ ગુણના પાંચ પર્યાય, ગંધ ગુણના બે પર્યાય, રસ ગુણના પાંચ પ્રકારના પર્યાય, સ્પર્શ ગુણના આઠ પ્રકારના પર્યાય. એ બધા પુદ્ગલના ગુણોના વિભિન્ન પ્રકારના પર્યાય છે. અહીંયાં એનો વિસ્તાર નથી કર્યો પણ પ્રશ્નોત્તરમાળામાં તો એ બધા વિસ્તારથી આપ્યા છે. આઠ સ્પર્શના પ્રકાર એટલે ક્યા? ચીકણો અને લુખ્ખો, ભારે અને હલકો, એવી રીતે જુદાં જુદાં આઠ પ્રકાર પુદ્ગલની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. ભારેપણું, હલકાપણું, ચીકાશપણું, લુખાશપણું, સુંવાળાપણું, ખરબચડાપણું એ વગેરે. બધા તો મને પણ યાદ નથી રહેતા. પણ એવા જેટલા કોઈ પર્યાયોના પ્રકાર છે એ પુદ્ગલના ગુણોનું પરિણમન છે. અને એમાં ક્યાંય જીવ નથી. જીવમાં એનો અભાવ છે, જીવ રહિત અજીવ પુદ્ગલ છે એમ જાણવું. એટલે ક્યાંય પણ પોતાપણાનો આભાસ થતો હોય તો એ ભ્રમણાએ કરીને થાય છે એમ વિચારવું જોઈએ.

'**પાંચ શરીર,...**' કાર્મણ, તૈજસ, ઔદારિક, આહારક અને વૈક્રિયક. એવા પાંચ પ્રકારના શરીરના પરમાણુ છે એ બધા અજીવ છે. અને એમાં ક્યાંય જીવ નથી. શરીરના કોઈ પરમાણુમાં ક્યાંય જીવ નથી. બધા મળીને ક્યાંય જીવ નથી અને કોઈ એક પરમાણુના છેદથી જોતાં પણ, ભેદથી જોતાં પણ ક્યાંય જીવ નથી. ખાસ કરીને

જીવને શરીરમાં મમત્વ થાય છે. શરીરમાં હુંપણું થાય છે. પોતાના જ્ઞાનવેદનને અને જ્ઞાનસ્વભાવને ભૂલેલો હોવાથી. જ્ઞાનસ્વભાવમાં સાવધાની રાખતાં શરીર બાજુ રહેલાં પુદ્ગલોનો સ્કંધ ગણાય છે અને એના ફેરફારો સ્વયં થાય છે. કે જે ફેરફારોથી પોતાને લાભ પણ નથી અને નુકસાન પણ નથી.

'**છ સંહનન,...**' સંહનન એ હાડકાની મજબૂતાઈ અને કમજોરીના પ્રકારના હાડકા થાય છે. શરીરની અંદર ઉત્પન્ન થાય છે. એવા છ પ્રકારના શાસ્ત્રની અંદર સંહનન બતાવ્યા છે. જ્યારે કોઈ જીવ ચરમશરીર ધારણ કરે છે ત્યારે એને વજ્રનારાચ સંહનન હોય છે. એ મજબૂતમાં મજબૂત છે. મજબૂતમાં મજબૂત હાડાકની Quality છે. એવી જ Quality વજ્રનારાચ સંહનની સાતમી નારકીએ જનારા તાંદુલિયા મચ્છને પણ છે. એટલે એની કોઈ વિશિષ્ટતાથી ધર્મ થાય છે એ માનવાની જરૂર નથી.

શ્વેતાંબર સંપ્રદાય શરૂ થયો ત્યારે એ લોકોએ એમ કહ્યું કે પહેલાં સંહનન ઊંચા પ્રકારના હતા એટલે તપશ્ચર્યા બરાબર થઈ શકતી હતી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાતું હતું. હવે એવા સંહનન નથી રહ્યા માટે એવી તપશ્ચર્યા અને એવી ક્રિયા થઈ શકે નહિ. માટે એમાં બાંધછોડ કરીને હળવી ક્રિયાઓને બીજા પ્રકારથી પણ એને સિદ્ધાંતિક રીતે સંમત કરવું જોઈએ. એમ માર્ગની વિધિ બદલાવવા માટે અનેક બહાના પકડ્યા છે. સંહનનનું બહાનું એક મુખ્ય ગણે છે એની અંદર.

એ છએ પ્રકારના સંહનન છે. અહીં તો કહે છે કે એ જીવ જ નથી. એ તો બિલકૂલ અજીવ છે. જીવનું સામર્થ્ય જીવમાં છે અને જીવનું સામર્થ્ય કદાપિ અને કિંચિત્ પણ અજીવને લઈને નથી. તર્ક અને દલીલ એવી રીતે કરવામાં આવે છે કે જુઓ, મનુષ્યપણું છે એટલે મોક્ષ થાય છે. બાકી ત્રણ ગતિમાં મોક્ષ થતો નથી. માટે મનુષ્યશરીર મોક્ષનું કારણ છે. ખોટી વાત છે. શરીર મોક્ષનું કારણ હોત તો તું અનંત વાર મનુષ્ય થયો છે. મોક્ષ તો થયો નથી પણ મોક્ષમાર્ગનો પણ પત્તો તને લાગ્યો નથી. અને મનુષ્યપણું એ તો શરીર મનુષ્યનું છે. યોગ્યતામાં તો મનુષ્યને યોગ્ય જીવની પર્યાય છે, જેને ભાવમનુષ્યપણું કહેવામાં આવે છે. શરીરની પર્યાય તો દ્રવ્યમનુષ્યપણું છે. યોગ્યતા તે ભાવમનુષ્યપણું છે કે જેમાં મનુષ્યોચિત્ યોગ્યતા પરિણામની અંદર રહેલી છે. એ પણ ખરેખર મોક્ષનું કારણ નથી. શરીર તો મોક્ષનું કારણ નથી, પણ મનુષ્યોચિત્ યોગ્યતા છે એ પણ જીવવિકાર છે તેથી એ મોક્ષનું કારણ નથી, પણ બંધનું કારણ છે. એટલે સંહનન કે શરીર ઉપર કાંઈ મોક્ષનો આધાર રહેતો નથી.

વર્ણન એટલા માટે લીધું છે કે જીવ એની આધારબુદ્ધિ છોડી દે. અનાદિથી

એની આધારબુદ્ધિ પુદ્ગલમાં છે. '**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો.**' સમયસારની બીજી ગાથા. એ પરસમય થઈ રહ્યો છે. એટલે જૈનમતથી બહાર જાય છે. સર્વજ્ઞના મતથી એ બહાર જાય છે. સ્વસમય રહેતો નથી, પરસમયમાં જાય છે.

'**છ સંહનન, છ સંસ્થાન,...**' આ આહારક, કુબ્જક, હુંડક એ બધા આકાર. સંસ્થાન એટલે શરીરના આકાર. સમચતુરસ્રસંસ્થાન. કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનાર જીવના શરીરનો આકાર એવો હોય છે કે જે પદ્માસનથી બેસે તો ઓરસચોરસ સરખાપણું હોય. આમ અને આમ-ઊભી અને આડી લીટી મૂકો તો સરખું માપ નીકળે. ભગવાન 'બાહુબલીજી'નો ફોટો જોઈએ તો એમની શરીરની પહોળાઈનો ખ્યાલ આવે છે. જે ખાસ કરીને મૂર્તિઓ ઘડનારા છે કે એના ચિત્રો દોરનારા છે એમાં બાહુબલીજીની મૂર્તિ છે એ પ્રતિમાનું જે ઘડતર છે એ બિલકૂલ ચરમશરીર હોય એવું છે. 'જયપુર'માં પ્રતિમાઓ થાય છે પણ હજી સમચતુરસ્ર સંસ્થાને થાય છે કે કેમ, એ દેખતરીતે નથી લાગતું. આ દેખતરીતે લાગે છે. ભલે ખડગાસને પ્રતિમા છે. તોપણ એમની જે અહીંની ને ખંભાની પહોળાઈ દેખાય છે એ જોવામાં એટલી વિશાળ દેખાય છે કે પદ્માસને એ સમચતુરસ્ર-ઓરસચોરસ આકારે જણાય. એ એક શરીરની વિશિષ્ટતા છે. પણ તેને આધારે કોઈ કેવળજ્ઞાન પ્રગટે છે કે મોક્ષ થાય છે એમ ખરેખર નથી. અહીંયાં પ્રયોજન એટલું છે.

'**છ સંસ્થાન, પાંચ મિથ્યાત્વ,...**' પાંચ પ્રકારના મિથ્યાત્વના પ્રકાર છે એમાં દર્શનમોહ સામાન્ય છે અથવા મિથ્યા માન્યતા એ એમાં સામાન્ય છે. એના ભેદ પાંચ છે. પાંચ આમાં લીધા છે. છે ને પ્રશ્નોત્તરમાળા? નથી? ભેદ તો કાંઈ યાદ રહેતા નથી. એકાંતિક, વિનય ને એવા બધા. સંશય મિથ્યાત્વ, વિનય મિથ્યાત્વ, એકાંત મિથ્યાત્વ.

મુમુક્ષુ :- પ્રતિક્રમણની ચોપડીમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં આવે છે, પ્રતિક્રમણમાં આવે છે. યાદ રાખવાનું કાંઈ લક્ષ ન હોય એટલે યાદ નથી રખાતું. એ પાંચ પ્રકારના મિથ્યાત્વ,

'**બાર અવિરતિ,...**' એટલે અસંયમ. '**પચીસ કષાય,...**' સોળ કષાય અને નવ નોકષાય. સોળ કષાયમાં ક્રોધ, માન, માયા, લોભ. એ અનંતાનુબંધીના ચાર. પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન અને સંજ્વલન. સોલ કષાય. રતિ, અરતિ, જુગુપ્સા, વેદ આદિ થઈને નવ નોકષાય. એવા પચીસ પ્રકારના કષાય. '**પંદર યોગ,...**' યોગના પંદર પ્રકાર લીધી છે. આમ તો મન, વચન, કાયાના ત્રણ યોગ પ્રસિદ્ધ છે. અહીંયાં

પંદર પ્રકારના યોગ (લીધા છે). એ બધો વિષય પ્રશ્નોત્તરમાળાનો છે. અહીંયાં તો સંક્ષેપમાં વાત લેવી છે.

મુમુક્ષુ :- શબ્દકોષમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શબ્દકોષ છે. મેળવતા બહુ ટાઈમ જશે. પંદર પ્રકારના યોગ છે ને? જિનેન્દ્ર શબ્દકોષ. એના કરતાં આમાં-પ્રશ્નોત્તરમાળામાં જલ્દી મળી જશે. નાનું પુસ્તક છે ને. પાંચ પ્રકારના મિથ્યાત્વ. હવે અહીંથી જે છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ એટલે કંપન અથવા જોડાણ. મોહ, રાગ, દ્વેષ આટલા જે છે એ તો જીવના વિકારી પરિણામ પણ ગણવામાં આવે છે. અને પુદ્ગલના પણ ત્યાં તે પ્રકારના વિપાકના સ્વાદ જોઈને પણ એને પુદ્ગલ પરિણામ પણ બે રીતે શાસ્ત્રમાં એનું કથન કરવામાં આવે છે. સંજ્ઞ અને અસંજ્ઞ એવા બે પ્રકારે.

'**વર્ગણા,...**' કાર્મણવર્ગણા, શબ્દવર્ગણા. એટલે પરમાણુના સ્કંધને જથ્થાને વર્ગણા કહેવામાં આવે છે. વર્ગ એટલે ગણિતની અંદર બે ગુણ્યા બે એને વર્ગ કહે છે. સો ગુણ્યા સો એ સોનો વર્ગ છે. હજાર ગુણ્યા એ હજાર એ હજારનો વર્ગ છે. એમ જેમાં સરવાળો નહિ પણ ગુણાકાર હોય અને ગુણાકારના પણ ગુણાકાર થાય એવો જથ્થો હોય એવા જથ્થાને વર્ગણા કહેવામાં આવે છે. વર્ગ ગુણ્યા વર્ગ એને વર્ગણા કહે (છે). એટલે જે પરમાણુનો સમૂહ ઘણો છે એવા વર્ગણાના પ્રકાર છે. શબ્દવર્ગણા છે, કાર્મણવર્ગણા છે, તૈજસવર્ગણા છે, શરીર વર્ગણા છે એ બધા પરમાણુના જથ્થાને વર્ગણા કહેવામાં આવે છે.

'**જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદની, મોહની, આયુ, નામ, ગોત્ર, અંતરાય,...**' એ આઠે પ્રકારની મૂળ કર્મની પ્રકૃતિ છે. એકાંત મિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ, સંશય મિથ્યાત્વ, અજ્ઞાન મિથ્યાત્વ અને વિનય મિથ્યાત્વ. એ રીતે મિથ્યાત્વના પાંચ પ્રકાર, પાંચ ભેદ છે. યોગ-મન, વચન, કાયના અવલંબનથી આત્માના પ્રદેશોના પરિસ્પંદનને યોગ કહે છે. યોગના પંદર ભેદ છે. મનોયોગ. મનોયોગમાં સત્ય મનોયોગ, અસત્ય મનોયોગ, ઉભય મનોયોગ. કાયયોગમાં ઔદારિક, મિશ્ર વૈક્રિયક, વૈક્રિયક મિશ્ર, આહારક, આહારક મિશ્ર અને કાર્મણ એવા સાત. સાત ને ચાર અગિયાર. વચનયોગના ચાર. એટલે ત્રણના જ પંદર ભેદ છે. મન, વચન, કાયાના ત્રણ ભેદના પેટા ભેદ ગણીને કુલ પંદર ભેદ લીધા છે. વચનયોગમાં સત્યવચન યોગ, અસત્યવચન યોગ અને ઉભયવચન યોગ. અડધું સાચું અને અડધું ખોટું કોઈ બોલે. એમ ઉભયવચન યોગ. એમ પણ હોઈ શકે અને એમ પણ હોઈ શકે, આમ પણ છે અને એમ પણ નથી. એ રીતે પંદર યોગ છે. પંદર યોગના પેટા ભેદથી.

અનંત પ્રકારના કર્મો છે એમાં મુખ્ય આઠ કર્મની પ્રકૃતિ છે. એ જ્ઞાનાવરણી, દર્શનાવરણીથી તે અંતરાય સુધીના આઠ કર્મ લઈ લીધા. એ આઠે કર્મ છે એ અજીવ જાતિ પરમાણુની પર્યાયોની પ્રકૃતિ ભેદ છે. એમાં ક્યાંય જીવ નથી. જીવથી એ ભિન્ન હોવાને લીધે જીવને એ નુકસાન કરે છે કે જીવને એ લાભ કરે છે, શાતા વેદની શાંતિ આપે છે કે અશાતા વેદની અશાંતિ આપે છે, એવું વસ્તુસ્વરૂપ નથી.

જીવના સ્વભાવનો વિષય અથવા જીવ અને પરમાણુના ઉપાદાનનો વિષય ન સમજાયો એટલે શાસ્ત્ર વાંચીને, જૈનશાસ્ત્ર વાંચીને પણ પંડિતોએ, વિદ્વાનોએ અને મૂળ સંપ્રદાયમાંથી જુદા પડ્યા શ્વેતાંબર, સ્થાનકવાસી વગેરેએ એવો અર્થ કર્યો કે જીવને કર્મ નડે છે. કર્મ અનાદિથી જીવ બાંધી રહ્યો છે પણ જ્યારે એ કર્મ માર્ગ આપશે ત્યારે જીવ મોક્ષમાર્ગે ચડશે. ત્યાં સુધી મોક્ષમાર્ગે ચડવાનો કોઈ આરોવારો દેખાતો નથી. અને એવું માનવાને કારણ એમ મળ્યું છે કે અનાદિથી જીવે ઘણીવાર ધર્મ પામવા માટે ભાવના કરી છે પણ છતાં એને ધર્મની પ્રાપ્તિ નથી થઈ. મોક્ષની એણે અનેક વાર ભાવના કરી છે છતાં મોક્ષની પ્રાપ્તિ નથી થઈ તો એવું કાંઈક એને અંદરમાં નડતર હોવું જોઈએ, જેને શાસ્ત્રની અંદર કર્મ કહેવામાં આવે છે. કર્મનો ઉદય કહેવામાં આવે છે, કર્મનું નિમિત્ત ગણવામાં આવે છે. તો નક્કી નિમિત્ત કાંઈક કરતું હોવું જોઈએ, નહિતર જીવને મોક્ષ પામવો હોય, એની ઈચ્છા હોય, એની ભાવના હોય અને શા માટે ન પામી શકે? એટલે આ સમસ્યાનું સમાધાન ન મળ્યું એટલે કલ્પિત સમાધાનથી માન્યતા ઊભી થઈ કે જીવને કર્મ નડે ત્યાં સુધી જીવ પુરુષાર્થ ન કરી શકે. કેમકે અંતરાય નામનું પણ કર્મ છે. આઠ કર્મમાં એક અંતરાય નામનું કર્મ છે. જીવને પુરુષાર્થ કરવો હોય પણ કર્મનો અંતરાય આવતો હોય, અંતરાય કર્મનો ઉદય જીવને સદાય હોય છે, આઠે કર્મનો ઉદય હોય છે એમાં અંતરાય કર્મનો ઉદય હોય છે. તો જીવને પોતાના પુરુષાર્થી અંતરાય પડે, કર્મના ઉદયને લઈને એ ન કરી શકે. એવી બધી કાલ્પનિક રીતે મિથ્યા માન્યતાઓ પણ ઉત્પન્ન થઈ છે. એ જીવનું અને અજીવનું વિજ્ઞાન જે રીતે સમજાવું જોઈએ એ વિજ્ઞાન સમજાયું નથી એનું કારણ છે.

'**વર્ગ, વર્ગણા,...**' વર્ગ અને વર્ગણા. વર્ગ એટલે પુદ્ગલ પરમાણુનો જથ્થો અને ઘણા જથ્થાને વર્ગણા કહે છે. '**સ્પર્ધક,...**' એ પણ કર્મના પરમાણુના અમુક જથ્થાને સ્પર્ધક કહેવામાં આવે છે. એ પણ એક જથ્થાનું જ માપ છે. '**ઇત્યાદિ સર્વ ભેદો પુદ્ગલપરિણામમય પ્રગટ જાણવા.**' આ બધા ભેદો સ્પષ્ટપણે પુદ્ગલપરિણામમય છે એમ જાણવા. પુદ્ગલના પરિણામસ્વરૂપ છે એમ જાણવા. અને એમાં જીવને ખરેખર

કાંઈ લેવાદેવા નથી. ન જીવને લાભનું કારણ છે કે ન તો જીવને નુકસાનનું કારણ છે. જીવથી ભિન્ન હોવાને લીધે એની અભિન્નતા સ્વીકારવી એ માન્યતામાં મિથ્યાપણું અને જ્ઞાનમાં અજ્ઞાનપણાને ઉત્પન્ન કરે છે. વસ્તુના સ્વરૂપજ્ઞાનનો એ વિપર્યાસ છે કે અજીવને પણ જીવ સાથે કાંઈ પણ કારણ-કાર્ય સંબંધ માનવો તે અજ્ઞાનમાં કારણ વિપરીતતા જેને કહેવામાં આવે છે. અજ્ઞાન ત્રણ પ્રકારના લીધા છે. ભેદાભેદ વિપરીતતા, કારણ વિપરીતતા અને સ્વરૂપ વિપરીતતા. એમાં અજ્ઞાનની સ્વરૂપ વિપરીતતા અને કારણ વિપરીતતા બન્ને ઊભી થાય છે.

'**વળી જીવના રાગાદિકનું નિમિત્ત પામીને આ પુદ્ગલ જીવ સાથે મળી એકક્ષેત્રાવગાહી થાય છે-એકીભૂત થાય છે. એવી રીતે પુદ્ગલ જીવ સાથે એકૂભત થયા છે.**' એટલે સંયોગપણાને પામ્યા છે. એકીભૂતનો અર્થ અહીંયાં સંયોગપણાને પામ્યા છે. એટલું લેવું. જીવ અને અજીવ એક થઈ ગયા છે એમ નથી. પણ એક ક્ષેત્રાવગાહે એકમેક જેવા થઈને રહ્યા છે. ક્ષીર નીરવત્ રહ્યા છે. દૂધમાં પાણી નાખે તો પાણી દૂધ ન થાય. અને પાણી દૂધ થાય તો કોઈ પાણી નાખવાનું માપ રહે નહિ. જેટલું પાણી નાખે એટલું દૂધ થઈ જાય. કેટલું પાણી નાખે લોકો? તો પાણીની અછત ઊભી થાય, બીજું કાંઈ થાય નહિ. અને કાં તો દૂધના પૈસા લાગે નહિ. પાણી જેમ મફત મળે છે તેમ. પણ દૂધ તે દૂધ છે. સંયોગ પામવા છતાં પાણી તે પાણી જ છે. એમ એક ક્ષેત્રાવગાહી જીવ અને પુદ્ગલ, શરીર અને કર્મ પરમાણુ, કર્મ અને નોકર્મ એક ક્ષેત્રે હોવા છતાં પરમાણુ તે પરમાણુ પુદ્ગલ છે અને જીવ છે તે સદાય જીવ છે. ક્યારેય કોઈ પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને કોઈની સાથે ભળી જાય એવું બનતું નથી.

'**તે જીવની સમીપે રહેલા પુદ્ગલ જે જે લક્ષણરૂપ થઈ પરિણમે છે તે તે લક્ષણ સર્વ, પુદ્ગલપરિણામમય જાણવા.**' જીવની નજીક રહેલા એ બધા પુદ્ગલો અનેક પ્રકારના પર્યાયે પરિણમે છે એ બધા એના લક્ષણ લીધા છે. કોઈનું આવું લક્ષણ છે. હવે એનું વર્ણન કરવું છે. એટલે પછીના Paragraph સાથે એ સંધિ કરે છે કે આવું લક્ષણ છે, આવું કોઈ લક્ષણ છે, કોઈ પરમાણુનું આવું લક્ષણ છે, કોઈ પુદ્ગલનું આવું લક્ષણ છે એમ કરીને. એ બધા પુદ્ગલ પરમાણુ પુદ્ગલપરિણામમય જાણવા. '**તે લક્ષણ કહેવામાં આવે છે.**'

'**તીવ્ર, મંદ, મધ્યમ કર્મપ્રકૃતિઓનું સુખદુઃખરૂપ લક્ષણ હોય છે.**' કર્મ પ્રકૃતિઓનો ઉદય થાય છે ત્યારે શાતા-અશાતાની જે ઉત્પત્તિ થાય છે એમાં કોઈને તીવ્ર હોય છે, કોઈને મંદ હોય છે. કોઈને બહુ તીવ્ર પણ નહિ, કોઈને બહુ મંદ પણ નહિ

એવો મધ્યમ પ્રકાર પણ હોય છે. જેમકે સામાન્ય રીતે માણસ એમ કહે કે અશાતા પણ નથી તો શાતા જેવું પણ ખાસ નથી. કાંઈ અશાતા જેવું નથી. તો એ મધ્યમ પ્રકાર છે. તેમ સુખ છે, બહુ સુખી છો? એવું કાંઈ નથી. બહુ દુઃખી છો? એવું પણ કાંઈ નથી. એને મધ્યમ કહેવામાં આવે છે. એવું કર્મપ્રકૃતિઓનું સુખ-દુઃખરૂપ લક્ષણ હોય છે. એ પણ પુદ્ગલ પરમાણુ જાણવા.

હવે, અહીંયાં આટલો પ્રશ્ન થવા યોગ્ય છે કે સુખ અને દુઃખ તો જીવનો અનુભવ છે. સુખ અને દુઃખ તો જીવનો અનુભવ છે અને અહીંયાં સુખ અને દુઃખ પુદ્ગલના પરિણામ કેમ કહ્યા છે? જેમ માણસને ભૂખ લાગે છે તો ભૂખની વેદના કહેવામાં આવે છે કે ભૂખની વેદના છે. કોની પર્યાય છે? શરીરની છે કે જીવની છે? ભૂખ લાગી છે એ શરીરની પર્યાય છે. હોજરી ઉષ્ણપર્યાયે પરિણમે એટલે એના સ્પર્શગુણનો જ એ પર્યાય છે. શીત-ઉષ્ણ એ સ્પર્શગુણનો પર્યાય છે. એ ઉષ્ણ પર્યાયે પરિણમે ત્યારે એ ઉષ્ણ પર્યાયનું જ્ઞાન થાય, જ્ઞાન થાય એમાં જ્ઞાનવેદનને ચૂકે ત્યારે એને એમ થાય કે મને વેદાય છે. પોતાના વેદનને ભૂલીને એ જ વેદન-પરવેદનના અધ્યાસે પરિણમે ત્યારે એને એવો અનુભવ થાય છે કે મને ભૂખ લાગી છે. પણ કોઈ પરમાણુ જીવ ખાય છે અને એની ભૂખ મટે છે એવું બનતું નથી. હોજરીમાં આહારના પરમાણુ આવે છે ત્યારે એ જઠરાગ્નિનો પર્યાય શાંત થાય છે. ત્યારે એમ કહે છે કે હવે મને તૃપ્તિ થઈ અને ભૂખ મટી ગઈ. કોઈવાર ખાધા વિના પણ ભૂખ મટી જાય છે. કેમ?

મુમુક્ષુ :- આત્મા પ્રેરણા કે ભાવ કરે કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા ભાવ કરે. પણ આત્મા જ્યારે ભાવ કરે ત્યારે પુદ્ગલ પરમાણુનું કાર્ય કરી શકે એમ નથી. કોઈ પુદ્ગલ અથવા અજીવ પદાર્થનો જીવ કર્તા-હર્તા થાય, કોઈ પરિણામને કરે કે કોઈ પરિણામનો નાશ કરે, કરે કે હરે એ જીવનો અધિકાર નથી. કેમકે એની સત્તા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સમાપ્ત થાય છે. જ્યાં પોતાની સત્તા નથી ત્યાં એનું કાર્યક્ષેત્ર પણ નથી. આ સીધી વાત છે. એટલે વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોવું જોઈએ. પણ અજીવમાં જીવપદ જણાય છે. ભ્રાંતિએ કરીને, અજ્ઞાને કરીને, અધ્યાસે કરીને જીવપદમાં અજીવ જણાય છે અને અજીવપદમાં જીવપદ જણાય છે. અને એનો જ આ સંસાર છે. શેનો સંસાર છે? એનો જ આ સંસાર છે. જો એ પરમાં સ્વપણું ન જણાય, પર એવા અજીવમાં સ્વપણું ન જણાય તો એની મુક્તિ છે. એ ક્યારે ન જણાય? કે જેવું છે એવું વસ્તુનું સ્વરૂપજ્ઞાન કરતાં. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

એટલા માટે દ્રવ્યાનુયોગ શરૂઆતથી જ ઉપદેશ્યો છે. સમ્યક્ શ્રદ્ધાન થવાનું કારણ શું? કે દ્રવ્યાનુયોગ. સ્વરૂપમાં એકાગ્રતારૂપ ધ્યાન થવાનું કારણ શું? દ્રવ્યાનુયોગ. સ્વસ્વરૂપનું જ્ઞાન થાય તો ધ્યાન થાય. સ્વનું જ્ઞાન થયા વિના કોઈને સ્વરૂપનું ધ્યાન થાય એમ તો બની શકે નહિ. ત્યાંથી માંડીને, ધર્મધ્યાનથી માંડીને શુક્લધ્યાન પર્યંતની આરાધના દ્રવ્યાનુયોગના નિમિત્તે છે. દ્રવ્યાનુયોગના આશ્રિત છે એમ કહી શકાય. તેથી ચારે અનુયોગમાં દ્રવ્યાનુયોગનું પ્રાધાન્ય છે. પ્રધાનપણું એનું છે. અરુચિવાળા જીવો એમ કહે કે આ દ્રવ્યાનુયોગ તો બહુ ઊંચી વાત છે. અમને તો કથાનુયોગ તમે સંભળાવો. પુરાણપુરુષોની વાતોમાં અમને રસ આવે અને એમાંથી કાંઈક તત્ત્વજ્ઞાન સમજાય. દ્રવ્યાનુયોગ તો અમે સમજી શકતા નથી. તો એમ કહીએ કે, મજૂર હોય, ભણ્યા-ગણ્યા ન હોય એવા માણસો ખેડૂત હોય મજૂર હોય એ એમ કહે ત્યાં સુધી તો ઠીક છે. પણ બુદ્ધિજીવી માણસો એમ કહે એ વાત સ્પષ્ટપણે એની અરુચિને પ્રસિદ્ધ કરે છે. જોકે અત્યારે તો મજૂર અને ખેડૂત પણ બુદ્ધિજીવીની સામે ટક્કર લ્યે છે. બુદ્ધિથી જ. એટલે એ પ્રશ્ન અત્યારે તો ઉપસ્થિત થતો નથી. બરાબર છે? જ્યાં પોતાનું પ્રયોજન ભાસે છે ત્યાં તો બરાબર બુદ્ધિથી પ્રયત્ન કરે છે અને ત્યાં એમ કહેતો નથી કે મારી બુદ્ધિ આમાં ન ચાલે.

મુમુક્ષુ :- જેને સમજવું હોય એ દ્રવ્યાનુયોગ બરાબર સમજે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પૈસાને દ્રવ્ય કહે છે ને! એ એને સમજવું છે એટલે એ દ્રવ્યાનુયોગને બરાબર સમજે છે કે પૈસા ક્યાં કામમાં આવે? કેટલા કામમાં આવે? એની જરૂરિયાત કેટલી? એને આવશ્યકતા કેટલી? એને દ્રવ્ય કહેવામાં આવે છે ને. એ એનો દ્રવ્યાનુયોગ છે.

સમ્યક્ શ્રદ્ધાનનું મૂળ દ્રવ્યાનુયોગમાંથી ઉત્પન્ન થાય છે. દ્રવ્યનું સ્વરૂપ જાણ્યા વિના, ભિન્ન ભિન્ન દ્રવ્યોનું સ્વરૂપ જાણ્યા વિના એનું શ્રદ્ધાન સંભવિત નથી અને શ્રદ્ધાન થયા વિના ધર્મનું કોઈપણ આચરણ એકડા વિનાના મીંડા જેવું છે. કેવું? શૂન્ય જેવું છે. એ બહુ મૃદુ ભાષામાં વાત કરી છે. ખરેખર તો શ્રદ્ધાન ઊલટું હોય અને બીજા બાહ્ય ધર્માચરણમાં જાય ત્યારે કેટલાક અવગુણો ઊપજવાનું પણ કારણ બને છે અથવા એવી સંભાવના છે કે ત્યાં બીજી મિથ્યાત્વની દૃઢતાનો મોટો અવગુણ ઉત્પન્ન થાય.

'**મન-વચન-કાયાના હલનચલનરૂપ લક્ષણ હોય છે.**' કહે છે કે સુખ-દુઃખ લક્ષણ એ કર્મપ્રકૃતિનું પુદ્ગલનું પરિણમન જાણવું. જીવનું પરિણમન ન જાણવું. અને મન-વચન-કાયાનું હલનચલન થાય એ પણ પુદ્ગલનું પરિણમન જાણવું અને જીવનું

પરિણમન ન જાણવું. વેદના થાય એ પુદ્ગલનું પરિણમન જાણવું, એમ કહે છે. જીવનું પરિણમન નથી. જીવ જ્ઞાતા-દ્રષ્ટા છે. જ્ઞાતા-દ્રષ્ટા એવા...

મુમુક્ષુ :- સુખ-દુઃખ એ કર્મફળચેતના છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- કર્મફળચેતના એ જીવનો ભાવ છે, પણ અહીંયાં જેના નિમિત્તે થાય છે એવા પુદ્ગલની વાત લીધી છે. અહીંયાં... પુદ્ગલ સદશ હોવાથી એને સ્વભાવની દ્રષ્ટિએ પુદ્ગલના પરિણામ પણ અધ્યાત્મશાસ્ત્રની અંદર કહેવામાં આવે છે.

પ્રયોગ કરવો હોય તો એ રીતે લેવું જોઈએ કે જ્યારે પીડા થાય, વેદના થાય ત્યારે કોઈપણ શારીરિક રોગની ઉત્પત્તિ હોય અથવા શરીરને છેદ, ભેદ, બળવું, તાડન, મારણ કાંઈ એવો પ્રકાર હોય ત્યારે વેદના થાય છે ને? કાં રોગ હોય અને કાં આવા કોઈ પ્રકારથી વેદના થાય છે. એ શરીરની પર્યાયો થઈ કે નહિ? મૂળમાં તો એ શરીરની પર્યાયો થઈ. હવે પ્રયોગમાં એ વિચારવાનું છે કે આ જીવ 'મને થયું', એમ જાણે છે કે નહિ? જ્યારે એને દુઃખ થાય છે, વેદનાનું દુઃખ થાય છે ત્યારે 'મને થયું' એવા ભાવે થાય છે કે શરીરને થયું છે અને મને નથી થયું, એમ પરિણમતા પણ થાય છે? આ એણે પ્રયોગ કરવો જોઈએ. ખાસ કરીને પ્રયોગનો આ એક બહુ સારો મોકો છે અથવા તક છે. Experiment table. પ્રયોગનું આ સાધન બહુ સારું છે. વેદના. જ્યારે વેદના થાય ત્યારે જે શરીરના કારણે વેદના થાય છે એ પુદ્ગલ પરમાણુનું પરિણમન છે. એ તો સ્પષ્ટ જ છે. હવે મને નથી, મારા જ્ઞાનમાં તેનું પ્રતિબિંબ પડે છે.

જેમકે માથુ દુઃખે છે, પેટમાં દુઃખે છે, માથું દુઃખે છે. તો એ શરીરની અંદર કાંઈ વાયુનો પ્રકાર ગમે તે થયો હોય, અંદરમાં પેટમાં કાંઈક ગડબડ થઈ હોય તો દુઃખાવો ઉત્પન્ન થાય છે. જીવના જ્ઞાનમાં જણાય છે કે જીવના જ્ઞાનમાં દુઃખાવો થાય છે? જ્યાં થયું છે અને જ્યાં જ્ઞાન છે, બેયની સત્તા જુદી જુદી છે. જ્ઞાનની સત્તા જો ગ્રહણ કરવામાં આવે એટલે વેદનથી અનુભવ કરવામાં આવે તો એને સ્પષ્ટ જણાય છે કે આ શરીરનું પરિણમન મારામાં નથી અને વેદના જ્ઞાનના જ્ઞેય તરીકે જણાય છે. પણ જ્ઞાનમયપણે જણાતી નથી. વેદનામયપણે જ્ઞાન અનુભવાતું નથી અને જ્ઞાનમયપણે વેદના અનુભવાતી નથી.

એમને Accident થયો ત્યારે Ambulance માં આ ચર્ચા ચલાવી હતી. જ્ઞાનની સત્તામાં શું છે? જુઓ! એકલું જ્ઞાન છે, સિવાય કાંઈ નથી. જ્ઞાનની સત્તા જુઓ. જ્ઞાનની સત્તામાં જ્ઞાન સિવાય કાંઈ નથી. વેદના જ્ઞાનની સત્તામાં નથી, વેદનાની સત્તામાં જ્ઞાન નથી. ભાઈ હતા. વિષય આ ચાલતો હતો. એ ભેદજ્ઞાનના પ્રયોગનો સારામાં

સારો પ્રસંગ છે. જો ભેદજ્ઞાન કરવું હોય તો આ વેદનાનો જે પ્રસંગ છે એ સારામાં સારો પ્રસંગ છે કે ત્યાંથી એને ભેદજ્ઞાન કરવું જલ્દી ફાવે, પકડાય. એ બરાબર તૈયારી કરવી જોઈએ.

મુમુક્ષુ :- જ્ઞાનની અંદર ..વેદના એટલી અસહ્ય બધી હોય છે, ત્યારે સમજે છે છતાં લક્ષ નથી જતું.

પૂજ્ય ભાઈશ્રી :- એનો પુરુષાર્થ નથી. ભિન્ન જ્ઞાનને અનુભવવાનો એનો પુરુષાર્થ નથી. એમ છે ખરેખર. જ્યારે જીવ એ વેદનામાં તન્મય થાય છે એટલે પુદ્ગલ પરિણમનમાં તન્મય થાય છે ત્યારે જ્ઞાન તો જ્ઞાન જ રહે છે. ત્યારે પણ જ્ઞાન વેદનારૂપ થઈ જતું નથી. વેદના મટે છે, જ્ઞાન મટે છે? વેદના મટી જાય છે, જ્ઞાન મટતું નથી. જ્ઞાન તો જ્ઞાનરૂપે જ રહે છે. જ્ઞાનનો નહિ મળવાનો સ્વભાવ છે. વેદના સાથે મિશ્રિત નહિ થવાનો જ્ઞાનનો સ્વભાવ છે. એવા સ્વભાવથી જ્ઞાનને જોયું હોય કે અનુભવ્યું હોય તો એને ખબર પડે કે વાત તો બરાબર છે. એવા સ્વભાવથી એણે એનો અનુભવ કરવો જોઈએ કે બરાબર આ જ્ઞાન ક્યાંય ભળતું જ નથી, ક્યાંય ભળતું નથી. ત્યારે જ એને જ્ઞાનનું સામર્થ્ય કોઈ ગજબનું સામર્થ્ય છે એનો ભાવ ભાસે છે.

ભેદજ્ઞાનનો પ્રયોગ કરતાં કરતાં સ્વરૂપ નિશ્ચય કેમ થાય છે? સ્વભાવ નિશ્ચય કેમ થાય છે? કે અનેક પ્રસંગો બન્યા છતાં જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું અને જ્ઞાન કોઈ પ્રસંગો રૂપે ન થયું. ન વેદનારૂપે થયું, ન શરીરના છેદ-ભેદ થઈને કટકા થયા તો એ રૂપે થયું. જ્ઞાનના કટકા ન થયા. હાથ કપાઈ ગયો તો એમાં જ્ઞાનના કટકા ન થયા. વેદના થઈ એમાં વેદના મટી પણ જ્ઞાન ન મટ્યું. વેદના પહેલાં પણ જ્ઞાન હતું, વેદન થઈ ત્યારે પણ જ્ઞાન હતું, વેદના મટી પછી પણ જ્ઞાન છે.

મુમુક્ષુ :- આધાર તો કોઈપણ ગતિમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધે, સર્વત્ર એનો સ્વભાવ છે. ચારે ગતિમાં છે. પણ મનવાળો જીવ વિચારી શકે છે. મન વગરનાને વિચારશક્તિ નથી. અસંજ્ઞી પંચેન્દ્રિયથી નથી. અસંજ્ઞી પંચેન્દ્રિયને નથી, ચૌઇન્દ્રિયને નથી, ત્રિઇન્દ્રિયને નથી, બેઇન્દ્રિયને નથી, એકેન્દ્રિયને નથી.

મુમુક્ષુ :- વેદના થાય ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- એને વેદના ઘણી થાય તોપણ એને વેદનાનું દુઃખ જ અનુભવાય. પણ વેદનાથી જુદા પડવાની વિચારશક્તિ એની પાસે નથી. સંજ્ઞી પંચેન્દ્રિયમાં વિચારશક્તિ અને વિવેકશક્તિ છે. જુદાને જુદા અનુભવવાની એનામાં શક્તિ રહેલી છે. વર્તમાન

અવસ્થામાં. જો એનો ઉપયોગ કરે તો. ન ઉપયોગ કરે તો જેમ અનાદિથી ચાલે છે અનંત વાર સંજ્ઞી પંચેન્દ્રિય થયો અને પાછો અનંત વાર એકેન્દ્રિયમાં ગયો. એમ થાય.

આ બધામાં સુખ-દુઃખની વાત પહેલી લીધી છે. સુખ-દુઃખનું લક્ષણ કર્મપ્રકૃતિનું છે એટલે પ્રકૃતિના પરિણામરૂપ લક્ષણ છે. એ પ્રકૃતિના પરિણામ સુખ-દુઃખ બતાવે છે, જીવના નહિ. જીવનું લક્ષણ? જીવનું લક્ષણ, જ્ઞાનમાત્ર એ જીવનું લક્ષણ છે. જ્ઞાનમાત્ર એટલું જ જીવનું લક્ષણ છે, ચિદ્‌માત્ર એટલું જ જીવનું સ્વરૂપ છે, જે પહેલો અધિકાર ચાલી ગયો. એ સિવાય, ચેતના સિવાય ક્યાંય જીવ નથી.

મુમુક્ષુ :- વેદના વખતે અવલોકન ચાલે, શાતા વખતે?

પૂજ્ય ભાઈશ્રી :- શાતા વખતે પણ ચાલી શકે છે. જેને ભિન્ન જ્ઞાન અવલોકન કરવાની પદ્ધતિ શરૂ થઈ એ સર્વ ઉદયના કાળે, શાતા હો કે અશાતા હો, શાતાનો ઉદય શું છે? કે એ જરા Practice વધુ હોય એનું કામ છે. જેને શરૂઆત કરવી હોય એને આ સહેલું પડે છે. એનાથી પકડાય છે. શાતાનો ઉદય નથી પકડાતો. અશાતાનો ઉદય એને પકડાય છે. કેમકે શાતાના ઉદયમાં એને શાતા ન જોઈએ એવું નથી, એવું થતું નથી. એવો ભાવ એને થતો નથી કે મને શાતા ન જોઈએ. પણ અશાતાના વેદનમાં એને અશાતા ન જોઈએ એવો ભાવ થાય છે. અને અશાતા ન જોઈએ એવો ભાવ થાય છે છતાં અશાતા મટતી નથી. તો એ સ્પષ્ટપણે વિચારી શકે કે આ મારા અધિકારની અને મારા કાબુની વાત નથી. કેમકે મારાથી કાંઈક જુદી ચીજ લાગે છે આ. જો મારામાં હોય તો મારા કાબુની વાત હોવી જોઈએ પણ મારાથી બહાર છે અને મારા કાબુ બહાર છે, એ મારાથી ભિન્ન છે. એમ એની ભિન્નતા પકડવાનું સહેલું બને છે. કેમકે એ ભાવને, એ સ્થિતિને જીવ ઈચ્છતો નથી માટે. એટલે એ સહેલું પડે છે.

મુમુક્ષુ :- ઓલું તો વેદન થાય જ છે. કોઈ શબ્દ કહે અંદર થાય જ છે. કોઈ શબ્દ કહે તો ઈ તો જીવ પોતે અંદર ઊભું કરે છે ને? કે આણે મને આમ કીધું. એ તો કલ્પનાનું દુઃખ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પનાનું દુઃખ છે એટલે શું છે કે પોતે એ ઉપાધિ વ્હોરી, માથે ઓઢ્યું. કોઈને કીધું હોય અને જો એને ભ્રમણા થઈ જાય કે મને સંભળાવ્યું. તોપણ અસર થાય. પેલાએ કીધું જ ન હોય. તો એનો અર્થ શું થાય છે? શબ્દ શબ્દમાં છે. બીજાનો ભાવ, કહેનારનો ભાવ એનામાં છે. દ્વેષ હોય, ક્રોધ હોય, ગમે તે. અને શબ્દ શબ્દમાં છે. જીવને તો, આ જીવને ક્યાં ક્યાંય સ્પર્શ છે એનો?

એ તો ભિન્ન ક્ષેત્રે પરિણમતા ભિન્ન દ્રવ્યો છે. હજી તો અહીંયાં વેદના તો શરીર અને આત્માનું ક્ષેત્ર એક જગ્યાએ છે. આ તો ભિન્ન ક્ષેત્રે પરિણમતા પુદ્ગલ પરમાણુ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતે ભિન્ને અભિન્ન કરી લ્યે ગમે ત્યાંથી તો એને ક્ષેત્ર (સાથે) કાંઈ સંબંધ રહેતો નથી. એ તો એટલી જ એકતા કરે છે અને એટલું જ દુઃખ ભોગવે છે. ગમે તેટલે દૂર હોય તોપણ મમત્વ કરી શકે છે. પરિવારમાંથી કોઈ પરદેશ જાય છે તો એને કાંઈ ક્ષેત્ર નડે છે? કે બહુ દૂર ગયો માટે મમત્વ ઓછું થઈ ગયું. અને ઘરમાં રહે તો મમત્વ વધી જાય, એવું કાંઈ હોય છે? એને ક્ષેત્ર સાથે કોઈ સંબંધ નથી. જીવ ભાવ એવી રીતે કરે છે કે ક્ષેત્રની મર્યાદા તોડીને, કાળની મર્યાદા તોડીને જીવ ભાવ કરી શકે છે. એટલે તો નય લીધા. નૈગમનય લીધા છે. ભલે તીર્થંકર ભવિષ્યમાં થવાના હોય, અત્યારે તીર્થંકરરૂપે તમે નૈગમનયથી જોઈ શકો છો. અત્યારે સિદ્ધ તરીકે જોઈ શકો છો. એ જીવની ભાવ કરવાની, જ્ઞાન કરવાની શક્તિ છે. પરિણમવાની એવી પણ શક્તિ છે. એ શક્તિનો સદ્ઉપયોગ થવો કે દુરુપયોગ થવો એ બધું જીવની સમજણ ઉપર આધારિત છે. એટલે સાચી સમજણ પહેલી કરાવવા માટે સ્વાધ્યાયની પરંપરા જૈન આમ્નાય વ્યવહારે પણ ચાલે છે એનું કારણ કે એની અંદર પારમાર્થિક હેતુ રહેલો છે. પરમાર્થનો હેતુ છે એની અંદર.

એ '**મન, વચન, કાયાના હલનચલનરૂપ લક્ષણ હોય છે. કર્મોના પ્રકૃતિપરિણામરૂપ લક્ષણ હોય છે.**' કર્મ અનેક પ્રકૃતિએ પરિણમે છે એવું એનું પરિણામનું લક્ષણ હોય છે. એ કર્મને '**નિજફળ થવામાં સમર્થ એવા ઉદયરૂપ લક્ષણ હોય છે.**' એ પણ કર્મની પર્યાય છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી પ્રકૃતિ પ્રાપ્ત કરે, કાર્મણ વર્ગણામાંથી છૂટીને એ પુદ્ગલનું પરિણામ (છે). એ પ્રકૃતિ બંધાણી તે ઉદયમાન થાય એ પણ પુદ્ગલનું પરિણામ (છે). એમ કહેવું છે. ઉદયરૂપ એ પણ એનું એક લક્ષણ છે. નિજફળ થવામાં સમર્થ એટલે કે પોતાનો કર્મ પ્રકૃતિનો વિપાક આવે છે એને નિજફળ કહેવામાં આવે છે.

'**ચાર ગતિરૂપ લક્ષણ હોય છે.**' આ ચારે ગતિ છે એ અજીવ છે. લ્યો, ઠીક! દ્રવ્યગતિ અને ભાવગતિ. મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ એ બધી અજીવ છે. ચારે ગતિ છે તે અજીવ છે. '**પાંચ ઈન્દ્રિયરૂપ લક્ષણ હોય છે.**' સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ વગેરે પાંચ ઈન્દ્રિય છે એ પુદ્ગલના પરિણામ છે. એમાં ક્યાંય જીવ નથી. આંખ ફૂટી જાય તો જીવને નુકસાન થયું કે નહિ? એમ પૂછે છે. જીવમાં કાંઈ થયું નથી. જીવમાંથી કાંઈ ઘટ્યું નથી, જીવમાં કાંઈ વધતું નથી. '**પાંચ ઈન્દ્રિયરૂપ લક્ષણ હોય**

છે. છ કાયરૂપ લક્ષણ હોય છે.' એકેન્દ્રિય, બેઇનદ્રિય, ત્રિઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિય, સૂક્ષ્મ અને બાદર. એના છ કાય છે. એ છ કાયરૂપ લક્ષણ હોય છે. '**પંદર યોગરૂપ લક્ષણ હોય છે.**' ઉપર જે યોગ લીધા એ. પંદર યોગરૂપ લક્ષણ હોય છે. મન, વચન, કાયાના પેટા ભેદો. અને છ કાયરૂપ લક્ષણ હોય છે. છ કાય ફરીને લીધા છે. '**કષાય પરિણામરૂપ લક્ષણ હોય છે.**' આ કષાય પરિણામરૂપ લક્ષણ હોય છે. જીવના કષાયની પ્રકૃતિ છે એમ કહે છે. જીવનો કષાયભાવ ન લીધો. પ્રકૃતિના કષાયની જે પ્રકૃતિ છે. એ કષાય પરિણામરૂપ લક્ષણ હોય છે.

'**જીવના જ્ઞાનગુણના...**' હવે થોડું સૂક્ષ્મ લ્યે છે. '**જીવના જ્ઞાનગુણના પર્યાયમાં આઠનામ સંજ્ઞામાત્ર, વચનવર્ગણા ઉપજાવવાની, નામરચનારૂપ આઠ અવસ્થારૂપ લક્ષણ હોય છે.**' નામ જે છે, જીવ છે એ નામ વિનાની ચીજ છે-અનામી ચીજ છે. એ નામ પાડ્યું, જીવનું જીવ નામ પાડ્યું અથવા અહીંયાં જ્ઞાનની વાત લીધી છે કે જ્ઞાનના આઠ પ્રકારના નામ લીધા. જે પાંચ જ્ઞાન છે-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ પાંચ સુજ્ઞાન. અને કુમતિ, કુશ્રુત અને કુઅવધિ. એ આઠ પ્રકારના જે નામ પાડ્યા એવી જે '**વચનવર્ગણા ઊપજાવવાની નામરચનારૂપ આઠ અવસ્થારૂપ લક્ષણ...**' એ આઠ પ્રકારની અવસ્થાના નામ જેને આપી શકાય છે એ પુદ્ગલમાં જાય છે. નામ પુદ્ગલમાં જાય છે. એ જીવતત્ત્વ નહિ, એમ કહે છે. અજીવતત્ત્વમાં લઈ લેવું. અહીંયાં જરા ઓછું પકડાશે પણ...

'**જીવના ચારિત્રગુણ પર્યાયમાં સાતનામસંજ્ઞામાત્ર વચનવર્ગણારૂપ રચના-કાર્ય ઉપજાવવારૂપ લક્ષણ હોય છે.**' આ જે નામરચનારૂપ કહો કે વચનવર્ગણારૂપ રચના કહો. જેને નિમિત્તે વચનવર્ગણા ઊપજે છે કે આ કુજ્ઞાન. આ સુજ્ઞાન, આ મતિજ્ઞાન, આ શ્રુતજ્ઞાન, આ અવધિજ્ઞાન. એવું જે લક્ષણ છે એ બધું પુદ્ગલમાં જાય છે. અજીવમાં જાય છે, જીવમાં નહિ. ઠીક! જીવે ત્યાગ કર્યો, જીવે ગ્રહણ કર્યું. ત્યાગ-ગ્રહણ એ બધું કાંઈ જીવને લાગુ પડતું નથી. કોઈ નામ એને લાગુ પડતું નથી. નામ વિનાની ચીજ છે, અનામી ચીજ છે. એને નામ પાડો છે, એ નામની જે રચના થાય છે એવું જે લક્ષણ છે એ બધું પુદ્ગલમાં જાય છે. હવે સમજી શકાય એવું છે કે શા માટે સિદ્ધ પરમાત્માને વાણી નથી. કેમકે એ વાણી દ્વારા પણ આત્માને જે કહેવામાં આવે છે એ વચનવર્ગણા જાય છે બધું પુદ્ગલમાં. બધું પુદ્ગલમાં જાય છે. એ આત્માનું સ્વરૂપ નથી. આમ લેવું છે.

એટલે જે સ્વરૂપમાં અંતર્મુખ થઈને પરિપૂર્ણ સમાયા, કુદરતે ત્યાં વાણી બંધ છે. અરિહંત ભગવાનને વાણીની ઇચ્છા નથી, છતાં એવો કોઈ પૂર્વકર્મના નિબંધનથી

કર્મપ્રકૃતિનો ઉદય છે કે ભાષાવર્ગણામાં વાણી ઉત્પન્ન થાય છે. પણ એ તો અસિદ્ધત્વ છે ત્યાં સુધી. સિદ્ધપણું થયા પછી તો એ પરિસ્થિતિ પણ રહેતી નથી. કેમકે એને કોઈપણ જ્ઞાનના નિમિત્તે, ચારિત્રના નિમિત્તે અને સમ્યક્ત્વના નિમિત્તે જે નામસંજ્ઞામાત્ર વચનવર્ગણારૂપ રચનાનું કાર્ય ઉપજાવવાનું, ઉપજાવવારૂપ જે અંદરમાં લક્ષણ છે એ અજીવમાં જાય છે, જીવમાં નહિ. જરા સૂક્ષ્મ કાંત્યું છે. સ્થૂળમાંથી કેવી રીતે સૂક્ષ્મમાં વયા ગયા! પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, પાંચ શરીર, સંસ્થાન, સંહનન એમ કહેતાં અહીં સુધી આવી ગયા. જીવની અંદર જ્ઞાન, ચારિત્ર ને સમ્યક્ત્વ છે ને. ત્રણે ગુણ લીધાં છે.

કહે છે કે પહેલાં જ્ઞાનગુણના પર્યાયમાં આઠ નામસંજ્ઞામાત્ર. આઠ પ્રકારના નામ દેવામાં આવે છે. અને એ નામમાં વચનવર્ગણા ઉપજાવવાની નામરચનારૂપ આઠ અવસ્થારૂપ લક્ષણ હોય છે. જેના નિમિત્તે, જે ભેદે આ આઠ નામની એને સંજ્ઞા મળી એ લક્ષણ જીવનું નહિ. એને અજીવમાં નાખી દો. એનો સંક્ષેપ એ છે કે કોઈપણ નામ આપો એટલે એક ભેદ ઉત્પન્ન થયો. જેમકે જીવ એવું નામ આપ્યું. તો જીવત્વશક્તિના નિર્દેશ સહિત એમાં જીવ એવું નામ છે. જીવત્વ શક્તિના નિર્દેશથી એ નામ છે. તો એ તો જીવત્વશક્તિ તો એક ભેદ થયો. એ ભેદ છે એ વ્યવહારમાં જાય છે. ત્યાં એને જીવનું જ્ઞાન નથી. ચિત્સામાન્ય નથી. આત્મા. આત્મા એટલે અનંત ગુણનું આત્મીયપણું જે પદાર્થને વિષે છે તે આત્મા. એ રીતે આત્મા કહેવામાં આવે છે. અનંત ગુણનું ઐક્યપણું, આત્મીયપણું જે પદાર્થને વિષે છે તે પદાર્થને આત્મા કહીએ. આત્મા એવી નામસંજ્ઞા આપી તો કહે છે, એ નામ ખોટું આપ્યું. એને નામ છે જ નહિ. કેમકે એ તો એક ભેદ થઈ ગયો. આવો એક એનો ભેદ થઈ ગયો કે જેમાં અનંત ગુણનું આત્મીયપણું થાય એવો એનો એક ધર્મ છે, પદાર્થનો એ ધર્મ છે. એક ધર્મ છે. એ કોઈ પૂરું સ્વરૂપ નથી. એ રીતે એને જીવથી જુદું તે અજીવ એમ લેવું છે. જીવથી જુદું તે અજીવ.

'જ્ઞાનગુણના પર્યાયમાં આઠનામસંજ્ઞામાત્ર, વચનવર્ગણા ઉપજાવવાની, નામરચનારૂપ આઠ અવસ્થારૂપ લક્ષણ હોય છે. જીવના ચારિત્રગુણના પર્યાયમાં સાતનામસંજ્ઞામાત્ર...' સાત પ્રકારના ચારિત્રના નામ આપવામાં આવે છે. સ્વરૂપાચરણ પછી દેશચારિત્રના નામ આપવામાં આવે છે. સંયમના ચારિત્રના નામ, સર્વસંયમમાં જે ભિન્ન ભિન્ન પ્રકારના નામ આપવામાં આવે છે એવી સાત નામસંજ્ઞામાત્ર વચનવર્ગણારૂપ રચના અથવા વચનવર્ગણારૂપ કાર્ય ઉપજાવવાનું જેનામાં લક્ષણ હોય છે તે પણ પુદ્ગલના પરિણામમાં જાય છે. એ લક્ષણ પણ જીવનું નથી. તે સર્વ.. નીચેની છેલ્લી Paragraph માં

છે. એવા લક્ષણ હોય છે. એ '**सर्व लक्षण कह्या ते सर्व पुद्गलपरिणाममय जाणवां.**' એક એક વાક્યમાં એ નથી કહેવું એટલે છેલ્લે બધા લક્ષણ કરીને એ સર્વ પરિણામના લક્ષણ કહ્યા. એ સર્વ પુદ્ગલપરિણામમય જાણવા. એમાં જીવ નથી પણ બધા પુદ્ગલ છે એમ જાણવું. આમ પુદ્ગલને ઓળખાવીને એનાથી ભિન્ન, એનાથી અભાવસ્વરૂપ નાસ્તિથી જીવનું સ્વરૂપ કહેવા માગે છે. વિશેષ લઈશું...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ બાકી નહિ રહે. બધું લઈ લેશે, ઘણાં ભેદ લીધા છે આખું પ્રકરણ જ (એનું છે). જીવ કરતાં અજીવનું પ્રકરણ મોટું લખ્યું છે.

તા. ૧૮-૬-૧૯૮૬, પાના નં. ૬૧, પ્રવચન નં. ૪૨

'આત્માવલોકન'. પાનું-૬૧. છેલ્લી ત્રણ લીટી છે. જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સમ્યક્ત્વ એમાં પર્યાયના અનેક ભેદથી નામ ઊપજે છે. એ નામની રચનારૂપ અવસ્થાલક્ષણ છે. અવસ્થારૂપ લક્ષણ કહ્યા છે. નામરચનારૂપ અવસ્થારૂપ લક્ષણ. એવું જે લક્ષણ છે તે અભેદ ચિત્સામાન્ય સ્વરૂપ નહિ હોવાને લીધે જીવ મૂળ તત્ત્વ તો જીવતત્ત્વ છે. કેવું છે જીવતત્ત્વ? કે ચેતનામાત્ર. ચૈતન્યસામાન્યમાત્ર જે જીવતત્ત્વ છે. નિત્ય. આ તો બધા અનિત્ય છે. પર્યાયોના ભેદો છે, જેના નામ આપ્યા છે એ બધા અનિત્ય છે. એ બધા લક્ષણ હોય છે. આઠ જ્ઞાનના લીધા, સાત ચારિત્રના લીધા. એ '**રચના-કાર્ય ઉપજાવવારૂપ લક્ષણ હોય છે.**'

'**જીવના સમ્યક્ત્વગુણના પર્યાયમાં છ નામસંજ્ઞામાત્ર વચનવર્ગણારૂપ રચના-કાર્ય માત્ર ઉપજાવવારૂપ લક્ષણ હોય છે, જીવના કર્મરૂપ છ રંગનામભેદથી ભેદ પાડીએ એવું એવું લેશ્યારૂપ લક્ષણ હોય છે.**' લેશ્યાના છ ભાવ. રાગની ચીકાશ તારતમ્ય ભેદે વધે છે અને ઘટે છે. કષાયની ચીકાશ એ કષાય પરિણામની ચીકાશને લેશ્યા કહે છે. એ લેશ્યાના છ ભેદ છે. અને એને રંગનામભેદથી સફેદ, કાળો એમ. શુક્લલેશ્યા, કૃષ્ણલેશ્યા, પીત એટલે પીળી લેશ્યા, લીલી એટલે લીલા રંગની લેશ્યા એમ બતાવીને એ લેશ્યાની અંદર સૌથી વિશેષ કષાય થાય છે ત્યારે કૃષ્ણલેશ્યા ઉત્પન્ન થાય છે. અને એ લેશ્યામાં ચીકાશ એકદમ ઘટી જાય છે ત્યારે એને શુક્લલેશ્યા છે એમ કહેવામાં આવે છે.

સામાન્ય રીતે જીવના રાગની ચીકાશ જ બંધતત્ત્વ હોવાથી આ લેશ્યા પરિણામને જીવે સમજવા જોઈએ. લેશ્યાથી એ સમજાય છે. શુક્લલેશ્યા છે એ જીવને પોતાના સ્વરૂપ બાજુ વળવાનું સારું પરિણમન-યોગ્ય પરિણમન છે. પણ એ શુક્લલેશ્યાના સમયે એનું લક્ષ યથાર્થ હોવું જોઈએ. નહિતર શાસ્ત્રમાં એવું કથન છે કે જીવ અનંત વાર શુક્લલેશ્યામાં આવ્યો છે. એકદમ વૈરાગ્ય અને ઉદાસીન પરિણામથી, એને જગતમાં ક્યાંય ગમે નહિ એવા વૈરાગ્યના પ્રસંગોમાં એ અનેક વાર આવ્યો છે. એને હવે આ જગતમાં ક્યાંય ગમતું નથી. એના માટે દુનિયા એને નકામી લાગે. કોઈ જગતના પદાર્થો સાથે એને કાંઈ સંબંધ રાખવો છે એવું મન થતું નથી. શુક્લલેશ્યામાં ઉદાસીન

પરિણામ છે. પણ આત્મહિતના લક્ષે જો એ શુક્લલેશ્યા હોય તો જીવ કામ કરી જાય છે. અને સિવાય, આત્મહિતના લક્ષ સિવાય પરિણમનમાં કાંઈ પણ પ્રકાર હોય તો એ શુક્લલેશ્યા પાછી બદલીને તીવ્ર લેશ્યામાં પીત લેશ્યા, કાપોત લેશ્યા અને કૃષ્ણ લેશ્યા સુધી પાછો ચાલ્યો જાય છે. એટલે એના રાગની ચીકાશ વધી જાય છે. એ છએ લેશ્યા છે એ પુદ્ગલનું લક્ષણ છે. સર્વ પુદ્ગલપરિણામમય જાણવા. પુદ્ગલપરિણામ સાથે સંબંધ રાખનારા ભાવો પુદ્ગલપરિણામમય જાણવા.

જીવના.. જીવના.. જીવના એમ કરીને અહીંયાં વાત કરે છે. જીવના જ્ઞાનગુણના, જીવના ચારિત્રગુણના, જીવના સમ્યક્ત્વગુણના અને જીવના લેશ્યારૂપ લક્ષણ હોય છે. એમ જીવના પરિણામની વાત કરે છે. અને છતાં એને અધ્યાત્મદૃષ્ટિથી આત્મદૃષ્ટિથી એ સર્વ પુદ્ગલપરિણામમય છે એમ જાણવું. એટલે કે એ જીવના સ્વરૂપભૂત પરિણામ નથી. જીવના મૂળ તત્ત્વની સાથે એમાં જુદાઈ છે, જુદાંપણું છે એમ જાણીને, જેમ પુદ્ગલ જુદું છે તો આ પણ જીવતત્ત્વથી જુદું છે તો બેમાં શું ફરક રહ્યો? પરમાણુ પુદ્ગલ જીવથી અન્ય છે, જુદાં છે અને આ ભાવો પણ જીવથી અન્ય છે અને જુદાં છે. કેમકે જીવના મૂળ સ્વરૂપમાં એ નથી. તો બન્ને જુદાની અપેક્ષાએ તો એક જ વર્ગમાં જાય છે. જુદાં તે જુદાં.

'**એવું લેશ્યારૂપ લક્ષણ હોય છે. જીવના સંજ્ઞાભાવરૂપ ચાર નામમાત્ર ભેદરચના ઉપજાવવારૂપ લક્ષણ હોય છે.**' નામ આપે. જીવના સંજ્ઞાભાવરૂપ ચાર નામમાત્ર ભેદ ઉપજાવવા. ચાર પ્રકારે એના નામ આપે. ગતિથી નામ આપે તો આ જીવ મનુષ્ય છે. એને મનુષ્યનું નામ આપે, દેવનું નામ આપે, તિર્યંચનું નામ આપે. વગેરે. એવા ઉપજાવવારૂપ જે લક્ષણ છે તે પણ પુદ્ગલપરિણામમય જાણવા. '**જીવના ભવ્ય-અભવ્યરૂપ નામમાત્રરચના ઉપજાવવારૂપ લક્ષણ હોય છે,...**' તે સર્વ પુદ્ગલપરિણામમય જાણવા. ભવ્ય-અભવ્ય તો પારિણામિકભાવે છે એમ કહેવાય છે. એટલે અનાદિથી છે. અને કોઈ કર્મપ્રકૃતિ પ્રતિપક્ષ નથી. આમાં તો હજી કર્મની પ્રતિપક્ષ પ્રકૃતિ છે. મતિજ્ઞાન તો મતિજ્ઞાનાવરણ છે, કેવળજ્ઞાન તો કેવળજ્ઞાનાવરણ છે સામે. આઠેયમાં. પણ ભવ્ય-અભવ્ય એને તો કોઈ પ્રકૃતિ પ્રતિપક્ષમાં નથી. કર્મનો પ્રતિપક્ષ નથી એને. એ એવા ભાવો છે કે જેને કર્મપ્રકૃતિનો સામે નિમિત્તનો પ્રકાર નથી. તેથી શાસ્ત્રમાં એને ભવ્ય અભવ્યને પારિણામિકભાવે કહ્યા છે. તે શુદ્ધ જીવનું સ્વરૂપ નહિ હોવાથી, જીવનું શુદ્ધ સ્વરૂપ તો શુદ્ધ પારિણામિકભાવે હોવાથી આને અશુદ્ધ પારિણામિક કહેવામાં આવ્યા છે. અભવ્ય તો અશુદ્ધ પારિણામિક છે જ પણ ભવ્યત્વ ભાવ પણ અશુદ્ધ પારિણામિકમાં જાય છે. એ કોઈ શુદ્ધ પારિણામિકમાં નથી. એ શુદ્ધ પારિણામકથી

ભિન્ન હોવાને લીધે તે સર્વ પુદ્‌ગલપરિણામમય જાણવા. ભવ્યત્વ પણ પુદ્‌ગલપરિણામમય જાણવું, અભવ્યત્વ પુદ્‌ગલપરિણામમય જાણવું. હવે તો બધી જગ્યાએ નામમાત્ર ઉપજાવવારૂપ લક્ષણ, નામમાત્ર ઉપજાવવારૂપ લક્ષણ, એમ કરીને નામ પડે છે, તો કહે છે, નામ પડે છે એ જીવ નહિ. જીવને ક્યાં નામ છે? મૂળ જીવસ્વરૂપને કોઈ નામ નથી.

જૈનશાસ્ત્રમાં નામની અપેક્ષાએ બધા જ નામોની ના પાડી. એના ગુણથી નામ પાડ્યા હોય એની ના પાડી. અવગુણથી નામ પાડ્યા હોય એની ના પાડી. એના પર્યાયભેદોથી નામ પાડ્યા હોય એની ના પાડી. તો વેદાંતની અંદર એવો એક મત ઊભો થયો કે કેવું છે તત્ત્વ? મૂળ તત્ત્વ કેવું છે? કે જેને વેદો ન ઈતિ, ન ઈતિ, ન ઈતિ.. નેતિ, નેતિ, નેતિ કહીને પોકારે છે. એવું તત્ત્વ છે. વેદાંતની અંદર આ વાત આવે છે. આ બધો નિષેધ કરે છે ને? આ? તો કહે છે, ન ઈતિ. એમ નહિ. આ? તો કહે છે, એમ પણ નહિ. એમ પણ નહિ, એમ પણ નહિ, જેટલા નામથી પૂછે, એમ પણ નહિ. એવું આ નાસ્તિથી કહેવાતું તત્ત્વ એને નેતિ નેતિ કહીને વેદાંતે પોકાર્યું છે.

મુમુક્ષુ :- અસ્તિ સુધી ન પહોંચ્યા એટલે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, નથી પહોંચ્યા એ લોકો. પણ એક પક્ષ લીધો આવું નહિ, આવું નહિ. એટલી વાત એને બેઠી. એટલી વાત એને ઠીક લાગી કે બરાબર છે. એ એણે સ્વીકારી. એમ તો એટલું બીજા ભેદોમાં આવે છે, આ જુદાં જુદાં વેદાંતની અંદર અભિપ્રાય છે. એક અભિપ્રાય અસ્તિનો પણ છે. કેવો છે પરમબ્રહ્મ? પ્રજ્ઞાનં બ્રહ્મ. બ્રહ્મ છે તે જ્ઞાનસ્વરૂપ છે. એમ આવે છે. પ્રજ્ઞાનં બ્રહ્મ. જ્ઞાનસ્વરૂપ છે. વળી, જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ છે એમ કહો પણ એને જ્ઞાનનું સ્વાભાવિક સ્વરૂપ ખબર નથી એટલે ચેતનાનો નિષેધ કરે છે કે ચેતના તો પ્રકૃતિમાં પણ હોય. અને બ્રહ્મમાં પણ હોય. અને ચેતનામાં પાછા જ્ઞાન ને દર્શન બે ભેદ છે એમાં દર્શનને નથી માનતા. કેમકે દર્શન એને સમજાતું નથી. એ કેવળજ્ઞાન ગોચર વિષય થઈ જાય છે પાછો. એટલે એ રીતે સાંગોપાંગ સિદ્ધાંત અખંડિત રહેતો નહિ હોવાને લીધે કેટલીક વાત મૂળ તત્ત્વ સાથે કોઈ પડખેથી મેળ ખાતી હોવા છતાં તેને અન્યમત કહેવામાં આવે છે. કેમ અન્યમત થયો? જૈનદર્શન સાથે તો ઘણો મેળ ખાય છે. એટલું નહિ, 'સમયસાર' સાંભળીને કોઈ સાંખ્યમતવાળા એમ પણ કહે કે આ તો જેવું તમારામાં છે એવું જ અમારામાં છે અને અમારામાં છે એવું જ તમારામાં છે.

'રાજકોટમાં' 'ગુરુદેવ'ને એક જણે કહ્યું. સાંખ્યમતના કોઈ અભ્યાસી સાંભળવા

આવતા હશે. અરે..! સાહેબ! આ તો જેવું સાંખ્યમાં છે એવું જ તમે કહો છો. અમારામાં આવું જ છે, અસલ આવું છે અમારામાં, કૂટસ્થ જ આત્મા કીધો છે. કૂટસ્થ શબ્દ ત્યાં આવે છે. અપરિણામી અને કૂટસ્થ આવે છે.

કહે છે કે સિદ્ધાંત ખંડિત થાય છે ત્યાં ગૃહીત મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. વસ્તુનું જેવું સ્વરૂપ છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મ, દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક એવું જ એને પ્રમાણનો વિષય નિર્ણયના કાળમાં ભાસિત થઈ જાય છે. જ્યારે એને પોતાનું અનંત સામર્થ્ય ભાસે છે, નિશ્ચિત થાય છે, નિશ્ચયનયના વિષયભૂત તત્ત્વ, ત્યારે એને પ્રમાણનો વિષય પણ સાથે સાથે જ સમજાય છે. નહિતર નિશ્ચયાભાસ એમાંથી ઉત્પન્ન થાય. નિશ્ચયના કાળે જ. એટલે એણે અનંત શક્તિનું ધામ જ્યારે લક્ષમાં આવે છે કે મારામાં અનંત સામર્થ્ય છે અને એવું મારું મૂળ તત્ત્વ અને મૂળ સ્વરૂપ એવું છે, ત્યારે આખો પદાર્થ ટકીને બદલે છે, આ જે સ્વરૂપ છે એ એમ ને એમ નિત્ય, એકરૂપ રહીને છતાં પદાર્થમાં અવસ્થાનું બદલવું એ પણ સદાય છે. અને વસ્તુ જ આખી પરિણમે છે. પર્યાયરૂપે વસ્તુ જ પરિણમી રહી છે એ નિર્ણય પણ એને સાથે સાથે થાય છે.

સ્વરૂપ નિશ્ચયનું પ્રકરણ 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં લીધું છું ત્યાં આ વાત સાથે સાથે લીધી છે. નહિતર ખરેખર તો જીવ અજાણ્યો છે એ પોતાના મૂળ સ્વરૂપથી. જે અનંત ગુણનિધાન છે, અનંત સામર્થ્ય સ્વરૂપ છે, એનાથી અજાણ્યો છે. પોતાના સામર્થ્યને સમજી શક્યો નથી. પણ એટલું સામર્થ્ય સમજાય છે અને પ્રમાણના વિષયભૂત બાકીના પડખાં નથી સમજાતા એવું નથી. નિર્ણયના કાળે એ પણ સમજાય છે. એ વિષય ત્યાં જરા ઉપયોગથી લીધો છે. છે અહીંયાં? આ બાજુ ડાબા હાથ બાજુ વચ્ચે છે. ડાબા હાથ બાજુ વચ્ચે ક્યાંક છે.

જ્યારે નિશ્ચય થાય છે ત્યારે પોતે ટકીને પરિણમતો (ભાસે છે). પ્રમાણનો વિષય સાથે લીધો છે. આમ તો ખરેખર તો નિશ્ચયનો વિષય છે ત્રિકાળી. (૬૧ પાને) ચાર નંબરના Paragraph માં છે. '**વળી, જ્ઞાન લક્ષણથી જ્ઞાયકસ્વભાવનો નિર્ણય થાય છે.**' જ્ઞાયક છે એ આ ત્રિકાળી. '**તેમાં લક્ષણ પ્રગટ પર્યાયમાં હોવા છતાં પર્યાયત્વ લક્ષમાં રહેતું નથી. પરંતુ લક્ષમાં જ્ઞાનસ્વભાવ રહે છે. અર્થાત્ લક્ષણપૂર્વક લક્ષ્યનો નિર્ણય થવા છતાં લક્ષણ ગૌણ થઈ જાય છે અને લક્ષ્ય મુખ્ય થઈ જાય છે. અર્થાત્ લક્ષ્યનું લક્ષ રહે છે, લક્ષણનું નહિ. તેમ જ વસ્તુની ઓળખાણ થતાં લક્ષ્ય-લક્ષણનો ભેદ પણ અસ્ત થઈ જાય છે અને આખી વસ્તુ ટકીને પરિણમી રહી છે તેમાં જ્ઞાન લક્ષણવંત પોતાનું સ્વરૂપ છે કે જે લક્ષ્ય-લક્ષણથી અભેદ છે**

તેમ સમજાય છે.' આખી વસ્તુ ટકીને પરિણમી રહી છે. એ ઓળખાણ થાય છે, નિર્ણય થાય છે ત્યારે પ્રમાણનો વિષય પણ જ્ઞાનમાં બરાબર સમજાય જાય છે.

નહિતર વેદાંતની જેમ શું ભૂલ થાય છે કે નિશ્ચયનો વિષય સમજાણો હોય એવું લાગે અને પછી દ્રવ્ય, ગુણ, પર્યાયના વિષયમાં ગડબડ થાય છે. ત્યારે પણ એને નિશ્ચયના આશ્રયે જે અધ્યાત્મ પરિણામો થવા જોઈએ એ સમ્યક્ પ્રકારે, સમુચિત પ્રકારે ઉત્પન્ન થતાં નથી. આ તકલીફ થાય છે એમાંથી. જે તકલીફ થાય છે એ આ થાય છે. એવી રીતે કોઈ જીવોને જોવામાં આવે કે અધ્યાત્મનો વિષય ખૂબ રસથી અને ધૂનથી લગનીથી અધ્યાત્મના વિષય પાછળ હોય એવું લાગે. અને છતાં એની અધ્યાત્મિક દશા ન હોય એટલે શુદ્ધ દશા ન હોય, સમ્યક્ત્વની દશા પ્રાપ્ત ન હોય. અહીંયાં શું કારણ છે? અધ્યાત્મનો વિષય એને ગમે છે, રુચે છે, એની ધૂન છે, એની લગની છે, એમાં રસ પડે છે, એને મુખ્ય કરે છે અને હજી એની દશા કેમ પ્રગટતી નથી?

(એ) આગમના વિષયમાં એ ગોથું ખાય છે, આગમિક જે વસ્તુના સ્વરૂપ અનુસાર જે કથન છે અને સિદ્ધાંતો છે એમાં વિપર્યાસ ઊભો છે. એમાં ગડબડ છે. એટલે આગમ-અધ્યાત્મના જ્ઞાનનું જે એકસાથે સંતુલન રહેવું જોઈએ એ નથી રહેતું. સમકાળે એનું જે બરાબર તોલન થવું જોઈએ એ નથી થતું. આગમના વિષયનો આખો ઉથલાવી નાખે છે અને અધ્યાત્મના વિષયમાં એટલી હદે જાય છે કે જેથી અધ્યાત્મિક દશાની પ્રાપ્તિ થતી નથી. ઘણી હદે જાય છે આધ્યાત્મદશામાં. કેમકે અધ્યાત્મનો વિષય એવો આવશે કે આ બધા પુદ્ગલના પરિણામ છે. જીવના આઠ જ્ઞાન, આ બધા લીધા સંજ્ઞાના ભેદ લીધા, ગતિના ભેદ લીધા, લેશ્યાના ભેદ લીધા. એ જીવના પરિણામ છે. વિકારી અવિકારી જીવના પરિણામ છે. મૂળ જીવતત્ત્વ નથી, નિશ્ચયનો વિષય નથી. આઠેય જ્ઞાન નિશ્ચયનો વિષય નથી. ખુદ નિશ્ચયનય નિશ્ચયનયનો વિષય નથી. ખુદ સમકિત-સમ્યક્ત્વ પોતે સમ્યક્ત્વનો વિષય નથી. સમ્યગ્દર્શનનો વિષય સમ્યક્ત્વ પોતે નથી. નિશ્ચયનય વિષયી છે, વિષય એનો ત્રિકાળી છે. સમ્યક્ત્વ વિષયી છે અને વિષય એનો ત્રિકાળી તત્ત્વ છે. આટલી હદ સુધી હોવાથી એને અધ્યાત્મના જોરમાં એમ કહે કે આ તો પુદ્ગલના, સર્વ પુદ્ગલપરિણામમય જાણવા. ચૌદે ગુણસ્થાન પુદ્ગલ પરિણામમય જાણવા. એમ કહે. ચૌદે માર્ગણાસ્થાન પુદ્ગલપરિણામમય જાણવા. માર્ગણાસ્થાનમાં જ્ઞાનમાર્ગણા, સમ્યક્ત્વ માર્ગણા આવે છે. ૨૯ બોલ લીધા ને? ૫૦ થી ૫૫ ગાથામાં. 'દીપચંદજી'એ આ વિષય-અજીવ અધિકારનો વિષય ત્યાંથી લીધો છે. જીવ અધિકારનો... આ 'સમયસાર'નો જ વિષય ચાલે છે, એક દૃષ્ટિએ જુઓ

તો. અધિકાર બધા એ જ પસંદ કર્યા છે. કર્તા-કર્મ અધિકાર પણ એમણે લીધો છે.

એમ કહેવામાં એ આગમના વિષયને વિપરીત સમજી લ્યે તો એને સ્વરૂપના આશ્રયે જે અધ્યાત્મિક શુદ્ધ દશા ઉત્પન્ન થવી જોઈએ એ શુદ્ધ દશાની ઉત્પત્તિ થતી નથી. આમ થાય છે. એટલે કોઈ ક્યાંય અટકે તો કોઈ ક્યાં કેવી રીતે અટકી જાય એ અટકનારને સમજાતું નથી. અટકનારને પોતાને ખ્યાલમાં આવતું નથી. આપણે એ જ ચાલે છે. અધ્યાત્મના વ્યામોહનું પ્રકરણ શરૂ થયું હતું. 'નિર્ભ્રાંત દર્શન'માં. અધ્યાત્મ.. જ્ઞાનક્રિયા. ક્રિયામાર્ગે જ્ઞાનનો ઉપાય, ક્રિયામાર્ગે ત્યાગનો ઉપાય અને ક્રિયામાર્ગે અધ્યાત્મના ઉપાયમાં ક્યાં ક્યાં સંભવિત અટકવાના સ્થાનો છે? એ વિષય ઉપર અધ્યાત્મમાં એને વ્યામોહ કહ્યો છે. એટલે યથાર્થ પ્રકારે અધ્યાત્મદૃષ્ટિનું ગ્રહણ નહિ થતાં તે સંબંધીના વ્યામોહને અધ્યાત્મનો વ્યામોહ કહે છે. એમાં જીવ અધ્યાત્મિક જ ચિંવતન કરે, અધ્યાત્મિક રટણ કરે, બધું અધ્યાત્મિક એનું દેખાય. છતાં ત્યાં વાસ્તવિક અધ્યાત્મ ન હોય. આ એક પરિસ્થિતિ છે.

'**આહારક-અનાહારકરૂપ નામમાત્રરચના ઉપજાવવારૂપ લક્ષણ હોય છે.**' શરીરના. શરીરમાં આહારક શરીર છે, અનાહારક શરીર છે. મુનિને ઉત્પન્ન થાય છે. એ વગેરે સર્વ પુદ્ગલપરિણામમય જાણવા. '**પ્રકૃતિઓના નિજ કાળની મર્યાદા સુધી રસ, રૂપ રહે છે તે સ્થિતિબંધરૂપ લક્ષણ હોય છે.**' પ્રકૃતિઓના સ્વકાળની મર્યાદા સુધી એમાં પ્રકૃતિનો રસ રહે છે અને એ પ્રકારની પ્રકૃતિનું રૂપ રહે છે. અને ત્યારપછી એ નિર્જરી થાય છે ત્યાં એ સામાન્ય કાર્મણવર્ગણામાં કર્મ પરમાણુરૂપે આવી જાય છે. તેને સ્થિતિ, બંધ કહેવામાં આવે છે. એવું લક્ષણ હોય છે તે પણ સર્વ પુદ્ગલપરિણામમય જાણવું. એ તો સ્પષ્ટપણે પુદ્ગલ પરિણામ જ છે.

'**કષાયના ઉત્કૃષ્ટ વિપાકરૂપ લક્ષણ હોય છે, કષાયોના મંદ વિપાકરૂપ લક્ષણ હોય છે, ચારિત્રમોહવિપાકનો યથાક્રમે કરીને નાશ થવો તે સંયમરૂપ લક્ષણ હોય છે.**' ત્રણ પ્રકારે લીધા. કષાયોના ઉત્કૃષ્ટ વિપાકરૂપ એટલે તીવ્ર કષાયરૂપ લક્ષણ હોય છે. પાપના પરિણામ. કષાયોના મંદ વિપાકરૂપ લક્ષણ હોય છે (અર્થાત્) શુભ પરિણામ, પ્રશસ્ત ભાવરૂપ પરિણામ. અને '**ચારિત્રમોહવિપાકનો યથાક્રમે કરીને નાશ થવો...**' એવા સંયમરૂપ લક્ષણ હોય છે. તે સર્વ પુદ્ગલપરિણામમય જાણવા. એ સંયમલબ્ધિના સ્થાનો ૫૦ થી ૫૫ છ ગાથામાં સંયમલબ્ધિના સ્થાનો (લીધા છે). અધ્યાત્મસ્થાનો, સંયમલબ્ધિના સ્થાનો એ બધાં પુદ્ગલપરિણામમય છે. ત્રિકાળીથી ભિન્ન હોવાને લીધે.

મુમુક્ષુ :- અધ્યાત્મસ્થાન એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મસ્થાનોમાં તો જીવના આધારે ઉત્પન્ન થતાં ભાવો

તે બધા અધ્યાત્મસ્થાનો. જીવના આશ્રયે ઉત્પન્ન થતાં ભાવો તે અધ્યાત્મસ્થાનો. વ્યાખ્યા શું કરી છે?

નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,
નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં. ૫૦.
નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,
નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં. ૫૧.
નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,
અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં. ૫૨.

અનુભાગની સાથે અધ્યાત્મસ્થાન લીધા છે. '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો...**' એટલે આસ્રવો. જ્ઞાનાવરણી, દર્શનાવરણી નામના આઠે કર્મ, નોકર્મ. '**જે કર્મના રસની શક્તિઓના (અર્થાત્ અવિભાગ પ્રતિચ્છેદોના) સમૂહરૂપ વર્ગ છે તે બધોય જીવને નથી...**' '**જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે તે બધીયે જીવને નથી...**' '**જે મંદતીવ્ર રસવાળાં કર્મદળોના વિશિષ્ટ ન્યાસ (-જમાવ) રૂપ (અર્થાત્ વર્ગણાઓના સમૂહરૂપ) સ્પર્ધકો છે તે બધાય જીવને નથી...**' '**સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે (વર્તતાં), વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય જીવને નથી...**' અહીંયાં અધ્યાત્મનો અર્થ અધ્યાસ લીધો છે. સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે વર્તતા વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે, ભિન્નપણું જેમનું લક્ષણ છે. એટલે શુદ્ધ પરિણામ અહીંયાં લેવા નથી. '**એવા જે અધ્યાત્મસ્થાનો તે બધાંય જીવને નથી...**' એમ લીધું છે. આધાર લીધો. અધ્યાત્મમાં આધાર લીધો. ભરે પરનો આધાર લીધો, રાગનો આધાર લીધો પણ એ અધ્યાસ છે. પછી સંયમલબ્ધિના સ્થાનો (લીધા છે).

સ્થિતિબંધસ્થાન ન જીવને, સંક્લેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણા ન, સંયમલબ્ધિના સ્થાનો નહીં. ૫૪.

સંયમલબ્ધિના સ્થાનો નથી. રસના સ્થાનો, અનુભાગ સ્થાનો, કાયવર્ગણા, વચનવર્ગણા, મનોવર્ગણાનું કંપન એ યોગસ્થાનો. જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ જેનું લક્ષણ છે તે બંધસ્થાનો. પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ એ બધા ઉદયસ્થાનો. ગતિ, કાય, યોગ, વેદ, કષાય એ માર્ગણાસ્થાનો. '**જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો...**' '**કષાયના વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંક્લેશસ્થાનો...**' '**કષાયના વિપાકનું**

મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો...' અને '**ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેનું લક્ષણ છે એવાં જે સંયમલબ્ધિસ્થાનો...**' બરાબર એ જ વાત અહીંયાં લીધી છે. સંયમલબ્ધિમાં એ વાત લીધી છે, '**ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેનું લક્ષણ છે એવાં જે સંયમલબ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી.**' કારણ કે પુદ્ગલપરિણામ હોવાથી. અહીંયાં એ ત્રણ સાથે જ લીધા છે. કષાયની ઉત્કૃષ્ટ વિપાકરૂપ સ્થિતિ, કષાયનું મંદવિપાકરૂપ લક્ષણ. એ વિશુદ્ધિસ્થાન લીધું. મંદવિપાકને વિશુદ્ધિસ્થાન અહીંયાં કહ્યા. પેલાને-તીવ્ર વિપાકને સંક્લેશસ્થાન કીધાં. સંક્લેશસ્થાન નથી, વિશુદ્ધિસ્થાન નથી અને સંયમ, લબ્ધિના સ્થાન નથી. એ ત્રણે એ જ પ્રકારે 'સમયસાર' પ્રમાણે જ બરાબર લીધું છે. '**ચારિત્રમોહવિપાકનો યથાક્રમે કરીને નાશ થવો તે સંયમરૂપ લક્ષણ હોય છે.**' તે પણ સર્વ પુદ્ગલપરિણામમય જાણવા.

મુમુક્ષુ :- જીવના આધારે જે રાગ ઉત્પન્ન થાય એ અધ્યાત્મ સ્થાન?

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મસ્થાન એટલે અધ્યાસ. અધ્યાસ એટલે ભ્રમ થવો. રાગ તે હું, એમ થવું એને અધ્યાસ કહે છે. રાગ થવો તે નહિ. પણ રાગ તે હું, એને અધ્યાસ કહે છે. રાગનો આધાર લીધો માટે એને અહીંયાં અધ્યાત્મસ્થાન કહી દીધું. એવો શબ્દ-નામ આપી દીધો. અધ્યાત્મનો પેલો અર્થ અહીંયાં ન કરવો. આત્માના આધારે ઉત્પન્ન થાય તે અધ્યાત્મ એમ અહીંયાં અર્થ નથી. એ રીતે વાત નથી.

'**પર્યાપ્ત, અપર્યાપ્ત, સૂક્ષ્મ, બાદર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય, ચોરાશી લાખ ભેદાદિરૂપ લક્ષણ હોય છે.**' તે સર્વ પુદ્ગલપરિણામમય જાણવા. એ બધા પુદ્ગલ પરિણામ છે. પર્યાપ્તિ, અપર્યાપ્તિ પુદ્ગલો બંધાય છે. એ બધા ભેદો પુદ્ગલપરિણામમય જાણવા. જીવનો સાથે સંયોગ છે ત્યાં, છતાં આ બધા પરિણામ જીવનું મૂળ સ્વરૂપ એવું નથી, એમ સમજીને એને જીવથી અન્ય-ભિન્ન પુદ્ગલ પરિણામમાં લીધા છે. '**પ્રકૃતિઓના ઉદય, ઉદયનાશરૂપ અવસ્થાથી જુદા જુદા ગુણસ્થાન હોય છે.**' પ્રકૃતિનો ઉદય થાય છે, ઉદયના નાશરૂપ અવસ્થાથી જુદાં જુદાં ગુણસ્થાન થાય છે. '**તે મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર,...**' પહેલું, બીજું, ત્રીજું. અવિરતિ ચોથું. '**અવિરતિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય, ઉપશાંતમોહ,...**' ક્ષીણકષાય-બારમું, સયોગી કેવળી અને અજોગ. ચૌદે ગુણસ્થાન. '**એવા લક્ષણ હોય છે-એ સર્વ લક્ષણ કહ્યું, તે સર્વ પુદ્ગલપરિણામમય જાણવાં.**' ક્યાંય એમાં જીવ નથી.

મુમુક્ષુ :- આત્મા ન હોય તો?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા ન હોય તો પુણ્ય-પાપના પરિણામ પણ ન થાય. આત્મા ન હોય તો રાગના પરિણામ ન થાય, કષાયના પરિણામ ન થાય. પણ તેથી કાંઈ એને આત્મા માની લેવાય? એમ કહેવું છે. જુઓ! શરીર હોય તો રોગ આવે અને સોજો ચડે. એટલે એને શરીર માની લેવું? એમ કહેવું છે. રોગ ઈ રોગ છે, ભલે શરીરની અવસ્થા છે, પણ રોગ તે રોગ છે. એમ લેવું. બરાબર છે? જમણવારમાં બધાને સરખું પીરસે. પણ લગ્ન કાંઈ બધાની સાથે થાય? જીવ છે એ જીવ છે, બસ, એમ લેવું છે. બાકી બધી જાન છે એની. બધા સાથે છે, પણ છતાં એ કોઈ જીવ નથી. બધા સાથે હોવા છતાં એ કોઈ જીવ નથી. એમ કરીને જીવનું મૂળ સ્વરૂપ છે એમાં ક્યાંય કોઈ ભ્રાંતિ ન થાય, એને જ જીવ ન માની લે એટલા માટે એને અજીવ કહી દેવા છે. જીવ નથી માટે અજીવ છે.

મુમુક્ષુ :- ચૌદે ગુણસ્થાન જીવના જ્ઞાનના ઉઘાડ ઓછો-અધિક છે એના માપના હિસાબે ...?

પૂજ્ય ભાઈશ્રી :- ના, એમાં શું છે કે ગુણસ્થાન છે એ તો કર્મના ઉદય સાથે સંબંધ ધરાવે છે અને કર્મના નાશ સાથે સંબંધ ધરાવે છે.

મુમુક્ષુ :- ઉઘાડ ઓછો અધિક..?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એમાં શું છે કે જ્ઞાન તો કોઈને ચોથા ગુણસ્થાને ઉઘાડમાં બાર અંગનું જ્ઞાન થાય. અને કોઈને બારમા ગુણસ્થાન સુધી બહુ અલ્પ જ્ઞાન ઉઘાડમાં હોય. પછી સીધું કેવળજ્ઞાન પ્રગટે.

મુમુક્ષુ :- એ તો ક્ષયોપશમ એવો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ઉઘાડને જ ક્ષયોપશમ કહેવાય છે ને.

મુમુક્ષુ :- સ્વરૂપજ્ઞાનની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપજ્ઞાન તો ગુણસ્થાન અનુસાર વિશેષ વિશેષ હોય છે. ચોથીથી પાંચમે વધારે, પાંચમેથી છઠ્ઠે વધારે. વધારે હોય છે એટલે? એનું જે સ્પષ્ટપણું છે, ગ્રહવાપણું છે, જ્ઞાનમાં ગ્રહવાપણું છે એની શક્તિ વિશેષ હોય છે.

મુમુક્ષુ :- ઓછી-અધિક જીવની પર્યાય થઈને?

પૂજ્ય :- હા, જીવની પર્યાય છે.

મુમુક્ષુ :- તો પછી એને પુદ્ગલના પરિણામમાં શું કામ નાખ્યા?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં કર્મના ઉદયની અપેક્ષા લઈને કહેવું છે. ફરીથી એને વાંચીએ.

પ્રકૃતિના ઉદયરૂપ અને પ્રકૃતિના નાશરૂપ. કયા ગુણસ્થાને કેટલા કર્મની પ્રકૃતિનો

ઉદય રહ્યો? અને ક્યા ગુણસ્થાને કેટલી પ્રકૃતિનો ઉદય ન રહ્યો? જેમકે છઠ્ઠા ગુણસ્થાને આટલી પ્રકૃતિઓનો નાશ થઈ જાય. નવમા ગુણસ્થાને આટલી પ્રકૃતિઓનો નાશ થઈ જાય. બાકીનાનો ઉદય રહ્યો અને આટલાનો નાશ થયો. એવું જે ગુણસ્થાનનું સ્વરૂપ એ જીવતત્ત્વ નથી. પેલી વાત ન લીધી. અધ્યાત્મિક જે શુદ્ધિ હોય છે એને નથી સ્પર્શતા. પણ એનું બીજું પડખું (લ્યે છે). કારણ કે આ તો મિશ્ર દશા છે ને? સાધકની દશા તો મિશ્ર દશા છે. ગુણસ્થાનમાં. એ મિશ્રદશાની અંદર અને અશુદ્ધત્વ છે, સયોગી કેવળી અને અયોગી કેવળી સુધીમાં યોગનું કંપન છે અને ચૌદમામાં અસિદ્ધત્વ છે, એ બધું સંસારીપણું છે એમ કહેવું છે. અને સંસારીપણું છે તે જીવનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- અજીવ અધિકાર લીધો છે ને એટલે.

પૂજ્ય ભાઈશ્રી :- અજીવ અધિકાર છે ને. જીવના બે ભેદ. સંસારી અને સિદ્ધ. તો સંસારી ક્યાં સુધી? સિદ્ધ નહિ ત્યાં સુધી. ચૌદ ગુણસ્થાન સુધી સંસારી. 'બનારસીદાસે' પોાતની ચિઠ્ઠીમાં લીધું છે, જીવના બે ભેદ-સંસાર અને સિદ્ધ. સિદ્ધ સિદ્ધાલયમાં ગયા પહેલા જગતમાં જેટલા જીવો છે એ બધા સંસારી છે. જાઓ! કેમકે અસિદ્ધત્વ રહ્યું છે. તો કહે છે કે જીવનું મૂળ સ્વરૂપ જોવામાં આવે, અહીંયાં અપેક્ષા બહુ સારી છે, આટલો બધો વિસ્તાર કરીને પણ કહેવું છે એની મૂળ અપેક્ષા બહુ સારી છે. જીવનું જે મૂળ સ્વરૂપ છે એ મૂળ સ્વરૂપમાં ચૌદે ગુણસ્થાન જોવામાં આવતા નથી. ચૌદે ગુણસ્થાન તો સાદિસાંત છે. ફેરફારવાળી ચીજ છે. મારા મૂળ સ્વરૂપને હું જોઉં છું ત્યારે તો એમાં કોઈ ફેરફાર જ નથી એમ દેખાય છે. ત્રણે કાળને વિષે કોઈ ફેરફારને પ્રાપ્ત ન થાય એવું જ મારું મૂળ સ્વરૂપ હું જોઉં. તો પછી આ શું? તો કહે છે, નાખ એને પુદ્ગલમાં. શું (છે) શું. આ શું? એ પુદ્ગલ. જીવથી અન્ય તે પુદ્ગલ. એને પુદ્ગલમાં નાખ ને. જીવની બહાર એ બધું પુદ્ગલ અજીવ. એમ કહેવું છે. અજીવ સાથે એના સંબંધો છે.

ચૌદે ગુણસ્થાનના સંબંધો શેને છે? અજીવ સાથે સંબંધો છે. ક્ષાયિક પર્યાયને કર્મના ક્ષય સાથે સંબંધ છે. ઉદય પર્યાયને કર્મના ઉદય સાથે સંબંધ છે. ઉઘાડની પર્યાયને ક્ષયોપશમની સાથે સંબંધ છે. હવે જેને કર્મ સાપેક્ષપણું વર્તે છે એ કર્મ નિરપેક્ષ એવો જે જીવ છે એને અને એને ક્યાં એક ગણવા? એને એક કેવી રીતે ગણવા? એને એક ગણવા નહિ. એમ લેવું છે. એવું જીવતત્ત્વ એને લક્ષમાં આવવું જોઈએ. આ લક્ષનો વિષય જીવ જે છે એ આવો છે.

આશ્રયનો વિષય જે જીવ છે, લક્ષનો વિષય જે જીવ છે એ આવો જીવ છે

એમ કહેવું છે કે જેમાં ગુણસ્થાન પણ લક્ષમાં રહેતા નથી. ભાવના ભલે મોક્ષની હોય, મુક્તદશાની હોય પણ એ કાંઈ લક્ષનો વિષય નથી. લક્ષનો વિષય ત્રિકાળી તત્ત્વ છે કે જેની અંદર એવા કોઈ ભેદ પ્રભેદ કોઈપણ કાળે જોવામાં આવતા નથી. વર્તમાનમાં નથી અને કોઈપણ કાળે જોવામાં આવતા નથી. ચૌદ ગુણસ્થાને એમણે લઈ લીધા છે.

'**તે સર્વ પુદ્ગલપરિણામમય જાણવાં. આ પુદ્ગલ જ્યારે જીવપ્રદેશોમાં એકક્ષેત્રાવગાહી પુદ્ગલ થાય છે ત્યારે જીવના સમીપે રહેલાં પુદ્ગલ, આટલા આ લક્ષણરૂપે પરિણમે છે. તેથી આ લક્ષણરૂપ પુદ્ગલપરિણામને જીવસમીપી કહેવામાં આવે છે.**' જીવના એક ક્ષેત્રે હોવાથી તેને જીવસમીપી એવું નામ દેવામાં આવે છે. ક્ષેત્ર અપેક્ષાએ જીવની સમીપ હોવાથી. '**તેથી આ સર્વ પુદ્ગલપરિણામ અચેતન જાણવા-પુદ્ગલમય જાણવા. એનામાં ચેતનનો ભ્રમ ન કરવો.**' આટલા માટે કહેવામાં આવે છે. આ હેતુ છે. કહેવાનું કારણ આ છે, હેતુ આ છે. એવા જીવના જીવસમીપી એવા પરિણામ છે કે જેમાં અમુક હેતુએ જીવ જણાય છે. જીવ હોય તો થાય ને? જીવ ન હોય તો ન થાય. જીવનો હેતુ એટલે કારણ. એ જીવનું કારણ ખોટી રીતે જણાય ત્યારે શાસ્ત્રમાં એને હેત્વાભાસ કહેવામાં આવે છે. શું કહે છે એને? હેત્વાભાસ કહે છે એને. હેતુનો આભાસ. જીવ વગર કષાય કરે કોણ? એમ કહે. લેશ્યાના પરિણામ છે, પણ જીવ વગર હોય ક્યાંથી? તો કહે છે, તને એમાં જીવ દેખાણો? આ એક હેત્વાભાસ છે. એ હેતુનો આભાસ જેમાં થાય છે.

ખાસ કરીને અધ્યાત્મના વિષયમાં હેત્વાભાસ થાય ત્યાં આખું જે પરિણમન છે એની અંદર મોટી ગડબડ ઉત્પન્ન થાય છે. અથવા જીવનું પ્રયોજન ત્યાં સિદ્ધ થતું નથી, પ્રયોજન માર્યું જાય છે. એ હેત્વાભાસને કારણે માર્યું જાય છે. દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મ સમજતી વખતે કાર્ય-કારણની વિપરીતતારૂપ અજ્ઞાન જેને કહેવામાં આવે છે, મિથ્યાત્વ કહેવામાં આવે છે એ ન થાય એ મુદ્દાનો વિષય છે, પ્રયોજનનો વિષય છે, સાવધાનીનો વિષય છે.

'**તેથી આ સર્વ પુદ્ગલપરિણામ અચેતન જાણવા-પુદ્ગલમય જાણવા. એનામાં ચેતતનો ભ્રમ ન કરવો. ગમે તે કાળે પણ (દરેક વખતે, ત્રણે કાળ, હંમેશાં) (એમને) અન્ય દ્રવ્ય જ જાણવું.**' એને સ્વદ્રવ્ય ન જાણવું. એને પોતાનું મૂળ સ્વરૂપ ન જાણવું. અન્ય દ્રવ્ય જાણવું એટલે એને પોતાનું મૂળ સ્વરૂપ ન જાણવું. મૂળ સ્વરૂપને ઓળખાવવા માટે આ નથી, આ નથી, આ નથી, ન ઈતિ, ન ઈતિ, ન ઈતિ, નેતિ, નેતિ, નેતિ કહેવામાં આવે છે. આમ છે. એ આખી વિવિક્ષા ચાલી. જૈનદર્શનમાં

આખી વિવિક્ષા બહુ મોટી ચાલી છે. આ પણ નહિ, આ પણ નહિ, આ પણ નહિ. ન ઈતિ, ન ઈતિ, ન ઈતિ. તે ત્યાં સુધી..

મુમુક્ષુ :- ન ઈતિમાં હજી વિકલ્પ રહે છે. આ હું...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ હું.... મૂળ સ્વરૂપ હોય છે પછી વિકલ્પ રહિત તત્ત્વ છે. વિકલ્પથી રહિત છે નહિ, વિકલ્પથી બહુ દૂર છે. સર્વ પ્રકારના વિકલ્પથી જે અત્યંત દૂર છે. સર્વ પ્રકારના વિકલ્પથી અત્યંત દૂર છે નહિ, ચારે પ્રકારના પર્યાયથી જે અત્યંત દૂર છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા ચારે ભાવાંતરોથી અગોચર છે. 'નિયમસાર' તો ૩૮ ગાથામાં એમ કહે છે. અગોચર છે. પણ ક્ષાયિકભાવ તો કેવળજ્ઞાન છે. અને કેવળજ્ઞાનમાં તો મૂળ તત્ત્વ ગોચર થાય છે. અને આપ કહો છો કે ચારે ભાવોથી અગોચર છે. તો કહે છે, એ ભાવનો આશ્રય ત્યાં નથી, એમ કહેવું છે. અગોચર છે એમ કહીને ત્યાં એ ચારે ભાવનો આશ્રય નથી. ચારે ભાવથી એ જુદું તત્ત્વ છે. જુદું છે માટે અગોચર છે એમ કહેવામાં આવે છે. ચારે ભાવમાં એ નથી. ઉદયભાવમાં નથી, ઉપશમભાવમાં નથી, ક્ષયોપશમભાવમાં નથી અને ક્ષાયિકભાવમાં પણ આ ત્રિકાળી તત્ત્વ આવતું નથી. કેમકે એ ક્ષણિક ભાવો છે, આ ત્રિકાળી છે. જો ક્ષણિકમાં ત્રિકાળી આવી જાય તો ક્ષણિકનો નાશ થતાં ત્રિકાળીનો પણ નાશ થઈ જાય. એટલે શુક્લધ્યાનના પરિણામમાં પણ ત્રિકાળી તત્ત્વ નથી. કેમકે ધ્યાન નાશવંત છે. ધ્યાનનો નાશ થતાં એના ધ્યેયભૂત વિષયનો પણ નાશ થાય. ધ્યાન તો વિષયી છે અને ધ્યેય એનો વિષય છે. વિષય અને વિષયીમાં જે જુદાપણું છે એ જુદાપણું જાણવું જોઈએ. એમ કહેવું છે. આ બધો સિદ્ધાંતજ્ઞાનનો વિષય છે. દ્રવ્યાનુયોગમાં અધ્યાત્મ સાથે અથવા જીવતત્ત્વને સમજવા માટે સિદ્ધાંતજ્ઞાનનો વિષય છે.

'**ગમે તે કાળે પણ (એમને) અન્ય દ્રવ્ય જ જાણવું. એનામાં જીવની પ્રતીતિ કરવામાં આવે છે, તે મિથ્યાત્વ છે.**' આમ લેવું છે. અન્ય ભાવોમાં, અન્ય દ્રવ્યમાં જીવની પ્રતીતિ કરવામાં આવે છે તે જ મિથ્યાત્વ છે. મિથ્યાત્વની પરિભાષા 'ટોડરમલજી'એ કરી કે એક તત્ત્વમાં, અન્ય તત્ત્વમાં અન્ય તત્ત્વનો આભાસ થવો, અધ્યાસ થવો તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. જીવનું જે મૂળ તત્ત્વ છે, મૂળ જીવ સ્વરૂપ પારિણામિકભાવરૂપ છે. એ સિવાય ક્યાંય પણ જીવની પ્રતીતિ થવી ત્યાં મિથ્યાત્વ થઈ જાય છે. સ્પષ્ટપણે આ વાત છે. '**એનામાં ક્યાંય જીવની પ્રતીતિ કરવામાં આવે છે, તે મિથ્યાત્વ છે. સમ્યક્જ્ઞાતા એમને અચેતનરૂપ પરદ્રવ્ય તરીકે જુદા જ જાણે છે.**' સમ્યક્જ્ઞાતા-દૃષ્ટા, સાચું જાણનારા છે, યથાર્થ પ્રકારે જાણનારા છે તે તેને પરદ્રવ્ય

તરીકે (જાણે છે). જોયું! '**એમને અચેતનરૂપ પરદ્રવ્ય તરીકે જુદા જ જાણે છે.**' જીવતત્ત્વમાં એને ક્યાંય ભેળવતા નથી.

મુમુક્ષુ :- મિથ્યાત્વના પરિણામ પરદ્રવ્ય.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વના પરિણામ તો પરદ્રવ્ય, પણ સમ્યક્ત્વના પરિણામ પરદ્રવ્ય, કેવળજ્ઞાનના પરિણામ પરદ્રવ્ય. શ્વેતાંબરમાં તો સાંભળવા પણ મળે એવું નથી.

મુમુક્ષુ :- પોતે કરે અને પોતાના નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- જીવ રાગ કરે છે. જીવ કરે છે કે નહિ રાગ? તો કહે, એના નહિ. બોલો!

મુમુક્ષુ :- 'ગુરુદેવ' મને જોઈને આમ જ બોલતા, શ્વેતાંબરમાં આવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. નથી, ત્યાં આ વિષય નથી. મૂળ તત્ત્વનો વિષય, જીવનું તત્ત્વ બતાવવું છે ત્યાં આ પણ જીવ નહિ, એવી જે વાત દિગંબર સાહિત્યમાં છે એ વાત તો ક્યાંય છે જ નહિ. કોઈ જગ્યાએ નથી.

મુમુક્ષુ :- છે છતાં ગોટે ચડી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દિગંબરો ગોટે ચડ્યા. જ્યાં છે ત્યાં એ લોકો ગોટે ચડ્યા. આની તો દૃષ્ટિ જોઈએ. આ તો એવું એક ગૂઢ તત્ત્વ છે. જીવતત્ત્વ છે એ અંતરતત્ત્વ છે, એ બહિરતત્ત્વ નથી. અને એવું એક ગુપ્ત તત્ત્વ છે. 'શ્રીમદ્જી'એ કહ્યું, આ ગુપ્ત ચમત્કાર સૃષ્ટિને લક્ષમાં નથી. ગુપ્ત ચમત્કારિક તત્ત્વ છે. આશ્ચર્યકારી મહાતત્ત્વ છે. એ ગુરુગમ વિના સમજાતું નથી. એવો વિષય છે. અને એ ગુરુગમમાં પણ કોઈ મહાભાગ્યને (પ્રાપ્ત થાય છે). આવે છે તો અનેક, પરિચયમાં તો અનેક જીવો આવે છે પણ કોઈક મહાભાગ્યને એ સમજાય છે. આવું મારું મૂળ સ્વરૂપ, પ્રતીતનો વિષય જે છે, જેમાં જીવની હું પ્રતીતિ કરી શકું કે આ જ હું, આવો જ હું, એ કો'કને સમજાય છે. જેને સમજાય છે એનું ભવભ્રમણ છૂટી જાય છે. એનું પરિભ્રમણ છૂટી ગયું, ખલાસ!

કહે છે કે, સમ્યક્જ્ઞાતા એમને અચેતરૂપ પરદ્રવ્ય તરીકે જુદાં જ જાણે છે. '**પોતાને ચેતનારૂપ ચેતનદ્રવ્ય તરીકે જુદું જ આચરે છે.**' જુદું જાણે છે, જુદું પ્રતીતિ કરે છે અને જુદું આચરે છે. એને એ જુદું જ રાખે છે. એમાં કોઈને ભેળવતા નથી.

મુમુક્ષુ :- મોક્ષતત્ત્વને અજીવ કહી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :- મોક્ષતત્ત્વથી પણ ભિન્ન છે. એનું નામ શુદ્ધ છે. ૩૮ ગાથામાં તો સ્પષ્ટ વાત લીધી છે. નવે તત્ત્વથી ભિન્ન એમાં મોક્ષતત્ત્વ લઈ લીધું છે. મોક્ષ

પણ પર્યાયવેષ છે. જ્ઞાયકને કોઈ પર્યાયવેષ નથી. એ તો આપણે જીવના અધિકારમાં વાંચ્યું. 'બહેનશ્રીનાં વચનામૃત'નો ૧૦૫ નંબરનો બોલ છે. જ્ઞાયકને કોઈ વેષ નથી. મુનિપણું જ્ઞાયકનો વેષ નથી અને કેવળજ્ઞાન પણ જ્ઞાયકનો વેષ નથી અને સિદ્ધપણું પણ જ્ઞાયકનો વેષ નથી. એવું જીવતત્ત્વ છે. સિદ્ધપણું પણ અવસ્થામાં ઉત્પન્ન થાય છે. એની સાદિ થઈ. આ જીવની સાદિ નથી થઈ. પ્રતીતનો વિષય એવો જે જીવ છે એની ક્યારેય ઉત્પત્તિ નથી થઈ. એ તો અનાદિ તત્ત્વ છે. એટલે સિદ્ધપણું પણ એનો એક વેષ છે. નવો વેષ જીવે ધારણ કર્યો. જ્યારે સિદ્ધ થયો એ વેષ એણે નવો ધારણ કર્યો. મૂળ તો જે છે ઈ છે. એમ છે.

એટલે મૂળને પકડીને 'સોગાનીજી'એ કહ્યું ને? કે નિગોદપણું હો કે સિદ્ધપણું હો, નિગોદપણું હો કે સિદ્ધપણું હો, એમાં મારે શું લાભ-નુકસાન છે? પર્યાયમાં જે શુદ્ધિ-અશુદ્ધિનું લાભ-નુકસાન છે, સુખ-દુઃખનું, શાંતિ-અશાંતિનું લાભ-નુકસાન ગણવામાં આવે છે એ પર્યાયની મર્યાદામાં પૂરું થઈ જાય છે. પણ મારી મર્યાદામાં એ પર્યાય નથી. મારી મર્યાદામાં પર્યાય નથી. મને એમાં લાભ-નુકસાન નથી. વાત પૂરી થઈ ત્યાં જ.

મુમુક્ષુ :- ભાવના પરિપૂર્ણ નિર્દોષ થવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છતાં ભાવના એમ જ રહે. આ એનું સમતોલપણું છે. પૂર્ણ તત્ત્વનું જ્ઞાન થયા પછી જ પર્યાયનું સાચું જ્ઞાન થાય છે. અધૂરાશનું અને પૂરાપણાનું. જેવું મૂળ તત્ત્વ છે, એવી જ અવસ્થાએ બરાબર પૂરી શુદ્ધ અવસ્થા છે. તો મૂળ તત્ત્વને જાણ્યા વિના એણે પૂર્ણ શુદ્ધ અવસ્થાને પણ જાણી નથી અને પૂર્ણ શુદ્ધ અવસ્થાને જાણ્યા વિના અલ્પ શુદ્ધ અવસ્થાને કે અશુદ્ધ અવસ્થાને પણ જાણી નથી. એટલે એને નિશ્ચય તત્ત્વનું જ્ઞાન થયા પછી જ અવસ્થાનું બરાબર જ્ઞાન થાય છે. ત્યાં સુધી અવસ્થા વિષયક જ્ઞાન છે એ પણ ગડબડવાળું છે, ભૂલવાળું છે, એમાં પણ અનેક વિપરીતતાઓ ઉત્પન્ન થાય છે. અહીં સુધી રાખીએ...

તા. ૨૦-૬-૧૯૮૬, પાના નં. ૬૨,
પ્રવચન નં. ૪૩

નોંધ :- પ્રવચનમાં B-side પહેલા રેકોર્ડ થઈ હોવાથી ૨૬-૩૦ મિનિટથી વગાડવું.

'આત્માવલોકન'. પહેલા Paragraph થી. અજીવ અધિકાર છે. અજીવતત્ત્વનો અજીવ અધિકાર એટલે અહીંયાં માત્ર કેટલા અજીવો છે, જીવ સિવાયના પાંચ અજીવ દ્રવ્યોની વાત કરી છે, એ દૃષ્ટિકોણ નથી. પણ જે જીવ નથી, જીવના મૂળ સ્વરૂપભૂત નથી તે સર્વ અજીવતત્ત્વ જાણવું. જીવતત્ત્વથી અન્ય તે સર્વ અજીવ જાણવું. એટલી વાત છે. એટલે આકાશ, કાળ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું તો અહીંયાં સ્મરણ પણ કર્યું નથી. એ અજીવ છે. છતાં એનું સ્મરણ પણ કર્યું નથી. માત્ર પુદ્ગલ જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શરૂપ છે એટલે જે જીવના વિકારી પરિણામના વિષયભૂત પંચેન્દ્રિયના વિષયો છે, સ્પર્શ, રસગુણ વગેરે. શરીર વગેરે જે નોકર્મ છે, જેના નિમિત્તે જીવને વિભાવ થાય છે. એ ઉપરાંત વિધવિધ પ્રકારના કર્મપ્રકૃતિના ઉદય છે એ સર્વ પ્રકારે પુદ્ગલનું લક્ષણ અથવા અજીવનું લક્ષણ અહીંયાં કહેવામાં આવે છે. એને અજીવતત્ત્વ ગણ્યું છે.

હવે, અજીવ કર્મની વાત કરે છે. '**વળી, જીવ સાથે જે એ એકક્ષેત્રાવગાહી પુદ્ગલો છે તે પુદ્ગલો જ્યારે ઉદયરૂપે પરિણમે છે ત્યારે સહજ જ તે કાળે જીવનો ચિત્વિકાર પણ તે ઉદયનું નિમિત્તમાત્ર પામીને તે પ્રકારે, તેવા જ ભાવે, તેવા ફૂટે કરી, તેવા સ્વાંગે કરી, તેવું અનુકરણ કરી ચિત્વિકારના ભાવ થાય છે.**' શું કહે છે? જે કર્મપુદ્ગલ જીવના વિભાવનું નિમિત્ત પામીને જીવના એક ક્ષેત્ર, જીવના જ ક્ષેત્ર સાથે સંબંધ પામેલા છે, એવા જે એકક્ષેત્રાવગાહી પુદ્ગલો, એક ક્ષેત્રનું અવગાહન કરીને એટલે જીવનું, પુદ્ગલનું બન્નેનું એક આકાશના ક્ષેત્રે અવગાહન છે. અવગાહનગુણ આકાશનો છે. આકાશ એમાં નિમિત્ત છે. બન્નેને એક નિમિત્ત છે. તેથી તે એકક્ષેત્રાવગાહી કહેવામાં આવે છે. વળી જ્યાં જ્યાં જીવની ગતિ થાય છે ત્યાં ત્યાં તે કર્મ પુદ્ગલો સાથે સંબંધિત એકક્ષેત્રાવગાહી સંયોગરૂપે હોય છે, રહે છે. ક્યાં સુધી? કે જ્યાં સુધી તે ઉદયમાં ન આવે ત્યાં સુધી. પુદ્ગલ પરમાણુનો ઉદયકાળ આવે એ સ્વયં પુદ્ગલ પરમાણુનું કાર્ય છે. કોઈ જીવ કોઈ પુદ્ગલ પરમાણુના ઉદયકાળને લાવી શકે છે?

એના ઉદયકાળને લાવી શકે કે એ ઉદયકાળમાં આવેલા પરમાણુનો ઉદયકાળ સમાપ્ત કરી શકે એવું કાંઈ બની શકતું નથી.

સર્વ જીવોને પુણ્યના ફળનો, અનુકૂળતાનો ઉદય લાવવો છે અને અનેક પ્રકારની ઈચ્છા કરે છે તો તેથી કાંઈ એને એવા કોઈ પરમાણુનો ઉદય થઈ જાય, સત્તામાં હોય તે ઉદય થાય એવું બનતું નથી. પ્રતિકૂળતાનો પાપપ્રકૃતિનો ઉદય હોય, જીવ એને ચાહતો નથી અને આવો ઉદય બંધ થઈ જાય તોપણ એ ઉદય સમાપ્ત થતો નથી. એ એમ સૂચવે છે કે પરમાણુનું ઉદયરૂપ કાર્ય, અનઉદયરૂપ કાર્ય એ સ્વતંત્ર રીતે થાય છે. જીવની ઈચ્છાને કે પરિણામને આધીન થતું નથી.

એ પુદ્ગલો જ્યારે ઉદયરૂપ પરિણમે છે એટલે સ્વયં જ ઉદયરૂપ પરિણમે છે ત્યારે સહજ જ તે કાળે જીવનો ચિત્વિકાર પણ તે ઉદયનું નિમિત્તમાત્ર પામીને, જીવના પરિણામ તે ઉદયનું નિમિત્ત પામીને ચિત્વિકારરૂપે પરિણમે છે. ચૈતન્યના પરિણામ એ ઉદયનું નિમિત્ત પામીને એટલે એ ઉદયનું લક્ષ થઈને, એ ઉદય એમાં પ્રતિબિંબત થઈને જીવના પરિણામમાં પણ ચિત્વિકાર થાય છે. કેવો થાય છે? કે જેવો અહીંયાં પ્રકૃતિનો ઉદય છે તેવો જ થાય છે. જેમ અરીસાની સામે-દર્પણની સામે જેવો પદાર્થ હોય તેવું જ પ્રતિબિંબ પડે. અન્યથા પ્રતિબિંબ પડતું નથી. એમ અહીંયાં જેવો કર્મનો ઉદય હોય છે, આ જ્ઞાનીની વાત નથી, સામાન્ય સંસારમાં સંસારીજીવને શું થઈ રહ્યું છે એની વાત છે. તે સહજ જ તે કર્મની પ્રકૃતિ અનુસાર ચિત્વિકાર એના પરિણામમાં થવા લાગે છે. તેવી જ કોટિનો, તેવા જ સ્વાંગનો અને તેવું અનુકરણ એને જ જાણે અનુસરે છે, એનું જ અનુકરણ કરે છે, કર્મના ઉદયનું અનુકરણ કરે છે એ પ્રકારનો ચિત્વિકાર ભાવ થાય છે. સામાન્ય રીતે સંસારની અંદર સર્વ સંસારી પ્રાણીના ચિત્વિકારની આવી સ્થિતિ છે.

હવે, '**જો પુદ્ગલ ક્રોધના ઉદયરૂપ પરિણમે...**' એનો વિસ્તાર કરે છે કે કેવી રીતે (થાય છે). '**જો પુદ્ગલ ક્રોધના ઉદયરૂપ પરિણમે...**' છે એટલે જે જીવને ક્રોધની પ્રકૃતિનો ઉદય છે તો '**તે કાળે ચિત્વિકાર પણ તેવા જ ભાવે થાય છે. એ રીતે સર્વ જાણવું.**' ત્યારે તે જીવને ક્રોધનો ભાવ આવે.

મુમુક્ષુ :- 'તેવા કૂટે કરી તેવો સ્વાંગ ધરી'...

પૂજ્ય ભાઈશ્રી :- કૂટે એટલે એવા પ્રકારે, એવી કોટિનો. આ તો ઢુંઢારી ભાષા હશે ને એટલે ભળતો શબ્દ લાગે. એવા કૂટે કરીને, તેવી કોટિએ, તેવા સ્વાંગે તેનું અનુકરણ કરી ચિત્વિકાર થાય છે. ગુજરાતી ભાષામાં એ શબ્દ નથી. પણ અર્થ નથી કર્યો. નહિતર Foote note કરીને અર્થ મૂકવો જોઈએ. ઢુંઢારીનો શબ્દ લાગે છે. સંસ્કૃતમાં

એ શબ્દ પ્રચલિત નથી. ફૂટે કરીને. પ્રકરણ અનુસાર એમ લાગે છે. તે પ્રકારે, તે ભાવે, તેવા ફૂટે, તેવા સ્વાંગે, તેવું અનુકરણ કરીને. ફૂટનો અર્થ Quality લેવો હશે. તેવી કોટિ. તારતમ્યતા એવી જ હોય. એના ઉપર દૃષ્ટાંત આપ્યું.

જો પુદ્ગલ ક્રોધના ઉદયરૂપે પરિણમે, ક્રોધ પ્રકૃતિનો ઉદય થાય તો તે કાળે ચિત્વિકાર પણ તેવા જ ભાવે થાય છે એ રીતે જાણવું. અથવા લોભ પ્રકૃતિનો ઉદય હોય અને તે જીવ સંસારમાં ઉદારતાના પરિણામ કરે એમ બનતું નથી. લોભપ્રકૃતિનો ઉદય હોય ત્યારે એને લોભના પરિણામ થાય. ક્રોધ પ્રકૃતિનો ઉદય હોય ત્યારે ક્રોધના પરિણામ થાય. માન પ્રકૃતિનો ઉદય હોય ત્યારે નમ્રતાના પરિણામ ન થાય. કેમકે એવું જ એનું અનુકરણ થાય છે, ઉદયનું અનુકરણ થાય છે. સામાન્ય રીતે જીવનો પુરુષાર્થ ઉદયને અનુસરે છે.

મુમુક્ષુ :- બે દ્રવ્ય જુદાં છે, એમ કેમ બને?

પૂજ્ય ભાઈશ્રી :- બે દ્રવ્ય જુદાં હોવા છતાં જુદાપણામાં પણ એવી જ યોગ્યતા છે. જ્ઞાન અને જ્ઞેય બેય જુદાં છે, છતાં જેવું જ્ઞેય તેવું જ્ઞાનમાં કેમ પ્રતિબિંબ પડે છે? એ જ્ઞાનની યોગ્યતા છે કે જેવું જ્ઞેય હોય એવું અહીંયાં પ્રતિબિંબ પડે એ જ્ઞાનની સ્વતંત્ર યોગ્યતા છે. જ્ઞેયને આધીન જ્ઞાનનું પરિણમન નથી. અહીંયાં આવું જ્ઞેય છે માટે અહીંયાં આવું જ્ઞાન છે, એવું બિલકૂલ નથી. તે કાળે તે જ્ઞાનનો તદાકારે પરિણમવાનો, તેવા જ્ઞાનાકારે, જ્ઞેય અનુસાર તેવા જ્ઞાનાકારે પરિણમવાનો સ્વકાળ છે. કોને લઈને? કે જ્ઞાનને પોતાને લઈને. એમ પરિણમવું એ જ્ઞાનનું પોતાનું કારણ છે. નિશ્ચયથી ખરેખર આમ છે. ઉદય છે માટે નહિ, પણ જીવનો એવો એક ચૈતન્યદર્પણરૂપ સ્વભાવ હોવાથી અહીંયાં જેવો ઉદય થાય છે, અહીંયાં પરિણમન પણ એવું જ થાય છે. સંસારી જીવને.

મુમુક્ષુ :- જગતના પદાર્થો જ્ઞાનમાં જ્ઞેય થાય છે એ જ પ્રમાણે ક્રોધનો ઉદય કે રાગનો ઉદય જ્ઞેયરૂપ થાય છે? પરિણમે છે અને જ્ઞેય થાય છે એમાં ફરક શું?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે જીવને એવો અભિપ્રાય છે, એવો અધ્યાસ છે કે જ્ઞેયો મારા ઉપર કાંઈક અસર કરે છે. અન્ય પદાર્થ મારા ઉપર કાંઈક અસર કરે છે. જેમ કે મરચું છે એ જીભ ઉપર આવે ત્યારે જ્ઞાનમાં તીખું જણાય છે. જ્ઞાનમાં શું થાય છે? કે આ પદાર્થનો સ્વાદ તીખો છે. પણ એટલો જ માત્ર નહિ જાણતા જીવ વધારે પડતો ભાવ કરે છે, વિશેષ ભાવ કરે છે એટલે એને વિભાવ કહે છે. એવો ભાવ કરે છે કે તીખું જણાય છે નહિ, પણ તીખું મને લાગે છે. તીખાપણાની મારામાં અસર થાય છે. જાણવું બીજી વાત છે અને મને લાગે છે

એ બીજી વાત છે. એ એને અધ્યાસ છે. લાગવા-બાગવાનું કાંઈ જ્ઞાનમાં છે નહિ. પણ જીવ પોતાના જ્ઞાનવેદનને ભૂલેલો છે અને મરચું તીખું લાગે છે ત્યારે પણ જ્ઞાનવેદનને ભૂલતો થકો, તીખાશના વેદને પરિણમતો થકો એવો અનુભવ કરે છે કે મને તીખું લાગે છે. એટલે એણે વેદનને વાળ્યું જ્ઞેય ઉપર. માત્ર જાણીને જુદો રહ્યો હોત અથવા એને સ્વ-પર પદાર્થની ભિન્નતાનું જ્ઞાન હોત તો એને એ ભિન્ન પદાર્થ ભિન્ન જ્ઞેયપણે માત્ર જાણવા પૂરતો રહી જાત. તેના બદલે તે વેદવા પણ લાગ્યો કે મને આ તીખું લાગે છે.

'ગુરુદેવ' આના ઉપર એક બહુ સરસ દૃષ્ટાંત આપતા કે નારકીના જીવને નારકીની પ્રતિકૂળતાઓનું દુઃખ નથી. તો શેનું દુઃખ છે? આ પ્રતિકૂળતાઓ મને છે એનું એને દુઃખ છે. શરીરમાં રોગનું અશાતાનું દુઃખ નથી, પણ એ રોગને અશાતા મને થઈ છે એનું દુઃખ છે. જૈનદર્શનનું આ તત્ત્વજ્ઞાન છે. અશાતા જ્ઞાનનું જ્ઞેય છે અને માત્ર જ્ઞાનનું ભિન્ન જ્ઞેય તરીકે અશાતાનું જાણવું થાય તો ત્યારે તે જીવને અશાતાના કાળે પણ દુઃખભાવ થતો નથી. ઊલટાનો એને સુખભાવ થાય છે.

મુમુક્ષુ :- ઉપસર્ગના કાળે મુનિને જ્ઞાન બરાબર હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાન હોય તો વિશેષ સુખ થાય છે, વિશેષ આનંદ થાય છે.

મુમુક્ષુ :- વેદવું એ એનો સહજ સ્વભાવ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું વેદવું એ પોતાનો સહજ સ્વભાવ છે. પરપદાર્થને વેદી નહિ શકતો હોવા છતાં વેદવાનો ભાવ થવો તે વિભાવભાવ અધ્યાસિત ભાવ છે. એટલે એને વિભાવભાવ કહ્યો. પોતાની મર્યાદા છોડીને વધારે પડતો આગળ વધી ગયો ભાવમાં તેથી તેને વિભાવ કહ્યો. વધારાનો ભાવ, વિશેષ ભાવ તે વિભાવ છે. શાસ્ત્રમાં વિભાવની પરિભાષા એવી આવે છે કે વિશેષ ભાવ તે વિભાવભાવ. વિશેષભાવ તરીકે વિભાવભાવની પરિભાષા થાય છે.

મુમુક્ષુ :- વેદવાથી છૂટું પડવાનું છે એમ કીધું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વેદનથી ભિન્ન પડવું જોઈએ. પોતાના જ્ઞાનમાં પોતાનું જ્ઞાનવેદન છે. એમાં ઉપયોગ રહે, જ્ઞાનવેદનમાં ઉપયોગ રહે કે મારું વેદન તો મારામાં છે તો એને અન્ય પદાર્થનું પોતામાં વેદન જણાતું નથી. અન્ય પદાર્થ જણાય છે તોપણ અન્ય પદાર્થનું વેદન જણાતું નથી. આટલો ફરક પડે છે. એ બહુ મોટો ફરક છે. એ વિધિનો વિષય છે. બહુ સારો વિષય ૩૧૨ નંબરનો એક બોલ છે.

મુમુક્ષુ :- જેમ જાણવું સહજ છે એમ વેદવું સહજ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, વેદવું એનો સ્વભાવ છે. જાણવું, વેદવું, જ્ઞાયકતા, વેદકતા એનો સામાન્ય સ્વભાવ છે. કોને? કે પોતાને જાણે તો એ સ્વભાવ છે અને પોતાને વેદે તો સ્વભાવ છે અને બીજાને વેદે તો વિભાવ છે. સ્વપરપ્રકાશક છે એટલે સ્વપર જાણવાનો સ્વભાવ છે, પણ સ્વપરને વેદવાનો સ્વભાવ નથી. સ્વપરને જાણવાનો સ્વભાવ છે, પણ સ્વપરને વેદવાનો સ્વભાવ નથી. વેદી નથી શકતો.

મુમુક્ષુ :- સ્વને વેદી શકે છે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વને વેદી શકે છે પણ સ્વપરપ્રકાશપણું છે એમ સ્વપરવેદકપણું છે એમ નથી. સ્વનું વેદનપણું છે એ એનો સ્વભાવ છે, પરનું વેદનપણું એ એનો વિભાવ છે. પણ સ્વનો પ્રકાશક સ્વભાવ છે અને પરનો પ્રકાશક વિભાવ છે એમ નથી. અથવા સ્વપ્રકાશક નિશ્ચય છે અને પરપ્રકાશકપણું વ્યવહાર છે એમ પણ નથી. બન્ને નિશ્ચય છે. એમ છે.

અહીંયાં થોડા વિધિના વિષય ઉપર બહુ સાદી ભાષામાં અને સંક્ષેપમાં બહુ સારી એક વાત છે. ૩૧૨ નંબરનો વચનામૃતનો બોલ છે. '**અનાદિકાળથી એકત્વ પરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે.**' જેટલા ઉદયભાવો, જેટલા પરિણમનના વિભાવભાવોના પ્રકાર અને જ્યાં જ્યાં જીવને પોતાના પૂર્વકર્મના ઉદય સાથે નોકર્મનો સંબંધ છે, શરીર આદિ, એ અનાદિકાળથી એકત્વ પરિણમનમાં આ બધું એકમેક થઈ ગયું છે. એને ક્યાંય હું જુદો એવું પરિણમન થતું નથી. પોતાનું ભિન્ન પરિણમન નહિ થતું હોવાને લીધે અનાદિકાળથી એકત્વ પરિણમન સર્વત્ર થઈ રહ્યું છે. '**તેમાંથી...**' આ હાલતમાંથી, હવે એમ કહે છે. આ તો થઈ જ રહ્યું છે. હવે આ પરિસ્થિતિમાંથી '**હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું...**' અવતરણ ચિહ્નમાં આટલા શબ્દો લીધા છે. '**હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ જુદું પડવાનું છે.**' બસ, આટલી વિધિ છે. કેટલી સંક્ષેપમાં વાત છે! ટૂંકામાં ટૂંકી. એટલે કોઈપણ વિભાવના કાળમાં, કોઈપણ ઉદયના કાળમાં હર હાલતમાં જીવ હું જ્ઞાનમાત્ર છું, એમ કરીને જ્ઞાનને પકડીને જુદો થઈ જાય. જ્ઞાનને, ચાલતા જ્ઞાનને પકડીને જુદો પડી જાય છે કે માત્ર જ્ઞાનરૂપ છું. બસ, આટલું કરવાનું છે. આમ જુદું પડવાનું છે. વિભાવમાં જીવ ભેળસેળ થઈ ગયો છે.

'**જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો.**' જ્યારે ભૂલી ગયો હતો ત્યારે પણ દોરો તો કાંડે બાંધેલો હતો. પણ એને સાવધાની આવી કે મારી માતાએ એમ કહ્યું છે, દૃષ્ટાંત એવો છે, એક ભૂલકણો છોકરો છે. એનું નામ ગોસળિયો છે. એ પોતાને ભૂલી જાય છે. પોતાને ભૂલી જાય છે ત્યારે એને એવો વિભ્રમ થાય છે કે હું ખોવાઈ ગયો છું, હું ખોવાઈ ગયો છું.

એને બજારમાં મોકલે કે જા, આ ચીજ લઈ આવ, આ ચીજ લઈ આવ. એ રૂપિયાનો સાબુ લઈ આવે. એની માને પૂછ્યું કે હું બજારમાં જાઉં ને ક્યાંક ખોવાઈ જઈશ તો? બજારમાં બહુ માણસો હોય અને હું એમાં ખોવાઈ જાઉં તો? તો કહે, તારા કાંડે એક લાલ દોરો બાંધી દઉં છું. જ્યારે તને એમ લાગે કે હું ખોવાઈ ગયો છું ત્યારે તારે લાલ દોરા સામે જોવું. અને એમ સમજવું કે જેના કાંડે લાલ દોરો બાંધ્યો હોય તે ગોસળિયો. આ 'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા.

'જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો.' આ રહ્યું હું, હું અહીંયાં છું. **'તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી...'** આ જ્ઞાનદોરો છે. ચાલતો જે જ્ઞાનનો પર્યાય તે જ્ઞાનનો દોરો છે. જ્ઞાનલક્ષણ છે તે જ્ઞાનનો દોરો છે. તેના તરફ **'યથાર્થ લક્ષ કરી...'** આ જરા ગૂઢ વાત છે. કેવી રીતે લક્ષ કરીને? યથાર્થ લક્ષ કરીને. એનો વિચાર કરીને નહિ પણ એનું યથાર્થપણે લક્ષ કરીને. ચાલતા જ્ઞાનના વેદનમાં સ્વભાવનું ગ્રહણ કરીને સ્વભાવને લક્ષમાં લઈને **'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું...'** જ્ઞાનદોરા તરફ લક્ષ કરીને, યથાર્થ લક્ષ કરીને હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું, આ એટલા શબ્દો દોહરાવ્યા છે. **'એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે.'** એમ પોતાને જુદો પાડી લેવાનો છે. બસ, આટલું કામ છે. એ કોઈપણ હાલતમાં થઈ શકે એવું છે, કોઈપણ ક્ષણે થઈ શકે એવું છે. કોઈ (પણ) સમયે થઈ શકે એવું છે. આથી કોઈ લાંબીચોડી વાત નથી. આ ખૂબી જો એને, આ કળા, આ કળ એના હાથમાં આવી જાય કે હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું, એમ જ્ઞાનદોરાથી મોજૂદ છે, જે જ્ઞાન હયાત છે, એ હયાત જ્ઞાન ઉપરથી, વર્તમાન જ્ઞાન ઉપરથી જ્ઞાનનું ગ્રહણ કરે અથવા જ્ઞાનમાં હુંપણું પોતાની હયાતીનું ગ્રહણ કરે એટલે આખા પદાર્થનો આશ્રય થઈ ગયો, સ્વભાવનો આશ્રય થઈ ગયો.

જો જીવ ચાલતા જ્ઞાનમાં પોતાની હયાતીનું ગ્રહણ કરી લ્યે કે આ હું, છું નો અર્થ જ એ છે, આ હું. એટલે આખા પદાર્થનો આશ્રય થઈ ગયો, ત્રિકાળીનો આશ્રય થઈ ગયો, સ્વભાવનો આશ્રય થઈ ગયો. બસ, જુદા પડવામાં આટલું કરવાનું છે.

મુમુક્ષુ :- વેદન તો પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- વેદન પર્યાય છે પણ ત્યાં પરવેદન એને થતું નથી. હું જ્ઞાનમાત્ર છું, એમ સ્વલક્ષમાં યથાર્થ લક્ષમાં એને પરનું વેદન જણાતું નથી કે પર મને વેદાય છે. મને મરચું તીખું લાગે છે એ વાત ત્યાં રહેતી નથી. મરચાની તીખાશ જ્ઞાનમાં જણાય છે પણ મને લાગે છે એમ જ્ઞાનમાં જણાતું નથી. શરીરની પીડા જ્ઞાનમાં જણાય છે પણ પીડા જ્ઞાનને થાય છે એમ જણાતું નથી. આ વિશેષતા છે. શરીરની

વેદના જ્ઞાનમાં પ્રતિબિંબિત થતી હોવા છતાં જ્ઞાનને વેદના છે એમ જણાતું નથી. વેદના ભિન્ન છે અને જ્ઞાન ભિન્ન છે, એમ જ્ઞાનવેદનનું ગ્રહણ થતાં ભિન્ન જ્ઞાનવેદનાનું જાણવું થાય છે.

મુમુક્ષુ :- ઘણા સારા બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો બહુ સાદી ભાષામાં પણ ગજબ વાત કરી છે.

મુમુક્ષુ :- વેદના ભિન્ન છે અને જ્ઞાન ભિન્ન છે એમ જે કીધું, તો વેદના તો જ્ઞાનમાં જ જણાય છે. ભાવથી ભિન્ન પાડવું? ભાવથી ભિન્ન જાણવું ને?

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્ન ભાવ છે માટે ભિન્ન જાણવો. વેદનાનો ભાવ ભિન્ન છે, જ્ઞાનનો ભાવ ભિન્ન છે. બે ભાવ ભિન્ન છે. જ્ઞાનમાં વેદનાની સત્તા નથી. વેદનામાં જ્ઞાનની સત્તા નથી. વેદના નાશ પામે છે, જ્ઞાન અખંડપણે ઊભું રહે છે. વેદના નાશ પામતી હોવા છતાં જ્ઞાન અખંડપણે ઊભું રહે છે. આ યુક્તિ છે. વેદના નહોતી ત્યારે પણ જ્ઞાન હતું, વેદના થઈ ત્યારે પણ જ્ઞાન છે, વેદના નહિ હોય ત્યારે પણ જ્ઞાન રહેશે. વેદના સાથે જો જ્ઞાન અભેદ હોય તો વેદનાના નાશ કાળે જ્ઞાનનો નાશ થાય. પણ જ્ઞાન જુદું એમ ને એમ ઊભું રહી જાય છે. અથવા જો એ તપાસે કે જ્ઞાનમાં જ્ઞાન જ છે કે જ્ઞાન સિવાય બીજું કાંઈ છે? તો એને બરાબર માલૂમ પડે એવું છે કે હું જ્ઞાનસ્વરૂપે છું અને હું જ્ઞાનસ્વરૂપે છું એમાં અન્ય કાંઈ નથી. જ્ઞેયો માત્ર પ્રતિબિંબિત થાય છે. તે જ્ઞેયાકારે થતી આકૃત એ જ્ઞાનની સ્થિતિ છે. એમાં જ્ઞેયનું કાંઈ નથી. લવલેશ એમાં જ્ઞેયનું કાંઈ આવતું નથી, જ્ઞેય એમાં ક્યાંય આવતો નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- પરપ્રકાશકભાવ વિભાવ નથી તો છદ્મસ્થ દશાની અંદર પરજ્ઞેયો જે જણાય છે ત્યારે લક્ષ પર ઉપર જાય છે ત્યારે જણાય છે, તો પોતાનું..

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ પર ઉપર જાય છે, તો એ લક્ષ પર ઉપર જાય છે એ જ્ઞાનનું વલણ ખોટું છે. એને પર પદાર્થને જાણવાની અપેક્ષા છે કે મારે ફલાણાં ફલાણાં પરપદાર્થને જ્ઞાનમાં વિષય કરવો છે. એમ અપેક્ષાએ જ્ઞાન પર તરફ જાય છે. જ્ઞાનને એવી અપેક્ષા કરવાની આવશ્યકતા નથી છતાં કરે છે. પરને જાણવા જવાની કુતૂહલ કરવાની એને કોઈ જરૂર નથી. પણ પોતાની સ્વને જાણવાની, અનુભવવાની રુચિના અભાવમાં અને પરરુચિના સદ્‌ભાવમાં જીવ પરને જાણવાની અપેક્ષાવૃત્તિએ પર બાજુ જ્ઞાનનું વલણ કરે છે. એ એનો વિભાવ છે. પર જણાય છે એનો વિભાવ નથી પણ પર બાજુ વલણ કરે છે એ એનો વિભાવ છે. એમ છે. કેમકે પરને જાણવું તો એનું સ્વચ્છત્વપણું છે. એટલે એ કાંઈ એનો વિભાવ નથી, પણ વલણ

કરવું એ એનો વિભાવ છે. એટલે તો ત્યાં કેવળજ્ઞાનથી સમજાવવામાં આવે છે કે કેવળજ્ઞાન નિરવશેષ અંતર્મુખ રહે છે. અંશમાત્ર પણ બહિર્મુખ બહારનું વલણ કેવળજ્ઞાનને નથી. તોપણ એ કેવળજ્ઞાનની અંદર લોકાલોક પ્રતિબિંબિત થાય છે, એના પૂર્ણ સ્વચ્છતાના વિકાસને લીધે. અહીંયાં અપૂર્ણ વિકાસ છે તો થોડું પ્રતિબિંબ થાય છે.

એક માણસ એક ડુંગર ઉપર ચડીને ફરતું જોવે છે. ગિરનાર ઉપર જાય, શેત્રુંજય ઉપર જાય તો માઈલો સુધી એને દેખાય છે. ત્યારે એનું કુતૂહલ લંબાય છે કે આ ફલાણું ગામ છે એ આટલા માઈલ દૂર છે એ દેખાય છે. એને તો ઈથી આગળ જવું છે. કેમકે એનો કેવળજ્ઞાન સ્વભાવ છે ને. એટલે એને તો ઈથી આગળ જવું છે. પણ એથી આગળ કેટલેક દૂર એને ક્ષિતિજમાં કાંઈ દેખાતું નથી. તો એ વલણ કરે છે માટે દેખાય છે એમ નથી. એનું વલણ તો ઘણું જોવાનું છે. એને તો જ્યાં સુધી જોવાય ત્યાં સુધી જોવું છે. કેટલે? જેટલું જોવાય એટલું જોવું છે. એવું એ વલણ કરે છે તો તેથી કાંઈ એને બધું દેખાય જાય છે? જેટલી એની સ્વચ્છતા છે એટલું જ દેખાય છે. એટલે દેખાય છે સ્વચ્છતા અનુસાર પણ એ જ પરપદાર્થ તરફનું વલણ કરે છે એ એને પરસન્મુખતા કરે છે, એ પરસન્મુખતા કરવી એ એનો સ્વભાવ નથી. પર બાજુનું વલણ થવું એ જીવનો સ્વભાવ નથી.

કેવળજ્ઞાનમાં સર્વ લોકાલોક જણાવા છતાં પર પ્રત્યેનું વલણ જરાપણ નથી. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા.' સમવસરણની સ્તુતિ છે એમાં અરિહંત ભગવાનને, તીર્થંકર ભગવાનને ઉદ્દેશીને એમ કહ્યું છે કે આપના જ્ઞાનમાં અનંત જ્ઞેયો જણાવા છતાં, સો સો ઈન્દ્રો આપને નમન કરે છે, એની ઈન્દ્રાણીઓ નૃત્ય કરે છે, ભક્તિથી નાચે છે પણ 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા'. એની સન્મુખ તો તમારા પરિણામ જરાય જ્ઞાનના નથી. એવા આપને હું નમન કરું છું. આપ એના તરફ જરા પણ સામું જોતા નથી. એ જ્ઞેયો જણાય છે છતાં એના સામું આપ જોતા નથી. એવી એક જ્ઞાનની સ્વપરપ્રકાશક શક્તિ છે.

... છદ્મસ્થ છે એ પર બાજુ વલણ નથી કરતો ત્યારે એને, ઉપયોગ પર બાજુ નથી લઈ જતો ત્યારે એને પર નથી જણાતું. ન જણાય તો એનું શું પ્રયોજન છે? એનું પ્રયોજન સ્વ બાજુ વલણ કરવાનું છે અને સ્વ બાજુ વલણ કરતાં સ્વનો પોતારૂપે સ્વાનુભવ થાય છે ત્યારે એને પરનું પ્રયોજનભૂત જ્ઞાન એટલું થાય છે કે આ સ્વાનુભવમાં હું એકલો જ છું, સ્વ જ છું અને પર કોઈ નથી. પરની નાસ્તિનું જે જ્ઞાન થઈ જાય છે એમાં પર તરફનું વલણ નથી થતું. સ્વાનુભવમાં માત્ર હું જ છું અને મારામાં મારા સિવાય કોઈની હયાતી નથી, એવું જે જ્ઞાન થઈ જાય

છે એમાં પર બાજુ વલણ પણ થતું નથી અને વિચાર પણ થતો નથી. વિચાર થયા વિના જ એનું જ્ઞાન થાય છે. આ ઘર મારું છે, એમાં બીજા કોઈ ઘર મારા નથી એવો વિચાર કરવાની જરૂર નથી. જરૂર છે? આ દીકરો મારો છે એમ જાણ્યું તો આખા ગામના છોકરાઓ મારા નથી એમ વિચાર કરવાની જરૂર છે?

પરનું જ્ઞાન છદ્મસ્થ દશામાં પ્રયોજનભૂત રીતે એવી રીતે થાય છે કે જે માત્ર સ્વઆશ્રિતપણે થઈ જાય છે. ત્યાં સ્વપરપ્રકાશકપણું આવી ગયું. પણ પર બાજુ જાણતાં જ પર જણાય એવો જે સ્થૂળ પરિણમનના પ્રકારથી માત્ર પરનું જાણવું છે એમ ખરેખર એ જ્ઞાનની સર્વ વિશેષતાઓને જાણતો નથી. એ પોતાના સ્થૂળ અનુભવને પકડીને એમ કહે છે કે હું તો પર બાજુ વલણ લઈ જાઉં ત્યારે મને પર જણાય છે. પર બાજુ ઉપયોગ ન લઈ જાઉં તો મને પર નથી જણાતું. તો મારે તો બીજો ઉપાય જ નથી, પરને જાણવામાં પર સન્મુખ થવું જ પડે. એને એમ કહે છે કે તારે પરસન્મુખ થવાની આવશ્યકતા શું છે? એનો વિચાર કર. જરૂરિયાત શું ઊભી થઈ?

જેમ કોઈ છોકરાઓ છોકરાઓને શેરીની અંદર તકરાર થાય. ત્યારે છોકરાની માં એમ કહે, તું ઘરે બેસ છાનોમાનો. બહાર જઈશ નહિ. કેમ? તું બહાર જાય છે તો તારે તકરાર થાય છે અને તું પાછો રોતો રોતો આવે છે કે મને બીજા છોકરા મારે છે. તો છાનોમાનો તું ઘરે બેસ. તો કહે, ના હું તો બહાર જઈશ. એ પાછો માન્યો નહિ ને વળી બહાર ગયો, વળી માર ખાઈને આવ્યો. મને માર્યો. તો કહે, તને કીધું નહોતું? બહાર નથી જતો. શું કરવા બહાર જાય છે? એને બહાર જવાની અમથી અમથી જરૂરિયાત લાગે છે, અમથો અમથો બહાર જાય છે અને માર ખાય છે, અમથો અમથો બહાર જાય છે અને માર ખાય છે. આ પરિસ્થિતિ છે એની.

ઉપયોગને બહાર જવાની જરૂર નથી. બહાર જાય છે તો આકુળતાનો માર ખાઈને આવે છે. જેટલો બહાર જાય છે એટલો આકુળતાનો માર ખાયને બહાર આવે છે. તો એને જ્ઞાની સમજાવે છે, ભગવાન સમજાવે છે કે ભાઈ, ઘરે બેસને તું. તું ઘરે બેસ, તારે ક્યાંય બહાર જવાની જરૂર નથી. તોપણ અમસ્તો અમસ્તો જાય છે. જાય છે તો માર ખાય છે. આ એની પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કીધું કે કેવળજ્ઞાનમાં બધું જણાય જવાનું છે, મારે વિશેષ જાણવાની..

પૂજ્ય ભાઈશ્રી :- મારે વિશેષ જાણવાની અપેક્ષાથી શાસ્ત્રો પણ વાંચવા નથી. ત્યાં તો એમણે એ વાત લીધી છે કે મારે મારા જ્ઞાનનું જાણપણું વધારવા, ક્ષયોપશમ

વધારવા, કુતૂહલવશ થઈને શાસ્ત્રો પણ જાણવા નથી. કુતૂહલવશ જે જીવ શાસ્ત્ર વાંચે છે તે આત્માર્થે શાસ્ત્ર વાંચતો નથી. ઠીક! તે જાણપણું વધારવા શાસ્ત્ર વાંચે છે. જાણપણું અને યાદદાસ્તમાં આ યાદ રાખું, આ યાદ રાખું. શું કરવા? કોઈને કહેવા થાશે, કોઈને સમજાવવા થાશે. મારું જ્ઞાન છે એમ કોઈને બતાવવા થાશે. કહે છે કે એ તને શાસ્ત્રનો અભિનિવેષ ઉત્પન્ન કરશે. સિવાય આત્માર્થ શાસ્ત્રનું અધ્યયન શાસ્ત્રઅભિનિવેશ ઉત્પન્ન થવાનું કારણ થાય છે. શાસ્ત્રાભિનિવેશ ઉત્પન્ન થાય છે તે દર્શનમોહની વૃદ્ધિનું કારણ થાય છે. આ સીધો છેડો ત્યાં અડે છે. દર્શનમોહને લાગે છે.

કહે છે, જે કાળે ક્રોધપ્રકૃતિનો ઉદય થાય છે ત્યારે જીવ તેવા જ ભાવે થાય છે. કેમકે એ પોતાના સ્વવેદનમાં રહ્યો નથી. તેવા જ ભાવે થાય છે. '**એ રીતે સર્વ જાણવું. એ રીતે જીવના આ ચિત્વિકારભાવોને ઔદયિકભાવ કહેવામાં આવે છે.**' આ રીતે ઉદયને અનુસરીને, ઉદયને અનુકરણ કરીને ઉદયનો જેવો પ્રકાર છે, ઉદયનો જેવો સ્વાંગ છે તેવા જ ભાવે જીવ પરિણમે છે તેને ઔદયિકભાવ કહેવામાં આવે છે. '**અથવા જ્યારે આ ક્ષેત્રાવગાહી પુદ્ગલપ્રકૃતિ-ઉપશમ, ક્ષયોપશમ, ક્ષયરૂપ એ ત્રણ પ્રકારની નાશ થવાની જુગતિથી (રીતિથી) પુદ્ગલપ્રકૃતિ નાશ થાય છે. ત્યારે તે કાળે તેવી રીતિથી જીવનો આ ચિત્વિકાર પણ નિઃસંદેહ નાશ થઈ જાય છે.**' એ તો સામે જેમ જ્ઞેય ખસી ગયું તો અહીંયાં જ્ઞેયનું પ્રતિબિંબ પણ મટી ગયું. એવી પરિસ્થિતિ થાય છે. પણ સમ્યક્ પ્રકારના પુરુષાર્થ કાળે ફરીને ચિત્વિકાર થતો નથી અને જ્યાં સમ્યક્ પ્રકારનો પુરુષાર્થ પ્રવર્તતો નથી ત્યાં તે તે ચિત્વિકાર નાશ પામે છે અને નવા કર્મનો ઉદય થતાં નવો ચિત્વિકાર થાય છે. એ જ કાળે શરૂ થઈ જાય છે. એટલે કોઈપણ ચિત્વિકાર સદા ટકતો નથી, પણ જીવનો જો પુરુષાર્થ હોય તો એની જે પરંપરા છે એને એ તોડી શકે છે. અને જીવનો પુરુષાર્થ ન હોય તોપણ ચિત્વિકાર નાશ થતાં થતાં થતાં, નવા નવા તે જ કાળે ચિત્વિકાર ઊપજી જાય છે. અને એ રીતે એનો વિભાવ સતત ચાલુ રહેતો જોવામાં આવે છે. પણ એ વિભાવના પ્રકાર બદલાતા જોઈને, એનું પ્રકારાંતરપણું જોઈને સ્પષ્ટ થાય છે કે પહેલો હતો તે નાશ પામી ગયો છે, તેનો તે નથી રહ્યો. પહેલો ચિત્વિકાર છે એ નાશ પામી ગયો છે અને તેનો તે રહ્યો નથી.

તે '**નિઃસંદેહ નાશ થઈ જા છે. જ્યાં ચિત્વિકાર નાશ થયો...**' હવે, એ વિચારવા જેવું છે કે ક્રોધ થયો. એ ક્રોધને શમાવવાનો, ક્રોધનો અભાવ કરવાનો કોઈ બુદ્ધિપૂર્વકનો પુરુષાર્થ ન કર્યો છતાં ક્રોધ કેમ નાશ પામી ગયો? તમે તો કોઈ બુદ્ધિપૂર્વકનો પ્રયાસ નથી કર્યો કે આ ક્રોધ મારે મટાડવો છે હવે. આપોઆપ ક્રોધ કેમ નાશ થાય અને

બીજો ભાવ આવે છે? બીજા વિષયમાં જીવ પરિણમવા લાગે છે. કે ત્યાં તે પ્રકારનો ઉદય પણ ખલાસ થયો છે. અંદરમાં તે કર્મના પુદ્‌ગલોનો ઉદય પણ ખલાસ થયો છે. એટલે એ વિષયને લોકો સ્થૂળપણે સમજી શકે છે કે ક્રોધાયમાન હોય ત્યારે કહે કે હમણાં શાંત થવા દો, હમણાં આપણે એને કાંઈ કહેવું નથી. ઠંડો પડવા દો, આ ભાઈને ઠંડો પડવા દો. ગરમ થઈ ગયા છે અત્યારે, ઠંડા પડવા દો. ઠંડા પડવા દો એનો અર્થ શું? કે જેમ ઉષ્ણ થયેલું પાણી આપોઆપ જ શીતપણાને ભજે છે. લોઢાને ગરમ કર્યું હોય તો આપોઆપ જ ઠંડું પડે છે. ઠંડું પાડવું પડતું નથી. એમ ઉદય છે એ એનો કાળ લઈને આવ્યો છે, એનો સ્વકાળ પૂરો થતાં આપોઆપ ક્રોધ પણ શમાવા લાગે છે.

એટલે વિભાવનો નાશ, ઉદયમાન વિભાવનો નાશ કરવા માટે કોઈ પુરુષાર્થની જરૂર નથી. એના લક્ષે પુરુષાર્થ કરવાની જરૂર નથી. પુરુષાર્થ સ્વરૂપના લક્ષે કરે તો ઉદયમાનપણું છે એમાં Automatic ફેરફાર થાય છે. અને પોતે ઉદયને અનુસરતો બંધ થઈ જાય છે. બસ! આ વિભાવનો સમ્યક્ પ્રકારે અભાવ થયો. નહિતર અસમ્યક્ પ્રકારે તો અભાવ ક્ષણે ક્ષણે થાય જ છે. સર્વ વિભાવનો અભાવ થાય જ છે. કોઈ વિભાવ શાશ્વત રહેતો નથી.

મુમુક્ષુ :- વિભાવનો નાશ કરવાનો ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે એ પોતે પોતાના અવિકાર સ્વભાવની સન્મુખ થઈને તેમાં તન્મય થાય છે ત્યારે ઉત્પન્ન જ થતો નથી એનું નાશ થયો એમ કહેવામાં આવે છે. ઉત્પન્ન થતો જ નથી, ઉત્પન્ન થતો બંધ થયો એનું નામ નાશ પાડ્યું છે. નાશ એટલે એવો નથી કે થયો એને નાશ કર્યો. એનું નામ નાશ નથી. સમ્યક્ પ્રકારે એવી રીતે ક્યાંય નાશ થતો નથી કે ઉદયમાન થઈ જાય અને એ નાશ પામે. ઉદયમાન થયા પછી તો છદ્મસ્થ જીવને અસંખ્ય સમયે ઉપયોગ જાય છે અને ખબર પડે છે કે ફલાણો ભાવ થયો, ક્રોધ થયો. એ તો અસંખ્ય સમય પછી ખબર પડે છે. ઉદય થઈ ગયા પછી તો ખબર પડે છે, કેવી રીતે નાશ કરવા જાય છે? એને નાશ કરવાની કોઈ પદ્ધતિ સંભવિત નથી. પણ જ્યારે જીવ પોતાના સ્વરૂપ આશ્રયે પરિણમવા લાગે છે અને પરિણમનમાં ઉદયનો આશ્રય છોડી દે છે ત્યારે નવો વિભાવ થવાનો હતો એ બંધ થઈ જાય છે. ત્યારે એણે વિભાવનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે.

'તેવી રીતિથી જીવનો આ ચિત્વિકાર પણ નિઃસંદેહ નાશ થઈ જાય છે. જ્યાં ચિત્વિકાર નાશ થયો ત્યાં કેવળ એક ચિત્ત પોતે જ પ્રગટ થઈ રહે છે.' જ્યારે

એ ચિત્વિકારનો નાશ થયો ત્યારે ચિત્વિકાર નાશ પામે છે પણ ચિત્ત એટલે ચૈતન્ય નાશ પામતું નથી. એમ કહેવું છે. એ તો પોતે પ્રગટ ને પ્રગટ જ રહે છે. '**પરંતુ એક વિશેષ છે...**' એક આની અંદર વિશેષ વાત કહેવા જેવી એ છે કે '**જે પ્રકારે કરી પ્રકૃતિઓના નાશનો ભાવ થયો હોય, તે પ્રકારે આ ચિત્ શુદ્ધતાનું નામ પામે.**' જે પ્રકારે એટલે શું છે? આમાં ત્રણ પ્રકાર છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. એમ ત્રણ પ્રકારથી એનો નાશ જોવામાં આવે છે. તો એ નાશના નામ પણ ત્રણ પ્રકારે થયા છે. નાશના ત્રણ ભેદ. આ જૈનદર્શનની ખુબી છે કે ચિત્વિકાર નાશ પામ્યો. કેટલા ભેદ એના? ત્રણ પ્રકાર. નાશ થવાના ત્રણ પ્રકાર. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક.

'**પ્રકૃતિ ઉપશમે તો ચિત્ ઉપશમશુદ્ધતાનું નામ પામે.**' છે. જેમકે સમ્યક્ત્વ થયું એ જીવનો શુદ્ધ ભાવ છે. સમ્યક્ત્વ પોતે શુદ્ધ ભાવ છે. તો પ્રથમ જ્યારે સમ્યક્ત્વ થયું ત્યારે પ્રકૃતિ ઉપશમી ગઈ, મિથ્યાત્વની પ્રકૃતિ ઉપશમી ગઈ, મિથ્યાત્વમોહની ઉપશમ થઈને સત્તામાં ચાલી જાય છે. મૂળમાંથી ક્ષય નથી થતો. ઉપશમી જાય છે. તો ત્યાં સમ્યક્ત્વની શુદ્ધિ તો બરાબર છે. પણ એ શુદ્ધિનું નામ પાડ્યું ઉપશમ સમ્યગ્દર્શન. એવી રીતે છે. જે પ્રકૃતિનો ભાવ થાય એ પ્રકારે અહીંયાં શુદ્ધિનું નામ પાડવામાં આવે છે. જે પ્રકારે પ્રકૃતિને અનુસરીને વિભાવ થાય તો જીવના ભાવનું નામ પણ એવું જ પાડવામાં આવે છે. કોઈ ક્રોધ પ્રકૃતિનો ઉદય થયો તો જીવને જેવો ભાવ થાય એનું નામ ક્રોધ પાડ્યું કે આ ક્રોધભાવ છે. જીવને લોભ પ્રકૃતિનો ઉદય થયો તો જીવના ભાવનું નામ લોભભાવ પાડવામાં આવે છે. એવી રીતે જ્ઞાનમાં પણ એવું છે કે સમ્યક્જ્ઞાન જે ગુણધર્મને વિષય કરે, આત્માના જે ગુણધર્મને વિષય કરે તે જ્ઞાનના અંશનું નામ પણ એ જ નય એવું નામ પાડવામાં આવે છે.

જેમકે પોતાના શુદ્ધ સ્વરૂપને વિષય કરનારા જ્ઞાનના નયને શુદ્ધનય કહે છે અને પોતાના વર્તમાન અશુદ્ધ અંશને વિષય કરનારા જ્ઞાનના અંશનું નામ અશુદ્ધનય કહે છે. એવી રીતે જ્ઞાનનું નામ પણ એમ પાડવામાં આવે છે. નહિતર કેવી રીતે વ્યવહાર કરવો? નામ પાડ્યા વગર વ્યવહાર કેવી રીતે કરવો? તમે પણ મનુષ્ય છો, તમે મનુષ્ય છો, તમે મનુષ્ય છો. પચીસ મનુષ્યમાં નામ પાડ્યા વગર વ્યવહાર કેવી રીતે થાય કે આ ફલાણા જુદાં છે એમ. એવી રીતે જ્ઞાનના નય વિભિન્ન છે. એના નામ પાડવા માટે એના વિષય અનુસાર નામ પાડ્યા વિના બીજી રીતે વ્યવહાર થઈ શકતો નથી.

તે જ રીતે જીવના વિભાવભાવોને જે તે પ્રકૃતિના ઉદયને અનુસરનારા ભાવ

છે તેવો એ ભાવનું નામ પાડીને એનો વ્યવહાર કરવામાં આવે છે કે આ ક્રોધભાવ છે, આ લોભભાવ છે. તેવી જ રીતે જીવની શુદ્ધતાને પણ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા ત્રણ નામથી વ્યવહાર કરવામાં આવે છે. એ વાત અહીંયાં કરે છે.

'**જે પ્રકારે કરી પ્રકૃતિઓના નાશનો ભાવ થયો હોય,...**' એટલે ઉપશમથી થયો હોય, ક્ષયોપશમથી થયો હોય કે કર્મના ક્ષયથી થયો હોય '**તે પ્રકારે આ ચિત્...**' એટલે ચિત્ નામ આત્મા '**શુદ્ધતાનું નામ પામે. પ્રકૃતિ ઉપશમે તો ચિત્ ઉપશમશુદ્ધતાનું નામ પામે. પ્રકૃતિના ક્ષયોપશમ ચિત્ ક્ષયોપશમશુદ્ધતાનું નામ પામે. પ્રકૃતિના ક્ષયથી ચિત્ ક્ષાયિકશુદ્ધતાનું નામ પામે. એ રીતે કરીને જીવના થયેલા ચાર ભાવ ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક-એ ભાવોના રૂપે કોઈ જીવનો નિજજાતિસ્વભાવ જાણે તો તે મિથ્યાત્વી છે.**' આહા..! અહીંથી Total માર્યો. અજીવ અધિકાર છે ને. આ રીતે જીવના ચાર ભાવ કે જેનું કર્મને લઈને નામ પાડવામાં આવ્યું. જીવ તો એવું જીવતત્ત્વ છે, નિરાલંબ નિરપેક્ષ કે એને કર્મના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કોઈ અપેક્ષા લાગુ પડે નહિ. પારિણામિકભાવને કર્મની કોઈ અપેક્ષા નથી. તેથી આ ચાર ભાવોરૂપ, કોઈપણ જીવ એ જીવનો નિજજાતિસ્વભાવ જાણે તો તે મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાત્વી છે, આમ કહી દીધું. 'નિયમસાર'નો વિષય લીધો. ચારે ભાવોને અગોચર છે, એમ કરીને જે વાત લીધી, એ વાત એમણે અહીં સંધિ કરી દીધી. બહુ સારી પદ્ધતિ લીધી છે.

વાત તો જીવના ઉદયથી ઉપાડી હતી. ઉદયથી ઉપાડીને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક સુધી લઈ ગયા. એ ચારેનું વિવરણ કરીને એમ કહ્યું કે આ એકકેય જીવ નથી. આમ મારે કહેવું છે. આટલો બધો વિસ્તાર એટલા માટે કર્યો કે એમાં ક્યાંય તું જીવતત્ત્વ, આશ્રયભૂત જીવતત્ત્વ, પ્રયોજનભૂત જીવતત્ત્વ એ ક્યાંય નથી, એમાં ક્યાંય નથી. એમાં આત્મા ક્યાંય નથી. આમ છે. એ બધા ચારે પ્રકારના ભાવો આત્માથી બાહ્ય હોવાને લીધે, બહાર હોવાને લીધે બહિરતત્ત્વમાં જાય છે, આત્મા અંતર તત્ત્વ છે, એમ કહેવું છે. જુઓ! ક્યાં વાતને સીધી સંકેલી લીધી! એકદમ વિસ્તાર કરીને.

મુમુક્ષુ :- અધિકાર અજીવનો અને બતાવે છે જીવને.

પૂજ્ય ભાઈશ્રી :- અધિકાર અજીવનો જીવના દૃષ્ટિકોણથી વર્ણવવો છે. આ જીવ નથી, આ જીવ નથી, આ જીવ નથી. તો ક્યાં સુધી આવ્યા? ઉદયભાવ તે જીવ નથી પણ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ પણ જીવતત્ત્વ નથી. જીવતત્ત્વ નથી. તત્ત્વદૃષ્ટિએ તે જીવતત્ત્વ નથી. આવી તત્ત્વની દૃષ્ટિ, જીવતત્ત્વની દૃષ્ટિ તે જ તત્ત્વદૃષ્ટિ

અથવા સમ્યક્‌દૃષ્ટિ છે. એ સાચી દૃષ્ટિ છે. નહિતર ગડબડ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- 'ન્યાલભાઈ' આવી વાત કરતા હતા ત્યારે ખળભળાટ થઈ જતો હતો. પંડિત લોકો..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો હજાર વર્ષ પહેલાંનો કે ગમે તે અનંત કાળ પહેલાનો કાઢો અનંત જ્ઞાનીઓનો એક અભિપ્રાય હોય છે. અને એક અજ્ઞાનીના ઠેકાણા વગરના અનેક અભિપ્રાય હોય છે. ઘડીક આમ બોલે ને ઘડીક આમ કહે, ઘડીક આમ કહે ને ઘડીક આમ કહે. બે અજ્ઞાની ભેગા થાય તો બાવન અભિપ્રાય થાય, બાવીસ થવાને બદલે. એનું કોઈ ઠેકાણું નથી. અને અનંત જ્ઞાનીઓનો એક અભિપ્રાય છે.

મુમુક્ષુ :- સો જ્ઞાનીનો એક મત અને એક અજ્ઞાનીના સો મત.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, એવું છે એનું. સો એટલે પૂરા. સો પૂરા.

મુમુક્ષુ :- ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ. દૃષ્ટાંત આવે છે ને કે ડહોળાયેલું પાણી હોય પણ કાદવ નીચે બેસી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ ઉપશમભાવ. ક્ષયોપશમમાં કેટલોક અભાવ થયો છે અને કેટલોક ઉપશમ થયો છે. કેટલોક અભાવ થયો છે અને કેટલોક ઉપશમ થયો છે. એને ક્ષયોપશમ કહે છે. અને ક્ષયમાં સર્વ અભાવ થયો છે. નિર્મળ પાણી બિલકૂલ હોય એમાં નીચે પણ માટી ન હોય તો એનો ક્ષય ગણવો. કેટલીક માટી નીચે બેઠી છે અને કેટલોક નાશ થઈ ગયો છે તો ક્ષયોપશમ (ગણવો). જેટલી છે એટલી રહી છે ખરી પણ બધી નીચે બેસી ગયેલી છે. એ ઉપશમ છે. ઉપશમ છે ત્યાં ઉપરનું જળ છે એ તો શુદ્ધ જ છે. પૂર્ણ શુદ્ધ છે અને એ પીવાને લાયક છે. એમ શુદ્ધતાના ત્રણ પ્રકાર લીધા. એક શુદ્ધતાના ત્રણ પ્રકાર લઈને સરવાળો માર્યો કે એ ત્રણ વત્તા એક અશુદ્ધભાવ ઉદયમાં, આ ચારે ભાવ એ રૂપે જીવનો નિજજાતિસ્વભાવ નથી. છતાં કોઈ એને જીવનું નિજજાતિસ્વરૂપ મૂળ સ્વરૂપ જાણે તો તે મિથ્યાત્વી છે, એને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે.

અન્યમતિ અને શ્વેતાંબર પર્યંતના સંપ્રદાયો તો શુભભાવને જીવતત્ત્વ માનીને, ધર્મતત્ત્વ માનીને અનુસરે છે. એને સર્વસ્વ માનીને અનુસરે છે. અહીં તો કહે છે કે ચારે ભાવો જીવતત્ત્વ નથી. શુભભાવ તો ઉદયભાવમાં જાય છે પણ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ત્રણ ભાવો પણ જીવતત્ત્વ નથી. જીવતત્ત્વ છે એ અંતરંગ તત્ત્વ છે અને આ બહિરતત્ત્વ છે. મોટો ફેર છે આમાં.

મુમુક્ષુ :- ક્ષયોપશમ અને ક્ષાયિકભાવમાં શુદ્ધતા અંશે થઈ રહ્યો છે. છતાં એ બહિરભાવ છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહિરભાવ છે. કેમકે એ નવો ઉત્પન્ન થયો. જે કાંઈ નવો ઉત્પન્ન થયો એ જીવનું મૂળ સ્વરૂપ નવું ઉત્પન્ન થયું છે? એવું અધૂરું નથી કે એ નવું ઉત્પન્ન થાય. એ તો અનાદિઅનંત શાશ્વત રહે એવું પોતાની પૂર્ણ સત્તાવાળું છે. બેહદ સત્તા છે એની. એમાં નવું ઉત્પન્ન થવું કે નાશ થવું એવું કદી બની શકતું નથી. સત્તાએ કરીને પૂર્ણ છે, એવા એવા સર્વ ગુણોએ કરીને પૂર્ણ તત્ત્વ છે. આ પારિણામિકભાવે રહેલું તત્ત્વ છે. એટલે એને આ ચાર ભાવ તો એની પાસે કાંઈ હિસાબમાં નથી. જેને પર્યાયની મહત્તા છે એને થોડો આંચકો લાગે છે, હેં! ક્ષાયિકભાવ જીવ નથી? ભડકે છે એનું કારણ એ છે કે જીવે જાણે-અજાણે પણ પર્યાયને મહત્તા આપી છે અને પારિણામિકભાવની મહત્તા જીવને આવી નથી. એટલે જેને એણે મહત્તા આપી છે ત્યાં એનું શ્રદ્ધાન હોવાથી એ એનું મર્મસ્થાન છે. આળા ગુમડા જેવું, ત્યાં કોઈ અડે તો એને એમ થાય કે હેં..! તમે ક્ષાયિકભાવને ના પાડો છો. ભાઈ! ક્ષાયિકભાવ એ જીવભાવ પાસે કાંઈ નથી. જીવ એટલો મહાન છે કે એક સમયનું ક્ષાયિકભાવનું પરિણમન એની પાસે અનંતમા ભાગે છે. લાખ, કરોડ, અબજમા ભાગે નહિ, અનંતમા ભાગે છે. શુદ્ધતાની દૃષ્ટિએ, સામર્થ્યની દૃષ્ટિએ. વળી એનાથી એ બહાર છે. મોટી વાત એ છે કે એનાથી એ બહાર છે. પારિણામિકભાવ સ્વરૂપે તે નથી. ક્ષાયિકભાવ પારિણામિકભાવ સ્વરૂપે નથી, પારિણામભાવ ક્ષાયિકભાવ સ્વરૂપે નથી. બે જુદા ભાવ છે એને તું એકમાં ક્યાં નાખે છો? એમ કહેવું છે. એકમાં ખતવે છે તો તે જીવ ચોખ્ખેચોખ્ખો મિથ્યાત્વી છે. અહીંયાં બહુ સરસ શબ્દ વાપર્યો છે. તે જીવ જ મિથ્યાત્વી છે. પણ ક્ષાયિકભાવની આવી મહિમાથી વાત કરે, એની મહિમા રાખીને વાત કરે છે. પણ એ જીવતત્ત્વ નથી એનું શું? આ વાત રાખીને તું વાત કર.

ખરેખર તો શુદ્ધ પર્યાયોનો મહિમા પણ પારિણામિકભાવનો મહિમા કરવા અર્થે કરેલો છે. શુદ્ધ પરિણામોનો મહિમા શુદ્ધ પરિણામોના મહિમા અર્થે કરેલો નથી. આમ વાત છે. કેમકે એ શુદ્ધ પરિણામો પારિણામિકભાવના આશ્રયે થાય છે, પારિણામિકભાવને એ અનુસરે છે અથવા તો શુદ્ધ પરમતત્ત્વની સેવા કરનારા ભાવ છે. પર્યાયો બધી સેવિકાઓ છે, દાસીઓ છે, સેવા કરનારી છે. પરમાત્મા છે એ એને સેવવાયોગ્ય એનું સેવ્ય છે. તો પરમાત્માની બરાબરી એની સાથે કેમ કરાય? એની સાથે પરમાત્માની બરાબરી કેમ થઈ શકે? થઈ શકે નહિ. એટલે એને જીવતત્ત્વમાં કોઈ જાણે તો તે તત્ત્વને સમજ્યો નથી. તો તે જીવતત્ત્વને સમજ્યો નથી. તેથી તેને મિથ્યાત્વી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- 'ન્યાલભાઈ' .. અહીં લાગુ પડે, પર્યાય મેરા ધ્યાન કરો તો કરો.

પૂજ્ય ભાઈશ્રી :- બિલકૂલ લાગુ પડે છે. પર્યાય મારું ધ્યાન કરો તો કરો, હું પર્યાયનું ધ્યાન કરતો નથી. અથવા એ ધ્યાન કરે તો ભલે, ન કરે તોપણ ભલે, મને હવે એની અપેક્ષા રહી નથી. એટલે પર્યાય મારું ધ્યાન કરે તો મને સારું લાગે અને પર્યાય મારું ધ્યાન ન કરે તો મને સારું ન લાગે.

મુમુક્ષુ :- મૈં તો યૂં કા યૂં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, મૈં યૂં કા યૂં (રહતા હૂં). પર્યાય મેરા ધ્યાન કરતો તો કરો, મૈં તો યૂં કા યૂં, હું તો એવો ને એવો જ છું. હું તો જે છું એ છું. એ ધ્યાન કરે એથી મને એનો લાભ થઈ જાય છે, તો હું વધી જાઉં છું અને એ ધ્યાન ન કરે તો હું ઘટી જાઉં છું, એમ નથી. આ તો એની ને એની પર્યાય, હોં! જગતનો જીવ તો કો'ક બે શબ્દ સારા કહે ત્યાં વધી જાય અને બે શબ્દ ખરાબ કહે તો ઘટી જાય છે. મારી પ્રશંસા કરી, હું હવે વધી ગયો. મારી નિંદા કરી, અરે..! હું ઘટી ગયો. અહીં તો કહે છે, પર્યાય મારું ધ્યાન (કરે), મારું ને મારું ધ્યાન પર્યાય કરે તો એમાં કાંઈ નહિ. મારામાં કાંઈ વધઘટ થાય એવું નથી. એથી કાંઈ મને અસર થઈ જાય, હું વધી જાઉં કે ઘટી જાઉં એવો હું હીણો નથી. મારું ગૌરવ એટલું મહાન છે કે મારી પર્યાયની બીજી કોઈ એની વિશેષતા કે હિણપત મને લાગુ પડતી નથી. એવી વાત લીધી છે. Time થઈ ગયો છે.

તા. ૨૧-૬-૧૯૮૬, પાના નં. ૬૨, પ્રવચન નં. ૪૪

'હવે એ ચારેય ભાવોમાં પ્રવર્ત્યું તો એક ચિત્ત, એ રૂપે ચિત્ત જ થયું છે.' ચાર ભાવ એટલે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. એવા ચાર પ્રકારના જે શુદ્ધ અને અશુદ્ધ પરિણામ છે, એ પરિણામ પ્રવૃત્તિમાં ચિત્તત્ત્વ એટલે જીવતત્ત્વ, એક ચિત્ એટલે જીવતત્ત્વ જ પ્રવર્ત્યું છે. પરપદાર્થનું એમાં પ્રવર્તવું નથી. જીવની પ્રવૃત્તિ છે. અને એ રૂપે ચિત્ત જ થયું છે. તત્ત્વદૃષ્ટિએ એટલું જુદું પાડવું છે કે એ ચારે ભાવો રૂપે જીવ પરિણમતો હોવા છતાં જીવનો ત્રિકાળી નિજજાતિસ્વભાવ છે એ ચાર ભાવો રૂપે નથી. ચાર ભાવોરૂપે પ્રવર્તતું હોવા છતાં ચાર ભાવો રૂપે નથી. જેવી રીતે વેષ ધારણ કરવા છતાં પોતાનું મૂળ સ્વરૂપ રાખીને વેષ ધારણ કરે છે. વેષ ધારણ કરનાર તે જ છે છતાં ખરેખર જેવો વેષ ધારણ કર્યો છે એવો પોતે નથી.

એમ ચારે પ્રકારની પર્યાયે બહારનું કોઈ બીજું દ્રવ્ય આવીને પરિણમ્યું નથી. જીવ પ્રવર્ત્યો હોવા છતાં પણ એ જીવનો જાતિસ્વભાવ નથી. જીવનો મૂળ સ્વભાવ ત્રિકાળી છે. ત્રિકાળ એનું સ્વરૂપ છે. અને એક સમયની પર્યાય એ એનું મૂળ સ્વરૂપ નથી. પરિણામ એના છે છતાં મૂળ સ્વરૂપ એ મૂળ સ્વરૂપ છે અને પરિણામ તે પરિણામ છે. આમ તત્ત્વદૃષ્ટિએ જીવતત્ત્વને જાણવું જોઈએ.

'તે એક કેવલ ચિત્તને જ જેણે નિજરૂપ જાણ્યો તે જ જીવની નિજજાતિનો જ્ઞાતા થયો.' તે એક કેવળ ચિત્તને જ જેણે નિજસ્વરૂપ જાણ્યો એટલે જેણે ત્રિકાળી સ્વરૂપ જાણ્યું તેણે પોતાનું નિજ સ્વરૂપ જાણ્યું. અને તે જ પોતાની નિજજાતિનો જ્ઞાતા થયો. જાત ઓળખવી છે એ સ્વભાવથી ઓળખાય છે. ભલે સ્વભાવ પરિણમતો હોવા છતાં પણ સ્વભાવ સ્વભાવ છે અને પરિણામ પરિણામ છે. જેમકે વર્ણગુણ છે, પુદ્ગલમાં વર્ણગુણ છે તો વર્ણગુણની અનેક પર્યાયોમાં લાલ, પીળા, વાદળી અનેક પ્રકારના રંગ થાય. તે અનેક પ્રકારની રંગગુણની પર્યાય ઉપરથી આ પદાર્થમાં વર્ણગુણ છે એમ સ્પષ્ટ થાય છે. તોપણ વર્ણગુણને કેવો રંગ છે? વર્ણગુણનો કેવો રંગ છે? સફેદ રંગ વર્ણગુણનો છે? કાળો રંગ વર્ણગુણનો છે? લાલ રંગ વર્ણગુણનો છે? એને એક્કેય નથી. જાતિ ઓળખવી છે એ એક વાત છે, પરિણામ સમજવા

છે એ બીજી વાત છે. વર્ણગુણ જ અનેક વર્ણરૂપે પરિણમતો હોવા છતાં વર્ણગુણને કોઈ વર્ણ નથી. ગુણને કોઈ વર્ણ નથી. કેમકે એ ગુણ, પર્યાયસ્વરૂપે નથી. વર્ણગુણ છે એ કોઈ પર્યાયસ્વરૂપે નથી. વર્ણ તો પર્યાયને હોય, વર્ણગુણને વર્ણ ન હોય. આમ છે. એટલે એ વર્ણગુણ પોતે જ લાલ, પીળી અનેક અવસ્થારૂપે પરિણમ્યો હોવા છતાં એની જાતિ છે એ વર્ણરૂપે છે, ગુણની જાતિ છે વર્ણરૂપે છે, ગુણની જાતિ લાલ, પીળારૂપે નથી. આમ ગુણને સમજવો પડે છે.

એ રીતે ભલે ચાર ભાવોરૂપે ચારે ભાવોમાં એક જીવ પ્રવર્તતો હોવા છતાં '**તે એક કેવળ ચિત્તને જ જેણે નિજરૂપ જાણ્યો...**' એને કોઈ ચાર ભાવ નથી. એ ચિત્તને ચાર ભાવ નથી. પારિણામિકભાવ છે એ કોઈ ચાર ભાવરૂપે નથી. અવસ્થારૂપે થવા છતાં અવસ્થાથી ભિન્ન છે, એમ કહેવું છે. અવસ્થાથી ન્યારો છે, અવસ્થાથી જુદો છે. અને એ અવસ્થામાં જણાય છે તે અવસ્થાથી જુદો છે.

સર્વ અવસ્થાને વિષે ન્યારો સદા જણાય,
પ્રગટરૂપ ચૈતન્યમય એ એંધાણ સદાય.

અહીંયાં ચિત્ત શબ્દ લીધો છે. ત્યાં ચૈતન્ય શબ્દ લીધો છે. ભાવ એક જ છે. એવા '**ચિત્તને જ જેણે નિજરૂપ જાણ્યો તે જ, જીવની નિજજાતિનો જ્ઞાતા થયો.**' એણે નિજ સ્વભાવને ઓળખ્યો. ચૈતન્ય સામાન્યને જેણે જાણ્યો તે સ્વભાવનો જ્ઞાતા થયો. '**એ ચારેય ભાવોમાં વ્યાપેલી એક ચેતના, તે ચેતના એક જીવના નિજરૂપે થઈ પ્રગટી અને શુદ્ધાશુદ્ધરૂપ ભાવો તે ચેતનાના ઠર્યા.**' એ ચેતનાના શુદ્ધ અને અશુદ્ધ ભાવો હોવા છતાં ચેતના ચેતના છે, શુદ્ધ-અશુદ્ધપણું એ ચેતનાને વિષે નથી. જેમ લાલ, પીળાપણું રંગગુણને વિષે નથી, એમ શુદ્ધિ-અશુદ્ધિ ચેતનાને લાગુ પડતી નથી. શુદ્ધિ અને અશુદ્ધિ પર્યાયને લાગુ પડે છે, સામાન્યમાં શુદ્ધ-અશુદ્ધિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એની કોઈ અપેક્ષા જ એને લાગુ પડતી નથી. ભલે શુદ્ધ પર્યાય સદશ સ્વભાવ ગુણનો સ્વભાવને શુદ્ધ સ્વભાવ કહેવામાં આવે છે તોપણ ખરેખર સ્વભાવ શુદ્ધ પણ નથી અને સ્વભાવ અશુદ્ધ પણ નથી. સ્વભાવ તો જે છે તેવો સ્વભાવ સ્વરૂપે જ માત્ર છે. એમ લેવું જોઈએ.

અગ્નિનો વર્ણ કેવો? અગ્નિની શિખા જોઈને કોઈ એમ કહે કે પીળો રંગ છે. પ્રકાશ જેવો પીળો અગ્નિનો રંગ છે. કોઈ એમ કહે કે વાદળી (છે). આ ગેસમાં વાદળી ઝાળ નીકળે છે. તો એને વાદળી રંગ છે. ખરેખર અગ્નિને કોઈ રંગ નથી. અગ્નિતત્ત્વ છે એને ખરેખર કોઈ વર્ણ નથી. સર્વ અવસ્થામાં અગ્નિ હોવા છતાં અગ્નિને કોઈ વર્ણ નથી. દીવાસળીના ટોપકામાં જે શક્તિરૂપ અગ્નિ છે એને ક્યો રંગ છે?

એને રંગથી જોવા જાય તો અગ્નિ સમજાતો નથી. અગ્નિને માત્ર જે રંગથી સમજે, એના વર્ણથી સમજે તો અગ્નિની જાતિ નહિ સમજી શકે. અગ્નિની જાતિ સમજવા માટે તો એણે અગ્નિતત્ત્વને જ સમજવું રહ્યું. આમ છે.

અગ્નિતત્ત્વ તો દીવાસળીના ટોપકામાં છે. ચકમકના પત્થરમાં છે. છે? આ દાવાનળ લાગે છે. જંગલની અંદર દાવાનળ લાગે છે તો વૃક્ષો ઘસાય છે એમાંથી અગ્નિ ઉત્પન્ન થાય છે. એ અગ્નિતત્ત્વ છે એમાંથી પ્રગટ થાય છે. શરીરમાં જઠરાગ્નિ છે એ અગ્નિતત્ત્વ છે. એ કોઈ એવી રીતે એનું તત્ત્વ જે નક્કી કરવું છે એ તો તત્ત્વની રીતે જ નક્કી થાય છે. અવસ્થાથી એને સમજાવવામાં આવે છે તોપણ અવસ્થામાત્ર રૂપે જો તત્ત્વનું અવધારણ કરવામાં આવે તો મિથ્યાત્વની ભૂલ થાય. કેવી ભૂલ થાય? મિથ્યાત્વની ભૂલ થાય.

ક્ષાયિક પર્યાય છે, સિદ્ધ દશા છે એ ક્ષાયિક અવસ્થા કહેવામાં આવે છે. સર્વ કર્મના ક્ષયને અંતે પ્રગટ થયેલી દશા એવી જે સિદ્ધદશા એને ક્ષાયિકદશા કહેવામાં આવે છે. એ જેવું જીવતત્ત્વ છે એવી સદશ દશા હોવા છતાં એ જીવતત્ત્વ નથી. ક્ષાયિકભાવે જીવતત્ત્વ નથી. એમ છે. કેમકે જીવતત્ત્વ... એને પછી કાળથી સમજાવવામાં આવે છે. એ એક યુક્તિ છે કે ક્ષાયિક અવસ્થા પણ સમય સમયની છે. સાદિસાંત છે અને જીવતત્ત્વ અનાદિઅનંત છે. એમ સમજાવવામાં આવે છે. પણ તત્ત્વ છે એ તત્ત્વ છે, અવસ્થા છે એ અવસ્થા છે. અવસ્થા સ્વભાવજાતિરૂપ છે, સામર્થ્યની જાતિરૂપ છે, પરિણામ છે એ પરિણામ છે. ભલે એ પદાર્થ પરિણમે છે તોપણ સ્વભાવ સ્વભાવરૂપે એમ ને એમ રહે છે. એકરૂપ રહે છે, અકબંધ રહે છે અને પરિણમન ચાલે છે.

'**એ ચારેય ભાવોમાં વ્યાપેલી એક ચેતના,...**' એટલે ઉદયભાવમાં પણ ચેતના વ્યાપી છે. ક્ષાયિકભાવમાં પણ ચેતના વ્યાપેલી છે, પણ ઉદયભાવમાં પણ ચેતના વ્યાપેલી છે. એટલે એક ન્યાયે એ જીવનો ઉદયભાવ કહેવાય છે. કેમકે એ ચેતના એમાં વ્યાપેલી છે માટે જીવનો ઉદયભાવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ચેતના છે એ ..

પૂજ્ય ભાઈશ્રી :- ચેતના એટલે ત્રિકાળી શુદ્ધ પારિણામિકભાવસ્વરૂપ એને અહીંયાં ચેતના કહે છે.

મુમુક્ષુ :- ...જાણક સ્વભાવ લેવો?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ.. સ્વભાવ. સામાન્ય સ્વભાવ. અવસ્થારૂપ નહિ, પણ સામાન્ય સ્વભાવ, ત્રિકાળી સ્વભાવ. પારિણામિકભાવરૂપ તત્ત્વ છે એને અહીંયાં ચેતના

કહેવામાં આવે છે. એ ચારેય ભાવોમાં વ્યાપેલી જે ચેતના, '**તે ચેતના એક જીવના નિજરૂપે થઈ પ્રગટી.**' નિજરૂપે પ્રગટ થઈ એટલે નિજરૂપે એ દેખાઈ. જ્ઞાનમાં પ્રગટપણે જાણવામાં આવી ત્યારે પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. આમ તો નિત્ય ઉદિત છે. પણ જ્યારે જ્ઞાન અંતર્મુખ થઈને, સ્વસન્મુખ થઈને એને પોતાનું સ્વરૂપ આવું ત્રિકાળ ચેતના એકરૂપ ચેતના સ્વરૂપ છે એમ જાણે છે ત્યારે જ્ઞાનમાં ચેતના પ્રગટ થઈ એમ કહેવાય છે. ચેતના તો પ્રગટ જ હતી પણ જ્ઞાનમાં પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ચેતનાનો ...

પૂજ્ય ભાઈશ્રી :- ચેતના તો કારણ-કાર્યરૂપે જ નથી. ન તો કોઈના કારણરૂપે છે, ન તો કોઈના કાર્યરૂપે છે. કારણ-કાર્ય ઉપચારથી લાગુ કરાય છે. એને કારણપરમાત્મા કહેવાય ત્યારે એમાં કારણ લાગુ પાડવામાં આવે છે. ત્યારે એમાં કારણ છે એમ કહેવામાં આવે છે. પણ ખરેખર એને કારણ-બારણ લાગુ પડતું નથી.

મુમુક્ષુ :- ચેતનાનો ગુણ શું?

પૂજ્ય ભાઈશ્રી :- ચેતનાનો ગુણ ચૈતન્યપણું. ચૈતન્ય તે ચેતનાનો ગુણ છે. પહેલાં દૃષ્ટાંત લીધું કે પુદ્ગલમાં રંગ નામનો-વર્ણ નામનો ગુણ છે. એની અવસ્થા કેવી? કે સફેદથી માંડીને કાળા પર્યંતના જેટલા Shed છે, રંગ છે એ બધી સેંકડો અવસ્થારૂપે વર્ણગુણ પરિણમે છે. વર્ણગુણનો ક્યો વર્ણ? એને કોઈ વર્ણ જ નથી. એ ગુણ છે. એમ આ સ્વભાવરૂપે છે, સામર્થ્યરૂપે છે. આને ખરેખર કોઈ અવસ્થા લાગુ પડતી નથી કે આ અવસ્થા જેવો, આ અવસ્થા જેવો. એમ એ પોતે અવસ્થાસ્વરૂપે નહિ હોવાથી ખરેખર એને કોઈ અવસ્થાનું રૂપ લાગુ પડતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનગુણ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનગુણ છે એ ચેતનાનો જ એક અંશ છે. ચેતનામાં જ્ઞાન અને દર્શન બેય લીધા છે. એમાં જ્ઞાન એક ભાગ, ચેતના એનો બીજો ભાગ. ભેદથી જોઈએ તો ચેતનામાં જ્ઞાન અને દર્શન બે છે. અભેદથી જોઈએ તો બન્ને એક ચેતનાસ્વરૂપે છે. એમ છે.

મુમુક્ષુ :- આવો સ્વભાવ મહાન છે એમ તો જાણ્યો. પછી હવે..

પૂજ્ય ભાઈશ્રી :- જાણ્યો તો એનો મહિમા આવ્યો કે નહિ? કે જાણ્યો એ લુખ્ખો જાણ્યો? આ સવાલ છે. જે જાણ્યો અને એનો મહિમા આવ્યો તો જગતના ભિન્ન પદાર્થનો મહિમા હતો તે ગયો કે નહિ? આ એની તપાસ છે. જાણવાની આ તપાસ છે. જડ પદાર્થોનો જે તને મહિમા છે એ ગયો કે નહિ? જાણ્યો તો

એમાં અનંત સુખનો ભંડાર જોયો કે નહિ? જો એમાં અનંત સુખનો સમુદ્ર ભરેલો છે, આત્મા સુખનો સાગર છે તો એ સિવાય જગતમાં પોતાનું સુખ કોઈ સંયોગમાં કે કોઈ પુદ્‌ગલ અવસ્થામાં કે કોઈ પરદ્રવ્યમાં નથી, એમ જાણ્યું કે નહિ? આ બધી એની તપાસ છે. કે એમ ને એમ જાણ્યું એટલે જાણ્યું. કહ્યું એટલે વાત બરાબર અને બરાબર માટે જાણી લીધું, જાઓ. એમ ખરેખર જાણ્યો નથી.

જ્ઞાનીઓએ અનુભવજ્ઞાનને જ જ્ઞાન કહ્યું છે. બાકીના જ્ઞાનને વાચાજ્ઞાન કહ્યું છે. વાચાજ્ઞાન કહ્યું છે. 'શ્રીમદ્‌જી'એ 'આત્મસિદ્ધિ'માં પદ લખ્યું, 'સકલ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન.' એંઠવાડની કિંમત કેટલી? અને સપનાની કિંમત કેટલી? સપનામાં સોનાના રાજમહેલમાં સૂતો હોય. કેટલી કિંમત? 'તે કહીએ જ્ઞાની દશા, બાકી કહીએ ભ્રાંત.' અથવા 'તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન.' બેય પદ લીધા છે. 'શ્રીમદ્‌જી' કહે છે, આ જગત સાવ સોનાનું થાય, આ આખું જગત સાવ સોનાનું થાય તો અમારે તૃણવત્ છે. જે સંયોગોમાં સંસારી જીવને ભર્યો ભર્યો સંસાર લાગે છે, આ અમારું મકાન, આ અમારું પોતાનું મકાન, આ અમારી સજાવટ, આ અમારો પરિવાર, આ અમે બધા અને આ બધું છે, આ બધું છે, આ બધું છે એવું જે ભર્યું ભર્યું લાગે છે તે જ્ઞાનીને શૂન્ય લાગે છે. પોતે ક્યાંય નથી. પછી ચક્રવર્તી હોય તો છ ખંડના પથારામાં પોતે ખાલી ખાલી જોવે છે. જે જગતના જીવને ભર્યું ભર્યું લાગે છે, આને ખાલી ખાલી લાગે છે. આટલો ઊલટો સૂલટો ફેર છે. ખાલી લાગે છે એને ક્યાંય રસ આવતો નથી. પૂર્વકર્મનું દેણું ચૂકવવા સંયોગમાં ઊભો છે. પૂર્વે ભાવ કરીને દેણદારી કરી છે, એ દેણું ચૂકવવા ઊભો છે. બાકી એ સિવાય, એને હિસાબકિતાબ સાફ કરવા સિવાય બીજું કોઈ કામ રહ્યું નથી.

એ રીતે ચેતના છે એ ચેતના છે અને ચેતના એ ચારેય પ્રકારના પરિણામમાં વ્યાપી હોવાથી '**શુદ્ધાશુદ્ધરૂપ ભાવો તે ચેતનાના ઠર્યા.**' એ બીજા પદાર્થના પરિણામ નથી, ચેતનાના પરિણામ છે તોપણ તે ચેતના ચેતના છે અને પરિણામ છે તે પરિણામ છે. તત્ત્વદૃષ્ટિએ જે તફાવત છે એ તફાવત તો એણે સમજવો જ જોઈએ. '**જ્યારે શુદ્ધ ભાવ છે ત્યારે અશુદ્ધ નથી, જ્યારે અશુદ્ધ ભાવ છે ત્યારે શુદ્ધ નથી.**' અથવા શુદ્ધભાવમાં અશુદ્ધભાવ નથી અને અશુદ્ધભાવમાં શુદ્ધ નથી. શુદ્ધતામાં અશુદ્ધતા નથી અને અશુદ્ધતામાં શુદ્ધતા નથી. શુદ્ધતા ક્યારેય અશુદ્ધતા સ્વરૂપે નથી, અશુદ્ધતા ક્યારેય શુદ્ધ સ્વરૂપે નથી.

'**વળી કેટલાક કાળ સુધી શુદ્ધ અશુદ્ધ બન્ને ભાવો હોય છે.**' સાધકદશામાં. સાધકદશામાં કેટલાક કાળ સુધી એટલે ચોથા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન

સુધી શુદ્ધ અને અશુદ્ધ બન્ને ભાવો હોય છે. '**પરંતુ આ ચેતના એ ભાવોમાં સદાય હોય છે. આ કદી પણ અસ્ત થતી નથી.**' ચેતના તો નિત્ય હોવાથી સદાય હોય છે. ચાહે મિથ્યાત્વ સહિતનું પૂરું અશુદ્ધ પરિણમન હોય, એકલા ઔદયિક ભાવો હોય તોપણ ત્યાં ચેતના છે. મિશ્ર અવસ્થા હોય તોપણ ત્યાં ચેતના છે. શુદ્ધ સિદ્ધ અવસ્થા હોય તો ત્યાં પણ ચેતના છે. ચેતના તો સદાય છે.

મુમુક્ષુ :- પર્યાય છે ત્યાં ધ્રુવ છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય છે ત્યાં ધ્રુવ છે અને પર્યાયમાં એક ન્યાયે વ્યાપક છે અને એક ન્યાયે અવ્યાપક છે. એ ચેતનાના પરિણામ જોઈને ચેતના વ્યાપી છે એમ કહેવાય છે અને છતાં ચેતના માત્ર પરિણામસ્વરૂપે નહિ હોવાથી એમાં જીવ વ્યાપ્યો નથી એમ પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પર્યાયમાં ધ્રુવ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય ધ્રુવસ્વરૂપે નથી. પર્યાય ધ્રુવસ્વરૂપે નથી, એમ કહેવું છે. ધ્રુવ ધ્રુવ સ્વરૂપે છે અને પર્યાયમાં એનું શૂન્યપણું છે. એટલે અવ્યાપક છે એમ કહીએ. એનાથી રહિત છે. ધ્રુવ પર્યાયથી રહિત છે. ધ્રુવ પર્યાયના અભાવસ્વરૂપે છે તેથી એમાં ધ્રુવ વ્યાપ્યું નથી. વળી, એ પ્રમાણથી આખા દ્રવ્યને જોઈએ તો એ જીવ જ પરિણમ્યો હોવાથી ચેતના એમાં વ્યાપેલી છે. પ્રમાણથી જોઈએ તો.

મુમુક્ષુ :- પર્યાય ..

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય પોતે પરિણમનશીલ સ્વભાવે છે. પરિણમનશીલપણું એ સ્વભાવ હોવાથી કોઈપણ બીજા પદાર્થની પ્રેરણા વિના પરિણમન થયા જ કરે છે. પરિણમન અટકાવી શકાતું નથી. એક ચીજ નવી છે એમ કહેવામાં આવે છે, એને જૂની થતી અટકાવો. એક મકાન નવું બનાવ્યું એને જૂનું થતું અટકાવો. એક કાપડનો તાકો નવો ખરીદ્યો હોય એને જૂનો થતો અટકાવો. એક પુસ્તક નવું ખરીદ્યું હોય એને જૂનું થતું અટકાવો. પરિણમનને અટકાવી શકાતું નથી. શરીરની વૃદ્ધાવસ્થા થતી અટકાવો. શરીરની જે અવસ્થા થાય છે, બાળકમાંથી અવસ્થા વધતી જાય. અટકાવો. એને અટકાવી શકાતું નથી. એ સ્વભાવ છે, પરિણમન છે એ એનો સ્વભાવ છે. કોઈની પ્રેરણાથી પરિણમન થાય એ પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :- આત્મા વિભાવરૂપ પરિણમન કરે તો...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે એનું વિભાવિકરૂપ પરિણમન છે. ત્યારે એને બીજો કોઈ પ્રેરણા કરે છે એમ નથી. પહેલી વાત એ સમજવી કે બીજો કોઈ પ્રેરણા નથી કરતો. હવે, આત્મા પ્રેરણા કરે છે એટલે શું? જે પદાર્થ સ્વયં પરિણમી રહ્યો છે

એને નવું પરિણમવાની પ્રેરણા આત્મા કરે છે? નહોતો પરિણમતો અને એને પરિણમવાની આત્મા પ્રેરણા કરે છે? કેવી રીતે લેવું છે? એટલે એમ કહે છે કે સહજ પરિણમતા પદાર્થને સહજ પરિણમે છે એમ જ તું જાણ. એ પરિણામનો તું કર્તા થઈને પરિણામને ન જાણ. કર્તાબુદ્ધિએ તે પરિણામને ન કર. ન જાણ એટલે ન કર. અને કર્તાબુદ્ધિએ એને હરણ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- સહજ થઈ રહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- સહજ થઈ જ રહ્યું છે. એના ક્રમમાં પર્યાયો થઈ જ રહ્યા છે. એટલે તું જ્ઞાતા-દ્રષ્ટા થઈ જા. એનો અર્થ એ છે કે તું જો પરિણામો ક્રમબદ્ધ થઈ જ રહ્યા છે તો તું જ્ઞાતા-દ્રષ્ટા થઈ જા. તું કર્તા-હર્તા ન થા. એમ પરિણામની ક્રમબદ્ધતામાંથી બોધ લેવાનો મુદ્દો છે. ક્રમબદ્ધપર્યાયમાંથી બોધ શું લેવાનો છે? જો ત્રણે કાળે પરિણામો થયા જ કરે છે તો તું એનો જ્ઞાતા-દ્રષ્ટા રહે. તું કર્તા-હર્તા થઈ રહ્યો છે, એ કર્તા-હર્તાપણું થઈ રહ્યું છે એ તારી ભૂલ છે, તું જ્ઞાતા-દ્રષ્ટા થઈને રહે. એમ એમાંથી લેવું છે.

મુમુક્ષુ :- શુભ-અશુભ બધું થઈ રહ્યું છે?

પૂજ્ય ભાઈશ્રી :- શુભ-અશુભ થઈ રહ્યું છે એમાં તું તન્મય ન થા. એમ કહેવું છે. તન્મય થઈશ તો તું કર્તા-હર્તા થઈશ. જો જ્ઞાતા રહીશ તો તારા પરિણામમાં શુદ્ધતાનો ક્રમ ચાલુ થઈ જશે. અને શુભ-અશુભ છે એ સહજ જ મટતા મટતા સદંતર અભાવ થઈ જશે. કરવા નહિ પડે પણ થઈ જશે, એમ કહેવું છે. સહેજે થઈ જશે.

કર્તાબુદ્ધિએ પરિણામ કરવાનો જે ભાવ છે એ મિથ્યાત્વનો ભાવ છે. કેમકે કર્તાબુદ્ધિએ પરિણામ કરી શકાતા નથી. પરિણામ તો સહજ જ થાય છે. એમાં આ જીવ કર્તાબુદ્ધિ કરે છે. તે જીવનો મિથ્યાત્વ ભાવ છે. એ વિષય તો અહીંયાં શરૂ કરવો છે હવે. કર્તા-કર્મ-ક્રિયા અધિકાર. હવે પછીનો અધિકાર એ છે. કર્તા, કર્મ અને ક્રિયાનું સ્વરૂપ શું છે? એક પદાર્થને વિષે કર્તાપણું શું છે? કર્મપણું શું છે? ક્રિયાપણું શું છે? પછી બે પદાર્થના પરિણામનો મેળ જોઈને નિમિત્ત-નૈમિત્તિકપણાનો સંબંધ કેવી રીતે આરોપિત છે અને નિમિત્ત થઈને બનાવી શકાય છે કે નથી બનાવી શકાતો એનો પણ ફેંસલો કર્યો છે. તું કોઈને નિમિત્ત બનાવી દે એમ નથી. તું બીજા પદાર્થનો તો કર્તા નથી, પણ બીજા નિમિત્તનો પણ કર્તા નથી. એનામાં હું નિમિત્તત્વ લાવું તો? નહિ, એનું નિમિત્તત્વ એને લઈને છે. તારે લાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છે.

મુમુક્ષુ :- આત્મા પુરુષાર્થ કર્યા વિના રહેતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા પુરુષાર્થ કર્યા વિના રહેતો જ નથી. કોઈ આત્મા પુરુષાર્થ કર્યા વિના જ રહેતો નથી. પછી વિવેક એટલો જ કરવાનો છે કે એ સવળો કરે છે કે અવળો કરે છે. બાકી પુરુષાર્થ કર્યા વિનાનો ક્યો જીવ છે? બતાવો જોઈ.

આ વેપારી નસીબને માને છે. માને છે ને નસીબને? જેટલું નસીબમાં હોય એટલો વેપાર થાય. નસીબમાં હોય એટલી કમાણી થાય. એવું સમજવા છતાં ક્યો વેપારી ઘરે બેઠો? એ કહો. માંદો હોય અને ઘરે બેઠો હોય તો ખબર પૂછાવે કે આનું શું કર્યું? પેલી ઉઘરાણી આવી ગઈ કે નહિ? ફલાણું થઈ ગયું કે નહિ? આમ થયું કે નહિ? આ કામ બાકી હતું એ પૂરું થયું કે નહિ? એને શાસ્ત્રમાં પ્રકરણિક કહ્યો છે. પ્રકરણનો કર્તા તે પ્રકરણિક. વેપારના પ્રકરણનો એ કર્તા છે. ત્યાં શું વાત ચાલી છે? કે જે નોકરચાકર છે એ પ્રકરણિક નથી, શેઠ પ્રકરણિક છે. બધા તમામ કાર્યો એના નોકર લોકો કરે છે. એ પોતે કાંઈ કામ કરતો જોવામાં આવતો નથી. એ તો બેઠેલો જ જોવામાં આવે છે. પછી દુકાને બેસે છે કે ઘરે બેસે છે, પણ એ તો કાંઈ કામ નથી કરતો. વહીવટનું કોઈ કામ નથી સંભાળતો એમ જોવામાં આવે છે. અને બધા જુદાં જુદાં કામો જુદાં જુદાં વિભાગના માણસો સંભાળવા છતાં બધા કામની સંભાળ એ જ રાખે છે કે આણે આ કર્યું કે નહિ? પેલાએ આ કર્યું કે નહિ? પેલાએ આ કર્યું કે નહિ? તો ખરેખર એ વેપારનો કર્તા શેઠ છે, ખરેખર માણસો નથી. કેમકે એ વેપારના તે ધણી નથી. માણસો છે એ વેપારના કોઈ ધણી નથી. બધા વેપારનો ધણી આ એક શેઠ છે. માટે એને પ્રકરણિક કહેવામાં આવે છે. જે પરિણામના બંધ શેઠને પડે એ નોકરને પડતા નથી. બરાબર છે? કેમકે એને ધણીપણું નથી. કામ તો ઓલા કરે છે અને બંધાય આ છે? હા. કાર્યો પેલા કરે છે અને બંધાય છે આ. આમ છે. બરાબર છે કે નહિ?

મુમુક્ષુ :- ભાવ તો કર્યા જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવ તો કરે છે પણ સ્વામીત્વપણે કરે છે. એમ કરે છે. એમ કહે છે કે તું સ્વામીત્વ છોડી દે. જગતના કાર્યો કરવાનું સ્વામીત્વ છોડી દે. પૂર્વકર્મને લઈને દેહ અને બીજા સંયોગો આવ્યા છે, શરીર, કુટુંબ, પરિવાર, પૈસા, આબરૂ, મકાન, દાગીનો જે કાંઈ છે એનું સ્વામીત્વ છોડી દે. એથી આગળ ચાલીને શુભાશુભ પરિણામનું પણ તું સ્વામીત્વ છોડી દે.

.. ચેતના કદી પણ અસ્ત થતી નથી. ચેતના બધા ભાવોમાં સદાય છે. તેથી ભાવમાંથી ચેતનાને ગ્રહણ કરવી પડે છે. સર્વ ભાવોમાં ચેતના હોવાથી અને ભાવો

વ્યક્ત હોવાથી ચેતના પણ અહીંયાં વ્યક્ત થતી હોવાથી અને વ્યક્ત-અવ્યક્ત, વ્યક્ત અને અવ્યક્તથી પણ પાર એનું સ્વરૂપ એ એણે સમજી લેવું જોઈએ.

વિષય જરા ગૂઢ થઈ જાય છે. ચેતના સદાય બધા ભાવોમાં વ્યક્ત છે અને ત્રિકાળી સ્વરૂપમાં ચેતના અવ્યક્ત છે. પરંતુ વ્યક્ત અને અવ્યક્ત તો અવસ્થાભેદ છે. જે ગુમતત્ત્વ છે એને અવસ્થાના ભેદોની અપેક્ષા જ લાગુ પડતી નથી. એટલે વ્યક્ત કે અવ્યક્ત સ્વરૂપે ખરેખર એ છે નહિ. વ્યક્ત પણ છે, અવસ્થા અપેક્ષાએ. અવ્યક્ત પણ છે, ધ્રુવ અપેક્ષાએ. બન્ને ભેદોની અપેક્ષાએ? તો કહે છે, વ્યક્ત પણ નથી અને અવ્યક્ત પણ નથી. આમ લાગુ પડે છે. આવી વાત છે. આ વાત સમજાય જાય તો એને તત્ત્વ સમજાઈ ગયું. નહિતર કાં તો અવ્યક્તના જોરમાં, કાં તો વ્યક્તના જોરમાં, પણ વ્યક્ત અને અવ્યક્ત બન્ને નથી, કોઈ ભેદ એને લાગુ પડતા નથી એવું આ તત્ત્વ છે એમ એને સમજાવું જોઈએ.

મુમુક્ષુ :- આ તત્ત્વ વગર ગોથા જ ખાયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સ્પષ્ટતા કરી છે.

મુમુક્ષુ :- ધ્રુવ તત્ત્વ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુરુદેવ'ના પ્રચનોનો આ હાર્દ છે. અને આ વિષયની સૂક્ષ્મતામાં એ એટલા બધા ગયેલા, જતા હતા અને પ્રસિદ્ધ કરતા હતા કે સ્થૂળ વિષયની ચર્ચામાં એ પડતા નહોતા. સ્થૂળ બાબતોની ચર્ચામાં એ પડતા નહોતા. એ સ્તરની ચર્ચા કરવાનો કોઈ પ્રશ્ન નથી. વસ્તુ આ સમજવા જેવી છે એ તમે સમજો. આત્મા ચશ્માથી જોવે કે ન જોવે? 'ચંદ્રશેખરવિજય' આવ્યા ને? મારે તમારી સાથે ચર્ચા કરવી છે. એનો મુડ જોઈને સમજી ગયા કે આ કાંઈક ગડબડ કરવા આવ્યા છે. એટલે એને કહ્યું કે, અમે તો વાદવિવાદમાં ક્યાંય પડતા નથી, ઉતરતા નથી. એણે કહ્યું, તમે હારી જાવ એવું છે એટલે એમ જ કહોને. વાદવિવાદ કરવા જાઓ તો તમે હારી જાઓ એમ છો. પછી વાદવિવાદ કરવાનું કેવી રીતે સ્વીકારો? ઠીક, ભાઈ. તું રાજી થા. ચોંટિયો ભરે તો માણસ ઉંહકારો કરે ને? એને ખબર નથી કે આ કાંઈ હલે એમ નથી. 'ગુરુદેવે' કહ્યું કે અમે કોઈ એવી ચર્ચામાં ઉતરતા નથી, કોઈની સાથે ચર્ચા કરતા નથી. એણે કહ્યું કે, તમે નિમિત્તને માનતા નથી. મને ખબર છે. એણે પોતે ચર્ચા ચાલુ કરી. તમે પણ ચશ્મા પહેર્યા છે. આ ભાઈએ પણ ચશ્મા પહેર્યા છે. મેં પણ ચશ્મા પહેર્યા છે. ત્રણેને પૂછો, વગર ચશ્માએ દેખાય છે કે ચશ્માએ દેખાય છે? 'ગુરુદેવ' એટલું કહ્યું કે, સમજાય ગયું. થઈ ગઈ ચર્ચા. એટલે એવી સ્થૂળ ચર્ચામાં ઉતરવા પણ એ તૈયાર નથી. આવું ગૂઢ તત્ત્વ એમણે

સમજાવ્યું છે.

જે સર્વ અવસ્થાઓમાં વ્યક્ત છે છતાં અવ્યક્ત છે. છતાં વ્યક્ત-અવ્યક્તના ભેદથી પાર છે. આવી ભૂલની ચર્ચા કરે. એની ચર્ચા કરે કે આ ચશ્માથી દેખાય છે અને નથી દેખાતું એની ચર્ચા કરે? જે માણસ કરોડોના બિલ બનાવતો હોય, આ હીરાના વેપારી હોય એના એક એક બિલ લાખો, કરોડોના બને. પંદર લાખનું બિલ, પંચોતેર લાખનું બિલ, આ એક કરોડ ને દસ લાખનું બિલ. એને એમ કહે કે મને એક આઠ આનાનું બિલ દે ને. પચાસ પૈસાવાળું એક બિલ બનાવી દે. ભાઈ! અમારે ત્યાં પચાસ પૈસાવાળો કોઈ માલ બનતો જ નથી અને મળતો જ નથી. એમાં તમને શું વાંધો છે? આવડા મોટા બનાવો તો આવડું એક નાનું ન બનાવી શકો? ભાઈ! તું વયો જા હવે. તને નહિ સમજાય. એવો વિષય છે. ક્યાં જૈનદર્શનનું મૂળ તત્ત્વ, ક્યાં એનું તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ! કેટલી સૂક્ષ્મ ચર્ચાઓ છે. અને ક્યાં આ બધી સામાન્ય ગડબડવાળી વાતો.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- આ જીવ નથી, આ જીવ નથી, આ જીવ નથી. એમ કરીને ગઈકાલે... ચેતનાનો વિષય ચાલ્યો. અધિકાર અજીવનો છે. એમાં છેલ્લે છેલ્લે વાત એવી ચાલી કે એ ચારે ભાવોમાં ચિત્ત પ્રવર્ત્યું. ચિત્ત છે તે જ જીવ છે, બાકી બધું છે એ અજીવતત્ત્વ છે એમ કહી દીધું છે.

ચેતના '**કદી પણ અસ્ત થતી નથી. જેથી તે અનાદિ નિધન (અનાદિઅનંત) રહે છે. તેથી જ્ઞાતાને જીવરૂપ ચેતનાનું જ આચરણ છે.**' તેથી એ ચેતનાને જાણનાર, એ ચેતનાને અનુભવનાર એને અહીંયાં જ્ઞાતા કહ્યો. એને ચેતનાનું જ આચરણ છે. એટલે કે હું ચેતનાસ્વરૂપે છું એવું એને અંતરમાં આચરણ છે. હું એ ચેતના સિવાય બાકી બધું અજીવ હોવાથી હું કોઈ અજીવસ્વરૂપે નથી. આમ એને પોતાસ્વરૂપે આચરણ છે. એ સ્વઆચરણ છે. એ આચરણ શુદ્ધ આચરણ છે.

'**એક ચેતનાથી જ જીવને દર્શાવવામાં આવે છે.**' તત્ત્વદૃષ્ટિએ તો માત્ર એક ચેતનાથી જ, ચિત્ ભાવથી જ જીવને દર્શાવવામાં આવે છે. અને '**નિઃસંદેહ એક ચેતનારૂપે જ જીવ પ્રગટ થયો.**' જ્યારે એ જીવને દર્શાવ્યો અને એનું દર્શન કર્યું ત્યારે એ પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. બાકી તો છે ઈ છે. પણ એ જોયો, એનું દર્શન કર્યું ત્યારે એ પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. શેમાં? દૃષ્ટિમાં પ્રગટ થયો, જ્ઞાનમાં પ્રગટ થયો. એમાં તો હતો જ. સૂરજ ઊગ્યો એમ કહેવાય છે. સૂરજ ઊગે છે? બધાએ જ્યારે જોયો ત્યારે એમ કહ્યું કે સૂરજ ઊગ્યો. સૂરજ ઊગતો

નથી. સૂરજ તો છે ઈ છે. સૂરજ કાંઈ નવો ઊગતો નથી. એ અજીવ અધિકાર પૂરો થયો.

'કર્તાકર્મક્રિયા અધિકાર વર્ણન.' 'જે વસ્તુથી પરિણામ-પ્રવાહ પ્રવર્ત્યા કરે છે તે વસ્તુને પ્રવાહનો કર્તા કહેવામાં આવે છે.' પરિણામ છે એ એક પછી એક, એક પછી એક સતત વર્ત્યા કરે છે તેથી તેને પ્રવાહ કહેવામાં આવે છે. પરિણામના સમૂહને, જથ્થાને પરિણામ પ્રવાહ કહેવામાં આવે છે. વહેતી ચીજ છે. એક પછી એક, એક પછી એક. જેમ પાણીનો પ્રવાહ નદીમાં ચાલે છે, એમ જે છએ દ્રવ્યો છે, છ જાતની વસ્તુ છે એમાં પરિણામનો પ્રવાહ ચાલે છે. પરિણામો થાય જ કરે છે, પ્રવાહિત છે. પરિણામ છે એ ક્યારેય પણ સ્થિર નથી. એટલે તો આપણે એમ કહેવામાં આવે છે, જે હાથમાં પૈસા હોય છે, ફરતા પૈસા હોય છે, લેતી-દેતીમાં જે પૈસાનો ઉપયોગ કરે છે એને અંગ્રેજીમાં Liquid cash કહે છે. શું કહે છે? પ્રવાહીત. અને એને Cash flow પણ કહેવામાં આવે છે. flow એટલે પ્રવાહિત થતો જથ્થો એને Cash flow કહેવામાં આવે છે. એમ આ પરિણામ છે એ ફરતી ચીજ છે, બદલતી ચીજ છે. વસ્તુમાં એક પ્રવાહ ચાલે છે. પરિણામના તરંગોનો પ્રવાહ ચાલ્યા જ કરે છે. વસ્તુ છે એ પોતે કર્તા છે. એ પ્રવાહરૂપ પરિણામ છે એનો કર્તા કોણ? કર્તા એ વસ્તુ પોતે. બીજું કોઈ એનું કર્તા નથી. જે વસ્તુથી પરિણામ પ્રવાહ પ્રવર્ત્યા કરે છે એટલે જેમાંથી પરિણામનો પ્રવાહ આવ્યા જ કરે છે, થયા જ કરે છે. તે વસ્તુને તે પ્રવાહનો કર્તા કહેવામાં આવે છે. આખી વસ્તુને, હોં! એ આખી વસ્તુ છે તે કર્તા છે.

મુમુક્ષુ :- આમ તો પરિણામ થયા કરે છે તો કર્તા છે?

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામ છે એ કાર્ય છે. કાર્ય છે કે નહિ? તો કાર્ય હોય અને કર્તા સદંતર ન હોય એમ કેમ બને? એ કાર્યનો કરનારો કોણ? તમે એમ કહ્યું કે મેં શુભભાવ કર્યો. તો શુભભાવનો કરનારો કોણ? જે જીવે તે ભાવ કર્યો તે જીવ તે શુભભાવનો કર્તા છે. જીવને મોક્ષ પ્રગટ થયો. મોક્ષરૂપી કાર્ય થયું. તો મોક્ષનું કાર્ય કોણે કર્યું? કે તે જીવે કર્યું. કોઈ બીજા ઈશ્વરે કર્યું? તે જીવ પોતે મોક્ષના કાર્યનો કરનારો છે. પોતાના કાર્યનો કરનારો પોતે પદાર્થ છે. એટલું લેવું છે. લેશે, આ વિષય બહુ વિસ્તારથી અહીંયાં લીધો છે. નીચે એક માટીનું દૃષ્ટાંત લ્યે છે.

માટીમાંથી ઘડો થયો. માટીમાંથી ઘડારૂપ કાર્ય નીપજ્યું. ઘડો નિપજાવ્યું. માટીમાં તો પાણી ભરાય એવું હતું નહિ. માટીનું ઢેફું હતું એમાં તેલ, ઘી, પાણી કાંઈ ભરી શકાય એવું નહોતું. પણ એની અવસ્થામાં એક નવું કાર્ય થયું, ઘડાનું કાર્ય થયું ત્યારે

એની અંદર તેલ, પાણી વગેરે ભરવામાં આવે છે. એ ઘડાનું કાર્ય કોણે નિપજાવ્યું? માટીએ. એમ કહેવું છે. ઘડો કુંભારે કર્યો? નહિ. અહીંયાં એ વાત નથી. અહીંયાં માટી સ્વયં-પોતે ઘડારૂપે પરિણમી છે. કુંભાર પરિણમીને ઘડારૂપે થયો નથી. ઘડો ફૂટી જતાં કુંભારને કાંઈ થાતું નથી. ઘડો ફૂટી જતા એ કાર્યનો નાશ થાય છે, માટીને કાંઈ થાતું નથી. માટી માટીરૂપે રહે છે.

મુમુક્ષુ :- નામ આપ્યું કર્તા?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કર્તાનું એને નામ આપ્યું. આખા પદાર્થને કર્તાનું નામ આપ્યું, એમ કહેવું છે. એના એક સમયના પરિણામને કાર્યનું નામ આપ્યું. તે કાર્ય પણ સદાય એ કાર્યરૂપે નહિ રહેતાં બદલી જાય છે, એવું જે બદલવાપણું છે એને ક્રિયાનું નામ આપ્યું. આમ ત્રણ વાત લેવી છે. કર્તા, કર્મ અને ક્રિયા સંબંધીનો આ અધિકાર છે. તત્ત્વદૃષ્ટિએ એને સમજાવવા માગે છે.

'જે વસ્તુથી પરિણામ-પ્રવાહ પ્રવર્ત્યા કરે છે તે વસ્તુને પ્રવાહનો કર્તા કહેવામાં આવે છે. વળી તે વસ્તુના તે પરિણામ-પ્રવાહને કર્મસંજ્ઞાથી કહેવામાં આવે છે.' તેને કર્મની સંજ્ઞા, કર્મનું નામ દેવામાં આવે છે. પદાર્થને કર્તાનું નામ દેવામાં આવે છે, પરિણામને કર્મનું નામ દેવામાં આવે છે. કર્મ કહો, કાર્ય કહો. કર્મ એટલે અહીંયાં પુદ્ગલકર્મ નહિ, ભાવકર્મ નહિ, દ્રવ્યકર્મ નહિ. એવી કોઈ વાત લેવી નથી. અહીંયાં તો કાર્ય તેનું નામ કર્મ. વ્યાકરણમાં આ વિષય સમજાવવામાં આવે છે. વ્યાકરણ ભણ્યા હોય એને. હું નિશાળે જાઉં છું. આવું એક વાક્ય છે. તો નિશાળે જવાની ક્રિયા છે. ચાલવાની ક્રિયા છે. ચાલવારૂપી કાર્ય તે એનું કર્મ છે. અને કોણ એનો કર્તા છે? કે હું પોતે એનો કર્તા છું. એમ કર્તાપદ, ક્રિયાપદ અને કર્મપદ એમ સમજાવવામાં આવે છે કે નહિ? તો અહીંયાં કહે છે, એ પદાર્થની અંદર એ પદાર્થને પોતાને કર્તાનું પદ છે. તેની જે અવસ્થા થાય છે એ એનું કર્મનું પદ છે. અને અવસ્થા બદલતી જાય છે તે ક્રિયાનું પદ છે. આમ ત્રણ પદ એને સમજાવવામાં આવે છે.

'તે પરિણામપ્રવાહમાં પૂર્વ પરિણામનો ક્ષય, ઉત્તર પરિણામનું ઊપજવું તેને ક્રિયા કહેવામાં આવે છે.' એટલે બદલે છે. પૂર્વ પરિણામ છે એનો નાશ થાય છે, ત્યારપછીના બીજા નવા પરિણામનું ઊપજવું થાય છે. એમ જે કર્મ થયું તે કર્મની ફેરબદલી થઈ જાય છે, તેનું તે કર્મ રહેતું નથી, કર્મ બદલાઈ જાય છે, એ કાર્ય બદલવાની જે ક્રિયા, કાર્ય બદલવાની જ પરિસ્થિતિ છે એને ક્રિયા એવું સંજ્ઞા-નામ આપવામાં આવે છે.

'પરંતુ 'કર્તા-કર્મ-ક્રિયા એ ત્રણે એક વસ્તુના હોય છે. વસ્તુત્વમાં (વસ્તુની

અંદર) કાંઈ ભેદ નથી.' અભેદ વસ્તુમાં આ ભેદ ઊપજાવ્યા. એના ત્રણ કટકા ત્યાં નથી. અભેદ વસ્તુમાં ભેદ ઊપજાવ્યા. જો કટકા હોત તો ઘડાનો નાશ થતાં માટીનો નાશ થઈ જાત. પણ ઘડાનો નાશ થતાં માટીનો નાશ થતો નથી. કેમકે એ ઘડાની અવસ્થા મટીને માટીરૂપ, કટકારૂપ અવસ્થા થઈ, એમાં માટી તો એમ ને એમ જ રહી છે. માટીમાં કાંઈ ઓછુંવત્તું થયું નથી. અહીંથી એક વાત એ લેવી છે કે કર્તા, કર્મ અને ક્રિયા ત્રણે એક વસ્તુના હોય છે. એટલે કે કર્તા, કર્મ અને ક્રિયા અન્ય વસ્તુમાં હોઈ શકતા નથી. આમ પણ અહીંથી લેવાય છે. લેવી પડે છે. એટલે કોઈ એમ કહે કે મેં ફલાણું કામ કર્યું, મેં સમાજનું કામ કર્યું, મેં ગામનું કામ કર્યું, મેં ફલાણાનું કામ કર્યું. મેં પુસ્તક બનાવ્યું, મેં લખ્યું, મેં વાંચ્યું, મેં આમ કર્યું.. આમ કર્યું. બહારના કોઈ કાર્યો કોઈ જીવ કરી શકતો નથી.

મુમુક્ષુ :- દુકાનના કામ કર્યા.

પૂજ્ય ભાઈશ્રી :- દુકાનના કામ કર્યા, મોટા પુલ બાંધ્યા, પર્વત તોડ્યા કે બંધ બાંધ્યા કે દરિયા ખેડ્યા.

મુમુક્ષુ :- કોણે કર્યું એ બધું?

પૂજ્ય ભાઈશ્રી :- એ પરમાણુ પરમાણુનું કામ કરે છે અને જીવ જીવનું કામ કરે છે. અનંતા પરમાણુઓમાં એક એક પરમાણુમાં અનંતી શક્તિ છે તે બધી કાર્યશીલ છે અને એ બધા કાર્યો કર્યા જ કરે છે. એમાં તું વચ્ચે તારો અધિકાર ઊભો કર કે આ મેં કર્યા, તો તને મિથ્યાત્વનો દોષ લાગશે અને એ કલ્પના તને દુઃખનું કારણ થશે. એ તારી મિથ્યા કલ્પના તને દુઃખનું કારણ થશે. સિવાય બીજું કાંઈ એમાં માલ નથી. એ બધું અભિમાન ઊતરી જાય એવું છે. કર્તા, કર્મ, ક્રિયાનો વિષય એવો છે. પણ ઘરમાં મોટો હોય તો કુટુંબનું કામ કરે કે નહિ? આખા કુટુંબનો ભાર એના ઉપર હોય. એ વાત ખોટી છે.

'ગુરુદેવ' તો કેટલા દૃષ્ટાંત આપતા. આ બહેનો રોટલી વણે છે તો બાઈએ રોટલી વણી કે નહિ? રોટલી વણવામાં એનો અધિકાર નથી. ચોડવી? તો કહે છે, એનો અધિકાર નથી. આમ છે. બહુ કુશળ છે, એવી સરસ રસોઈ બનાવે છે. તો કહે છે, એનો કોઈ અધિકાર એમાં નથી. આવડત નથી? આવડત છે એમાં ક્યાંય અધિકાર લાગતો નથી. કેટલા દૃષ્ટાંત આપતા હતા! કર્તા-કર્મના અધિકારમાં સેંકડો દૃષ્ટાંત આપતા હતા. શરીર, જીવ ચલાવી શકે છે કે નહિ? પાપણ ઊંચી કરી શકે છે કે નહિ? એક આંગળી ચલાવી શકે છે કે નહિ? જીવનો કોઈ અધિકાર નથી.

મુમુક્ષુ :- આ લઈ આવ્યાને ત્યાંથી અહીં?

પૂજ્ય ભાઈશ્રી :- વાતમાં કાંઈ માલ નથી. પરમાણુ પરમાણુની યોગ્યતાથી ક્ષેત્રાંતર કર્યું અને જીવે જીવની યોગ્યતાથી ક્ષેત્રાંતર કર્યું. તમે અત્યારે ઈચ્છા પ્રમાણે નક્કી કરો કે મારે તો આજે ને આજે અમેરિકા જાવું છે. લ્યો, પહોંચી જાવ. જાઓ. એવું કાંઈ ઈચ્છા પ્રમાણે શરીરને લઈ જવાય છે એવું બનતું હોય તો જગતમાં કોઈ વ્યવસ્થા રહે નહિ. જગતમાં કોઈ વ્યવસ્થા રહે નહિ. તમે ઈચ્છા કરી પછી કેટલા ટાઈમે અહીંયાં આવ્યા? ઈ જ વખતે શા માટે નહિ? કેમ? એના થવા યોગ્ય કાળે કાર્ય થાય છે, ઈચ્છા કાળે નહિ. ઈચ્છા કાળે કાર્ય થવા લાગે તો કોઈને ઈચ્છા જ રહે નહિ. ઈચ્છાની એ જ વખતે સમાપ્તિ થઈ જાય. પણ વસ્તુસ્થિતિ એવી છે કે જીવનું કાર્ય અજીવનું થઈ શકતું નથી. અજીવનું કાર્ય જીવ કરી શકતો નથી. આ બહુ સ્પષ્ટ વિષય છે. જીવની કાર્યક્ષેત્રની આ મર્યાદા છે કે જીવ પોતાના પરિણામ સિવાય કોઈ અન્ય પદાર્થનું કાર્ય કરી શકે નહિ. આ એની મર્યાદા છે. પછી એ જીવ તીર્થંકરનો જીવ હોય તો એ મર્યાદા એને લાગુ પડે છે અને એ જીવ નિગોદનો હોય તો એને એ જ મર્યાદા લાગુ પડે છે.

અનંત તીર્થંકરો થયા. જગતના બધા જીવોને એમણે આ બોધ આપવા માટેનો રાગ થયો હતો. બધા જીવ આ જ્ઞાનને પામો, આ શાંતિને પામો. આવું આત્મિક સુખ બધા આનંદને ભોગવો. કોઈ દુઃખી ન રહો. પહેલા તીર્થંકર થયા ત્યારે જ આખું જગત આનંદરૂપ થઈ જાત. બધાયનો મોક્ષ થઈ જાત, કોઈ બાકી રહેત નહિ. પણ ખુદ તીર્થંકરના સમવસરણમાં જ્યારે એ તત્ત્વનું નિરૂપણ ચાલતું હોય ત્યારે આમ નથી, એવો ભાવ વ્યક્ત કરનારા જીવો હોય છે. કે આ કહે છે એવું નથી પણ મને કાંઈક બીજો અનુભવ થાય છે. અગ્નિ મને બાળતી નથી, જીવને અગ્નિ બાળતી નથી. કેમકે એ અજીવની પર્યાય છે, અગ્નિ જીવની પર્યાય નથી. તો એને સાંભળે તો એ સમવસરણમાં નકાર કરે કે ના, ના. એ વાત કાંઈ આપણને બેસતી નથી. અગ્નિ બાળતી નથી? અગ્નિનું બાળવાનું કામ છે. અગ્નિ પોતે એક જુદું તત્ત્વ નથી, એ તો અનેક સ્કંધોની પર્યાય છે. પણ ખરેખર અગ્નિ છાણારૂપે થતી નથી, અગ્નિ દાહ્યરૂપે થતી નથી. દાહક પોતે છે એ દાહ્યરૂપે થતી નથી. આ વાત કાંઈ બેસે એવું નથી. છાણું બળતું હોય તો છાણાના આકારે અગ્નિ જોઈએ છીએ, લાકડું બળતું હોય તો લાકડાના આકારે લાકડાને આકારે અગ્નિ જોઈએ છીએ. અને તમે કહો છો કે એ દાહક છે એ દાહક છે અને દાહ્ય છે તે દાહ્ય છે. સમવસરણમાં એ ભગવાન કહેતા હોય ત્યારે જીવ નકાર કરે છે. તો ભગવાન એનો નકાર હકારમાં ફેરવી દે કે નહિ? તું સાંભળવા આવ્યો છો તો હું કહું એમ માન ને. એમ કહે કે ન કહે?

તું મોટો કે હું મોટો? કોણ આપણા બેમાં મોટું? સાંભળવા તું બેઠો છો. અને તું એમ કહે છે કે, ના, એમ ન હોય. પણ એ સ્વતંત્ર છે.

ભગવાન જાણે છે કે એની સત્તા સ્વતંત્ર છે. એનો હકાર સ્વતંત્ર છે અને એનો નકાર પણ સ્વતંત્ર છે. મારો તાબેદાર કોઈ જીવ નથી. આમ જાણે છે. ભગવાન પણ જાણે છે કે કોઈ જીવ મારો તાબેદાર નથી. એક પરમાણુ પણ મારો તાબેદાર નથી અને એક જીવ પણ મારો તાબેદાર નથી. એમ જાણીને એમણે કોઈ જીવ કે કોઈ પરમાણુ પ્રત્યે રાગ ન કર્યો, દ્વેષ ન કર્યો અને કોઈનું કાર્ય કરવાનો મોહ ન કર્યો, અભિમાન ન કરીને વીતરાગ થઈ ગયા. એનું કારણ આ છે. અને એમની જે વાણી ચાલી એ પણ ઇચ્છા વિના ચાલી. ઉપદેશ દેવાનો પણ ઉપદેશ ચાલ્યો ત્યારે રાગ ન રહ્યો કે આ ઉપદેશ મારે કરવો છે અને આને સમજાવવું છે. એ વાત ત્યાં ભગવાનને છે નહિ. એ સ્વયં વાણી ચાલે છે. સ્વયં બંધ થાય છે, સ્વયં ચાલે છે, સ્વયં બંધ થાય છે. બંધ થાય છે ત્યારે એ બંધ કરતા નથી અને ચાલુ થાય છે ત્યારે એ ચાલુ કરતા નથી. પોતે ચાલુ કરતા નથી. ગણધરદેવ આવે ત્યારે વાણી ચાલુ થાય. એ ભગવાનને ખબર પડે કે હવે ગણધરદેવ આવ્યા, હવે ચાલુ કરો. એ સ્વયં જ ચાલે છે અને સ્વયં જ બંધ રહે છે.

મુમુક્ષુ :- સ્વતંત્રતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ સ્વતંત્રતા છે, પૂરેપૂરી સ્વતંત્રતા છે. કિંચિત્માત્ર કોઈ દ્રવ્ય, કોઈ દ્રવ્યથી પરતંત્ર કે પરાધીન નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીની પાસે જવામાં જિજ્ઞાસા..

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર હોય ત્યારે એને એમ થાય કે જ્ઞાની કહે છે એના કરતાં મને પણ કાંઈક ખબર પડે છે. એ બરાબર નથી કહેતા અથવા એને જિજ્ઞાસા નથી એ જ બતાવે છે કે ત્યાં એને દર્શનમોહ મંદ નથી, (પણ) તીવ્ર છે. એમ જ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ને સમજાવવા ગયા હશે, આ વાત બેઠી નહિ હોય..

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્ત તો ક્યારે બને કે પોતે સાંભળવાની બુદ્ધિથી જાય તો. સમજવાની બુદ્ધિથી જાય તો. પણ 'ગુરુદેવે' જોઈ લીધું કે આ કાંઈ સમજવાની બુદ્ધિથી નથી આવ્યા, ભાઈ સમજાવવા આવ્યા છે અને એ કેટલું સમજે છે ઈ ખબર છે. એકડિયામાં હજી બેસાડવાની ખાત્રી ન હોય, એ કોઈ મોટા Engineer ને એમ કહે કે હું કહું ઈ સમજો તમે. સાંભળો. તમને ખબર પડતી નથી. પેલા એમ કહે કે, બસ, હવે. બસ રાખો હવે. બીજું શું કહે એને? એને એમ કહે કે

તમે એકડિયામાં છો. તો એ કાંઈ સ્વીકારવા તૈયાર થાય નહિ. એવું બધું છે. જૈનદર્શનનું ગૂઢ તત્ત્વ ક્યાંયનું ક્યાંય છે અને આ બધી સામાન્ય વાતો ક્યાંયની ક્યાંય છે. તમને સમજણ પડતી નથી. બહુ સારું, ભાઈ! અમને નથી પડતી, નથી પડતી. તું રાજીને હવે? એમ કરવું પડે. બીજું શું?

એટલે કર્તા, કર્મ અને ક્રિયા એ ત્રણે એક વસ્તુના હોય અથવા એક વસ્તુમાં હોય. એક વસ્તુના હોય, એક વસ્તુમાં હોય. એક વસ્તુમાં કર્તા, કર્મ, ક્રિયાના ભેદ હોવા છતાં ખરેખર વસ્તુમાં ભેદ નથી. આ વાત અનેકાંતિક છે. વસ્તુમાં કર્તા, કર્મ અને ક્રિયાના ભેદ કહીને એમ કહી દીધું કે વસ્તુમાં ભેદ નથી. ભેદ કહેતા જાય છે અને ભેદનો નિષેધ કરતા જાય છે. આ શૈલી છે. વસ્તુના સ્વરૂપને નિરૂપણ કરવાની આ અનેકાંતિક પદ્ધતિ છે. વિશેષ લઈશું...

તા. ૨૨-૬-૧૯૮૬, પાના નં. ૬૪, પ્રવચન નં. ૪૫

'આત્માવલોકન'. પાનું-૬૪. કર્તા-કર્મ-ક્રિયાનો અધિકાર છે. એક વસ્તુમાં ત્રણ ભેદ છે. વસ્તુ વસ્તુપણે અભેદ છે. વસ્તુમાં ત્રણ વસ્તુપણું કહીએ પરંતુ એક વસ્તુત્વમાં કર્તા, કર્મ અને ક્રિયા એવા ત્રણ દૃષ્ટિકોણથી વસ્તુને જોવામાં આવે છે. વસ્તુને જ જોવામાં આવે છે કર્તાપણે, વસ્તુને જ જોવામાં કર્મપણે, વસ્તુને જ જોવામાં આવે છે ક્રિયાપણે. પહેલા Paragraph માં મોટા અક્ષરે લીધું છે, '**પરંતુ કર્તા-કર્મ-ક્રિયા એ ત્રણે એક વસ્તુના હોય છે. વસ્તુત્વમાં (વસ્તુની અંદર) કાંઈ ભેદ નથી.**' એટલે વસ્તુપણામાં કાંઈ ભેદ નથી. કર્તાપણું એ પણ વસ્તુનો ધર્મ છે, કર્મપણું એ પણ વસ્તુનો ધર્મ છે, ક્રિયાપણું એ પણ વસ્તુનો ધર્મ છે. એ રીતે કર્તા, કર્મ, ક્રિયા એ વસ્તુના અંગભૂત છે. અભેદ વસ્તુના અંગભૂત છે અને એને જુદાં જુદાં અંગથી એના ભેદ જોવામાં આવે છે.

એના ઉપર દૃષ્ટાંત આપ્યું હતું. જેમકે માટી કર્તા, ઘડો તેનું કાર્ય. કર્મ અથવા કાર્ય. અને પિંડના આકારથી મટીને ઘટાકાર થાય તે તેની ક્રિયા. માટીના પિંડમાંથી ઘડો થાય છે, ભલે એ ઢેફામાંથી પિંડ બનાવેલો હોય છે. પિંડમાંથી ઘડો થાય છે. પિંડરૂપ અવસ્થા માટીનો વ્યય થયો, પિંડરૂપ અવસ્થાનું મટી જવું થયું, ઘડારૂપ નવી અવસ્થાએ માટી ઊપજી. એ રીતે એક માટી વસ્તુમાં આ ત્રણ ભાવોનો વિકલ્પ અથવા ભેદ કરવામાં આવે છે. એક માટી વસ્તુમાં આ ત્રણ પ્રકારના ભેદ જોવામાં આવે છે. અહીંયાં તો કહે છે, એવો ભેદ કરવામાં આવે છે.

અભેદથી પણ વસ્તુને જોઈ શકાય છે. ભેદથી પણ વસ્તુને જોવામાં આવે છે. આવો ભેદ કરતાં એવા ભેદ ઊપજે છે. પરંતુ એ મર્યાદિત વાત છે. કેમકે ભેદ છે એ મટે છે. ઘડાપણું મટે છે, પિંડપણું મટે છે, એની મર્યાદા છે. પરંતુ કહીને કર્તા, કર્મ, ક્રિયા એ ત્રણે માટીના જ છે, એક માટીથી જુદાં નથી. માટીનું માટીપણું અમર્યાદિત છે. વસ્તુનું વસ્તુત્વ-વસ્તુપણું અમર્યાદિત છે. વસ્તુના ભેદમાં મર્યાદા છે. અભેદને મર્યાદા નથી. આ રીતે ભેદ અને અભેદ બન્ને વિવિક્ષા હોવા છતાં, વસ્તુને સમજવાની બન્ને વિવિક્ષા હોવા છતાં ભેદ છે એ નાનો છે, વસ્તુમાં ભેદપણું નાનું છે, મર્યાદિત છે અને વસ્તુનું અભેદપણું અમર્યાદિત મોટું છે.

મુમુક્ષુ :- અમર્યાદિત એટલે કઈ અપેક્ષાએ અમર્યાદિત?

પૂજ્ય ભાઈશ્રી :- અમર્યાદિત એટલે ક્યારેય એમાં ફેરફાર થતો નથી. ભેદમાં ફેરફાર થાય છે. અભેદમાં ફેરફાર થતો નથી. ક્રિયા બદલે છે, અવસ્થા બદલે છે. અવસ્થાભેદમાં અવસ્થા બદલે છે. પણ અભેદ વસ્તુ છે એ એમ ને એમ જ રહે છે. અભેદપણું, વસ્તુનું વસ્તુપણું એમ જ રહે છે. સદાય અનાદિઅનંત એમ ને એમ રહે છે. એટલે એ વાત પહેલાં કહે છે કે આવો ભેદ છે, આવો ભેદ કરવામાં આવે છે પરંતુ કર્તા-કર્મ-ક્રિયા એ ત્રણે માટીના જ છે. એક માટીથી જુદાં નથી. પરંતુ કહીને પેલી વાતને ગૌણ કરે છે. ભેદ છે એ ગૌણ છે, આ વસ્તુ આખી છે મુખ્ય વાત છે. અથવા વસ્તુનું વસ્તુપણું મુખ્ય રાખીને ગૌણપણે એના ભેદને લક્ષમાં લેવા જોઈએ અથવા સમજવા જોઈએ.

વસ્તુનું પ્રતિપાદન ભેદથી અને અભેદથી થાય છે. બીજી રીતે કહીએ તો. બન્ને પ્રકારે વસ્તુનું પ્રતિપાદન કરવામાં આવે છે કે વસ્તુનું સ્વરૂપ આ અપેક્ષાએ આટલા આટલા પ્રકારે ભેદાત્મક છે અને એ સર્વ ભેદો હોવા છતાં વસ્તુપણે વસ્તુ અભેદ છે અથવા વસ્તુપણે જોતાં વસ્તુમાં કોઈ ભેદ જોવામાં આવતા નથી. એવું જે નિરૂપણ છે-પ્રતિપાદન છે એ પ્રતિપાદનને ક્યા દષ્ટિકોણથી સમજવું આ એક સમજણના વિષયની અંદર પ્રયોજનભૂત મુદ્દો છે. વસ્તુ તો શાસ્ત્રની અંદર પ્રતિપાદિત કરેલી છે. એ પ્રતિપાદનની ભિન્ન ભિન્ન શૈલી પણ જોવામાં આવે છે. કથનશૈલી પણ જોવામાં આવે છે. કોઈ જ્ઞાની કોઈ શબ્દોમાં એ વસ્તુના સ્વરૂપના નિરૂપણને કહે છે, કોઈ જ્ઞાની કોઈ શબ્દથી કહે છે, કોઈ શૈલીથી (કહે છે). દરેકની જુદી જુદી શૈલી જોવામાં આવે છે. પણ દષ્ટિકોણ કોઈનો જુદો નથી. કથનશૈલી જુદી હોવા છતાં વસ્તુની પાછળ એક જ દષ્ટિકોણ છે, બીજો દષ્ટિકોણ નથી. એ દષ્ટિકોણપૂર્વક એનું અધ્યયન કરવું જોઈએ. જે દષ્ટિકોણથી એનું નિરૂપણ છે તે દષ્ટિકોણથી તેનું અધ્યયન કરવું જોઈએ અથવા અભ્યાસ કરવો જોઈએ. નહિતર કહેવા ધારેલો વિષય ભિન્ન દષ્ટિકોણ હોવાને લીધે જુદી રીતે સમજાય છે, અન્યથા સમજાય છે અને તેમાંથી કાંઈને કાંઈ કલ્પના અને વિપર્યાસનું સર્જન થઈ જાય છે.

અહીંયાં તો આખો દષ્ટિકોણ એ છે, કર્તા-કર્મ-ક્રિયાનો અધિકાર છે, તો આ પ્રકારે કર્તા, કર્મ, ક્રિયાનો ભેદ બતાવીને માત્ર વસ્તુનું ભેદાત્મક જ્ઞાન કરાવવાનું જ માત્ર પ્રયોજન છે એમ નથી. પણ આ અધિકારનો દષ્ટિકોણ એમ છે કે જીવ અને અજીવ, ચેતન અને અચેતન એવા બન્ને પદાર્થોમાં કર્તા-કર્મ-ક્રિયાના કોઈપણ ભેદથી જોઈએ કે અભેદથી જોઈએ, કોઈ કોઈનું કાર્ય કરતું નથી. કોઈ કોઈમાં હસ્તક્ષેપ કરતું

નથી, કોઈને વિષે કોઈનો પ્રભાવ પડતો નથી. બન્નેની ભિન્નતા અખંડિત રહે છે. એમ બન્નેની ભિન્નતા સિદ્ધ કરવાના દૃષ્ટિકોણથી કર્તા-કર્મ-ક્રિયાનો અધિકાર અહીંયાં નિરૂપિત છે.

મુમુક્ષુ :- ઘડાનો કર્તા કોણ?

પૂજ્ય ભાઈશ્રી :- ઘડાનો કર્તા માટી છે, કુંભાર નહિ એમ કહેવું છે. દુનિયા આખી એમ કહે કે ઘડાનો કર્તા કુંભાર છે. એક જૈનદર્શનમાં એવી વાત છે કે ઘડાનો કર્તા માટી છે. આખા જગતમાં કોઈને પૂછો, ઘડો કોણે બનાવ્યો? તો કહે, કુંભાર બનાવે. કાંઈ દરજી થોડો બનાવે? વકીલ થોડો બનાવે? ડૉક્ટર થોડો બનાવે? એમ કહે. કુંભાર જ બનાવે. તો કહે છે, ઘડાનો કર્તા માટી છે.

મુમુક્ષુ :- કુંભાર માટીને અડ્યો છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- અડ્યો જ નથી. અડે નહિ, અડ્યો જ નથી, એમ છે. કુંભાર માટીને સ્પર્શ્યો જ નથી. કુંભારે શું કર્યું? તો પછી કુંભારે કર્યું શું? કે કુંભારે માટી કરવાના પરિણામ કર્યા એનો એ કર્તા છે. કુંભારનો જીવ પોતાને માટીના પરિણામ કરવાના જે પરિણામ થયા એ પરિણામનો એ કર્તા છે.

મુમુક્ષુ :- કુંભાર..

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. કુંભાર જ ઘડો કરતો હોય તો રેતીનો પણ ઘડો કરે, પત્થરનો ઘડો કરે. એવો કોઈ ઘડો થાતો નથી. લાકડાનો ભૂક્કો-આ વેર પડ્યો હોય. લાકડા છોલે છે એમાંથી ભૂકો (નીકળે) એનો ઘડો કરી દે. ઘડો કરી શકે એવા પદાર્થથી ઘડો થાય છે. ઘડો ન કરી શકે એવી વસ્તુથી ઘડો કરી શકાતો નથી. જો કુંભાર ઘડો કરી શકતો હોય તો રેતીના અને લાકડાના ભૂક્કાથી પણ ઘડો કરે. પણ કરી શકતો નથી. એમ છે. ગાયું છે ને? 'દેવચદંજી'એ ગાયું છે ને? 'વસ્તુગતે વસ્તુ વિચારે, તે વિરલા જગ જોવે રે..' જગતની અંદર નિમિત્તપ્રધાનતાથી જોવાવાળું આખું જગત છે. આખું જગત કહો કે અજ્ઞાનીનું ટોળું કહો. કોઈ વિરલ જીવ છે એ વસ્તુને વસ્તુગતે વસ્તુધર્મથી જોવે છે. ત્યારે એને પોતાનું વસ્તુનું સ્વરૂપ, મૂળ વસ્તુનું સ્વરૂપ છે એ એનું પોતાનું પદ છે એમ પણ એને જોવા મળે છે. સંયોગદૃષ્ટિએ એને અસંગ તત્ત્વના દર્શન નથી થતા. સંયોગદૃષ્ટિથી એને અસંયોગી પદાર્થ નથી જણાતો. તો એને પોતાનું અસંગ તત્ત્વ જોવા માટે એનો દૃષ્ટિકોણ અપનાવવો પડશે, સંયોગી દૃષ્ટિકોણ જે અનાદિથી એની પાસે છે એનાથી એને મુક્ત થવું પડશે. સંયોગી દૃષ્ટિકોણથી જીવ ગ્રસિત છે, પૂર્વગ્રસિત છે, પૂર્વગ્રહીત છે એ છોડી દેવો પડશે. સંયોગદૃષ્ટિ તપ કર્યા છે અને ત્યાગ કર્યા છે. મેં આ છોડયું, મેં આ છોડ્યું, મેં આ છોડ્યું. ગયો

એના ફળમાં દેવલોકમાં. સંયોગદૃષ્ટિ એમ ને એમ અખંડ રહી હતી, ફેરફાર નહોતો થયો. સંયોગમાં જે પહેલા વિયોગ થયો હતો પદાર્થનો એ પાછો દેવલોકમાં સંયોગ થઈ ગયો. હવે ત્યાં ત્યાગ કરવાનો એનો અધિકાર નથી. અહીંયાં તો થોડોઘણો મેળ હતો તો ત્યાગ થઈ શક્યો. ત્યાં તો ત્યાગ કરવાની કોઈ પરિસ્થિતિ જ ઊભી થતી નથી. તો ત્યાં સંયોગીદૃષ્ટિ એમ ને એમ રહી હોવાથી, ચાલુ રહી હોવાથી ત્યાં એ દેવલોકના વૈભવમાં લપટાય છે અને એકેન્દ્રિય આદિમાં પાછો જાય છે. આ પરિસ્થિતિ છે.

એટલે જૈનદર્શનના વસ્તુ પ્રતિપાદનનો મુખ્ય દૃષ્ટિકોણ ઉપાદાનની દૃષ્ટિ કેળવવાનો છે. ઉપાદાનની દૃષ્ટિ મુખ્ય રાખીને નિમિત્તની વાતો કરી હોય તોપણ ઉપાદાનની દૃષ્ટિને ગૌણ કરીને નહિ, પણ ઉપાદાનની દૃષ્ટિ મુખ્ય રાખીને કરી છે. એ જ રીતે નિમિત્તના આશ્રયે રાગ થતો હોવાથી એને ગૌણ કરાવ્યો છે. એ જ રીતે ભેદોના આશ્રયે રાગ થતો હોવાથી ભેદોનું પ્રતિપાદન કર્યું છે ત્યાં પણ ભેદોની દૃષ્ટિ ગૌણ રાખીને પરંતુ કહીને અભેદની દૃષ્ટિ મુખ્ય રાખી છે. નહિતર એમ કહી શકત વસ્તુપણે વસ્તુ અભેદ હોવા છતાં, પરંતુ વસ્તુમાં આટલા ભેદ છે. એમ કહેત. પણ એમ નથી કહ્યું. વસ્તુમાં કર્તા-કર્મ-ક્રિયાના ભેદ હોવા છતાં વસ્તુ વસ્તુપણે અભેદ છે. એટલે એ માટીપણે જ છે.

'**એ ત્રણેય ભેદોમાં માટી એક જ છે. ત્રણેય માટીથી ઊપન્યા છે.**' લ્યો, આ ભેદ-અભેદનો જ્યાં વિષય ચાલે છે ત્યાં દર્શનમોહના દૃષ્ટિકોણથી વિચારવું હોય... ભાઈ કાલે (કહેતા હતા), દર્શનમોહનો વિષય બધે સ્પષ્ટ કરવો જોઈએ. શાસ્ત્રનું અધ્યયન કરતાં જે ભેદોની રુચિમાં જાય છે, અનેક ભેદ-પ્રભેદના વિસ્તારવાળા જ્ઞાનની રુચિને લઈને શાસ્ત્ર અધ્યયન કરે છે. પછી ભલે એ ભેદોના જ્ઞાનના ક્ષયોપશમમાં પારંગત થાય, તોપણ ત્યાં દર્શનમોહ વૃદ્ધિ પામે છે. અને અભેદની રુચિ કરતાં દર્શનમોહ ઘટીને અભેદનો અનુભવ થાય છે. એટલે શાસ્ત્રમાં બન્ને વિષય પ્રતિપાદિત કર્યો હોવા છતાં કોના ઉપર વજન જવું, કોની રુચિ કેળવવી, ક્યા વિષયનો દૃષ્ટિકોણ મુખ્ય કરવો, ક્યા પડખાંનો દૃષ્ટિકોણ મુખ્ય કરવો, એને પ્રયોજન સાથે સીધો સંબંધ છે. એટલે કર્તા-કર્મ અધિકાર 'સમયસાર'માં શરૂ કર્યો ત્યારે પ્રારંભમાં જ 'અમૃતચંદ્રાચાર્યદેવે' કર્તા-કર્મ-ક્રિયાના ભેદોની વાત કરતાં (કળશ-૪૭માં) એમ કહ્યું કે આત્મા કેવો છે? સમ્યગ્જ્ઞાનના વિષયભૂત આત્મા કેવો છે? એવો અભેદ છે કે બધા ભેદોના કથનને તોડી પાડે એવો છે. '**भेदवादान् खण्डयत्**'. એવું આ જ્ઞાન ઊપજે છે? કેવું સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે? માંગલિક જ આવી રીતે કર્યું છે. અધિકાર ભેદનો લીધો અને માંગલિક

અભેદનું કર્યું છે. '**भेदवादान् खण्डयत्**'. આ ભેદના કથનને તોડી પાડતું એવું સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે. એવી પ્રતિપાદનની શૈલી એમ સૂચિત કરે છે કે ભલે ભેદ અને અભેદ બન્ને વિષય આવે છે, છતાં ભેદની મુખ્યતા નથી, અભેદની જ મુખ્યતા છે.

મુમુક્ષુ :- ભેદ..

પૂજ્ય ભાઈશ્રી :- ભેદ કહેવો પડે છે અનિવાર્યપણે. તો એ ભેદ કહેવો પડે છે ત્યારે કહેનાર ખેદ કરે છે કે અરેરે..! અમારે આટલો પણ ભેદ કહેવો પડે છે. અમે ભેદને ચાહતા નથી, અમે ભેદને ઈચ્છતા નથી, અમે ભેદમાં ભેદરૂપે પરિણમવા રોકાવા માંગતા નથી પણ ખેદ છે કે આટલો ભેદ અમારે કરવો પડે છે. કેમકે સામે ઊભેલો જીવ ભેદમાં ઊભો છે એટલે. પોતાને જરૂરિયાત નથી દેખાતી. એટલી સામાની જરૂરિયાત જોવે છે. ૪૭મો (કળશ છે). '**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा**' '**પરપરિણતિને છોડતું, ભેદનાં કથનોને તોડી પાડતું,...**' અભેદને તોડવું નથી. ભેદના કથનોને તોડી પાડતું થકું. '**निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः**' '**આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' જે સમ્યગ્જ્ઞાન ઉદય પામ્યું તે અખંડ છે, પ્રચંડ છે અને એણે પરપરિણતિને છોડી દીધી છે, પરપદાર્થનો આશ્રય તો એણે છોડ્યો છે પણ ભેદનો આશ્રય પણ એણે છોડ્યો છે. ભેદનો આશ્રય છોડ્યો હોવાથી જેટલી સામે ભેદની વાતો આવે છે એને આ સમ્યગ્જ્ઞાન તોડી નાખે છે, એમ કહે છે. કડક શબ્દનો પ્રયોગ કર્યો છે. મટાડે છે એમ ન કહ્યું, તોડી નાખે છે, ખંડ ખંડ કરી નાખે છે. '**આવા જ્ઞાનમાં પરદ્રવ્યના કર્તા-કર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે? તથા પૌદ્ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે? (ન જ હોઈ શકે).**' શું કહેવાનો આશય છે એ એમાં પ્રસિદ્ધ થાય છે, દૃષ્ટિકોણ પ્રસિદ્ધ થાય છે.

'**કર્તા-કર્મ-ક્રિયા એ ત્રણેય માટીના જ છે, એક માટીથી જુદા નથી. એ ત્રણેય ભેદોમાં માટી એક જ છે, ત્રણેય માટીથી ઊપજ્યાં છે.**' એ દૃષ્ટાંત લીધો. '**તેવી રીતે ચેતનવસ્તુના ત્રણેય ચેતન જ હોય છે,...**' કર્તા પણ એનો ચેતન હોય, કર્મ પણ એનું ચેતન હોય અને ક્રિયા પણ એની ચેતનાત્મક જ હોય. '**તેવી રીતે ચેતનવસ્તુના ત્રણેય ચેતન જ હોય છે, અચેતન વસ્તુના ત્રણેય અચેતન જ હોય છે.**' અચેતન જડ પદાર્થનો કર્તા, કર્મ અને ક્રિયા જડ જ હોય, અચેતન જ હોય. '**પોતપોાની વસ્તુમાં એ ત્રણેય વ્યાપ્ય-વ્યાપક હોય છે;...**' પોતપોતાની વસ્તુમાં એ ત્રણેય વ્યાપેલા છે. કેમકે એ વસ્તુના ધર્મ છે એટલે વસ્તુમાં વ્યાપેલા છે. '**પરની સત્તામાં વ્યાપ્ય-વ્યાપક કોઈ હોતું નથી, એવી સદાની મર્યાદા છે.**' એવી અમર્યાદિત મર્યાદા છે. સદાની એટલે સદાય માટે એવી વાત છે કે દરેક કર્તા-કર્મ-ક્રિયા પોતાની સત્તામાં

વ્યાપે છે અને પરની સત્તામાં, બીજાની સત્તામાં કોઈ વ્યાપતું નથી.

કર્મના ઉદયની હયાતીમાં જીવનો ભાવ વ્યાપતો નથી. જીવના ભાવની રાગ-દ્વેષની હયાતીમાં કર્મનો ઉદય વ્યાપતો નથી. કર્તાપણે, કર્મપણે કે ક્રિયાપણે. જો ક્રિયાપણે પણ કર્મનો ઉદય રાગાદિ ભાવમાં, વિભાવભાવમાં વ્યાપતો નથી તો કર્મનો ઉદય રાગ કરે છે એ વાત માત્ર બોલવા પૂરતી રહે છે. સમકાળે, કાગને બેસવું અને ડાળને પડવું. ડાળ તો પડવાની તૈયારીમાં જ હતી. નહિતર પણ પડવાની હતી, એમાં કાગડો બેઠો. ઝાડની સડી ગયેલી હોય, કાગડો બેસે ડાળ પડે. કાગડાએ બેસીને ડાળને પાડી. પડતી હશે એવી રીતે ડાળ? કાગડાથી ડાળ પડતી નથી. પણ સંયોગ જોઈને લોકો બોલે છે, આણે આમ કર્યું, આણે આમ કર્યું, આણે આનું આમ કર્યું. કોઈ કોઈનું કાંઈ કરી શકે એ વસ્તુધર્મમાં તો નથી.

આ વિજ્ઞાનિક રીતે સિદ્ધ કરે છે કે એક પદાર્થનું વિજ્ઞાન જોવામાં આવે તો ચેતનપદાર્થના વિજ્ઞાનમાં ચેતન કર્તા, ચેતન તેનું કાર્ય અને ચેતનાત્મક તેની ક્રિયા. અચેતન પદાર્થમાં જોઈએ તો અચેતન કર્તા, અચેતન તેનું કાર્ય અને અચેતનાત્મક તેની ક્રિયા. બન્ને પોતપોતામાં વ્યાપેલા છે અને કોઈ કોઈમાં વ્યાપતા નથી. આ સદાની મર્યાદા છે. આ મર્યાદાનું ઉલ્લંઘન કરીને કોઈ પદાર્થ, કોઈ પદાર્થને વિષે કર્તા-કર્મ-ક્રિયાપણે કદી પણ હોઈ શકે નહિ. એમ લેવું છે.

મુમુક્ષુ :- વ્યાપ્ય-વ્યાપકપણું એ બહુ સરસ વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- એ સિદ્ધાંત છે કે કર્તા-કર્મ-ક્રિયાપણું એક જ પદાર્થમાં વ્યાપ્ય-વ્યાપકપણું હોય ત્યાં જ થઈ શકે. જ્યાં એક પદાર્થ બીજા પદાર્થમાં વ્યાપ્ય-વ્યાપકપણે જઈ શકતો, વ્યાપી ન શકતો હોય તો ત્યાં એનું કર્તા-કર્મ-ક્રિયાપણું કાંઈ લાગુ થઈ શકે નહિ. આ સિદ્ધાંત છે.

હવે, જૈનદર્શનને છોડીને આસ્તિક્ય દર્શનના મોટાભાગના મનુષ્યો કોઈને કોઈ જગતનો કર્તા માને છે. કોઈ ઈશ્વરને માને છે તો કોઈ ખુદાને માને છે તો કોઈ કો'કને માને છે તો કોઈ કો'કને માને છે. કોઈ શક્તિને માને છે, કોઈ કાંઈને માને છે. કાંઈ ને કાંઈ કલ્પના કરે છે. અહીંયાં તો કહે છે, એક રજકણ બીજા રજકણને અડે નહિ, વ્યાપે નહિ. એક જીવ બીજામાં વ્યાપે નહિ. ઘડો થયો ત્યારે કુંભાર માટીમાં વ્યાપ્યો કે નહિ? હવે આ જોવાનું રહે છે. જ્યારે ઘડો થયો ત્યારે કુંભાર ક્યાં વ્યાપ્યો? હું માટીમાંથી ઘડો બનાવું એવા પરિણામમાં વ્યાપ્યો છે, પણ માટીમાં વ્યાપ્યો છે? માટીમાં એનું વ્યાપ્ય-વ્યાપકપણું નથી. કેમકે એ ચેતન છે. કુંભારનો આત્મા ચેતન છે, માટી અચેતન છે. પણ એવી કોઈ જગતની રચના છે કે અસત્યનો આગ્રહ

કરાવે એવી છે કે જુઓ! આ કુંભારે ઘડો (બનાવ્યો). નજરોનજર જુઓ આ કુંભારે ઘડો કર્યો. તમે દષ્ટિઈષ્ટને માનતા નથી. આ પંડિતની ભાષા છે. જે ચોખ્ખું દેખાય એવું તમે સ્વીકારતા નથી. ભાઈ! ચોખ્ખું તો ઘણું દેખાય છે.

ત્રાંસી આંખે બે ચંદ્ર ચોખ્ખા દેખાય છે. પોપચા ઉપર આંગળી દબાવે અને પછી ચંદ્રની સામે જોવે તો બે ચંદ્ર દેખાય. ઉપરના પોપચા ઉપર આંગળી દબાવીને પછી જોવે તો બે ચંદ્ર ચોખ્ખા દેખાય. એમ કહે કે બે ચંદ્ર વચ્ચે એક વેંતનું અંતર છે. શું કહે? માપ કાઢીને કહી દે. માપ કાઢીને કીધું પછી તો બે હોય તો જ માપ નીકળે ને? નહિતર ક્યાંથી માપ નીકળે? ભાઈ! ચંદ્ર એક છે. તારો દષ્ટિકોણ ભૂલ ભરેલો છે.

મુમુક્ષુ :- ભાંગ પીધા પછી એવું...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ભ્રમ થાય પછી શું ને દેખાય? ભ્રમણા થાય પછી શું ન દેખાય? એવું છે. આ ભાંગ પીવાની વાત આવી તો અધ્યાત્મની મસ્તીમાં જે દાર્શનિક સિદ્ધાંતો છે અથવા કોઈ દ્રવ્યાનુયોગના સિદ્ધાંતો છે એની પાર જઈને ઘણી વાત અધ્યાત્મની મસ્તીમાં જ્ઞાનીઓ વાત કરે છે. જેમકે 'શ્રીમદ્' કહ્યું કે, અમે આ કાળના બીજા શ્રીરામ છીએ. પચીસમા તીર્થંકર છીએ. થાય કોઈ પચીસમા તીર્થંકર? થાય નહિ. પછી જેને એ વિષય બેસતો નથી અથવા અણગમો થાય છે, દ્વેષ છે ત્યારે એ લોકો એમ કહે છે કે આ કેમ આમ બોલે છે? ઈ તો અધ્યાત્મની મસ્તી છે. અધ્યાત્મની મસ્તી છે કે અધ્યાત્મની ભાંગ પીધી છે? એવું કહે છે. એ એવી જ વાત છે કે જરા સીધો શબ્દાર્થ કરે તો કોઈ રીતે બેસે નહિ. એનો મર્મ પકડે તો જ એ વાત બેસે.

જીવ ભૂલ આ કરે છે કે જ્યારે જીવ પોતાના ભિન્ન પદાર્થને સમજતો નથી કે અનુભવતો નથી ત્યારે એ શરીરથી માંડીને બીજા અન્ય પદાર્થોના કાર્યો વિષે પોતાની ક્રિયાનો અધિકાર રાખે છે કે આ મેં કર્યું, આ મેં કર્યું, આ મેં કર્યું. એને કદી મિથ્યાત્વ મટતું નથી અને કદી એને સમ્યક્ત્વ થઈ શકતું નથી.

મુમુક્ષુ :- હું હોઉં તો દુકાન સારામાં સારી ચાલે છે. ઘરાક સચવાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી નહિ હો ત્યારે નહિ ચાલે? ઘણીવાર એવું થાય છે, કોઈ કુશળ મેનેજર હોય છે અથવા એવી રીતે દુકાનના ધણી હોય છે એવું જ માનતા હોય છે. હવે એ મેનેજરને નોકરીએ રાખ્યો ત્યારે દુકાન ચાલતી હતી. એ પહેલાં પણ ચાલતી હતી, પછી પણ ચાલતી હતી. અને એને રજા આપી પણ ચાલતી હતી. જો એનાથી ચાલતી હોત તો પહેલા નહોતી ચાલવી જોઈતી અને

પછી પણ નહોતી ચાલવી જોઈતી. 'ગુરુદેવ' કહેતા, થડે બેઠો હોય ત્યારે એને એમ થાય કે બસ, હું બધું સંભાળું છું અને હું આ બધી દુકાન ચલાવું છું. કોના જેવી વાત છે? ગાડા નીચે કૂતરું. ગાડું ચાલતું હતું, એની નીચે કૂતરું પણ ચાલતું હતું. ક્યારેક ક્યારેક ખાડાટેકરા આવે તો એનું માથું અડી જાય. સહેજ સ્પર્શ થઈ જાય. કૂતરાને એમ થાય કે આ ગાડું ચાલે છે એ મારા હિસાબે ચાલે છે. મારા માથે એને બરાબર અડતું જોઉં છું ને. આ ગાડું જ મેં ઉપાડ્યું છે. બરાબર હું આ ગાડું ખેચું છું અને ગાડું ચલાવું છું. ઠીક! ભાઈ! એ ગાડું જો તારા માથે પડશે તો તું દબાઈ જશે. ગાડું એવડું મોટું છે કે ચલાવવાનું શું ઉપાડવામાં પણ તારું સામર્થ્ય નથી. જે તારું સામર્થ્ય નથી એના બદલે હું આ કરું છું ને તે કરું છું, એના અભિપ્રાયમાં આખા જગતના કાર્યો કરવાનો અભિપ્રાય રહેલો છે. એ આખા જગતના તમામ પદાર્થોનું સંચાલન કરવા માગે છે. અને એ મહાસત્તા ચલાવે છે એનો અભિપ્રાય સ્પષ્ટ જોવામાં આવે છે. એ પણ એક જીવ છે કે નહિ? એને એમ છે કે આ પણ મારા પ્રમાણે ચાલે, આ પણ મારા પ્રમાણે ચાલે, આ પણ મારા પ્રમાણે ચાલે. બધા મારા પ્રમાણે ચાલવા જોઈએ. અને ન ચાલે તો હું લડાઈ કરું, લડાઈ કરાવું, મારું અથવા મરાવું. આ દોષિત પરિણામ ક્યાંથી ઊપજ્યા? આટલા બધા તીવ્ર! એ પરપદાર્થના કર્તાપણામાંથી ઊપજ્યા. એ તો એનું Enlargement થયું છે. મૂળ સિદ્ધાંત તો એ છે કે જીવને એક પણ રજકણનું કાર્ય હું કરું છું એમ માનવું છે, ત્યાં એણે આખા જગતના પદાર્થોના કાર્યોમાં પોતાનો અધિકાર રાખવો છે. અને એ જ એને અનંત દુઃખનું મૂળ છે. એવી શ્રદ્ધા એ અનંત દુઃખનું મૂળ છે.

મુમુક્ષુ :- ભાવ સિવાય કાંઈ કરી શકતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બિલકૂલ નહિ. પોતાના પરિણામ કરે. કેમકે એમાં એનું વ્યાપવું છે. આથી આગળ એનું વ્યાપવું નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બીજો વિષય, પણ કાર્યક્ષેત્રની મર્યાદા કેટલી? પરિણામ એનું કાર્ય હોવાથી ત્યાં એનું વ્યાપકપણું હોવાથી ત્યાં સુધી એની કાર્યની હદ છે. પછી કેવા થવા, કેવા ન થવા એ તો વસ્તુના વિજ્ઞાન ઉપર આધારિત છે, કોઈના રાગ, દ્વેષ કે ઈચ્છા ઉપર આધારિત નથી. મા-બાપ છે એ છોકરાઓને મોટા કરે કે ન કરે? મા-બાપ મરી ગયા હોય એ પણ મોટા થાય છે, નથી થતા? થાય છે કે નથી થતા? કે એમ ને એમ નાના રહી જાય છે? એ તો દિવસ ચડે અને એનું જે આયુષ્ય છે, શરીર છે એ વૃદ્ધિગત થતું જ જવાનું છે. એમાં કાંઈ ફેરફાર

કોઈનો ચાલતો નથી.

જીવને વીતરાગ થવાનો ઉદ્દેશ છે કે નહિ? આ પહેલો સવાલ છે. તારો ઉદ્દેશ રાગ-દ્વેષથી મુક્ત થવાનો છે કે નહિ? જો તારે રાગ-દ્વેષથી મુક્ત થવું હોય તો પરપદાર્થના કાર્યોની ઉપાધિ રાખીને રાગ-દ્વેષથી મુક્ત થાવું છે? કે પરપદાર્થના કાર્યોની ઉપાધિથી નિવૃત્તિ થઈને મુક્ત થવું છે? (જો તારે મુક્ત થવું હોય તો) પરપદાર્થની ઉપાધિથી તારે નિવૃત્ત થવું પડશે. હવે જો વસ્તુસ્થિતિ એને અનુકૂળ ન હોય તો તો તારે મુક્ત થવું હોય તોપણ ન થઈ શકાય. પણ વસ્તુસ્થિતિ એવી છે કે પ્રત્યેક પદાર્થો ભિન્ન ભિન્ન હોવાથી, રજકણે રજકણ અને બીજા જીવે જીવ, પ્રત્યેક જીવ ભિન્ન ભિન્ન હોવાથી કોઈના કાર્યની ઉપાધિ તું કરવા ધારે તો તને દુઃખ સિવાય કાંઈ મળે એવું નથી. કાર્ય તો તું કરી શકે એમે છે જ નહિ. કોઈ જીવનું કે કોઈ રજકણનું. એટલે વસ્તુસ્થિતિ વસ્તુના સ્વરૂપને અનુસરીને, સ્વરૂપજ્ઞાનને અનુસરીને પરિણમતા જ ઉપાધિથી મુક્ત થવાય છે. તેથી અહીંયાં વસ્તુનું વિજ્ઞાન અને આત્માનું હિત બન્નેને સુમેળ છે. વસ્તુના વિજ્ઞાનને અને આત્માના હિતને નિરૂપાધિક ભાવને, દુઃખથી મટવાના ભાવને સુમેળ છે.

'**એક કર્તાના ચેતન-અચેતનરૂપ બે કર્મ ન હોય.**' હવે, એને જુદી જુદી રીતે એના બધા દૃષ્ટિકોણ સાફ કરે છે. કહે છે કે એક પદાર્થ બીજા પદાર્થનું કાર્ય કરતું નથી. તો કેટલી અપેક્ષાએ? કે નવ કોટિએ. ત્રણ ભેદ કર્તા-કર્મ-ક્રિયાના એક પદાર્થના છે. સામે બીજા પદાર્થના કર્તા-કર્મ-ક્રિયાના ભેદ છે. ત્રણેના આપસમાં નવ ભેદ, ત્રણ કરીને નવ ભેદ થઈ જાય છે. નવે કોટિએ. કોઈ રીતે ક્યાંય પણ થઈ શકે, કોઈપણ રીતે થઈ શકે એવી વસ્તુસ્થિતિ છે. બધી રીતની ચોખવટ કરે છે.

'**એક કર્તાના ચેતન-અચેતનરૂપ બે કર્મ ન હોય.**' ચેતન કર્તા હોય તો એનું ચેતન પણ કર્મ હોય અને અચેતન પણ કર્મ હોય એમ ન બને. અચેતન કર્તા હોય એનું અચેતન પણ કર્મ હોય અને ચેતન પણ કર્મ હોય એમ ન બને. '**એક કર્મના ચેતન-અચેતનરૂપ બે કર્તા ન હોય.**' એક કાર્ય હોય, એનો ચેતન પણ કર્તા હોય અને એનો અચેતન પણ કર્તા હોય એમ બની શકે નહિ. ચેતનનું કાર્ય હોય, ચેતનાત્મક કાર્ય હોય એનો કર્તા ચેતન હોય. અચેતન હોય તો એનું અચેતન હોય. '**એક કર્તાની ચેતન-અચેતનરૂપ બે ક્રિયા ન હોય.**' કુંભારનો જીવ ઘડા કરવાનું પરિણામ પણ કરે અને ઘડાની ક્રિયા પણ કરે. પરિણામરૂપ પોતાના વિચારના પરિણામરૂપ ક્રિયા પણ કરે અને ઘડા બનવાની ક્રિયારૂપ પણ કરે, એમ બે ક્રિયા ન કરી શકે. ઘડાની ક્રિયા તો ન કરી શકે પણ એના શરીરની ક્રિયા પણ કુંભાર ન કરી શકે. એ તકલીફ

પડે એવું છે. ચાલો, ઘડાની ક્રિયા ન કરે, માનીએ. કેમકે ઘડો ફૂટી જાય તો કુંભાર નથી ફૂટતો. પણ શરીરનો નાશ થતાં મરી જાય છે કુંભાર? ના. કુંભારના આત્માનો નાશ થતો નથી. તેથી શરીરની ક્રિયા પણ ખરેખર કુંભારનો જીવ કરી શકતો નથી.

મુમુક્ષુ :- હાથ આમ તેમ ફેરવે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હાથ આમ તેમ ફરતા દેખાય છે. એની કળા શીખવી પડે છે. માટીના વાસણ બનાવવાની પણ એક કળા છે. એ કાંઈ વેપારીનો દીકરો વાણિયો જઈને બનાવે તો ન આવડે એને. આવડે એને ઘડો બનાવતા? કુંભારને જ આવડે. વકીલને ન આવડે. કહે છે કે, એ હાથ હલાવીને જે ઘડો કરે છે એ હાથ એ કુંભારનો આત્મા નથી હલાવી શકતો. હાથ હલતા જરૂર દેખાય છે, કુંભારની ઈચ્છા તે કાળે હાથ હલાવવાની હોય છે એમ પણ દેખાય છે. બેય એકસાથે દેખાય છે, પણ એ કાગને બેસવું અને ડાળને પડવું (એની જેવી વાત છે). બાકી કાંઈ વાતમાં માલ નથી. આમ છે.

શરીરથી ભગવાનની પૂજા મેં કરી કે નહિ? સેવા કરી કે નહિ? અષ્ટ દ્રવ્યોથી પૂજા કરવામાં આવે છે કે નહિ? અષ્ટ દ્રવ્યનું પરિણમન અષ્ટ દ્રવ્યમાં અને શરીરનું પરિણમન શરીરમાં. જીવે શુભભાવ કર્યો. જીવનું કાર્ય માત્ર શુભભાવ કરવાનું છે. મુનિરાજ છે એ અષ્ટ દ્રવ્યથી પૂજા નથી કરતા. અને શ્રાવકો છે એ અષ્ટ દ્રવ્યથી પૂજા કરે છે. તો શ્રાવકોનું સમર્પણ વધી ગયું ને? શ્રાવકોને વધારે નિમિત્ત છે અને મુનિરાજને નિમિત્ત નથી. શ્રાવકો પાસે તો પૂજા કરવાનું આઠ દ્રવ્ય નિમિત્ત છે. તો શ્રાવકને વધારે ઊંચા પ્રકારનો શુભભાવ થાય કે ન થાય? કેમકે એની પાસે તો ક્રિયા કરવા માટે નિમિત્ત છે. એવું પણ નથી. ભાવ કોઈ પરદ્રવ્યને આધીન નથી કે પરદ્રવ્યને આધારે નથી. તો કોઈ એમ કહેશે કે, આ ભગવાનની સ્થાપના શા માટે કરો છો? રાગીજીવને એવો રાગ આવે છે. મુનિરાજ કદી કરતા નથી. મંદિર શ્રાવક બંધાવે. પ્રતિષ્ઠા શ્રાવક કરે. મુનિ કદી મંદિર બંધાવે નહિ અને પ્રતિષ્ઠા કરે નહિ. આમ છે. તો શુભભાવ બેમાંથી કોનો ઊંચો? મુનિરાજનો ઊંચો છે. આમ છે. પરપદાર્થને આધીન ક્રિયા હોત તો એમ ન બનત. એ એમ સૂચવે છે કે પરપદાર્થને આધીન કોઈ ક્રિયા નથી. અહીંયાં નીચેની કક્ષામાં એ વાત છે, ઉપરની કક્ષામાં એ વાત નથી. તો નીચેની કક્ષામાં કોઈ એ વાતને ઊડાડે તો અનુચિત છે. શ્રાવક થઈને એમ કહે કે મંદિર ન બંધાવાય. પ્રતિષ્ઠા ન કરાય. તો એ વાત ખોટી છે. મુનિ હોય અને વીતરાગ દશામાં ઝુલતા હોય એને એ પ્રશ્ન રહેતો નથી.

એટલે કાર્ય અકાર્યના વિવેકમાં

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થીજન એહ.

એ વાત નાખી 'શ્રીમદ્‌જી'એ. ઘણી વાતો નાખી છે. શું કહે છે?

એક ક્રિયાને બે કર્તા ન હોય. ક્રિયા એક હોય અને એનો કર્તા ચેતન અને અચેતન બે એના કર્તા થઈને એની ક્રિયાને કરે (એમ ન બને). ઘડાની ક્રિયા માટીએ પણ કરી અને ઘડાની ક્રિયા કુંભારના આત્માએ પણ કરી, ઘડો બનાવવાની ક્રિયા, એમ બની શકતું નથી. એમ પણ ન હોય. '**એક કર્મની બે ક્રિયા ન હોય.**' એક કર્મ થાય, એક કાર્ય થાય એને બે ક્રિયા થાય-ચેતનની પણ એને ક્રિયા હોય કાર્ય થવામાં અને અચેતનની પણ ક્રિયા હોય એવું પણ બનતું નથી.

'**એક ક્રિયાના બે કર્મ ન હોય.**' એક ક્રિયા હોય અને એનું કર્મરૂપી કાર્ય નીપજે બે પ્રકારે. ક્રિયા એક કરે. અને એનું ફળ-કાર્ય ચેતનમાં પણ આવે અને અચેતનમાં પણ આવે, જીવ વિભાવભાવ કરે એનું કર્મ પોતાને ભાવકર્મ પણ થાય અને એનું કર્મ દ્રવ્યકર્મમાં પણ આવે, એમ થાય કે ન થાય? ન થાય. એક કર્મને બે ક્રિયા ન હોય અને એક ક્રિયાને બે કર્મ ન હોય. '**એક કર્તાના ચેતનકર્મ, અચેતનક્રિયા ન હોય.**' હવે કર્તા એક, એને કર્મ ચેતન અને ક્રિયા અચેતન, એમ બનતું હશે કે નહિ? એનું ફળ ચેતનમાં આવે પણ એની ક્રિયા અચેતન દ્વારા થાય. એવું પણ બની શકે નહિ. એક કર્તાના અચેતન કર્મ અને ચેતનક્રિયા એમ પણ ન બને, એમ પણ ન હોય. એનું ફળ છે, અચેતન પદાર્થ છે એને અચેતન કર્મ થયું પણ કાંઈ ચેતન વચમાં આવ્યા, ચેતનક્રિયા થઈ ત્યારે અચેતનફળ આવ્યું. એવી ચેતનની ક્રિયાએ વચમાં હસ્તક્ષેપ કર્યો ત્યારે એમાં ફળ આવ્યું. એમ પણ બની શકે નહિ. બધા ભાંગા લઈ લીધા છે.

'**એક કર્મના ચેતનકર્તા, અચેતનક્રિયા, અચેતન કર્તા, ચેતનક્રિયા...**' એમ વિજાતિય કર્મ અને ક્રિયા કોઈપણ કર્તાને હોઈ શકે નહિ. જે કર્તા હોય એને કર્મ અને ક્રિયા વિજાતિય હોય, ચેતનને કે અચેતનને કાં તો ક્રિયા વિજાતિય હોય અને કાં તો કર્મ વિજાતિય હોય, એવું પણ બની શકતું નથી. કોઈ ભેદે નથી બનતું. કોઈ રીતે તો કાર્ય કરે ન કરે? જીવ અજીવનું કે અજીવ જીવનું કોઈ રીતે કાર્ય કરે કે ન કરે? કોઈ રીતે ન કરે.

આ જ્ઞેય છે એ જ્ઞાનમાં જણાય છે. સામે મોર હોય તો મોર જણાય છે. મોર હોય તો કાંઈ બિલાડી જણાતી નથી. બરાબર છે? જે મોર જ્ઞેયપદાર્થ છે એણે જ્ઞાનમાં મોરની આકૃતિ ઊભી કરી કે ન કરી? મોર છે એણે જ્ઞાનમાં મોરની આકૃતિ

ઊભી કરી કે ન કરી? ચેતન અને અચેતન. દર્પણનો દૃષ્ટાંત નથી લેતા. કેમકે એ તો બેય અચેતન છે. પણ દર્પણમાં પણ એણે આકૃતિ નથી કરી અને જ્ઞાનમાં પણ મોરે આકૃતિ કરી નથી. એ કાળે ચેતન તેવા જ્ઞાનાકારે પરિણમવા યોગ્ય હતો અને પરિણમે છે. મોરને લઈને નહિ. આમ છે. બન્ને પોતપોતામાં છે. કોઈનું કોઈમાં વ્યાપ્ય-વ્યાપકપણું નથી. પહેલા વાત તો એ છે કે કોઈમાં કોઈનું વ્યાપ્ય-વ્યાપકપણું થઈ શકતું નથી.

મુમુક્ષુ :- સામે જ્ઞેયાકાર હોય, અહીંયાં જ્ઞાનાકાર હોય.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞેયાકાર અનુસાર જ્ઞાનાકાર હોવા છતાં જ્ઞેયનો કોઈપણ કર્તા, કર્મ કે ક્રિયાપણે આની અંદર કાંઈ આવતું નથી. ત્રણ ભેદમાંથી એક ભેદે કાંઈપણ જ્ઞાનમાં થતું નથી. હવે ત્રીજી દલીલ લોકો લાવે છે કે પ્રભાવ પડે છે. નિમિત્તનો પ્રભાવ પડે છે. નિમિત્ત નિમિત્તમાં રહે છે, અમને કબુલ છે. ઉપાદાન? ઉપાદાન ઉપાદાનમાં રહે છે એ પણ અમને કબુલ છે. પણ એ દૂર રહ્યો રહ્યો આના ઉપર પ્રભાવ પાડે છે. શું ચીજ હશે એ? પ્રભાવ નામની શું ચીજ છે? એ વાત પણ ખોટી છે. એ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થતી નથી કે આનાથી આના ઉપર પ્રભાવ લાવી શકાય. જો મોર છે એ અરીસા ઉપર પ્રભાવ પાડી શકતો હોય તો મોર તે જગ્યાએ લાકડાના પાટિયા ઉપર શા માટે પ્રભાવ (પાડતો નથી)? અરે..! અરીસાની બીજી Side ઉપર શું કરવા પ્રભાવ પાડતો નથી? આઘે નથી જાવું આપણે. અરીસાની પાછલી બાજુને આગળ મૂકી દો. એના ઉપર શા માટે મોરે પ્રભાવ ન પાડ્યો. પ્રભાવ પડવાની વાત બરાબર નથી.

મુમુક્ષુ :- રાગ-દ્વેષ તો કરે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- રાગ-દ્વેષ કોના કારણે કરે? નિમિત્તના કારણે કરે કે પોતાના કારણે કરે? બસ, તો પછી વાત પૂરી થઈ ગઈ. કોઈ નિમિત્તના કારણે જીવ રાગ-દ્વેષ કરે છે એ વાત સાચી નથી. જે કોઈ જીવો જગતમાં રાગ-દ્વેષ કરે છે એ પોતાના જ કારણથી કરે છે. ક્રોધ કરે છે પોતાના કારણથી, માન કરે છે પોતાના કારણથી, રાગ કરે છે પોતાના કારણથી, દ્વેષ કરે છે પોતાના કારણથી. જે કોઈ દોષ કરે છે એ પોતાના કારણથી કરે છે. આમ પહેલું સ્વીકારવું. પોતાનો દોષ બીજાના કારણથી પોતે કર્યો એમ માનવામાં પ્રમાણિકતા પણ રહેતી નથી. અપ્રમાણિકપણે એ વાત છે. દોષ તું કરે છો અને નાખે છે બીજાના માથે કે આણે આમ કર્યું માટે મને ગુસ્સો આવ્યો. એ વાત ખોટી છે. તારી વાત તદ્દન ખોટી છે.

મુમુક્ષુ :- એણે ગાળ ન દીધી હોત તો ક્રોધ ન કરત.

પૂજ્ય ભાઈશ્રી :- અન્યમતિઓ જૈનના ઈશ્વરને કોઈ ગાળ દે? જૈનો તો ન દે. અન્યમતિઓ કોઈ દે. આ મૂર્તિ તોડે છે ને? મુસલમાનો મૂર્તિ તોડતા હતા. તો કહે છે, ભગવાનને દ્વેષ આવે કે ન આવે? શું થાય? ભગવાનને દ્વેષ આવે કે ન આવે? ન આવે? જો ગાળ દેવાથી જીવને દ્વેષ આવતો હોય તો ભગવાન પણ એક જીવ છે. એમને આવવો જોઈએ. એ તો વીતરાગ છે. તું રાગી છો માટે તને દ્વેષ થાય છે. રાગ-દ્વેષ થાય છે, રાગી છો માટે. તો તું શા માટે રાગી છો? કે તું તારા વીતરાગ સ્વરૂપને ભૂલ્યો છો માટે તું રાગી છો. એટલે તારા સ્વરૂપને ભૂલીને તારા કારણે તું રાગ-દ્વેષ કરે છો, બીજાના કારણથી તું રાગ-દ્વેષ કરે છો એ વાત તારે ભૂલી જવાની, એ વાત તદ્દન ખોટી છે.

મુમુક્ષુ :- વીતરાગ સ્વરૂપે..

પૂજ્ય ભાઈશ્રી :- તો જ ગમે તે પરિસ્થિતિમાં તું... આ સિદ્ધાંતનો સ્વીકાર હોય, આ રીતે વસ્તુના વિજ્ઞાનનો સ્વીકાર હોય તો જ તું ગમે તે પરિસ્થિતિમાં રાગ-દ્વેષ ન કર એવી સ્થિતિમાં સ્થિર રહી શકે. નહિતર કોઈ રીતે રાગ-દ્વેષ વિના રહી શકાય એવી આ જગતની અંદર પરિસ્થિતિ છે જ નહિ. કેમકે જીવ પૂર્વકર્મ લઈને આવ્યો છે એટલે પ્રસંગો બધા બને છે. પૂર્વકર્મ અનુસાર બધા ઉદયો આવે છે. જો જીવ પોતાની ભિન્નતા ન સ્વીકારે, કર્તા-કર્મ-ક્રિયા ત્રણે ભેદથી, તો એને રાગ-દ્વેષ થયા વિના રહી શકે જ નહિ. અનિવાર્ય છે. તો વીતરાગ જ ન થઈ શકે. પણ અનંતા વીતરાગો થયા. એ એમ સૂચવે છે કે આવું થઈ શકાય છે. એ તો અનંતા થયા પણ, તેથી તું પણ પ્રયત્ન કર, તો પ્રયત્ન કરવાના કાળમાં તને સમજાશે કે આ થઈ શકે એવી વાત છે. પ્રયત્નના કાળમાં તને પ્રતીતિ આવશે, વિશ્વાસ આવશે કે આ થઈ શકે એવું છે, ન થઈ શકે એવું નથી.

મુમુક્ષુ :- મુનિ મહારાજો ક્રોધ કરતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નથી જ કરતા. કોઈ પ્રસંગે નથી કરતા. આવા શું, કોઈપણ પ્રસંગે પ્રાણત્યાગ થાય તેવા પ્રસંગે પણ તે રાગ-દ્વેષ કરતા નથી. પ્રાણ છૂટી જાય એવો પ્રસંગ હોય તોપણ કરતા નથી. આ શ્વેતાંબરમાં તો એ લોકોએ એકાદશે જિનેમાં એવું સ્થાપ્યું છે કે તીર્થંકર ભગવાનને ક્ષુધા પરિષહ હોવાથી આહાર લે છે. પણ મુનિને ક્ષુધા પરિષહ હોય તો મુનિ ન લ્યે. મુનિને ક્ષુધાનો પરિષહ પડે તો મુનિ આહાર ન લે. સ્વરૂપમાં ડૂબી જાય. આનંદનો આહાર લેવા મંડે. બહારમાં આહારની પ્રવૃત્તિ ન કરે. પણ ભગવાન જૈન પરમેશ્વર તો મુનિઓના ઈન્દ્ર મુનિન્દ્ર છે એ તો. એને મુનિન્દ્ર કહેવામાં આવે છે. મુનિ ન લ્યે અને મુનિન્દ્ર લ્યે? કેમકે એ પરિષહ

ન સહન કરી શક્યા. એમ એનો અર્થ થયો. ખરેખર એ વાત કોઈ રીતે બંધબેસતી નથી. એ લોકોએ સિદ્ધાંત ફેરવ્યા છે અને ઘણી બધી ગડબડ કરી છે. એ બધા પાયાના તાત્ત્વિક ફેરફારો છે.

મુમુક્ષુ :- મુનિ મહારાજ બાવીસે બાવીસ પરિષહનો જય કરે.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિરાજ બાવીસ પરિષહનો જય કરે છે. મુનિરાજ કરે છે. ભગવાનને તો બહારમાં એ પ્રકારે પરિષહ આવતા જ નથી. અંદરમાં કર્મનો ઉદય હોય છે એટલો પરિષહ છે ત્યાં. એકાદશે જિને. અગિયાર પ્રકારની કર્મ પ્રકૃતિમાં અશાતા વેદનીનો ઉદય છે. કેટલો? સમુદ્રમાં કોઈ ઝેરનું ટીપું નાખે તો સમુદ્રનું પાણી ઝેરી થાય કે નહિ? અને એ ઝેરી પાણી પીવાથી કોઈ મરે કે નહિ? ન મરે. સમુદ્રની અંદર ઝેરનું ટીપું નાખવાથી સમુદ્ર ઝેરી થતો નથી અને એ પાણી પીવાથી કોઈ મરતું નથી. એમ ભગવાનને શાતા વેદનીનો સમુદ્ર છે. તીર્થંકર પ્રકૃતિમાં શાતા વેદનીનો સમુદ્ર છે. એટલી શાતા છે. એમાં અંદરમાં સૂક્ષ્મ અશાતાવેદનીનો ક્ષુધાનો ઉદય હોય છે. તોપણ એમને દર્શનમોહ અને ચારિત્રમોહ બન્નેનો અભાવ હોવાને લીધે, રાગનો તિલતુષ માત્ર અંશ, સૂક્ષ્મ વિકલ્પ પણ ઊપજતો નથી. સ્થૂળ વિકલ્પ કરે, આહાર મંગાવે, આહારની ક્રિયા કરે એ તો ઘણો સ્થૂળ રાગ છે, તીવ્ર રાગ છે. એટલો તીવ્ર રાગનો સવાલ નથી પણ મનની અંદર સૂક્ષ્મ વિકલ્પ થાય એટલો પણ એક અંશે અનંતમા ભાગે રાગનો સદ્‌ભાવ થતો નથી. કેમકે બારમા ગુણસ્થાને તેમને વીતરાગ યથાખ્યાત ચારિત્ર થઈ જતાં, આ તો તેરમા ગુણસ્થાને છે, તેમને જરા પણ અનંતમા ભાગે પણ રાગનો અંશ ઉત્પન્ન જ થતો નથી. એવા સંપૂર્ણ વીતરાગ થયેલા છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન થયા પછી ...

પૂજ્ય ભાઈશ્રી :- દવા મંગાવી છે. એ બધો વીતરાગના સ્વરૂપ સાથે, સિદ્ધાંત સાથે જરાપણ મેળ ખાતો નથી. પાછી સ્તુતિ આવે એમાં એવી સ્તુતિ કરે છે, આપ તો આમ છો, આમ છો, આમ છો. પાછા એમને દીન અને પામર બતાવે કે આ આમ કર્યું ને તેમ કર્યું. સ્તુતિમાં તો એમની મહાનતા ગાવામાં આવે છે. એવા મહાન હોવા છતાં વળી પાછી એમની આ સ્થિતિ! માનુષીકરણ જેને કહે છે. ભગવાનને ભગવાનના સ્વરૂપને ન ઓળખી ન શકાય ત્યારે એમાં માનુષીકરણ થાય. એક માણસ ખૂબ શક્તિવાળો છે ત્યારે એ ગમે એટલા શક્તિવાળા કાર્યો કરે છે, પણ માંદો થાય ત્યારે? ત્યારે તો જાણે પોતાના શરીરને ઉપાડી શકતો નથી. એવું મનુષ્યપણું કલ્પ્યું છે. ભગવાન ઘણાં સમર્થ છે પણ માંદગી આવી, ફલાણા તીર્થંકરને આટલી માંદગી આવી ત્યાં શું થાય? એવું બનતું નથી. ત્રણે લોકમાં સર્વોત્કૃષ્ટ પુણ્યનો

ઉદય હોય તો તીર્થંકરના જીવને છે. સર્વોત્કૃષ્ટ પુણ્યનો ઉદય. અને રોગાદિ ભાવ છે, ક્ષુધાદિ પરિષહ છે એ તો પાપના ઉદયમાં થાય છે. પુણ્યના ઉદયમાં એવું બનતું નથી.

એટલે અહીંયાં એ વાત લેવી છે કે એક કર્મના ચેતન કર્તા અને અચેતન ક્રિયા બન્ને હોય કે અચેતન કર્તા અને ચેતનક્રિયા હોય એમ પણ બની શકે નહિ. એક આ અને એક આ. કાર્ય એક, કર્મ એટલે કાર્ય એક અને એના સાધન બે. કર્તા અને ક્રિયા. તો એક સાધન ચેતન, એક સાધન અચેતન. બે મળીને કામ કરે. એવું પણ બની શકતું નથી. '**એક ક્રિયાના ચેતનકર્તા, અચેતનકર્મ, ચેતનકર્મ, અચેતનકર્તા ન હોય.**' એક ક્રિયા હોય એને ચેતનાકર્તા અને અચેતનકર્મ એમ બે સાધન વિજાતિય હોય અથવા ચેતનકર્મ અને અચેતનકર્તા એમ વિજાતીય સાધન હોય એમ પણ ન બની શકે. '**તેથી એક ચેતનસત્ત્વના એક ચેત (ચેતન) જાતિના કર્તા, કર્મ, ક્રિયા ત્રણેય વ્યાપ્ય-વ્યાપક જાણવા.**' માટે આ એનો સરવાળો છે કે એક ચેતન સત્ત્વ છે, સત્તાધારી પદાર્થ છે એને એની જાતિનું કર્તાપણું છે, એની જાતિનું કર્મપણું છે, એની જાતિનું ક્રિયાપણું છે. અને એ ચેતનમાં વ્યાપે છે. એમાં અચેતનનો કાંઈપણ કર્તા, કર્મ, ક્રિયાપણે વ્યાપ્ય-વ્યાપક સંબંધ બની શકતો નથી. એટલે શરીરની વેદના ગૂમડું થયું હોય તો એ પરમાણુ પરમાણુમાં પરિણમે છે અને જીવમાં નથી પરિણમતો, એમ એને ભિન્ન જાણવો જોઈએ. (અહીં સુધી રાખીએ...)

તા. ૨૩-૬-૧૯૮૬, પાના નં. ૬૫, પ્રવચન નં. ૪૬

'આત્માવલોકન', પાનું-૬૫. ઉપરનો Paragraph છે. કર્તા, કર્મ અને ક્રિયા પ્રત્યેક પદાર્થની પોતાના સ્વરૂપથી બહાર વ્યાપ્ય-વ્યાપકપણે ક્યાંય હોઈ શકે નહિ. ચેતનસત્તાને ચેતનજાતિનું કર્તા, કર્મ અને ક્રિયાપણું છે અને તેમાં અચેતનનું ક્યાંય વ્યાપ્ય-વ્યાપકપણું નથી. પોતે ચેતન છે અને પોતામાં નિરીક્ષણ કરે, બારીકાઈથી તપાસ કરે તો પોતાના કાર્યમાં બીજા કોઈની સત્તા કાંઈ પણ વ્યાપીને કર્તાપણે, કર્મપણે કે ક્રિયાપણે કાંઈ પણ કરે છે એવો અનુભવ થતો નથી. પોતાના અનુભવને તપાસે તો પોતાની ક્રિયા પોતે કરે છે, પોતાની ક્રિયા કોઈ અન્ય ચેતન કે અચેતન પદાર્થ કરે છે એવો અનુભવ થઈ શકતો નથી. કોઈ કહે કે અમને એવો અનુભવ થાય છે. તો એ ભ્રમણાયુક્ત ભાવ છે. એ એની ભ્રમણા છે. વસ્તુનું સ્વરૂપ બરાબર તપાસીને નિશ્ચિત કરવામાં આવે તો એ ભ્રમણા દૂર થાય એવી છે.

'**પરદ્રવ્યનું કર્તા, પરદ્રવ્ય કોઈ પણ રીતે ન હોય.**' કોઈપણ અપેક્ષાથી કોઈપણ રીતિથી કોઈ પરદ્રવ્ય કોઈ પરદ્રવ્યનું કર્તા હોય, એવું કદી બની શકતું નથી. તેથી કોઈ પરદ્રવ્ય પ્રત્યે આ જીવને અપેક્ષા રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રાગ તો પર અભિલાષથી થાય છે. રાગ ક્યારે થાય છે જીવને? પર અભિલાષથી રાગ થાય છે. પણ પરપદાર્થ પોતાનું કોઈ કાર્ય કરતું નથી, કોઈ જીવ કે કોઈ અજીવ, તો કોઈ પરપદાર્થ પ્રત્યે પોતાના કાર્યની અભિલાષા કે અપેક્ષા રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અથવા પરપદાર્થનું કાર્ય પોતે કરી દે, કરી આપે એવી પણ અપેક્ષા કે અભિલાષા એ પણ રાખી શકવાનો પ્રશ્ન રહેતો નથી. બન્ને રીતે.

'**પરદ્રવ્યનું કર્તા, પરદ્રવ્ય કોઈ પણ રીતે ન હોય. પરદ્રવ્યનું કર્મ, પરદ્રવ્યનું કર્મ ન હોય,....**' એકબીજાના કર્તા ન હોય, એકબીજાના કાર્યરૂપે પણ ન હોય. કર્તારૂપે પણ ન થઈ શકે, કાર્યરૂપે પણ ન થઈ શકે. '**પરદ્રવ્યની ક્રિયા, પરદ્રવ્યની ક્રિયા ન હોય.**' એ ક્રિયાને ઉથલાવવી, કોઈ કાર્યને ઉથલાવવું, બદલાવવું, ફેરવવું, કોઈ પરદ્રવ્યમાં કોઈ પરદ્રવ્યને એ પ્રકારે ક્રિયા કરવી અશક્ય છે. સંભવિત નથી એમ નહિ, અશક્ય જ છે. એ બની શકતું જ નથી. વસ્તુના સ્વરૂપની મર્યાદા બહારનો વિષય છે, એ બની શકતું નથી. કોઈ કોઈ જીવનું બૂરું કરવા ચાહે તો તે બૂરું કરી

શકે છે, એ વસ્તુના સ્વરૂપમાં નથી. અભિપ્રાય એ પોતે અનિષ્ટ એવા કર્મને બાંધે, પણ તેથી કાંઈ કરી શકે એમ છે નહિ. આ વસ્તુસ્થિતિ છે. પછી ભય કઈ રીતે થાય? સામાન્ય રીતે ભય થાય છે ને. જગતમાં જ્ઞાનીને ભય નથી. સમ્ય ભયરહિત કહ્યા છે. નિઃશંક છે, નિર્ભય છે. કેમકે કોઈપણ અન્ય અજીવ કે જીવ આ જીવને નુકસાન કરી શકે, કાંઈપણ બાધા પહોંચાડી શકે, કાંઈપણ કરી શકે, કોઈપણ પ્રકારે ફેરફાર કરી શકે એની સ્થિતિમાં એવું બની શકતું નથી, કરી શકાતું જ નથી.

'**નિઃસંદેહ કોઈ રીતે ન હોય.**' કેટલી દઢતાથી વાત છે! નિઃસંદેહ કોઈ રીતે ન હોય. આવી વસ્તુસ્થિતિની ખાત્રી, આવી વસ્તુસ્થિતિની Guaranty અનંતા તીર્થંકરોએ આપી છે. કોઈ એમ કહે, જગતની અંદર પણ કોઈ બળવાન અથવા સમર્થ વ્યક્તિ એમ કહે કે અમે તમારા ટેકેદાર છીએ. હવે તમારે કોઈથી મૂંઝાવાની જરૂર નથી. કોઈ પ્રકારે તમારે ન મૂંઝાવું. આર્થિક રીતે, સામાજીક રીતે, કોઈપણ રીતે. તો માણસને હુંફ રહે છે ને? કે હવે અમને વાંધો નથી. કહે છે, વસ્તુ સ્વરૂપનું આ રીતે તું અવલોકન કરીને નિર્ણય કર અને એ નિર્ણયમાં અનંતા તીર્થંકરોની ખાત્રી સાથે છે, Guaranty સાથે છે. પછી તને હુંફ ન આવે તો એ વાત ઘણી વિચિત્ર છે અને કમનસીબી ભરેલી છે. '**નિઃસંદેહ કોઈ રીતે ન હોય.**'

'**જ્ઞાતા જાણે,...**' આવું કોણ જાણે? સમ્યગ્દષ્ટિ જ્ઞાતા-દષ્ટા થયા હોય તે આવું જાણે. '**મિથ્યાત્વીને કાંઈ સુધ (ભાન, ગમ) નથી.**' ઠીક! મિથ્યાદષ્ટિને કાંઈ ભાન નથી. એ તો એમ માને છે કે હું બીજાનું લાભ કે નુકસાન કરું છું. બીજા મને લાભ કે નુકસાન કરે છે. બસ, આ રીતે એ ખરેખર એકનું કાર્ય બીજા કરતા હોય એવું માને છે. જગત આખું આ રીતે વ્યવહાર કરે છે. આ રીતે સાચું માનીને વ્યવહાર કરે છે. આખું જગત. એકનું કાર્ય બીજા કરે છે, એક પદાર્થની અસર બીજા પદાર્થ ઉપર આવે છે. આવું સતતપણે બધા જ જીવોના પરિણામની અંદર અભિપ્રાયથી તો એ વાત પડેલી છે. એ જ પ્રમાણે અભિપ્રાય અનુસાર પ્રવૃત્તિ કરે છે.

મુમુક્ષુ :- અનંતા તીર્થંકરોની..

પૂજ્ય ભાઈશ્રી :- અનંતા તીર્થંકરોની આજ્ઞા ઉપર પગ દેવા બરાબર છે. ... કરતાં પણ. એમની આજ્ઞાઓને કચડવાની વાત છે. કોઈ પગેથી કચડી નાખે ને? અન્યમતિમાં તો એમ કહે કે, પ્રસાદ હોય એનો દાણો પગ નીચે કચડાવો જોઈએ નહિ. પ્રસાદ આપે છે ને? બાકી કોઈ કણ પણ નીચે પડી જાય અને પગ નીચે કચડાય તો એ લોકોને પાપ લાગે, અવિનય થયો કહેવાય, પરમાત્માનો અનાદર થયો કહેવાય એવું માને છે. આ સીધેસીધી ભગવાનની આજ્ઞાને કચડવાની વાત છે. આમ

છે. કોઈ રીતે પાછો વળતો હોય તો. બાકી વાત તો એના હિતની છે. વસ્તુના સ્વરૂપને સ્વીકારવું એ અનંત શાંતિનું મૂળ સાજુ કરવાની વાત છે. અને અસ્વીકાર કરવો એ અનંત દુઃખના મૂળને પોષણ આપવાની વાત છે. ખરેખર તો પોતાને લાભ-નુકસાન છે. તીર્થંકરને કોઈ આજ્ઞા પાળે, ન પાળે, વીતરાગને કાંઈ લેવા-દેવા નથી.

'**મિથ્યાદષ્ટિને કાંઈ સુધી (ભાન, ગમ) નથી.**' કાંઈ ગતાગમ નથી, કાંઈ ભાન નથી કે કોઈ પરદ્રવ્ય મારું કરી શકે કે હું બીજાનું કરી શકું, એ કાંઈ નહિ. એ તો ધર્મ કરે તોય એમ કરે છે. હું બીજા જીવોને બચાવું છું. બીજા જીવોની હું રક્ષા કરું છું, બીજા જીવોનું પાલનપોષણ કરું છું, બીજાનું ભલું કરું છું, બીજાની ભલાઈ એ મારું કર્તવ્ય છે અને તેથી હું પુણ્યદાન પણ કરું છું. એ મિથ્યાદષ્ટિને કાંઈ સુધ નથી, કાંઈ ભાન નથી, કાંઈ ગતાગમ નથી. એમ ને એમ એ સારું કાર્ય સમજીને પણ પોતાનું અનિષ્ટ કરે છે અને બૂરું કાર્ય સમજીને પણ પોતાનું અનિષ્ટ જ કરે છે.

'**વળી બીજું-'પરદ્રવ્યને પરિણમાવવા માટે પોતે નિમિત્તનો કર્તા નથી.**' પરદ્રવ્યની કર્તા, કર્મ ને ક્રિયા સીધો નથી, પણ નિમિત્ત થાય, મારા કાર્યમાં પરદ્રવ્ય નિમિત્ત થાય એવી વ્યવસ્થા હું કાંઈ કરી શકું કે નહિ? મંદિર में બંધાવ્યું હોય તો રોજ પછી શુભભાવ થાય એવું નિમિત્ત આપણે બનાવી રાખો. પોતાને અને બીજા અનેક જીવોને શુભભાવ થાય એવું નિમિત્ત બનાવો. મંદિરરૂપી બનાવો. એવું નિમિત્ત કરી શકાય કે નહિ? બીજા જીવના પરિણામ ન કરી શકાય, પણ બીજા જીવના પરિણામમાં કે પોતાના પરિણામમાં નિમિત્ત થાય એવું કાંઈ કરી શકાય કે નહિ? એ તો એની એ જ વાત છે, બધી છેતરાવાની વાત છે. મંદિર બનાવવું એ પણ બીજા પરમાણુનું કાર્ય પોતે કરવાની વાત આવી કે નહિ? તો એ તો એનું એ થયું. નિમિત્ત પણ એનામાં તો ઉપાદાન છે કે નહિ? પરદ્રવ્ય છે કે નહિ?

'**પરદ્રવ્યને પરિણમાવવા માટે પોતે નિમિત્તનો કર્તા નથી.**' હું વાંચન આપું તો બીજાને એના નિમિત્તે સાંભળવાના શુભભાવ થાય કે ન થાય? તમારા શુભભાવના પરિણમનમાં મારે નિમિત્ત તરીકે બનવું કે ન બનવું? નિમિત્તકર્તા થાઉં. તમારા પરિણામનો કર્તા ન થાઉં. પણ તમારા પરિણામનો નિમિત્તકર્તા તો થાઉં કે ન થાઉં. એ પણ ખરેખર તમારા પરિણામને મારે નિમિત્ત થઈને આધીન રાખવા એ પણ વસ્તુસ્થિતિની બહારની વાત છે. એવું પણ બની શકતું નથી. ક્યારે ક્યા સમયે તમારે ક્યું પરિણામ થવું એ મારે આધીન બિલકુલ નથી. હોઈ શકે નહિ, થઈ શકે નહિ, બની શકે નહિ.

એમ બીજા પરદ્રવ્યને પરિણમાવવા માટે પોતે નિમિત્તનો કર્તા નથી. પોતે નિમિત્તકર્તા થઈને બીજાને પરિણમાવે એ પણ કરી શકાતું નથી. સીધું કે આડકતરી રીતે. આ સીધું છે, પેલું આડકતરી રીતે છે. મંદિર બનાવી રાખો, બીજાને શુભભાવનું નિમિત્ત થાશે. આપણે એટલું તો કરતા જાવ. વર્ષો સુધી અનેક જીવોને શુભભાવનું નિમિત્ત થાય. તો એને શુભભાવનું નિમિત્ત થાય એવા આશયથી આપણે કર્યું તો એટલું પુણ્ય આપણને વિશેષ બંધાય કે ન બંધાય? ભાઈ! તું ચૈતન્યની અનંત ઋદ્ધિનો સ્વામી તારા ચૈતન્ય પદાર્થમાં અનંત રિદ્ધિ-સિદ્ધિ ભરી છે. એને ભૂલીને તું પુણ્યની ભીખ ક્યાં માંગે છો? કે આટલા પુણ્ય બંધાય તો સારું, આટલું નિમિત્ત થાઉં તો સારું, આટલું કાંઈક મારું સ્થાન રહે તો સારું.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- નિમિત્તકર્તા પોતે ન થવું જોઈએ. નિમિત્તનો કર્તા પોતે ન થવું જોઈએ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ ભલે હોય પણ એ કહેવામાત્ર છે. ખરેખર કોઈ અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય વચ્ચે સંબંધ નથી. એ નીચેની છેલ્લેથી બીજી લીટી છે. '**કોઈ જીવ પુદ્ગલોને કાંઈ પણ પરસ્પર સંબંધ નથી.**' કોઈ જીવ અને પુદ્ગલોને કાંઈપણ પરસ્પર સંબંધ નથી. કાંઈક થોડોક તો ખરો કે નહિ? પાછું ઉપર પહેલી લીટીમાં એમ કહ્યું કે, '**સંસારદશામાં જીવ પુદ્ગલનો પરસ્પર નિમિત્ત નૈમિત્તિક ભાવ જાણવો.**' નિમિત્ત-નૈમિત્તિક ભાવ જાણવો. એકને નિમિત્તભાવ કહેવાય, બીજાને નૈમિત્તિકભાવ કહેવાય. એમ નિમિત્ત-નૈમિત્તિકપણું જાણી શકાય છે. પણ બે પદાર્થ વચ્ચે ખરેખર કાંઈ સંબંધ થાય છે, કાંઈ જોડાય છે, એકબીજાનું કોઈ કાર્ય કરે છે એવો સંબંધ બિલકુલ છે નહિ.

આ નિમિત્ત-નૈમિત્તિક જે ભાવ છે એને 'ગુરુદેવે' અનેક પડખેથી સ્પષ્ટ કરી નાખ્યો. નહિતર લગભગ જગતમાં આ વિષયમાં ભ્રાંતિ પ્રવર્તે છે. નિમિત્તપણું એટલે કર્તાપણાના ભાવમાં નિમિત્તપણું સમજે છે. કાંઈક જાણે એમ કે કોઈ Accident થી મરે છે. તો કહે, એનું એવું નિમિત્ત હશે મરવાનું. એટલે જાણે એણે એને માર્યો. પણ એમ નથી. એનું આયુષ્ય છૂટવાનો એ કાળ છે. એમાં સંયોગ કેવા છે એનું જ્ઞાન કરાવ્યું છે. એ જ્ઞાન કરાવ્યું છે એને નિમિત્ત તરીકે પ્રસિદ્ધ કરીને જ્ઞાન કરાવ્યું છે. એ સિવાય એથી વિશેષ એમાં કાંઈ નથી.

આ 'સમયસાર'ની ૧૦૧ ગાથાનો વિષય છે. આ 'સમયસાર' પ્રમાણે અધિકાર લીધી છે ને. જીવ, અજીવ, કર્તા-કર્મ, હવે પુણ્ય-પાપ અધિકાર આવશે. એકસાથે. પુણ્ય અધિકાર આમ તો લીધો છે પણ પુણ્ય-પાપ એક જ અધિકારમાં આવી જાય

છે. પછી આસ્રવ અધિકાર, બંધ અધિકાર, સંવર અધિકાર, નિર્જરા અધિકાર, મોક્ષ અધિકાર. બહુ સંક્ષેપમાં 'સમયસાર'નું સંક્ષેપની અંદર પુનરાવર્તન Revision છે. આ ૧૦૧ ગાથાનો વિષય છે, નિમિત્તકર્તા પણ નથી. પરદ્રવ્યને પરિણમાવવા માટે પોતે નિમિત્તકર્તા પણ નથી.

'**અન્ય કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને પરિણમાવે નહિ. કેમકે કોઈ દ્રવ્ય નિષ્પરિણામી (અપરિણામી) નથી, સર્વ દ્રવ્યો પરિણામી છે.**' આ પદાર્થનું વિજ્ઞાન છે કે એક સમય માટે પણ કોઈ પદાર્થ પરિણમનશીલપણું છોડે છે, અપરિણામી થઈને રહે છે, નિષ્ક્રિય થઈને રહે છે એવું બનતું નથી. જડ અને ચેતન સર્વ પદાર્થો એટલી ઝડપથી ક્રિયાશીલ છે કે જગતમાં છેલ્લી હદની ક્રિયાશીલપણાની ઝડપ એના સ્વભાવથી જગતના સર્વ પદાર્થને છે. એથી ઝડપ કોઈની નથી. એક Second માં અસંખ્ય વાર દશાથી દશાંતર થવું, પર્યાયથી પર્યાયાંતર થવું, રૂપથી રૂપાંતર થવું એવી ઝડપથી ક્રિયા થવી, પરિણામોનું બદલવું, એક Second માં કરોડ, અબજ વાર નહિ, પણ અસંખ્ય વાર પદાર્થ અવસ્થાથી અવસ્થાંતરપણાનો પલટો મારે છે. એટલી ઝડપથી પરિણામનું ચક્કર બદલે છે કે એમાં કોઈની ક્રિયા કોઈ કરી શકે એવો વચ્ચે અવકાશ રહેતો નથી. પોતે જ એટલી ઝડપથી પદાર્થ પોતાની ક્રિયા કરે છે કે એમાં વચ્ચે કોઈની ક્રિયા કોઈ કરી શકે એવો અવકાશ જ નથી, કોઈ જગ્યા નથી. આ પદાર્થનું વિજ્ઞાન જ આ છે. માને, ન માને બીજી વાત છે, પણ પદાર્થનું વિજ્ઞાન બદલાશે નહિ. વસ્તુ બદલાય નહિ જાય. સર્વ કાળે અનાદિઅનંત આ પદાર્થની વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- એક Second માં અસંખ્ય વાર?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક Second માં અસંખ્ય વાર. એક Second માં. એટલે એક Second માં અસંખ્ય સમય હોય છે. કેવળજ્ઞાનમાં જે એક સમયનું જ્ઞાન થાય છે, કાળના ઓછામાં ઓછા છેલ્લી હદના પરિમાણને સમય કહે છે. પરિમાણ એટલે Unit. એ Unit. નું માપ કેટલું છે? કે આપણે Second પકડી શકાય છે. અથવા પા Second, અડધી Second એમ પકડી શકાય છે. એ એક Second માં અસંખ્ય સમય પસાર થઈ જાય છે. એવું કેવળજ્ઞાનની અંદર સમયનું માપ આવ્યું છે. એ પણ જૈનદર્શન સિવાય એક સમયનું માપ ક્યાંય નથી. કેમકે એ કેવળજ્ઞાન અનુસારી સમયનું નિરૂપણ છે. જૈનદર્શન સિવાય તો એ સમયનું માપ પણ ક્યાંય આવતું નથી કે એક સમયમાં આમ થાય છે. એક Second માં અસંખ્ય સમય હોય છે. અથવા છદ્મસ્થ જીવનો ઉપયોગ અસંખ્ય સમયનો હોય છે. એ વિષય ક્યાંય હોતો નથી. શું કહ્યું અહીંયાં?

'**અન્ય કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને પરિણમાવે નહિ.**' કારણ કે, એનું કારણ છે કે કોઈ દ્રવ્ય પ્રથમ તો નિષ્પરિણામી કે અપરિણામી નથી. પરિણામ વિનાનું નવરું કોઈ દ્રવ્ય-પદાર્થ રહેતો નથી કે એનું કાર્ય બીજો જઈને કરે. એક તો પોતે જ એટલો સતત ક્રિયાશીલ અને સતત પરિણમનશીલ છે કે એમાં બીજો કોઈ માથું નાખવા જાય, કોઈના પરિણામ ચક્કરમાં કોઈ બીજો માથું નાખવા જાય તો એનું માથું છેદાય જાય એવું છે. એવું કોઈ ચક્કર ફરતું હોય અને માથું અંદર નાખે તો? એમ પરિણામના ચક્કરમાં કોઈનું માથું જઈ શકે એવું નથી.

મુમુક્ષુ :- અજીવ હોવા છતાં પરિણામશીલ છે?

પૂજ્ય ભાઈશ્રી :- સતત પરિણમનશીલ છે. અજીવ હોવા છતાં સતત પરિણમનશીલ છે અને એ તો સ્થુળ રીતે ખબર પડે છે કે આને કાંઈ ઘસારો નથી પણ છતાં જૂનું થતું દેખાશે. એનો રંગ બદલે છે. ગમે એ શેઠ કર્યો હોય, ને સફેદ હોય, સારામાં સારી ચીજ વાપરી હોય, બદલતું દેખાય છે. કોઈપણ ચીજ બદલતી દેખાય છે. એકરૂપે કઈ ચીજ જગતમાં જુઓ છો? ક્યો જડ પદાર્થ એકરૂપે દેખાય છે? બદલતું જ દેખાય છે.

મુમુક્ષુ :- ખરેખર ઋતુ એ ફેરફાર કરે છે?

પૂજ્ય ભાઈશ્રી :- ઋતુ શું ચીજ છે પણ? એ પણ પરમાણુ છે. ઠંડીના પરમાણુ છે, ગરમીના પરમાણુ છે, વરસાદના ભેજના પરમાણુ છે. કોણ એને કરે છે? એને કોણ કરે છે?

મુમુક્ષુ :- પરિણમનમાં જે ફેરફાર થયો હોય..

પૂજ્ય ભાઈશ્રી :- આ ઠંડી ગરમીનું કારણ. ઠંડી ગરમી કોના કારણે થઈ? સ્વયં જ થાય છે. કોઈ એનું કારણ શોધવા જાવ તો એનું કારણ શું? એનું કારણ શું?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જૈનમાં એવું ગણ્યું કે જીવને રાગ નથી કરવો, એની ઈચ્છા નથી છતાં રાગ થાય છે અને જીવ કરે છે માટે કર્મે જીવને રાગ કરાવ્યો. કેમકે એનું કારણ ન જડ્યું. પછી કાંઈક ભળતી વાત છે એ અંદર મૂકી દો. ઈશ્વરકર્તાપણું માનવું કે કર્મ કર્તાપણું માનવું, બેય એકસરખો મિથ્યા અભિપ્રાય છે, એકસરખો મિથ્યા અભિપ્રાય છે. આજે જે કર્મનું કર્તાપણું માનશે, એ કાલે ઈશ્વરને કર્તાપણું માનશે. અને એ જીવ માની નહિ શકે કે તમે મારું ખરાબ નથી કર્યું ને તમે મારું સારું નથી કર્યું. એ જીવ માની નહિ શકે કે મેં કોઈનું ભલું-બૂરું નથી કર્યું. બીજાનું કાર્ય પોતે કરે છે અને પોતાનું કાર્ય બીજો કરે છે એમાં કોઈ ને કોઈ આવવાનું વચ્ચે.

એ જીવના રાગ-દ્વેષ કદી મટે અને વીતરાગતા ઉત્પન્ન થાય એવું કદી બની શકતું નથી. એ જીવને રાગ-દ્વેષ મટીને કદી આત્માની શાંતિ થાય, વીતરાગી શાંતિ થાય એવું કોઈ દિ' બની શકે નહિ. કેમકે બીજાથી લાભ-નુકસાન માને તો ક્યારે કોણ મને લાભ કરી દે અને કોણ નુકસાન કરી દે, એની ચિંતાથી મુક્ત કેવી રીતે થવાય?

મુમુક્ષુ :- બીજાનું કરે ત્યારે એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નાશ થઈ જાય?

પૂજ્ય ભાઈશ્રી :- પણ કરી શકતો જ નથી પછી એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ ક્યાંથી ..? એ તો અહીંયાં પ્રકરણ ચાલે છે. કોઈ દ્રવ્ય નિષ્પરિણામી છે જ નહિ. બધા સતત પરિણામી છે, તું કેવી રીતે બીજાનું કાર્ય કરે? કરી શકતો જ નથી ને. માને કે ન માને પણ કરી શકતો નથી. આ વસ્તુસ્થિતિ છે.

'**સર્વ દ્રવ્યો પરિણામી છે. (વળી) અન્ય કોઈ જાણી (લ્યે...)**' સર્વ દ્રવ્યો પરિણામી છે તો ચાલો ભલે પરિણામી છે, પણ બે દ્રવ્ય પરિણમતા પરિણમતા જ્યારે ભેગા મળે, સંયોગ થાય '**(કે જીવ પુદ્ગલ બન્ને મળીને એક સંસારપરિણતિ ઊપજી છે,...**' આ બાજુ જીવ પરિણામતો પરિણમતો રાગ કરે, આ બાજુ પુદ્ગલ પરિણામતું પરિણમતું ક્રોધાદિ કર્મપ્રકૃતિએ પરિણમે. આમ બે પદાર્થોના પરિણામ મળીને સંસાર ઊપજે છે. '**તો તે પણ અનર્થ છે.**' શું કહ્યું? તે અનર્થ છે. અનર્થ છે એટલે એવી માન્યતા જીવને નુકસાનકારી છે. એમ પણ બની શકતું નથી. બે મળીને એક કાર્ય કરી શકે એવું નથી. ઘણા કહે છે, હળદરની અંદર સોડા નાખો, હળદરનું પાણી હોય એમાં સોડા નાખો એટલે લાલ રંગ થાય. બે મળીને કાર્ય થાય છે કે નહિ? લાલ રંગ નિપજાવવા માટે હળદર અને સોડા બે પદાર્થોએ કામ કર્યું કે નહિ? આખેઆખો રંગ બદલાઈ ગયો. પીળો રંગ હતો એમાંથી લાલ રંગ થઈ ગયો. ચોખ્ખું નજરે દેખાય છે કે બે પદાર્થ મળીને કામ કરે છે. પાણી ઠંડુ હતું. અગ્નિ ઉપર, ગેસ ઉપર, પ્રાયમસ ઉપર, ચૂલા ઉપર ચડાવ્યું (તો) ગરમ થઈ ગયું. બે પદાર્થ મળીને ઘણાં કામ થતાં જોવામાં આવે છે. એનું શું?

એ સ્થૂળ દૃષ્ટિએ એવું લાગે છે. સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસતા, પદાર્થનું વિજ્ઞાન જોતાં પ્રત્યેક પરમાણુએ પરમાણુ પોતે સ્વતંત્રપણે પોતાની અવસ્થાને કરે છે. એક પરમાણુની કોઈપણ પ્રકારની અવસ્થા થવા માટે બીજા પરમાણુનું કાંઈ ચાલતું નથી. આવી વસ્તુસ્થિતિ છે જગતમાં. આ વસ્તુવિજ્ઞાન છે. એટલે '**અન્ય કોઈ જાણી લ્યે...**' કોઈ એવું જાણે '**કે જીવ અને પુદ્ગલ બન્ને મળીને એક સંસારપરિણતિ ઊપજી છે, તો તે અનર્થ છે.**' તો તે અનર્થ છે અથવા જૂઠ છે. '**કારણ કે બે દ્રવ્ય મળીને કદી પણ એક પરિણતિ ન થાય.**' કોઈ બે પદાર્થ મળીને એની એક સંયોગિક પરિણતિ

બને છે એવું બનતું નથી. પ્રત્યેક પદાર્થની કાર્યની સીમા મર્યાદા પોતાના જ કાર્ય પૂરતી છે. એથી આગળ બીજા પદાર્થના કાર્યની સાથે ભળવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

'**અને એક પરિણતિ જો થાય...**' બે દ્રવ્ય મળીને એક પરિણતિ ન થાય અને જો એક પરિણતિરૂપ થાય '**તો બન્ને દ્રવ્યનો નાશ થાય.**' શું થાય? અનર્થ કેવો મોટો થાય? કે બન્ને પદાર્થ નાશ પામે. જો બે પદાર્થ મળીને એક પરિણતિ કરે તો બન્ને પોતાના અસ્તિત્વને ગુમાવી દે. આ વિજ્ઞાનિક સ્થિતિ ઊભી થાય. પણ એવું કદી બનતું નથી. આ મૃત્યુ કહેવામાં આવે છે ને? ત્યારે જીવનો નાશ થાય છે એમ જગતની અંદર પ્રસિદ્ધ છે. મૃત્યુનો અર્થ જ નાશ પામવું એનું નામ મૃત્યુ છે. શું કોઈ જીવનો નાશ થાય છે? જીવનો તો નાશ નથી થતો પણ શરીરની અંતિમ ક્રિયા કરીને શરીરનો નાશ કરવામાં આવે છે. સાચી વાત છે? એ વાત પણ સાચી નથી. શરીરના કોઈ પરમાણુનો નાશ થતો નથી. જેટલા અસંખ્ય પરમાણુનો પિંડ આ શરીર છે, એટલા જ સંખ્યાએ અસંખ્ય પરમાણુઓ એની પર્યાયથી બીજી પર્યાયે, દશાથી દશાંતરપણાને પામે છે. બાળે તો રાખ થાય, દાટે તો માટી થાય. અથવા આ Electric થી કરી નાખે છે તો એ ધુમાડો થઈ જાય. પણ એ બધા પરમાણુ પોતાની અવસ્થા બદલે છે. એક પરમાણુ જગતમાં ઘટતો નથી, એક પરમાણુ જગતમાં વધતો નથી. કોઈ નવો પદાર્થ ઉત્પન્ન કરી શકાતો નથી, કોઈ પદાર્થનો સર્વનાશ કરી શકાતો નથી. અવસ્થાથી અવસ્થાંતરપણું થાય છે. તો મૃત્યુ શું ચીજ છે? કે ખરેખર એ કહેવામાત્ર છે. જીવ પણ એક દશાથી બદલીને બીજી દશામાં, બીજી ગતિમાં જાય છે. પરમાણુઓ પણ પોતાની દશા બદલીને બીજી દશાઓ ધારણ કરે છે.

આટલી વાત તો આ અન્યમતમાં ગીતામાં આવે છે. જીવ છે એ શું કરે છે? જેમ કોઈ માણસ વસ્ત્ર બદલે છે એમ દેહ બદલે છે. જૂનો દેહ ત્યાગ કરે છે. જર્જરિત થયેલા દેહને છોડે છે, નવા દેહનું ગ્રહણ કરે છે. ગ્રહણ કરે છે એટલે સંયોગ થાય છે. '...' જેમ કોઈ મનુષ્ય વસ્ત્ર બદલે છે એવી રીતે. '...' એવી રીતે એ દેહને ધારણ કરે છે. દેહી નામ જીવ. દેહને ધારણ કરનારો તે દેહી. એટલું તો જેટલા આસ્તિક્ય દર્શનો છે અને જીવને ભવથી ભવાંતર થતો નિત્ય માને છે એ પણ સમજે છે કે આમાં કાંઈ જીવનો નાશ થાય છે એવું તો બનતું નથી. પછી વળી ક્યાંક ગોટો ચડે કે મોક્ષ થાય ત્યારે પછી જ્યોતમાં જ્યોત ભળી જાય. ત્યારે પછી એ જુદો ન રહે. મોક્ષ થયો એટલે એનું અસ્તિત્વ ગુમાવ્યું? એ વાત પણ સિદ્ધ થતી નથી.

કહે છે, બે દ્રવ્ય મળીને એક પરિણતિ થાય તો બન્ને દ્રવ્યનો નાશ થાય. એવું દૂષણ આવે, એવો દોષ આવે. '**તેથી ચિત્વિકારરૂપ સંસાર-મોક્ષમાં પોતે જ વ્યાપ્ય-વ્યાપક થાય છે. અન્ય જુદું પ્રવર્તે છે.**' પછી સંસારદશા હોય કે જીવની મોક્ષદશા હોય, પોતાની દશામાં પોતે જ વ્યાપ્ય-વ્યાપક થઈને પરિણમે છે. પુદ્ગલ અન્ય છે. પુદ્ગલ છે એ જુદું રહે છે. પરમાણુ જુદાં રહે છે અને બીજા જીવ પણ જુદાં રહે છે. અન્ય જુદું રહે છે. અન્ય છે તે અન્ય જ રહે છે. ચાહે સંસાર અવસ્થા હો, ચાહે મોક્ષ અવસ્થા હો. નહિતર કોઈ એવી દલીલ કરે છે કે મોક્ષમાં એવું થતું હશે. જ્યારે જીવનો મોક્ષ થાય, એ નવા શરીર ધારણ કરતો બંધ થાય ત્યારે એવું બનતું હશે કે પુદ્ગલ અને જીવ સાવ છૂટા પડી ગયા છે એટલે હવે કોઈ કોઈનું કાંઈ ન કરે. પણ સંસારમાં તો એકબીજાનું એકબીજા કરે જ. કહે છે, એવું નથી. સંસાર કે મોક્ષ અવસ્થામાં કોઈ પદાર્થ કોઈ પદાર્થનું કાંઈ કરતું નથી. જીવ જ પોતે ચિત્વિકારરૂપ સંસાર અવસ્થાએ (પરિણમે છે).

.... વસ્તુની જે બાહ્ય પરિસ્થિતિ છે, જેને આપણે એમ કહીએ કે જગતની જે બહારની વ્યવસ્થા દેખાય છે એમાં ભ્રમ દૃઢ થાય એવી વાત છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિનું કામ કરી દે છે, એવું સ્પષ્ટ નજરો નજર થતું હોવાનો અનુભવ બધાને છે. એટલે જીવો ભૂલે છે. પણ એવું માનીને, એવું જાણીને, એવું આચરણ કરીને કોઈ જીવ મોક્ષે જાય છે? સંસારથી છૂટે છે? તો એમ સમજવું રહ્યું કે સંસારથી વિરૂદ્ધ એવી જે મોક્ષની દશા એ પ્રાપ્ત કરવા માટે આનાથી કાંઈક જુદી વાત હોવી જોઈએ. એમાંથી એમ નીકળે છે. જો જે જાણતા, જે માનતા અને જે આચરણ કરતાં મોક્ષ થતો નથી અને જન્મ-મરણ ચાલુ રહે છે, તો જન્મ-મરણ મટવા માટે અને મોક્ષ થવા માટે કોઈ બીજી વાત હોવી જોઈએ કે જે આનાથી વિરૂદ્ધ હોય. જન્મ-મરણ થવાના કારણથી વિરૂદ્ધપણે હોય. આમ પણ એમાંથી સ્પષ્ટ થાય છે.

સંસારિક જે કાર્યો છે એમાં તો બંધ-મોક્ષનો વિચાર નથી. એમાં તો જીવે જે માનેલું સુખ છે અને માનેલું દુઃખ છે એટલું જ પ્રયોજન સાધવાનું હોય છે કે આટલી મને અનુકૂળતાઓ થાઓ અને આવી મને પ્રતિકૂળતાઓ ન થાઓ. આથી વધારે સંસારિક કાર્યોની અંદર કોઈ પ્રયોજન નથી. એટલે ત્યાં તો બંધ-મોક્ષનો વિચાર નથી. પણ ધર્મના ક્ષેત્રમાં જીવને પોતાનું આત્મહિત કરવું છે, પોતાનું કલ્યાણ કરવું છે એવી એક ભાવના દરેક સંપ્રદાયની અંદર ઓછાવત્તા પ્રમાણમાં જોવામાં આવે છે કે શા માટે ધર્મ કરવો? કે કાંઈક આત્માનું કલ્યાણ થાય માટે. પછી કલ્યાણ

એટલે નિર્વાણ દશા છે એની જેને ખબર નથી, એ એમ માને છે કે જીવનું ભલું થાય, જીવ સુખી થાય. કેવી રીતે? કે એને સુખના કારણો અને સંયોગો મળે એ રીતે. માટે ધર્મ કરતાં સુખી થવાશે એટલે કે પુણ્ય બંધાશે અને પુણ્યના ફળ મળશે. આ રીતે ધર્મને પુણ્યનો હેતુ માનીને જૈનદર્શન સિવાયના અન્ય દર્શનો અને જૈનદર્શનમાં ભૂલેલા જૈનાભાસો, એ નિર્વાણના હેતુરૂપ ધર્મને પુણ્યના હેતુરૂપ ધર્મ તરીકે સ્વીકારીને આચરણ કરે છે. આ ધર્મના વિષયમાં મોટી ભ્રાંતિ છે. જબરજસ્ત ભ્રાંતિ છે. એટલે જે ધર્મ મોક્ષનો હેતુ થવો જોઈએ તે જ ધર્મ એને સંસારનો હેતુ થાય છે. અને સંસારના હેતુએ તે ધર્મ સેવવામાં આવે છે, આદરવામાં આવે છે. આ ગડબડ થાય છે.

એને એમ કહે છે કે, ભાઈ! તું ધર્મ કરવા આવ્યો એક વાત, પણ તને જન્મ-મરણ મટે એવી કોઈ વાત, ભવભ્રમણ મટે એવી કોઈ વાત આ ધર્મના ક્ષેત્રમાંથી મળે છે? તો તારો મોક્ષ થાય. પરિભ્રમણથી મુક્ત થવું, જન્મ-મરણથી મુક્ત થવું થાય તો તારો મોક્ષ થાય. એ તત્ત્વને તું શોધી કાઢ, એ તત્ત્વને તું પ્રાપ્ત કરી લે કે જેનાથી જન્મ-મરણ મટે, પરિભ્રમણ મટે. તો મોક્ષ થશે, તો નિર્વાણ થશે, તો આત્માનું શાશ્વત કલ્યાણ થશે. અને નહિતર કોઈ રીતે ધર્મના નામે પણ છેતરાવા સિવાય બીજું કાંઈ થવાનું નથી. એ તત્ત્વ સત્પુરુષોએ, તીર્થંકરોએ, મહાપુરુષઓ, આચાર્યોએ શોધીને બહાર મૂક્યું છે. સંસારમાં જન્મ-મરણનું કારણ આ જીવનો દર્શનમોહ છે. આ જન્મ-મરણનું કારણ છે. મિથ્યાત્વ અને અજ્ઞાન કહો અથવા પોતાને ઉત્પન્ન થતો દર્શનમોહ કહો, એ જન્મ-મરણનું કારણ છે. અને એ દર્શનમોહનો નાશ થઈને સમ્યક્ત્વનું પરિણમવું થવું, સમ્યગ્દર્શન થવું તે એક સમયનું સમ્યગ્દર્શન જન્મ-મરણનો છેદ કરી નાખે છે, જન્મ-મરણનો નાશ કરે છે. જન્મ-મરણ ઉત્પન્ન થવાના મૂળને બાળે છે.

કોઈ એમ તર્ક કરે કે સમ્યગ્દર્શન થયા પછી કોઈને બે, પાંચ, દસ ભવ દેખાય છે, એનું શું? કેમ એને જન્મ-મરણ થયા? તો કહે છે, મૂળ બળી ગયું છે. કોઈવાર એવું બને છે કે મૂળનો નાશ થયા પછી પણ પાંદડા લીલા દેખાય. કોઈ કુંપળ ફૂટી હોય તો થોડી વૃદ્ધિ થયેલી દેખાય. પણ એ બધું સૂકાય જવાનું છે. મૂળ ગયા પછી એ ઝાડ લીલું રહેવાનું નથી.

મુમુક્ષુ :- એ સમય ટૂંકા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એ સમયથી એ સૂકાવાની પ્રક્રિયા બહુ સૂક્ષ્મ છે. એટલે સૂક્ષ્મ દૃષ્ટિવાનને એ સમજાય છે. સ્થુલ દૃષ્ટિવાન એમ કહે છે કે હજી આને જન્મ-મરણ

કેમ રહ્યા? આ મૂળ બાળી નાખ્યું, ઝાડ હજી કેમ લીલું છે? ભાઈ! એ સૂકાઈ છે અને સૂકાઈ જશે. તને દેખાશે, થોડીવાર પછી દેખાશે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાં જ્ઞાની ક્યાં છે એ શું ખબર પડે? જે ચૈતન્યદ્રવ્યનું ઊંડાણ છે, કેટલું ઊંડાણ છે? કે એના એક એક ગુણસ્વભાવને કોઈ તળિયું નથી. સાગર છે એ ગંભીર કહેવાય છે. કેમકે એની મર્યાદા છોડતું નથી. ઉછાળા ગમે એટલા મારે તોપણ એની મર્યાદા છોડતો નથી. પણ છતાં સાગરને નીચે તળિયું છે. આત્માના જ્ઞાનસ્વભાવને, આનંદસ્વભાવને, અસ્તિત્વસ્વભાવને, વસ્તુત્વસ્ભાવને, એના અનંત સ્વભાવને કોઈ તળિયું નથી. બેહદ સ્વભાવ છે. એટલો અનંત દ્રવ્યોનો સંગ્રહ કરીને ગંભીર દ્રવ્ય પડ્યું છે. ગંભીર હોય એનું બહારમાં સામર્થ્ય ન દેખાય. એને ગંભીર કહે છે. માણસ ઘણા એવા ગંભીર હોય છે. ગમે એટલો પૈસો હોય તોય દેખાય નહિ, ગમે એટલી શક્તિ હોય તોય બહારમાં દેખાડો ન કરે. એમ આ દ્રવ્ય બહુ ગંભીર છે. અનંત શક્તિ લઈને પડ્યું છે. બહારમાં એનો ખ્યાલ આવતો નથી. એના ઊંડાણમાં જ્ઞાનીઓ વિચરે છે. ક્યાં છે? બહારમાં બીજા કાર્યોમાં ઊભેલા દેખાય ત્યારે પણ એ ઊંડે ઊંડે ક્યાંય અંદરમાં હોય છે. એનો બહારવાળાને પત્તો લાગતો નથી કે આ ક્યાં છે અંદરમાં? એનો પત્તો બહારમાં લાગે એવું નથી.

એટલે કહે છે ચિત્વિકારરૂપ સંસાર અવસ્થા અને ચૈતન્યના અવિકારરૂપ શુદ્ધ મોક્ષ અવસ્થા, નિર્દોષ અવસ્થા, તેમાં જીવ પોતે જ વ્યાપેલો છે અને પોતાની અવસ્થા એનું વ્યાપવા યોગ્ય સ્થાન છે. પોતે વ્યાપક છે અને સંસાર અને મોક્ષ દશા એનું વ્યાપવા યોગ્ય એવું વ્યાપ્ય છે. '**अन्य जुदुं प्रवर्ते छे.**' અન્ય જેટલા કોઈ પદાર્થો છે, અન્ય દ્રવ્ય છે એ બધાં જુદે જુદાં પોતપોતામાં પ્રવર્તે છે, પોતપોતાને રસ્તે સૌ ચાલ્યા જાય છે. કોઈના માટે કોઈ કોઈના રસ્તે ચાલતું નથી. પણ એવું છે કે ભ્રાંતિથી અથવા પોતાના કલ્પિત પ્રયોજનથી જીવ જૂઠો દાવો કરે છે.

જેમ એક વેપારી એમ કહે કે ભાઈ! મેં જે દુકાન માંડી છે એ આ શહેરના વસનારાઓની આટલી સુવિધા સાચવવા માટે મેં માંડી છે. આટલી સગવડતાઓ તમને પ્રાપ્ત થશે. હું કાશ્મીરનો માલ પણ તમને અહીંયાં લાવી દઈશ અને હું મદ્રાસનો માલ પણ તમને અહીંયાં લાવી દઈશ, બંગાળનો માલ પણ હું તમને અહીંયાં કાઠિયાવાડમાં લાવી દઈશ. તમારે ત્યાં લેવા જવાની કોઈ માથાકૂટ નથી. તમારી સગવડ માટે મેં આ દુકાન ખોલી છે. સાચી વાત હશે? નહિ? પણ એ એવો દાવો કરે છે. પોતાના હેતુથી પોતે પ્રવૃત્તિ કરે છે અને કહે છે કે હું તમારા હેતુથી પ્રવૃત્તિ

કરું છું. જાહેરાત કેવી રીતે કરે? એમ કહે કે મારું પેટ ભરવા માટે મેં આ દુકાન ખોલી છે માટે તમે આવજો. એમ કહે? એટલે મારે ત્યાં બધા આવજો, એમ કહે? એમ ન કહે. ઘરાક એમ કહે છે કે બે પૈસા કમાય માટે આપણે એને ખટાવો. એ વાત ખોટી છે. તને જરૂરિયાત છે માટે તું લેવા જાય છે. જેની દુકાને જાય છે એમાં તું શું કરવા જાય છે? તારી જરૂરિયાત માટે જાય છે. એની આજીવિકા ચાલે માટે એની દુકાને તું જાય છે એ વાત તારી સાચી નથી.

એક કરોડપતિ, અબજપતિ માણસને 'ગુરુદેવે' પૂછ્યું, આટલા બધા પૈસા થયા પછી તમારે રળવાનું પ્રયોજન શું છે? લોકો કહે છે કે તમારી પાસે કરોડો, અબજો છે. પછી તમારે શું આ બધી પ્રવૃત્તિ અને ધમાલ કરવાની જરૂર છે? સાહેબ! મારી ખાણમાં દસ હજાર માણસો કામ કરે છે. આ દસ હજાર માણસનું પેટિયું તો ભરાય છે. એણે દાવો શું કર્યો? કે મારે હવે કાંઈ પૈસાની જરૂર નથી. મારે તો કરોડો, અબજો છે. પણ દસ હજાર માણસનું પેટ ભરાય માટે હું આ ધંધો કરું છું. સાચી વાત હશે? તદ્દન ખોટી વાત છે. એવી રીતે જીવ ખોટા, જૂઠા પરિણામ કરે છે અને પોતે જ છેતરાય છે અને પોતે જ કર્મબંધમાં પડે છે, પોતે જ પોતાને નુકસાન કરે છે. આવી ગડબડ છે. સંયોગિક દૃષ્ટિમાં આવી બધી ગડબડ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, માયાચાર છે. માયાચાર જ છે ને. મિથ્યાત્વની પ્રકૃતિ ક્રોધ, માન, માયા, લોભમાં માયાના ભેદમાં જાય છે. ચાર પ્રકૃતિ છે ને? કષાયની ચાર પ્રકૃતિ છે-ક્રોધ, માન, માયા અને લોભ. એમાં મિથ્યાત્વ શેમાં જાય? માયામાં જાય છે. અને એ મિથ્યાત્વના ફળમાં જીવ શેમાં જાય છે? તિર્યંચમાં જાય છે. માયાના ફળમાં? તિર્યંચમાં જાય છે. માયાથી વિરૂદ્ધ શું? સરળતા. માયા છે તે આડોડાયપણું છે, અસરળતાપણું છે. માયાથી વિરૂદ્ધ છે તે સરળતા છે. સરળતાથી મનુષ્ય થાય. તિર્યંચ હોય અને સરળતાના પરિણામ સેવાય તો મનુષ્ય થાય. એમાં વિશેષ સરળતા રાખે તો એને ધર્મતત્ત્વ આત્મતત્ત્વ એને સરળતાએ કરીને સમજાય. અને એ સમ્યગ્દર્શનને પામે. એ લોકોત્તર સરળતા છે.

'**વળી ત્યાં જ પુદ્ગલ જ્ઞાનાવરણાદિ કર્મત્વરૂપે વ્યાપ્ય વ્યાપક થયું થકું, અનાદિથી જુદું જ સદા પરિણમે છે, એટલું જ જાણવું.**' આગળ કર્મનો ઉદય છે ત્યાં સુધી વિકાર થાય છે એવી વાત અનેક જગ્યાએ કરી. અહીંયાં ચોખવટ કરે છે કે જ્યાં જીવ પોતે ચિત્વિકાર રૂપે સંસાર અવસ્થામાં પરિણમે છે ત્યાં જ પુદ્ગલ પણ જ્ઞાનાવરણાદિ એટલે આઠેય કર્મ. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, અંતરાય,

વેદનીય, આયુ, નામ, ગોત્ર વગેરે, કર્મપણે '**વ્યાપ્ય-વ્યાપક થયું થકું,...**' એ પોતે જ પરમાણુ પોતામાં વ્યાપ્ય-વ્યાપક કર્મરૂપે થયા થકા '**અનાદિથી જુદું જ સદા પરિણમે છે,...**' કર્મ કર્મમાં પરિણમે છે, આત્મા આત્મામાં પરિણમે છે. બન્ને એક ક્ષેત્રે રહે છે ત્યારે એને સંયોગ સંબંધ કહેવામાં આવે છે. '**એટલું જ જાણવું.**' આથી વધારે તમારે જાણવું નહિ. કર્મ જીવને ચિત્વિકાર કરાવે છે એમ ન જાણવું, એમ કહે છે. એ જુદું પરિણમે છે. તું જુદો પરિણમે છો, એ જુદું પરિણમે છે. બન્ને જુદે જુદાં પરિણમે છે. એકબીજાનો એકબીજામાં કોઈ કાર્યનો પ્રભાવ નથી કે કોઈ કાર્યનું કારણ નથી.

આ રીતે એકસાથે પરિણમવું, તે જ કાળે, ત્યાં જ એટલે તે જ કાળે, તે જ ક્ષેત્રે સરખા ભાવે પરિણમવું, જીવ ક્રોધભાવે પરિણમે તો નવી ક્રોધની પ્રકૃતિ કર્મમાં બંધાય. ક્રોધકર્મની પ્રકૃતિનો ઉદય આવે અને જીવ ક્રોધભાવે પરિણમે. આમ સંસારદશામાં એક કાળે, એક ક્ષેત્રે, સરખા ભાવે, મળતા ભાવે, ભળતા ભાવે જે પરિણમન થાય છે તેને જીવ-પુદ્ગલનો પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવ કહેવામાં આવે છે. નિમિત્ત-નૈમિત્તિક ભાવ એને કહેવાય છે કે આ આમાં નિમિત્ત છે, આ નૈમિત્તિક છે. આ આમાં નિમિત્ત છે, આ નૈમિત્તિક છે. કર્મનો ઉદય નિમિત્ત છે, જીવનો ક્રોધાદિ ભાવ નૈમિત્તિક છે. જીવનો ક્રોધાદિ ભાવ નિમિત્ત છે, નવા કર્મની પ્રકૃતિ બંધાય એ નૈમિત્તિક છે. આમ જે છે નિમિત્ત-નૈમિત્તિક ભાવોથી પરિણમન ચાલ્યા જ કરે છે. પણ નથી જીવ કાંઈ કર્મને કરતો, કર્મ કાંઈ જીવને કરતું નથી. આમ જાણવું.

'**સહજ જ તેઓ પોતે પોતારૂપે જુદે જુદા પરિણમે છે.**' આ 'કુંદકુંદાચાર્યે' બે હજાર વર્ષ પહેલા લખ્યું, 'અમૃતચંદ્રાચાર્યે' ૯૦૦ વર્ષ પહેલાં લખ્યું અને 'દીપચંદજી'એ ૨૫૦ વર્ષ પહેલાં આ વાત લખી છે. જૈન સંપ્રદાયમાં લોકો આ વિષયથી અજાણ્યા હતા એટલે એમ લાગ્યું કે આ સોનગઢથી કો'ક નવી વાત કાઢી છે. ૨૫૦ વર્ષ પહેલાનો આ ગ્રંથ છે. મૂળ તો ઢુંઢારીમાં આ ગ્રંથ છે.

મુમુક્ષુ :- નિમિત્ત ન માને એ દિગંબર જૈન નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એમ નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરે (એમ માને તે) દિગંબર જૈન નહિ. ઘુવડોએ ભેગા થઈને સભા ભરી. એક વખતે ઘુવડ લોકોએ સભા ભરી. કોણ કહે છે કે આ જગતમાં સૂર્ય છે? કેમકે એ તો દિવસે કાંઈ ભાળે નહિ. રાત્રે જોવે ત્યારે રાત્રે સૂરજ હોય નહિ. પૂછો બધાને, આપણી સાત પેઢી સુધીનાને પૂછો, અને નક્કી કરો કે કોણ કહે છે કે આ જગતમાં સૂર્ય છે? જગતમાં

સૂર્ય જેવું કાંઈ છે નહિ. સૂર્ય કોઈ કહે છે, એમ કહે તો? એ બધાને આંધળા સાબિત કરવા. ઠરાવ કરો આપણે. આપણે ઠરાવ કરો કે જે સૂર્યને માને, જાણે, સ્વીકારે એ બધા અંધ છે. એમ આપણે આપણી સભાની અંદર ઠરાવ કરો. બધા આંધળા થઈ જાય કે ન થઈ જાય? આવી વાત છે.

એમ વસ્તુ સ્વરૂપથી અજાણ્યા જીવો ભેગા થઈને, સભા ભરીને ઠરાવ કરે. જ્ઞાની તો કો'ક ગણ્યાગાંઠ્યા હોય છે આ જગતમાં. કેટલા હોય? આંગળીના વેઢે ગણાય એટલા. આપણી સંખ્યા જુઓ. આ બધાય આપણે એક મતથી કહીએ છીએ કે જ્ઞાની કહે છે કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. તો કહે, એ જ્ઞાની નથી, એને અજ્ઞાની ઠરાવો, અજૈન ઠરાવો. થઈ જાય કે નહિ? આવી બધી ગડબડ છે. એ હાસ્યાસ્પદ વાતો છે.

મુમુક્ષુ :- અંધકારમાંથી બહાર કાઢ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાઈ! રાગ-દ્વેષ છૂટીને વીતરાગ થવાય છે. આ વાત તો નક્કી છે. કે રાગ-દ્વેષ રાખીને વીતરાગ થવાય છે? આમાં તો બેમત નથી. તો પરપદાર્થનો લગવાડ કર્તા-કર્મપણે રાખીને પરપદાર્થનો લગવાડ સ્વીકારવાથી રાગ-દ્વેષ મટશે કે જાશે? આ તો નક્કી કર તું. આ તો સમજી શકાય એવી વાત છે. જો પરપદાર્થનો સંબંધ તે સ્વીકાર્યો તો રાગ-દ્વેષ મટવાનો કોઈ પ્રસંગ નથી, કોઈ અવસર નથી. અને જો પરપદાર્થથી ભિન્નતા સ્વીકારી તો તારે પરપદાર્થ રાગ-દ્વેષ કરવાનું મટે છે. આ તો સિદ્ધાંતિક રીતે પણ સમજી શકાય એવી વાત છે. અને પરપદાર્થના કાર્યો જો કરી શકાતા હોય તો આ જગતમાં કોઈ કોઈને રહેવા દે એમ નથી. આ પણ બહુ સ્પષ્ટ પરિસ્થિતિ છે કે કોઈ કોઈના અસ્તિત્વને જ રહેવા દે એમ નથી. એટલું સર્વભૌમત્વ એક જીવને જોઈએ છે. એ પરિસ્થિતિ પણ બની શકતી નથી. એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે.

એટલે ભલે સંસારદશામાં જીવ પુદ્ગલનો પરસ્પર નિમિત્ત નૈમિત્તિક ભાવ છે તોપણ **'સહજ જ તેઓ પોતે પોતારૂપે જુદે જુદા પરિણમે છે.'** નિમિત્ત-નૈમિત્તિક ભાવ એટલે સદશ પરિણામ હોવા છતાં પોતપોતામાં જુદેજુદાં પરિણામને એ કરી રહ્યા છે. કોઈના પરિણામમાં કોઈની ઘાલમેલ છે નહિ. સર્વ જુદેજુદાં પરિણમે છે. કોઈ જીવ અને પુદ્ગલોને કાંઈપણ પરસ્પર સંબંધ નથી. જરા પણ કોઈ કોઈનું કાંઈ કરે એવો સંબંધ તો બિલકુલ નથી. પરમાણુમાં અનંત શક્તિ છે તોપણ કોઈ એવી એક શક્તિ પણ નથી કે બીજા પરમાણુનું કે બીજા જીવનું કાંઈ કરે. એ જ રીતે જીવમાં અનંત શક્તિ છે. એમાં એવી એક પણ શક્તિ નથી કે બીજા જીવ કે બીજા પરમાણુનું

કાંઈ કાર્ય કરી શકે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અનુભવ તો થાય એવું છે પણ એની દૃષ્ટિ બરાબર રાખીને વિચારે તો. કે આમાં કાંઈ થઈ શકે એવું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ જીવનું માને, કોઈ પુદ્ગલ જીવનું ન માને, જીવ પુદ્ગલનું ન માને, જીવ જીવનું ન માને. કાંઈપણ સંબંધ નથી.

'**કોઈ જીવ-પુદ્ગલોને કાંઈ પણ પરસ્પર સંબંધ નથી.**' સંબંધ માનીને કે સંબંધ રાખીને હેરાન થયો. એમ છે ખરેખર. સંબંધ માનીને અને સંબંધ રાખીને હેરાન થયો. આમાં પણ એવું થાય છે કે જીવ દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ પ્રત્યે એટલો અનુરાગી પણ થતો નથી, જેટલો સંબંધ એને પોતાના કુટુંબ, પરિવાર અને પરિગ્રહ વિષે હોય છે. અમારે સંબંધ એટલો અને એ સંબંધ કોઈ તોડી નખાય? આપણે બીજું બધું ગૌણ કરી નાખવું, પણ સંબંધ તો રાખવો. સંબંધ જાવા દેવાય કાંઈ? ભાઈ! એ સંબંધ રાખી રાખીને તું રખડ્યો. સંબંધ ખરેખર કોઈને કોઈને વિષે હોતો નથી. એક માર્ગમાં સરખા અભિપ્રાયવાળાને એમ કહેવામાં આવે કે આ બધા એક માર્ગે ચાલનારા એકબીજાના સંબંધી છે. પણ એ કહેવામાત્ર છે. વસ્તુતાએ બધા જ સ્વતંત્ર પરિણમે છે. કોઈ કોઈને આધીન પરિણમે છે એમ છે નહિ.

'**કોઈ જીવ-પુદ્ગલોને કાંઈ પણ પરસ્પર સંબંધ નથી.' જેણે આ કર્તા-કર્મ-ક્રિયાનો ભેદ...**' ભેદ એટલે અંદરનું રહસ્ય. ગુપ્ત રહસ્યને અહીંયાં ભેદ કહેવામાં આવે છે. '**જેણે આ કર્તા-કર્મ-ક્રિયાનો ભેદ યથાર્થ (બરાબર) જાણ્યો, તેણે પોતાની ચેતના જુદી જાણી.**' આ તાત્પર્ય કાઢ્યું છે. આ રીતે કર્તાપણે, કાર્યપણે અને ક્રિયાપણે પ્રત્યેક પદાર્થોની ભિન્નતા જેણે જાણી એણે શું જાણ્યું? કે એણે પોતાની ચેતનાને ભિન્ન જાણી. પોતાના ચૈતન્યસ્વભાવને, પોતાના ચૈતન્યતત્ત્વને એણે જુદું જાણ્યું. મારું કોઈ બૂરું કરનાર નથી, મારું કોઈ ભલું કરનાર નથી. મારું ભલું કરનાર હું અને મારું બૂરુ કરનાર પણ હું. પોતે જ પોતાનો મિત્ર અને પોતે જ પોતાનો શત્રુ. આવો એક શ્લોક ગીતામાં આવે છે. પોતે જ પોતાનો વેરી છે અને પોતે જ પોતાનો મિત્ર છે. શત્રુ કહો, વેરી કહો, દુશ્મન કહો, એક જ છે.

'**તેણે પોતાની ચેતના જુદી જાણી. પોતાની પરિણતિની શુદ્ધતા થઈ...**' જ્યારે એ પોતાની ચેતના જુદી જાણે ત્યારે પોતાની પરિણતિની શુદ્ધતા થઈ. ભેળસેળ કરતો હતો ત્યાં સુધી અશુદ્ધતા થતી હતી. દ્રવ્યે તો ભેળસેળ થઈ શકતું નહોતું,

પણ ભાવે ભેળસેળ કરતો હતો કે બીજાનો મારા ઉપર પ્રભાવ પડે છે અને હું બીજાના કાર્યો કરું છું. ત્યાં સુધી એને રાગ, દ્વેષ અને મોહની મલિનતા ઉત્પન્ન થતી હતી.

'શ્રીમદ્‌જી' કહે છે કે આ જીવે પોતાને વિષે નથી એવા પરદ્રવ્યોમાં પોતાપણું માનીને પોતાનું માઠું કરવામાં મણા રાખી નથી. મ.. મ.. મ. પોતાનું માઠું કરવામાં મણા રાખી નથી. મણા એટલે ખામી. એટલું એણે પોતાનું અહિત કર્યું છે, એટલું અહિત કર્યું છે કે આ જીવે ભૂતકાળમાં અનંત અનંત અનંત દુઃખને ભોગવ્યું છે. એ અનંત દુઃખ ભોગવવાના કારણને શોધીને એનો મૂળથી નાશ ન કરે તો ભવિષ્યમાં એવા અનંત અનંત દુઃખને, અશાતાને ભોગવવાનું સુનિશ્ચિત છે, નક્કી જ છે એમ સમજીવ લેવું. ભૂતકાળમાં આ જીવે અશાતા અને દુઃખ અનંત ભોગવ્યા છે. એટલા ભોગવ્યા છે, જેનું વર્ણન ન થઈ શકે એટલા ભોગવ્યા છે. એનું કારણ એ તપાસે નહિ. પરદ્રવ્ય સાથેનું સંબંધપણું, પરદ્રવ્ય સાથે એકત્વ જે માન્યું છે એ એનું મૂળ છે. એ જો મટાડવામાં ન આવે તો અનંત દુઃખનો ભોગવટો, અનંત અશાતાનો ભોગવટો સુનિશ્ચિત જ છે, નક્કી જ છે ભોગવવાનું. એનું ફળ બીજું કાંઈ છે જ નહિ. અનંત દુઃખ સિવાય બીજું કોઈ એનું ફળ નથી. અને એ સંસારનો રઝળપાટ છે એનાથી જીવને પોતાને જ્યારે પોતાની દયા આવે છે ત્યારે એ દયા આવે છે તો પોતાને મુક્ત કરવાનો કાંઈક અંદરથી ખરેખરો ભાવ આવે કે હવે મારે છૂટી જવું છે, હવે મારે પરિભ્રમણ કરવું નથી.

નહિતર તો એમ ને એમ રૂઢિગતપણે યંત્રવત ક્રિયા થઈ. રોજીંદી ક્રિયા જેણે જે પોતાની માની હોય સંપ્રદાયમાં જ્યાં જે રૂઢિ ચાલતી હોય એ કર્યે જાય. ચાલો, આટલું તો થઈ ગયું. આટલું કર્યું એટલે કાંઈક કર્યું અને કાંઈક કર્યું એટલે કાંઈક એનો લાભ થાશે. ઓઘે ઓઘે માનીને જીવ એમ ને એમ એનો સમય ગુમાવે છે.

પોતાની પરિણતિની શુદ્ધતા પોતાની ચેતનાને જુદી જાણતા થઈ. '**તે જ સંસારથી ભલી રીતે વિરક્ત થાય છે.**' તે જ સંસારથી સારી રીતે વિરક્ત થાય છે, ઉદાસીન થાય છે. એને પછી પોતાની ચેતનસત્તા આ આખા જગતથી જુદી છે એવું જાણે ત્યારે એને વિરક્તતા આવે છે, એનો રસ ઊડી જાય છે કે હવે મને ક્યાંય પણ મારા સુખ માટે કાંઈપણ બીજે જોવાની વાત રહેતી નથી. નથી કોઈ પુદ્‌ગલ પર્યાયો, નથી કોઈ બીજા જીવની અપેક્ષા. એને બધેથી વિરક્તતા ઉત્પન્ન થાય છે, એનો રસ ઊડી જાય છે. એને વિરક્તતા કહેવામાં આવે છે. તે જ સંસારથી ભલી રીતે એટલે

સમ્યક્ પ્રકારે વિરક્ત થાય છે. '**તેમને પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.**' જ્યારે સમ્યક્ પ્રકારે જીવ સંસારથી વિરક્ત થાય ત્યારે એને પોતાના પરમ સ્વરૂપની, પરમ આત્મસ્વરૂપની પ્રાપ્તિ નામ અનુભવ થાય છે. અનુભવ થવો એનું નામ પ્રાપ્તિ છે. અને ત્યારે એ પોતે જ પરમાત્મા થાય છે. એ કર્તા-કર્મ અધિકારનો, આખા અધિકારને નિષ્કર્ષ અહીંયાં લાવીને મૂક્યો છે. સારાંશ એ છે. અહીં સુધી રાખીએ...

તા. ૨૪-૬-૧૯૮૬, પાના નં. ૬૭, પ્રવચન નં. ૪૭

'આત્માવલોકન'. '**પુણ્ય-પાપ અધિકાર**'. ... આ પ્રકરણમાં એક જાતિના પરિણામ કહ્યા છે. પુણ્ય અને પાપમાં કષાયની મંદતા અને તીવ્રતાના ભેદ હોવા છતાં એ ભેદના તફાવતને કહેનારને ખ્યાલ છે, એમ છતાં અહીંયાં સ્વરૂપદૃષ્ટિ કરાવવાનું પ્રયોજન છે. રાગમાત્રથી ભિન્ન થતાં જ સ્વરૂપમાં આવી શકાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. તેથી તત્ત્વદૃષ્ટિમાં, નવ તત્ત્વમાં તત્ત્વદૃષ્ટિએ જોતાં બન્નેનો એક વર્ગની અંદર, જાતિ એક હોવાથી એક વર્ગની અંદર ઘટાવે છે.

'**પૌદ્ગલિક પુણ્ય-પાપ એક જ કર્મના બે ભેદ છે. એ બન્નેની કર્મજાતિ એક છે. કર્મ અભેદ છે, અવેર છે, અચેતન છે.**' શું કહે છે? જે કર્મના પરમાણુ છે, કાર્મણવર્ગણા છે, એ કાર્મણવર્ગણા એક જાતિના પરમાણુ છે. એમાં પુણ્ય અને પાપની પ્રકૃતિના જે બે ભેદ થાય છે, શુભપ્રકૃતિ અને અશુભપ્રકૃતિનો બંધ થાય છે. શુભઆયુ બંધાય, અશુભઆયુ બંધાય. શુભ ગોત્ર બંધાય, અશુભ ગોત્ર બંધાય. એ પ્રકારે જે કાંઈ તફાવત શુભ-અશુભના થાય છે, પુણ્ય-પાપના થાય છે તે બન્નેની કર્મજાતિ પણ એક જ છે. કાર્મણવર્ગણાના પરમાણુઓની જાતિ એક છે અને કર્મજાતિ પણ બન્નેની એક જ છે. એ રીતે કર્મ અભેદ છે એમ કહેવું છે. તારતમ્યભેદને અહીંયાં ગૌણ કરીને, તીવ્ર-મંદતાના તારતમ્ય ભેદને ગૌણ કરીને કર્મ અભેદ છે.

'**અવેર છે,...**' એટલે બે વચ્ચે કોઈ ભેદ નથી. વેર પાડે છે ને? લાકડું વેરાવે છે. બે કટકા કરે. ગુજરાતીમાં લાકડાને કપાવવું એમ ન કહે. લાકડાને વેરાવો. આ વેરવાનો સંચો છે. છેદે છે એ રીતે એ એનો ખાસ પ્રકાર જોઈને એને વેર કહે છે.

મુમુક્ષુ :- આમાં બે વચ્ચે વેરાવો. વેર કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બે વચ્ચે વેર છે એ તો... અહીંયાં તો ઊલટું પડે ને. બે વચ્ચે વેર નથી. આ તો એક જ જાતિના લેવા છે. પુણ્ય-પાપને વેર નથી લેવા. અવેર છે. વેર નથી, એક જાતિના છે. એક જ જાતિના છે. અવેર છે.

'**અચેતન છે.**' બન્ને અચેતન કર્મ છે. શુભ હો કે અશુભ હો, બન્નેની અચેતન જાતિ છે. બન્ને કર્મપણે છે, કર્મજાતિના છે. તેથી પાપથી પુણ્યની વિશેષતા માનીને કોઈ એનું આકર્ષણ દેખાય કે પુણ્યકર્મ બંધાય તો સારું, પાપકર્મ ન બંધાય તો સારું

અને પુણ્યકર્મ બંધાય તો સારું. પાપકર્મનો ઉદય ન આવે તો સારું અને પુણ્યકર્મનો ઉદય આવે તો સારું. એવો જે ભેદ પાડવામાં આવે છે. તેથી કહે છે, તે બન્ને એક જ જાતિના છે. એમાં કાંઈ કર્મભેદ નથી. કોની અપેક્ષાએ જુએ છે અહીંયાં? એક ત્રીજી અપેક્ષા બતાવી છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એ જ માત્ર ઉપાદેય છે એવી અહીંયાં એક નવી અપેક્ષા ખોલવી છે. અનાદિથી પાપમાં અધર્મ છે અને પુણ્યમાં ધર્મ છે એવી જે પદ્ધતિ લોકપદ્ધતિ છે, જગતની પદ્ધતિ છે એ પદ્ધતિથી છોડાવવો છે. એટલે 'પ્રવચનસાર'માં છઠ્ઠા ગુણસ્થાને પ્રવર્તતા જે શુભપરિણામ, મુનિયોગ્ય શુભાચરણ, એને જગપંથ કહેવામાં આવ્યો છે. 'ગુરુદેવશ્રી' પ્રવચનમાં આ વાત ખાસ વારંવાર (કહેતા). સામાન્ય જીવોની વાત તો એક બાજુ રહો, પણ જે ભાવલિંગી મુનિ છે, જેને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન યોગ્ય શુદ્ધ નિર્મળ દશા પ્રવર્તે છે, પ્રચુર સ્વસંવેદનમાં જે બિરાજમાન છે, એવા મુનિરાજ પણ જે કાંઈ શુભાચરણમાં આવે છે, પંચ મહાવ્રત, ઈર્યા સમિતિ, એષણા સમિતિ, ભાષા સમિતિ, પાંચ સમિતિ, ગુપ્તિ, એ બધા પરિણામને જગપંથ કહેવામાં આવ્યો છે. જગત એ પંથે ચાલી શકે છે, દ્રવ્યલિંગી પણ એવા પરિણામ કરી શકે છે, અભવ્ય જીવને પણ એવા પરિણામ હોઈ શકે છે. એ તો જગપંથ છે. એ કાંઈ મોક્ષમોર્ગનો અલૌકિક પંથ નથી, એ કોઈ પારમાર્થિક પંથ નથી, પણ જગપંથ છે.

'**તે બન્ને એક જ વિકારભાવના ભેદ છે.**' કહેનારને ભેદનો ખ્યાલ છે, પણ કષાયના જ બે તફાવતવાળા ભાવ છે, કષાય જ ભેદ છે. કષાયની તીવ્રતા અને કષાયની મંદતા. એ બન્ને કષાયના ભેદ છે. બન્નેમાં કષાયનો સદ્ભાવ છે, ક્યાંય કષાયનો અભાવ નથી. બન્નેમાં કષાયનો સદ્ભાવ છે. જાતિ અપેક્ષાએ તો વિકાર જાતિ તો એક જ છે, કષાય જાતિ તો એક જ છે. એક જ જાતના પરિણામ છે. એ પરિણામ જાતિભેદ થયા નથી. '**એ બન્ને વિકારરૂપે અભેદ છે.**' હવે ભાવ ઉપર આવી ગયા. અચેતન છે એમ કહીને ત્યાં સુધી પૌદ્ગલિક પુણ્ય-પાપ લીધા હતા, કર્મના પરમાણુ લીધા હતા. જીવના ચિત્વિકારમાં પણ પુણ્ય-પાપ ઊપજે છે, જીવના પરિણામની અંદર પણ ચિત્વિકારમાં પુણ્ય અને પાપ એવા બે પ્રકારના ભાવ ઊપજે છે. તે બન્ને એક જ વિકારભાવના ભેદ છે. એમાં કોઈ બે જાતિ નથી. ... તીવ્ર-મંદતાની અપેક્ષાએ ભેદ જોવામાં આવે છે. પરંતુ '**વિકારજાતિ એક જ છે, એ બન્ને વિકારરૂપે અભેદ છે.**' વિકારરૂપે તો એમાં કાંઈ ભેદ નથી. જેમ કર્મરૂપે પુદ્ગલ પરમાણુમાં ભેદ નથી, તેમ વિકારની જાતિ રૂપે બન્ને એક જ જાતિના, અભેદ

જાતિના છે. '**આકુળતારૂપ છે.**' બન્નેમાં દુઃખ છે. પાપના પરિણામમાં તીવ્ર દુઃખ છે, પુણ્યના પરિણામમાં દુઃખનો પારો થોડો નીચો આવે છે, કષાય મંદ હોવાથી મંદ પરિણામે દુઃખ થાય છે, પણ છે આકુળતા અને દુઃખ. પછી એ શુભપરિણામ ચાહે પોતાના સ્વરૂપ સંબંધિત હો, સ્વભાવનો વિકલ્પ સુદ્ધાં, આત્મસ્વરૂપના ચિંતવનનો વિકલ્પ સુદ્ધાં આકુળતારૂપ અને દુઃખરૂપ છે. ત્યાં સુધી એની જાતિ લઈ લેવી.

પરપદાર્થ આશ્રિત સમસ્ત શુભ પરિણામ તો સ્થુળ વિકલ્પરૂપ, દુઃખરૂપ છે જ, પણ આત્માના અનાકુળ સ્વભાવનો વિકલ્પ થાય તે વિકલ્પમાં પણ દુઃખ છે. અનાકુળ સ્વભાવના વિકલ્પમાં દુઃખ છે. અનાકુળ સ્વભાવમાં દુઃખ નથી, પણ એના વિકલ્પમાં દુઃખ છે. અથવા આકુળતારૂપ વિકલ્પ દ્વારા અનાકુળ સ્વભાવ સાધ્ય થતો નથી. એને પહોંચાતું નથી, એનો વિષય નથી થઈ શકતો. વિકલ્પથી, આકુળતાથી નિરાકુળતાનો વિષય નથી થતો.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ છૂટી જવો જોઈએ. જે આત્મા છે એ નિર્વિકલ્પ છે. અનાકુળસ્વભાવી આત્મા, જ્ઞાનસ્વભાવી આત્મા, આનંદસ્વભાવી આત્મા સ્વભાવથી અને સ્વરૂપથી નિર્વિકલ્પ છે. નિર્વિકલ્પ સ્વરૂપને વિકલ્પ શોભા નથી દેતો. નિર્વિકલ્પ સ્વરૂપ છે એને વિકલ્પ શોભા નથી દેતો. કોઈ વૈરાગી માણસ હોય એને શ્રૃંગારિક વસ્ત્ર, આભુષણ આપે, એ શોભે? અને વૈરાગ્યના પ્રસંગે લાવવામાં આવે છે? એનો ત્યાં ઉપયોગ થતો નથી.

એમ વીતરાગસ્વરૂપી પરિપૂર્ણ વીતરાગસ્વરૂપી આત્મા પૂર્ણ વીતરાગસ્વરૂપ છે. એવા આત્માને વિષે, એને વિકલ્પના વસ્ત્રો નથી શોભતા. એને વિકલ્પના આભુષણ નથી શોભતા. 'સમયસાર'માં એવો શ્લોક આવે છે, શોભા પામતા નથી. આવા ભાવો, પુણ્ય-પાપના ભાવો આ સ્વરૂપને વિષે શોભા પામતા નથી. નિર્વિકલ્પ સ્વરૂપથી દૂર જવાય છે, ભાવમાં નિર્વિકલ્પ સ્વરૂપથી દૂર જવાય છે ત્યારે વિકલ્પ ઉત્પન્ન થાય છે. નિર્વિકલ્પ સ્વરૂપની સમીપે જતાં વિકલ્પનો અભાવ થાય છે, વિકલ્પનો નાશ થાય છે. એટલે દૂર જવામાં અભિપ્રાય કેવી રીતે સંમત થાય કે ના, આ બરાબર છે, વિકલ્પ બરાબર છે, વિકલ્પ બરાબર છે. એમ તો કાંઈ સંમત કરવા જેવું નથી. કેમકે એ તો દૂર જનારા પરિણામ છે.

લોકો તો સ્થુળ પુણ્ય પરિણામમાં ધર્મ માને છે. અહીંયાં તો કહે છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ શુભ પરિણામનો કણ છે, રાગનો કણ છે એનાથી જુદા પોતાના સ્વરૂપનો અનુભવ કરવાનો છે. પોતાનું સ્વરૂપ એનાથી ભિન્ન છે, જુદું છું એવા સ્વરૂપનો અંદર

અનુભવ કરવાનો છે. અનાદિથી રાગનો આધાર લઈને તું જે પરિણમે છો અને તેને લઈને તને વિકલ્પમયપણું, રાગમયપણું છે એવું જે પોતાનું હોવાપણું તન્મયપણું, રાગથી તન્મયપણે અનુભવગોચર થાય છે એ પરિસ્થિતિ ઊલટી છે, વિપરીત સ્થિતિ છે. એ વિપરીત સ્થિતિને તોડીને, રાગથી ભિન્ન થઈને સ્વભાવના આધારે, રાગનો આધાર છોડીને સ્વભાવના આધારે પરિણમન થાય એ શુદ્ધ પરિણમન છે. એ જીવનું સાચું પરિણમન છે. એ પોતાની જાતની સાથે મેળ ખાતું પરિણમન છે. સજાતિય પરિણમન છે. અને આ શુભ અને અશુભરૂપ જાતિના પરિણામ એ વિજાતિય પરિણમન છે, સજાતિય પરિણમન નથી. જીવના વિકારી પરિણામ હોવાથી તે વિજાતિય પરિણમન છે.

તે '**આકુળતારૂપ છે, સંસારરૂપ છે,...**' સંસારરૂપ છે એ જ જગપંથ છે. '**ખેદરૂપ છે, ઔપાધિક છે...**' ખેદ છે એની અંદર દુઃખ છે, ઉપાધિ છે, ઔપાધિક છે. '**અને બન્ને કર્મબંધના નિમિત્ત છે.**' બન્નેથી કર્મબંધ થાય છે. તત્ત્વદૃષ્ટિએ જે પરિણામ બંધજાતિના છે એ પરિણામ મોક્ષજાતિના નથી. આમ પરસ્પર વિરૂદ્ધતા છે. કોઈ એમ વિચારે કે અમારે અશુભભાવ કરવો જ નથી અને એકલા શુભપરિણામમાં રહીએ તો પછી કાંઈ વાંધો નહિ ને? એ બની શકશે નહિ. એવું બનવું સંભવિત નથી. કષાય પોતે એવા સ્વભાવે છે, કષાયની જાત છે એ એવા સ્વભાવવાળી છે કે એમાં તીવ્રતા અને મંદતા થાય જ કરે. તીવ્રતા પણ જળવાઈ ન રહે અને મંદતા પણ જળવાઈ ન રહે. તીવ્રમાંથી મંદ થાય, મંદમાંથી તીવ્ર થાય. સ્વયં જ થાય છે, આપોઆપ થાય છે. એકધારા કોઈ પરિણામ રહે, મંદ ને મંદ જ પરિણામ રહે, તીવ્ર ને તીવ્ર જ પરિણામ રહે એવું કદી બનતું નથી. એટલે મંદ કષાયવાળો તીવ્ર કષાયમાં આવી જાય છે, આપોઆપ આવી જાય છે. ભલે એ ચાહે કે ન ચાહે. એના કષાયની તીવ્રતા ઉપર એનો Control રહી શકતો નથી.

'**સંસારરૂપ છે, ખેદરૂપ છે, ઔપાધિક છે.**' એમાં ઉપાધિભાવ બોજો છે. જીવના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ નિરૂપાધિક છે, બોજા વગરના છે. માત્ર જાણવું એમાં બોજો નથી. પણ માત્ર જાણનાર સ્વભાવ એવો કાંઈક કરવાની ઉપાધિ થાય એમાં બોજો છે. કાર્યભાર જેને કહેવામાં આવે છે. શું કહેવામાં આવે છે? આમને ઘણો કાર્યભાર છે. એટલે ઘણા કામ કરવાની ઉપાધિ છે. એ ઉપાધિની અંદર બોજો આવે છે. એ સ્વરૂપને અનુકૂળ નથી. સ્વકાર્યથી એ વિરૂદ્ધ છે. અને બન્ને કર્મબંધના નિમિત્ત છે. તેનાથી નવા કર્મ બંધાય છે. પુણ્ય પરિણામથી પુણ્યની પ્રકૃતિ, પાપના પરિણામથી, એના નિમિત્તે પાપની અશુભ પ્રકૃતિના બંધ થાય છે. એના નિમિત્તે મોક્ષ થતો નથી.

પુણ્ય કરતાં કરતાં કોઈનો મોક્ષ થાય, શુભ કરતાં કરતાં કોઈનો મોક્ષ થાય એવું ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. એ બંધના જ નિમિત્ત છે. એ મોક્ષના નિમિત્ત નથી.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વાધ્યાયથી શુભબંધ થાય છે એ સમજવા સ્વાધ્યાય કરવાનો છે. સ્વાધ્યાય શું કરવા? શા માટે? શુભપરિણામથી પણ બંધ થાય છે.

'સોગાનીજી'એ કહ્યું, સાંભળવું, નહિ સાંભળવા માટે. સાંભળવું શા માટે? સાંભળવાના ધ્યેયથી સાંભળવું છે? કે એક વાર મારું સાંભળવાનું પણ બંધ થઈ જાય, એવા ધ્યેયથી સાંભળવું? એ રીતે વાત છે. શું સમજવું? આત્માનું સ્વરૂપ સમજવું છે. સમજવાના તબક્કામાં ભલે સ્વાધ્યાય આદિ વિચારણા હોય છે. 'નયચક્ર'નો શ્લોક છે ને? યુક્તિ મગ્ગેણ. અન્વેષ કાળે.. તત્ત્વના અન્વેષણ કાળે યુક્તમાર્ગથી જ્યારે વિચારની સ્થિતિ હોય છે ત્યારે વિકલ્પ ચાલે છે. ... આરાધના સમયે નથી એ વાત. બે જુદાં જુદાં તબક્કાના કાર્ય છે. જ્યારે નિર્ણય કરવો છે ત્યારે એને ભેદ-પ્રભેદથી, વિચારથી સ્વરૂપનો નિર્ણય કરવામાં આવે. પણ એ સ્વરૂપ સમજાયા પછી, લક્ષગત થયા પછી એ સ્વરૂપમાં સ્થિર થવા માટે, આરાધન થવા માટે એ શુભભાવની, વિકલ્પની જરૂરિયાત નથી.

હવે પ્રશ્ન એ થવા યોગ્ય છે કે ત્યાં સુધી વિકલ્પ કામના તો ખરા ને? વિકલ્પના આધારે નિર્ણય કર્યો છે એ રીતે વિકલ્પ કામના કર્યા છે ત્યાં સુધી તારો નિર્ણય પણ સાચો નથી. પણ વિકલ્પમયપણું અનુભવમાં હોવાથી પોતાને વિકલ્પમયપણું અનુભવમાં છે. જાણે હું વિકલ્પમય થઈ ગયો છું. એકલો વિકલ્પ સિવાયનું કાંઈ દેખાતું નથી. કેમકે દૃષ્ટિ વિકલ્પ ઉપર છે. એટલે એની હયાતી એને વિકલ્પમાં જણાય છે. એને એમ કહે છે કે વિકલ્પની બાજુમાં તારું જ્ઞાન છે અને એમાં જ્ઞાનસ્વભાવ છે. એના આધારે નિર્ણય કર. વિકલ્પથી જુદો પડીને. અથવા વિકલ્પને જુદો રાખીને, વિકલ્પને દૂર રાખીને તારા સ્વભાવનો અને સ્વરૂપનો નિર્ણય જ્ઞાનથી કર, વિકલ્પથી નહિ. જ્ઞાનના આધારે જ્ઞાનનો નિર્ણય કર અને વિકલ્પનો આધાર છોડ. નિર્ણયમાં પણ એ પરિસ્થિતિ છે. પણ તે કાળે નિર્વિકલ્પ દશા નહિ હોવાથી અને સવિકલ્પ દશા અનિવાર્ય હોવાથી વિકલ્પ હોય છે. વિકલ્પ હોય છે માટે વિકલ્પ કામની ચીજ છે એમ તું કાં લઈ લે છો? કામની હોત તો એને દૂર શા માટે કરત? સાથે ને સાથે રાખી પણ એ કામની ચીજ નહોતી માટે એને દૂર કરી. નકામી હતી એટલે એને છોડી દીધી. એમ વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે વિકલ્પ હોય છે. પણ એ અનિવાર્યપણે હોય છે, એમ કહેવું છે. ત્યાં વિકલ્પની સ્થિતિ અનિવાર્ય છે. પણ વિકલ્પની મદદથી કામ લેવું છે એમ નથી. વિકલ્પના આધારથી ત્યાં કામ લેવું છે એમ નથી. ત્યાં ને ત્યાં બીજી વાત લઈએ કે જે જીવને સવિકલ્પ અવસ્થામાં પોતાના નિજ સ્વરૂપનો યથાર્થ નિર્ણય થયો ત્યારે એને પોતાના અનંત મહિમાવંત સ્વરૂપનો મહિમા ઉપજે. આ એનું ખાસ લક્ષણ છે. નિર્ણય થયાનું ખાસ લક્ષણ છે કે સ્વરૂપ અનંત સામર્થ્ય અને અનંત મહિમાવંત હોવાથી એ પોતાના સામર્થ્યનો મહિમા ઊપજ્યા વિના રહે નહિ. .... એટલે સ્વરૂપ જ્ઞાનમાં અવભાસ્યું છે તેથી નિર્ણય થાય છે, તેથી મહિમા આવે છે. હવે એ મહિમા આવતાં વિકલ્પ પણ એ અનુસાર ચાલે છે. એટલે સ્વરૂપના મહિમાયુક્ત વિકલ્પ ચાલે છે. હું સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ છું એવો વિકલ્પ ચાલે છે. હું જ્ઞાન... છું એવો જ વિકલ્પ ચાલે છે. જ્ઞાન અને વિકલ્પના મેળવાળા પરિણામ થાય છે. બન્નેના મેળવાળા પરિણામ હોવા છતાં જ્ઞાન સ્વરૂપ મહિમામાં આગળ વધે છે અને એ એટલું સ્વરૂપ મહિમામાં આગળ વધે છે કે એકવાર જ્ઞાન લીન થઈ જાય છે. પોતાના મહિમાવંત સ્વરૂપમાં જ્ઞાન લીન થાય છે. ત્યારે એને શુદ્ધોપયોગ થયો એમ કહેવામાં આવે છે. એ જ્ઞાન આગળ વધી ગયું. મહિમામાં આગળ વધતું.. વધતું.. વધતું.. વધતું લીન થઈ ગયું. અને વિકલ્પનું શું થયું? કે વિકલ્પ જે સ્થુળ હતો એ સૂક્ષ્મ થતો થતો, ઘસાતો ઘસાતો, ક્ષીણ થતો, થતો ભલે એ વિકલ્પ સ્વરૂપનો મહિમા કરતો હતો તોપણ એ વિકલ્પ છૂટી ગયો. બન્નેની એક પરિસ્થિતિ ન થઈ.

જ્યારે સ્વરૂપનિર્ણય થયો ત્યારે બન્ને હતા. જ્ઞાનનું પરિણમન હતું, જેમાં સ્વરૂપનો પ્રતિભાસ હતો. રાગનું પરિણમન હતું કે જેમાં રાગ વિકલ્પરૂપ થઈને સ્વરૂપનો મહિમા કરવા લાગ્યો. મારામાં અનંત સામર્થ્ય છે, અનંત જ્ઞાનનો ભંડાર હું છું, અનંત આનંદસ્વરૂપ હું છું, સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ હું છું. અચલિત સ્વભાવ સ્વરૂપ છું. મારા સ્વભાવને વિષે કોઈ ચલાયમાનપણું નથી. એવો વિકલ્પ ચાલે છે તોપણ એ વિકલ્પ વધતો નથી, વિકલ્પમાં વૃદ્ધિગતપણું થતું નથી, જ્ઞાનમાં વૃદ્ધિગતપણું થાય છે, વિકલ્પમાં વૃદ્ધિગતપણું નથી થતું. એ શું સૂચવે છે? એ એમ બતાવે છે કે રાગ છે એ ત્યાગ કરવાયોગ્ય અને છોડવા યોગ્ય છે. ભલે તે રાગની સર્વ કક્ષા અને બધી કોટિના રાગમાં ઊંચામાં ઊંચી કોટિનો રાગ હોવા છતાં તે રાગનો પણ ત્યાગ કરીને અનુભવ કરવામાં આવે છે.

આમ તો લોકો રાગના પરિણામને જ મહિમા સમજે છે. પણ ખરેખર તો સ્વરૂપ જ્ઞાનમાં ભાસ્યું છે અને જ્ઞાનમાં જીવનું જેટલું સ્વરૂપ છે એટલું બરાબર નિશ્ચિત

થયું છે, ચોક્કસ થયું છે ત્યારે જ્ઞાન એના પ્રત્યે આકર્ષિત થાય છે. એ જ્ઞાનને મહિમા ઊપજ્યો છે. સ્વરૂપનું અંતર આકર્ષણ થવું એ જ્ઞાનના મહિમાનું સૂચક છે. પણ બાહ્ય દૃષ્ટિએ રાગ જોવાય છે. જ્ઞાન તો અંતરંગ પરિણમન છે, રાગ છે એ બહિરંગ પરિણમન છે. પરિણમનના બે અંગ લઈએ તો એ બહારનું અંગ છે. તેથી રાગથી સમજાવવામાં આવે છે અને રાગ સમજાય છે કે મહિમા આવ્યો, મહિમા આવ્યો, મહિમા આવ્યો. પણ મહિમા આવ્યો એટલે શું થયું? શેમાં મહિમા આવ્યો? જ્ઞાનમાં કે રાગમાં? આ ... નહિતર મહિમાને એકાંતે રાગના પરિણામ સમજવામાં આવે છે. એ ખરેખર મહિમામાં શું થયું એની એને ખબર નથી.

એટલે એ દલીલ અહીંયાં ટકતી નથી અથવા એવી દલીલ કરવા યોગ્ય નથી કે નિર્ણય કાળે તો વિકલ્પ અને રાગ છે ને? અને ત્યારે તો એ કામના છે કે નહિ? એ કામમાં આવે છે. ત્યાં સુધી તો કામમાં આવ્યા. શાસ્ત્રમાં દૃષ્ટાંત પણ એવું આવે કે જેમ કોઈ મહેલમાં જવું હોય ત્યારે બહારથી રાજા છે એ પોતાના મહેલમાં આવવા માટે પોતાની ઘોડાગાડી કે મોટર કે એવા કોઈ વાહનમાં મહેલના આંગણા સુધી આવે. પછી એમાંથી ઊતરીને મહેલમાં જાય છે. એમ ને એમ ઘોડાગાડી (સાથે) જાય? એને ઉતારીને ચાલી જાય.

એમ વિકલ્પ અત્યાર સુધી તારી સાથે ચાલ્યો. નિર્ણય કર્યો ત્યાં સુધી તું વિકલ્પની સાથે સાથે ચાલ્યો. હવે સ્વરૂપ મહેલમાં નિવાસ કરવા માટે વિકલ્પ છોડીને, વિકલ્પથી ઊતરીને તારે અંદર પ્રવેશ કરવાનો છે. તો વળી પાછી દૃષ્ટિ એ છે, વિકલ્પની મદદ લેવાની ત્યાં સુધી તો વિકલ્પનું સાધન થયું ને? આંગણા સુધી આવ્યો કે ન આવ્યો? વિકલ્પની ગાડીમાં બેસીને આંગણા સુધી આવ્યો કે ન આવ્યો? એટલું તો વાહન ખરું કે નહિ? ભાઈ! એ તો દૃષ્ટાંત ... કે આંગણા સુધી આવે ત્યાં સુધી વિકલ્પ હોય છે. એટલું બતાવવા માટે છે. પણ એના ઉપર બેસવા માટે, એના ઉપર આરોહણ કરવા માટે, એને વાહન બનાવવા માટે વિકલ્પની જરૂર... સ્વરૂપના અવભાસનમાં એ વાત નિશ્ચિત થાય છે, સ્વરૂપ નિશ્ચિત થાય છે ત્યારે જ એ વાત નિશ્ચિત થાય છે કે અનાદિનો વિકલ્પનો આધાર છે અને વિકલ્પના આધારની બુદ્ધિ છે-અભિપ્રાય છે, તે આધારબુદ્ધિ અને વિકલ્પનો આધાર છોડી બન્ને છોડી દેવાના છે. એ નિશ્ચય પણ સાથે સાથે જ થાય છે. એટલે એને વિકલ્પને લઈને હું આગળ વધ્યો, વિકલ્પને લઈને હું આગળ વધ્યો એ વાત એને રહેતી નથી. એ વાત ..

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- ભલે છોડતો નથી પણ હવે આ વિકલ્પની સામું જોતો નથી,

વિકલ્પની કદર કરતો નથી, વિકલ્પને ટેકો દેતો નથી. એટલે હવે એ વિકલ્પ ક્યાં સુધી રહેશે બિચારો?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને તો છૂટવું છે. પણ વિકલ્પ ક્યાં સુધી છે? કે પોતાનો પુરુષાર્થ મંદ છે ત્યાં સુધી વિકલ્પ છે. પુરુષાર્થની ઉત્પત્તિ થઈ જાય છે પણ એ પરિપક્વ દશાને પુરુષાર્થ પ્રાપ્ત નથી કરતો ત્યાં સુધી વિકલ્પનો સદ્‌ભાવ રહ્યા કરે છે. પણ એનો આદર નથી, એની કિંમત નથી, એનો આધાર નથી. જેનો આદર ન કરવામાં આવે અને જેનો અનાદર કરવામાં આવે એ પછી વારંવાર આવે નહિ. આપણી વચ્ચે સંબંધ હોય, તમે હંમેશા આવતા હો પણ તમારો આદર સત્કાર બંધ થઈ જાય ... અનાદર થાય છે. છોડી દો આપણે એને. એમ બને છે.

'**બન્ને કર્મબંધના નિમિત્ત છે, બન્ને પોતે એકબંધરૂપ છે.**' પોતે એક જ જાતિના બંધરૂપ છે. બંધની જાતિ એક છે. પ્રકૃતિમાં ભેદ હોવા છતાં બંધની જાતિમાં ભેદ નથી. બંધ એટલે બંધ જ છે. એમાં મોક્ષપણું નથી. બંધમાં મોક્ષપણું નથી, મોક્ષમાં બંધપણું જરાપણ નથી. '**પોતે એકબંધરૂપ છે, તેનાથી મોક્ષ કેવી રીતે થાય?**' જે પોતે સ્વયં બંધરૂપ છે તેનાથી મોક્ષ કેવી રીતે થાય? આ સીધો પ્રશ્ન છે. લોકો એમ કહે કે અમે શુભ કરતાં કરતાં આગળ વધશું. પણ જેનાથી બંધ થાય છે તેનાથી મોક્ષ કેવી રીતે થાય? આ સીધી વાત છે. પુણ્ય તો બંધાય છે એ તો પ્રસિદ્ધ વાત છે કે નહિ? જેનાથી બંધન થાય એનાથી જ મોક્ષ થાય એ કેમ બને? એ કોઈ રીતે બની શકવા યોગ્ય નથી.

આ સિદ્ધાંત છે કે '**જે આ બન્નેથી મોક્ષ થવાની પ્રતીતિ રાખે છે, તે અજ્ઞાની છે.**' બહુ મુદ્દાની વાત કરી દીધી. જે કોઈ જીવો બન્નેથી મોક્ષ થવાની પ્રતીતિ રાખે છે. બન્નેથી એટલે? પુણ્યથી કે પાપથી કોઈપણ ભાવથી મોક્ષ થવાની પ્રતીતિ રાખે છે, આનાથી લાભ થયો, મોક્ષ થાય, કલ્યાણ થાય, આત્માનું હિત થાય, કલ્યાણ થાય, કાંઈક તો લાભ થાય એ અજ્ઞાની છે.

મુમુક્ષુ :- પરંપરા મોક્ષ કહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરંપરા મોક્ષ કહ્યો છે એટલે અમુક કાળ સુધી હોય છે એમ બતાવવું છે. એનાથી મોક્ષ થાય છે એમ નથી. તત્ત્વદૃષ્ટિએ તો જે મોક્ષના પરિણામ છે એ બંધના પરિણામ નથી, બંધના પરિણામ છે તે મોક્ષના પરિણામ નથી. બંધતત્ત્વ અને મોક્ષતત્ત્વ બન્ને વિરુદ્ધ તત્ત્વ છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ જીવ એવા છે કે પાપના પરિણામ કરતાં પણ હિત થાય છે, ભલું થાય છે એવું માને છે. એટલે કેટલીક પાપક્રિયાઓ પણ કોઈ કોઈ સંપ્રદાયની અંદર છે. ધર્મની અંદર પાપક્રિયા છે.

મુમુક્ષુ :- ઘોડાનો હોમ કરીએ...

પૂજ્ય ભાઈશ્રી :- અશ્વનો, બકરાનો બલિ કરે જ છે ને. હજી પણ હિન્દુસ્તાનમાં બકરાનો બલિ ચાલે છે. આ યજ્ઞ યાગાદિ કરે છે. એમાં હોમે છે ને? તલ હોમે, જવ હોમે ને ફલાણું હોમે ને આ હોમે ને ઘી હોમે. એ બધાં પાપના પરિણામ છે, એક્કેય પુણ્યના પરિણામ નથી. એને એ તો આવી જ જાય. જ્યાં પુણ્યથી ધર્મ માન્યો છે ત્યાં આગળ જતાં એ પાપથી ધર્મ માનવાનો જ છે. એ એનાથી બની જ જવાનું છે. ક્યારે ને ક્યારે બની જ જવાનું.

બીજી રીતે વાત લઈએ કે જે દેવ-ગુરુ-શાસ્ત્ર સરાગી સ્વીકારે છે, વીતરાગી નથી સ્વીકારતા. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રને નથી સ્વીકારતા. સરાગી દેવ-ગુરુ-શાસ્ત્રને સ્વીકારે છે અને વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રનો અવર્ણવાદ કરે છે, વિરોધ કરે છે, વિરાધના કરે છે એ ધર્મ માનીને જ કરે છે ને? શું સમજીને કરે છે? એ પાપના પરિણામ છે કે પુણ્યના પરિણામ છે? પાપના પરિણામ છે. છતાં એનાથી પણ હિત થાય છે, કલ્યાણ થાય છે એમ માનવામાં આવે છે.

જે માત્ર પરંપરા ચલાવવા માટે ધર્મપ્રવૃત્તિ કરે છે, 'ટોડરમલજી'એ આ વાત લીધી છે, માત્ર પરંપરાના લક્ષે જે ધર્મપ્રવૃત્તિ કરે છે તે ક્યારે પાપપ્રવૃત્તિમાં આવે છે એની એને ખબર પડતી નથી. કેમકે એણે પોતાની પરંપરા નક્કી કરી છે. હવે સાચી પરંપરા અને ખોટી પરંપરા, એ પરંપરા તો અનાદિથી ચાલે છે. એણે જે નક્કી કરી છે એ પરંપરા સાચી. એમાં જરાક ફેરફાર થાય તો એ પરંપરાના નિષેધ અર્થે પાપના પરિણામ પણ આવી જાય. અને એને એ કલ્યાણનું કારણ માને છે કે આ કરવા યોગ્ય છે, આ કર્તવ્ય છે, આ ધર્મ છે, આ ફરજ છે, આ કરવું જ જોઈએ. આવે છે કે નહિ? થઈ જ જાય.

એટલે બન્નેથી બંધ છે, એમાં કોઈ એકથી મોક્ષ છે એવી તૈયારી, પ્રતીતિ રાખે, પહેલાં તો પ્રતીતિની વાત છે, એની માન્યતાની વાત પહેલા છે કે તારી માન્યતા ફેરવ. પુણ્ય-પાપના પરિણામ હજી જલ્દી બંધ નહિ થાય, એ તો પરિપૂર્ણ શુદ્ધ મોક્ષદશા થશે ત્યારે પુણ્ય-પાપના પરિણામ થશે. પાપના પરિણામ તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને આવતા બંધ થાય છે. પણ પુણ્ય પરિણામ તો, શુભ પરિણામ તો જ્યાં સુધી પૂર્ણ શુદ્ધતા નથી થતી ત્યાં સુધી અબુદ્ધિપૂર્વકના પણ છેવટ રહી જાય છે.

બુદ્ધિપૂર્વકના છઠ્ઠા ગુણસ્થાન સુધી છે અને સાતમાથી ઉપરના ગુણસ્થાન સુધી અબુદ્ધિપૂર્વકના શુભપરિણામનો બંધ છે ત્યાં. છતાં પહેલી માન્યતા તો એ ફરવી જોઈએ કે આ બન્ને બંધતત્ત્વમાં જાય છે, મોક્ષતત્ત્વમાં એકપણ નથી. આ વાત તો માન્યતામાં પહેલાં માનવી જોઈએ. તો પછી આગળ ગુણસ્થાનનો સવાલ ઊભો થાય છે કે ક્યાં સુધી મટે, ક્યાં સુધી રહે, કેટલી હદે રહે, કેવા રહે, કોણ રહે, કોણ ન રહે. એ વાત પછી ઊભી થાય છે.

'**જે આ બન્નેથી મોક્ષ થવાની પ્રતીતિ રાખે છે, તે અજ્ઞાની છે.**' આમ સીધું કોઈ ન કહે કે પાપથી મોક્ષ થાય. એમ સીધું કોઈ ન કહે. પણ પુણ્યથી મોક્ષ થાય એને કોઈને કોઈ પ્રકારના પાપના પરિણામ પણ આત્માને હિતકર, સુખકર, લાભના કરનારા અને કલ્યાણના કરનારા છે એવું આવી જતા વાર લાગતી નથી. એ એની માન્યતાને સૂચવે છે કે એણે બન્નેથી મોક્ષને માન્યો છે. '**જે આ બન્નેથી મોક્ષ થવાની...**' આ બહુ જોરદાર સિદ્ધાંત છે. '**પ્રતીતિ રાખે છે, તે અજ્ઞાની છે.**' તેને મોક્ષમાર્ગનું જ્ઞાન નથી, કેમ છૂટવું એનું તેને જ્ઞાન નથી. તેથી તે અજ્ઞાની છે. કહે છે કે જે પોતે બંધરૂપ છે તેનાથી મોક્ષ કેવી રીતે થાય? જે સ્વયં પોતે બંધસ્વરૂપે જ છે તેનાથી ને તેનાથી મોક્ષ કેવી રીતે થાય? બંધથી મોક્ષ થાય એ વાત તો કોઈ રીતે સામાન્ય બુદ્ધિથી પણ સંમત થાય એવું નથી. અથવા તેનાથી મોક્ષ ક્યારેય ન થાય.

એટલે અહીંયાં તો મુમુક્ષુની ભૂમિકામાં એ સમજવાનું છે કે કોઈપણ પરિણામ શુભ પરિણામ આવ્યા એટલે સારા આવ્યા અને ઠીક થયું ને બહુ સારા ભાવ થયા, એમ કાંઈ એમાં ચડી જવા જેવું નથી. જ્યાં સુધી પોતાને સ્વાનુભૂતિ ન થાય, ત્યાં સુધી એ પહેલાના જેટલા કોઈ પરિણામ છે એમાં શુભની પ્રધાનતા હોવાથી એને ખટકવું જોઈએ, ઠીક થયું એમ આવવાને બદલે એને ખટકવું જોઈએ, એમ થવું જોઈએ કે ખટકવું જોઈએ કે હજી મારે જે જોઈએ છે એ મને મળતું નથી. એટલે મારી મહેનત હજી સફળ થતી નથી. મારો પુરુષાર્થ હજી સફળ થતો નથી. આમ એને અંદરમાં ખટક આવવી જોઈએ. એવી પરિસ્થિતિમાં હોય તો એ ભૂલે નહિ અને નહિતર એને ક્યાંક ને ક્યાંક વિશેષતા લાગી જાય કે આ મને બહુ સારા ભાવ થયા. આજે ભક્તિના ભાવ સારા થયા, આજે સ્વાધ્યાયમાં ભાવ સારા થયા, આજે ફલાણાં પરિણામ-વિચારના પરિણામ બહુ સારા થયા, વાંચન વખતે બહુ સારા પરિણામ થયા. એમ ક્યાંક ને ક્યાંક એને થોડામાં ઘણાનું, થોડું છે એમાં ઘણું થયું એવું એને લાગ્યા વિના રહેતું નથી.

માણસ કહે છે ને? અધૂરો છલકાય. ઘડો અધૂરો હોય તો છલકાય. ભરેલો

ઘડો એટલો છલકાતો નથી. એમાં વૈજ્ઞાન કેવું છે! નહિતર ભરેલા ઘડામાં તો પાણીનું Level ઉપર છે અને એ છલકવો જોઈતો હતો. પણ એ દળમાં એવું વજન રહે છે, એવી કોઈ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે કે એ પાણી હલતું નથી. હલવાની એને જગ્યા નથી. પણ અધૂરો ઘડો લઈને કોઈ ચાલે છે તો પાણીનું એનું તળિયું અડધે નીચે છે પણ ઝાલક બહાર જાય છે. છલકાયને પાણી બહાર આવી જાય છે. એવી સ્થિતિ જોઈને એમ કહે છે કે અધકચરો માણસ છે, અધૂરા વિચારવાળો છે, પૂરી સમજણ નથી જેને એને થોડાક પરિણામ કાંઈક ઠીક થાય તો એને એમ લાગે છે કે મેં બહુ કર્યું, મેં બહુ કર્યું. મને બહુ સારા ભાવ થયા, મને બહુ સારા ભાવ આવે છે. તો એ અધૂરો છલકાય છે.

મુમુક્ષુ :- આવા પરિણામમાં દુઃખ છે એ અનિષ્ટ છે, ઘાતક છે...

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એ વિજાતિય પરિણામ છે. મોક્ષની જાતિથી વિરૂદ્ધ બંધની જાતિના પરિણામ, મોક્ષના પરિણામના ઘાતક છે. બન્ને વિજાતિય છે એટલે એકબીજાના ધ્વંસક છે. વિરૂદ્ધ જાતિના છે. જેનું બળ વધે તે સામી જાતિના પરિણામને ઉત્પન્ન ન થવા દે. જો વિભાવજાતિનું બળ વધે તો સ્વભાવજાતિના પરિણામ ઉત્પન્ન ન થાય. જો સ્વભાવજાતિના પરિણામનું બળ વધે તો વિભાવજાતિના પરિણામ ઉત્પન્ન ન થાય. હવે એણે પસંદગી કરવાની છે કે આ બેમાં જેનું બળ વધે એ સામાને મારે છે. (તું) પસંદગી કર કે અકષાય પરિણામ જોઈએ? એનું બળ જોઈએ? પ્રબળ કષાય અભાવ. 'આનંદઘનજી'એ ગાયું છે ને? ... પ્રબળ કષાય અભાવ. ધર્મ તો કેવો છે? પ્રબળ કષાયના અભાવસ્વરૂપ છે. એના બદલે સકષાય પરિણામને, કષાયના બળવાનપણાને એ સ્વીકારે છે. એ ઊંધે રસ્તે જાય છે. પહેલેથી એની માન્યતામાં ફેર છે. જેની માન્યતા વિપરીત છે એના જ્ઞાન, આચરણમાં કાંઈ વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

'**જીવની એક નિજજાતિરૂપ ચેતના,...**' શું કહે છે? જીવની જાતિ તો એકમાત્ર ચેતના જાતિ છે તે જ જીવજાતિ છે. '**તે (ચેતનાનો) સ્વભાવ પ્રગટ થતાં મોક્ષ છે.**' નિજજાતિસ્વરૂપ, ચેતનાજાતિસ્વરૂપ સ્વભાવ પરિપૂર્ણ પ્રગટ થાય ત્યારે એમાં, ત્યારે એ દશામાં મોક્ષપણું હોય છે, મુક્તદશા હોય છે. એની અંદર કોઈ મૂળ સ્વરૂપની જાતિમાં મલિનતા નહિ હોવાથી ભાવમલિનતા નહિ હોવાથી જ્યારે એ સ્વભાવ પ્રગટ થાય છે ત્યારે મલિનતાના અભાવરૂપ મોક્ષ છે. પૂર્ણ શુદ્ધતા એનું નામ (મોક્ષ). 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. પોતાની પૂર્ણ શુદ્ધતા એનું નામ મોક્ષ છે, એ સ્વભાવજાતિનું શુદ્ધ પરિણમન છે.

'**તે ચેતનાનો સ્વભાવ મોક્ષરૂપ છે.**' મોક્ષ સદશ છે. જેવો મોક્ષ પરિણામ છે એવો જ સ્વભાવ છે, બંધ પરિણામ છે એવો સ્વભાવ નથી. તેથી સ્વભાવને મોક્ષ જાતિના પરિણામથી દર્શાવવામાં આવે છે. મોક્ષના પરિણામમાં મલિનતાના અભાવરૂપ શુદ્ધતા છે તો એમ કહેવાય છે કે સ્વભાવ શુદ્ધ છે, આત્મા શુદ્ધ છે. સ્વભાવે કરીને આત્મા શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. વસ્તુતાએ તો સ્વભાવને શુદ્ધિ-અશુદ્ધિની અપેક્ષા લાગુ પડતી નથી. તેમ છતાં પરિણામની શુદ્ધતા એ રૂપ સદશ ભાવ જોઈને સ્વભાવને પણ શુદ્ધ સ્વભાવ કહેવામાં આવે છે. એમ છે.

મુમુક્ષુ :- અધિકાર પુણ્ય-પાપનો છે અને લાવ્યા ધ્રુવને.

પૂજ્ય ભાઈશ્રી :- શું કરવા પુણ્ય-પાપને બતાવવું છે? ધ્રુવને બતાવવા માટે પુણ્ય-પાપને બતાવવા છે. પુણ્ય-પાપ બતાવવામાં શું કહેવું છે? કે પુણ્ય-પાપના અભાવસ્વરૂપ તું શુદ્ધ સ્વભાવે છો. એમ પુણ્ય-પાપને બતાવવા છે. સ્વરૂપની દષ્ટિએ પુણ્ય-પાપને બતાવવા છે. એકલા પુણ્ય-પાપનું નિરૂપણ કરવું હોત તો તો પુણ્યના આટલા ભેદ, પાપના આટલા ભેદ એમ કરીને લાંબી રામાયણ એ ચાલતી હોત. પુણ્ય-પાપના અધિકારમાં પુણ્ય-પાપનું વિવરણ લાંબુ લાંબુ કરવું હોત તો એના અસંખ્ય ભેદ-પ્રભેદ છે. પુણ્યના અને પાપના બન્નેના. તો એના જુદાં જુદાં સ્તરની લાંબી લાંબી વાત કરત. પણ એ વાત તો એટલી બધી સંકેલી નાખી કે એ તો બેય એક જાતિના છે, એમાં કાંઈ નથી. એમાં કાંઈ ભેદ પાડવા જેવું નથી. એ મળ છે, મેલાં પરિણામ છે. મલિનતામાં શું ભેદ પાડવો? એમ કહે છે. કોઈ વિષ્ટામાં ભેદ પાડે છે? કે આજે મેસુબ ખાધો હતો માટે આ વિષ્ટા સારી છે એમ કોઈ કહે છે? નહિ. એવો કાંઈ ભેદ પાડવામાં આવતો નથી. મલિનતા તે મલિનતા છે અને એનાથી દૂર જવા જેવું છે એ સ્પષ્ટ છે.

'**સ્વભાવ પ્રગટ થતાં મોક્ષ છે. તે ચેતનાનો સ્વભાવ મોક્ષરૂપ છે.**' અથવા મોક્ષ સદશ છે. '**તે પ્રગટતાં...**' તે સ્વભાવ પ્રગટતાં '**નિઃસંદેહ કેવળ મોક્ષ જ છે.**' જો સ્વભાવ પ્રસિદ્ધ થાય, સ્વભાવ પ્રગટ થાય તો પછી એમાં મોક્ષ છે એમાં શંકાનું સ્થાન રહેતું નથી. કોઈ શંકાનો અવકાશ નથી. તે સ્વભાવ પ્રગટ થાય તેમાં મોક્ષ જ છે. એટલે નીચે પણ જઘન્ય મોક્ષમાર્ગ પ્રગટે છે ત્યાં આંશિક મોક્ષ પ્રગટ થયો છે અને આંશિક મોક્ષ પ્રગટ થયો છે ત્યાં જે અંશે મોક્ષ પ્રગટ થયો છે તે મુક્ત જાતિના, મોક્ષની જાતિના પરિણામમાં બંધની જાતિના પરિણામ નહિ હોવાને લીધે મુક્ત ભાવની જે મસ્તી છે એ કોઈ જુદી અલૌકિક જાતિની હોય છે. કેમકે એ છૂટ્યો ત્યાંથી. એકદમ સ્વતંત્ર થયો એ. બંધમાંથી છૂટ્યો તે મુક્ત થયો. મુક્ત થયો

એટલે મુક્ત થયો, બસ! એની મુક્તિની જે જાત છે એને બંધની પરાધીનતા કાંઈ લાગુ પડતી નથી.

મુમુક્ષુ :- ચોથે જ્ઞાનધારા ચાલુ થઈ એ મુક્તભાવ છે?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારથી એને મુક્તભાવ શરૂ થયો. એ મુક્તભાવ વધતો.. વધતો.. વધતો.. અલ્પ મુક્તમાંથી પરિપૂર્ણ મુક્તની સ્થિતિને પામે છે. અને બંધભાવ ઘટતો.. ઘટતો.. ઘટતો એ બંધભાવની અંદર જિનોક્ત વ્યવહાર છે, વ્રત, સમિતિ, ગુપ્તિ, સંયમ આદિના અને તે જિનાજ્ઞા અનુસાર એટલે જે તે ગુણસ્થાને જિનેન્દ્ર ભગવાને સ્થાપિત કર્યા છે એ મર્યાદા અનુસાર હોવા છતાં, આજ્ઞા એટલે મર્યાદા અનુસાર, તે પણ ઘટતી જાતી સ્થિતિમાં (હોય છે). મન, વચન, કાયાના યોગે પ્રવર્તના છે એ જિનાજ્ઞા અનુસાર છે તોપણ તે ઘટતી જાતી સ્થિતિમાં છે. જેમ જેમ એ સ્વરૂપમાં લીન થાય છે તેમ તેમ. 'શ્રીમદ્જી'એ ગાયું છે ને? પોતાની ભાવના વ્યક્ત કરી છે. હું મુનિ તો થાઉં. મુનિ થાઉં ત્યારે મારું જિનાજ્ઞા અનુસાર, મારું બાહ્ય પરિણમન પણ જિનાજ્ઞા અનુસાર હો, જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરીને નહિ. એ પણ મન, વચન, કાયાની પ્રવૃત્તિ જેમ જેમ હું સ્વરૂપમાં લીન થાઉં તેમ તેમ તેનો પણ નાશ થાય, અભાવ થાય, એવો અપૂર્વ અવસર મને ક્યારે આવશે? એમ ભાવના ભાવી છે. એમાં કુતર્ક કરે છે કે જેને હજી પંચ મહાવ્રતના અને સંયમના પરિણામ પ્રગટ્યા નથી તે તેનો નિષેધ કરશે તો તેને તેવા પરિણામ પણ નહિ થાય. માટે આ પ્રકારનો નિષેધ નીચે પહેલેથી કરવામાં આવે છે તે યોગ્ય નથી. આમ ગડબડ કરે છે. એ કુતર્ક છે. પહેલેથી એને અભિપ્રાયમાં એ વાત તો પહેલી સ્પષ્ટ કરવી પડશે કે આ ક્યાં સુધી સાથે હોય અને ક્યાં સુધી સાથે ન હોય. આધારબુદ્ધિ તો પહેલેથી જ છોડવાની છે. રાગના આધારે તો પહેલેથી જ પરિણમન છોડવાની વાત છે. રાગનો આધાર તો લેવાનો જ નથી. પછી કચાશ છે એટલી અસ્થિરતા છે એટલો રાગ ઉત્પન્ન થાય છે. બાકી આધારબુદ્ધિ તો પહેલેથી જ નહિ. એ રીતે પરિણમન શરૂ થાય છે.

એને જ્ઞાનગુણ કહ્યો છે. જ્ઞાનગુણ કહ્યો છે. 'સમયસાર'ની અંદર 'નિર્જરા અધિકાર'માં જ્ઞાનના આધારે જ્ઞાન પ્રગટે એટલું જ આરાધન છે. જ્ઞાનના સ્વસંવેદનમાં જેટલું જ્ઞાન પરિણમિત થાય છે તેટલું જ આરાધન છે. જ્ઞાનવેદન તેટલું જ આરાધન છે. એટલો જ્ઞાનનો ગુણ પ્રગટ થયો છે. એ જ્ઞાનગુણ છે એ જ નિર્જરાનું કારણ છે. બાહ્ય તપ આદિ નિર્જરાનું કારણ નથી. એટલે ત્યાં બાહ્ય તપને એમ કહ્યું છે કે તું તપના ભારથી તૂટી મર તોપણ તને જ્ઞાનગુણ વિના કોઈ રીતે મોક્ષ થવાનો

નથી. '**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि**'. તું પ્રાપ્ત નહિ કરી શક. આત્માને નહિ પ્રાપ્ત કર. ભલે તું મહાવ્રતના તપના ભારથી ભગ્ન થઈ જા. ભગ્ન એટલે તૂટી જા. તોપણ તને જ્ઞાનગુણ વિના મોક્ષ થવાનો નથી.

'**તે પ્રગટતાં નિઃસંદેહ કેવળ મોક્ષ જ છે. જેથી જ્ઞાતાને એવી ચેતનાનું આચરણ છે ત્યાં સહજ જ મોક્ષ છે.**' ચોથા ગુણસ્થાનથી જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ થયું ત્યાં ચેતનામાં સ્વરૂપઆચરણ પણ પ્રગટ થયું અને જેને સ્વરૂપ આચરણ છે ત્યાં સહજ જ મોક્ષ છે, જ્યાં સ્વરૂપ આચરણ નથી ત્યાં ગમે તેવું બીજું બાહ્યાચરણ હોય તોપણ ત્યાં મોક્ષ થતો નથી. અત્યારે તો એવા આયુષ્ય નથી અને એવા સંઘયણ પણ નથી, પણ એટલા કઠોર તપ કરનારા જીવો હોય છે કે જે વર્ષો સુધી આહાર ન લે, પાણી ન લે. શરીરના એવા સંઘયણ હોય છે. અને ઘોર તપશ્ચર્યા કરે. જે તપશ્ચર્યામાં અનેક જાતની રિદ્ધિ-સિદ્ધ પણ પ્રગટે. કેમકે પુણ્ય શુભ પરિણામ છે ને. પુણ્યના પરિણામ છે. એટલે એને વિકલ્પ ન હોય તોપણ એને રિદ્ધ-સિદ્ધ ઉત્પન્ન થઈ જાય. તોપણ એનાથી મોક્ષ થતો નથી. એનાથી મોક્ષ થતો નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- સ્વરૂપાચરણમાં શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપાચરણમાં સ્વરૂપસ્થ થવું, સ્વરૂપમાં એકાગ્ર થવું, સ્વરૂપમાં લીન થવું, સ્વરૂપમાં સ્થિર થવું, સ્વરૂપમાં ઉપયોગ જામી જાય એને સ્વરૂપઆચરણ કહેવામાં આવે છે. એ સ્વરૂપાચરણના પરિણામ છે.

'**જ્ઞાતાને એવી ચેતનાનું આચરણ છે...**' જ્ઞાતાને તો-મોક્ષમાર્ગી જીવને તો એવી ચેતના છે કે જેમાં સ્વરૂપાચરણ છે. પોતાના સ્વરૂપમાં લીન થયા કરે છે. એને લઈને એને સહજ જ મોક્ષ છે. આમ છે. સુખને અને દુઃખને તો સીધો સંબંધ છે કે નહિ? કોઈ દુઃખમાં ટકવા, રહેવા માંગે છે? કે દુઃખભાવથી છૂટીને સુખમાં જવા માગે છે? દુઃખથી છૂટવું એ તો સહજ જ છે કે કૃત્રિમ છે? સહજ જ છે. તો જે જ્ઞાતા થયો, જેને ચોથા ગુણસ્થાને સ્વાનુભૂતિ પ્રગટ થઈ એ સ્વાનુભૂતિમાં જેણે પોતાના સિદ્ધ સમાન આનંદસ્વરૂપને, આનંદસ્વભાવને એ જાતિએ અનુભવગોચર કર્યો. તેને એ સિવાયના બધા પરિણામ દુઃખજાતિના પરિણામ છે એવો પણ અનુભવ કર્યો, એને એવો અનુભવ થયો, એવો અનુભવ રહ્યો એને. હવે સહજ જ એ દુઃખમાં રહે કે સુખમાં રહે? આ સીધી વાત છે.

નહિતર કોઈ એમ કહે, એ જ્ઞાતા થયો પણ એને સહેજે મોક્ષ કેમ થાય? સહેજે સહેજે મોક્ષ ક્યાંથી થતો હતો? અહીંયાં એમ કહ્યું કે '**ત્યાં સહજ જ મોક્ષ છે.**' જ્ઞાતાને એવી ચેતનાનું આચરણ છે કે ત્યાં સહજ જ મોક્ષ છે. પણ એમ કેમ

સહજ જ મોક્ષ થાય? હજી તો ઘણું બાકી છે. ચાર ગુણસ્થાન પછી તો બાકીના તેર ગુણસ્થાનમાં નવ ગુણસ્થાન બાકી રહ્યા. ચોથું ગુણસ્થાન તો હજી મોક્ષમાર્ગનું તો પહેલું ગુણસ્થાન છે. જે નવ ગુણસ્થાન છે એમાં હજી પહેલું પગથિયું છે, હજી તો આઠ પગથિયા બાકી છે અને સહજ મોક્ષ કેમ થશે? કે એણે સુખસ્વભાવ જોયો, સુખનો સાગર પોતે છે, પોતામાં પોતાનું સુખસ્થાન જોયું અને સુખનો અનુભવ થયો એ હવે દુઃખના પરિણામમાં ટકવાનો નથી. ત્યાં નહિ ટકે. ત્યાંથી ખસી જ જશે, સહેજે સહેજે. એટલે તેને ત્યાં સહજ જ મોક્ષ છે.

'**જીવના વિકારરૂપ પુણ્ય-પાપ કેવળ બંધરૂપ છે.**' જીવના વિકારરૂપ જે પુણ્ય-પાપ છે તે તો કેવળ બંધરૂપ છે. એમાં મોક્ષનો અંશેય નથી અને મોક્ષની ગંધ પણ નથી. એ તો એકાંતે '**કેવળ બંધરૂપ જ છે.**' કેવળ બંધરૂપ છે તેથી કેવળ '**ત્યાજ્ય છે.**' એકાંત બંધરૂપ છે તેથી એકાંત ત્યાજ્ય છે. ત્યાજ્ય છે એટલે ત્યાગ કરવા યોગ્ય છે, છોડવા યોગ્ય છે. '**જીવનો એક ચેતનાસ્વભાવ જ મોક્ષ છે.**' મોક્ષ છે એટલે બંધના અભાવસ્વરૂપે છે. એ સ્વભાવ છે એને દર્શાવવા માટે...

મુમુક્ષુ :- ધ્રુવ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધ્રુવ સ્વભાવ લેવો છે. જીવનો એક ચેતનાસ્વભાવ છે તે બંધના ભાવથી રહિત છે. બંધ રહિત છે, બંધના અભાવ સહિત છે. તેથી એને જ મોક્ષ કહેવામાં આવે છે. એ રીતે સ્વભાવ દર્શાવવા માટે પુણ્ય-પાપનો અધિકાર છે. પુણ્ય-પાપના અધિકારમાં પુણ્ય-પાપ દર્શાવવા માટે પુણ્ય-પાપનો અધિકાર નથી. પણ પુણ્ય-પાપ રહિત સ્વભાવ દર્શાવવા માટે પુણ્ય-પાપનો અધિકાર કહેવામાં આવ્યો છે.

વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

	ગ્રંથનું નામ તેમજ વિવરણ	મૂલ્ય
૦૧	અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો)	૦૨-૦૦
૦૨	અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો)	અનુપલબ્ધ
૦૩	આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૦૪	અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન)	૧૫૦-૦૦
૦૫	અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૮	અધ્યાત્મ પરાગ	-
૦૯	બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૦	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)	-
૧૧	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો)	-
૧૨	ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૩	દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત	૦૨-૦૦
૧૪	દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા)	૦૪-૦૦
૧૫	દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો)	૦૬-૦૦
૧૬	ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન)	૧૦-૦૦
૧૭	દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો)	૧૦-૦૦
૧૮	ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ)	૦૫-૦૦
૧૯	ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૨૦	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૧	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦

૨૨	જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૮-૦૦
૨૩	કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૨૪	કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૨૫-૦૦
૨૫	કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૩૦-૦૦
૨૬	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૭	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૮	ક્રમબદ્ધપર્યાય	-
૨૯	મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૧૫-૦૦
૩૦	નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)	૧૦-૦૦
૩૧	પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત)	૧૫-૦૦
૩૨	પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત)	૧૧-૨૫
૩૩	પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	અનુપલબ્ધ
૩૪	પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	૨૫-૦૦
૩૫	પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો)	૩૫-૦૦
૩૬	પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો)	૭૫-૦૦
૩૭	પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	૬૫-૦૦
૩૮	પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	-
૩૯	પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ)	૦૩-૦૦
૪૦	પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૬-૦૦
૪૧	પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૪૨	પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૩	પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૮૫-૦૦
૪૪	પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૫	પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૬	પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૭	પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૮	પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦

૪૯	પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૦	પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૧	પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૨	પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૩	પ્રવચનસાર	અનુપલબ્ધ
૫૪	પ્રચારિસ્તકાય સંગ્રહ	અનુપલબ્ધ
૫૫	પદ્મનંદીપંચવિશતી	-
૫૬	પુરુષાર્થ સિદ્ધિ ઉપાય	અનુપલબ્ધ
૫૭	રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૮	રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૯	રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૬૦	રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૬૧	સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક)	૧૫-૦૦
૬૨	જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો)	૦૬-૦૦
૬૩	સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૬૪	સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૫	સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો)	૩૫-૦૦
૬૬	સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન)	૨૫-૦૦
૬૭	સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૮	સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૩૦-૦૦
૬૯	તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ)	-
૭૦	વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૭-૦૦
૭૧	વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો)	૨૫-૦૦
૭૨	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧)	-
૭૩	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨)	-

૭૪	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩)	-
૭૫	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪)	-
૭૬	યોગસાર	અનુપલબ્ધ
૭૭	ધન્ય આરાધક	-
૭૮	અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૭૯	અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૮૦	છ ઢાળા પ્રવચન (ભાગ-૧)	૨૦-૦૦
૮૧	છ ઢાળા પ્રવચન (ભાગ-૨)	૨૦-૦૦
૮૨	છ ઢાળા પ્રવચન (ભાગ-૩)	૨૦-૦૦
૮૩	મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન)	૨૦.૦૦
૮૪	રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૫	રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૬	રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૭	રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૮	રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૦	રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૯	રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૦	રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૧	રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦

૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૪	રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૫	રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૬	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૭	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૮	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૯	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૦	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૧	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૨	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૩	રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૪	રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૫	રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૯) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦

૧૦૮	અધ્યાત્મ સુધા (ભાગ-૧૦) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૦૯	અધ્યાત્મ સુધા (ભાગ-૧૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૧૦	આત્માવલોકન (ભાગ-૧)	૨૦.૦૦
૧૧૧	આત્માવલોકન (ભાગ-૨)	૨૦.૦૦

श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
उपलब्ध प्रकाशन (हिन्दी)

	ग्रंथ का नाम एवं विवरण	मुल्य
०१	अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल)	–
०२	आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
०३	अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन)	१५०-००
०४	आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा)	५०-००
०५	आत्मअवलोकन	–
०६	बृहद द्रव्यसंग्रह	अनुपलब्ध
०७	द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा)	३०-००
०८	दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन)	०६-००
०९	दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार)	०६-००
१०	धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन)	–
११	दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१२	धन्य पुरुषार्थी	–
१३	धन्य अवतार	–
१४	गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति)	१५-००
१५	गुरु गिरा गौरव	–
१६	जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन)	०८-००
१७	कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१८	कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	३०-००
१९	मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन)	०८-००
२०	मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	–
२१	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन)	१०-००
२२	निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई)	१०-००
२३	परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त)	–

२४	प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई)	०४-००
२५	परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
२६	प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२७	प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२८	प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन)	२०-००
२९	प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन)	२०-००
३०	प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००
३१	प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००
३२	पथ प्रकाश	२०.००
३३	प्रवचनसार	अनुपलब्ध
३४	प्रंचास्तिकाय संग्रह	अनुपलब्ध
३५	सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक)	१५-००
३६	ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त)	-
३७	सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	१८-००
३८	सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
३९	सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	४०-००
४०	समयसार नाटक	अनुपलब्ध
४१	समयसार कलश टीका	अनुपलब्ध
४२	समयसार	अनुपलब्ध
४३	स्मरण संचिका	२०.००
४४	स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन)	२०-००
४५	तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई)	२०-००
४६	तत्थ्य	अनुपलब्ध
४७	विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन)	१०-००
४८	वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन	२०-००
४९	भगवान आत्मा	२०.००
५०	जिन प्रतिमा जिन सारखी	२०.००

५१. छः ढाला प्रवचन (भाग-१)	२०.००
५२. छः ढाला प्रवचन (भाग-२)	२०.००
५३. छः ढाला प्रवचन (भाग-३)	२०.००
५४. प्रवचनसुधा (भाग-६)	३०.००

श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

	ग्रंथ का नाम	मुल्य
०१	प्रवचनसार (गुजराती)	१५००
०२	प्रवचनसार (हिन्दी)	४२००
०३	पंचास्तिकायसंग्रह (गुजराती)	१०००
०४	पंचास्तिकाय संग्रह (हिन्दी)	२५००
०५	समयसार नाटक (हिन्दी)	३०००
०६	अष्टपाहुड (हिन्दी)	२०००
०७	अनुभव प्रकाश	२१००
०८	परमात्मप्रकाश	४१००
०९	समयसार कलश टीका (हिन्दी)	२०००
१०	आत्मअवलोकन	२०००
११	समाधितंत्र (गुजराती)	२०००
१२	बृहद द्रव्यसंग्रह (हिन्दी)	३०००
१३	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती)	१०००
१४	योगसार	२०००
१५	अध्यात्मसंदेश	२०००
१६	पद्मनंदीपंचविंशती	३०००
१७	समयसार	३१००
१८	समयसार (हिन्दी)	२५००
१९	अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित)	३०००
२०	द्रव्यदृष्टि प्रकाश (गुजराती)	१०,०००
२१	द्रव्यदृष्टि प्रकाश (हिन्दी)	७६००
२२	पुरुषार्थसिद्दिउपाय (गुजराती)	६१००
२३	क्रमबद्धपर्याय (गुजराती)	८०००
२४	अध्यात्मपराग (गुजराती)	३०००
२५	धन्य अवतार (गुजराती)	३७००
२६	धन्य अवतार (हिन्दी)	८०००
२७	परमामगसार (गुजराती)	५०००
२८	परमागमसरा (हिन्दी)	४४००
२९	वचनामृत प्रवचन भाग-१-२-३-४	५०००
३०	अनुभव प्रकाश (हिन्दी)	२०००
३१	निर्भ्रांत दर्शननी केडीए (गुजराती)	५०००

३२	निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी)	७५००
३३	गुरुगुण संभारणा (गुजराती)	३०००
३४	गुरुगुण संभारणा (हिन्दी)	७५००
३५	जिण सासणं सव्वं (गुजराती)	२०००
३६	जिण सासणं सव्वं (हिन्दी)	२०००
३७	द्वादश अनुप्रेक्षा (गुजराती)	२०००
३८	दस लक्षण धर्म (गुजराती)	२०००
३९	धन्य आराधना (गुजराती)	१०००
४०	धन्य आराधना (हिन्दी)	१५००
४१	प्रवचन नवनीत भाग-१-४ (गुजराती)	५८५०
४२	प्रवचन प्रसाद भाग-१-२	२३००
४३	पथ प्रकाश (गुजराती)	२०००
४४	पथ प्रकाश (हिन्दी)	५००
४५	प्रयोजन सिद्धि (गुजराती)	३५००
४६	प्रयोजन सिद्धि (हिन्दी)	२५००
४७	विधि विज्ञान (गुजराती)	२०००
४८	विधि विज्ञान (हिन्दी)	२०००
४९	भगवान आत्मा (गुजरात)	२०००
५०	भगवान आत्मा (हिन्दी)	१५००
५१	सम्यक्ज्ञानदीपिका (गुजराती)	१०००
५२	सम्यक्ज्ञानदीपिका (हिन्दी)	१५००
५३	तत्त्वानुशीलन (गुजराती)	४०००
५४	तत्त्वानुशीलन (हिन्दी)	२०००
५५	बीजुं कांई शोध मा (गुजराती)	४०००
५६	दूसरा कुछ न खोज (हिन्दी)	२०००
५७	मुमुक्षुता आरोहण क्रम (गुजराती)	२५००
५८	मुमुक्षुता आरोहण क्रम (हिन्दी)	३५००
५९	अमृत पत्र (गुजराती)	२०००
६०	अमृत पत्र (हिन्दी)	२५००
६१	परिभ्रमणना प्रत्याख्यान (गुजराती)	१५००
६२	परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी)	४०००
६३	आत्मयोग (गुजराती)	१५००
६४	आत्मयोग (हिन्दी)	३०००
६५	अनुभव संजीवनी (गुजराती)	१०००
६६	अनुभव संजीवनी (हिन्दी)	१०००

६७	ज्ञानामृत (गुजराती)	३५००
६८	ज्ञानामृत (हिन्दी)	१५००
६९	वचनामृत रहस्य (गुजराती)	१०००
७०	वचनामृत रहस्य (हिन्दी)	१०००
७१	दिशा बोध (हिन्दी-गुजराती)	३५००
७२	कहान रत्न सरिता (भाग-१)	१०००
७३	कहान रत्न सरिता (भाग-२)	१०००
७४	कुटुम्ब प्रतिबंध (गुजराती)	१५००
७५	कुटुम्ब प्रतिबंध (हिन्दी)	२५००
७६	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती)	१५००
७७	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी)	२०००
७८	गुरु गिरा गौरव (हिन्दी-गुजराती)	३५००
७९	समयसार दोहन (गुजराती)	७५०
८०	समकितनुं बीज (गुजराती)	१०००
८१	स्वरूपभावना (गुजराती)	१०००
८२	स्वरूपभावना (हिन्दी)	१०००
८३	सुविधि दर्शन (गुजराती)	१०००
८४	सुविधिदर्शन (हिन्दी)	१९००
८५	आत्मसिद्धि शास्त्र पर प्रवचन	१२५०
८६	प्रवचन सुधा (भाग-१) (गुजराती)	१४००
८७	प्रवचन सुधा (भाग-२) (गुजराती)	७५०
८८	प्रवचन सुधा (भाग-३) (गुजराती)	१०००
८९	प्रवचन सुधा (भाग-४) (गुजराती)	१०००
९०	प्रवचन सुधा (भाग-५) (गुजराती)	१०००
९१	प्रवचन सुधा (भाग-६) (गुजराती)	१०००
९२	प्रवचन सुधा (भाग-७) (गुजराती)	७५०
९३	प्रवचन सुधा (भाग-८) (गुजराती)	७५०
९४	प्रवचन सुधा (भाग-९) (गुजराती)	७५०
९५	प्रवचन सुधा (भाग-१०) (गुजराती)	७५०
९६	प्रवचन सुधा (भाग-११) (गुजराती)	७५०
९७	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती)	१०००
९८	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती)	१०००
९९	द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती)	१०००
१००	द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती)	१०००
१०१	राज हृदय (भाग-१) (गुजराती)	१५००

१०२ राज हृदय (भाग-२) (गुजराती)	१५००
१०३ राज हृदय (भाग-३) (गुजराती)	७५०
१०४ अध्यात्मस्था (भाग-१) (गुजराती)	१०००
१०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती)	१०००
१०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती)	१०००
१०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती)	७५०
१०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती)	७५०
१०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन)	१०००
११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन)	७५०
१११ मुक्तिनो मार्ग (गुजराती)	१०००
११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी)	१०००
११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी)	१०००
११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी)	१०००
११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी)	१०००
११६ धन्य आराधक (गुजराती)	७५०
११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१)	१०००
११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२)	१०००
११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३)	१०००
१२० जिन प्रतिमा जीन सारखी	५००
१२१ स्मरण संचिका	१५००
१२२ दंसण मूलो धम्मो	३५००
१२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी)	१०००
१२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी)	१०००
१२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी)	१०००
१२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी)	१०००
१२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी)	१०००
१२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी)	१०००
१२७ धन्य पुरुषार्थी (गुजराती)	१५००
१२८ धन्य पुरुषार्थी (हिन्दी)	६५००
१२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१)	१०००
१३० राज हृदय (भाग-४) (गुजराती)	५००
१३१ राज हृदय (भाग-५) (गुजराती)	५००
१३२ राज हृदय (भाग-६) (गुजराती)	५००
१३३ राज हृदय (भाग-७) (गुजराती)	१५०
१३४ राज हृदय (भाग-८) (गुजराती)	१५०

१३५	राज हृदय (भाग-९) (गुजराती)	१५०
१३६	राज हृदय (भाग-१०) (गुजराती)	१५०
१३७	राज हृदय (भाग-११) (गुजराती)	१००
१३८	राज हृदय (भाग-१२) (गुजराती)	१००
१३९	राज हृदय (भाग-१३) (गुजराती)	१००
१४०	राज हृदय (भाग-१४) (गुजराती)	१००
१४१	राज हृदय (भाग-१५) (गुजराती)	१००
१४२	राज हृदय (भाग-१६) (गुजराती)	१००
१४३	अध्यात्म सुधा (भाग-६) (गुजराती)	१५०
१४४	अध्यात्म सुधा (भाग-७) (गुजराती)	१५०
१४५	अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती)	१५०
१४६	अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती)	१५०
१४७	अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती)	१५०
१४८	अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती)	१५०
१४९	अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती)	१५०
१५०	अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती)	१००
१५१	अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती)	१००
१५२	अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती)	१००
१५३	राज हृदय (भाग-१७) (गुजराती)	२००
१५४	राज हृदय (भाग-१८) (गुजराती)	२००
१५५	राज हृदय (भाग-१९) (गुजराती)	२००
१५६	अध्यात्म सुधा (भाग-८) (गुजराती)	१५०
१५७	अध्यात्म सुधा (भाग-९) (गुजराती)	१५०
१५८	अध्यात्म सुधा (भाग-१०) (गुजराती)	१५०
१५९	अध्यात्म सुधा (भाग-११) (गुजराती)	२००
१६०	आत्मावलोकन (भाग-१) (गुजराती)	२००
१६१	आत्मावलोकन (भाग-२) (गुजराती)	२००

પાઠકોંની નોંધ માટે

ૐ

શ્રી વીતરાગાય નમઃ

આત્માવલોકન પ્રવચન

(ભાગ-૨)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આત્માવલોકન ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :

- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩

પ્રથમાવૃત્તિ : ૨૭-૦૭-૨૦૧૮ (અષાઢ સુદ-૧૫, અષ્ટાહ્નિકા પૂર્ણ)
પ્રત : ૨૦૦
પૃષ્ઠ સંખ્યા : ૩૮૮ + ૮ = ૩૯૬
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઇપ સેટિંગ :
પૂજા ઇમ્પ્રેશન્સ
૧૯૨૪/બી-૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
ભગવતી ઓફસેટ
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

પ્રકાશકીય

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર' ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્‌ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો!

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન જૈનશાસનમાં છેલ્લા ૩૦૦ વર્ષમાં અનેક જ્ઞાનીપુરુષો થતા આવ્યા છે. તેમાં પંડિત સાધર્મી શ્રી દિપચંદજી કાસલીવાલ પણ થયા. તેઓ આમેરના રહીશ હતા. તેઓ ઉચ્ચ કોટીના અધ્યાત્મિક વિદ્વાન હતા. તેમણે આ ગ્રંથ ઉપરાંત અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ, અનુભવ વિલાસ છંદ, પરમાત્મપુરાણ છંદ, સ્વરૂપાનંદ, બૃહત્ તથા લઘુ જ્ઞાન દર્પણ, ગુણસ્થાનભેદ, ઉપદેશરત્નછંદ, અધ્યાત્મ પચીસી છંદ વગેરે રચેલાં છે.

તેમના સમય અને જીવન સંબંધી જાણવાના સાધનના અભાવે કાંઈ વિશેષ લખી શકાતું નથી. પણ તેમના લખાણ ઉપરથી જણાય છે કે અધ્યાત્મ પરિણત સિદ્ધાંત જ્ઞાની હતા. આત્માવલોકન ગ્રંથ નાનો હોવા છતાં તેમાં ઘણા વિષય આવરી લીધા છે. આત્માવલોકન ગ્રંથ એક આધ્યાત્મિક કૃતિ છે. અધ્યાત્મ રસિક જીવોને આત્માનું મૂળ સ્વરૂપ સમજાય અને શુદ્ધ આત્માનો અનુભવ થાય તેવી ઉચ્ચિ કોટિનું ઉપયોગી પુસ્તક છે. ગ્રંથાધિરાજ શ્રી સમયસારના આધ્યાત્મિક રહસ્યનો તેમાં સચોટપણે નિચોડ આવેલો છે. આ પુસ્તિકાને શ્રી સમયસારના અધ્યાત્મિક ભાવોને સમજવાની અને ઉકેલવાની ચાવીરૂપ કહીએ તો કંઈ ખોટું નથી.

એવા પૂજ્ય શ્રી દીપચંદજીના 'આત્માવલોકન' ગ્રંથ ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનોનું પુસ્તક 'આત્માવલોકન પ્રવચન' ભાગ-૨ પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઈત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના

આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'આત્મ અવલોકન રહસ્ય કોષ' સમાન છે. આત્મસ્વરૂપની ઓળખાણ કરાવનારી અનેક રહસ્યમય વાતોનો જેની અંદર સમાવશે છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદના નિધાન કેમ પ્રગટ થાય તેના રહસ્યો ગુંથાયેલા છે. મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચન રહસ્ય કોષ એક અપ્રતિમ નિધાન સમાન છે. એવા પ્રવચન રહસ્યને ઉકેલી મુમુક્ષુજીવ આત્મહિત સાધે અને આત્મ અવલોકન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્યશ્રી દીપચંદજીના એક એક વચનમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચન રહસ્યની ચાવી દ્વારા ઉકેલી અતીન્દ્રિય આનંદના નિધાનનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શિવમ્

ટ્રસ્ટીગણ

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

પ્રસ્તાવના

આત્માવલોકન ગ્રંથના વિષય સંબંધિત જો વિચારણા કરવામાં આવે તો સૌથી પ્રથમ, દેવ-ગુરુ-ધર્મ વિષેની ત્રણ ગાથામાં એક વીતરાગભાવનું જ સમર્થન કરીને ગ્રંથકારે વારંવાર એક વીતરાગતાની જ ભાવના ભાવવાનો નિર્દેશ કર્યો છે. પછીની ૧૧ ગાથાઓમાં એકાદશવાદ દર્શાવ્યો છે. ત્યાર પછી સમયસારના ક્રમ પ્રમાણે જીવ, અજીવ, કર્તા-કર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષનું વિવરણ કરેલ છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં કુનયાધિકાર વર્ણવ્યો છે. છેવટે પોતાના શુદ્ધ સ્વરૂપને અનુભવવામાં સિદ્ધાંતને ઉપદેશબોધરૂપે દર્શાવી સ્વરૂપસંબોધન કર્યું છે. આ રીતે સિદ્ધાંતનો યથાર્થ નિર્ણય કરી પોતાની શુદ્ધ આત્મિક દશા કઈ રીતે કરવી તેનો આબેહૂબ ચિતાર તેઓએ મુમુક્ષુ સમક્ષ રજુ કર્યો છે.

આચાર્યકલ્પ નિર્ભયવક્તા પંડિતપ્રવર શ્રી ટોડરમલજી સાહેબે પણ પોતાની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આત્માવલોકનનો ઉલ્લેખ કર્યો છે તથા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં પણ અનેક વાર આત્માવલોકનમાંથી સૂક્ષ્મ સિદ્ધાંતનો આધાર લેવામાં આવે છે. તેથી આ ગ્રંથની પ્રમાણિકતા સિદ્ધ થાય છે.

આ ગ્રંથનું નામ આત્માવલોકન છે. તેનો ઉદ્દેશ એ છે કે આત્માનું અવલોકન કરવું. તો ત્યાં જીવની અવસ્થા વિકારી, અવિકારી શી રીતે થાય છે? કે જ્ઞાનનો સ્વભાવ સ્વ અને પર બન્નેને જાણવાનો છે. જ્ઞાનનો જાણવાનો મૂળભૂત સ્વભાવ હોવાથી જ્ઞાનના જાણવાના પરિણઆમમાં પરવસ્તુઓ જણાય છે. ત્યાં જ્ઞાનમાં પરવસ્તુ જાણવાના પરિણામમાં પરવસ્તુઓ જણાય છે. ત્યાં જ્ઞાનમાં પરવસ્તુ જણાતાં, પરને પર ન માનતાં અજ્ઞાની જીવ પરને પોતારૂપ માની લે છે. ત્યારે પોતે જ સુખસ્વરૂપ છે એવું ભાન ન કરતાં અજ્ઞાનને કારણે વિકારરૂપે પરિણમીને જીવ પરમાં ઈષ્ટ કે અનિષ્ટ બુદ્ધિ કરીને સુખી-દુઃખી થાય છે. પરને પોતારૂપ માનવું છોડીને જ્ઞાનના પરિણામ જ્યારે કેવળ એક શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમે ત્યારે જીવ અવસ્થા શુદ્ધ થતાં કેવલજ્ઞાન અને પરમ સુખાદિ નિધિ પ્રગટે. આ રીતે પરને જાણવું તે દોષ નથી પણ પરને પોતારૂપ માની રાગી-દ્વેષી થવું તે જીવનો મહાન દુઃખદાયક દોષ છે.

ગ્રંથકાર ગ્રંથના સારરૂપ કરેલા આત્માવલોકનસ્તોત્રમાં કહે છે કે અજ્ઞાની જીવ જ્ઞાનની ઉઘાડ અવસ્થાને દેખે છે પણ જેમાંથી જ્ઞાનની અવસ્થા ઉત્પન્ન થાય છે તેવા અખંડ આત્માને દેખતો નથી તે જ જીવની ભ્રમણા છે. શક્તિની વ્યક્તતા થાય છે એવી ગુપ્ત શક્તિના ચમત્મકારનો ખ્યાલ અજ્ઞાની જીવને આવી શકતો નથી. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે 'અમે બહુ વિચાર કરીને આ મૂળ તત્ત્વ શોધ્યું કે-ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી.' શ્રી સમયસાર પરમાગમમાં પણ કહ્યું છે-સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ (જ્ઞેયાકાર) જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન)થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે

જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે. તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્વાનુભવપૂર્વક અંતરના જોરથી બેધડક વારંવાર કહે છે કે દરેક જીવ શક્તિએ શુદ્ધ છે, પ્રભુ છે. તે શુદ્ધ શક્તિની શ્રદ્ધા–તે શુદ્ધ શક્તિનું જોર જ્ઞાનીને નિરંતર વર્તે છે. તે શુદ્ધ શક્તિના જોરે જ જ્ઞાની સંપૂર્ણ શુદ્ધતા સાધે છે.

અંતતઃ શુદ્ધિ તથા અશુદ્ધિનું વિજ્ઞાન સમજી જીવ પરદ્રવ્યથી ભેદજ્ઞાન કરી નિજ સ્વરૂપને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

'આત્માવલોકન પ્રવચન' ભાગ-૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર	૧૧,૦૦૦/-
શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી, કોલકાટા	૫,૦૦૦/-
શ્રી હીરાલાલ જૈન, ભાવનગર	૫,૦૦૦/-
શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ	૫,૦૦૦/-
ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા	૫,૦૦૦/-
શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર	૨,૫૦૦/-
શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ	૨,૫૦૦/-
સ્વ. ઈન્દુબેન જસુભાઈ કામદાર, મુંબઈ	૧,૦૦૦/-
શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર	૧,૦૦૦/-
શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર	૨૫૧/-
સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ	૨૫૧/-
સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ	૨૫૧/-

પ્રવચન અનુક્રમણિકા

પ્ર. ક્રમાંક	તારીખ	પાના નં.	પૃષ્ઠ સંખ્યા
૨૪	૨૬–૦૫–૮૬	૩૩	૦૦૧
૨૫	૨૭–૦૫–૮૬	૩૯	૦૧૮
૨૬	૨૮–૦૫–૮૬	૪૦	૦૩૩
૨૭	૩૦–૦૫–૮૬	૪૧	૦૪૮
૨૮	૦૧–૦૬–૮૬	૪૩	૦૬૪
૨૯	૦૨–૦૬–૮૬	૪૪	૦૮૨
૩૦	૦૩–૦૬–૮૬	૪૫	૦૯૯
૩૧	૦૪–૦૬–૮૬	૪૬	૧૧૫
૩૨	૦૬–૦૬–૮૬	૪૮	૧૩૨
૩૩	૦૭–૦૬–૮૬	૫૦	૧૪૭
૩૪	૦૯–૦૬–૮૬	૫૧	૧૬૨
૩૫	૧૦–૦૬–૮૬	૫૨	૧૭૭
૩૬	૧૧–૦૬–૮૬	૫૩	૧૯૩
૩૭	૧૩–૦૬–૮૬	૫૪	૨૦૦
૩૮	૧૪–૦૬–૮૬	૫૫	૨૧૬
૩૯	૧૫–૦૬–૮૬	૫૬	૨૩૪
૪૦	૧૬–૦૬–૮૬	૫૮	૨૫૦
૪૧	૧૭–૦૬–૮૬	૬૦	૨૬૬
૪૨	૧૮–૦૬–૮૬	૬૧	૨૮૧
૪૩	૨૦–૦૬–૮૬	૬૨	૨૯૫
૪૪	૨૧–૦૬–૮૬	૬૨	૩૧૧
૪૫	૨૨–૦૬–૮૬	૬૪	૩૨૭
૪૬	૨૩–૦૬–૮૬	૬૫	૩૪૨
૪૭	૨૪–૦૬–૮૬	૬૭	૩૫૯